દાખલ તારીખ : ૨૩/૦૮/૨૦૦૯
૨જી. તારીખ : ૨૩/૦૮/૨૦૦૯
ફેસલ તારીખ : ૨૮/૦૨/૨૦૨૫
અવધિ : વર્ષ– માસ–દિવસ
૧૫, ૦૬, ૦૫

અમદાવાદનાં મહે. એડીશ્નલ સિટી સેશન્સ જજ (બી.બી.જાદવ) સાહેબની કોર્ટમાં, સિટી સેશન્સ કોર્ટ નં.૧૬, મુ.અમદાવાદ શહેર.

સેશન્સ કેસ નં.૧૮૫/૨૦૦૯

આંક–૪૯૮

[એલીસબ્રીજ પો. સ્ટે. ફ. ગુ. ૨. નં.૪૫૪/૨૦૦૬, ઈ. પી. કો. કલમ–૩૦૨, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪ તથા બી. પી. એક્ટ કલમ–૧૩૫(૧)]

શ્રી સરકાર
(ફરિયાદી– રમેશ વિશ્વકર્મા નાથુરામ વિશ્વકર્મા મિસ્ત્રી) **.....ફરિયાદી**

રીપ્રેઝન્ટેટ બાય વિ. સ્પે.પી.પી.શ્રી સુધીરભાઈ બી. બ્રહ્મભટ્ટ

વિરૂદ્ધ

૧. ચંદ્રસિંહ મનુભા જાડેજા,
ઉ.વ.૪૭,
રહે. રેલ્વે સ્ટેશનની સામે,
પડધરી, તા. પડધરી, જી. રાજકોટ.

રીપ્રેઝન્ટેટ બાય વિ.વ.શ્રી કે. એન. ઠાકુર

૨. હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા,
ઉ.વ.૨૯,
રહે. ૫૪/એ, ભાવના ટેનામેન્ટ,
જૈન મંદિર પાસે, વાસણા, અમદાવાદ.

રીપ્રેઝન્ટેટ બાય વિ.વ.શ્રી એ. એમ. પટેલ

૩. દક્ષેશ હસમુખલાલ શાહ,
ઉ.વ.૩૧,
રહે. ડી–૫/૩૦૩, કર્ણાવતી એપાર્ટમેન્ટ,
જવાહર ચોક, મણીનગર, અમદાવાદ.
મૂળ ગામ– મુ.લીંબડીયા, તા.લુણાવાડા, જી.પંચમહાલ.

રીપ્રેઝન્ટેટ બાય વિ.વ.શ્રી એમ. કે. શ્રીવાસ્તવ

૪. ભુપતસિંહ નારુભા જાડેજા,
ઉ.વ.૩૫,
રહે. સહજાનંદ કૃપા, બાબુભાઈના મકાનમાં,
બાબરીયા કોલોની, રાજશક્તિ ચોક, રાજકોટ.
મૂળ ગામ–ચુર, તા.જામજોધપુર, જી. જામનગર.

રીપ્રેઝન્ટેટ બાય વિ.વ.શ્રી એ. એમ. પટેલ

૫. માનસિહ અરજણ વાઢેર,
ઉ.વ.૩૦,
રહે. શેરી નં.૩, પારસ સોસાયટી,
મારુતિ બાલ મંદિર સામે, બાબરીયા કોલોની,
ઢેબર રોડ, સાઉથ રાજકોટ.
મૂળ ગામ– જલંધર ગીર, તા.માળીયા હાટીના,
જી. જુનાગઢ.

રીપ્રેઝન્ટેટ બાય વિ.વ.શ્રી એમ. કે. શ્રીવાસ્તવ

૬. ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા,
ઉ.વ.૩૪,
રહે. બી–૫૦૨, શીવાલય એપાર્ટમેન્ટ વિભાગ–૨,
જોધપુર ગામ, સેટેલાઈટ, અમદાવાદ.
મૂળ ગામ–ઝીંઝર, તા.ધંધુકા, જી. અમદાવાદ.

રીપ્રેઝન્ટેટ બાય વિ.વ.શ્રી એસ. વી. ઠક્કર

૭. ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ,
ઉ.વ.૫૮,
રહે. ૧૦૫, શ્રી વિનાયક એપાર્ટમેન્ટ,
પુષ્પકુંજ સોસાયટી, કાંકરીયા, અમદાવાદ.
મૂળ ગામ–કપડવંજ, જી. ખેડા.

રીપ્રેઝન્ટેટ બાય વિ.વ.શ્રી એ. એમ. પટેલ

૮. ભરતસિંહ દિલુભા જાડેજા,
ઉ.વ.૩૪,
રહે. ગામ–હડમતીયા જંકશન, તા.પડધરી, જી. રાજકોટ.
રીપ્રેઝન્ટેટ બાય વિ.વ.શ્રી એ. એમ. પટેલ

૯. ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકી,
ઉ.વ.૩૨,
રહે. એ/૩૧, ઓમ તીરુપતી બાલાજી પાર્ક,
કોઠારીયા રીંગરોડ, રાજકોટ.

રીપ્રેઝન્ટેટ બાય વિ.વ.શ્રી સી. કે. શાહ

૧૦. જશુભા દોલુભા જાડેજા,
ઉ.વ.૪૫,
રહે. ન્યુ ખોડીયાર સોસાયટી, શેરી નં.૪,
સહકાર સોસાયટીની બાજુમાં, રાજકોટ.
મૂળ ગામ–મેળગામ રાંદડ, તા.પડધરી, જી. રાજકોટ.

રીપ્રેઝન્ટેટ બાય વિ.વ.શ્રી એમ. કે. શ્રીવાસ્તવ **.....આરોપીઓ**

આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી કે. એન. ઠાકુર
આરોપી નં.૨,૪,૭,૮ તરફે વિ.વ.શ્રી એ.એમ.પટેલ
આરોપી નં.૩,૫,૧૦ તરફે વિ.વ.શ્રી એમ. કે. શ્રીવાસ્તવ
આરોપી નં.૬ તરફે વિ.વ.શ્રી એસ. વી. ઠક્કર
આરોપી નં.૯ તરફે વિ.વ.શ્રી સી. કે. શાહ

ગુનોઃ–**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી),તથા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) મુજબ.**

DATE OF OFFENCE	Dt.15/06/2006 નાં કલાક ૨૦:૦૦ થી ૨૦:૧૫ દરમ્યાન.
DATE OF F.I.R.	Dt.15/06/2006 23:15 P.M.
DATE OF CHARGE SHEET	Dt.06/09/2006
DATE OF FRAMING OF CHARGE	Dt. 10/12/2012
DATE OF COMMENCEMENT OF EVIDENCE	Dt.18/02/2014
DATE ON WHICH JUDGMENT IS RESERVED	Dt.12/02/2025
DATE OF THE JUDGMENT	Dt.28/02/2025
DATE OF THE SENTENCING ORDER IF ANY	Dt.28/02/2025

ACCUSED DETAILS:-

RANK OF THE ACCUSED	NAME OF ACCUSE	DATE OF ARREST	DATE OF RELEASED ON BAIL	OFFENCES CHARGED WITH	WHETHER ACQUITED OR CONVICTED	SENTENCE IMPOSED	PERIOD OF DETENTION UNDERGONE DURING TRIAL FOR PURPOSE OF SECTION 428 OF Cr.P.C

1	CHANDRASINH MANUBHA JADEJA	04/07/2006	19/01/2009	I.P.C. SEC. 302, 143,147,148,149 , 120-B, 34 & B. P. ACT SEC. 135(1)	**CONVICTED**	I.P.C. SEC.302 R/W 120-B, R.I. OF LIFE IMPRISIONME NT AND FINE OF Rs.25,000 IN DEFAULT 3 MONTH. I.P.C. SEC.143 R.I. OF 3 MONTHS AND FINE OF Rs.5,000 IN DEFAULT 10 DAYS. B.P.ACT SEC. 135(1) R.I. OF 6 MONTHS AND FINE OF Rs.1,000 IN DEFAULT 10 DAYS.	04/07/2006 TO 19/01/2009
2	HITESHSINH RAMESHSINH CHUDASAMA	04/07/2006	11/11/2008	I.P.C. SEC. 302, 143,147,148,149 , 120-B, 34 & B. P. ACT SEC. 135(1)	**CONVICTED**	I.P.C. SEC.302 R/W 120-B, R.I. OF LIFE IMPRISIONME NT AND FINE OF Rs.25,000 IN DEFAULT 3 MONTH.	04/07/2006 TO 11/11/2008
3	DAKSHESH HASMUKHLAL SHAH	04/07/2006	13/08/2008	I.P.C. SEC. 302, 143,147,148,149 , 120-B, 34 & B. P. ACT SEC. 135(1)	**CONVICTED**	I.P.C. SEC.302 R/W 120-B, R.I. OF LIFE IMPRISIONME NT AND FINE OF Rs.25,000 IN DEFAULT 3 MONTH.	04/07/2006 TO 13/08/2008
4	BHUPATSINH NARUBHA JADEJA	04/07/2006	09/02/2009	I.P.C. SEC. 302, 143,147,148,149 , 120-B, 34 & B. P. ACT SEC. 135(1)	**CONVICTED**	I.P.C. SEC.302 R/W 120-B, R.I. OF LIFE IMPRISIONME NT AND FINE OF Rs.25,000 IN DEFAULT 3 MONTH. I.P.C. SEC.143 R.I. OF 3 MONTHS AND FINE OF Rs.5,000 IN DEFAULT 10 DAYS. B.P.ACT SEC.	04/07/2006 TO 09/02/2009S

						135(1) R.I. OF 6 MONTHS AND FINE OF Rs.1,000 IN DEFAULT 10 DAYS.	
5	MANSINH ARAJAN VADHER	05/07/2006	11/02/2009	I.P.C. SEC. 302, 143,147,148,149 , 120-B, 34 & B. P. ACT SEC. 135(1)	**CONVICTED**	I.P.C. SEC.302 R/W 120-B, R.I. OF LIFE IMPRISIONME NT AND FINE OF Rs.25,000 IN DEFAULT 3 MONTH. I.P.C. SEC.143 R.I. OF 3 MONTHS AND FINE OF Rs.5,000 IN DEFAULT 10 DAYS. B.P.ACT SEC. 135(1) R.I. OF 6 MONTHS AND FINE OF Rs.1,000 IN DEFAULT 10 DAYS.	05/07/2006 TO 11/02/2009
6	GHANSHYAMSINH PATHUBHA CHUDASAMA	09/07/2006	08/02/2008	I.P.C. SEC. 302, 143,147,148,149 , 120-B, 34 & B. P. ACT SEC. 135(1)	**CONVICTED**	I.P.C. SEC.302 R/W 120-B, R.I. OF LIFE IMPRISIONME NT AND FINE OF Rs.25,000 IN DEFAULT 3 MONTH.	09/07/2006 TO 08/02/2008
7	BHARATBHAI VIJAYBHAI BHATT	11/07/2006	26/12/2006 (H.C.) 15/05/2007 (S.C.)	I.P.C. SEC. 302, 143,147,148,149 , 120-B, 34 & B. P. ACT SEC. 135(1)	**CONVICTED**	I.P.C. SEC.302 R/W 120-B, R.I. OF LIFE IMPRISIONME NT AND FINE OF Rs.25,000 IN DEFAULT 3 MONTH.	11/07/2006 TO 26/12/2006 (H.C.) 15/05/2007 (S.C.)
8	BHARATSINH DILUBHA JADEJA	11/07/2006	05/09/2007	I.P.C. SEC. 302, 143,147,148,149 , 120-B, 34 & B. P. ACT SEC. 135(1)	**CONVICTED**	I.P.C. SEC.302 R/W 120-B, R.I. OF LIFE IMPRISIONME NT AND FINE OF Rs.25,000 IN DEFAULT 3 MONTH. I.P.C. SEC.143 R.I. OF	11/07/2006 TO 05/09/2007

						3 MONTHS AND FINE OF Rs.5,000 IN DEFAULT 10 DAYS.	
9	CHANDRAKANT MEGHJIBHAI DAKI	17/07/2006	13/08/2008	I.P.C. SEC. 302, 143,147,148,149 , 120-B, 34 & B. P. ACT SEC. 135(1)	**CONVICTED**	I.P.C. SEC.302 R/W 120-B, R.I. OF LIFE IMPRISIONMENT AND FINE OF Rs.25,000 IN DEFAULT 3 MONTH. I.P.C. SEC.143 R.I. OF 3 MONTHS AND FINE OF Rs.5,000 IN DEFAULT 10 DAYS. B.P.ACT SEC. 135(1) R.I. OF 6 MONTHS AND FINE OF Rs.1,000 IN DEFAULT 10 DAYS.	17/07/2006 TO 13/08/2008
10	JASHUBHA DOLUBHA JADEJA	25/07/2006	05/09/2007	I.P.C. SEC. 302, 143,147,148,149 , 120-B, 34 & B. P. ACT SEC. 135(1)	**CONVICTED**	I.P.C. SEC.302 R/W 120-B, R.I. OF LIFE IMPRISIONMENT AND FINE OF Rs.25,000 IN DEFAULT 3 MONTH. I.P.C. SEC.143 R.I. OF 3 MONTHS AND FINE OF Rs.5,000 IN DEFAULT 10 DAYS.	25/07/2006 TO 05/09/2007

<u>કબજે કરેલ મુદ્દામાલની વિગતઃ–</u> અત્રે ચાર્જશીટ સાથે ત.ક.અમલદારે જે મુદ્દામાલ પાવતીઓ રજૂ રાખેલ છે તે મુજબના મુદ્દામાલ આર્ટીકલ્સ તથા નામદાર કમીટલ કોર્ટે જે કેસ કમીટ કર્યો અને મુદ્દામાલનું લીસ્ટ સામેલ રાખેલ છે જેમાં દરેક જણસ પ્રમાણે મુદ્દામાલ આર્ટીકલનો નંબર આપેલ છે, પરંતુ પાવતીનો નંબર એક જ છે તેની વિગત કે જેથી મુદ્દામાલ પાવતીનાં આર્ટીકલ નંબર અને કમીટલ કોર્ટનાં લીસ્ટનાં આર્ટીકલ નંબરમાં જે ભેદ આવે છે તે નિવારી શકાય તેથી નીચે મુજબ મુદ્દામાલની વિગત દર્શાવેલ છે.

અનુ. નંબર	જપ્ત કરેલ જણસોનું નામ તથા વિગતવાર વર્ણન.	જણસની સંખ્યા,કદ, વજન અથવા માપ.	મુદ્દામાલ પાવતી મુજબ	કમીટલ કોર્ટના મુદ્દામાલ લીસ્ટ મુજબ આર્ટીકલ નંબર
	મુદ્દામાલ પાવતી નંબર ૧૮૧/૦૬			
૧.	મરણજનારે પહેરેલ પેન્ટના ખિસ્સામાંથી એક છીકણી જેવા રંગનું પર્સ રોકડા રૂા.૧૬૯૩/- મૌલીક ઉપાધ્યાયનો બાયોડેટા પાના નંગ-૩ રેવન્યુ સ્ટેમ્પ તથા કોર્ટ સ્ટેમ્પ ટેલીફોન ડાયરી દવાઓ તથા પરચુરણ કાગળો સાથેનું તથા આગળના સાઈડના એક ખિસ્સામાંથી કાળા રંગના ડાયલવાળું કાંડા ઘડીયાલ કિં.રૂા.૨૦૦/- તથા સફેદ ચોકડીવાળો ડિઝાઈનનો હાથરૂમાલ તેમજ એક પેન તથા એક કાંસકો જે તમામ ચિજવસ્તુઓ તથા રોકડા રૂપિયા એક કાગળના પડીકામાં બાંધી જે પડીકા ઉપર પંચો તથા આપ સા.ની સહીવાળી સ્લીપ મૂકેલ છે.	નાણા રૂા.૧૬૯૩/- ટેલીફોન ડાયરી, કાંડા ઘડિયાળ-૧, હાથરૂમાલ-૧, કાંસકો-૧, પેન-૧.	૧	૧
	મુદ્દામાલ પાવતી નંબર ૧૮૨/૦૬			
૨.	(૧) ગુનાવાળી જગ્યાએ આશરે ત્રણેક ફુટના ઘેરાવામાં લોહીના જામી ગયેલા ધાબા પડેલ જે લોહીના ધાબામાંથી એક પ્લાસ્ટીકની થેલીમાં લોહીવાળી માટી સાથેના સેમ્પલ.	લોહીવાળી માટી	૨	૨
૩.	(૨) ગુન્હાવાળી જગ્યાએથી પશ્ચિમે આશરે સાતેક ફુટ દૂરથી F.S.L. નિષ્ણાતશ્રીના જણાવ્યા મુજબ એક પ્લાસ્ટીકની થેલીમાં કંટ્રોલ સેમ્પલ તરીકે માટી લેવામાં આવેલ છે. ઉપરોક્ત બન્ને નમુનાઓને એક કાગળમાં મૂકી પડીકું વાળી પંચો તથા આપ સાહેબની સહીવાળી કાગળની સ્લીપ મૂકી દોરાથી બાંધી લાખથી પો.ઈન્સ.એ એ.બ્રિજ અમદાવાદ શહેરનાનું સિલ કરેલ છે. જેની કિં.રૂા.૦૦/૦૦ ગણી શકાય.	લોહીવાળી માટી	૩	૩
૪.	(૩) એક ટાટા ઈન્ડીકા કંપનીની જેનો R.T.O. નંબર Gj.1.HE 1536 ની નંબર પ્લેટ લગાડેલ છે જેના ઉપર	ટાટા ઈન્ડીકા કાર	૪	૪ પરત આપેલ છે.

	ડ્રાઈવર સાઈડના પાછળના વ્હીલ તેમજ તેની બાજુ છૂટાછવાયા લોહીના ડાઘા છે, જે કારની કિંમત રૂા.૨,૦૦,૦૦૦/– ગણી શકાય.			
૫.	(૪) એક કિશન ચેઈન સાથેની ચાવીનું જુમખું માટીમાંથી મળી આવેલ, જે ઈન્ડીકા કારની ચાવી હોઈ જે એક કાગળના પડીકામાં વાળી પંચો તથા આપ સા.નાઓની સહીવાળી કાગળની સ્લીપો મૂકી દોરાથી બાંધી લાખથી પો.ઈન્સ.એ એ.બ્રિજ પો.સ્ટે.,અમદાવાદ શેહર ના હોદ્દાનું સિલ કરેલ છે, જે ચાવીની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય.	ચાવીનું જુમખું– ૧.	૫	૫ પરત આપેલ છે.
૬.	(૫) કાર નંબર Gj.1.HD 8758 સીલેટીયા જેવા રંગની જે આગળના વ્હીલની બહારના ભાગે તેમજ વ્હીલની ઉપર તરફ તથા સાઈડના છતના ભાગે પણ છૂટાછવાયા જે સ્લાઈન વોટરમાં રૂ પલાળીને લોહીના ડાઘા પર ઘસી સેમ્પલ લેવામાં આવેલ જે સેમ્પલ એક કાગળના પડીકું વાળી પંચો તથા આપ સાહેબની સહીવાળી સ્લીપો મૂકી દોરાથી બાંધી જે સેમ્પલની કિં. રૂા.૦૦/૦૦ ગણી શકાય.	લોહીના ડાઘનું સેમ્પલ.	૬	૬
૭.	(૬) એક બેઝ બોલ સ્ટ્રીક જે નવા જેવું છે જેની ઉપર અંગ્રેજીમાં V.I.R cok Base Bat Quality Sp arsing Reodyctd નું સ્ટીકર લગાડેલ છે જે કાળા જેવા કલરનું જેની લંબાઈ માપી જોતાં ૩૨ ઈંચ લાંબુ જે ઉપર સુકાઈ ગયેલા લોહીના છૂટાછવાયા ડાઘ છે, જેની કિંમત રૂા.૫૦/– ગણી શકાય.	બેઝબોલ બેટ– ૧	૭	૭
૮.	(૭) એક રેગ્ઝીનના કાળા જેવા કલરનું પાકિટ જે ચેઈનવાળું છે જે ખોલી જોતાં એક ટુવાલ ચોની ડિઝાઈનવાળો તથા સ્નાનાગારમાં ન્હાવા માટે પહેરવાનો લાલ વાદળી રંગનો જાંગીયો જે ભીના છે જે ટુવાલ તથા જાંગીયાની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય.	ટુવાલ તથા જાંગીયો	૮	૮
૯.	(૮) કાર નંબર GJ.1.HE 1536 માં	જૂના છાપા	૯	૯

	જોતાં કેટલાક જૂના છાપાઓ કે જેમાં પાંડુરંગ શાસ્ત્રીના સ્વાધ્યાય અંગેના સમાચારો પ્રસિદ્ધ થયેલ છે તેવા, જેની કિં. રૂા.૦૦/૦૦ ગણી શકાય.			
૧૦.	(૯) એક વિડીયો કેસેટ જે કેસેટ ઉપર કાગળના સ્ટીકર ઉપર પંકજભાઈ નામ લખેલ છે જેની કિં. રૂા.૦૦/૦૦ ગણી શકાય.	વિડીયો કેસેટ–૧	૧૦	૧૦
૧૧.	(૧૦) સ્વાધ્યાય પરિવાર સાથે અશુભ પત્રિકા વહેતી મૂકનાર પંકજ અમદાવાદમાંથી તેવા સમાચારની ઝેરોક્ષ કોપીઓ, જેની કિં. રૂા.૦૦/૦૦ ગણી શકાય.	ઝેરોક્ષ કોપી	૧૧	૧૧
૧૨.	(૧૧) શ્રુતિબેન પી. ત્રિવેદીના નામના બિલોનું કવર તથા પરચુરણ કાગળો એક પ્લાસ્ટીકની કોથળીમાં છે, જે બિલોની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય.	બિલો	૧૨	૧૨
૧૩.	એક પ્લાસ્ટીકનાં કવરમાં સ્વાધ્યાય પરિવાર અંગેના સમાચારો તેમજ બીજા અન્ય દૈનિક પેપરના સમાચારોની ઝેરોક્ષ કોપીઓ તેમજ મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીના રક્ષણ માટે કરેલ અરજીની નકલ, જે તમામની કિંમત રૂા.૦૦/૦૦ ગણી શકાય.	ઝેરોક્ષ કોપીઓ	૧૩	૧૩
	મુદ્દામાલ પાવતી નંબર ૧૮૩/૦૬			
૧૪.	(૧) એક સફેદ વાદળી રંગનું પૂંઠાનું બોક્ષ જેની ઉપર અંગ્રેજીમાં SURGITEX SURGICAL GLOVES વિગેરે લખાણ લખેલ છે, જે બોક્ષ ઉપર ચાર બાજુએથી દોરો બાંધી જેની ઉપર લાખથી FORENSIC MEDICINE, V.S.G.H. Ab.AD નું સીલ કરેલ છે, જે બોક્ષ ઉપર દવાખાનાની સફેદ પટ્ટી ઉપર P.M.No:– 519106 16/6/06 Pankajbhai Hariprasad Trivedi; 52 yrs Clothes Recovered From deth body during P.M. examination FM.VSGH લખાણ લખેલ છે તે ચોંટાડેલ છે.	એક સીલબંધ પૂંઠાનું લોક્ષ–૧.	૧૪	૧૪

૧૫.	(૨) એક દૈનિક સમાચાર પત્રનું પડીકું જેની ફરતે દવાખાનાની સફેદ પટ્ટી લગાવી ચાર બાજુએથી દોરો બાંધી જેની ઉપર લાખથી ઉપર મુજબ સીલ કરેલ છે. જે પત્રીકા ઉપર દવાખાનાની સફેદ પટ્ટી ઉપર અંગ્રેજીમાં " P.M.No:– 519106 16/6/06 Pankajbhai Hariprasad Trivedi; 52 yrs' M Sandals Recovered From deth body during P.M. examination FM.VSGH" નું લખેલ છે તે ચોંટાડેલ છે.	સીલબંધ પડીકું–૧.	૧૫	૧૫
	મુદ્દામાલ પાવતી નંબર ૧૯૭/૦૬			
૧૬.	(૧) હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા નાઓની પાસેથી અંગઝડતીમાંથી એક નોકીયા કંપનીનો મો.ફોન ૧૧૦૦ મોડલનો જેનો સીમકાર્ડ નં.૯૪૨૭૦૦૧૧૦૨ નો છે, જે ચાલુ હાલતમાં છે તે જેની કિંમત રૂા.૧૦૦૦/– થી ગણી શકાય તે તથા કરૂર વૈશ્ય બેંકનું ATM કાર્ડ નંબર ૪૦૪૩૨૨૨૨૦૮૨૦૮૮૮૭ નંબરનું કબજે કરેલ છે તે.	નોકીયા મોબાઈલ ફોન–૧ કરૂર વૈશ્ય બેંકનું ATM કાર્ડ–૧.	૧૬	૧૬
૧૭.	(૨) ભુપતસિંહ નારૂભા જાડેજાની અંગઝડતીમાંથી નોકીયા કંપનીનો મો.ફોન ૨૧૧૨ મોડલનો, જેનો સીમ કાર્ડ નંબર ૯૮૨૮૨૬૯૩૯૫ નો છે, જેની કિંમત રૂા.૫૦૦/– ગણી શકાય તે.	નોકીયા મો.ફોન–૧.	૧૭	૧૭
૧૮.	(૩) દક્ષેશ હસમુખલાલ શાહની અંગઝડતીમાંથી બે મોબાઈલ ફોન મળી આવેલ (A) નોકીયા કંપનીનો ૩૫૩૦ મોડલનો, જેનું સીમ કાર્ડ નં . ૯૪૨૬૩૬૧૨૫૩ નો છે, જેની કિંમત રૂા.૧૦૦૦/– ની ગણી શકાય તે. (B) લેન્ડ ન્યુ કંપનીનો કલર મોબાઈલ જેનું સીમકાર્ડની જાણ નથી. જેની કિંમત રૂા.૨૦૦૦/– ની ગણી શકાય તે.	નોકીયા મો.ફોન–૨.	૧૮	૧૮ અને ૧૯
૧૯.	(૪) ચંદ્રસિંહ મનુભા જાડેજાની	નોકીયા	૧૯	૨૦

	અંગઝડતી દરમ્યાન તેની પાસેથી નોકીયા કંપનીનો મો.ફોન મોડલ નંબર ૩૩૧૫ જેનો સીમ કાર્ડ નં.૯૪૨૭૨ ૨૧૭૭૨ નો છે, જેની કિંમત રૂા.૧૨૦૦/–ની ગણી શકાય તે તથા તેનો IMEI No. 3525390007157 Hg. નો છે **તથા** એક નાની ગીતાજી ગીતાપ્રેસ ગોરખપુરની સંસ્કૃતમાં છે તે.	મો.ફોન–૧. ગીતા ચોપડી નાની–૧.		અને ૨૧
	મુદ્દામાલ પાવતી નંબર ૧૯૮/૦૬			
૨૦.	(૧) માનસિહ અરજણભાઈ વાઢેર ઉ.વ.૩૦ નાની પાસેથી ડ્રાઈવીંગ લાયસન્સ નં.GJ.03/046125/03 તા.૨૬/૧/૦૬ નું લાયસન્સ, જેની કિંમત રૂપિયા ૦૦/૦૦ ગણી શકાય. (૨) એક મોબાઈલ નોકીયા કંપનીનો મોડલ નંબર ૧૧૦૦ જેનો સિમકાર્ડ નં. ૯૪૨૬૯ ૧૩૫૫૧ નો છે, જે ચાલુ હાલતમાં છે, જેની કિંમત રૂપિયા ૧૦૦૦/– ગણી શકાય.	ડ્રાઈવીંગ લાયસન્સ–૧. નોકિયા મોબાઈલ–૧	૨૦	૨૨ અને ૨૩
	મુદ્દામાલ પાવતી નંબર ૧૯૯/૦૬			
૨૧.	હિતેશસિંહ રમેશસિંહ નાઓએ ગુનામાં વાપરેલ મોટર સાયકલ T.V.X. MAX 100 જેનો નંબર પ્લેટમાં GJ.1.DA 8416 નું પાર્સીંગ છે તે, જેની જમણી બાજુમાં સ્ટીલની ડેકી છે જેમાં ગેસની કીટ લગાડેલી છે, જે મો.સા.ની કિંમત રૂા.૨૫૦૦૦/– ગણાય, જે ગુનાના કામે કબજે લીધેલ છે તે મુદ્દામાલ.	T.V.X. MAX 100 "R" મો.સા.–૧.	૨૧	૨૪ પરત આપેલ છે.
	મુદ્દામાલ પાવતી નંબર ૨૦૦/૦૬			
૨૨.	દક્ષેશ હસમુખભાઈ શાહ નાઓએ આ ગુનામાં વાપરેલ મોટર સાયકલ જેનો R.T.O. રજી. નં. GJ.1.EC **6094** છે તે, જે મો.સા.ની કિંમત રૂા.૨૦,૦૦૦/– ગણી શકાય.	મોટર સાયકલ–૧.	૨૨	૨૫
	મુદ્દામાલ પાવતી નંબર ૨૦૭/૦૬			
૨૩.	(૧) એક લોખંડની પાઈપ, જેનાં ઉપર માટી ચોંટેલ છે તથા વરસાદ અને ભીની માટીનાં કારણે કાટ લાગી ગયેલ છે. પાઈપ જોતાં ૨૧" ઈંચ લાંબી છે, વચ્ચેથી પોલી છે, જેની કિં. રૂા.૧૦/–	લોખંડની પાઈપ–૧.	૨૩	૨૬

	ની ગણી શકાય તે, જેને માર્ક નંબર X આપેલ છે.			
૨૪.	(૨) સદર જગ્યાએથી થોડે દૂરથી સેમ્પલ માટી એક પ્લાસ્ટીકની થેલીમાં લઈ તેને સફેદ કાગળમાં મૂકી, પાર્સલ બનાવની તેનાં ઉપર પંચોની સહીવાળી સ્લીપ મૂકી તપાસ અર્થે કબજે લીધેલ છે, જેને માર્ક Y આપેલ છે. બન્ને X અને Y ઉપર બે પંચોની સહીવાળી સ્લીપો મૂકી, દોરાથી બાંધી, લાખથી ઈન્સ. એ.ફ. પોલીસ કારંજ પો.સ્ટે.નાં હોદ્દાનું સીલ કરેલ છે.	માટી થેલી પાર્સલ–૧	૨૪	૨૭
	મુદ્દામાલ પાવતી નંબર ૨૦૮/૦૬			
૨૫.	ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમાનાઓની અંગઝડતી તપાસમાંથી એક નોકિયા કંપનીનો મોબાઈલ ફોન મોડલ નં.૬૨૩૦ I રંગીન કેમેરાવાળો, જેનો સીમકાર્ડ નંબર ૯૮૨૫૬૦૯૭૦૦ નો છે, જે ચાલુ હાલતમાં છે, જેની કિંમત રૂા.૬૦૦૦/– ગણી શકાય, તે ગુનાના કામે કબજે લીધેલ છે.	મોબાઈલ ફોન–૧	૨૫	૨૮
	મુદ્દામાલ પાવતી નંબર ૨૦૯/૦૬			
૨૬.	(૧) એક વાદળી કલરનો તથા કાળા કલરનો પ્લાસ્ટીકનો થેલો ચેઈનવાળો, જેની બંને સાઈડના ભાગે ચેઈનવાળા ખાના છે, જેની ઉપર અંગ્રેજીમાં adidas લખેલ છે તથા પકડવા માટેના બે પટ્ટા છે તથા ખભે લટકાવવા માટે બે પટ્ટી ભેગી કરી રબ્બરમાં ફીટ કરેલ છે.	એક થેલો–૧.	૨૬	૨૯
૨૭.	(૨) એક સ્ટીલની વજનદાર પાઈપ જેની લંબાઈ ૨૧ ૧/૨ તથા પહોળાઈ ૧" છે, જે ગોળાકાર છે, જેની એક સાઈડે ઘીસી પાડેલ છે, જે ઘીસીની ઉપર તથા નીચેના ભાગે કાટ લાગેલ છે તથા બીજા છેડે અંદરના ભાગે આંટા પાડેલ છે. જે પાઈપ મોટર સાયકલનાં જંપરમાં વપરાય તે હોવાનું જણાવે છે તે.	એક પાઈપ–૧	૨૭	૩૦
૨૮.	(૩) એક સ્ટીલની વજનદાર પાઈપ જેની લંબાઈ ૨૧ ૧/૨ તથા પહોળાઈ ૧" છે, જે ગોળાકાર છે, જેની એક સાઈડે	એક પાઈપ–૧.	૨૮	૩૧

	ઘીસી પાડેલ છે, જે પાઈપ ઉપર છૂટાછવાયા ટીંચા પાડેલાના તથા કાટ લાગેલાના નિશાન છે, બીજા છેડે અંદરના ભાગે આંટા પાડેલ છે, જે પાઈપ મોટર સાયકલના જંપરમાં વપરાય છે તે હોવાનું જણાય છે તે.			
૨૯.	(૪) એક રાખોડી કલર જેવું પેન્ટ ચેઈનવાળું, જેનાં બન્ને બાજુમાં તથા કમરના ભાગે જમણી બાજુ અંદરની સાઈડે તથા જમણી બાજુ પાછળના ભાગે ખીસ્સા છે, જેના ડાબી બાજુના ખીસ્સા નીચે સીલાઈ ખુલી ગયેલ હોય કાળા દોરાથી સાંધેલું જુના જેવું છે તે.	એક પેન્ટ–૧	૨૯	૩૨
૩૦.	(૫) એક બીસ્કીટ કલરનું સફેદ મરૂન રંગની લીટીની નાની ચોકડીવાળું શર્ટ આખી બાયનું જેના કોલરથી નીચેના ભાગે એક બાજુ સાત બટન ઉપરના ભાગે તથા અંદરના ભાગે લગાડેલ છે **તથા** બન્ને બાંયના કાંડાના ભાગે બે બે બટન લગાડેલ છે, જેના કોલરના અંદરના ભાગે અંગ્રેજીમાં STYLO sahkar Rajkot લખેલ સ્ટીકર સીલાઈ કરી લગાડેલ છે જેની નીચે અંદરના ભાગે રફુ કરેલ છે અને તેની બાજુમાં થોડુંક ફાટી ગયેલ છે, તેમજ શર્ટની જમણી બાજુ નીચેથી બીજા નંબરના બટન પાસે બે નાના કાણાં પડેલ છે તે ઉપરોક્ત તમામ મુદ્દામાલ સીલબંધ હાલતમાં છે તે.	એક શર્ટ–૧.	૩૦	૩૩ અને ૩૪
	મુદ્દામાલ પાવતી નંબર ૨૧૦/૦૬			
૩૧.	ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ નાઓ એક મારૂતી વાન રજૂ કરતા હોય જે મેટાલીક ગ્રે કલરની, જેના આગળના ભાગે તથા પાછળના ભાગે રજીસ્ટ્રેશન નંબર GJ.1.HK.1564 નંબરની પ્લેટ લગાડેલ છે, જેને આગળ કાચના ભાગે અંગ્રેજીમાં Jay mataji લખેલ છે, પાછળના ભાગે maruti suzuki લખેલ છે તે મારૂતી ચાલુ હાલતમાં છે, જેની કિંમત રૂા.૬૦,૦૦૦/– ગણી શકાય.	મારૂતીવાન–૧.	૩૧	૩૫

	મુદ્દામાલ પાવતી નંબર ૨૧૧/૦૬			
૩૨.	અનિરૂદ્ધસિંહ દોલુભા નાઓ એક ટાટા સુમો કાર સફેદ રંગની જેની આગળ તથા પાછળ R.T.O. નંબર પ્લેટ GJ.1.AR.6547 ની લગાડેલ છે, જે ટાટા સુમોની કાર કિંમત રૂા.૧,૦૦,૦૦૦/– ગણી શકાય, તે.	ટાટા સુમો કાર–૧.	૩૨	૩૬
	મુદ્દામાલ પાવતી નંબર ૨૧૨/૦૬			
૩૩.	ભરતભાઈ વિજયભાઈ ભટ્ટની અંગઝડતીમાંથી એક કાળા કલરનો સેમસંગ કંપનીનો કાળા કલરનો મોબાઈલ મળી આવેલ, જે મોબાઈલના સીમકાર્ડ બાબતે પૂછતા , નંબર ૯૪૨૬૦૧૭૧૧૪ નો છે, જે મોબાઈલ કિં. રૂા.૧૫,૦૦૦/– ગણી શકાય તે તપાસ અર્થે કબજે લીધેલ છે તે.	મોબાઈલ ફોન–૧.	૩૩	૩૭
	મુદ્દામાલ પાવતી નંબર ૨૧૩/૦૬			
૩૪.	(૧) એક લાલ પુંઠાનો ચોપડો, જેના ઉપરના ભાગે લગાડેલ કાગળમાં અંગ્રેજીમાં હોટલ રોશની વગેરે લખેલ છે, જે પ્રથમ પાનું અંદર જોતાં, સાથીઓ દોરી, ૐ ગુરુ ૐ કંકુથી લખેલ છે. તેમજ શ્રી ગણેશાય નમઃ વગેરે લખેલ છે. અને તે પછી અંદરનું પાનું ખોલી જોતાં ખાલી તારીખ સિવાય બીજી કોઈ નોંધ નથી અને તે પછીના પાનાની બન્ને બાજુ તારીખ ટાઈમ વગેરે કોલમવાઈઝ વિગત લખેલ છે તે રીતે ૩૧ પાના સુધી વિગત લખેલ છે. તે પછીના બીજા તમામ પાના ઉપર કોઈ વિગત લખેલ નથી અને છેલ્લે અ.નં.૬૪૩ તા.૧૧/૭/૦૬ ક.૧૭/૩૦ વાગ્યાની કોલમવાઈઝ વિગત લખેલ છે. તેમજ તે રજીસ્ટરમાં અ.નં.૪૩૨ ઉપર તા.૮/૬/૦૬ નાં રોજ લખેલ કોલમવાઈઝ લખેલ વિગતને બન્ને વિગતો આરોપીઓ જે દિવસે રોશની હોટલમાં રોકાયેલ તે દિવસની હોવાનું હોટલ માલિક દેવેન્દ્રભાઈ જણાવે છે, જે હોટલ રજી.ની કિં. રૂા.૦૦/૦૦ ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે તે.	લાલ પુંઠાનો ચોપડો–૧.	૩૪	૩૮

	મુદ્દામાલ પાવતી નંબર ૨૨૨/૦૬			
૩૫.	(૧) આરોપી ચન્દ્રસીહ જાડેજાએ રોશની ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં લખેલ વીજીટરના નામના કોલમમાં રાજુભાઈ દવે, ઉ.વ.૪૫, જાતી મેઈલ, રાજકોટ સહકાર સોસાયટી–૮, ક્યાંથી આવ્યા – રાજકોટ અને ક્યાં જવાના રાજકોટ જે કોલમમાં લખેલ વિગત મુજબ એક કાગળમાં છ તેવા છ કાગળમાં છત્રીસ લખાણના નમૂના જે કાગળને માર્ક–S–1 થી S–6 સુધી આપવામાં આવેલ છે, જેની કિં. રૂા.૦૦/૦૦ ગણેલ છે તે.	લખાણના નમૂના માર્ક S–1 થી S–6	૩૫	૩૯
૩૬.	(૨) ચન્દ્રસીંહ જાડેજાએ હોટલ રજીસ્ટરમાં સહિના કોલમમાં રાજુભાઈ દવે તેવી અંગ્રેજીમાં સહિ કરેલ છે તેવી એક કાગળમાં છ તેવા છ કાગળમાં છત્રીસ સહિના નમૂના, જે એક કાગળને માર્ક–S–7 થી અનુક્રમે માર્ક–S–12 સુધી નંબર આપી, કાગળોની કિંમત રૂા.૦૦/૦૦ ગણી તપાસ અર્થે કબજે કરેલ છે.	સહિના નમૂના માર્ક–S–7 થી માર્ક–S–12	૩૬	૪૦
	મુદ્દામાલ પાવતી નંબર ૨૨૩/૦૬			
૩૭.	(૧) એક સફેદ પેન્ટ, જેની બન્ને સાઈડે બે ખીસ્સા તેમજ પાછળના ભાગે એક ખીસ્સું છે, જે પેન્ટ ઉપર જોતાં ડાબી બાંયે આગળના ભાગે ઢીંચણ પાસે તેમજ તેની નીચે તેમજ તે જ બાંયે પાછળના ભાગે નીચેના ભાગે જમણી બાંયે નીચે આગળ તેમજ પાછળના ભાગે સામાન્ય કાળાશ જેવા ડાઘ છે, જે પેન્ટને વાળી એક કાગળમાં મુકી પડીકું વાળી પંચો તથા આપ સાહેબની સહિઓ વાળી સ્લીપો બનાવી પડીકા ઉપર મૂકી દોરાથી બાંધી લાખથી પોલીસ ઈન્સ્પેકટર કારંજ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાં હોદ્દાનું સીલ કરી કિં.રૂા.૦૦/૦૦ ગણી માર્ક A/1 આપેલ છે તે.	સફેદ પેન્ટ–૧.	૩૭	૪૧
૩૮.	(૨) એક કુલ સાઈઝનો આખી બાંયનો ઓપન શર્ટ સફેદ, જેના આગળના ભાગે ડાબી સાઈજે એક ખીસ્સુ છે જે શર્ટને	ઓપન શર્ટ–૧.	૩૮	૪૨

	હેરવી ફેરવી જોતાં જમમી બાજુ છાતીના ભાગે તેમજ નીચે છેલ્લા બટનની બાજુમાં તેમજ જમણી બાંય ઉપર અને ડાબી બાંય ઉપર તેમજ પાછળના ભાગે છેલ્લે નીચે કાળાશ પડતા ડાઘ છે જેને એક કાગળમાં મૂકી પડીકું વાળી ઉપર મુજબ સીલબંધ કરી કિં.રૂા.૦૦/૦૦ ગણી માર્ક B–1 આપેલ છે તે.			
	મુદ્દામાલ પાવતી નંબર ૨૨૭/૦૬			
૩૯.	(૧) એક લિટીવાળો કાગળ, જેના એક બાજુએ ગુજરાતી શબ્દોના જુદા જુદા ગામના નામ તેમજ માણસોના નામ લખેલ છે, જે લખાણને માર્ક–N–1 તેમજ તે કાગળમાં જુદા જુદા આંક લખેલ છે તે આંકને માર્ક N–2 આપી તેમની ફરતે ગોળ કુંડાળા કરી નીચે પંચોની સહીઓ લઈ તે પત્રની કિં. રૂા.૦૦/૦૦ ગણી શકાય.	લિટીવાળો કાગળ–૧	૩૯	૪૩
૪૦.	(૨) એક નાની લિટીવાળા કાગળની પોકેટ ડાયરી, જેના ઉપરના તેમજ પાછળના પૂંઠા ઉપર વિમલ ગુટખા તેમજ પાન મસાલાની એડવર્ટાઈઝ તેમજ ફોટા છે, જે ડાયરીની અંદર જોતાં ગુજરાતી લખાણ શબ્દોમાં તેમજ ગુજરાતીમાં આંકડાઓ તેમજ કોઈ જગ્યાએ અંગ્રેજી શબ્દો લખેલ છે, જે ડાયરીમાં ચાર પાના કોરા છે, જે સમગ્ર ડાયરીને માર્ક–N–3 આપી તપાસ અર્થે કબજે કરેલ છે. ડાયરીની કિં.રૂા.૦૦/૦૦ ગણી શકાય.	પોકેટ ડાયરી–૧.	૪૦	૪૪
	મુદ્દામાલ પાવતી નંબર ૨૬૩/૦૬			
૪૧.	એક વિડીયો સી.ડી. કેસેટ ગોળાકારની જેના ઉપર ડાબી બાજુ અંગ્રેજીમાં Sony C.D.R. તથા જમણી બાજુ અંગ્રેજીમાં C.O.M.PACT disc Recordable SUPREMAS.700 MB તથા ઉપરના ભાગે હિન્દીમાં પૂ દીદી તેની નીચે ગુજરાતીમાં પડધરી લખેલ છે તે.	વિડીયો સી.ડી. કેસેટ–૧.	૪૧	૪૫
	મુદ્દામાલ પાવતી નંબર ૨૭૦/૦૬			
૪૨.	(૧) હોટલ રોશની ગેસ્ટ હાઉસના રજી.માં રાજુભાઈ દવે જેવી અંગ્રેજીમાં	સહીના નમૂનાના	૪૨	૪૬

	સહી કરેલ છે તેવી એક કાગળમાં છ તેવા છ કાગળમાં છત્રીસ સહીના નમૂના લઈ તે કાગળોને S–13 થી S–18 આપી કિં.રૂા.૦૦/૦૦ ગણી શકાય.	કાગળો.		
૪૩.	હોટલ રોશની ગેસ્ટ હાઉસના રજી.માં રાજુભાઈ દવે જેવી અંગ્રેજીમાં સહી કરેલ છે તેવી એક કાગળમાં છ તેવા છ કાગળમાં છત્રીસ સહીના નમૂના લઈ તે કાગળોને S–19 થી S–24 આપી કિં.રૂા.૦૦ /૦૦ ગણી શકાય.	સહીના નમૂનાના કાગળો.	૪૩	૪૭

–//<u>જજમેન્ટ</u>//–

(૧) અત્રે એ નોંધવું પડે કે, મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદી તેમજ આ કામના આરોપીઓ તેમજ આ કામના મોટાભાગના સાહેદો, કે જે સાહેદોએ મરણજનાર વિરૂદ્ધ ગુજરાતની અલગ અલગ કોર્ટોમાં ક્રિમીનલ ફરિયાદો દાખલ કરેલી અને તે ફરિયાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રદ્ધ કરવામાં આવેલ છે, જે હકીકત રેકર્ડ પર આવેલ હોવા છતાં આ સાહેદોએ યેનકેન પ્રકારે આરોપીઓને મદદ કરવા નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ છે, જે અત્યંત પીડાદાયક પરિસ્થિતિ છે અને અત્રેની કોર્ટ અત્યંત દુઃખ સાથે આવી પીડાદાયક પરિસ્થિતિ રેકર્ડ પર આવેલ હોય જે ન્યાયની પ્રક્રિયામાં સીધી ખલેલ પહોંચાડેલ છે અને તેનું એકમાત્ર કારણ મરણજનારે તેઓ જે સંસ્થા, એટલે કે, સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ છે અને આરોપીઓ પણ તેની સાથે સંકળાયેલા છે અને સાહેદો પણ તેની સાથે સંકળાયેલા છે, તેવી સંસ્થા સામે આર્થિક મદદ મરણજનારે ગુજરાતમાં આવેલ ભુકંપ પીડીતો માટે વિદેશથી આ સંસ્થાને પૂરી પાડેલ અને તેનો હિસાબ માંગતા તેમની સામે વિવિધ ફરિયાદો સમગ્ર ગુજરાતની વિવિધ કોર્ટો, જેમાં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, ગોંડલની કોર્ટમાં આઠ

ફરિયાદો, તેમજ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, બાબરા, લાઠી, ભચાઉ મુકામે બે બે ફરિયાદો અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, અંકલેશ્વર, ભાવનગર, લીલીયા, અંજાર, ઉના મુકામે એક એક ફરિયાદ મળી અનેકો ફરિયાદ દાખલ કરેલ, જે તમામ ફરિયાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા મરણજનારની તરફેણમાં રદ્દ કરવામાં આવેલ છે અને આ ફરિયાદોનાં તમામ ફરિયાદી, કે જે આ કામના સાહેદો છે, તેઓએ આવી ફરિયાદ દાખલ કરેલ હોવા છતાં નામદાર કોર્ટ રૂબરૂ તદ્દન ખોટી હકીકત એકમાત્ર આરોપીઓને આ ગુનાના કામે બચાવવાના હેતુથી સોગંદ ઉપર આવી ફરિયાદો અંગે મૌન ધારણ કરેલ છે અને આરોપીઓની ખુલ્લેઆમ તરફેણ કરેલ છે, કે જે ન્યાયિક પ્રક્રિયા માટે અત્યંત પીડાદાયક અને દુઃખદાયક પરિસ્થિતિ છે અને આ રીતે આરોપીઓ અને સાહેદોએ ભેગા મળીને આખી ન્યાયિક પ્રક્રિયાને દુષિત કરવાનો પ્રયત્ન કરેલ છે, કે જે અત્યંત વેદનાભરી પરિસ્થિતિ છે અને તેવા સંજોગોમાં જે સ્વાધ્યાય પરિવાર સાથે તેઓ જોડાયેલા છે તે 'સ્વાધ્યાય' શબ્દનો અર્થ જોવામાં આવે તો,'સ્વ અધ્યયન' જેમાં વેદોનો, આધ્યાત્મિક સાહિત્ય, કે જે સત્ય અને અસત્યની વ્યાખ્યા કરે છે, તેનો અભ્યાસ અથવા સ્વનો અભ્યાસ, આત્મશાસ્ત્ર અથવા અધ્યાત્મ વિજ્ઞાનનો આ અભ્યાસ સાધકને સ્વ વિકાસ માટે પ્રેરણા આપે છે, પ્રજવલિત કરે છે. આમ, સ્વાધ્યાય એ મનોવૃતિ નિરોધ (વૃતિઓનાં નિયંત્રણ) માટે છે અને એના જાગરણ દ્વારા ચેતનામાં પ્રશાંતિ આવે છે. અત્રે ઉપરોક્ત હકીકત નોંધવા પાછળનો હેતુ એટલો જ છે કે, જે સ્વાધ્યાય પરિવાર જેવી ઉમદા કાર્ય કરતી સંસ્થા સાથે સંકળાયેલા અનુયાયીઓ જ્યારે આવો અસત્યનો માર્ગ અપનાવે તે પરિસ્થિતિ ખૂબ જ પીડાદાયક અને કષ્ટપૂર્ણ એટલે કે દુઃખ

પહોંચાડનારી હોય છે અને તેથી જ અત્રેની કોર્ટ દ્વારા એટલે કે ન્યાયિક કોર્ટ કે જેની ઉપર સત્ય શોધવાની પવિત્ર ફરજ બંધારણ દ્વારા નાંખવામાં આવેલ છે તેનું અક્ષરશઃ પાલન કરવાની ન્યાયિક અદાલતની પવિત્ર ફરજમાં આવે છે અને સત્ય સુધી પહોંચવાના તમામ પ્રયત્નો ન્યાયિક અદાલતે કરવાના હોય છે તેનાથી વિમુખ થઈ શકાય નહીં અને તેથી જ આ ન્યાયિક કોર્ટ દ્વારા સત્ય સુધી પહોંચવા માટે આ કામે આરોપીઓ તેમજ સાહેદોએ ભેગા મળી સત્યને સંતાડી દેવાના પ્રયત્નના ભાગરૂપે અસત્યનો માર્ગ અપનાવી જે ન્યાયની પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવાનો અને હસ્તક્ષેપ કરવાનો પ્રયત્ન કરેલ છે તેવા પ્રયત્નોને નિષ્ફળ બનાવવા માટે અત્રેની કોર્ટ દ્વારા આ કેસના કામે પડેલ પુરાવાનું ખૂબ જ બારીકાઈથી મૂલ્યાંકન કરેલ છે અને તેની ચર્ચા આગળ વિગતવારે હાથ ધરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓ સેશન્સ કેસ નં.૧૮૫/૨૦૦૯ ની ટ્રાયલનો સામનો કરી રહ્યા છે, તેઓની વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), તથા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) મુજબના ગુના સબબ તા.૧૦/૧૨/૨૦૧૨ નાં રોજ મારાં પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આંક–૩૪ થી તહોમતનામું નીચેની વિગતે ફરમાવવામાં આવેલ છેઃ–

"૧. તમો તમામ આરોપીઓ સ્વાધ્યાય પરીવારના અનુયાયીયો છો અને આ કામે મરણજનાર પંકજભાઇ હરીપ્રસાદ ત્રિવેદી છેલ્લા ત્રીસેક વર્ષથી સ્વાધ્યાય પ્રવૃતીમાં જોડાયેલા હતા અને સક્રિય

ભાગ લેતા હતા, પરંતુ તેમના મનમાં સ્વાધ્યાય પ્રવૃતી અંગે અનેક પ્રશ્નો ઉદ્‌ભવતા તેના નિરાકણ માટે તેઓએ સ્વાધ્યાય પરિવારની મહત્વની આગળ પડતી વ્યકિતઓને પત્ર લખી મળવાનો સમય માંગેલ પરંતુ તે વખતે તમો આરોપી નં. ૭ ભરતભાઇ વિજયભાઇ ભટ્ટ તેમજ અન્ય સ્વાધ્યાયીઓએ દીદીને મળવા માટે સહકાર ન આપતા પંકજભાઇ ત્રિવેદીની દીદી સાથે મુલાકાત થયેલ નહી.

૨. ત્યારબાદ મરનાર પંકજભાઇ ત્રિવેદીએ પત્ર લખેલ તે પછી તમો આરોપી નં. ૭ ભરતભાઇ વિજયભાઇ ભટ્ટ તથા અન્ય સ્વાધ્યાયીઓ મરણજનાર ઉપર ખુબજ છંછેડાયેલા રહેતા હતા અને પંકજભાઇ ત્રિવેદીનો સ્વાધ્યાયમાંથી બહિષ્કાર કરવામાં આવ્યો હોય તેવુ વલણ દાખવેલ જેથી તમો આરોપીઓ મરણજનાર પંકજભાઇ ત્રિવેદી ઉપર હુમલો કરશો તેવી દહેશત જણાતા જે તે વખતે મરનાર પંકજભાઇ ત્રિવેદીએ પોલીસ સ્ટેશનમાં તેમજ મુખ્યમંત્રીશ્રીને પત્રો લખેલા અને તેમાં તેમનુ કે તેમના મિત્રોનું અપમૃત્યુ થાય તો ૩૦ વ્યકિતઓને જવાબદાર ગણવા અને તેઓની સામે કાર્યવાહી કરવા જણાવેલ.

૩. વધુમાં મરનાર પંકજભાઇ ત્રિવેદીની શંકાઓનું સમાધાન ન થતા સને ૨૦૦૧ ના અરસામાં તેઓએ "અશુભ" નામની પત્રીકા પ્રસિધ્ધ કરી તે પત્રીકાનું વિતરણ સ્વાધ્યાય પરીવારના અનુયાયીઓમાં કરેલું જેથી તમો આરોપીઓએ તેમની સાથે દુશ્મનાવટ ભરેલું વલણ દાખવેલ જેથી તમો આરોપીઓના

દુશ્મનાવટભર્યા વલણથી મરનાર પંકજભાઇ ત્રિવેદીના મનમાં તમો આરોપીઓ અંગે દહેશત ઉભી થતા તમો આરોપીઓ તથા પંકજભાઇ ત્રિવેદી વચ્ચે ફરિયાદો દાખલ થયેલી તેમજ તે વખતે તમો આરોપી નં. ૭ ભરતભાઇ ભટ્ટે ફરિયાદીને જણાવેલ કે પંકજભાઇ ત્રિવેદી વિરુધ્ધના કેસમાં હાઇકોર્ટમાં હારીશુ તો સુપ્રિમમાં જઇશુ અને સુપ્રિમમાં હારીશું તો પંકજભાઇ ત્રિવેદીને પુરો કરી નાંખવો પડશે.

૪. મરનાર પંકજભાઇ ત્રિવેદી વિરુધ્ધ દાખલ થયેલ ફરિયાદો નામદાર ગુજરાત હાઇકોર્ટમાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટમાં પણ ડીસમીસ થયેલ ત્યારબાદ તમો આરોપી નં.૯ ચંદ્રકાંતભાઇ તથા અન્ય આરોપીઓ મરનાર પંકજભાઇ ત્રિવેદીની વોચમાં અમદાવાદમાં જુદી જુદી જગ્યાએ ફરતા હતા પરંતુ માર મારવાનો મોકો મળેલ નહી.

૫. ત્યારબાદ અગાઉથી રચેલ ગુનાહિત કાવતરુ પાર પાડવા માટે તમો આરોપી નં. ૪ ભુપતસિંહ નારુભા જાડેજાએ તમો આરોપી નં. ૯ ચંદ્રકાંતભાઇને બેઝબોલનું બેટ ખરીદવા માટે તા.૧૪/૬/૦૬ ના રોજ રાજકોટ મોકલેલ જેથી તમો આરોપી નં. ૯ તથા તમો આરોપી નં. ૧૦ જશુભા દોલુભા જાડેજા બેઝબોલનું બેટ ખરીદ કરી લાવેલ તે જ દિવસે તમો આરોપી નં. ૪ ભુપતસિહ નારુભા જાડેજાએ તમારા મોબાઇલ નંબર ૯૨૨૮૨૬૯૩૯૫ પરથી અન્ય આરોપીઓને ફોનથી જાણ કરી સાહેદ અનિરુધ્ધસિહ દોલુભા જાડેજાને તા.૧૫/૬/૦૬ ના રોજ સ્વાધ્યાયના કામે અમદાવાદ જવાનું છે

તેમ કહી સાહેદની ટાટા સુમો ગાડી નંબર જીજે.૧.એઆર.૬૫૪૭ ની ભાડે નકકી કરેલ.

૬. વધુમાં તા.૧૫/૬/૦૬ ના રોજ સવારે ૭.૦૦ વાગે ટાટા સુમો ગાડીમાં તમો આરોપી નં. ૪ ભુપતસિહ નારુભાના જણાવ્યા મુજબ તમો આરોપી નં.૯ ચંદ્રકાંતભાઇ ડાકીના કારખાના પાસે આવતા ત્યાં તમો આરોપી નં. ૪ ભુપતસિહે મરનાર પંકજભાઇ ત્રિવેદી ઉપર હુમલો કરવા માટે બેઝબોલ બેટ તથા ત્રણ પાઇપો થેલામાં ભરી થેલો ગાડીમાં મુકેલ અને ત્યાંથી તમો આરોપી નં.૪ ભુપતસિહ તથા તમો આરોપી નં.૯ ચંદ્રકાંતભાઇ ગાડીમાં બેસી સરકારી હોસ્પિટલ ચોક, રાજકોટ આવેલા ત્યાંથી તમો આરોપી નં. ૧ ચંદ્રસિહ જાડેજા, નં.૧૦ જશુભા દોલુભા જાડેજા, નં. ૫ માનસિહ વાઢેર, નં. ૮ ભરતસિહ ધીરુભા જાડેજા બેઠેલા અને ૧૧.૦૦ વાગે અમદાવાદ આવેલા ત્યાંથી સાહેદ ધર્મેન્દ્રસિંહ ચૌહાણનો સંપર્ક કરી મારુતીવાન મંગાવેલ જે મારુતીવાન તમો આરોપી નં. ૯ ચંદ્રકાંતભાઇ ડાકીએ ચલાવી તમો આરોપી નં. ૨ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા મોટર સાયકલ પાછળ પકવાન હોટલ ખાતે આવેલા ત્યાં મારુતીવાન મુકી તમો આરોપી નં. ૨ હિતેશસિહ મરનાર પંકજભાઇ ત્રિવેદીની ભાળ મેળવવા તમો આરોપી નં. ૩ દક્ષેશ હસમુખભાઇ શાહ ગુજરાત કોલેજ હોય ત્યાં ગયેલ ત્યાંથી એલીસબ્રીજ જીમખાના જઇ મરનાર પંકજભાઇ ત્રિવેદીની વોચ કરેલી.

૭. વધુમાં તમો આરોપી નં. ૨ હિતેશસિહે હોટલ પકવાન ખાતે જઇ તમો આરોપી નં. ૧ ચંદ્રસિહ મનુભા જાડેજા તથા અન્ય આરોપીઓને જાણ કરતા તમો આરોપી નં. ૪ ભુપતસિહે હથિયારોનો થેલો મારુતીવાન નં. જીજે.૧.એચકે.૧૫૬૪ માં મુકી તમો આરોપી નં. ૯ ચંદ્રકાંત મેઘજીભાઇ ડાકીએ ડ્રાઇવીંગ કરેલ અને મારુતીવાનમાં તમો આરોપી નં. ૧ ચંદ્રસિંહ, નં. ૪ ભુપતસિંહ, નં. ૧૦ જશુભા દોલુભા જાડેજા બેસી ગયેલા અને તમો આરોપી નં. ૨ હિતેશસિહની મોટર સાયકલ પાછળ તમો આરોપી નં. ૫ માનસિહ વાઢેર તે રીતે બેસીને તમો તમામ આરોપીઓ ગુજરાત કોલેજની દિવાલ પાસે આવી વાહનો ઉભા રાખેલા.

૮. વધુમાં ત્યારબાદ તમો આરોપી નં. ૪ ભુપતસિહે થેલામાંથી બેઝબોલ બેટ કાઢી પોતાની પાસે રાખેલ તથા તમો આરોપી નં. ૫ માનસિહ વાઢેર, નં.૧૦ જશુભા દોલુભા જાડેજા તથા નં.૮ ભરતસિહ ધીરુભા જાડેજાનાઓએ પાઇપ ધારણ કરેલ દરમ્યાન મરનાર પંકજભાઇ ત્રિવેદી જીમખાનામાંથી બહાર નિકળતા તમો આરોપીઓએ દોડી જઇ મરનાર પંકજભાઇ ત્રિવેદી કારનો દરવાજો ખોલવા જતા પાછળથી આવી તમો આરોપી નં. ૫ માનસિહ અરજણ વાઢેરે ઉપરા છાપરી પાઇપના ફટકા મારેલ તથા નીચે પડી જતા ફરીથી પણ પાઇપના ફટકા મારેલ તથા તમો આરોપી નં. ૪ ભુપતસિહ નારુભા જાડેજાએ પણ પંકજ ત્રિવેદીને શરીરે બેઝબોલ બેટના ફટકા મારતા પંકજભાઇ ત્રિવેદી તડફડવા લાગતા તમો

આરોપીઓ હથિયારો નાખી નાસી ગયેલા.

૯. આમ તમો તમામ આરોપીઓએ મરણજનાર પંકજભાઇ ત્રિવેદીને મારી નાંખવા માટે ગુનાહિત કાવતરુ ઘડેલ અને ગુનાહિત કાવતરાના ભાગ રુપે તમોએ કાર્યવાહી પણ કરેલી અને તેમ કરી રચેલ ગુનાહિત કાવતરામાં સામેલ થઇ તમો તમામ આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦–બી મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

૧૦. ઉપરોકત બનાવ તારીખે, સમયે અને સ્થળે એલીસબ્રીજ જીમખાના પાસે તમો આરોપીઓએ ગુનો કરવાના સામાન્ય ઉદેશથી ગેરકાયદેસર મંડળી રચી, પ્રાણઘાતક હથિયારો સાથે સજજ થઇ પંકજ ત્રિવેદી ઉપર જીવલેણ હુમલો કરી તેનું મૃત્યું નિપજાવવાનો સામાન્ય હેતુ સેવી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૩ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

૧૧. વધુમાં ઉપરોકત બનાવ તારીખે, સમયે અને સ્થળે તમો આરોપી નં. ૧ થી ૫ તથા ૮ થી ૧૦ નાઓએ બળનો ઉપયોગ કરી હુલ્લડ કરી, હિંસા આચરી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

૧૨. વધુમાં ઉપરોકત બનાવ તારીખે, સમયે અને સ્થળે તમો આરોપીઓએ રચેલ ગેરકાયદેસર મંડળીનો સામાન્ય ઉદેશ પાર પાડવા સારુ તમો આરોપી નં. ૪ ભુપતસિહ નારુભા જાડેજાએ બેઝબોલનો દંડો તથા તમો આરોપી નં. ૮ ભરતસિંહ દીલુભા

જાડેજાએ લોખંડની પાઇપ તથા તમો આરોપી નં. ૫ માનસિહ અરજણ વાઢેર તથા તમો આરોપી નં. ૧૦ જશુભા દોલુભા જાડેજાએ લોખંડની પાઇપો ધારણ કરી ગેરકાયદેસર મંડળીના સભ્યો બની હુલ્લડ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૮ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

૧૩. વધુમાં ઉપરોકત બનાવ તારીખે, સમયે અને સ્થળે તમો આરોપીઓએ રચેલ ગેરકાયદેસર મંડળીનો સામાન્ય ઉદેશ પાર પાડવા તમો આરોપી નં. ૫ માનસિંહ અરજણ વાઢેરે તમારી પાસેની પાઇપ વડે તથા તમો આરોપી નં. ૯ ચંદ્રકાંતભાઇ મેઘજીભાઇ ડાકીએ બેઝબોલના દંડા વડે મરનાર પંકજભાઇ ત્રિવેદીના શરીરે જુદા જુદા ભાગે મૃત્યુ નિપજાવવાના ઇરાદે ઇજાઓ પહોંચાડી પંકજ ત્રિવેદીનું મોત નિપજાવી ખુન કરી તમો તમામ આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ સાથે વાંચતા કલમ ૧૪૯ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

૧૪. તમો તમામ આરોપીઓ રચેલ ગુનાહિત કાવતરુ પાર પાડવા ગુનાહિત કાવતરાના ભાગ રુપે તેમજ રચેલ ગુનાહિત કાવતરાનો સામાન્ય હેતુ પાર પાડવા માટે તા.૧૫/૬/૦૬ ના રોજ રાત્રીના કલાક ૮.૦૦ ના સુમારે એલીસબ્રીજ જીમખાના પાસે મરનાર પંકજભાઇ ત્રિવેદીનું મૃત્યુ નિપજાવવાના ઇરાદે શરીરના જુદા જુદા ભાગે ગંભીર જીવલેણ ઇજાઓ પહોંચાડી તેમનું મૃત્યુ નિપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ સાથે વાંચતા કલમ ૧૨૦–બી

મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

૧૫. બનાવ તારીખે અને સમયે અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રીનું હથિયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હોવાનું જાણવા છતા તમો આરોપી નં. ૪ ભુપતસિંહ નારુભા જાડેજાએ બેઝબોલનો દંડો, તમો આરોપી નં. ૮ ભરતસિંહ દીલુભા જાડેજાએ લોખંડની પાઇપ તથા તમો આરોપી નં. ૫ માનસિંહ અરજણ વાઢેર તથા તમો આરોપી નં. ૧૦ જશુભા દોલુભા જાડેજાએ લોખંડની પાઇપ જાહેરમાં ધારણ કરી તેનો ઉપયોગ કરી મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) મુજબ સજાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે.

૧૬. આથી આદેશ આપવામાં આવે છે કે ઉપરોકત ગુનાઓ અંગે તમો આરોપીઓ સામે આ અદાલત સમક્ષ ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે અને ઇન્સાફ કરવામાં આવે."

આમ, ઉપરોક્ત તહોમતનામાની વિગતે આરોપીઓ સામેના ગુનાની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે.

(૩) **<u>ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકતઃ</u>**–

/એ/ હાલના સેશન્સ કેસના કામે આંક–૧૩૫ થી આ કામની અસલ ફરિયાદ રજૂ થયેલ છે, જે ફરિયાદની હકીકત એવા પ્રકારની છે કે, ફરિયાદી રમેશ વિશ્વકર્મા નાથુરામ વિશ્વકર્મા મિસ્ત્રી ફરિયાદમાં બતાવેલા સ્થળે એકલા રહે છે અને આર. કે. ચતુર્વેદીની પેન્થર સીક્યુરીટીમાં વોચમેન તરીકે છેલ્લા પાંચ દિવસથી નોકરી કરે છે. હાલમાં તેઓ નવા દાખલ થયેલ છે. તેમને એલીસબ્રીજ

જીમખાનામાં ફરજ સોંપવામાં આવેલ છે. તેમણે જીમખાનાની બહારના ભાગમાં રોડ ઉપર જે વાહનો આવે છે તેને સરખી રીતે પાર્ક કરવાના હોય છે.

વધુમાં જણાવેલ છે કે, તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ તેમની નોકરી આ જગ્યાએ બપોરના ચારથી રાતના બાર વાગ્યા સુધી હતી અને જીમખાનાની પૂર્વે પ્રેમગલી આવેલ છે ત્યાં તેઓ તેમની ફરજ બજાવી વાહનો પાર્ક કરાવતા હતા અને ધ્યાન રાખી ઉભા હતા તે વખતે એક લાલ ઈન્ડીકા ગાડી નંબર GJ1HE1536 માં એક ભાઈ આવેલા જેણે કાળુ પેન્ટ તથા આડી લીટીવાળું કાળુ ટીશર્ટ પહેરેલ હતા, તેની ગાડી આ ફરિયાદીએ જીમખાનાના કમ્પાઉન્ડમાં સુથારીકામ ચાલે છે તેની સામે પાર્ક કરાવેલ એટલે આ ભાઈ કે જેનું નામ તેમણે હવે પંકજ હરીપ્રસાદ ત્રિવેદી સત્યાગ્રહ છાવણીવાળા હોવાનું જાણેલ, તે જીમખાનામાં ગયેલા અને લગભગ સાંજના સવા આઠ વાગ્યે બહાર નિકળેલ તે વખતે જીમખાનાની અંદરની તથા બહારની લાઈટો બળતી હતી. આ પંકજભાઈ કે જેનું નામ ઠામ તેમણે તેના સગાસંબંધીઓ ત્યાં આવી જતા તેમનાથી જાણેલ, તે ચાલતા તેમની ગાડી જ્યાં પાર્ક કરેલ ત્યાં ગયેલા અને તેઓ ગાડીની પાછળથી ડ્રાયવીંગ સીટ તરફ જતા હતા તે વખતે ગુજરાત કોલેજનાં પાછળના દરવાજા તરફથી ચાર માણસો એક મારૂતીવાન દરવાજા પાસે ઉભેલ, જે સફેદ મારૂતીવાનમાંથી દોડી પંકજભાઈ પાસે આવેલા જેમાં એક માણસનાં હાથમાં કાળો જાડો બેજબોલનો ધોકો હતો અને બીજા બે પાસે પણ લાકડીના ધોકા હતા, તેઓએ પંકજભાઈની ગાડીની પાછળ ઘેરી મારામારી શરૂ કરેલ એટલે આ ફરિયાદી રાડો પાડતો તેમના સીક્યુરીટી ઓફીસર બદ્રીસીંગને જાણ કરવા દોડેલો અને રાડ પાડી જાણ કરી પાછો આવી જોતાં આ ચારેય જણા, કે જેઓ આશરે

૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના હતા અને સફેદ જેવા કપડાં પહેરેલ હતા, તેઓ ભાગીને મારૂતીવાનમાં બેસી નાસી ગયેલ અને પંકજભાઈ તેમની ગાડી પાસે મોઢામાં તથા આંખ ઉપર તથા કપાળ ઉપર ગંભીર ઈજાઓ થવાથી ત્યાં જ તરફડીને મરણ પામેલ હતા અને ડાબી આંખ બહાર નીકળી ગયેલ, કપાળ ઉપર વચ્ચે મોટા ઘા થયેલ હતાં અને મોઢા ઉપર પણ કોઈ હથીયાર જોરદાર ઘા મારતા છુંદાઈ ગયેલ છે તેમજ માથાના પાછળના ભાગે પણ બે ત્રણ ઘા મારેલ છે. આ પછી બદ્રીસીંગે ફોન ઓપરેટર રીકીનભાઈને પોલીસમાં જાણ કરવાનું કહેતા તેમણે પોલીસ કન્ટ્રોલ રૂમમાં ૧૦૦ નંબર ઉપર જાણ કરેલ છે. જેથી આપ સાહેબ અહીંયા આવતા તેમને પુછતા તેમણે આ બનાવ ઉપરની રીતે જોયેલ હોઈ, તેમણે તેમની આ હકીકત જણાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું નામ તથા સરનામું તેમણે તેના સગા કીરીટભાઈ રસીકભાઈ રાવલના કહેવાથી અને લાશ ઓળખવાથી જાણેલ છે.

વધુમાં જણાવેલ છે કે, જેથી ઉપરની સફેદ મારૂતીવાન, કે જેનો નંબર તેમને ખબર નથી, તેમાં આવેલા ચાર અજાણ્યા માણસો, કે જેઓને તેઓ ઓળખી શકેલ નથી, તેઓએ કોઈપણ કારણસર તા.૧૫-૬-૨૦૦૬ ના રોજ સાંજના આઠથી સવા આઠના સુમારે કોઈપણ અન્ય હથીયારો તથા બેજબોલના બેટથી માર મારી, મોઢા ઉપર, કપાળ ઉપર, ડાબી આંખ ઉપર, માથામાં પાછળના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી નાસી ગયેલ હોઈ, આ ફરિયાદીની તેઓની સામે ધોરણસર થવા ફરિયાદ છે. આ પંકજભાઈનું ખૂન ઉપરના ચાર માણસોએ ક્યા કારણસર કરેલ તેની તેમને ખબર નથી. જેથી આ

બાબતે તેમની ધોરણસર થવા ફરિયાદ હોવાનું અને તેમના સાહેદ બક્રીસીંગ તથા તપાસમાં જે કોઈ નિકળે તે તમામ માણસો હોવાનું જણાવી, વધુમાં જણાવેલ છે કે, એટલી તેમની ફરિયાદ હકીકત ખરી છે, જે તેઓ ગુજરાતી સમજતા હોઈ, તેમને વાંચી બતાવતા તેમના લખાવ્યા મુજબની બરાબર અને ખરી હોવાનું આ કામના ફરિયાદી રમેશ વિશ્વકર્મા નાથુરામ વિશ્વકર્મા મિસ્ત્રીએ તા .૧૫–૬–૨૦૦૬ નાં રોજ પોલીસ ઈન્સ્પેકટર, એલીસબ્રીજ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર રૂબરૂ જાહેર કરેલ.

/બી/ ફરિયાદી રમેશ વિશ્વકર્મા નાથુરામ વિશ્વકર્મા મિસ્ત્રીએ તા.૧૫–૬–૨૦૦૬ નાં રોજ રાત્રિના કલાક ૨૨:૧૫ વાગ્યે પોલીસ ઈન્સ્પેકટર, એલીસબ્રીજ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર રૂબરૂ ઉપરોક્ત ફરિયાદ હકીકત જાહેર કરતા, તેઓએ ફરિયાદીનાં લખાવ્યા મુજબની ફરિયાદ હકીકત લખી લઈ, ગુનો રજીસ્ટર કરવા યાદી કરતા, એલીસબ્રીજ પો. સ્ટે. ફ. ગુ. ૨. નં.૪૫૪/૨૦૦૬ થી ઈ. પી. કો. કલમ–૩૦૨, ૩૪ તથા બી. પી. એક્ટ કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનનાં જા. નં.૩૩૪૦/૦૬, તા.૪–૭–૨૦૦૬ નાં પત્રથી કલમ ઉમેરાનો રિપોર્ટ મેટ્રોપોલીટન મેજી. સાહેબશ્રી, કોર્ટ નં.૨૨, ઘીકાંટા, અમદાવાદ શહેર સમક્ષ કરેલ, જે મુજબ હાલના ગુનાની એફ.આઈ.આર. નાં કામે ઈ. પી. કો. કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી) તથા બી. પી. એક્ટ કલમ–૧૩૫(૧) નો ઉમેરો કરવાની વિનંતી કરેલ, જે પત્ર તળે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૨૨, અમદાવાદ–નાઓએ તા.૫–૭–

૨૦૦૯ ના રોજ "To be kept with FIR & Record" નો હુકમ કરેલ.

આમ, ફરિયાદ હકીકત મુજબ જીમખાના ઉપર તેઓ ફરજ પર હતા ત્યારે લાલ કલરની ઈન્ડિકા ગાડી જેનો નં.GJ.01.HE.1536 માંથી એક ભાઈ કાળુ પેન્ટ તથા કાળી લીટીવાળું કાળું શર્ટ પહેરેલ, તે આવેલ અને જીમખાનામાં સુથારી કામ ચાલુ હોય તેની ગાડી સામે પાર્ક કરાવેલી જે ભાઈ પંકજ હરીપ્રસાદ ત્રિવેદી હોવાનું જાણેલ, જે આ કામના મરણજનાર છે, તેઓ જીમખાનામાં ગયેલ અને લગભગ રાત્રિના સવા આઠેક વાગ્યે જીમખાનામાંથી બહાર નિકળેલ એ સમયે જીમખાનાની અંદરની તથા બહારની લાઈટો ચાલુ હતી, જે તેમની પાર્ક કરેલ ગાડી પાસે જાય છે અને ડ્રાઈવર સીટ તરફ જતા હતા ત્યારે ગુજરાત કોલેજનાં પાછળના દરવાજા તરફથી ચાર માણસો સફેદ મારૂતિ વાન દરવાજા પાસે પાર્ક કરેલ તેમાંથી દોડી આવી પંકજભાઈ પાસે આવે છે. આ ચાર પૈકી એકના હાથમાં બેઝબોલનો ધોકો અને બે પાસે લાકડીના ધોકા હોય તે પંકજભાઈને માર મારવાનું શરૂ કરે છે, જેથી ફરિયાદી રમેશભાઈ દોડીને તેમના ઑફિસર બક્રીસિંહને જાણ કરવા જતા રહે છે અને તે બક્રીસિંહને જાણ કરીને પરત આવે છે ત્યારે આ ચારેય ઈસમો, કે જે આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના હતા અને સફેદ જેવા કપડાં પહેરેલ હતાં, તેઓ ભાગીને તેમની મારૂતિ વાનમાં જતા રહે છે. આ પંકજભાઈને તેમની ગાડી પાસે મોઢામાં તથા આંખ ઉપર તથા કપાળ ઉપર ગંભીર ઈજાઓને કારણે સ્થળ ઉપર તે તરફડીને મૃત્યુ પામેલા, જેમની ડાબી આંખ બહાર નિકળી ગયેલ, કપાળ પર મોટા ઘા હતા અને મોઢા પર હથિયાર વડે છુંદાયેલા અને માથાના પાછળના ભાગે બે–ત્રણ ઘા હતા. આમ, ફરિયાદી રમેશભાઈએ તેમના ઑફિસર બક્રીસિંહને જાણ કરતા, આ બક્રીસિંહે

તેમના ફોન ઓપરેટર રીકીન રવાપુરાને પોલીસમાં જાણ કરવાનું કહેતા ૧૦૦ નંબર પર જાણ કરેલ. ત્યારબાદ એલીસબ્રીજનાં પોલીસ અધિકારી આવી જતાં આ ફરિયાદ આપેલ અને તેઓએ મરણજનારનાં સગાં કિરીટભાઈ રાવલ દ્વારા લાશને ઓળખેલ હોવાનું પણ જણાવી, આ મારૂતિ વાનમાં આવેલ ચાર ઈસમોએ પંકજભાઈનું મૃત્યુ નિપજાવેલ હોવા બાબતની ફરિયાદ આપેલ. જે અંગે એલીસબ્રીજ પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરેલ અને આ રીકીન, કે જે જીમખાનાના ફોન ઓપરેટર હતા, તેઓએ ટેલિફોનથી બનાવની જાણ કરેલ હોય તેમાં આરોપીઓનાં નામ તેમજ કોણે મારેલ તે જણાવેલ ન હોય તે વર્ધીને એફ.આઈ.આર. ગણી શકાય નહીં, પરંતુ ફરિયાદી રમેશભાઈ વિશ્વકર્માએ આપેલ બનાવના તુરંત બાદની રાત્રિના ૨૨:૧૫ કલાકની ફરિયાદ જ એફ.આઈ.આર. ગણાય.

આમ, ફરિયાદી રમેશભાઈએ ઉપરોક્ત ફરિયાદ આપતા ત.ક. અમલદારશ્રી ગુનાવાળી જગ્યાએ આવે છે અને મરણજનાર પંકજભાઈની લાશનું પંચોની હાજરીમાં ઈન્કવેસ્ટ પંચનામું કરે છે અને જે જગ્યાએ પંકજભાઈનું મૃત્યુ નિપજાવેલ તે જગ્યાનું વર્ણન ઈન્કવેસ્ટ પંચનામામાં કરવામાં આવેલ છે તેમજ બનાવવાળી જગ્યાએ મરણજનાર પંકજભાઈની લાશ તેમની લાલ કલરની ઈન્ડિકા કાર નં.GJ.01.HE.1536 અને અન્ય કાર નં.Gj.01.HD.8758 ની વચ્ચે પડેલાનું જણાઈ આવે છે. તેમજ મરણજનારની લાશ ઉપર જોતાં તે પુરુષની છે તેમજ વાદળી જેવા રંગની ઝીણી આડી લાઈનીંગવાળી ટીશર્ટ તથા કાળા જેવા રંગનું પેન્ટ ઈન કરેલ છે તથા કમરપટ્ટો પહેરેલ છે તેમજ પગમાં બ્રાઉન જેવા રંગના સેન્ડલ પહેરેલ છે, તેને આંખ ઉપર તેમજ કપાળના ભાગે

વચ્ચે ઘા છે, આંખ કુટી ગયેલ જણાય છે, તેમજ ડોળો દેખાય છે, ડાબી બાજુ કપાળ લોહીથી ખરડાયેલ છે, જમણી આંખ ખુલ્લી જણાઈ આવે છે, કોટની જમણી બાજુએ નીચેના ભાગે ઘા જણાય છે, દાંત તૂટેલ છે, જડબું તૂટેલ છે, મરનારનું મોં લોહીથી ખરડાયેલ છે, બન્ને હાથની મુઠ્ઠીઓ ખુલ્લી છે. આમ, ઉપરોક્ત ઈજાઓ પંચનામાની વિગતે નોંધવામાં આવેલ છે અને તે રીતે પંચોની હાજરીમાં ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ છે. ત્યારબાદ ત. ક. અમલદાર બીજા દિવસે, એટલે કે, તા.૧૫–૬–૦૬ ના રાત્રિના ૧૧:૦૦ કલાકે ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં કરે છે, જેમાં ગુનાવાળી જગ્યાનું વર્ણન પંચનામામાં સ્પષ્ટપણે જણાવેલ છે તેમજ ગુનાવાળી જગ્યાએ એફ.એસ.એલ. અધિકારીને પણ હાજર રાખવામાં આવે છે, જેમના માર્ગદર્શન હેઠળ આ પંચનામું કરવામાં આવે છે, જે મુજબ ત્રણેક કુટના ઘેરાવામાં લોહીના જામી ગયેલા ધબ્બા હોય છે,જેનું સેમ્પલ લેવામાં આવે છે, તેમજ કન્ટ્રોલ સેમ્પલ તરીકે માટી પણ લેવામાં આવેલ છે, તેમજ ગુનાવાળી જગ્યાએ મરુન કલરની ટાટા ઈન્ડિકા કાર નં. GJ.01.HE.1536 પણ હોય છે જેના ડ્રાઈવર સાઈડના પાછળના વ્હીલ તથા આજુબાજુ છૂટાછવાયા લોહીના ડાઘા છે ત્યાં બનાવવાળી જગ્યાએ અન્ય કાર નં. Gj.01.HD.8758 પડેલ હતી તેના વ્હીલ ઉપર તથા સાઈડમાં બોડીના ભાગે છૂટાછવાયા લોહીના ડાઘા પડેલા હતા જેના નમૂના લેવામાં આવેલ અને બનાવવાળી જગ્યાએથી બેઝબોલનો ડંડો મળી આવતા કબજે કરેલ તેમજ મરણનારની કારમાંથી પાંડુરંગ શાસ્ત્રીના સ્વાધ્યાય અંગેના છાપેલા સમાચારવાળું છાપું તેમજ મરણજનાર સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હોય તેવા સમાચારોની ઝેરોક્ષ અને સ્વાધ્યાય પરિવાર સામે મરણજનારે કરેલ

અરજીઓ તથા કાગળો અનુક્રમ નં.૧ થી ૫૮ સુધીના તપાસ અર્થે કબજે કરેલ, તેમજ મરણજનાર પંકજભાઈએ પોતાના રક્ષણ માટે કરેલ અરજીઓ પણ મળી આવેલ તે પણ કબજે કરેલ.

ત્યારબાદ ત. ક. અમલદારે રોશની ગેસ્ટ હાઉસના માલિક દેવેન્દ્રસિંહ જીબોધચંદ્રનું નિવેદન નોંધેલ, જે મુજબ માલૂમ પડેલ કે, તા.૧૧–૬–૦૬ ના રોજ રાત્રિના ૦૦:૪૫ કલાકે જીતેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલની ભલામણથી ચાર માણસો આવેલા તેમને ડબલ બેડનો રૂમ નં.૩૦૪ ફાળવેલ અને બે પથારી એક્સ્ટ્રા આપેલી, જે ચાર માણસો તા.૧૩–૬–૦૬ નાં સવારના ૬:૧૫ કલાકે જતા રહેલ. આ ચાર માણસોએ તેમને ફાળવવામાં આવેલ રૂમમાં ટી.વી. બાબતે માલિક દેવેન્દ્ર સાથે બોલાચાલી કરેલી અને આમ આ દેવેન્દ્ર આ ચાર આરોપીઓને ઓળખતા હોવાનું જણાવેલ, જેમાં ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકીને ઓળખપરેડમાં ઓળખી બતાવેલ અને રોશની ગેસ્ટ હાઉસમાં રોકાવા આવેલ ત્યારે આરોપી ચંદ્રસિંહ જાડેજાએ પોતે રાજુભાઈ દવેનાં નામે એન્ટ્રી કરેલ અને રહેવાનું સરનામું સહકાર સોસાયટી, રાજકોટ લખેલ, તેમજ ભરતભાઈ, કે જે સ્વાધ્યાય પરિવારવાળા છે, ૬૦ વર્ષની ઉંમરના છે, જે ચાર્જશીટમાં જણાવેલ તે મુજબ આરોપી ભરતભાઈ ભટ્ટ જ છે, તે મોટાભાઈ તરીકે ઓળખાય છે અને તેઓ આઠેક વાગ્યે સાંજે આરોપી ઘનશ્યામ ચુડાસમા સાથે આવે છે અને રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ ચાર આરોપીઓને મળે છે અને તેઓનું ધ્યાન રાખવાનું અને ખાસ કામ માટે આવેલ હોવાનું માલિક દેવેન્દ્રને જણાવે છે. આ આરોપી ચંદ્રસિંહે રોશની ગેસ્ટ હાઉસમાં રજીસ્ટરમાં કરેલ એન્ટ્રી તથા સહી એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે જરૂરી હોય, ત. ક. અમલદારે તે રજીસ્ટર તપાસના

કામે કબજે કરેલ, તેમજ તેની ખરાઈ માટે ચંદ્રસિંહનાં કુદરતી હસ્તાક્ષર સ્વરૂપે ચંદ્રસિંહની પોકેટ ડાયરી તથા લીટીવાળું લખાણ પણ કબજે કરેલ.

ત્યારબાદ ત. ક. અમલદારે સાહેદ અનિરૂદ્ધસિંહ દોલુભા જાડેજાનું નિવેદન નોંધેલ, જે જામકંડોરણા પ્રાથમિક શાળામાં સ્વાધ્યાય કેન્દ્રમાં જતા હોય, આ કામના આરોપી ભુપતસિંહ જાડેજા તથા પડધરીનાં ચંદ્રસિંહ જાડેજાનાં સંપર્કમાં આવેલા અને દોઢેક વર્ષથી ઓળખતા હતા તેથી તા.૧૫–૬–૦૬ ના રોજ આરોપી ભુપતસિંહે ફોનથી અનિરુદ્ધસિંહની ટાટા સુમો લઈ અમદાવાદ જવાનો હોય, વહેલી સવારે સાડા પાંચ વાગે આવવા જણાવેલ, જેથી અનિરુદ્ધસિંહ તેમની માલિકીની ટાટા સુમો GJ.01.AR.6247 કે જે ભાડે ફેરવતા હોય, તે લઈને ભુપતસિંહની સૂચના મુજબ રાજકોટથી અમદાવાદ જવા તા.૧૫–૬–૦૬ ના રોજ નિકળે છે, જે ગુનામાં સંડોવાયેલ વાહન હોય, ત. ક. અમલદારે કબજે કરેલ. આમ, આરોપીઓ તેમની ટાટા સુમોમાં રાજકોટથી અમદાવાદ આવેલા અને અમદાવાદથી તેઓ પરત આરોપીઓને ઉતારી જામકંડોરણા ગયેલ. જે હકીકત તપાસમાં રેકર્ડ પર આવેલ. આમ, આરોપીઓ ભુપતસિંહ તેમજ ચંદ્રસિંહ જાડેજા, માનસીંગ વાઢેર, જશુભા જાડેજા તેમજ ચંદ્રકાંત ડાકી તથા ભરતસિંહ જાડેજા આ ટાટા સુમોમાં રાજકોટથી અમદાવાદ આવેલાનું તપાસમાં ખુલે છે,જે તેમની સાથે એક મોટો થેલો લઈને આવેલા, જે મુજબ આ આરોપીઓ મરણજનાર પંકજના ખૂનનાં ગુનામાં ઘડવામાં આવેલ ગુનાહિત કાવતરામાં સામેલ હોવાનું પણ ખૂલેલ અને તેઓએ પંકજભાઈનું મૃત્યુ નિપજાવી તેમનો ગુનાહિત ઈરાદો પાર પાડેલાનું પણ ખૂલેલ અને આ ટાટા સુમોમાં મારક હથિયારો સાથે આવી, ગેરકાયેદસરની મંડળી રચી, બનાવ પહેલાં રોશની ગેસ્ટહાઉસમાં

આવી, રોકાઈ, ગુનાહિત કાવતરું રચી, તેમનો ગુનાહિત ઈરાદો પાર પાડેલ હોવાનું તપાસમાં ખૂલેલ, જેથી ત. ક. અમલદારે આરોપીઓની ઓળખપરેડ સાહેદ ખેમરાજ ભોગીલાલ પાંડેની ઉપસ્થિતિમાં કરાવેલ, જેમાં તે આરોપી માનસિહ અરજણ વાઢેર તથા ભુપતસિંહ જાડેજાને ઓળખી બતાવેલા તેમજ અન્ય સાહેદ રાવતમલ ભાવસારે પણ ઉપરોક્ત બન્નેને ઓળખી બતાવેલા. તેમજ આ માનસિહ વાઢેરનાં કપડાં તથા તેણે શોધી આપેલ લોખંડની પાઈપ ઉપર એફ.એસ.એલ. રિપોર્ટમાં રુધિરની હાજરી મળી આવેલ તેવું તપાસમાં ખૂલેલ. તેમજ બનાવવાળી જગ્યાએ આરોપી ચંદ્રસિંહની હાજરી હોવાનું પણ ખૂલેલ. તેમજ આરોપી હિતેશ ચુડાસમાને ખેમરાજે અને રાવતમલે ઓળખી બતાવેલ નહીં, પરંતુ સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ પાસેથી હિતેશ ચુડાસમાએ માફતિ વાન લીધેલ અને તે ગુનામાં વાપરેલ તેવું ફરિયાદીની ફરિયાદ મુજબ તપાસમાં ખૂલેલ, જેમાં ચાર આરોપીઓ, એટલે કે, ભુપતસિંહ, માનસિહ વાઢેર, ચંદ્રસિંહ જાડેજા તથા હિતેશ ચુડાસમા ગુનાવાળી જગ્યાએ હાજર હોય તેવું તપાસમાં ખૂલેલ અને એવું પણ તપાસમાં ખૂલેલ કે, બનાવ પહેલાં આરોપી હિતેશે તથા દક્ષેશે મરનાર પંકજની વોચ રાખી તેની ગતિવિધિઓ વિષે માહિતી મેળવેલ, જેથી ઉપરોક્ત ચાર આરોપીઓને મરનાર પંકજની ગતિવિધિઓની માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનું ખુલેલ. તેમજ ત. ક. અમલદારે સાહેદ અનિરુદ્ધસિંહ જાડેજા, કૌશલ અશોક અમીન, ધર્મેન્દ્ર સામંતસિંહ તેમજ અન્ય સાહેદોનાં સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનો વિદ્વાન મેટ્રોપોલીટન મેજી. રૂબરૂ લેવડાવવામાં આવેલ, જેમાં પણ આરોપીઓએ આ ગુનો કરેલાની હકીકત તપાસમાં ખૂલવા પામેલ. તેમજ આરોપી માનસિહ વાઢેરને પોલીસ કસ્ટડીમાં હતો

તે દરમ્યાન સાથે રાખી, તેણે ગુનામાં વાપરેલ હથિયાર (પાઈપ) બોડકદેવ વિસ્તારમાં આવેલ બગીચાનાં બાકડા નં.૪ માં જમીનમાં દાટેલ હોય, પંચોની હાજરીમાં શોધી આપેલ, જે તપાસના કામે કબજે કરેલ. તેમજ આરોપીઓને સાથે રાખી ત. ક. અમલદારે ડેમોસ્ટ્રેશન પંચનામું કરેલ, તેમજ આરોપીઓ પાસેથી મોબાઈલ મળી આવતા, તેમની કોલ ડિટેઈલ્સ પણ મેળવેલ, તેમજ તપાસના ભાગરૂપે મરણજનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું પી.એમ. કરવામાં આવેલ અને તેના બનાવ સમયે પહેરેલ કપડાં તેમજ જનોઈ તેમજ આંતરવસ્ત્રો (જાંગીયો) તેમજ સેન્ડલ કબજે કરી એફ.એસ.એલ.માં મોકલેલ, જેની ઉપર બી ગૃપનું માનવ રુધિર મળી આવેલ, જે આરોપી માનસિહનાં કપડાં તેમજ માનસિહે ગુનામાં વાપરેલ પાઈપ શોધી આપેલ તેની ઉપર પણ બી ગૃપનું લોહી મળી આવેલ. વધુમાં તપાસના ભાગરૂપે ત. ક. અમલદાર દ્વારા આરોપી હિતેશ તથા દક્ષેશે ગુનામાં વાપરેલ મોટર સાયકલો તેઓએ બતાવેલ જગ્યાએથી કબજે કરેલ. તેમજ તપાસ કરનાર અમલદારે સાહેદોનાં નિવેદનો નોંધી, જરૂરી પંચનામાઓ કરી, તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરવા પૂરતો પુરાવો જણાતા, હાલના આરોપીઓ વિરૂદ્ધ ઈ. પી. કો. કલમ–૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪ તથા બી. પી. એક્ટ કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેનું ચાર્જશીટ તા.૬–૯–૨૦૦૬ ના રોજ મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૨૨, ઘીકાંટા, અમદાવાદ શહેર સમક્ષ રજૂ કરેલ.

(૪) **<u>કમીટલ પ્રોસીડીંગ્સઃ–</u>**

ઉપરોક્ત પેરા નં.૨(બી) માં જણાવ્યા મુજબની વિગતે આરોપીઓ વિરૂદ્ધ ઈ. પી. કો. કલમ–૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪ તથા બી. પી. એક્ટ કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેનું ચાર્જશીટ તા.૬–૯–૨૦૦૬ ના રોજ મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૨૨, ઘીકાંટા, અમદાવાદ શહેર સમક્ષ રજૂ થતાં, જે ચાર્જશીટને રજીસ્ટરે લઈ, તા.૬–૯–૨૦૦૬ ના રોજ ક્રિમીનલ કેસ નં.૭૮૫૦/૨૦૦૬ આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને તેમની સમક્ષ હાજર કરાવી, આરોપીઓની અનુક્રમે આંક–૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ થી પ્લી રેકર્ડ કરી, આરોપીઓને તેઓની સામેના પોલીસ કેસના તમામ કાગળોની નકલો મળ્યા અંગેની ખાતરી કરી, આરોપીઓ પોતાના બચાવ માટે ખાનગી વકીલ રોકવા માંગે છે કે સરકારી ખર્ચે વકીલ રોકવા માંગે છે તે અંગે પૃચ્છા કરતા, આરોપીઓએ પોતાના બચાવ સારુ ખાનગી વકીલ રોકવાના હોવાનું જણાવતા, સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકૂમત નામદાર સેશન્સ કોર્ટને હોઈ, મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૨, અમદાવાદ–નાઓએ તા.૧૬–૪–૨૦૦૮ ના રોજ આંક–૧૭ વાળો કમીટલ હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે સદર કેસ અત્રે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને સેશન્સ **કમીટ** કરી મોકલી આપેલ છે, જે આધારે અત્રે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ–માં સદર કેસને **સેશન્સ કેસ નં.૧૮૫/૨૦૦૯** આપી, તા.૨૩–૮–૨૦૦૯ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૫) **<u>તહોમતનામું તથા આરોપીઓની પ્લીઃ</u>**–

મારાં પુરોગામી વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આરોપીઓને કોર્ટ રૂબરૂ હાજર કરાવી, આરોપીઓ વિરૂદ્ધ આંક–૩૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪ તથા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) મુજબના ગુના સબબ તા.૧૦–૧૨–૨૦૧૨ ના રોજ તહોમતનામું ફરમાવી, આરોપીઓને તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવી, તે અંગે આરોપીઓનાં અનુક્રમે આંક–૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪ સુધીના નિવેદનો લેતાં, આરોપીઓએ ગુનો કબૂલ ન હોવાનું અને કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવતા, આ કેસ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ અને કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૬) **<u>ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવોઃ</u>**–

ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબના સાહેદોને તપાસીને મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છેઃ–

RANK	NAME	NATURE OF EVIDENCE
૧ (આંક–૭૮)	ઈમરાનભાઈ રસુલભાઈ મનસુરી	આંક–૭૯ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૨ (આંક–૮૦)	આસીફઈકબાલ અબ્દુલરહીમ મનસુરી	આંક–૭૯ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૩ (આંક–૮૨)	અબ્દુલાભાઈ અમીનભાઈ વ્હોરા	આંક–૮૩ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૨.
૪ (આંક–૮૪)	વિકીન મહેશભાઈ રાણપુરા	એલીસબ્રીજ જીમખાનાનાં રીસેપ્ટનીસ્ટ તથા બનાવ અંગે એલીસબ્રીજ પો.સ્ટે.માં ફોન કરનાર સાહેદ.

૫ (આંક–૮૫)	નિલેશભાઈ જલાજલારાય ભટ્ટ	એલીસબ્રીજ જીમખાનાનાં હાઉસકીપીંગ સુપરવાઈઝર.
૬ (આંક–૮૬)	ઝહીરુદ્દીન સમસુદ્દીન સૈયદ	આંક–૮૭ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૭ (આંક–૮૮)	બાબુભાઈ મહંમદહનીફ શેખ	આંક–૮૯ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૧.
૮ (આંક–૯૦)	જોરાવરસિંહ ભવરસિંહ રાજપૂત	આંક–૯૧ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૯ (આંક–૧૧૯)	રાજુભાઈ ભોગીલાલ મીસ્ત્રી	આંક–૯૧ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૧૦ (આંક–૧૩૩)	જીતેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ	રોશની ગેસ્ટહાઉસમાં આ સાહેદનાં નામે રૂમની વ્યવસ્થા આરોપી ઘનશ્યામસિંહને કરી આપેલ તે સાહેદ.
૧૧ (આંક–૧૫૦)	દેવેન્દ્રભાઈ જીબોધચંન્દ્રભાઈ દવે	રોશની ગેસ્ટહાઉસનાં માલિક.
૧૨ (આંક–૧૭૫)	નિખિલ ગોવિંદલાલ પરીખ	આરોપી હિતેશ ચુડાસમાને ગાડી આપનાર સાહેદ.
૧૩ (આંક–૧૭૬)	ગિરિશભાઈ પ્રેમજીભાઈ ચૌધરી	સાહેદ
૧૪ (આંક–૧૮૦)	જયેન્દ્રકુમાર નંદલાલ સોની	સાહેદ
૧૫ (આંક–૧૮૧)	ધર્મેન્દ્રસિંહ સામતસિહ ચૌહાણ	જેની માલૂતિવાન આરોપી હિતેષભાઈ લઈ ગયેલા તે સાહેદ.
૧૬ (આંક–૧૮૨)	હરેશભાઈ અરજણભાઈ વાઢેર	આરોપી માનસિંહનાં કપડાં પોલીસને આપનાર સાહેદ.
૧૭ (આંક–૧૮૩)	અશ્વિનભાઈ મોહનભાઈ પરમાર	આંક–૧૮૪, ૧૮૫ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૧૮ (આંક–૧૯૧)	રમેશભાઈ રાજાભાઈ બકોતરા	આંક–૧૮૪, ૧૮૫ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૧૯ (આંક–૧૯૩)	મહાવીરસિહ મનુભા ચુડાસમા	આંક–૧૯૪ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૨૦ (આંક–૧૯૫)	એલોઈસ ચાલ્સ ક્રિચ્યન	આંક–૧૯૬ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૨૧ (આંક–૧૯૭)	રાહુલ નરેશભાઈ બારોટ	આંક–૧૯૬ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૨૨ (આંક–૧૯૮)	ઈકબાલભાઈ ઈસ્માઈલભાઈ વિરાણી	હચ કંપનીનું સીમકાર્ડ ઈસ્યુ કરનાર સાહેદ.
૨૩ (આંક–૨૦૦)	અશોકભાઈ ચત્રભુજભાઈ શાણી	સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ પત્રિકા છાપનાર વિરૂદ્ધ કેસ

		કરનાર સાહેદ.
૨૪ (આંક–૨૦૧)	મહેન્દ્રસિહ વખતસિહ ચુડાસમા	સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ પત્રિકા છાપનાર વિરૂદ્ધ કેસ કરનાર સાહેદ.
૨૫ (આંક–૨૦૨)	મનસુખભાઈ સવજીભાઈ ખુંટ	સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ પત્રિકા છાપનાર વિરૂદ્ધ કેસ કરનાર સાહેદ.
૨૬ (આંક–૨૦૩)	પિતાંબરભાઈ દેવનદાસ સોનેયા	સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ પત્રિકા છાપનાર વિરૂદ્ધ કેસ કરનાર સાહેદ.
૨૭ (આંક–૨૦૪)	રમેશભાઈ માવજીભાઈ નાકરાણી	સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ પત્રિકા છાપનાર વિરૂદ્ધ કેસ કરનાર સાહેદ.
૨૮(આંક–૨૦૫)	હસમુખભાઈ પરષોતમભાઈ જોષી	સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ પત્રિકા છાપનાર વિરૂદ્ધ કેસ કરનાર સાહેદ.
૨૯(આંક–૨૦૬)	હિતેશ મનસુખભાઈ દાવડા	સાહેદ
૩૦(આંક–૨૦૭)	મનજીભાઈ ધનજીભાઈ સાવલીયા	સાહેદ
૩૧(આંક–૨૦૮)	પ્રવિણ ગોરધનદાસ આડતિયા	સાહેદ
૩૨(આંક–૨૦૯)	પરેશભાઈ ગોવિંદભાઈ સાપરિયા	આરોપી માનસિંહને તેમનો બી.એસ.એન.એલ.નું સીમકાર્ડ વાપરવા આપનાર સાહેદ.
૩૩(આંક–૨૧૨)	ભરતભાઈ ગગજીભાઈ ગોહિલ	આંક–૨૧૩ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૩૪(આંક–૨૧૪)	રઘુભાઈ વશરામભાઈ ડોડિયા	આંક–૨૧૩ નાં પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૩૫(આંક–૨૧૫)	શક્તિદાન બદ્રીદાન ગઢવી	સાહેદ
૩૬(આંક–૨૧૬)	દલપતભાઈ મોહનભાઈ આદરિયા	આરોપી ચંદ્રસિંહનાં લખાણવાળા કાગળ, ડાયરી તથા સી.ડી. રજૂ કરનાર સાહેદ.
૩૭(આંક–૨૧૭)	ચિરાગ વસંતલાલ ઠક્કર	મરનાર પંકજભાઈની વોચ રાખવામાં મદદરૂપ થનાર સાહેદ.
૩૮(આંક–૨૧૯)	કૌશલ અશોકભાઈ અમીન	મરનાર પંકજભાઈની વોચ રાખવામાં મદદરૂપ થનાર સાહેદ.
૩૯(આંક–૨૨૫)	મનીષ જયંતિભાઈ પટેલ	મરનાર પંકજભાઈની વોચ રાખવામાં મદદરૂપ થનાર

		સાહેદ.
૪૦(આંક–૨૨૮)	મહોમ્મદ શાહિદ રફીકભાઈ શેખ	આંક–૨૨૯ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૪૧(આંક–૨૩૧)	મહોમ્મદ ફરદિન મહેબુબભાઈ શેખ	આંક–૨૨૯ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૪૨(આંક–૨૩૨)	જયરાજસિહ તેમુભા જાડેજા	સાહેદ
૪૩(આંક–૨૩૩)	માજીસૈયદ નુરસૈયદ પઠાણ	આંક–૨૩૪ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૪૪(આંક–૨૩૫)	યુસુફખાન બિસ્મિલ્લાખાન પઠાણ	આંક–૨૩૮ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૪૫(આંક–૨૩૯)	ફિરોજ સિકંદરભાઈ શેખ	આંક–૨૩૮ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૪૬(આંક–૨૪૧)	મોહમ્મદ ખાલીદ જીગર મોહમ્મદ મકરાણી	આંક–૨૪૨ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૪૭(આંક–૨૪૩)	આસીફ હુસેનખાન પઠાણ	આંક–૨૪૨ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૪૮(આંક–૨૪૪)	ફરદીન મહેબુબહુસેન શેખ	આંક–૨૪૫ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૪૯(આંક–૨૪૬)	પરવેજ અલીખા મોગલ	આંક–૨૪૫ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૫૦(આંક–૨૪૮)	અબ્દુલરસીદ અબ્દુલરહેમાન પઠાણ	આંક–૮૭ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૫૧(આંક–૨૪૯)	મહમ્મદમિયા યુસુફભાઈ સૈયદ	આંક–૨૫૦ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૫૨(આંક–૨૫૧)	ગુલામહુસેન ગુલામનમી શેખ	આંક–૮૩ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૫૩(આંક–૨૫૪)	મુનાવરહુસેન ગુલામહુસેન શેખ	આંક–૮૯ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૫૪(આંક–૨૫૬)	અનિરુધસિહ દલુભા જાડેજા	જશુભા, માનસિહ અને ચંદ્રકાંતને તેમની ટાટા સુમો ગાડીમાં બેસાડનાર સાહેદ.
૫૫(આંક–૨૫૯)	રાવતમલ મુળજીભાઈ ભાવસાર	બનાવ સ્થળે મરણજનાર પંકજભાઈને મરણ ગયેલ જોનાર સાહેદ.
૫૬(આંક–૨૬૦)	રાજેશભાઈ પ્રવિણભાઈ સોલંકી	આંક–૨૬૧ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૫૭(આંક–૨૬૨)	મહેશ કિશોરભાઈ ગોહિલ	આંક–૨૬૧ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨

૫૮(આંક–૨૬૩)	જીતેન્દ્ર શાંતિલાલ પટેલ	આંક–૨૬૪ અને ૨૬૫ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૫૯(આંક–૨૭૮)	વિશ્રામભાઈ ધનજીભાઈ ખરાડી	આરોપી માનસિંહનું નિવેદન નોંધનાર પોલીસ સાહેદ.
૬૦(આંક–૨૭૯)	ખીમજીભાઈ વજાજી અસારી	મરનાર પંકજ ત્રિવેદીને પકડીને ગોંડલ કોર્ટમાં લઈ જનાર પોલીસ સાહેદ.
૬૧(આંક–૨૮૦)	વિશ્વજીતસિંહ કિરિટસિંહ રાણા	મરનાર પંકજભાઈની લાશને બનાવ સ્થળે જોઈ એલીસબ્રીજ પો.સ્ટે.ને ફોનથી જાણ કરનાર પોલીસ સાહેદ.
૬૨(આંક–૨૮૨)	દશરથભાઈ નાથુભાઈ પટેલ	મરનાર પંકજભાઈની લાશ બાબતે ઉપરોક્ત સાહેદ નં.૬૧ નાં ફોનનાં આધારે સ્થળ પર પહોંચીને કાયદેસરની કાર્યવાહી કરનાર પોલીસ સાહેદ.
૬૩(આંક–૨૮૪)	ડૉ. દિગ્વિજય રણછોડલાલ વાઘેલા	મરનાર પંકજભાઈની લાશનું પી.એમ. કરનાર ડૉકટર.
૬૪(આંક–૨૮૮)	ઉમંગભાઈ ગીરીશભાઈ દવે	આંક–૨૮૯ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૨
૬૫(આંક–૨૯૨)	મૃદુલ ઉપેન્દ્ર ભટ્ટ	વોડાફોન આઈડીયા લિ. કંપનીનાં અલ્ટનેટ નોડલ ઑફિસર.
૬૬(આંક–૨૯૫)	કલ્પેશ અંતુભાઈ પટેલ	બી.એસ.એન.એલ.નાં સબ ડિવીઝનલ એન્જીનિયર.
૬૭(આંક–૩૦૪)	જગુભાઈ માલાભાઈ ભરવાડ	મરનાર પંકજભાઈને પકડીને સેટેલાઈટ પો.સ્ટે.ને સોંપનાર પોલીસ સાહેદ.
૬૮(આંક–૩૦૫)	અભેસિંહ પૃથ્વીસિંહ જોધ્ધા	મરનાર પંકજભાઈને શોધવા માટે સર્ટ્રાઈકીંગ ફોર્સની ગાડીમાં જનાર પોલીસ સભ્ય.
૬૯(આંક–૩૧૩)	હીતેશકુમાર બાબુલાલ ગોહિલ	સેટેલાઈટ પો.સ્ટે.નાં અનાર્મ પો.કો.
૭૦(આંક–૩૧૫)	જયેન્દ્રસિંહ દીલીપસિંહ ઝાલા	અમદાવાદ શહેર ઝોન–૧ નાં ડી.સી.પી.નાં કમાન્ડો.
૭૧(આંક–૩૨૧)	નરેશ હિંમતભાઈ જાદવ	આંક–૨૮૯ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૭૨(આંક–૩૨૪)	મહેન્દ્રભાઈ નારણદાસ સોની	આંક–૨૬૪, ૨૬૫ વાળા

		પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૭૩(આંક–૩૩૮)	શ્રુતિબેન પંકજભાઈ ત્રિવેદી	મરનાર પંકજભાઈનાં પત્નિ.
૭૪(આંક–૩૪૨)	ગિરશભાઈ રેવાશંકર જોષી	આંક–૧૯૪ વાળા પંચનામાનાં પંચ સાહેદ નં.૧
૭૫(આંક–૩૪૮)	જીતેન્દ્રકુમાર ગીરધરલાલ ઓઝા	અમદાવાદ શહેર ઝોન–૧ કચેરીનાં કોમ્પ્યુટર ઑપરેટર.
૭૬(આંક–૩૫૦)	દેવયાનીબેન નિખિલભાઈ પરીખ	આ સાહેદનાં પતિએ આરોપી હિતેશ ચુડાસમાને તેમની મારુતિ ફ્રંટી કાર આપેલ તે સાહેદ.
૭૭(આંક–૩૫૩)	મંગળભાઈ ભુલાભાઈ ઝાલા	પોલીસ સાહેદ.
૭૮(આંક–૩૫૫)	કાનજી તરસીભાઈ કામરીયા	રીડર પી.એસ.આઈ., ડી.સી.પી. ઝોન.૧,અમદાવાદ.
૭૯(આંક–૩૫૯)	રમેશચંદ્ર ચંદુભાઈ ચુડાસમા	આરોપી હિતેશનાં પિતાજી.
૮૦(આંક–૩૬૧)	છગનભાઈ ખેતાભાઈ બાબરીયા	તપાસ કરનાર અમલદાર.
૮૧(આંક–૩૬૭)	રમેશચંદ્ર માધવલાલ પટેલ	ફરિયાદ લખી લેનાર પો.સાહેદ.
૮૨(આંક–૩૭૪)	નટવરસિંહજી કાળસિંહજી રાઠોડ	તપાસ કરનાર અમલદાર.
૮૩(આંક–૩૮૧)	પ્રવિણસિંહ બાવુભા ઝાલા	તપાસ કનાર અમલદાર.
૮૪(આંક–૩૯૧)	વિક્રમસિંહ દશરથસિંહ ગોહિલ	તપાસ કરનાર અમલદાર.

(૭) <u>ફરિયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવોઃ–</u>

ફરિયાદ પક્ષે ઉપરોક્ત મૌખિક પુરાવા ઉપરાંત નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો પણ રજૂ કરેલ છેઃ–

SR.NO.	EXHIBIT NUMBER	DESCRIPTION
૧	૭૯	ગુનાના કાવતરામાં વપરાયેલ ટાટા સુમો કાર જીજે.૧.એઆર.૬૫૪૭ ની સાહેદ અનિરુદ્ધસિંહ દોલુભા જાડેજાએ રજૂ કરતા, તા.૧૧–૭–૦૬ ના રોજ કલાક ૧૨:૦૫ થી ૧૨:૪૦ કબ્જે કર્યાનું પંચનામું.
૨	૮૩	ગુનામાં વપરાયેલ મારૂતીવાન જીજે.૧.એચકે.૧૫૬૪ ની સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણએ રજૂ કરતા, તા.૧૧–૭–૦૬, કલાક–૧૦:૦૫ થી ૧૧:૦૦ ના રોજ કબ્જે કર્યાનું પંચનામું.
૩	૮૭	આરોપીઓ હિતેશ રમેશસિંહ ચુડાસમા, ભુપતસિંહ જાડેજા,

		દક્ષેશ હસમુખલાલ શાહ અને ચંદ્રસિંહ મનુભા જાડેજાનાઓની શરીરસ્થિતિનું તથા અંગઝડતીનું પંચનામું, ફરિયાદી રમેશ વિશ્વકર્મા મિસ્ત્રીની હાજરીમાં તા.૪–૭–૦૬ કલાક ૧૬:૩૦ થી ૧૭:૩૦
૪	૮૯	આરોપીઓ માનસિંહ અરજણ વાઢેરનું શરીરસ્થિતિનું તથા અંગઝડતીનું પંચનામું, તા.૫–૭–૦૬ કલાક ૧:૦૫ થી ૧:૩૦
૫	૯૧	ગુનાવાળી જગ્યાનું પંચનામું ફરિયાદી રમેશ નાથુરામ વિશ્વકર્માએ બતાવેલ તા.૧૫–૬–૦૬ થી શરૂ કરી કલાક ૨:૦૦ તા.૧૬–૬–૦૬ પૂરું કર્યું.
૬	૧૩૫	રમેશ વિશ્વકર્મા મીસ્ત્રીનાઓની અસલ ફરિયાદ. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી આંકે પડેલ છે.)**
૭	૧૩૬	ચાર્જ અમલદારનો રિપોર્ટ. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી આંકે પડેલ છે.)**
૮	૧૩૭	પી.એસ.ઓ.ને મળેલ વર્ધી. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી આંકે પડેલ છે.)**
૯	૧૩૮	મરણજનાર પંકજભાઈની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી આંકે પડેલ છે.)**
૧૦	૧૩૯	ફરતી એફ. એસ. એલ.ને બોલાવાની યાદી તથા ફરતી એફ.એસ.એલ.નો પરીક્ષણનો રિપોર્ટ. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી આંકે પડેલ છે.)**
૧૧	૧૪૦	વી. એસ. હોસ્પિટલમાંથી મરણજનારની લાશ ઉપરથી પી.એમ. દરમ્યાન મરણજનારનાં કપડાં, સેન્ડલ કબ્જે લીધેલાનું પંચનામું. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી આંકે પડેલ છે.)**
૧૨	૧૪૧	ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કર્યાની યાદી તથા નકશો. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની પુરશીષથી કબૂલાતથી આંકે પડેલ છે.)**
૧૩	૧૪૨	આરોપી હિતેશ ચુડાસમાના ઘરનું ઝડતીનું પંચનામું. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી આંકે પડેલ છે.)**
૧૪	૧૪૩	આરોપી દક્ષેશ હસમુખભાઈના ઘરનું ઝડતીનું પંચનામું.

		(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી અંકે પડેલ છે.)
૧૫	૧૪૪	આરોપી ચંદ્રસિંહ મનુભાઈ જાડેજાના ઘરનું ઝડતીનું પંચનામું. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી અંકે પડેલ છે.)**
૧૬	૧૪૫	આરોપી ભરતસિંહ જાડેજાના ઘરનું ઝડતીનું પંચનામું. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની પુરશીષથી કબૂલાતથી અંકે પડેલ છે.)**
૧૭	૧૪૬	આરોપી ચંદ્રકાન્તના ઘરનું ઝડતીનું પંચનામું. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી અંકે પડેલ છે.)**
૧૮	૧૪૭	આરોપીઓનાં કારખાનાની ઝડતીનું પંચનામું. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી અંકે પડેલ છે.)**
૧૯	૧૪૮	સ્ટેશન ડાયરીના ઉતારાની ઝેરોક્ષ. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી અંકે પડેલ છે.)**
૨૦	૧૪૯	હથિયારબંધીનું જાહેરનામું. **(આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓની આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષથી અંકે પડેલ છે.)**
૨૧	૧૮૪	આરોપી માનસિંહ અરજણભાઈ વાઢેરે ગુનામાં વપરાયેલ મુદ્દામાલ તથા બનાવ વખતે પહેરેલ કપડાં મળી આવેલ ન હોય, કોઈ ચીજવસ્તુ કબ્જે લીધેલ ન હોવા અંગેનું પંચનામું.
૨૨	૧૮૫	આરોપી ભૂપતસિંહ નારૂભા જાડેજાએ ગુનામાં વાપરેલ મુદ્દામાલ વાદળી તથા કાળા કલરનો પ્લાસ્ટીકની ચેનવાળો થેલો, એડીદાસ લખેલ, તેમજ સ્ટીલની ૨૧ ઈંચની બે પાઈપો, રાખોડી કલરનું પેન્ટ, બિસ્કીટ કલરનું સફેદ મરૂન રંગની લીટીવાળું આખી બાંયનું ચોકડીવાળું શર્ટ કબ્જે કર્યાનું પંચનામું.
૨૩	૧૮૬ થી ૧૯૦	મુદ્દામાલ આર્ટીકલ નં.૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩ માંથી નિકળેલ મુદ્દામાલ પાવતીઓ નંગ–૫.
૨૪	૧૯૪	આરોપી ચન્દ્રસિંહ મનુભા જાડેજાનાં કુદરતી હસ્તાક્ષરો કબ્જે લીધાનું પંચનામું.
૨૫	૧૯૬	રોશની ગેસ્ટહાઉસનાં રજીસ્ટરમાં આરોપી ચન્દ્રસિંહ જાડેજાનાં લખાણ તેમજ સહી કરેલ તે મુજબના લખાણ તથા સહીના નમૂના લીધેલ તે પંચનામું.

૨૬	૨૧૩	પૂજ્ય દીદીનાં પ્રવચનની ઉતારવામાં આવેલ વિડીયો સી.ડી. કેસેટ કબ્જે કર્યાનું પંચનામું.
૨૭	૨૧૮	સાહેદ ચિરાગ જશવંતલાલ ઠક્કરનું ક્રિ. પ્રો. કો. ક. ૧૬૪ મુજબનું અસલ નિવેદન.
૨૮	૨૨૦	સાહેદ કૌશલ અશોકભાઈ અમીનનું સી.આર.પી.સી. ૧૬૪ નું નિવેદન.
૨૯	૨૨૦/એ	સાહેદ કૌશલ અશોકભાઈ અમીનનાં પિતાશ્રીએ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તથા અન્યોને કરેલ અરજીની ઝેરોક્ષ નકલ.
૩૦	૨૨૦/બી	નેશનલ હ્યુમન રાઈડ કમિશને સાહેદ અશોકભાઈ અમીનને લખેલ અસલ પત્ર.
૩૧	૨૨૬	સાહેદ મનીષ જયંતીભાઈ પટેલનું ક્રિ. પ્રો. કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન.
૩૨	૨૨૯	લોખંડની પાઈપ તથા સેમ્પલ માટી આરોપી માનસિંહ અરજણ વાઢેરનાઓ દ્વારા બતાવેલ જગ્યાએથી તા.૯–૭–૦૬ ના રોજ કબ્જે કર્યાનું પંચનામું.
૩૩	૨૩૦	મુદ્દામાલ આર્ટીકલ નં.૨૭ માંથી નિકળેલ પંચ સ્લીપ.
૩૪	૨૩૪	આરોપીઓ હિતેશ ચુડાસમા, દક્ષેશ શાહ અને માનસિંહ અરજણ વાઢેરનાઓને હાજર રાખી કરેલ ડેમોસ્ટ્રેશન પંચનામું કે જે તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ જે જગ્યાએ તેઓ ભેગા થયેલા અને ક્યાં ક્યાં ફરી એલીસબ્રીજ જીમખાના ગયેલ અને છેલ્લે મારૂતીવાન મૂકેલ તે જગ્યાનું પંચનામું.
૩૫	૨૩૬,૨૩૭	મુદ્દામાલ આર્ટીકલ નં.૪૧,૪૨ માંથી નિકળેલ પંચ સ્લીપ્સ નંગ–૨.
૩૬	૨૩૮	આરોપી માનસિંહ વાઢેરનાં કપડાં કબ્જે કર્યા અંગેનું પંચનામું
૩૭	૨૪૨	આરોપી ભરતભાઈ ભટ્ટની અંગઝડતી તથા શરીરસ્થિતિનું તથા મુદ્દામાલ સેમસંગ કંપનીનો મોબાઈલ તથા સીમકાર્ડ નં.૯૪૨૬૦૧૭૧૧૪ કબ્જે કર્યાનું પંચનામું, તા.૧૧–૭–૨૦૦૬
૩૮	૨૪૫	લાલ પુંઠાવાળો ચોપડો કબ્જે કર્યાનું પંચનામું.
૩૯	૨૫૦	આરોપી ઘનશ્યામસિંહ ચુડાસમાની અંગઝડતીનું તથા શરીરસ્થિતિનું અને નોકીયા કંપનીનો ૬૨૩૦–આઈ મોબાઈલ સીમકાર્ડ નં .૯૮૨૫૬૦૯૭૦૦ કબ્જે કર્યાનું પંચનામું.
૪૦	૨૫૭	સાહેદ અનિરુધ્ધસિંહ દોલુભા જાડેજાનું ક્રિ. પ્રો. કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન.
૪૧	૨૬૧	આરોપી ચંદ્રસિંહ મનુભાઈ જાડેજાનાં સહીના નમૂના લીધા અંગેનું પંચનામું.

૪૨	૨૬૪,૨૬૫	ગુનાના કામે વપરાયેલા મોટર સાયકલો હિતેશ ચુડાસમાએ રજૂ કરેલ ટીવીએસ મેક્સ જીજે.૧.ડીએ.૮૪૧૬ તથા આરોપી દક્ષેશ હસમુખલાલ શાહએ રજૂ કરેલ ટીવીએસ વીકટર જીજે.૧.ઈસી.૬૦૯૪ કબ્જે કર્યા અંગેના પંચનામા–૨.
૪૩	૨૮૫	મરણજનાર પંકજ ત્રિવેદીનાં લાશની પી. એમ. નોટ.
૪૪	૨૮૯	આરોપીઓ હિતેશ ચુડાસમા, દક્ષેશ શાહ, ભુપતસિંહ જાડેજા, માનસિંહ વાઢેર–નાઓની ઓળખપરેડ સાહેદ દેવેન્દ્રભાઈ જીબોધચંદ્ર દવેની હાજરીમાં કરાવેલ તે પંચનામું.
૪૫	૨૯૨/એ	નિ.૬૨/૧૦ વાળું સી.ડી.આર.
૪૬	૨૯૪	કોલ ડીટેઈલ અંગેનો પત્ર.
૪૭	૨૯૬	આંક–૨૯૪ વાળા પત્ર સાથે રજુ કરેલ મો .નં. ૯૪૨૬૦૧૭૧૧૪ અંગેનું સર્ટી.
૪૮	૨૯૭	મો.નં. ૯૪૨૬૦૧૭૧૧૪ કોને એલોટ થયેલ તે ગ્રાહકનું નામ અને સરનામું દર્શાવતી વિગત.
૪૯	૨૯૮	મો.નં. ૯૪૨૭૨૨૧૭૭૨ અંગેનું સર્ટી.
૫૦	૨૯૯	મો.નં. ૯૪૨૭૨૨૧૭૭૨ કોને એલોટ થયેલ તે ગ્રાહકનું નામ અને સરનામું દર્શાવતી વિગત.
૫૧	૩૧૪ સંયુક્ત આંક	સ્ટેશન ડાયરી તથા લોગબુકની નોંધ.
૫૨	૩૪૩	મુ.આર્ટીકલ નં.૪૩ વાળો કાગળ.
૫૩	૩૪૪	મુ.આર્ટીકલ નં.૪૪ વાળી ડાયરી.
૫૪	૩૫૬	ડી.સી.પી.ઝોન–૧ નાઓએ બી. એસ. એન. એલ. મેનેજરને લખેલ પત્ર.
૫૫	૩૫૭	માબોઇલ નં. ૯૪૨૭૨ ૨૧૭૭૨ ની કોલ ડીટેલ્સ.
૫૬	૩૧૪	સ્ટેશન ડાયરીના પેજ નં. ૬૫, ૬૬, ૬૭, ૭૩ વાળા ઉતારા તેમજ તેની પાછળના બે કાગળો કે જે કંન્ટ્રોલને મેસેજ કરેલ તે દસ્તાવેજને સંયુકત રીતે અગાઉ તપાસેલ સાહેદ – હીતેશકુમાર બાબુલાલ ગોહીલ, આંક–૩૧૩ (PW–69)ની જુબાનીમાં પુરવાર કરવાની શરતે આંક–૩૧૪ આપવામાં આવેલ છે, જેને પરમેન્ટ આંક–૩૧૪ આપેલ છે.
૫૭	૩૯૩	બનાવવાળી જગ્યાનો નકશો.
૫૮	૩૯૪	રવાનગી નોંધની સ્થળપ્રત, કે જે તા.૧૫/૦૬/૨૦૦૬ ની છે, તે.
૫૯	૩૯૫	એફ. એસ. એલ.ની અસલ પહોંચ, કે જે તા.૦૩/૦૭ /૨૦૦૬ ની છે, તે.
૬૦	૩૯૬	રોશની ગેસ્ટ હાઉસના રજીસ્ટરના ઉતારાની નકલ.

૬૧	૩૯૭	આરોપીઓની ઓળખપરેડ સારૂની એકજી. મેજીસ્ટ્રેટને લખેલ યાદીની સ્થળપ્રત.
૬૨	૩૯૮, ૩૯૯ તથા સંયુકત આંક–૪૦૦	નિ.૬૨/૩૭, નિ.૬૨/૩૮ તથા નિ.૬૨/૩૯ થી રજૂ નકશાઓ તથા નિ.૬૨/૩૯ ની સાથેનો બીજો એક નકશો.
૬૩	૪૦૩	મોબાઇલ નંબર ૯૮૭૯૧૩૨૩૨૩ ની કોલ ડીટેઇલ્સ.
૬૪	૪૦૪	રવાનગી નોંધ, કે જે તા.૧૫/૦૬/૨૦૦૬ ની છે, તે.
૬૫	૪૦૫	એફ. એસ. એલ.ની અસલ પહોંચ.
૬૬	૪૦૬	હસ્તાક્ષર નિષ્ણાંતને લખેલ પત્ર, જા.નં.૩૮૭૩ છે, તે.
૬૭	૪૦૭	હસ્તાંક્ષર નિષ્ણાંતને મોકલી આપેલ નમુનાનું ચેકલીસ્ટ રજૂ થયેલ છે, જેમાં મોકલેલ દસ્તાવેજનો પત્ર તથા દસ્તાવેજોનું ચેક લીસ્ટ તથા દસ્તાવેજોનો સમાવેશ થાય છે. તેમજ હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય આંક–૪૧૩ થી રિપોર્ટ સાથેનો રજૂ છે.
૬૮	૪૦૮	મોબાઇલ નંબર – ૯૮૨૦૦૪૩૨૦૭ તથા મો.નં. ૯૮૨૦૧૩૨૮૬૦ ની કોલ ડીટેઇલ્સ મેળવવા સારૂ હચ કંપનીને લખેલ પત્ર.
૬૯	૪૦૯	હસ્તાક્ષર નિષ્ણાંતને લખેલ પત્ર, કે જે જા.નં.૪૦૧૨ વાળો છે, તે પત્ર.
૭૦	૪૧૦	હસ્તાંક્ષર નિષ્ણાંતને મોકલી આપેલ નમુનાનું ચેકલીસ્ટ.
૭૧	૪૧૧	ટાટા સુમો ગાડી નં. GJ–01–AR–6547 ની આર. સી. બુકની નકલ.
૭૨	૪૧૨	ટાટા સુમો ગાડી નં. GJ–01–AR–6547 ની ઓરીએન્ટલ ઇન્સ્યોરન્સ કંપનીના પીમાના કાગળો.
૭૩	૪૧૩	હસ્તાંક્ષર નિષ્ણાંતનો અહેવાલ.
૭૪	૪૧૪	એફ.એસ.એલ.ની અસલ પહોંચ, કે જે તા.૨૦/૦૯/૨૦૦૬ વાળી છે, તે.
૭૫	૪૧૫	એફ.એસ.એલ.નો અસલ અહેવાલ રજૂ થયેલ છે, જેમાં એફ.એસ.એલ.નો પત્ર તથા રવાનગી નોંધ તથા સીરોલોજીકલ પૃથક્કરણનો રિપોર્ટ છે.
૭૬	૪૧૬	એફ. એસ. એલ.ની અસલ પહોંચ, કે જે તા.૨૦/૦૯/૨૦૦૬ ની છે, તે.
૭૭	૪૧૭	એફ. એસ. એલ.નો અસલ અહેવાલ રજૂ થયેલ છે,જેમાં એફ.એસ.એલ.નો પત્ર તથા રવાનગી નોંધ તથા સાયન્ટીફિક ઑફિસરનો રિપોર્ટ તથા સીરોલોજીકલ પૃથક્કરણનો રિપોર્ટનો સમાવેશ થાય છે.
૭૮	૪૧૮	મરણજનાર પંકજ ત્રિવેદીએ સેટેલાઇટ પોલીસ સ્ટેશનના પી.આઇ.ને ઉદ્દેશીને લખેલ તા.૧૨/૧૨/૨૦૦૧ ના

		રોજની અરજીની નકલ.
૭૯	૪૧૯	મરણજનાર પંકજ ત્રિવેદીએ સેટેલાઇટ પોલીસ સ્ટેશનના પી.આઇ.ને ઉદ્દેશીને લખેલ તા.૨૧/૦૬/૨૦૦૨ ના રોજની અરજીની નકલ.
૮૦	૪૨૦	જગદીશભાઇ મનુભાઇ શાહનાઓએ સેટેલાઇટ પોલીસ સ્ટેશનના પી.આઇ.ને ઉદ્દેશીને લખેલ તા.૨૧/૦૬/૨૦૦૨ ના રોજની અરજીની નકલ.
૮૧	૪૨૧	મરણજનાર પંકજ ત્રિવેદીએ માનનીય મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને લખેલ તા.૧૧/૧૦/૨૦૦૪ ની અરજીની નકલ.
૮૨	૪૨૨	રાજયપાલશ્રીની કચેરીમાંથી મરણજનાર પંકજ ત્રિવેદીને તેમની અરજીનો જવાબ આપેલ પત્ર.
૮૩	૪૨૩	મરણજનાર પંકજ ત્રિવેદીનાએ તા.૧૦/૧૧/૨૦૦૫ ના રોજ માનનીય રાષ્ટ્રપતિશ્રીની કચેરીને લખેલ પત્રની નકલ.
૮૪	૪૨૪	સી.આઇ.ડી. ક્રાઇમના પોલીસ મહાનિર્દેશકને તા.૧૦/૧૦ /૨૦૦૫ ના રોજ લખેલ પત્રની નકલ.

(૮) બચાવ પક્ષ તરફે ફરિયાદ પક્ષ તરફેનાં સાહેદોની ઊલટ તપાસમાં આંકે પડાવેલા દસ્તાવેજોઃ–

SR.NO.	EXHIBIT NUMBER	DESCRIPTION
૧	૨૨૭	માર્ક–૨૨૦/એ વાળી અરજીની અસલને ટેન્ટેટીવ આંક.

(૯) અત્રેની કોર્ટ દ્વારા દલીલોમાં બન્ને પક્ષોએ જે દસ્તાવેજો રીફર કરેલ તેને જજમેન્ટના તબક્કે બન્ને પક્ષોની તે દસ્તાવેજોનાં અનુસંધાનેની દલીલો કરવામાં આવેલ તે ધ્યાને લઈ આ દસ્તાવેજોને જજમેન્ટના તબક્કે આંકે પાડવામાં આવેલ છે, જે નીચે મુજબ છેઃ–

SR.NO.	EXHIBIT NUMBER	DESCRIPTION
૧	૪૮૩	માર્ક–૨૨૦/બી થી રજૂ તા.૪ જુન ૨૦૦૮ નો નેશનલ હ્યુમનરાઈટ કમીશનનો પત્રને પાકો આંક આપ્યો.
૨	૪૮૪	આરોપી ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકીનું સાહેદ દેવેન્દ્રભાઈ જીબોધચંદ્ર દવે દ્વારા કરાયેલ ઓળખનું પંચનામું, જે પંચો ઝહીરહુસેન જમીરહુસેન મોમીન તથા દિપકભાઈ મંગળભાઈ

		કહારનાઓ રૂબરૂ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વી. ડી. સોલંકી, મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨, અમદાવાદ–નાઓ રૂબરૂનું કરવામાં આવેલ તેને સી.આર.પી.સી. કલમ–૨૯૧(એ) મુજબ આંક આપ્યો.
૩	૪૮૫	સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન.
૪	૪૮૬	અરજદાર જનકસિંહ સામંતસિંહ ચૌહાણ નાએ મુદ્દામાલ મારૂતિ વાન નં.જીજે.૧.એચકે.૧૫૬૪ છોડાવવા માટે મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કરેલ મુદ્દામાલ અરજી નં.૭૮/૨૦૦૬, તા.૪–૮–૨૦૦૬ ની અરજી તથા તે લગતનો હુકમ અને તેના સંલગ્ન કાગળો, જેમાં અરજદારનું ડ્રાઈવીંગ લાયસન્સ, આર.સી. બુકની કોપી, ત. ક. અમલદારનો અભિપ્રાય સહિતના કુલ–૯ કાગળોને સંયુક્ત આંક આપ્યો.
૫	૪૮૭	અરજદાર અને આ કામના સાહેદ અનિરુદ્ધસિંહ દોલુભા જાડેજાનાએ તેમની માલિકીની ટાટા સુમો નં.જીજે. ૧. એઆર.૬૫૪૭ ની છોડાવવા મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કરેલ મુદ્દામાલ અરજી નં.૭૭/૨૦૦૬, તા.૪–૮–૨૦૦૬ ની અરજી તથા તે લગતનો હુકમ અને તેના સંલગ્ન કાગળો, જેમાં આર.સી.બુક, તેમજ આર. આર. ફાઈનાન્સનો એચ.પી. કેન્સલ કરવાનો શેરો તેમજ વેચાણ ખત તેમજ ડ્રાઈવીંગ લાયસન્સ, આર.ટી.ઓ., સુરેન્દ્રનગરનું નો–ડ્યુ સર્ટીફિકેટ તથા વિમા પોલીસીની નકલ તેમજ અનિરુદ્ધસિંહનું સોગંદનામું તથા ત.ક.અમલદારનો રિપોર્ટ સહિતના કાગળોને સંયુક્ત આંક આપ્યો.
૬	૪૮૮	મરણજનાર પંકજભાઈ ત્રિવેદીની ઈન્ડિકા ગાડી નં. જીજે.૧.એચઈ. ૧૫૩૬ પરત મેળવવા આ કામના સાહેદ શ્રુતિબેન પંકજ ત્રિવેદી નાઓએ મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં કરેલ મુદ્દામાલ અરજી નં.૬૩/૨૦૦૬, તા.૨૬–૬–૨૦૦૬ ની અરજી તથા તે લગતનો હુકમ તથા તેના સંલગ્ન કાગળો, જેમાં આર. સી. બુક, ચૂંટણી કાર્ડ તથા ત. ક. અમલદારનો અભિપ્રાય સહિતના કાગળોને સંયુક્ત આંક આપ્યો.
૭	૪૮૯	અરજદાર ગીરીશ પ્રેમજી ચૌધરીનાએ ટી.વી.એસ. કંપનીની મેક્સ–૧૦૦ આર મોટર સાયકલ નં. જીજે.૧.ડીએ.૮૪૧૬ ની પરત મેળવવા માટેની અરજી નં.૯૩/૨૦૦૬, તા.૩૦–૮–૨૦૦૬ ની મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કરેલ અરજી તથા તે લગતનો હુકમ તથા સંલગ્ન કાગળો , જેમાં પાન કાર્ડ, આર. સી. બુકની કોપી, રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ, વિમા પોલીસી તથા ત. ક. અમલદારનો

		અભિપ્રાય સહિતના કાગળોને સંયુક્ત આંક આપ્યો.
૮	૪૯૦	અરજદાર તથા આ કામના આરોપી દક્ષેશ હસમુખલાલ શાહ નાએ ટી.વી.એસ. કંપનીની મોટરસાયકલ નં. જીજે.૧.ઈસી. ૬૦૯૪ ની પરત મેળવવા માટે મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં કરેલ અરજી તથા તે લગતનો હુકમ તથા તેના સંલગ્ન કાગળો, જેમાં આર. સી. બુક, ડ્રાઈવીંગ લાયસન્સ અને વિમા પોલીસીની નકલ વગેરે કાગળોને સંયુક્ત આંક આપ્યો.
૯	૪૯૧	આરોપી હિતેશસિંહ, દક્ષેશ, ચંદ્રસિંહ, ભુપતસિંહ તથા માનસિહ અરજણ વાઢેર–નાઓને નામદાર કોર્ટમાં રજૂ કર્યા તે પ્રોડક્શન રિપોર્ટ, તા.૫–૭–૦૬ ના રોજનો.
૧૦	૪૯૨	આરોપી હિતેશસિંહ, દક્ષેશ, ચંદ્રસિંહ, ભુપતસિંહ તથા માનસિહ અરજણ વાઢેર–નાઓને નામદાર કોર્ટમાં રજૂ કર્યા બાદ દિન–૧૫ નાં રિમાન્ડની માંગણી કરેલ તે અરજી તથા તેનો હુકમ, તા.૫–૭–૦૬ નો.
૧૧	૪૯૩	આરોપી હિતેશસિંહ, દક્ષેશ, ચંદ્રસિંહ, ભુપતસિંહ તથા માનસિહ અરજણ વાઢેર–નાઓ તરફે રિમાન્ડનો હુકમ સ્ટે કરવાની અરજી તથા તે લગતનો હુકમ, તા.૫–૭–૦૬.
૧૨	૪૯૪	આરોપી હિતેશસિંહ, દક્ષેશ, ચંદ્રસિંહ, ભુપતસિંહ તથા માનસિહ અરજણ વાઢેર–નાઓ તરફે રિમાન્ડ દરમ્યાન નામદાર સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન પ્રમાણે આરોપીઓનાં વકીલશ્રીઓને દિવસમાં બે વખત મુલાકાત આપવાની પરવાનગી આપતી અરજી તથા તે લગતનો હુકમ.
૧૩	૪૯૫	આરોપી નં.૫ માનસિંગ અરજણ વાઢેર તરફે તેમને હાથ ઉપર સોજો હોય અને પોલીસે તેઓને દમન ગુજારેલ હોય તે બાબતની નોંધ કરતી અરજી તથા તે લગતનો હુકમ.
૧૪	૪૯૬	આરોપી હિતેશસિંહ, દક્ષેશ, ચંદ્રસિંહ, ભુપતસિંહ તથા માનસિહ અરજણ વાઢેર–નાઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ઉપરોક્ત મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૨ નાં તા.૫–૭–૨૦૦૬ નો રિમાન્ડ મંજૂર કરતો હુકમ પડકારેલ તેની હુકમની નકલ, તા.૧૨–૭–૨૦૦૬
૧૫	૪૯૭	આ કામના સાહેદોએ મરણજનાર તથા અન્ય ઈસમો વિરૂદ્ધ ગુજરાતમાં અલગ–અલગ કોર્ટોમાં ફરિયાદો દાખલ કરેલ તે રદ્ધ કરાવવા માટે મરણજનાર તથા અન્ય ઈસમોએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલ ક્રિમીનલ પરચુરણ અરજીઓનાં કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફરિયાદો રદ્ધ કરતો કરેલ હુકમ, તા.૯–૩–૨૦૦૬

(૧૦) આ કામે વિદ્વાન સ્પે. પ્રોસીક્યુટરશ્રીએ આંક–૪૪૧ થી પુરાવા બંધની પુરશીષ આપેલ છે, જે પુરશીષમાં તેઓએ જાહેર કરેલ છે કે, કેટલાંક પંચનામામાં બે પંચમાંથી એક પંચને તપાસવામાં આવેલ હોય અને તે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા હોય, બીજા પંચને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી. તેમજ કેટલાંક પંચનામાનાં એક પંચ સાહેદે સમર્થન કરેલ ન હોય અને અન્ય પંચ કોર્ટમાં હાજર હોય તેઓએ આ બનાવ બાબતે કે પંચનામા બાબતે કંઈ જાણો છો, તેવું પૂછતાં તેઓ કંઈ જાણતા ન હોય તેથી તેવા પંચ સાક્ષીઓને ડ્રોપ કરેલ છે, તેમજ આ કેસમાં સાંયોગિક પુરાવાને આધારે જે સાક્ષીઓ જરૂરી હોય તેઓને તપાસેલ છે, જેમાં પી.એમ. કરનાર ડૉકટર સાહેદને, ત. ક. અમલદારને તપાસવામાં આવેલ છે, તેમજ આ કામના ફરિયાદી, કે જેઓએ બનાવ નજરે જોયેલ છે, પરંતુ આરોપીઓને ઓળખતા ન હોય, તેઓની હાજરીમાં આરોપીઓની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ ઓળખપરેડ કરાવેલ નથી અને આ ફરિયાદીને શોધી લાવવા તેમના વતન સુધી પોલીસને મોકલવામાં આવેલ, પરંતુ ૧૫ વર્ષથી તે ઘરેથી નિકળી ગયેલ હોય તેવું તેમના સગાં તથા આજુબાજુના લોકોના નિવેદન લીધેલ,જેનો રિપોર્ટ નામદાર કોર્ટમાં રજૂ રાખેલ છે, આમ ફરિયાદીને અવારનવાર સમન્સ કરતા મળી આવેલ ન હોય તેને તપાસેલ નથી, તેમજ તેમની જુબાનીને આરોપીઓની કબૂલાતને આધારે પાકો આંક પડી ગયેલ છે તેમજ મરણજનાર પંકજ ત્રિવેદીનાં પત્નિને સાક્ષી તરીકે તપાસેલ છે અને તેમનો પુત્ર યુ.એસ.એ. રહેતો હોય અને તેમની જુબાની નોંધવા માટે પ્રયત્ન કરેલ અને વિડીયો કોન્ફરન્સીંગથી પણ જુબાની આપવા માંગે છે કે કેમ તેવું પૂછાવડાવેલ છતાં કોઈ પ્રત્યુતર મળેલ નહીં, તેમજ હસ્તાક્ષર નિષ્ણાતને

તપાસેલ નથી, કારણ કે, ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈઓ અનુસાર તે પુરવાર થયેલ છે. તેમજ ઓળખપરેડ કરાવનાર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને તપાસેલ નથી, કારણ કે, તેઓની કામગીરીનો દસ્તાવેજ સી.આર.પી.સી. કલમ–૨૯૪ મુજબ પુરવાર થતો હોય તેઓને તપાસેલ નથી. આમ, જરૂરી તમામ સાહેદો તપાસેલ હોય, જેથી વધુ સાહેદો તપાસવાના ન હોય, પુરાવો બંધ કરવાની જાહેરાત આ પુરશીષથી કરવામાં આવેલ છે.

(૧૧) **<u>આરોપીઓનાં વિશેષ નિવેદનઃ</u>**–

ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થયા બાદ ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયેલાનું આંક–૪૪૧ ની ક્લોઝીંગ પુરશીષથી જાહેર કરતા, આરોપીઓને તેઓની વિરૂદ્ધ પડેલ પુરાવા અંગે ખુલાસો કરવાની પૂરતી તક મળી રહે તે હેતુથી ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનાં વિશેષ નિવેદનો લેવામાં આવેલા, જેમાં આરોપીઓએ તેઓની વિરૂદ્ધના ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને <u>આરોપી નં.૧ ચંન્દ્રસિંહ મનુભા જાડેજાએ વિશેષમાં એવું જણાવેલ છે કે,</u>" પોલીસે કોઈપણ પૂરાવા વગર અમારી અટક કરેલ હતી. નામદાર કોર્ટે અમારા વકીલશ્રીઓને અમો તથા અન્યની મુલાકાત સારૂ હુકમ કરેલો, પરંતુ મુલાકાત વકીલશ્રીઓને આપવામાં આવેલ ન હતી. જેથી અમારા વકીલશ્રીઓએ તા.૦૭/૦૭/૨૦૦૬ ના રોજ નામદાર મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ કોર્ટ તિરસ્કારની અરજી કરેલી . જેની નોટીસ તપાસ કરનાર અમલદારને કાઢવામાં આવેલ અને ત્યાર બાદ પણ અમારા વકીલશ્રીઓને મુલાકાત આપવામાં આવેલ ન હતી. અમારા વકીલશ્રીએ આ બાબતે પણ બીજી

અરજી કરેલી. અમો અન્ય કોઇ તહોમતદારોને ઓળખતા ન હોવા છતાં તપાસ કરનાર અમલદારે અમારી અટક કરવા માટે ખોટા પુરાવા ઉભા કરેલા અને અટક કર્યા પછી પણ ખોટા પુરાવા ઉભા કરેલા અને અમારી તથા અન્ય વિરુધ્ધની ખોટી અને ઉપજાવી કાઢેલ વિગતો લખીને ખોટા પંચનામા તથા ખોટા નિવેદનો તથા અન્ય ખોટા પુરાવા ઉભા કરેલ અને કરાવેલ તથા નામદાર કોર્ટમાં રજૂ કરેલા. તપાસ કરનાર અમલદારે બદઇરાદાથી ગેરકાયદેસર તપાસ કરીને તથા અન્ય પોલીસ અધિકારીઓએ પણ ગેરકાયદેસર તપાસ કરીને અમારી તથા અન્ય વિરુધ્ધ ખોટા પુરાવા ઉભા કરેલા. અમારા મોબાઇલ ફોનના કોઇ પુરાવા મેળવ્યા વગર અમારી અટક કરવા માટે અમારી અટક કરવાનું તપાસ કરનાર અમલદારે જણાવેલુ છે. અમે ગુન્હો કરેલ ન હોવા છતાં અમારી ખોટી અટક કરેલ અને અમારી વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ અને અમારી સામે ખોટો પુરાવો આપેલ."

(૧૧.૧) <u>આરોપી નં.૨ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમાએ વિશેષમાં એવું જણાવેલ છે કે</u>, "પોલીસે કોઇપણ પૂરાવા વગર અમારી અટક કરેલ હતી. તપાસ કરનાર અમલદાર વી.ડી.ગોહીલનાઓએ તા.૦૫/૦૭/૨૦૦૬ ના રોજ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં. ૨૨ માં મને રજૂ કરેલ ત્યારે મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ મને પુછતાં મેં, મને પોલીસ પકડયા બાદ ઇલેકટ્રીક શોટ આપેલ હતા તે બાબતે રજૂઆત કરેલ હતી. જેની નોંધ નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીએ કરેલ. વધુમાં, નામદાર કોર્ટે અમારા વકીલશ્રીઓને અમો તથા અન્યની મુલાકાત સારૂ હુકમ કરેલો, પરંતુ મુલાકાત વકીલશ્રીઓને આપવામાં આવેલ ન હતી. જેથી અમારા વકીલશ્રીઓએ તા.૦૭/૦૭/૨૦૦૬ ના રોજ નામદાર મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ કોર્ટ તિરસ્કારની અરજી કરેલી. જેની નોટીસ

તપાસ કરનાર અમલદારને કાઢવામાં આવેલ અને ત્યાર બાદ પણ અમારા વકીલશ્રીઓને મુલાકાત આપવામાં આવેલ ન હતી. અમારા વકીલશ્રીએ આ બાબતે પણ બીજી અરજી કરેલી. અમો અન્ય કોઇ તહોમતદારોને ઓળખતા ન હોવા છતાં તપાસ કરનાર અમલદારે અમારી અટક કરવા માટે ખોટા પુરાવા ઉભા કરેલા અને અટક કર્યા પછી પણ ખોટા પુરાવા ઉભા કરેલા અને અમારી તથા અન્ય વિરુધ્ધની ખોટી અને ઉપજાવી કાઢેલ વિગતો લખીને ખોટા પંચનામા તથા ખોટા નિવેદનો તથા અન્ય ખોટા પુરાવા ઉભા કરેલ અને કરાવેલ તથા નામદાર કોર્ટમાં રજૂ કરેલા. તપાસ કરનાર અમલદારે બદઇરાદાથી ગેરકાયદેસર તપાસ કરીને તથા અન્ય પોલીસ અધિકારીઓએ પણ ગેરકાયદેસર તપાસ કરીને અમારી તથા અન્ય વિરુધ્ધ ખોટા પુરાવા ઉભા કરેલા. અમે ગુન્હો કરેલ ન હોવા છતાં અમારી ખોટી અટક કરેલ અને અમારી વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ અને અમારી સામે ખોટો પુરાવો આપેલ. અમોએ નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ અમોને ઇલેકટ્રીક શોટ આપ્યા અંગે જે રજૂઆત કરેલી તે નામદાર મેજીસ્ટ્રેટ સાહેબે તપાસ કરનાર અમલદારના તા.૦૫/૦૭/૨૦૦૬ ના પ્રોડકશન રીપોર્ટમાં નોંધેલ તે રીપોર્ટની સહી–સિક્કાવાળી નકલ હું રજૂ કરુ છું."

(૧૧.૨) <u>આરોપી નં.૩ દક્ષેસ હસમુખલાલ શાહ એ વિશેષમાં એવું જણાવેલ છે કે</u>,"અમો તદ્દન નિર્દોષ અને બેગુન્હા છીએ. સદર ગુન્હાના કામે અમો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલ ન હોવા છતાં પોલીસે કોઇપણ પૂરાવા વગર અમારી અટક કરેલ હતી. અમારા પોલીસ રીમાન્ડ દરમ્યાન નામદાર કોર્ટે અમારા વકીલશ્રીઓને અમો તથા અન્યની મુલાકાત સારૂ હુકમ કરેલો, પરંતુ મુલાકાત વકીલશ્રીઓને આપવામાં આવેલ ન હતી. જેથી અમારા વકીલશ્રીઓએ

તા.૦૭/૦૭/૨૦૦૯ ના રોજ નામદાર મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ કોર્ટ તિરસ્કારની અરજી કરેલી. જેની નોટીસ તપાસ કરનાર અમલદારને કાઢવામાં આવેલ અને ત્યાર બાદ પણ અમારા વકીલશ્રીઓને મુલાકાત આપવામાં આવેલ ન હતી. અમારા વકીલશ્રીએ આ બાબતે પણ બીજી અરજી કરેલી. અમો અન્ય કોઇ તહોમતદારોને ઓળખતા ન હોવા છતાં તપાસ કરનાર અમલદારે અમારી અટક કરવા માટે ખોટા પુરાવા ઉભા કરેલા અને અટક કર્યા પછી પણ ખોટા પુરાવા ઉભા કરેલા અને અમારી તથા અન્ય વિરુધ્ધની ખોટી અને ઉપજાવી કાઢેલ વિગતો લખીને ખોટા પંચનામા તથા ખોટા નિવેદનો તથા અન્ય ખોટા પુરાવા ઉભા કરેલ અને કરાવેલ તથા નામદાર કોર્ટમાં રજૂ કરેલા. તપાસ કરનાર અમલદારે બદઇરાદાથી ગેરકાયદેસર તપાસ કરીને તથા અન્ય પોલીસ અધિકારીઓએ પણ ગેરકાયદેસર તપાસ કરીને અમારી તથા અન્ય વિરુધ્ધ ખોટા પુરાવા ઉભા કરેલા. મને આ કેસમાં ખોટો સંડોવવામાં આવેલો છે. અમે ગુન્હો કરેલ ન હોવા છતાં અમારી ખોટી અટક કરેલ અને અમારી વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ અને અમારી સામે ખોટો પુરાવો આપેલ."

(૧૧.૩) <u>આરોપી નં.૪ ભૂપતસિંહ નારુભા જાડેજાએ વિશેષમાં એવું જણાવેલ છે કે</u>,"પોલીસે કોઇપણ પૂરાવા વગર અમારી અટક કરેલ હતી. અમારા પોલીસ રીમાન્ડ દરમ્યાન નામદાર કોર્ટે અમારા વકીલશ્રીઓને અમો તથા અન્યની મુલાકાત સારૂ હુકમ કરેલો, પરંતુ મુલાકાત વકીલશ્રીઓને આપવામાં આવેલ ન હતી. જેથી અમારા વકીલશ્રીઓએ તા.૦૭/૦૭/૨૦૦૯ ના રોજ નામદાર મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ કોર્ટ તિરસ્કારની અરજી કરેલી. જેની નોટીસ તપાસ કરનાર અમલદારને કાઢવામાં આવેલ અને ત્યાર બાદ પણ અમારા

વકીલશ્રીઓને મુલાકાત આપવામાં આવેલ ન હતી. અમારા વકીલશ્રીએ આ બાબતે પણ બીજી અરજી કરેલી. અમો અન્ય કોઇ તહોમતદારોને ઓળખતા ન હોવા છતાં તપાસ કરનાર અમલદારે અમારી અટક કરવા માટે ખોટા પુરાવા ઉભા કરેલા અને અટક કર્યા પછી પણ ખોટા પુરાવા ઉભા કરેલા અને અમારી તથા અન્ય વિરુધ્ધની ખોટી અને ઉપજાવી કાઢેલ વિગતો લખીને ખોટા પંચનામા તથા ખોટા નિવેદનો તથા અન્ય ખોટા પુરાવા ઉભા કરેલ અને કરાવેલ તથા નામદાર કોર્ટમાં રજૂ કરેલા. તપાસ કરનાર અમલદારે બદઇરાદાથી ગેરકાયદેસર તપાસ કરીને તથા અન્ય પોલીસ અધિકારીઓએ પણ ગેરકાયદેસર તપાસ કરીને અમારી તથા અન્ય વિરુધ્ધ ખોટા પુરાવા ઉભા કરેલા. અમે ગુન્હો કરેલ ન હોવા છતાં અમારી ખોટી અટક કરેલ અને અમારી વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ અને અમારી સામે ખોટો પુરાવો આપેલ."

(૧૧.૪) <u>આરોપી નં.૫ માનસિંહ અરજણ વાઢેરએ વિશેષમાં એવું જણાવેલ છે કે</u>,"અમો તદ્ધન નિર્દોષ અને બેગુન્હા છીએ. સદર ગુન્હાના કામે અમો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલ ન હોવા છતાં પોલીસે કોઇપણ પૂરાવા વગર અમારી અટક કરેલ હતી. અમારા પોલીસ રીમાન્ડ દરમ્યાન નામદાર કોર્ટે અમારા વકીલશ્રીઓને અમો તથા અન્યની મુલાકાત સારૂ હુકમ કરેલો, પરંતુ મુલાકાત વકીલશ્રીઓને આપવામાં આવેલ ન હતી. જેથી અમારા વકીલશ્રીઓએ તા.૦૭/૦૭/૨૦૦૬ ના રોજ નામદાર મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ કોર્ટ તિરસ્કારની અરજી કરેલી. જેની નોટીસ તપાસ કરનાર અમલદારને કાઢવામાં આવેલ અને ત્યાર બાદ પણ અમારા વકીલશ્રીઓને મુલાકાત આપવામાં આવેલ ન હતી. અમારા વકીલશ્રીએ આ બાબતે પણ બીજી અરજી કરેલી.અમોને પોલીસે

ખોટી રીતે માર મારેલો. નામદાર મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ તા.૧૫/૦૭/૨૦૦૬ના રોજ અમોને પાટો બાંધવામાં આવેલો તેની નોંધ પ્રોડકશન રીપોર્ટમાં કરેલ છે. તા.૧૮/૦૭/૨૦૦૬ ના જેલ ડીસ્પેન્સરીમાં અમે ડોકટરશ્રી રૂબરૂ અમો પોલીસ ચોકીએ લાકડીથી મારા મારવામાં આવેલ તે બાબતે અને તે કારણસર જમણાં હાથની આંગળી ઉપર ઈજા થયેલ છે, તેવુ જણાવેલ. જે ડોકટરશ્રીએ અમારા મેડીકલ કેસ પેપરમાં નોંધ કરેલ છે. અમોને આ બાબતે જેલમાં સારવાર આપવામાં આવેલ હતી અને સારવાર દરમ્યાન એકક્ષ–રે પણ કરવામાં આવેલો. ઉપરોકત હકીકત જેલ ડીસ્પેન્સરી દ્વારા તા.૧૫/૦૮/૨૦૦૬ તથા તા.૨૪/૦૮/૨૦૦૬ ના રોજનું અમારુ ઈન્જરી સર્ટીફીકેટ તથા ઉપરોકત મેડીકલ પેપર નામદાર કોર્ટમાં રજૂ થયેલ છે, જેમાં પણ અમારા જમણાં હાથની આંગળી ઉપર ફેકચર દર્શાવેલુ છે. વધુમાં પોલીસ દ્વારા અમોને સદર ગુન્હાના કામે પોલીસે ખોટી રીતે માર મારેલ હોઇ જે કારણોસર નામદાર કોર્ટ દ્વરા પ્રાઇવેટ ઓર્થોપેડીક સર્જન દ્વારા અમારી તપાસણી કરાવવામાં આવેલ અને તેઓએ પણ તા.૨૬/૦૮/૨૦૦૬ના રોજનું અમારી સારવાનું સર્ટીફીકેટ આપેલ છે અને જેમાં પણ અમોને ફેકચર થયેલ હોવાનું અને તે અનુસંધાને અને ઓપરેશન કરવાની જરૂરીયાત હોવાનો રીપોર્ટ આપેલ છે. ત્યાર બાદ અમારા વકીલશ્રીએ ઓપરેશન કરવા અને નિષ્ણાંત ઓર્થોપેડીકને હાજર રાખવા માટે તા.૦૮/૦૯/૨૦૦૬ ના રોજ નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીને કોર્ટ સમક્ષ અરજી કરેલ હતી. વધુમાં આપ નામદાર કોર્ટને અમો જણાવીએ છીએ કે, તપાસ કરનાર અમલદાર દ્વારા અમો ફરીયાદ ના કરીએ તે કારણોસર અમારી તથા અન્યની તા.૧૫/૦૭/૨૦૦૬ ના રોજ વધુ રીમાન્ડ મેળવાની અરજી કરેલ અને અમોને

ફરીયાદ ન કરવા ધમકી આપેલી. નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ અમારા હાથમાં પાટો હોવાનું નોંધેલ. અમોએ જયુડીશ્યલ કસ્ટડી પછી ડોકટરશ્રી રૂબરૂ ઈજા બાબતેની સત્ય હકીકત ઉપરોકત મુજબની જણાવેલી . આ સાથે તા.૧૫/૦૭/૨૦૦૬ ના રોજ પ્રોડકશન રીપોર્ટ, નાયબ અધિક્ષક અમદાવદ મધ્યસ્થ જેલના નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી કોર્ટ નં. ૨૨ ને આપેલ રીપોર્ટ તથા તેની સાથેના મેડીકલ ઓફીસરનો રીપોર્ટ તથા સર્ટીફીકેટ તથા જેલ ડીસ્પેન્સરીના સારવારના કાગળો તથા પ્રાઈવેટ ડોકટરના સારવાર સર્ટીફીકેટની અસલ સહી સીક્કાવાળી આ સાથે રજૂ કરીએ છીએ. અમો અન્ય કોઈ તહોમતદારોને ઓળખતા ન હોવા છતાં તપાસ કરનાર અમલદારે અમારી ખોટી રીતે અટક કરવા માટે તથા અટક કર્યા પછી ખોટા પુરાવા ઉભા કરેલા અને અમારી તથા અન્ય વિરુધ્ધની ખોટી અને ઉપજાવી કાઢેલ વિગતો લખીને ખોટા પંચનામા તથા ખોટા નિવેદન તથા અન્ય ખોટા પુરાવા ઉભા કરેલ અને કરાવેલા. તપાસ કરનાર અમલદારે બદઈરાદાથી ગેરકાયદેસર તપાસ કરીને તથા અન્ય પોલીસ અધિકારીઓએ પણ ગેરકાયદેસર તપાસ કરીને અમારી તથા અન્ય વિરુધ્ધ ખોટા પુરાવા ઉભા કરેલા. અમે ગુન્હો કરેલ ન હોવા છતાં અમારી ખોટી અટક કરેલ અને અમારી વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ અને અમારી સામે ખોટો પુરાવો આપેલ."

(૧૧.૫) <u>આરોપી નં.૬ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમાએ વિશેષમાં એવું જણાવેલ છે કે</u>,"અમો તદ્ધન નિર્દોષ અને બેગુન્હા છીએ. સદર ગુન્હાના કામે અમો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલ ન હોવા છતાં પોલીસે કોઈપણ પૂરાવા વગર અમારી અટક કરેલ હતી.તપાસ કરનાર અમલદારે બદઈરાદાથી ગેરકાયદેસર

રીતે તપાસ કરેલ છે તથા અન્ય પોલીસ અધિકારીઓએ પણ ગેરકાયદેસર તપાસ કરેલ તથા તે તમામ પોલીસ અધિકારીઓએ સત્તા વગર અમારી તથા અન્ય વિરુધ્ધ ખોટા પુરાવાઓ ઉભા કરેલા છે. અમો અન્ય કોઈ તહોમતદારોને ઓળખતા ન હોવા છતાં તપાસ કરનાર અમલદારે અમારી અટક કરવા માટે ખોટા પુરાવા ઉભા કરેલા અને અટક કર્યા પછી પણ ખોટા પુરાવા ઉભા કરેલા અને અમારી તથા અન્ય વિરુધ્ધની ખોટી અને ઉપજાવી કાઢેલ વિગતો લખીને ખોટા પંચનામા તથા ખોટી વિગતોવાળા નિવેદનો તથા અન્ય ખોટા પુરાવા ઉભા કરેલ અને કરાવેલ તથા નામદાર કોર્ટમાં રજૂ કરેલા. અમો ડી.પી.ઝોન ૧ ના પી.એ. હતા અને અમે અમારી કાયદેસરની ફરજ બજાવતા હતા. અમારી વિરુધ્ધ તપાસકરનાર અમલદારે તથા અન્ય પોલીસે રજૂ કરેલ પુરાવા ખોટા છે અને આપેલ ખોટા પુરાવા મુજબનો અમોએ કોઈ ગુન્હો કરેલ ન હોવા છતાં અમારી ખોટી અને ગેરકાયદેસર રીતે અટક કરેલ અને અમારી વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ અને અમારી સામે ખોટો પુરાવો આપેલ."

(૧૧.૬) <u>આરોપી નં.૭ ભરતભાઇ વિજયભાઇ ભટ્ટએ વિશેષમાં એવું જણાવેલ છે કે</u>,"અમો તદ્દન નિર્દોષ અને બેગુન્હા છીએ. સદર ગુન્હાના કામે અમો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલ ન હોવા છતાં પોલીસે કોઇપણ પૂરાવા વગર અમારી અટક કરેલ હતી. અમો અન્ય કોઈ તહોમતદારોને ઓળખતા ન હોવા છતાં તપાસ કરનાર અમલદારે અમારી અટક કરવા માટે ખોટા પુરાવા ઉભા કરેલા અને અટક કર્યા પછી પણ ખોટા પુરાવા ઉભા કરેલા અને અમારી તથા અન્ય વિરુધ્ધની ખોટી અને ઉપજાવી કાઢેલ વિગતો લખીને ખોટા પંચનામા તથા ખોટા નિવેદનો તથા અન્ય ખોટા પુરાવા ઉભા કરેલ અને કરાવેલ તથા

નામદાર કોર્ટમાં રજૂ કરેલા તથા મોબાઈલ બાબતે પુરાવા ન હોવા છતાં ખોટો પુરાવો આપેલ છે. તપાસ કરનાર અમલદારે બદઈરાદાથી ગેરકાયદેસર તપાસ કરીને તથા અન્ય પોલીસ અધિકારીઓએ પણ ગેરકાયદેસર તપાસ કરીને અમારી તથા અન્ય વિરુધ્ધ ખોટા પુરાવા ઉભા કરેલા. અમે ગુન્હો કરેલ ન હોવા છતાં અમારી ખોટી અટક કરેલ અને અમારી વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ અને અમારી સામે ખોટો પુરાવો આપેલ."

(૧૧.૭) આરોપી નં.૮ ભરતસિંહ દિલુભા જાડેજાએ વિશેષમાં એવું જણાવેલ છે કે,"પોલીસે કોઇપણ પૂરાવા વગર અમારી અટક કરેલ હતી. અમો અન્ય કોઇ તહોમતદારોને ઓળખતા ન હોવા છતાં તપાસ કરનાર અમલદારે અમારી અટક કરવા માટે ખોટા પુરાવા ઉભા કરેલા અને અટક કર્યા પછી પણ ખોટા પુરાવા ઉભા કરેલા અને અમારી તથા અન્ય વિરુધ્ધની ખોટી અને ઉપજાવી કાઢેલ વિગતો લખીને ખોટા પંચનામા તથા ખોટા નિવેદનો તથા અન્ય ખોટા પુરાવા ઉભા કરેલ અને કરાવેલ તથા નામદાર કોર્ટમાં રજૂ કરેલા. તપાસ કરનાર અમલદારે બદઈરાદાથી ગેરકાયદેસર તપાસ કરીને તથા અન્ય પોલીસ અધિકારીઓએ પણ ગેરકાયદેસર તપાસ કરીને અમારી તથા અન્ય વિરુધ્ધ ખોટા પુરાવા ઉભા કરેલા. અમે ગુન્હો કરેલ ન હોવા છતાં અમારી ખોટી અટક કરેલ અને અમારી વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ અને અમારી સામે ખોટો પુરાવો આપેલ."

(૧૧.૮) આરોપી નં.૯ ચંન્દ્રકાંત મેઘજીભાઇ ડાકીએ વિશેષમાં એવું જણાવેલ છે કે,"પોલીસે કોઇપણ પૂરાવા વગર અમારી અટક કરેલ હતી. અમો અન્ય કોઇ તહોમતદારોને ઓળખતા ન હોવા છતાં તપાસ કરનાર અમલદારે અમારી અટક કરવા માટે ખોટા પુરાવા ઉભા કરેલા અને અટક કર્યા પછી પણ

ખોટા પુરાવા ઉભા કરેલા અને અમારી તથા અન્ય વિરુધ્ધની ખોટી અને ઉપજાવી કાઢેલ વિગતો લખીને ખોટા પંચનામા તથા ખોટા નિવેદનો તથા અન્ય ખોટા પુરાવા ઉભા કરેલ અને કરાવેલ તથા નામદાર કોર્ટમાં રજૂ કરેલા. તપાસ કરનાર અમલદારે બદઇરાદાથી ગેરકાયદેસર તપાસ કરીને તથા અન્ય પોલીસ અધિકારીઓએ પણ ગેરકાયદેસર તપાસ કરીને અમારી તથા અન્ય વિરુધ્ધ ખોટા પુરાવા ઉભા કરેલા. અમે ગુન્હો કરેલ ન હોવા છતાં અમારી ખોટી અટક કરેલ અને અમારી વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ અને અમારી સામે ખોટો પુરાવો આપેલ."

(૧૧.૯) <u>આરોપી નં.૧૦ જશુભા દોલુભા જાડેજાએ વિશેષમાં એવું જણાવેલ છે કે</u>,"આ કેસના ગુન્હામાં અમો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલ ન હોવા છતાં પોલીસે કોઇપણ પૂરાવા વગર ગેરકાયદેસર રીતે મારી અટક કરેલ હતી. તપાસ કરનાર અમલદારે ખોટો પુરાવો આપેલ છે. તપાસ કરનાર અમલદારે અમારી અટક કરવા માટે ખોટા પુરાવા ઉભા કરેલા અને અટક કર્યા પછી પણ ખોટા પુરાવા ઉભા કરેલા અને અમારી તથા અન્ય વિરુધ્ધની ખોટી અને ઉપજાવી કાઢેલ વિગતો લખીને ખોટા પંચનામા તથા ખોટા નિવેદનો તથા અન્ય ખોટા પુરાવા ઉભા કરેલ અને કરાવેલ તથા નામદાર કોર્ટમાં રજૂ કરેલા. અમોએ કોઇ ગુન્હો કરેલ ન હોવા છતાં અમારી ખોટી અને ગેરકાયદેસર રીતે અટક કરેલ અને અમારી વિરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ." વધુમાં, આરોપીઓએ જાતે કોઈ પુરાવો આપેલ નથી કે બચાવના કોઈ સાહેદો તપાસેલા નથી.

(૧૨) સદર કામે વિદ્વાન સ્પે. પ્રોસીક્યુટર શ્રી સુધીરભાઈ બી. બ્રહ્મભટ્ટનાઓની તેમજ આરોપી નં.૧ તરફે વિ. વ. શ્રી કે. એન. ઠાકુરની,

આરોપી નં.૨, ૪, ૭, ૮ તરફે વિ. વ. શ્રી એ. એમ. પટેલની, આરોપી નં.૩, ૫, ૧૦ તરફે વિ. વ. શ્રી એમ. કે. શ્રીવાસ્તવની, આરોપી નં.૬ તરફે વિ. વ. શ્રી એસ. વી. ઠક્કરની તથા આરોપી નં.૯ તરફે વિ. વ. શ્રી સી. કે. શાહ –નાઓની વિગતવારની મૌખિક દલીલો સાંભળી તેમજ તેઓએ રજૂ કરેલ લેખિત દલીલો આ કેસના ન્યાયિક–નિર્ણય માટે વંચાણે લેવામાં આવેલ છે.

(૧૩) સદર કામે ફરિયાદ પક્ષે સ્પે. પી.પી.શ્રીએ આંક–૪૪૫ થી લેખિત દલીલો રજૂ કરેલ છે, જે અત્રેની કોર્ટ દ્વારા આ કેસના ન્યાયિક–નિર્ણય માટે વંચાણે લેવામાં આવેલ છે, જેમાં મુખ્યત્વે દલીલ છે કેઃ–

– આ કામનો બનાવ તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ એલીસબ્રીજ જીમખાના પાછળ આવેલ પાર્કીંગમાં બનેલ, જેની ફરિયાદ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોંધવામાં આવેલ છે, જે મુજબ આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી, ગેરકાયદેસર મંડળી રચી, તેમનો ગુનાહિત ઈરાદો પાર પાડવાના હેતુથી મારક હથિયારો હાથમાં ધારણ કરી, મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું જાહેરમાં મૃત્યુ નિપજાવેલ હોવાનું ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે તપાસના અંતે પૂરતો પુરાવો પડતો હોય, ચાર્જશીટ કરવામાં આવેલ છે, જે મુજબ ૮૪ સાક્ષીઓ આ ગુનાના કામે તપાસવામાં આવેલ છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે મરણજનાર તથા આરોપીઓ તથા મોટાભાગના સાહેદો, કે જે સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે

અને મરણજનારે બનાવ પહેલાં સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ 'અશુભ' નામથી પત્રિકા છપાવેલ, જે રેકર્ડ ઉપર છે અને તે પત્રિકાની વહેંચણી થતાં મરણજનાર વિરૂદ્ધ તથા અન્ય ઈસમો વિરૂદ્ધ ગોંડલની કોર્ટમાં તેમજ ગુજરાતની અલગ અલગ કોર્ટોમાં બદનક્ષીની ફરિયાદ કરવામાં આવેલ, જે ફરિયાદ કરનાર ઈસમોને આ કામે સાહેદ તરીકે તપાસેલ છે, જેમાં PW23, PW24, PW25, PW26, PW27, PW28 છે, આ તમામ સાહેદોએ પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપી ભરત ભટ્ટનાં દ્વારા પંકજ ત્રિવેદી વિરૂદ્ધ ફરિયાદ કરવા જણાવેલ તેવી હકીકત લખાવેલ હોવા છતાં તેઓએ નામદાર કોર્ટ રૂબરૂ સત્ય હકીકત જણાવેલ નથી, પરંતુ ત. ક. અમલદારની જુબાનીથી આ હકીકત ને સમર્થન મળે છે, જે ત. ક. અમલદારની જુબાની ધ્યાને લેતાં, ઉપરોક્ત હકીકત પુરવાર થાય છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ–૧૨૦(બી) નો ચાર્જ છે, તેમજ ઈ. પી. કો. કલમ–૩૦૨ નો ચાર્જ છે, આ બન્ને જોગવાઈઓ સાથે પુરાવા કાયદાની કલમ–૬ અને ૮ વંચાણે લઈએ તો આરોપીઓનો મોટીવ, પ્રિપરેશન અને બનાવ પહેલાંની અને બનાવ પછીની વર્તણૂક ધ્યાને લઈએ તો, આરોપીઓએ મરણજનારનું મૃત્યુ નિપજાવવા ગુનાહિત કાવતરું ઘડી, તેની રેકી કરી અને મૃત્યુ નિપજાવેલ હોય તેવું પુરવાર થયેલ છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે આરોપી હિતેશ ચુડાસમા તથા દક્ષેશ શાહ, કે જે મરણજનારની ગતિવિધિઓ જાણવા માટે ગુનામાં સહકાર આપેલ છે, તે હકીકત આ કામના સાહેદો ચિરાગ વસંતલાલ ઠક્કર, કૌશલ અશોકભાઈ અમીન અને મનિષ જયંતિલાલ પટેલનાં સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનોથી ફલિત થાય છે, આ નિવેદનો મેજીસ્ટ્રેટશ્રીએ નોંધેલ હોય, ભલે આ સાહેદો કોર્ટ રૂબરૂ સમર્થન ન કરતા હોય , પરંતુ તેને ધ્યાને લઈ શકાય, કારણ કે, આ સાહેદોએ તેમના નિવેદનોમાં તેમની સહી ઓળખી બતાવેલ છે, જે ભારતીય પુરાવા કાયદાની કલમ–૮૦ મુજબ વંચાણે લઈ શકાય. વધુમાં દલીલ છે કે, ઉપરોક્ત ત્રણેય સાહેદોએ ત. ક. અમલદારને જે નિવેદન લખાવેલ તેનાથી વિરૂદ્ધની હકીકત નામદાર કોર્ટ સમક્ષ જણાવે છે, પરંતુ ત. ક. અમલદારની જુબાની જોતાં આ સાહેદોનાં નિવેદન સ્વેચ્છાપૂર્વકના હોવાનું પુરવાર થયેલ છે અને આ સાહેદો પોતે ચેનકેન પ્રકારે નામદાર કોર્ટમાં સત્ય હકીકત જણાવતા નથી, પરંતુ ત. ક. અમલદારની જુબાનીથી તે પુરવાર થયેલ છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ પક્ષનો સમર્થનકારી પુરાવો ધ્યાને લેતાં, આરોપીઓ વિરૂદ્ધ ઈ. પી. કો. કલમ–૩૦૨, ૧૨૦(બી) તથા બી. પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર થયેલ છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે સાંયોગિક પુરાવાને આધારે રેકર્ડ પર

આવેલ પુરાવો ધ્યાને લેતાં, આરોપીઓની સંડોવણી કરતી સમગ્ર ચેન પુરવાર થયેલ છે, જે મુજબ આરોપીઓએ પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું હાલના બનાવ પહેલાં ઘડેલું અને તેમનો ગુનાહિત હેતુ પાર પાડવા મરણજનાર પંકજ ત્રિવેદીની રોજબરોજની ગતિવિધિઓની ભાળ મેળવી બનાવના દિવસે પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, મરણજનારનું એલીસબ્રીજ જીમખાના બહાર નિકળતા હતા ત્યારે હુમલો કરી તેનું ખૂન કરેલ છે.

– વધુમાં દલીલ છે કે, બનાવ બન્યા બાદ લાંબા સમય સુધી આરોપીઓ નાસતા, ભાગતા ફરેલા છે તે જ તેમની સંડોવણી હોવાનું પુરવાર કરે છે.

– વધુમાં દલીલ છે કે, સાહેદ ચિરાગ PW37, સાહેદ કૌશલ PW38, સાહેદ મનિષ PW39 ફરિયાદ પક્ષના કેસને સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન કરતા નથી, પરંતુ તે ત્રણે જણા તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનમાં સહીઓ ઓળખી બતાવે છે અને તેઓએ તા.૧૧–૭–૨૦૦૬ થી તા.૧૭–૭–૨૦૦૬ સુધી બળજબરી ગોંધી રાખ્યા હોય તેવી કોઈ ફરિયાદ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટને તેઓનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન નોંધ્યું તે વખતે કરેલ નથી તેમજ સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન જોતાં મેજીસ્ટ્રેટશ્રીએ નિયમ મુજબ તે નોંધેલ હોય તેવું જણાઈ આવે છે અને આ સાહેદોએ તેમની સહી ઓળખેલ હોય, એટલે કે, મેજીસ્ટ્રેટ રૂબરૂ હાજર થઈ અને આ નિવેદન

નોંધાવેલ છે તેવું પુરવાર થતું હોય, તે નહીં માનવાને કોઈ કારણ નથી.

– વધુમાં દલીલ છે કે, ભારતીય પુરાવા કાયદાની કલમ–૮ મુજબ આરોપીઓની બનાવ પહેલાંની અને બનાવ પછીની વર્તણૂક ધ્યાને લેતાં પણ તેઓની સંડોવણી પુરવાર થયેલ છે.

– વધુમાં દલીલ છે કે, સાહેદ અનિરુદ્ધસિંહ PW54 નું સી. આર. પી. સી. કલમ–૧૬૪ નું નિવેદન જોતાં, મેજીસ્ટ્રેટશ્રીએ આ નિવેદન સ્વેચ્છાપૂર્વક આપેલ હોય તેવું સ્પષ્ટ નોંધેલ છે. આમ, આ સાહેદની જુબાની જોતાં તે ભલે સમર્થન આપતા નથી, પરંતુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનમાં પોતાની સહી ઓળખી બતાવે છે અને આ નિવેદન સ્વેચ્છાપૂર્વકનું હોવાનું પુરવાર થાય છે, જે મુજબ આરોપી ભુપતસિંહ, જશુભા, માનસિહ તથા ચંદ્રકાંતએ પોતાનો ગુનાહિત ઈરાદો પાર પાડવા પંકજ ત્રિવેદીની બનાવ પહેલાં ગતિવિધિઓ જાણેલ હોય તેવું પુરવાર થયેલ છે. તેમજ આ સાહેદની ટાટા સુમોમાં બનાવના દિવસે આરોપીઓ રાજકોટથી અમદાવાદ એક થેલામાં બનાવમાં ઉપયોગ કરેલ હથિયારો લઈને આવે છે અને બનાવને આખરી અંજામ આપે છે તે પણ પુરવાર થાય છે. વધુમાં, ઉપરોક્ત ચારે આરોપીઓ બનાવ પહેલાં રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા, જેમાં આરોપી ચંદ્રસિંહે ખોટા નામથી પોતે એન્ટ્રી કરેલી છે, જેને એફ.એસ.એલ.નાં રિપોર્ટથી સમર્થન મળે છે. આમ, પંકજ ત્રિવેદીની હત્યા પહેલાં

ચારે આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા હોય અને પંકજ ત્રિવેદીની ગતિવિધિ જાણેલ હોય તે પુરવાર થયેલ છે.

– વધુમાં દલીલ છે કે,આ કામના આરોપીઓ પાસેથી ભારતીય પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબ જે હથિયારો કબજે કરેલ છે તે હથિયારો તથા કપડાં ઉપર એફ.એસ.એલ.નાં રિપોર્ટ મુજબ મરણજનારનું લોહી મળી આવેલ છે અને આ પંચનામું ભારતીય પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબ પુરવાર થયેલ હોય, તેને નહીં માનવાને કોઈ કારણ નથી. આમ, ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપીઓએ પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું કરી, કાવતરામાં સામેલ થઈ, તેમનો ગુનાહિત ઈરાદો પાર પાડવાના હેતુથી બનાવ પહેલાંથી તૈયારી કરી અને બનાવના દિવસે મારક હથિયારો ધારણ કરી, પૂર્વ આયોજીત કાવતરાનાં ભાગરૂપે મરણજનાર પંકજ ત્રિવેદનીનું ખૂન કરી, ઈ. પી. કો. કલમ–૩૦૨, ૧૨૦(બી) તથા બોમ્બે પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર થતું હોય, આરોપીઓને કાયદામાં ઠરાવ્યા મુજબની વધુમાં વધુ સજા કરવા દલીલ કરેલ છે.

(૧૪) વધુમાં, આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજાનાં વિદ્વાન વકીલ શ્રી કે. એન. ઠાકુર–નાઓએ આંક–૪૭૮ થી લેખિત દલીલો રજૂ કરેલ છે, જે અત્રેની કોર્ટ દ્વારા આ કેસના ન્યાયિક–નિર્ણય માટે વંચાણે લેવામાં આવેલ છે, તેમજ મૌખિકમાં દલીલ કરી રજૂઆત કરેલ છે કેઃ–

– આ કામે ફરિયાદ પક્ષે ૮૪ સાહેદો તપાસેલા છે, જે પૈકી ૬૫ સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી અને જે સાહેદો સમર્થન કરે છે તે સરકારી સાહેદો છે તેમનો પુરાવો પણ વિરોધાભાષી છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે સાંયોગિક પુરાવાની સમગ્ર ચેન આરોપીઓને આ ગુના સબબ જવાબદાર ઠરાવવા પૂરતી નથી, એટલે કે, ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે ફરિયાદી રમેશ વિશ્વકર્માને તપાસવામાં આવેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આંક–૧૩૫ થી ફરિયાદ રજૂ છે, જેમાં સફેદ મારૂતિ ગાડીનો નંબર ખબર નથી અને તેમાંથી ચાર અજાણ્યા ઈસમો આવેલાનું જણાવે છે, જે ચારેય ઈસમો આરોપીઓ જ હોય તેવું પુરવાર થતું નથી.

– વધુમાં દલીલ છે કે, બનાવની જગ્યાએ કયા આરોપીઓની હાજરી હતી તે પુરવાર થયેલ નથી અને ક્યા આરોપી કોના સંપર્કમાં હતા અને ક્યા હથિયારો હતા તે પણ પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે એક પણ સ્વતંત્ર સાહેદનું સમર્થન મળેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં એક પણ આરોપીનો રોલ પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ પક્ષે સાહેદોનાં સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનો પર આધાર રાખેલ છે, પરંતુ જે તે સાહેદ

તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આ નિવેદનોની હકીકત ને સમર્થન કરતા નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા સામે એવો આક્ષેપ છે કે, તેઓ બનાવના આગલા દિવસે રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા, પરંતુ તેનો કોઈ પુરાવો ફરિયાદ પક્ષે રજૂ કરેલ નથી.

– વધુમાં દલીલ છે કે, રોશની ગેસ્ટહાઉસ બનાવવાળી જગ્યાથી ૧૨ થી ૧૩ કિલોમીટર દૂર આવેલ છે અને આરોપી નં.૧ બનાવના દિવસે કોઈને મળેલ હોય તેનો પણ કોઈ પુરાવો નથી.

– વધુમાં દલીલ છે કે, આંક–૩૯૬ નો દસ્તાવેજ જોતાં બનાવ તા.૧૫–૬–૦૬ નો છે જેથી આરોપી નં.૧ તા.૧૪–૬–૦૬ ના રોજ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયા હોવા જોઈએ, પરંતુ આ દસ્તાવેજ મુજબ એન્ટ્રી તા.૧૧–૬–૦૬ ની છે, જે શંકા ઉપજાવે છે. આમ, આંક–૩૯૬ નાં દસ્તાવેજથી આરોપી નં.૧ ચંદ્રસિંહ રોશની ગેસ્ટહાઉસમાં તા.૧૪–૬–૦૬ ના રોજ રોકાયા હોય તે પુરવાર થતું નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે આરોપી ચંદ્રસિંહનાં કુદરતી હસ્તાક્ષરો મેળવ્યા તે પંચનામું પણ શંકા ઉત્પન્ન કરે છે, પુરવાર થયેલ નથી. આમ, એફ.એસ.એલ. પરિક્ષણ માટે ખરેખર ચંદ્રસિંહનાં કુદરતી હસ્તાક્ષરો મોકલેલ હતા કે કેમ તે શંકા ઉપજાવે છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે જે પોલીસ સાહેદોને તપાસેલા છે

તેમની ઊલટ તપાસની હકીકત ધ્યાને લેવામાં આવે તો પણ આરોપીઓએ ગુનાહિત કાવતરું ઘડી કાઢી મરણજનારનું મૃત્યુ નિપજાવેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આમ, ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોઈએ તો, આરોપી નં.૧ સામે કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી અને તેથી આરોપી નં.૧ ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા દલીલ કરેલ છે.

(૧૫) વધુમાં, આરોપી નં.૨, ૪, ૭ અને ૮ તરફે તેઓના વિદ્વાન વકીલ શ્રી એ. એમ. પટેલ દ્વારા આંક–૪૬૯ થી લેખિત દલીલો રજૂ કરેલ છે, જે દલીલોમાં ક્યા આરોપીઓ તરફે આ દલીલ આપવામાં આવેલ, તે સ્પષ્ટ કરેલ ન હોય, તેની સ્પષ્ટતા આંક–૪૮૨ ની પુરશીષ આપી, તા.૧૨–૨–૨૦૨૫ ના રોજ કરતા, આંક–૪૬૯ વાળી દલીલો આરોપી નં.૨,૪,૭, તથા ૮ તરફેની હોવાનું ગણી, અત્રેની કોર્ટ દ્વારા આ કેસના ન્યાયિક–નિર્ણય માટે વંચાણે લેવામાં આવેલ છે, તેમજ મૌખિક દલીલમાં રજૂઆત કરેલ છે કેઃ–

– ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોઈએ તો, કોઈ નજરે જોનાર સાહેદ નથી અને આખો કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારિત છે, જેની કડી ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ PW77 મંગળભાઈ, કે જે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે હતા ત્યારે બનાવની જાણ થયેલી, જે બનાવની ફરિયાદ રમેશ વિશ્વકર્માની આંક–૧૩૫ વાળી PW81 શ્રી આર.એમ. પટેલ

સ્થળ પર જઈને નોંધે છે અને સી.આર.પી.સી. કલમ–૧૫૭ નો રિપોર્ટ આંક–૧૩૬ થી રજૂ છે, જે મુજબ ગુનાની જાહેરાત કલાક ૨૩:૩૦ વાગ્યે થયેલી છે, તે પહેલાં આંક–૧૩૮ વાળું ઈન્કવેસ્ટ પંચનામું મરણજનાર પંકજ ત્રિવેદીનું કરવામાં આવેલ છે અને પી.એમ.પણ કરેલ છે અને આંક–૧૩૯ મુજબ એફ.એસ.એલ. અધિકારીએ જે જે વસ્તુ સ્થળ પરથી કબજે કરવાની છે તે કબજે કરેલ છે. જે મુજબ તમામ પુરાવો શંકાસ્પદ જણાઈ આવે છે, કારણ કે, આંક–૯૧ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું જોઈએ તો, એફ.એસ.એલ. અધિકારીએ જે વસ્તુ કબજે કરવાનું કહેલ તે કબજે કરેલ છે. હવે, આ અનુસંધાને ડૉકટરની PW63 ની જુબાની તથા આંક–૨૮૫ ની પી.એમ. નોટ જોતાં, જે ઈજાઓને કારણે મૃત્યુ થયેલ છે તે હોમીસીડલ ડેથ હોવાનું જણાવેલ છે તે બાબતે કોઈ તકરાર નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે ત. ક. અમલદારોની તપાસ પણ શંકા ઉત્પન્ન કરે છે, કારણ કે, શરૂઆતની તપાસ PW82 નટવરસિંહ રાઠોડ કરતા હતા, તે પી.આઈ., એલીસબ્રીજ હતા અને તેઓએ બી.એસ.એન.એલ.ને યાદી કરેલ અને વિગતો મેળવેલ. આ સાહેદની તપાસ ચાલુ હતી અને અચાનક જ PW84 કે જે ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા હતા, તેમને તપાસ સોંપેલ, જે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ન હતા અને તેમને તપાસ સોંપવાનો કોઈ હુકમ રજૂ નથી.

– વધુમાં દલીલ છે કે, આઈ.ઓ. ગોહીલે મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીની વર્ષ–૨૦૦૧ થી ૨૦૦૫ સુધીની અરજીઓ મેળવેલ, જેના કન્ટેન્સ પુરવાર થયેલ નથી. તેમજ મનિષ સવસાણીની પૂછપરછ કરેલી અને છતાં તેને સાહેદ તરીકે બતાવેલ નથી કે તપાસેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આઈ. ઓ. દ્વારા મોબાઈલ નં. ૯૪૨૭૨૨૧૭૭૨ જે શંકાસ્પદ જણાયેલ અને ચંદ્રસિંહ મનુભા જાડેજાનું હોવાનું જણાયેલ, પરંતુ તા.૧૫–૬–૦૬ ની આ આરોપી બીજા આરોપીઓ સાથે અમદાવાદ હાજર હતા તેનો કોઈ ખુલાસો નથી. તેમજ આરોપીઓની અટક કરી ત્યાંસુધી એક પણ સાહેદના નિવેદન ઉપરથી આરોપીઓની અટક કરી શકાય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, આરોપીઓની અટક ત. ક. અમલદારે ખોટી ઊભી કરેલ છે.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદીની હાજરીમાં એક પણ આરોપીની ઓળખપરેડ કરાવેલ નથી, કે જે ફરિયાદીએ ચાર વ્યક્તિઓએ મરણજનારને માર મારતા જોયેલ છે તો તેમની પાસે ઓળખ કરાવેલ નથી. આમ, ત. ક. અમલદારની તપાસ શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે,આરોપી ચંદ્રસિંહ, હિતેશસિંહ, દક્ષેશ, ભુપતસિંહની અટક તા.૪–૭–૨૦૦૬ ના રોજ કરેલ, જ્યારે માનસિહ અરજણની અટક તા.૫–૭–૨૦૦૬ ના રોજ કરેલ

ત્યાંસુધી આઈ.ઓ. ગોહીલને તપાસ સુપ્રત કરતો કોઈ હુકમ રેકર્ડ પર રજૂ કરેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આરોપી માનસિહ વાઢેરનાં એરેસ્ટ મેમોમાં ઈજાની કોઈ વિગત જણાવેલ નથી, જેને હાથ ઉપર ઈજા થયેલ હતી, જે પંચનામામાં પણ નથી. આમ, પંચનામું શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે, આરોપી ઘનશ્યામસિંહ, ભરત ભટ્ટ, ભરતસિંહ દીલુભા તથા ચંદ્રકાંત ડાભી અને જશુભાની અટક પણ તદ્દન ખોટી રીતે કરવામાં આવેલ છે. આમ, આંક–૩૪ નાં પંચનામા મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોય તેનો કોઈ પુરાવો રેકર્ડ પર નથી.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ પક્ષે રોશની ગેસ્ટહાઉસનો પુરાવો ખોટો ઊભો કરેલ છે અને રજીસ્ટરમાં ખોટી રીતે ફેરફાર કરી, તારીખમાં ફેરફાર કરી, આરોપીઓની ખોટી રીતે સંડોવણી ઊભી કરવાનો પુરાવો ઊભો કરેલ છે, કારણ કે, આરોપી ચંદ્રસિંહની ડાયરી તથા લખાણ કબજે કરેલાની હકીકત તેમજ ચંદ્રસિંહનાં રાઈટીંગ હોવાનો કોઈ પુરાવો નથી, કારણ કે, પંચો રૂબરૂ ચંદ્રસિંહના કુદરતી હસ્તાક્ષર તથા સ્પેશીમેન સિગ્નેચર મેળવવાનો કોઈ પુરાવો નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામના PW23 થી PW31 તથા PW36 સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હોવાનો જ પુરાવો છે, તે સિવાય આ સાહેદોની જુબાનીથી આરોપીઓની સંડોવણી હોવાનું

પુરવાર થતું નથી. આરોપીઓનો મોટીવ મરણજનાર પંકજનું ખૂન કરવાનો હતો તે પણ પુરવાર થતું નથી. આ તમામ સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને કોઈ સમર્થન કરેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે PW37, PW38, PW39 નાઓએ કોર્ટ રૂબરૂ સમર્થનકારી પુરાવો આપેલ નથી અને મેજીસ્ટ્રેટ રૂબરૂ તેઓના સી.આર.પી.સી. ૧૬૪ નાં નિવેદનોમાં ફક્ત તેમની સહી હોવાનું પુરવાર થયેલ છે, તે સિવાય કોઈ કન્ટેન્શન પુરવાર થયેલ નથી. આમ, આ સાહેદોનાં આવા નિવેદનો વંચાણે લઈ શકાય નહીં, કારણ કે, તે કન્ફેશ્નલ સ્ટેટમેન્ટ તરીકે નોંધાયેલ છે, જે સી.આર.પી.સી. ૧૬૪ ની જોગવાઈઓથી વિરૂદ્ધના છે. આમ, મેજીસ્ટ્રેટ દ્વારા પણ પૂરતી કાળજી લીધા વિના આ નિવેદનો નોંધાયેલ હોવાનું જણાઈ આવે છે, કારણ કે તેમાં પોલીસની હાજરી હતી કે કેમ તેવું કાંઈ નોંધેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આંક–૨૨૭ ની અરજી જોતાં PW37, 38, 39 ને પોલીસે ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ હોવાનું પુરવાર થાય છે અને તેથી તેઓના સી.આર.પી.સી. ૧૬૪ નાં નિવેદનો ઉપર આધાર રાખી શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે, આંક–૨૨૯ નું પંચનામું, કે જે આરોપી નં.૫ નાએ પાઈપ રજૂ કરેલ, આ પંચનામું સહી પૂરતું પુરવાર થયેલ છે, જેથી ડિસ્કવરી પુરવાર થયેલાનું માની શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે, આંક–૨૩૪ નું પંચનામું પુરાવા કાયદાની

કલમ–૨૫, ૨૬ મુજબ વંચાણે લઈ શકાય નહીં. વધુમાં રોશની ગેસ્ટહાઉસનું રજીસ્ટર રજૂ છે તે પણ પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, સાહેદ અનિરૂદ્ધસિંહને PW54 થી તપાસેલ છે, તેમની જુબાની જોતાં, સી.આર.પી.સી. ૧૬૪ નું નિવેદન ફક્ત સહી પૂરતું આંકે પડેલ છે, તેના કન્ટેન્શ પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, PW55 રાવતમલ ભાવસારની જુબાની જોઈએ તો, બનાવ નજીકના બંગલામાં વોચમેન હતા, જે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી.

– વધુમાં દલીલ છે કે, સૌપ્રથમ બનાવ ૧૪ વર્ષના છોકરાએ જોયેલ તેનું કોઈ નિવેદન લીધેલ નથી કે તપાસેલ નથી, જે શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે,PW60 જણાવે છે કે, મરણજનારને વોરંટની બજવણી અર્થે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં આરોપી નં.૬ અને ૭ ઘનશ્યામસિંહ અને ભરતસિંહ બારોટ હાજર હતા તો ભરતસિંહ બારોટ આરોપી નથી અને ૫૦૦ થી ૬૦૦ નાં ટોળામાં બે આરોપીઓની હાજરી હોવી શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે,PW61 વિશ્વજીતસિંહની જુબાની જોઈએ તો, તેઓએ સૌપ્રથમ લાશ જોઈ હતી, જે ૧૩–૧૪ વર્ષના છોકરાએ બતાવેલી, તે જોતાં ફરિયાદી અને રાવતમલ નજરે જોનાર સાહેદ નથી તેવું પુરવાર થાય છે. આમ, આ કામે એક પણ સાહેદે બનાવ નજરે જોયેલ હોય તેવું રેકર્ડ પર આવેલ નથી.

– વધુમાં દલીલ છે કે, ઓળખપરેડનાં પંચનામાના પંચ સાહેદ હોસ્ટાઈલ છે, જેથી આ પંચનામું પુરવાર થયેલ નથી. તેમજ ઓળખપરેડનું પંચનામું સબસ્ટેન્સીવ પીસ ઑફ એવીડન્સ નથી, તેને અન્ય પુરાવાના સમર્થન વગર વાંચી શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે, જે સાહેદોની હાજરીમાં ઓળખપરેડ થયેલ છે તે સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી.

– વધુમાં દલીલ છે કે, PW66 નાં સાહેદની જુબાની જોતાં આરોપી ભરત ભટ્ટનો મોબાઈલ નં. ૯૪૨૬૦૧૭૧૧૪ તથા આરોપી ચંદ્રસિંહનો મોબાઈલ નં.૯૪૨૭૨૨૧૭૭૨ હોવાનું પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે,PW67 ની જુબાની જોતાં મરણજનારને વોરંટની બજવણી અંગેની આખી ઘટના ઉપજાવી કાઢેલ હોવાનું પુરવાર થાય છે. તેમજ જેટલા પોલીસ સાહેદો છે તે તમામના નિવેદનો આરોપીઓને સંડોવવાના હેતુથી ખોટા ઊભા કરેલા છે.

– વધુમાં દલીલ છે કે, PW70 કે જે ડી.સી.પી. ઝોન–૧ નાં કમાન્ડો છે, તેમને આરોપી નં.૬ સાથે વાતચીત કરી મરણજનાર જીવે છે કે મરે છે તેટલું પૂછેલ તેનાથી આરોપીઓની સંડોવણી થઈ શકે નહીં.

– વધુમાં દલીલ છે કે, PW73 શ્રુતીબેન કે જે મરણજનારનાં પત્નિ છે, તેણીની જુબાનીથી આરોપીઓનો મોટીવ પુરવાર થતો નથી.

– વધુમાં દલીલ છે કે, PW78 કે.ટી.કામરીયા કે જેઓએ બી.એસ.એન.એલ.નાં પીનાકીનભાઈને સાથે રાખી ઈલેક્ટ્રોનિક

એવીડન્સની ચકાસણી કરેલ, પરંતુ પીનાકીનભાઈને તપાસેલ નથી કે ભારતીય પુરાવા કાયદાની કલમ–૬૫(બી)(૪) નું સર્ટીફિકેટ રેકર્ડ પર નથી.

– વધુમાં દલીલ છે કે, બનાવવાળી જગ્યાના નકશા પુરાવા કાયદાની કલમ–૨૫, ૨૬ મુજબ પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આંક–૪૧૮ થી ૪૨૧ ની અરજીઓનાં કન્ટેન્શન પુરવાર થયેલ નથી, જેને વંચાણે લઈ શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે, PW61 વિશ્વજીતની જુબાની જોતાં બનાવના સ્થળે અંધારું હતું તેથી તેમની મોટરસાયકલની લાઈટમાં તેઓએ લાશ જોયેલી, તો ફરિયાદી અને રાવતમલે ચાર માણસો જોયા તે શંકા ઉપજાવે છે.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદી રમેશ વિશ્વકર્માને તપાસેલ નથી, ફક્ત ફરિયાદ આંકે પડેલ છે. આમ, ફરિયાદીની હાજરીમાં કોઈ ચાર આરોપીઓની ઓળખપરેડ થયેલ નથી. જ્યારે બંગલાના ચોકીદાર રાવતમલે કોઈને ઓળખી બતાવેલ નથી.

– વધુમાં દલીલ છે કે,PW62 ની જુબાની જોતાં, ડી.સી.પી. ઝોન–૧ સ્થળ પર આવેલા, તો તેમના પી.એ.ને આરોપી નં.૬ ફોન કરીને પૂછે છે તે હકીકત શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ નોંધાઈ તે પહેલાં તપાસ ચાલુ થઈ ગયેલ હતી, ઈન્કવેસ્ટ પંચનામું થઈ ગયેલ હતું, આમ આરોપીઓની ઓળખ અંગેનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી,

કારણ કે, PW11 દેવેન્દ્રભાઈ પણ આરોપીઓને ઓળખી બતાવતા નથી, જે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી.

– વધુમાં દલીલ છે કે, રોશની ગેસ્ટહાઉસનો પુરાવો આરોપીઓને આ ગુના સાથે સાંકળતો નથી, તેને આઈ.ઓ. PW84 ની જુબાનીથી પણ સમર્થન મળતું નથી.

– વધુમાં દલીલ છે કે, આરોપી ચંદ્રકાંત ડાકીને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ લઈ ગયેલા તેનો કોઈ પુરાવો નથી. આમ, આ આરોપીનું ઓળખ અંગેનું પંચનામું પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને તપાસેલ ન હોય, ઓળખપરેડની પ્રક્રિયા પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે,PW78 ડી.સી.પી. ઝોન–૧ નાં રીડર પી.એસ.આઈ. હતા તેમની જુબાની મુજબ તા.૧૫–૬–૦૬ ના રોજ ઘનશ્યામસિંહ ચુડાસમા અને ભરત ભટ્ટે વાત કરેલી, તો આ વાતચીતનું કોઈ સી.ડી.આર. રેકર્ડ પર નથી. તેમજ પીનાકીનભાઈને તપાસેલ નથી. અદાણી હાઉસનું લોકેશન રેકર્ડ પર આવેલ નથી. આમ, સી.ડી.આર.નો સમર્થનકારી પુરાવો રેકર્ડ પર નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે નોંધવામાં આવેલ સી.આર.પી.સી. ૧૬૪ નાં નિવેદનો ફક્ત સહી પૂરતા પુરવાર થયેલ છે, કન્ટેન્શન પુરવાર થયેલ નથી, કારણ કે, એક પણ સાહેદ આ નિવેદનોને સમર્થનકર્તા કોઈ હકીકત જુબાનીમાં કોર્ટ રૂબરૂ જણાવેલ નથી.

તેમજ સી.આર.પી.સી. ૧૬૪ નાં નિવેદનોને અન્ય પુરાવાથી કોઈ જ સમર્થન મળતું ન હોય, તેને વંચાણે લઈ શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે, આ કામે આરોપીઓ સામે નો–એવીડન્સનો કેસ છે, કારણ કે, ફરિયાદ જોઈએ તો, તેમાં બે લાકડીઓનો ઉલ્લેખ છે, જ્યારે પોલીસે પાઈપો કબજે કરેલ છે, જે શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે, બનાવવાળી જગ્યાએથી એફ.એસ.એલ. અધિકારીએ બેઝબોલ બેટ કબજે કરવાનું સૂચન કરેલ નથી, એટલે બનાવવાળી જગ્યાએ બેઝબોલ બેટ હોવાનું પુરવાર થતું નથી. આમ, મુદ્દામાલ પાઈપો અને બેઝબોલ બેટની રિકવરી, ડિસ્કવરી ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી, જે ઊભો કરેલો પુરાવો હોવાનું જણાઈ આવે છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે જે સાહેદો તપાસેલા છે તે પ્રોટેક્શન માટે કોઈ અરજી કરેલ નથી, એટલે તેઓએ સ્વેચ્છીક પુરાવો આપેલ છે અને તે પુરાવા મુજબ આરોપીઓ વિરૂદ્ધ કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

– વધુમાં દલીલ છે કે, અનિરૂદ્ધસિંહની ટાટા સુમોની આર.સી. બુક જોતાં તેઓ માલિક નથી, જે આર.સી. બુક મુદ્દામાલ અરજી જોડે રજૂ રાખેલ છે તે મુજબ આ સાહેદને પોલીસે ખોટા ઊભા કરેલા છે તેવું જણાઈ આવે છે, કારણ કે, મુદ્દામાલ અરજીનાં કામે PW84 આઈ.ઓ. ગોહીલે એવો અભિપ્રાય આપેલ છે કે, અનિરૂદ્ધસિંહ માલિક હોય તેમને આ ગાડી સોંપવામાં આવેલ, જે અનિરૂદ્ધસિંહ

અને આઈ.ઓ.નું મેળાપીપણું હોવાનું જણાઈ આવે છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે તમામ પંચ સાહેદો ફરી ગયેલા છે અને તેથી પંચનામાઓ પુરવાર થયેલાનું માની શકાય નહીં, કારણ કે, PW84 નાં આઈ.ઓ.ની જુબાની જોતાં પંચનામાના કન્ટેન્શન પુરવાર થતા નથી.

– વધુમાં દલીલ છે કે, PW80 સી. કે. બાબરીયાની જુબાની મુજબ ભુપતસિંહને ત્યાં બે પાઈપ તથા કપડાં કબજે કરેલા, જેને આ પંચનામાનાં પંચ સાહેદ સમર્થન કરતા નથી. તેમજ આ સાહેદ મુદ્દામાલ આર્ટીકલ ઓળખી બતાવતા નથી, જેથી ભુપતસિંહને ત્યાંથી પાઈપ અને કપડાં કબજે કરેલાની હકીકત પુરવાર થયેલ નથી. તેમજ PW84 ની જુબાની મુજબ સ્પે. ટીમ તા.૨૫–૬–૦૬ ના રોજ બંધ કરેલ હોય તો PW80 એ કરેલ કામગીરી બિનઅધિકૃત થઈ જાય, જેનો ફરિયાદ પક્ષે ખુલાસો કરેલ નથી.

– વધુમાં દલીલ છે કે, વધુમાં પાઈપ વડે મરણજનારનું મૃત્યુ થયું હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેમજ મુદ્દામાલ આર્ટીકલ ઉપર એફ.એસ.એલ.નાં રિપોર્ટ મુજબ મરણજનારનાં લોહીની કોઈ હાજરી આવતી નથી. તેમજ મુદ્દામાલવાળા મોટરસાયકલોનો બનાવમાં ઉપયોગ થયેલ હોય તેનો કોઈ પુરાવો નથી.

– વધુમાં દલીલ છે કે, ડેમોસ્ટ્રેશન પંચનામું પુરાવામાં ગ્રાહ્ય રહી શકે તેમ નથી, જેથી તેને વંચાણે લઈ શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે, પાઈપ બોડકદેવના બગીચામાંથી મળેલ તે જોતાં પાઈપ ઉપર કાટ લાગેલ હતો અને માટી લાગેલ હતી તે એફ.એસ.એલ.નાં રિપોર્ટમાં જણાઈ આવતું નથી. તેમજ આઈ.ઓ.ની જુબાની મુજબ આરોપી માનસિંહે સ્વેચ્છાપૂર્વક આ પાઈપ તા.૯–૭–૦૬ ના રોજ બતાવી હોય અને કબજે કરી હોય તેવું પુરવાર થતું નથી તેથી આ ડિસ્કવરી શંકા ઉત્પન્ન કરે છે. વધુમાં આરોપી માનસિંહની અટક પણ શંકાસ્પદ છે, તેમના હાથે ફ્રેકચર હતું છતાં તેનો કોઈ ઉલ્લેખ પ્રોડક્શન રિપોર્ટમાં નથી. તેમજ આરોપી માનસિંહને જુનાગઢથી પકડેલા ત્યાં તેમની કોઈ મેડિકલ તપાસ કરેલ નથી તેથી માનસિંહનું શરીરસ્થિતિનું પંચનામું પુરવાર થયેલાનું માની શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે, ત. ક. અમલદારની જુબાની જોતાં આંક–૩૯૪ વાળી રવાનગી નોંધમાં સ્પષ્ટપણે છેડછાડ કરી પાઈપનો ઉલ્લેખ કરેલ હોય તેવું જણાઈ આવે છે. આમ, કબજે કરેલ પાઈપ એફ.એસ.એલ.માં તપાસણી અર્થે મોકલેલ હોય તે હકીકત શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે, આંક–૯૧ વાળું પંચનામું અને આંક–૩૯૪ ની રવાનગી નોંધ જોઈએ તો, જે મુદ્દામાલ કબજે કરેલ છે તે જ એફ.એસ.એલ. માટે મોકલેલ છે કે કેમ તે જ શંકા ઉત્પન્ન કરે છે. આંક–૯૧ મુજબ બેઝબોલ બેટ ઉપર લોહી નથી, જ્યારે આંક–૩૯૪ મુજબ માર્ક–ઈ માં બેઝબોલ બેટ ઉપર લોહી આવે છે. તેમજ

ડૉકટરે મરણજનારના કપડાં ક્યા પોલીસને આપેલા તે પણ પુરવાર થયેલ નથી. આમ, ખરેખર જે કબજે કરેલ છે તેનું જ એફ. એસ. એલ. પરિક્ષણ કરવામાં આવેલ છે તેવું પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, બી ગૃપનું લોહી મરણજનારનું જ છે કે કેમ તે પુરવાર થયેલ નથી. વધુમાં મુદ્દામાલ આર્ટીકલ ૩૮ વાળું રોશની ગેસ્ટહાઉસનું રજીસ્ટર જોઈએ તો, તેમાં પણ ચેકચાક કરેલી છે, જે પુરાવો વંચાણે લઈ શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે,આમ, સમગ્ર રીતે ફરિયાદ પક્ષનો પુરાવો જોતાં આરોપીઓ વિરૂદ્ધની સાંયોગિક પુરાવાની ચેન પુરવાર કરતો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ ગુજારેલ છે અને પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબનો ઓથોરીટીઓ રજૂ રાખેલ છે.

1. 1970(0) AIJEL–SC–4213
   Budhsen Versus State of Uttar Pradesh

2. 1981 Supreme Court Cases (Cri.), 634
   Wakil Singh and others Versus State of Bihar

3. 2017(0) AIJEL–SC–59577
   Md. Sajjad @ Raju @ Salim Versus State of West Bengal

4. 2020(0) AIJEL–SC–66643
   Chunthuram Versus State of Chhattisgarh

5. 2022(0) AIJEL–SC–70096
   Gireesan Nair Versus State of Kerala

6. 1973 Supreme Court Cases (Cri.) 1048
Kali Ram Versus State of Himachal Pradesh

7. 2024(0) AIJEL-SC-73129
Mallappa Versus State of Karnataka

8. 1977 Supreme Court Cases (Cri.) 250
Hukam Singh Versus State of Rajasthan

9. 1984(0) AIJEL-SC-26145
Sharad Birdhichan Sarda Versus State of Maharashtra

10. 1977 Supreme Court Cases (Cri.) 1004
Tanviben Pankajkumar Divetia Versus State of Gujarat

11. 2016(0) AIJEL-HC-233873
Alikhan @ Mubarak Abbas Pathan Versus State of Gujarat

12. 2023(0) AIJEL-SC-72692
Sharanappa @ Sharanappa Versus State of Karnataka

13. 2024(0) AIJEL-SC-72964
Darshan Singh Versus State of Punjab

14. 2024(0) AIJEL-SC-73526
Arun Shankar Versus State of Madhya Pradesh

15. 1962 (1) Cri.L.J., 142 (Gujarat High Court)
Naginlal Nandlal Versus State of Gujarat

16. 1963 (1) Cri.L.J., 14 (Gujarat High Court)
Valibhai Omarji Versus The State

17. 2011(0) AIJEL-SC-227976
Arjanbhai Bijalbhai Bhubhawa Versus State of Gujarat

18. 2012 (3) GLR–2250
Rameshbhai Hajabhai Chachiya Versus State of Gujarat

19. 2014(0) AIJEL–HC–231559
Gopal @ Gopi Harmanbhai Chauhan Versus State of Gujarat

20. 2024 INSC–788
Vishwajeet Kerba Masalkar Versus State of Maharashtra

21. 2024(0) AIJEL–SC–73528
Ravishankar Tandon Versus State of Chhattisgarh

22. Cr.A.893/2004, Gujarat High Court
Ashokbhai Versus State, 24–10–2008

23. 2018(0) AIJEL–HC–239503
Kalpeshbhai Somabhai Vasave Versus State of Gujarat

24. Criminal Appeal No. 577 of 2016
Ajikhan Mohammad Khan Pathan Versus State of Maharashtra, Order Dtd. 21–09–2023

25. 2024(0) AIJEL–SC–74284
Randeep Singh @ Rana And Anothers Versus State of Haryana and others

26. 1977 Cr.L.J. 1144
Narsinbhai Haribahi Prajapati Versus Chhatrasinh

27. 2024(0) AIJEL–HC–246055
State of Gujarat Versus Ansad Ahmed Gulammohmad Mir

28. 2024(0) AIJEL-SC-74080
Vijay Singh @ Vijay Kr. Sharma Versus State of Bihar

29. 2017(0) AIJEL-HC-238293
Irfan Mohammad Modhia Versus State of Gujarat

30. 1959(0) AIJEL-SC-27645
State of Delhi Versus Ram Lohia

31. 1972 Cri. L.J. 267
Ram Kishan Singh Versus Harmit Kaur and another

32. 1991 Cri.L.J. 2790
Ram Lakhan Sheo Charan and others Versus State of U.P.

33. 1999(2) Crimes 272
Nabhi Ahmad & others Versus State of U.P.

34. 1963(0) AIJEL-SC-26190
Shani Kumar Banerjee Versus Subhodkumar Banerjee

35. 1977(0) AIJEL-SC-16461
Magan Bihari Lal Versus State of Punjab

36. 2024 INSC 721
Yogarani Versus State by the Inspector of Police

37. 1991 SCC on 407
Padal Veera Reddy Versus State of Andhra Pradesh & others

38. 2020(0) AIJEL-SC-66369
Arjun Pandit Rao Khotkar Versus Kailash Khushanrao Gorantyal

(૧૬) વધુમાં, આરોપી નં.૩, ૫ અને ૧૦ તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી એમ. કે. શ્રીવાસ્તવ–નાઓએ આંક–૪૭૭ થી લેખિત દલીલો રજૂ કરેલ છે, જે આ કેસના ન્યાયિક–નિર્ણય માટે અત્રેની કોર્ટ દ્વારા વંચાણે લેવામાં આવેલ છે, તેમજ તેઓએ મૌખિકમાં રજૂઆત કરેલ છે કેઃ–

– આ કામે PW61 વિશ્વજીતસિંહની જુબાની જોતાં તેઓએ સૌપ્રથમ બનાવ જોયેલ છે અને તે બનાવની માહિતી ૧૩ થી ૧૫ વર્ષના બાળકે આપેલ, તો આ બાળક બનાવની માહિતી આપે છે તે જોતાં આ સાહેદ પંદર વીસ મિનિટ રોકાયેલા તો બનાવ ઓક્કસ કેટલા વાગ્યે બનેલ છે તે પુરવાર થતું નથી. તેમજ ફરિયાદીએ આંક–૧૩૫ ની ફરિયાદ મુજબ બનાવ જોયેલાની હકીકત પણ પુરવાર થતી નથી.

– વધુમાં દલીલ છે કે,PW62 ને PW61 એ બનાવની જાણ કરેલી, તો આ PW62 નું નિવેદન બનાવ બન્યાના લાંબા સમય બાદ નોંધવામાં આવેલ છે. આ PW62 ની ઊલટ તપાસ મુજબ બનાવ નજરે જોનાર કોઈ વ્યક્તિએ તેમની રૂબરૂ કોઈ હકીકત કે વિગતો આપી હોય તેવું બનેલ નથી. આમ, ફરિયાદી રમેશ વિશ્વકર્મા અને સાહેદ રાવતમલ બનાવ સ્થળે હાજર હોય તેવું પુરવાર થતું નથી અને તેથી જ મારૂતિ વાનમાં ચાર જણા આવી મારીને જતા રહેલા તેવું PW61 અને PW62 ની જુબાનીથી પુરવાર થતું નથી.

– વધુમાં દલીલ છે કે, PW55 રાવતમલની જુબાની જોતાં આંક–૧૩૫ ની ફરિયાદથી વિરોધાભાષી હકીકત રેકર્ડ પર આવે છે,

કારણ કે, આંક–૧૩૫ ની ફરિયાદ મુજબ ગુજરાત કોલેજના પાછળના દરવાજા બાજુથી એક મારૂતિ વાન આવેલી અને પંકજને ચાર જણાએ માર મારેલ અને પાછા મારૂતિ વાનમાં જતા રહેલ, તે જોતાં ચાર કરતા વધુ વ્યક્તિઓ હાજર નથી તેથી ઈ. પી.કો. કલમ–૧૪૧, ૧૪૩, ૧૪૭, ૧૪૯ નો ચાર્જ પુરવાર થયેલ માની શકાય નહીં, કારણ કે, રાવતમલની જુબાની મુજબ ત્રણ વ્યક્તિઓ બાઈક પર જતા જુએ છે, આમ ફરિયાદી ચાર જણાનું કહે છે અને આ સાહેદ ત્રણનું કહે છે, જે શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે, જો ટી.આઈ. પરેડ માનવામાં આવે તો ફરિયાદ ખોટી છે અને ફરિયાદ માનવામાં આવે તો ઓળખપરેડ ખોટી છે, જે એકબીજાથી વિરોધાભાષી છે.

– વધુમાં દલીલ છે કે, આંક–૨૮૯ વાળી ટી.આઈ. પરેડ રોશની ગેસ્ટહાઉસનાં સાહેદ દેવેન્દ્ર જીબોધચંદ્રની હાજરીમાં થયેલ છે, જે પોલીસનો કેસ નથી. તેમની રૂબરૂ આરોપી હિતેશ ચુડાસમા અને આરોપી દક્ષેશ શાહની ઓળખનો કોઈ પ્રશ્ન નથી. તેમજ આરોપી દક્ષેશને સાહેદ રાવતમલે ઓળખી બતાવેલ નથી. આમ, આંક–૨૮૯ નું પંચનામું પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, PW58, કે જે મોટરસાયકલ કબજે કરેલ તેને સમર્થન કરતા નથી. આમ, આ કામે બનાવમાં ઉપયોગમાં લેવામાં આવેલ વાહનોનાં પંચનામાનાં પંચ સાહેદો ફરી ગયેલા છે તે પંચનામાની કોઈ હકીકત ને સમર્થન કરતા નથી, ફક્ત સહીઓ

કરેલાનું જણાવે છે. આમ, આ પંચનામાઓ પુરવાર થયેલા નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે સી.ડી.આર. પુરવાર થયેલ નથી, એટલે આરોપીઓની સંડોવણી મોબાઈલ ફોનના આધારે થયેલ હોય તેવું પુરવાર થતું નથી. વધુમાં બનાવવાળી જગ્યાએ આરોપી દક્ષેશ શાહ અને હિતેશ ચુડાસમાની હાજરી હોવાનું પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે કબજે કરવામાં આવેલ પાઈપ, કે જે જાહેર જગ્યાએથી કબજે કરેલ છે, તેના પંચ સાહેદો સમર્થન કરતા નથી તેથી આ ડિસ્કવરી પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે,PW16 કે જે આરોપી માનસિહનાં ભાઈ છે, તે ગુનાના કામે પહેરેલ કપડાં રજૂ કરેલ છે, જે શંકા ઉત્પન્ન કરે છે, કારણ કે, બનાવ બન્યા બાદ આટલો લાંબો સમય કોઈપણ વ્યક્તિ કપડાં રાખે નહીં અને આ કપડાંની રિકવરી શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે PW54 અનિરૂદ્ધસિંહ જાડેજા ટાટા સુમોના માલિક નથી છતાં માલિક તરીકે મુદ્દામાલ છોડાવે છે, જે પોલીસ સાહેદ હોવાનું અને પોલીસ સાથે મેળાપીપણામાં ખોટું જણાવતા હોવાનું જણાઈ આવે છે.

– વધુમાં દલીલ છે કે,PW59 વી. ડી. ખરાડીની જુબાની જોઈએ તો, આરોપી માનસિહની અટક કરેલ, પરંતુ એરેસ્ટ મેમો તૈયાર કરેલ નથી અને ઊલટ તપાસ જોઈએ તો, માનસિહને ખોટી રીતે ગોંધી

રાખેલ તેવું કબૂલ રાખે છે. આમ, માનસિહની અટક અંગે શંકા ઉત્પન્ન થાય છે, જે ચોક્કસ કઈ તારીખે કરી તે પુરવાર થતું નથી અને માનસિહને અટક કર્યા ત્યારે પોલીસે માર મારેલ હોવાનું એફ.એસ. સાથે રજૂ કરેલ દસ્તાવેજો જોતાં પુરવાર થાય છે.

– વધુમાં દલીલ છે કે, આઈ. ઓ. ગોહિલ PW84 ની જુબાની જોતાં રવાનગી નોંધમાં પાઈપની વિગત ચેકચાક કરેલ છે, જેથી પાઈપ ઉપર એફ.એસ.એલ.માં કેવી રીતે લોહી આવ્યું તે શંકા ઉપસ્થિત કરે છે.

– વધુમાં દલીલ છે કે, ઈન્કવેસ્ટ પંચનામા મુજબ માથાના પાછળના ભાગે જોઈ શકાય તેવો તિક્ષ્ણ હથિયારનો ઘા મરણજનારને વાગેલ હતો તેવું નોંધાયેલ છે, જે પી.એમ. નોટ સાથે સરખાવતા આવી કોઈ તિક્ષ્ણ હથિયાર વડે ઈજા થયેલ હોય તેવું નોંધેલ નથી. આમ, પાઈપો અને બેઝબોલ બેટ તિક્ષ્ણ હથિયાર નથી. તેથી મરણજનારને ક્યા હથિયારથી ઈજા થઈ તે શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે, આરોપી નં.૫ અને ૧૦ બનાવવાળી જગ્યાએ હાજર હોય તેનો કોઈ પુરાવો નથી.

– વધુમાં દલીલ છે કે, મરણજનારે જે અરજીઓ કરેલી તે અરજીઓનાં કન્ટેન્શન પુરવાર થયેલ નથી અને આ અરજીઓ વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૫ નાં સમયની હતી તે દરમ્યાન કોઈ જ બનાવ બનેલ નથી. આમ, આ અરજીઓને આધારે આરોપીઓનો મોટીવ મરણજનારનું મૃત્યુ કરવાનો હતો તેવું પુરવાર થતું નથી.

– વધુમાં દલીલ છે કે, આરોપી નં.૬ સામે કોઈ જ ગુનાનું તહોમતનામું નથી. આમ, સમગ્ર રીતે જોઈએ તો, આંક–૧૩૪ ની પુરશીષમાં આરોપી નં.૩,૫ અને ૧૦ ની સહી નથી અને તેથી આ પુરશીષથી અન્ય આરોપીઓએ કબૂલ કરેલ દસ્તાવેજો આ ત્રણ આરોપીઓને કબૂલ નથી તેથી તેની ઉપર આધાર રાખી શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે, આમ,સમગ્ર રીતે ફરિયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ ગુજારેલ છે અને પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ રાખેલ છે.

૧. એ.આઈ.આર., ૧૯૭૩, સુપ્રિમકોર્ટ, પેજ નં.૨૭૭૩,
કાલીરામ વિરૂદ્ધ સ્ટેટ ઑફ હિમાચલ પ્રદેશ.

૨. એ.આઈ.આર., ૧૯૫૭, સુપ્રિમકોર્ટ, પેજ નં.૬૩૭,
સરવનસીંઘ રતનસીંઘ વિ. સ્ટેટ ઑફ પંજાબ.

૩. એ.આઈ.આર., ૧૯૮૧, સુપ્રિમકોર્ટ, પેજ નં.૭૬૫,
શંકરલાલ ગ્યારસીલાલ દીક્ષીત વિ. સ્ટેટ ઑફ મહારાષ્ટ્ર.

૪. એ.આઈ.આર., ૧૯૭૭, સુપ્રિમકોર્ટ, પેજ નં.૧૯૩૬,
રામલખનસીંઘ વિ. સ્ટેટ ઑફ ઉત્તરપ્રદેશ.

૫. એ.આઈ.આર., ૧૯૫૬, સુપ્રિમકોર્ટ, પેજ નં.૨૧૭,
આહેર રાજા ખીમા વિ. સ્ટેટ ઑફ સૌરાષ્ટ્ર.

૬. એ.આઈ.આર., ૧૯૮૪, સુપ્રિમકોર્ટ, પેજ નં.૧૬૨૨,
શરદ બીરીધીચંદ સારડા વિ. સ્ટેટ ઑફ મહારાષ્ટ્ર.

૭. એ.આઈ.આર., ૧૯૭૪, સુપ્રિમકોર્ટ, પેજ નં.૩૪૪,
હરચંદસિંઘ વિ. સ્ટેટ ઑફ હરીયાણા.

૮. ૧૯૯૧(૧), જી.એલ.આર., પેજ નં.૨૬૬,
લીલુભા મહોબતસિંહ વિ. સ્ટેટ ઑફ ગુજરાત.

૯. ૨૦૦૩(૦) સુપ્રીમ(એસ.સી.), પેજ નં.૯૧૮,
દામોદર વિરૂદ્ધ સ્ટેટ ઑફ રાજસ્થાન.

૧૦. ૨૦૨૫ આઈએનએસસી ૧૧૯
વિનોભાઈ વિરૂદ્ધ સ્ટેટ ઑફ કેરાલા

૧૧. ૨૦૨૫ આઈએનએસસી ૧૬૪
ગંભીરસિંઘ વિરૂદ્ધ સ્ટેટ ઑફ ઉત્તરપ્રદેશ

૧૨. ૨૦૨૫ આઈએનએસસી ૧૬૭
રાજાખાન વિરૂદ્ધ છત્તીસગઢ

(૧૭) વધુમાં, આરોપી નં.૯ ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકીનાં વિદ્વાન વકીલ શ્રી સી. કે. શાહ–નાઓએ મૌખિક દલીલમાં રજૂઆત કરેલ છે કેઃ–

– આ કામે આંક–૧૩૫ થી ફરિયાદ રજૂ છે, જે મુજબ જીમખાના ક્લબ પાસે મરણજનાર ઉપર હુમલો થાય છે અને તેનું મૃત્યુ થયેલ છે, જે ક્લબનાં સિક્યુરીટી વાળા એકમાત્ર આઈ વિટનેસ છે, જે ફરિયાદી છે, તેમને આ કામે તપાસવામાં આવેલ નથી.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ જોતાં મરણજનાર પંકજ ત્રિવેદી જીમખાનામાં ગયેલ અને ૮ વાગ્યે રાત્રે ચાલતા ચાલતા તેમની લાલ કલરની ઈન્ડિકા ગાડી પાસે જતા હતા ત્યારે ગુજરાત કોલેજના પાછળના દરવાજા પાસે એક મારૂતિ વાન સફેદ કલરની હતી

જેમાંથી ચાર વ્યક્તિઓ દોડી આવીને મરણજનાર પાસે આવે છે, તેમાંથી એક પાસે બેઝબોલનો ધોકો હતો અને બાકીના પાસે લાકડીઓ હતી તેવી ફરિયાદ છે, તો આ કામે લાકડીઓ કબજે કરેલ નથી અને પાઈપો કબજે કરેલ છે, જે શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે, પાઈપ બગીચામાંથી શોધી કાઢી કબજે કરેલ છે, જે હકીકત શંકા ઉત્પન્ન કરે છે, કારણ કે, ફરિયાદ મુજબ લાકડીઓ દર્શાવેલી છે.

– વધુમાં દલીલ છે કે, જે પાઈપ કબજે કરેલ તેની ઉપર કાટ હતો અને લોહી મળી આવેલ. આમ, નજરે જોનાર ફરિયાદી જો લાકડીઓ કહેતા હોય તો પાઈપ કેવી રીતે કબજે કરી તેનો ફરિયાદ પક્ષે ખુલાસો કરેલ નથી, જે શંકા ઉત્પન્ન કરે છે અને આરોપીઓને ખોટી રીતે સંડોવી દેવાના હેતુથી આ પાઈપો ઉપજાવી કાઢેલી છે.

– વધુમાં દલીલ છે કે, આરોપીઓએ ગુનાહિત કાવતરું ઘડેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેમજ પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબ રિકવરી, ડિસ્કવરી પુરવાર થયેલ નથી, કારણ કે, ફરિયાદ મુજબ લાકડીઓ હતી, જ્યારે ડિસ્કવરી પાઈપની કરેલ છે, જે શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ મુજબ ચાર જણા ૨૫ થી ૩૦ વર્ષના હતા અને મારૂતિ વાનમાં બેસીને જતા રહેલા. આમ, ફરિયાદ દાખલ થઈ ત્યાંસુધી કોઈ જ આરોપીનાં નામ રેકર્ડ પર હતા નહીં.

– વધુમાં દલીલ છે કે, મૃતકનાં પરિવારજનો મૃતકની લાશને ઓળખે

છે, પરંતુ કોઈની ઉપર શંકા વ્યક્ત કરતા નથી.

– વધુમાં દલીલ છે કે, ઈન્કવેસ્ટ પંચનામું જોઈએ તો, તિક્ષ્ણ હથિયારથી ઘા કરેલ તેવું જણાવેલ છે, જે ઘા માથાના પાછળના ભાગે જોઈ શકાય તેવો કરેલ હોવાનું પંચનામામાં દર્શાવેલ છે, પરંતુ ફરિયાદ પક્ષના એક પણ સાહેદ આ હકીકત ને સમર્થન કરતા નથી અને ફરિયાદ મુજબ લાકડીઓ હતી અને બેઝબોલ સ્ટીક હતી તો તેનાથી આવી ઈજા થઈ શકે નહીં, જે શંકા ઉત્પન્ન કરે છે.

– વધુમાં દલીલ છે કે, આ કામે આંક–૩૪ થી તહોમતનામું ફરમાવેલ છે તે મુજબ તા.૧૫–૬–૦૬ ના રોજ સવારના ૭ વાગ્યે બેઝબોલ તથા બે પાઈપો થેલામાં મૂકેલ હોવાની વિગત લખેલ છે, આમ તિક્ષ્ણ હથિયારનો કોઈ ઉલ્લેખ નથી. આમ ફરિયાદ પક્ષ તહોમતનામા મુજબનો ગુનો પુરવાર થયેલ ન હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ પક્ષે કાવતરું ઘડેલ હોય તે કાવતરું ઘડવા માટે માઈન્ડ ક્યારે અને કઈ જગ્યાએ કઈ કઈ રીતે આરોપીઓએ એપ્લાય કર્યુ તેનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

– વધુમાં દલીલ છે કે, મારૂતિ ગાડી ક્યાંથી આવી અને ક્યાંથી પસાર થઈ તે કોઈએ જોયેલ નથી. તેમજ આરોપીઓ ગુનાહિત કાવતરું ઘડવાના હેતુથી અને એકબીજાને મદદગારી કરવાના હેતુથી ક્યાં ભેગા થયા, કેવી રીતે ભેગા થયા તેનો કોઈ પુરાવો નથી.

– વધુમાં દલીલ છે કે, આરોપીઓની ઓળખપરેડમાં પણ કોઈએ

ઓળખી બતાવેલ નથી.

– વધુમાં દલીલ છે કે, સ્પે. પી.પી.ની લેખિત દલીલો જોતાં, તેમાં લાકડીઓની જગ્યાએ પાઈપો કેવી રીતે થઈ ગઈ તેનો કોઈ ખુલાસો નથી. આમ, ચાર્જ મુજબ પાઈપોનો ઉપયોગ કરેલાનું તહોમતનામું છે, જ્યારે ફરિયાદમાં લાકડીઓ છે, તે જોતાં ચાર્જ પુરવાર થયેલ ન હોવાનું જણાઈ આવે છે.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં, આરોપીઓનો મોટીવ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે, કારણ કે, મરણજનાર પંકજભાઈ અને આરોપીઓ વચ્ચે શું વૈમનસ્ય હતું અને પંકજભાઈનું ખૂન કરવાનો આરોપીઓનો શું હેતુ હતો તે પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, મરણજનાર તથા આરોપીઓ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હોવાનું બિનતકરારી છે, તે અંગે કોઈ તકરાર નથી. આમ, મરણજનારે સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ જે અરજીઓ કરેલી તેને લઈને આરોપીઓને આ ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામના સાહેદોને આરોપીઓએ ધમકીઓ આપેલ હોય અને તે ધમકીઓને આધિન પુરાવો આપેલ હોય તેવું ફરિયાદ પક્ષ રેકર્ડ પર પુરવાર કરી શકેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આરોપીઓ ગુનાહિત માનસ ધરાવતા હોવાનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેથી માની શકાય કે, તેઓ

મરણજનારનું મૃત્યુ નિપજાવવાનું વિચારી પણ શકે.

– વધુમાં દલીલ છે કે, આરોપીઓએ મરણજનારની કઈ તારીખે, કેટલા વાગ્યે રેકી કરી તેનો કોઈ પુરાવો નથી.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ પક્ષ સાહેદોનાં સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનો પણ પુરવાર કરી શકેલ નથી, જે બળજબરીથી નોંધેલ હોય તેવું જણાઈ આવે છે.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આરોપીઓ વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે અને તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા દલીલ કરેલ છે.

(૧૮) વધુમાં, આરોપી નં.૬ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમાનાં વિદ્વાન વકીલ શ્રી એસ. વી. ઠક્કર–નાઓએ મૌખિક દલીલમાં રજૂઆત કરેલ છે કેઃ–

– આ કામે ફરિયાદ પક્ષના કેસ મુજબ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં જો ૫૦૦ થી ૬૦૦ માણસોનું ટોળું હોય તો આ ટોળામાં બે આરોપીઓને કેવી રીતે ઓળખી શકાય તે ફરિયાદ પક્ષની હકીકત માની શકાય એમ નથી.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોઈએ તો, લીગલી એડમીશીબલ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે આંક–૪૧૮ થી ૪૨૧ ની જે અરજીઓ છે તેના કન્ટેન્શન પુરવાર થયેલ નથી, જેને કોઈ સમર્થન

પ્રાપ્ત થતું હોય તેવા સાહેદને તપાસેલા નથી. આમ આ અરજીઓ પુરવાર થયેલાનું માની શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે, આ કામે પુરાવા કાયદાની કલમ–૪૫ મુજબ હસ્તાક્ષર નિષ્ણાતનો પુરાવો અન્ય પુરાવાના સમર્થન વગર વાંચી શકાય નહીં. આમ આ કામે આરોપીઓની સંડોવણી કરતો કોઈ જ સબ્સ્ટેન્સીવ એવીડન્સ ફરિયાદ પક્ષે રજૂ કરેલ નથી અને જે પુરાવો રેકર્ડ પર આવેલ છે તે હોસ્ટાઈલ સાહેદોનો છે, જેને આધારે આરોપીઓ વિરૂદ્ધનું તહોમતનામું પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, ફરિયાદ પક્ષનો પુરાવો જોઈએ તો, ઈ. પી. કો. કલમ–૧૨૦(બી) મુજબ ગુનાહિત કાવતરું પુરવાર થઈ શકે તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, કારણ કે, કાવતરાનાં અનુસંધાને આરોપીઓને નોલેજ હતું તેવો પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે રજૂ કરવામાં આવેલ સી.ડી.આર. પુરાવા કાયદાની કલમ–૬૫(બી)(૪) નું સર્ટીફિકેટ ન હોય, વંચાણે લઈ શકાય નહીં. આમ, સી.ડી.આર. પુરવાર થયેલ નથી.

– વધુમાં દલીલ છે કે, મરણજનારની આંક–૪૧૮ થી ૪૨૧ વાળી અરજીઓનું એફ.એસ.એલ. પરિક્ષણ કરવામાં આવેલ નથી.

– વધુમાં દલીલ છે કે, આ કામે જે સાહેદોનું સમર્થન છે તે તમામ પોલીસ સાહેદો છે અને તેમના પુરાવામાં પણ મોટો વિરોધાભાષ જોવા મળે છે. આમ, સ્વતંત્ર સાહેદોનાં સમર્થન વગર માત્ર પોલીસ

સાહેદોનાં પુરાવાને આધારે આરોપીઓની જવાબદારી ઠરાવી શકાય નહીં.

– વધુમાં દલીલ છે કે, સમગ્ર રીતે ફરિયાદ પક્ષનો પુરાવો ધ્યાને લઈએ તો, આરોપીઓએ આંક–૩૪ નાં તહોમતનામા મુજબનો ગુનો કરેલ હોય તેવું પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ ગયેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

(૧૯) ઉપરોક્ત હકીકત આ કેસના અંતિમ નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ–

–// **મુદ્દા** //–

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરવાનો તેઓનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું રચી ખૂન કરેલ છે ?

૨. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી–નાએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ઈરાદાપૂર્વક તથા એવા જ્ઞાન સાથે તેનું મોત નિપજશે તેવી જાણકારી સાથે મરનારના માથાના ભાગે, માથાના પાછળના ભાગે, ખોપડીનાં ભાગે તથા શરીર ઉપર મારક જીવલેણ હથિયારો જેવા કે, બેઝબોલ બેટ તથા પાઈપો વડે જીવલેણ ગંભીર ઈજાઓ પહોંચાડી, મરનાર પંકજભાઈનું મોત નિપજાવી ખૂન કરેલ છે?

૩. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૨ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, નં.૩ દક્ષેશ હસમુખલાલ શાહ, નં.૬ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, નં.૭ ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ, નં.૮ ભરતસિંહ દીલુભા જાડેજા, નં.૧૦ જશુભા દોલુભા

જાડેજા–નાઓએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ નિપજાવવાના ઈરાદે અને તેવા જ્ઞાન સાથે અને મૃત્યુ નિપજશે તેવી જાણકારી સાથે પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું રચી, ગુનાહિત કાવતરામાં આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી સાથે સામેલ થઈ, ગુનાહિત કાવતરાને મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ નિપજાવી, આખરી અંજામ આપી, પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું પાર પાડેલ છે અને આમ તમામ આરોપીઓએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરી, તે ખૂન માટે જવાબદાર ઠરે છે?

૪. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગેરકાયેદસરની મંડળી રચી, તેના સભ્ય હોવાને નાતે તેમનો સામાન્ય ઈરાદો મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરવાનો હોય, તે ઈરાદો પાર પાડવાના હેતુથી અન્ય આરોપીઓની મદદથી મરનાર પંકજભાઈનું ખૂન કરેલ છે?

૫. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ બનાવ વખતે બળ તથા હિંસાનો ઉપયોગ કરી, હુલ્લડ કરેલ છે?

૬. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી–નાઓએ બનાવની તારીખે અને બનાવના સમયે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં બેઝબોલ બેટ તથા પાઈપો જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, બોમ્બે પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે?

૭. શું હુકમ?

(૨૦) ઉપરોક્ત મુદ્દા પરત્વે મારાં નિર્ણયો, કારણો અને તારણો સાથે, નીચે મુજબ છેઃ–

<u>નિર્ણયો</u>

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. હકારમાં.

૪. હકારમાં.

૫. નકારમાં.

૬. હકારમાં.

૭. આખરી હુકમ મુજબ.

–//<u>કા ર ણો</u>//–

(૨૧) અત્રેની કોર્ટ દ્વારા હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે કેટલીક કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધેલ છે, જેમાં પુરાવા કાયદાની કલમ–૮, ૨૭, ૫૭, ૫૮, ૮૦, ૯૦(એ), ૧૦૬ તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪, ૨૯૧(એ), ૨૯૪, કે જે નીચે મુજબ છેઃ–

Section 8 in The Indian Evidence Act, 1872

<u>8. Motive, preparation and previous or subsequent conduct</u>.

Any fact is relevant which shows or constitutes a motive or preparation for any fact in issue or relevant fact.

The conduct of any party, or of any agent to any party, to any suit or proceeding, in reference to such suit or proceeding, or in reference to any fact in issue or relevant thereto, and the conduct of any person an offence against whom is the subject of any proceeding is relevant, if such conduct influences or is influenced by any fact in issue or relevant fact, and whether it was previous or subsequent thereto.

<u>Explanation 1.</u> - The word "conduct" in this section does not include statements; unless those statements accompany and explain acts other than statements; but this explanation is not to affect the relevancy of statements under any other section of this Act.

<u>Explanation 2.</u> - When the conduct of any person is relevant, any statement made to him or in his presence and hearing, which affects such conduct, is relevant.

<u>Illustrations</u>

(a) A is tried for the murder of B.

The facts that A murdered C, that B knew that A had

murdered C, and that B had tried to extort money from A by threatening to make his knowledge public, are relevant.

(b) A sues B upon a bond for the payment of money. B denies the making of the bond.
The fact that he said he had been robbed, without making any complaint, is not relevant, as conduct under this section, though it may be relevant;as a dying declaration under section 32, clause (1), or as corroborative evidence under section 157.ing of a bond. The fact that, at the time when the bond was alleged to be made, B required money for a particular purpose, is relevant.

(c) A is tried for the murder of B by poison.
The fact that, before the death of B, A procured poison similar to that which was administered to B, is relevant.

(d) The question is, whether certain document is the will of A.
The facts that, not long before the date of alleged will, A made inquiry into matter to which the provisions of the alleged will relate; that he consulted vakils in reference to making the will, and that he caused drafts of other wills to be prepared of which he did not approve, are relevant.

(e) A is accused of a crime.
The facts that, either before or at the time of, or after the alleged crime, A provided evidence which would tend to give to the facts of the case an appearance favourable to himself, or that he destroyed or concealed evidence, or prevented the presence or procured the absence of persons who might have been witnesses, or, suborned persons to give false evidence respecting it, are relevant.

(f) The question is, whether A robbed B.
The facts that, after B was robbed, C said in A's presence - "the police are coming to look for the man who robbed B", and that immediately afterwards A ran away, are relevant.

(g) The question is, whether A owes B Rs.10,000.
The facts that A asked C to lend him money, and that D said to C in A's presence and hearing - "I advise you not to trust A, for he owes B 10, 000 rupees," and that A went without making any answer, are relevant facts.

(h) The question is, whether A committed a crime.
The fact that absconded after receiving a letter warning him that inquiry was being made for the criminal, and the contents of the letter, are relevant.

(i) A is accused of a crime.
The facts that, after commission of the alleged crime, he absconded, or was in possession of property or the proceeds of property acquired by the crime, or attempted to conceal things which were or might have been used in committing it, are relevant.

(j) The question is, whether A was ravished.
The facts that, shortly after the alleged rape,she made a complaint relating to the crime, the circumstances under which, and terms in which, the complaint was made, are relevant. The fact that, without making a complaint, she said that she had been ravished is not relevant as conduct under this section, though it may be relevant,as a dying declaration under section 32, clause (1),or as corroborative evidence under section 157.

(k) The question is, whether A was robbed.
The fact that, soon after the alleged robbery, he made a complaint relating to the offence, the circumstances under which, and the terms in which, the complaint was made, are relevant.The fact that he said he had been robbed, without making any complaint, is not relevant, as conduct under this section, though it may be relevant; as a dying declaration under section 32, clause (1), or as corroborative evidence under section 157.

Section 27 in The Indian Evidence Act, 1872

27. How much of information received from accused may be proved.

Provided that, when any fact is deposed to as discovered in consequence of information received from a person accused of any offence, in the custody of a police-officer, so much of such information, whether it amounts to a confession or not, as relates distinctly to the fact thereby discovered, may be proved...

Section 57 in The Indian Evidence Act, 1872

57. Facts of which Court must take judicial notice. The Court shall take judicial notice of the following facts :

(1) [All laws in force in the territory of India;] [Substituted by A.O. 1950, for the former para.]

(2) All public Acts passed or hereafter to be passed by Parliament [of the United Kingdom] [Inserted by A.O. 1950.], and all local and personal Acts directed by Parliament [of the United Kingdom] [Inserted by A.O. 1950.] to be judicially noticed;

(3)Articles of War for [the Indian] [Substituted by A.O. 1950, for "Her Majesty's".] Army, [Navy or Air Force] [Substituted by Act 10 of 1927, Section 2 and Sch.I, for "or Navy".];

(4) [The course of proceeding of Parliament of the United Kingdom, of the Constituent Assembly of India, of Parliament and of the Legislature established under any laws for the time being in force in a Province or in the State] [Substituted by A.O. 1950, for the former para (4).]

(5)The accession and the sign manual of the Sovereign for the time being of the United Kingdom of Great Britain and Ireland;

(6) All seals of which English Courts take judicial notice; the seals of all the Courts in India and of all Courts out of [India] [Substituted by Act 3 of 1951, Section 3 and Sch., for "the States".] established by the authority of the [Central Government or the Crown Representative] [Substituted by A.O. 1937, for "the G.G. or any L.G. in Council".]; the seals of Courts of Admiralty and Maritime Jurisdiction and of Notaries Public, and all seals which any person is authorised to use by [the Constitution or an Act of Parliament of the United Kingdom or an] [Substituted by A.O. 1950, for "any Act of Parliament or other".] Act or Regulation having the force of law in [India] [Substituted by Act 3 of 1951, Section 3 and Sch., for "the states".];

(7) The accession to office, names, titles, functions and signatures of the persons filling for the time being any public office in any State, if the fact of their appointment to such office is notified in [any Official Gazette" [Substituted by A.O. 1937, for "the Gazette of India or in the Official Gazette of any L.G..];

(8)The existence of title, and National Flag of every State of Sovereign recognized by [the Government of India] [Substituted by A.O. 1950, for the [the British Crown].];

(9)The divisions of time, the geographical divisions of the world, and public festivals, fasts and holidays notified in the Official Gazette;

(10)The territories under the dominion of [the Government of India] [Substituted by A.O. 1950, for "the British Crown".];

(11) The commencement, continuance and termination of hostilities between [the Government of India] [Substituted by A.O.1950, for "the British Crown".] and any other State or body of persons;

(12)The names of the members and officers of the Court and of their deputies and subordinate officers and assistants, and also of all officers acting in execution of its process, and of all advocates, attorneys, proctors, vakils, pleaders and other persons authorised by law to appear or act before it;

(13) The rule of he road [on land or at sea] [Inserted by Act 18 of 1872, Section 5.].

In all these cases, and also on all matters of public history, literature, science or art, the Court may resort for its aid to appropriate books or documents of reference. If the Court is called upon by any person to take judicial notice of any fact, it may refuse to do so unless and until such person produces any such book or document as it may consider necessary to enable it to do so.

Section 58 in The Indian Evidence Act, 1872

58. Facts admitted need not be proved.

No fact need be proved in any proceeding which the parties thereto or their agents agree to admit at the hearing, or which, before the hearing, they agree to admit by any writing under their hands, or which by any rule or pleading in force at the time they are deemed to have admitted by their pleadings:Provided that the Court may, in its discretion, require the facts admitted to be proved otherwise than by such admissions.

Section 80 in The Indian Evidence Act, 1872

80. Presumption as to documents produced as record of evidence.

Whenever any document is produced before any Court purporting to be a record or memorandum of the evidence, or of any part of the evidence, given by a witness in a judicial proceeding or before any officer authorized by law to take such evidence, or to be a statement or confession by any prisoner or accused person, taken in accordance with law, and purporting to be signed by any Judge or Magistrate, or by any such officer as aforesaid, the Court shall presume - that the document is genuine; that any statement as to the circumstances under which it was taken, purporting to be made by the person signing it, are true, and that such evidence, statement or confession was duly taken.

Where any electronic record, purporting or proved to be five years old, is produced from any custody which the Court in the particular case considers proper, the Court may presume that the digital signature which purports to be the digital signature of any particular person was so affixed by him or any person authorised by him in this behalf.

Explanations

Electronic records are said to be in proper custody if they are in the place in which, and under the care of the person with whom, they naturally be; but no custody is improper if it is proved to have had a legitimate origin, or the circumstances of the particular case are such as to render such an origin probable.

This explanation applies also to section 81A.

Section 90-A of the Indian Evidence Act,

90A. Presumption as to electronic records five years old.

90-A. Presumption as to electronic records five years old. [Inserted by Act 21 of 2000, Section 92 and Sch.II (w.e.f. 17.10.200).]

Where any electronic record, purporting or proved to be five years old, is produced from any custody which the Court in the particular case considers proper, the Court may presume that the [electronic signature] which purports to be the [electronic signature] [Substituted by the Information Technology (Amendment) Act, 2008 (10 of 2009), Section 52(h) for "digital signature"] of any particular person was so affixed by him or any person authorized by him in this behalf.

Explanation : Electronic records are said to be in proper custody if they are in the place in which, and under the care of the person with whom, they naturally be; but no custody is improper if it is proved to have had a legitimate origin, or the circumstances of the particular case are such as to render such an origin probable. This Explanation applies also to section 81A.]

S. 106 of the Indian Evidence Act

When any fact is especially within the knowledge of any person, the burden of proving that fact is upon him.

Illustrations :

(a) When a person does an act with some intention other than that which the character and circumstances of the act suggest, the burden of proving that intention is upon him.

(b) A is charged with travelling on a railway without ticket. The burden of proving that he had a ticket is on him

Section 164 in The Code of Criminal Procedure, 1973

164. Recording of confessions and statements.-

(1) Any Metropolitan or Judicial Magistrate may, whether or not he has jurisdiction in the case, record any confession or statement made to him in the course of an investigation under this Chapter or under any other law for the time being in force, or at any time afterwards before the commencement of the inquiry or trial; Provided that no confession shall be recorded by a police officer on whom any power of a Magistrate has been conferred under any law for the time

being in force.

(2) The Magistrate shall, before recording any such confession, explain to the person making it that he is not bound to make a confession and that, if he does so, it may be used as evidence against him; and the Magistrate shall not record any such confession unless, upon questioning the person making it, he has reason to believe that it is being made voluntarily.

(3) If at any time before the confession is recorded, the person appearing before the Magistrate states that he is not willing to make the confession. the Magistrate shall not authorize the detention of such person in police custody.

(4) Any such confession shall be recorded in the manner provided in section 281 for recording the examination of an accused person and shall be signed by the person making the confession; and the Magistrate shall make a memorandum at the foot of such record to the following effect.-

"I have explained to (name) that he is not bound to make a confession and that, if he does so, any confession he may make may be used as evidence against him and I believe that this confession was voluntarily made. It was taken in my presence and hearing and was read over to the person making it and admitted by him to be correct, and it contains a full and true account of the statement made by him.

(Signed) A.B. Magistrate".

(5) Any statement (other than a confession) made under sub-section (1) shall be recorded in such manner hereinafter provided for the recording of evidence as is, in the opinion of the Magistrate, best fitted to the circumstances of the case; and the Magistrate shall have power to administer oath to the person whose statement is so recorded.

(6) The Magistrate recording a confession or statement under this section shall forward it to the Magistrate by whom, the case is to be inquired into or tried.

Section 291A in The Code of Criminal Procedure, 1973

291A. [Identification report of Magistrate [Inserted by Act 25 of 2005, Section 24 (w.e.f. 23-6-2006).]

(1) Any document purporting to be a report of identification under the hand of an Executive Magistrate in respect of a person or property may be used as evidence in any inquiry, trial or other proceeding under this Code, although such Magistrate is not called as a witness :

Provided that where such report contains a statement of any suspect or witness to which the provisions of Section 21, Section 32, Section 33, Section 155 or Section 157, as the case may be, of the Indian Evidence Act, 1872 (1 of 1872), apply, such statement shall not be used under this sub-Section except in accordance with the provisions of those Sections.

2) The Court may, if it thinks fit, and shall, on the application of the prosecution or of the accused, summon and examine such Magistrate as to the subject-matter of the said report.]

Section 294 in The Code of Criminal Procedure, 1973

294. No formal proof of certain documents.

(1)Where any document is filed before any Court by the prosecution or the accused, the particulars of every such document shall be included in a list and the prosecution or the accused, as the case may be, or the pleader for the prosecution or the accused, if any, shall be called upon to admit or deny the genuineness of each such document.

(2)The list of documents shall be in such form as may be prescribed by the State Government.

(3)Where the genuineness of any document is not disputed, such document may be read in evidence in any inquiry, trial or other proceeding under this Code without proof of the signature of the person to whom it purports to be signed :Provided that the Court may, in its discretion, require such signature to be proved.

(૨૨) વધુમાં અત્રેની કોર્ટ દ્વારા ક્રિમીનલ ટ્રાયલના અનુસંધાનેના પ્રસ્થાપિત સિદ્ધાંતો પણ ધ્યાને લીધેલ છે, જે મુજબ અત્રે એ નોંધવું પડે કે, કોઈપણ ક્રિમીનલ ટ્રાયલના કામે આરોપીનો મોટીવ, ગુનાહિત ઈરાદો અને તૈયારી કે જે ગુન્હાના આવશ્યક પરીબળો છે તે ધ્યાને લઈ આરોપી વિરૂદ્ધનો તહોમતનામા મુજબનો ગુન્હો શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષ ઉપર પુરાવા કાયદાની કલમ–૧૦૧ મુજબ છે અને ફરિયાદ પક્ષે પોતાનો પુરાવો શંકાથી પર સાબિત કરવાનો છે એનો મતલબ એવો નહીં કે માયનોર કોન્ટ્રાડીકશન અને ઓમીશન ફરિયાદ પક્ષના પુરાવામાં જણાય આવે તો તેને લઈને સમગ્ર ટ્રાયલ ફેટલ થાય. આમ, ક્રિમીનલ જ્યુરીશપ્રુડન્સ મુજબ માયનોર કોન્ટ્રાડીકશન અને ઓમીશન ફરિયાદ પક્ષના પુરાવામાં રહેલ હોય તો તેનાથી સમગ્ર ટ્રાયલ ફેટલ થાય નહીં અને આવા કોન્ટ્રાડીકશન અને ઓમીશન ટુકડાઓમાં ધ્યાને લેવાના નથી પરંતુ ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો સમગ્ર રીતે વંચાણે લઈને ન્યાયિક કાર્યવાહી હાથ ધરવી તેવો પ્રસ્થાપિત સિદ્ધાંત છે. (**Reference is made to judgment of Hon'ble High Court Of Gujarat in the case of Jayanti lal Kuberdas Sharma VS State Of Gujarat Reported in** 2007 (1) **GLR Page No** 99 **And Judgment of Hon'ble Apex Court in a case of Yogeshsingh VS Mahabirsingh reported in** 2016 (0) **AIJEL–SC** 59319)

(૨૩) વધુમાં, અત્રે નોંધવું પડે કે, હાલનો કેસ સાંયોગિક પુરાવાનો કેસ છે અને સાંયોગિક પુરાવાના કેસમાં ફરિયાદ પક્ષે આરોપીને ગુન્હા સાથે સાંકળતી

તમામ કડીઓ નિઃશંકપણે પુરવાર કરવી પડે, અને તે પુરવાર થાય ત્યારબાદ જ આરોપીની જવાબદારી નક્કી થઈ શકે. આ અનુસંધાને નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેવામાં આવેલ છે, જે નીચે મુજબ છેઃ–

(A) 2023 (0) AIJEL-SC 72545 SUPREME COURT OF INDIA IN A CASE OF Rajeshkumar And Another Versus State Of Madhya Pradesh Criminal Appeal No. 793 of 2022 ; 794 of 2022 ; Criminal Appeal No. 795 of 2022 ; dt 21/09/2023 (relevant pera no,14,15,26,27,28,33)

- **(14)** A conspectus of the prosecutions case clearly reveals that it is poised entirely on circumstantial evidence as there was no eyewitness to the kidnapping and murder of Ajit Pal. In a case resting on circumstantial evidence, the prosecution must establish a chain of unbroken events unerringly pointing to the guilt of the accused and none other [See C. Chenga Reddy and others vs. State of A.P, (1996) 10 SCC 193 , Ramreddy Rajesh Khanna Reddy vs. State of A.P., (2006) 10 SCC 172 , Majenderan Langeswaran vs. State (NCT of Delhi) and another, (2013) 7 SCC 192 and Sharad Birdhichand Sarda vs. State of Maharashtra, (1984) 4 SCC 116]. As long back as in the year 1952, in Hanumant vs. State of Madhya Pradesh, (1952) 2 SCC 71 , a 3-Judge Bench of this Court observed as under: It is well to remember that in cases where the evidence is of a circumstantial nature, the circumstances from which the conclusion of guilt is to be drawn should in the first instance be fully established, and all the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused. Again, the circumstances should be of a conclusive nature and tendency and they should be such as to exclude every hypothesis

but the one proposed to be proved. In other words, there must be a chain of evidence so far complete as not to leave any reasonable ground for a conclusion consistent with the innocence of the accused and it must be such as to show that within all human probability the act must have been done by the accused.

- Again, in Padala Veera Reddy vs. State of Andhra Pradesh and others, 1989 Supp (2) SCC 706 , this Court affirmed that when a case rests solely upon circumstantial evidence, such evidence must satisfy the following tests:
- 1. The circumstances from which an inference of guilt is sought to be drawn must be cogently and firmly established;
- 2. Those circumstances should be of a definite tendency unerringly pointing towards guilt of the accused;
- 3. The circumstances, taken cumulatively, should form a chain so complete that there is no escape from the conclusion that within all human probability the crime was committed by the accused and none else; and
- 4. The circumstantial evidence in order to sustain conviction must be complete and incapable of explanation of any other hypothesis than that of the guilt of the accused and such evidence should not only be consistent with the guilt of the accused but should be inconsistent with his innocence.
- **(15)** Applying these standards presently, we find that the prosecution utterly failed to pass muster in establishing its case. There are cavernous gaps in the evidence that the prosecution would offer as an unbroken chain unerringly pointing to the guilt of the appellants. Discrepancies galore in the prosecutions case tear asunder the fabric of its purported version as to how events unfolded. Oftentimes, Courts find that reckless over zealousness and unbridled fervour coupled with scant regard for due procedures and practices on the part of the police, in picking upon those whom they perceive to be the guilty party and then building up a case

against them, accomplishes the direct opposite of what they seek to achieve, by exposing gaping holes and weak links in the chain of evidence that they ultimately offer, as is the situation now.

- **(26)** More recently, in Boby vs. State of Kerala [1] , this Court referred to the decision of the Privy Council in Pulukuri Kotayya vs. King Emperor, AIR 1947 Privy Council 67 , wherein Section 27 of the Evidence Act had been considered at length and it was noted that Section 27 provides an exception to the prohibition imposed by the preceding provisions and enables certain statements made by an accused in police custody to be proved. It was observed that the condition necessary to bring Section 27 into operation is that the discovery of a fact in consequence of information received from a person accused of any offence in the custody of a police officer must be deposed to, and thereupon so much of the information, as relates distinctly to the fact thereby discovered, may be proved. It was observed that normally, Section 27 is brought into operation when a person in police custody produces from some place of concealment some object, such as a dead body, a weapon or ornaments, said to be connected with the crime, of which the informant is accused. However, the Privy Council concluded that the exception to Section 26 added by Section 27 should not be held to nullify the substance of the provision and it would be fallacious to treat the fact discovered as equivalent to the object produced; the fact discovered embraces the place from which the object is produced and the knowledge of the accused as to this, and the information given must relate distinctly to this fact. By way of example, it was elucidated that information supplied by a person in custody that "I will produce a knife concealed in the roof of my house" does not lead to the discovery of a knife; as knives were discovered many years ago, but if it leads to the discovery of the fact that a knife is concealed in the house of the informant to his

knowledge and if the knife is proved to have been used in the commission of the offence, the fact discovered is very relevant. Noting this principle, this Court observed that Section 27 of the Evidence Act requires that the fact discovered embraces the place from which the object is produced and the knowledge of the accused as to this and the information given must relate distinctly to the said fact. [1] Criminal Appeal No. 1439 of 2009, decided on 12.01.2023.

- **(27)** In the case on hand, though Rajesh Yadav was taken to the police station, be it on 29.03.2013 or even earlier, he could not be said to be in police custody till he was arrested at 18:30 hours on 29.03.2013, as he did not figure as an accused in the FIR and was not accused of any offence till his arrest. Therefore, it was his arrest which resulted in actual police custody, and the confession made by him, before such arrest and prior to his being accused of any offence, would be directly hit by Section 26 of the Evidence Act and there is no possibility of applying the exception under Section 27 to any information given by him in the course of such confession, even if it may have led to the discovery of any fact. In consequence, the purported discovery of the dead body, the murder weapon and the other material objects, even if it was at the behest of Rajesh Yadav, cannot be proved against him, as he was not accused of any offence and was not in police custody at the point of time he allegedly made a confession. So too would be the case with Raja Yadav and Om Prakash Yadav, as they also were not named as the accused in the FIR and were not accused of any offence till they were arrested and taken into police custody, well after the recording of their confessions and the alleged seizures based thereon. Needless to state, this lapse on the part of the police is fatal to the prosecutions case, as it essentially turned upon the recoveries made at the behest of the appellants, purportedly under Section 27 of the

Evidence Act.

- **(28)** That apart, the manner in which the Investigating Officer (PW-16) went about drawing up the proceedings forms an important issue in itself and it is equally debilitative to the prosecutions case. In Yakub Abdul Razak Memon vs. State of Maharashtra through CBI, Bombay, (2013) 13 SCC 1 , this Court noted that the primary intention behind the panchnama is to guard against possible tricks and unfair dealings on the part of the officers entrusted with the execution of the search and also to ensure that anything incriminating which may be said to have been found in the premises searched was really found there and was not introduced or planted by the officers of the search party. It was further noted that the legislative intent was to control and check these malpractices of the officers, by making the presence of independent and respectable persons compulsory for search of a place and seizure of an article. It was pointed out that a panchnama can be used as corroborative evidence in the Court when the respectable person who is a witness thereto gives evidence in the Court of law under Section 157 of the Evidence Act. This Court noted that Section 100(4) to Section 100(8) Cr.P.C. stipulate the procedure with regard to search in the presence of two or more respectable and independent persons, preferably from the same locality, so as to build confidence and a feeling of safety and security amongst the public. The following mandatory conditions were culled out from Section 100 Cr.P.C. for the purposes of a valid panchnama:
- (a) All the necessary steps for personal search of officer (Inspecting officer) and panch witnesses should be taken to create confidence in the mind of court as nothing is implanted and true search has been made and things seized were found real.
- (b) Search proceedings should be recorded by the I.O. or some other person under the supervision of the panch witnesses.

- (c) All the proceedings of the search should be recorded very clearly stating the identity of the place to be searched, all the spaces which are searched and descriptions of all the articles seized, and also, if any sample has been drawn for analysis purpose that should also be stated clearly in the Panchanama.
- (d) The I.O. can take the assistance of his subordinates for search of places. If any superior officers are present, they should also sign the Panchanama after the signature of the main I.O.
- (e) Place, Name of the police station, Officer rank (I.O.), full particulars of panch witnesses and the time of commencing and ending must be mentioned in the Panchnama.
- (f) The panchnama should be attested by the panch witnesses as well as by the concerned IO.
- (g) Any overwriting, corrections, and errors in the Panchnama should be attested by the witnesses.
- (h) If a search is conducted without warrant of court Under Section 165 of the Code, the I.O. must record reasons and a search memo should be issued. It was held that a panchnama would be inadmissible in a Court of law if it is recorded by the Investigating Officer in a manner violative of Section 162 Cr.P.C. as the procedure requires the Investigating Officer to record the search proceedings as if they were written by the panch witnesses themselves and it should not be recorded in the form of examining witnesses, as laid down in Section 161 Cr.P.C. This Court concluded, by stating that the entire panchnama would not be liable to be discarded in the event of deviation from the procedure and if the deviation occurred due to a practical impossibility, then the same should be recorded by the Investigating Officer so as to enable him to answer during the time of his examination as a witness in the Court of law.
- **(33)** DNA evidence was also relied upon by the prosecution, by projecting a scenario that Ajit Pal had struggled with his assailant

and in the course of that scuffle, he managed to pull out some hair from the head of his assailant and they remained in his hand till the discovery of his body. DNA analysis of that hair proved that they were those of Rajesh Yadav. However, this story is found to be bereft of logic. According to Raja Yadavs Arrest Memo (Ex. P20), he was 5.8" in height and the prosecution would have it that he caught hold of Ajit Pal, a 15-year-old boy, who was 5.4" in height from behind and Rajesh Yadav, who was 5.7" in height, as per his Arrest Memo (Ex. P36), cut his throat. The possibility of Ajit Pal, held by a much taller Raja Yadav, managing to get his hands on Rajesh Yadavs head, who was also much taller than him, whereby he could have plucked out any hair is inherently improbable. This scenario does not lend itself to credibility and seems to have been concocted so that Rajesh Yadavs hair would be conveniently available for DNA analysis to corroborate the prosecutions case. Further, as there is a doubt as to when Rajesh Yadav was taken by the police and as to whether his hair could have been pulled out by the police while he was in their control, the possibility of such evidence being introduced by the police themselves cannot be ruled out. In Manoj and others vs. State of Madhya Pradesh, (2023) 2 SCC 353 , a 3-Judge Bench of this Court refused to rely on DNA evidence, inter alia, as the genuineness of its recovery was suspect. Presently also, as the source and origin of the DNA evidence, viz., the hair, is rendered suspect, the end result of that DNA analysis serves no real purpose in establishing the prosecutions case.

(૨૪) વધુમાં આરોપીઓ તરફે એવી દલીલ છે કે, આ કામે જે રિકવરી, ડિસ્કવરી કરવામાં આવેલ છે તે પુરવાર થયેલ નથી. આ દલીલના અનુસંધાને અત્રેની કોર્ટ દ્વારા નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા પુરાવા કાયદાની કલમ –૨૭ નાં અનુસંધાને પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત હાલના કેસમાં ધ્યાને લેવો જરૂરી છે, જે

ધ્યાને લેવામાં આવેલ છે, જે મુજબ:– CRIMINAL APPEAL NOS. 6465 OF 2022 Ramanand @ Nandlal Bharti Versus State of Uttar Pradesh dt 13/10/2022 (relevant pera no 64,65,66,67, 68,69,70,71,72)

- **(64)** The conditions necessary for the applicability of Section 27 of the Act are broadly as under:
  (1) Discovery of fact in consequence of an information received from accused;
  (2) Discovery of such fact to be deposed to;
  (3)The accused must be in police custody when he gave information; and
  (4) So much of information as relates distinctly to the fact thereby discovered is admissible – Mohmed Inayatullah v. The State of Maharashtra: AIR (1976) SC 483
- Two conditions for application –(1) information must be such as has caused discovery of the fact; and
- (2) information must relate distinctly to the fact discovered Earabhadrappa v. State of Karnataka: AIR (1983) SC 446”

- **(65)** We may refer to and rely upon a Constitution Bench decision of this Court in the case of State of Uttar Pradesh v. Deoman Upadhyaya reported in AIR (1960) SC 1125, wherein, Paragraph71 explains the position of law as regards the Section 27 of the Evidence Act:

  - “71. The law has thus made a classification of accused persons into two: (1) those who have the danger brought home to them by detention on a charge; and (2) those who are yet free. In the former category are also those persons who surrender to the custody by words or action. The protection given to these two classes is different. In the case of persons belonging to the first category the law has ruled that their statements are not

admissible, and in the case of the second category, only that portion, of the statement is admissible as is guaranteed by the discovery of a relevant fact unknown before the statement to the investigating authority. That statement may even be confessional in nature, as when the person in custody says: “I pushed him down such and such mineshaft”, and the body of the victim is found as a result, and it can be proved that his death was due to injuries received by a fall down the mineshaft.”

- [Emphasis supplied]

- **(66)** The scope and ambit of Section 27 of the Evidence Act were illuminatingly stated in Pulukuri Kottaya and Others v. Emperor, AIR 1947 PC 67, which have become locus classicus, in the following words:
  - "10. ....It is fallacious to treat the “fact discovered” within the section as equivalent to the object produced; the fact discovered embraces the place from which the object is produced and the knowledge of the accused as to this, and the information given must relate distinctly to this fact. Information as to past user, or the past history, of the object produced is not related to its discovery in the setting in which it is discovered. Information supplied by a person in custody that “I will produce a knife concealed in the roof of my house” does not lead to the discovery of a knife; knives were discovered many years ago. It leads to the discovery of the fact that a knife is concealed in the house of the informant to his knowledge, and if the knife is proved to have been used in the commission of the offence, the fact discovered is very relevant. But if to the statement the words be added “with which I stabbed A" these words are inadmissible since they do not relate to the discovery of the knife in the house of the informant."

- **(67)** What emerges from the evidence in the form of panchnama is that the appellant stated before the panch witnesses to the effect that "I will show you the weapon used in the commission of offence". This is the exact statement which we could read from the discovery panchnama and the Investigating Officer also could not have deposed as regards the exact statement other than what has been recorded in the panchnama. This statement does not suggest that the appellant indicated anything about his involvement in concealment of the weapon. Mere discovery cannot be interpreted as sufficient to infer authorship of concealment by the person who discovered the weapon. He could have derived knowledge of the existence of that weapon atthe place through some other source. He may have even seen somebody concealing the weapon, and, therefore, it cannot be presumed or inferred that because a person discovered weapon, he was the person who concealed it, least it can be presumed that he used it. Therefore, even if discovery by the appellant is accepted, what emerges from the panchnama of the discovery of weapon and the evidence in this regard is that he disclosed that he would show the weapon used in the commission of offence. In the same manner we have also perused the panchnama Exh.32 wherein the statement said to have been made by the accused before the panchas in exact words is "the accused resident of Roghada village on his own free will informs to take out cash and other valuables".

- **(68)**. What emerges from the evidence of the investigating officer is that the accused appellant stated before him while he was in custody, “I may get discovered the murder weapon used in the incident”. This statement does not indicate or suggest that the accused appellant indicated anything about his involvement in the concealment of the weapon. It is a vague statement. Mere discovery cannot be interpreted as sufficient to infer authorship of

concealment by the person who discovered the weapon. He could have derived knowledge of the existence of that weapon at the place through some other source also.He might have even seen somebody concealing the weapon, and, therefore, it cannot be presumed or inferred that because a person discovered the weapon, he was the person who had concealed it, least it can be presumed that he used it. Therefore, even if discovery by the appellant is accepted, what emerges from the substantive evidence as regards the discovery of weapon is that the appellant disclosed that he would show the weapon used in the commission of offence.

- **(69)** In Dudh Nath Pandey v. State of U. P., AIR (1981) SC 911, this Court observed that the evidence of discovery of pistol at theinstance of the appellant cannot, by itself, prove that he who pointed out the weapon wielded it in the offence. The statement accompanying the discovery was found to be vague to identify the authorship of concealment and it was held that pointing out of the weapon may, at the best, prove the appellant's knowledge as to where the weapon was kept.

- **(70)** Thus, in the absence of exact words, attributed to an accused person, as statement made by him being deposed by the investigating officer in his evidence, and also without proving the contents of the panchnama (Exh.5), the trial court as well as the High Court was not justified in placing reliance upon the circumstance of discovery of weapon.

- **(71)** If it is the case of the prosecution that the PW2, Chhatarpal Raidas, s/o Rameshwar Raidas had acted as one of the panch witnesses to the drawing of the discovery panchnama, then why the PW2, Chhatarpal Raidas in his oral evidence has not said a word about he having acted as a panch witness and the discovery of the weapon of the offence and blood stained clothes being made in his

presence. The fact that he is absolutely silent in his oral evidence on the aforesaid itself casts a doubt on the very credibility of the two police witnesses i.e. PW6 and PW7 respectively.

- **(72)** In the aforesaid context, we may also refer to a decision of this Court in the case of Bodhraj alias Bodha and Others v. State of Jammu and Kashmir reported in (2002) 8 SCC 45, as under:
  - “18. .....It would appear that under Section 27 as it stands in order to render the evidence leading to discovery of any fact admissible, the information must come from any accused in custody of the police. The requirement of police custody is productive of extremely anomalous results and may lead to the exclusion of much valuable evidence in cases where a person, who is subsequently taken into custody and becomes an accused, after committing a crime meets a police officer or voluntarily goes to him or to the police station and states the circumstances of the crime which lead to the discovery of the dead body, weapon or any other material fact, in consequence of the information thus received from him. This information which is otherwise admissible becomes inadmissible under Section 27 if the information did not come from a person in the custody ofa police officer or did come from a person not in the custody of a police officer. The statement which is admissible under Section 27 is the one which is the information leading to discovery. Thus, what is admissible being the information, the same has to be proved and not the opinion formed on it by the police officer. In other words, the exact information given by the accused while in custody which led to recovery of the articles has to be proved. It is, therefore, necessary for the benefit of both the accused and the prosecution that information given should be recorded and proved and if not so recorded, the exact information must be adduced through evidence. The basic idea

embedded in Section 27 of the Evidence Act is the doctrine of confirmation by subsequent events. The doctrine is founded on the principle that if any fact is discovered as a search made on the strength of any information obtained from a prisoner, such a discovery is a guarantee that the information supplied by the prisoner is true. The information might be confessional or non-inculpatory in nature but if it results in discovery of a fact, it becomes a reliable information. It is now well settled that recovery of an object is not discovery of fact envisaged in the section. Decision of the Privy Council in Pulukuri Kottaya v. Emperor [AIR 1947 PC 67 : 48 Cri LJ 533 : 74 IA 65] is the mostquoted authority for supporting the interpretation that the "fact discovered" envisaged in the section embraces the place from which the object was produced, the knowledge of the accused as to it, but the information given must relate distinctly to that effect. (See State of Maharashtra v. Damu Gopinath Shinde [(2000) 6 SCC 269 : 2000 SCC (Cri) 1088 : 2000 Cri LJ 2301] .) No doubt, the information permitted to be admitted in evidence is confined to that portion of the information which "distinctly relates to the fact thereby discovered". But the information to get admissibility need not be so truncated as to make it insensible or incomprehensible. The extent of information admitted should be consistent with understandability. Mere statement that the accused led the police and the witnesses to the place where he had concealed the articles is not indicative of the information given."

[Emphasis supplied]

(૨૫) અત્રે હાલના કેસમાં ઉપર ચર્ચા કરી તે મુજબ મોટાભાગના સાહેદો, કે જે સ્વાધ્યાય પરિવારનાં અનુયાયીઓ હોય અને આરોપીઓ પણ સ્વાધ્યાય પરિવારનાં અનુયાયીઓ હોય તેઓને બચાવવાના હેતુથી નામદાર કોર્ટ સમક્ષ

તેઓએ સંપૂર્ણ સત્ય હકીકત ન જણાવતા, અર્ધસત્ય હકીકત જણાવેલ છે અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેથી આવા ફરી ગયેલ સાહેદોનો પુરાવો, કે જે હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે જેટલા અંશે સમર્થનકારી જણાઈ આવેલ છે તે ધ્યાને લીધેલ છે. આમ, સાહેદ ફરી ગયેલ હોવા માત્રથી તેમનો પુરાવો ધ્યાને ન લઈ શકાય તેવી આરોપીઓ તરફેની દલીલના અનુસંધાને નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત અત્રેની કોર્ટે ધ્યાને રાખી પુરાવાનું મૂલ્યાંકન હાથ ધરેલ છે.

Reference is made to the Judgment of Hon'ble Apex Court in Criminal Apppeal No. 906 of 2023 in Selavamani vs. The State Rep. By the Inspector or Police, wherein in para 8 to 13 it is held as under :–

8. No doubt that the prosecutrix and her mother and aunt in their cross–examination, which was recorded three and a half months after the recording of the examination–in–chief, have turned around and not supported the prosecution case.

9. A 3–Judge Bench of this Court in the case of Khujji @ Surendra Tiwari v. State of Madhya Pradesh 6 , relying on the judgments of this Court in the cases of Bhagwan Singh v. State of Haryana 7 , Sri Rabindra Kuamr Dey v. State of Orissa 8 , Syad Akbar v. State of Karnataka 9 , has held

that the evidence of a prosecution witness cannot be rejected in toto merely because the prosecution chose to treat him as hostile and cross–examined him. It was further held that the evidence of such witnesses cannot be treated as effaced or washed off the record altogether but the same can be accepted to the extent their version is found to be dependable on a careful scrutiny thereof.

10. This Court, in the case of C. Muniappan and Others v. State of Tamil Nadu 10 , has observed thus: "81. It is settled legal proposition that : (Khujji case, SCC p. 635, para 6) '6. ... the evidence of a prosecution witness cannot be rejected in toto merely because the prosecution chose to treat him as hostile and cross–examined him. The evidence of such witnesses cannot be treated as effaced or washed off the record altogether but the same can be accepted to the extent their version is found to be dependable on a careful scrutiny thereof.'

82. In State of U.P. v. Ramesh Prasad Misra, (1996) 10 SCC 360] this Court held that (at SCC p. 363, para 7) evidence of a hostile witness would not be totally rejected if spoken in favour of the prosecution or the accused but required to

be subjected to close scrutiny and that portion of the evidence which is consistent with the case of the prosecution or defence can be relied upon. A similar view has been reiterated by this Court in Balu Sonba Shinde v. State of Maharashtra, (2002) 7 SCC 543], Gagan Kanojia v. State of Punjab, (2006) 139SCC 516], Radha Mohan Singh v. State of U.P.,(2006) 2 SCC 450], Sarvesh Narain Shukla v. Daroga Singh, (2007) 13 SCC 360] and Subbu Singh v. State, (2009) 6 SCC 462.

83. Thus, the law can be summarised to the effect that the evidence of a hostile witness cannot be discarded as a whole, and relevant parts thereof which are admissible in law, can be used by the prosecution or the defence.

84. In the instant case, some of the material witnesses i.e. B. Kamal (PW 86) and R. Maruthu (PW 51) turned hostile. Their evidence has been taken into consideration by the courts below strictly in accordance with law. Some omissions, improvements in the evidence of the PWs have been pointed out by the learned counsel for the appellants, but we find them to be very trivial in nature.

85. It is settled proposition of law that even if there are

some omissions, contradictions and discrepancies, the entire evidence cannot be disregarded. After exercising care and caution and sifting through the evidence to separate truth from untruth, exaggeration and improvements, the court comes to a conclusion as to whether the residuary evidence is sufficient to convict the accused. Thus, an undue importance should not be attached to omissions, contradictions and discrepancies which do not go to the heart of the matter and shake the basic version of the prosecution's witness. As the mental abilities of a human being cannot be expected to be attuned to absorb all the details of the incident, minor discrepancies are bound to occur in the statements of witnesses. Vide Sohrab v. State of M.P., (1972) 3 SCC 751, State of U.P. v. M.K. Anthony, (1985) 1 SCC 505, Bharwada Bhoginbhai Hirjibhai v. State of Gujarat, (1983) 3 SCC 217, State of Rajasthan v. Om Prakash, (2007) 12 SCC 381, Prithu v. State of H.P., (2009) 11 SCC 588, State of U.P. v. Santosh Kumar, (2009) 9 SCC 626 and State v. Saravanan, (2008) 17 SCC 587" 1011. In the case of Vinod Kumar v. State of Punjab 11 , this Court has observed thus:

"51. It is necessary, though painful, to note that PW 7 was examined-in-chief on 30-9-1999 and was cross-examined on 25-5-2001, almost after 1 year and 8 months. The delay in said cross-examination, as we have stated earlier had given enough time for prevarication due to many a reason. A fair trial is to be fair both to the defence and the prosecution as well as to the victim. An offence registered under the Prevention of Corruption Act is to be tried with all seriousness. We fail to appreciate how the learned trial Judge could exhibit such laxity in granting so much time for cross-examination in a case of this nature. It would have been absolutely appropriate on the part of the learned trial Judge to finish the cross-examination on the day the said witness was examined. As is evident, for no reason whatsoever it was deferred and the cross-examination took place after 20 months. The witness had all the time in the world to be gained over. We have already opined that he was declared hostile and re-examined.

52. It is settled in law that the testimony of a hostile witness can be relied upon by the prosecution as well as

the defence. In re-examination by the Public Prosecutor, PW 7 has accepted about the correctness of his statement in the court on 13-9-1999. He has also accepted that he had not made any complaint to the Presiding Officer of the court in writing or verbally that the Inspector was threatening him to make a false statement in the court. It has also been accepted by him that he had given the statement in the court on account of fear of false implication by the Inspector. He has agreed to have signed his statement dated 13-9-1999 after going through and admitting it to be correct. It hascome in the re-examination that PW 7 had not stated in his statement dated 13-9-1999 in the court that recovery of tainted money was not effected in his presence from the accused or that he had been told by the Inspector that amount has been recovered from the accused. He had also not stated in his said statement that the accused and witnesses were taken to the Tehsil and it was there that he had signed all the memos.

53. Reading the evidence in entirety, PW 7's evidence cannot be brushed aside. The delay in cross-examination

has resulted in his prevarication from the examination–in–chief. But, a significant one, his examination–in–chief and the re–examination impels us to accept the testimony that he had gone into the octroi post and had witnessed about the demand and acceptance of money by the accused. In his cross–examination he has stated that he had not gone with Baj Singh to the Vigilance Department at any time and no recovery was made in his presence. The said part of the testimony, in our considered view, does not commend acceptance in the backdrop of entire evidence in examination– in–chief and the re–examination.

xxx

xxx

xxx

57. Before parting with the case we are constrained to reiterate what we have said in the beginning. We have expressed our agony and anguish for the manner in which trials in respect of serious offences relating to corruption are being conducted by the trial courts:

57.1. Adjournments are sought on the drop of a hat by the counsel, even though the witness is present in court,

contrary to all principles of holding a trial. That apart, after the examination–in–chief of a witness is over, adjournment is sought for cross–examination and the disquieting feature is that the trial courts grant time. The law requires special reasons to be recorded for grant of time but the same is not taken note of.

57.2. As has been noticed earlier, in the instant case the cross–examination has taken place after a year and 8 months allowing ample time to pressurise the witness and to gain over him by adopting all kinds of tactics.

57.3. There is no cavil over the proposition that there has to be a fair and proper trial but the duty of the court while conducting the trial is to be guided by the mandate of the law, the conceptual fairness and above all bearing in mind its sacrosanct duty to arrive at the truth on the basis of the material brought on record. If an accused for his benefit takes the trial on the path of total mockery, it cannot be countenanced. The court has a sacred duty to see that the trial is conducted as per law. If adjournments are granted in this manner it would tantamount to violation of the rule of law and eventually turn such trials to a farce. It is legally

impermissible and jurisprudentially abominable. The trial courts are expected in law to follow the command of the procedure relating to trial and not yield to the request of the counsel to grant adjournment for non–acceptable reasons.

57.4. In fact, it is not at all appreciable to call a witness for cross–examination after such a long span of time. It is imperative if the examination–in– chief is over, the cross–examination should be completed on the same day. If the examination of a witness continues till late hours the trial can be adjourned to the next day for cross–examination. It is inconceivable in law that the cross–examination should be deferred for such a long time. It is anathema to the concept of proper and fair trial.

57.5. The duty of the court is to see that not only the interest of the accused as per law is protected but also the societal and collective interest is safeguarded. It is distressing to note that despite series of judgments of this Court, the habit of granting adjournment, really an ailment, continues. How long shall we say, "Awake! Arise!". There is a constant discomfort. Therefore, we think

it appropriate that the copies of the judgment be sent to the learned Chief Justices of all the High Courts for circulating the same among the learned trial Judges with a command to follow the principles relating to trial in a requisite manner and not to defer the cross–examination of a witness at their pleasure or at the leisure of the defence counsel, for it eventually makes the trial an apology for trial and compels the whole society to suffer chicanery. Let it be remembered that law cannot be allowed to be lonely; a destitute."

12.Relying on the aforesaid judgments, this Court has taken a similar view in the case of Rajesh Yadav and Another v. State of Uttar Pradesh.

13. In the present case also, it appears that, on account of a long gap between the examination–in–chief and cross examination, the witnesses were won over by the accused and they resiled from the version as deposed in the examination–in–chief which fully incriminates the accused. However, when the evidence of the victim as well as her mother (PW–2) and aunt (PW–3) is tested with the

FIR, the statement recorded under Section 164 CrPC and the evidence of the Medical Expert (PW–8), we find that there is sufficient corroboration to the version given by the prosecutrix in her examination–in–chief.

(૨૬) વધુમાં આ કામે મોટેભાગે જે સાહેદોએ સમર્થન કરેલ છે તે પોલીસ સાહેદો છે અને સરકારી સાહેદ, એટલે કે, ડૉકટર સાહેદ છે અને તેથી આરોપીઓ તરફેની એવી દલીલ કે, સદર કેસનો આધાર ફક્ત ડૉકટર સાહેદ અને પોલીસ સાહેદો ઉપર રાખી શકાય નહીં. તેના અનુસંધાને અત્રેની કોર્ટ દ્વારા નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા પ્રસ્તાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લઈ આ કેસના પુરાવાનું મૂલ્યાંકન કરેલ છે.

Reference is made to the judgment of Hon'ble Apex Court in CRIMINAL APPEAL NO. 2363 **OF** 2023 **arising out of SLP** (**Crl**.) **No**. 9710/2023 [**@Diary No**. 16317/2022] **SATHYAN vs**. **State of Kerala, wherein in para** 22 **to** 26 **it is held as under** :–

22. Conviction being based solely on the evidence of police officials is no longer an issue on which the jury is out. In other words, the law is well settled that if the evidence of such a police officer is found to be reliable, trustworthy then basing the conviction thereupon, cannot be

questioned, and the same shall stand on firm ground. This Court in Pramod Kumar v. State (Govt. of NCT of Delhi) . This Court, after referring to State of U.P. v. Anil Singh [1988 Supp SCC 686 : 1989 SCC (Cri) 48] , State (Govt. of NCT of Delhi) v. Sunil [(2001) 1 SCC 652 : 2001 (2013) 6 SCC 58811 SCC (Cri) 248] and Ramjee Rai v. State of Bihar [(2006) 13 SCC 229 : (2007) 2 SCC (Cri) 626] has laid down recently in Kashmiri Lal v. State of Haryana [(2013) 6 SCC 595 : 2013 AIR SCW 3102] that there is no absolute command of law that the police officers cannot be cited as witnesses and their testimony should always be treated with suspicion. Ordinarily, the public at large show their disinclination to come forward to become witnesses. If the testimony of the police officer is found to be reliable and trustworthy, the court can definitely act upon the same. If, in the course of scrutinising the evidence, the court finds the evidence of the police officer as unreliable and untrustworthy, the court may disbelieve him but it should not do so solely on the presumption that a witness from the Department of Police should be viewed with distrust. This is also based on the principle that quality of the evidence

weighs over the quantity of evidence.

23. Referring to State (Govt. of NCT of Delhi) v. Sunil [11], in Kulwinder Singh v. State of Punjab [12] this court held that: –

"23. ... That apart, the case of the prosecution cannot be rejected solely on the ground that independent witnesses have not been examined when, on the perusal of the evidence on record the Court finds that the case put forth by the prosecution is trustworthy. When the evidence of the official witnesses is trustworthy and credible, there is no reason not to rest the conviction on the basis of their evidence."

24. We must note, that in the former it was observed:–

" 21 ... At any rate, the court cannot start with the presumption that the police records are untrustworthy. As a proposition of law the presumption should be the other way around. That official acts of the police have been regularly performed is a wise principle of presumption and recognised even by the legislature... If the court has any good reason to suspect the truthfulness of such records of the police the court could certainly take into account the

fact that no other independent person was present at the time of recovery. But it is not a legally approvable procedure to presume the police action as unreliable to start with, nor to jettison such action merely for the reason that police did not collect signatures of independent persons in the documents made contemporaneous with such actions."

25. Recently, this Court in Mohd. Naushad v. State (NCT of Delhi 13) had observed that the testimonies of police witnesses, as well as pointing out memos do not stand vitiated due to the absence of independent witnesses.

26. It is clear from the above propositions of law, as reproduced and referred to, that the testimonies of official witnesses can not be discarded simply because independent witnesses were not examined. The correctness or authenticity is only to be doubted

on "any good reason" which, quite apparently is missing from the present case. No reason is forthcoming on behalf of the Appellant to challenge the veracity of the testimonies of PW – 1 and PW – 2,

which the courts below have found absolutely to be inspiring in confidence. Therefore, basing the conviction on the basis of testimony of the police witnesses as undertaken by the trial court and is confirmed by the High Court vide the impugned judgement, cannot be faulted with.

(૨૭) વધુમાં આ કામે આરોપીઓ તરફે એવી દલીલ છે કે, જે સાહેદોનાં મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનો નોંધવામાં આવેલ છે તે નિવેદનો નોંધાવનાર સાહેદોએ નામદાર કોર્ટ રૂબરૂ તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનોમાં ફક્ત સહી ઓળખી બતાવેલ છે તેથી આવા નિવેદનો પુરાવામાં વંચાણે લઈ શકાય નહીં. આ દલીલના અનુસંધાને અત્રેની કોર્ટ દ્વારા નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લઈ આ કેસના કામે પડેલ પુરાવાનું મૂલ્યાંકન હાથ ધરેલ છે.

Reference is made to the judgment of Hon'ble Apex Court in Criminal Apeeal no.122 of 2013 in Vijaya Singh & anr. Vs. State of Uttarakhand, wherein it is held in para 27 to 31 as under :–

27.The jurisprudence concerning a statement under Section 164 CrPC is fairly clear. Such a statement is not considered as a substantive piece of evidence, as

substantive oral evidence is one which is deposed before the Court and is subjected to cross–examination. However, Section 157 of Indian Evidence Act, 1872 makes it clear that a statement under Section 164 CrPC could be used for both corroboration and contradiction. It could be used to corroborate the testimonies of other witnesses. In R. Shaji v. State of Kerala, this Court discussed the two–fold objective of a statement under Section 164 CrPC. So far as the statement of witnesses recorded

under Section 164 is concerned, the object is two fold; in the first place, to deter the witness from changing his stand by denying the contents of his previously recorded statement, and secondly, to tide over immunity from prosecution by the witness under Section 164. A proposition to the effect that if a statement of a witness is recorded under Section 164, his evidence in Court should be discarded, is not at all warranted ..." The Court also recognized that the need for recording the statement of a witness under Section 164 CrPC arises when the witness appears to be connected to the accused and is prone to changing his version at a later stage due to influence. The

relevant para reads thus: "16. ... During the investigation, the Police Officer may sometimes feel that it is expedient to record the statement of a witness under Section 164 Code of Criminal Procedure. This usually happens when the witnesses to a crime are clearly connected to the accused, or where the accused is very influential, owing to which the witnesses may be influenced ..."

28. Considering the conceptual requirement of recording a statement before a Judicial Magistrate during the course of investigation and the utility thereof, as prescribed in Section 157 of Evidence Act, it could be observed that a statement under Section 164, although not a substantive piece of evidence, not only meets the test of relevancy but could also be used for the purposes of contradiction and corroboration. A statement recorded under Section 164 CrPC serves a special purpose in a criminal investigation as a greater amount of credibility is attached to it for being recorded by a Judicial Magistrate and not by the Investigating Officer. A statement under Section 164 CrPC is not subjected to the constraints attached with a statement under Section 161 CrPC and the vigour of

Section 162 CrPC does not apply to a statement under Section 164 CrPC. Therefore, it must be considered on a better footing. However, relevancy, admissibility and reliability are distinct concepts in the realm of the law of evidence. Thus, the weight to be attached to such a statement (reliability thereof) is to be determined by the Court on a case–to–case basis and the same would depend to some extent upon whether the witness has remained true to the statement or has resiled from it, but it would not be a conclusive factor. For, even if a witness has retracted from a statement, such retraction could be a result of manipulation and the Court has to examine the circumstances in which the statement was recorded, the reasons stated by the witness for retracting from the statement etc. Ultimately, what counts is whether the Court believes a statement to be true, and the ultimate test of reliability happens during the trial upon a calculated balancing of conflicting versions in light of the other evidence on record.

29. In the present case, the statements of PW–3 and PW–4

were recorded by the Judicial Magistrate on 09.10.2003 i.e. almost 25 days after the incident. Thus, their statements were recorded after the passage of a considerable time and could not be termed as hasty statements as there was sufficient cooling period for the witnesses to think over and contemplate the consequences of their statements. During this entire period, both PW–3 and PW–4 remained with their family and it is not their case that they were kept under influence or were tutored during this period. Pertinently, PW–1 has also deposed that on certain occasions, PW–3 had accompanied the deceased Devaki to her maternal home, which indicates that PW–3 had a sense of attachment with the deceased and the same could have been the reason for giving a statement against her own brother and mother. In fact, the retraction of these statements by PW–3 and PW–4 before the Court appears to be a result of tutoring and manipulation as the said witnesses could have easily been won over by their family members during the intervening period. Furthermore, the witnesses have admitted that the statements were signed by them and there is no suggestion to the effect that the

witnesses could not have understood the statements. The statements have been certified by the concerned Magistrate to the effect that they have been read by the witnesses and their consequences have been explained to the witnesses.

30. PW−3 and PW−4 have deposed that they were under threat from the concerned Investigating Officer who was present along with them before the Magistrate. The concerned Investigating Officer has been examined as PW−8 in the present case and during his examination, there is not even a suggestion from the appellants to the effect that he was present along with PW−3 and PW−4 at the time of recording their statement under Section 164 or to the effect that he had threatened them to give incriminating statements against the appellants. Furthermore, the concerned Magistrate could have been examined as a witness in the present matter to clear the controversy on this aspect and for unexplained reasons, he was never called for examination especially when a completely hostile version was being provided by the witnesses qua the proceedings which were conducted

before him. The appellants failed to place any material on record to justify the allegation of threat and as discussed above, the statements of PW–3 and PW–4 recorded under Section 164 CrPC reflected the correct version of the events that transpired on the fateful day.

31.Having said so, we deem it fit to observe that a statement under Section 164 CrPC cannot be discarded at the drop of a hat and on a mere statement of the witness that it was not recorded correctly. For, a judicial satisfaction of the Magistrate, to the effect that the statement being recorded is the correct version of the facts stated by the witness, forms part of every such statement and a higher burden must be placed upon the witness to retract from the same. To permit retraction by a witness from a signed statement recorded before the Magistrate on flimsy grounds or on mere assertions would effectively negate the difference between a statement recorded by the police officer and that recorded by the Judicial Magistrate. In the present matter, there is no reasonable ground to reject the statements recorded under Section 164 CrPC and reliance has correctly been placed upon the

said statements by the courts below.

(૨૮) વધુમાં અત્રે નોંધવું પડે કે, સદર કેસ વર્ષ ૨૦૦૯ નો છે અને તેથી જે દસ્તાવેજો અગાઉ પુરાવામાં આંકે પડેલ છે તેમાં કેટલાંક અગત્યના દસ્તાવેજો, કે જે આંક–૭૯, ૮૩, ૮૭, ૮૮, ૯૧, ૧૮૪, ૧૮૫, ૧૯૪, ૧૯૬, ૨૧૩, ૨૨૯, ૨૩૪, ૨૩૮, ૨૪૨, ૨૪૪, ૨૫૦, ૨૬૧, ૨૬૪, ૨૬૫, ૨૮૯, ૩૯૪, ૩૯૫, ૩૯૬, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૦૪, ૪૧૩, ૪૧૪, ૪૧૫, ૪૧૬, ૪૧૭ નાં જે રેકર્ડ ઉપર છે તે દસ્તાવેજોનાં અમૂક ભાગ ફાટી ગયેલ હોય અને વાંચી શકાય એમ ન હોય તેથી આ કામની ચાર્જશીટ સાથે સામેલ નકલ સાથે રાખી મૂળ દસ્તાવેજો આ કેસના ન્યાયિક નિર્ણય માટે તેની નકલો સાથે રાખી વંચાણે લેવા જરૂરી હોય, તે બાબતની સ્પે. પ્રોસીક્યુટરશ્રીએ આંક–૪૭૪ થી પુરશીષ આપેલ, જે તમામ આરોપીઓ તથા તેમના વિદ્વાન વકીલશ્રીઓએ કબૂલ રાખેલ હોય, આ દસ્તાવેજોની સાથે ચાર્જશીટમાં સામેલ જે તે દસ્તાવેજની નકલ રાખી વંચાણે લેવામાં આવેલ છે. તેમજ આ કેસનું રેકર્ડ તૈયાર કરવામાં આવે ત્યારે પણ આ દસ્તાવેજની નકલો મૂળ દસ્તાવેજ સાથે જ રાખવાની રહેશે, કે જેથી ભવિષ્યમાં આવા દસ્તાવેજોના અનુસંધાને કાયદાકીય પ્રક્રિયાના ભાગ સ્વરૂપે વંચાણે લેવામાં સરળતા રહે.

(૨૯) વધુમાં અત્રેની કોર્ટ દ્વારા વિદ્વાન પ્રોસીક્યુટરશ્રી તેમજ તમામ આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીઓએ જે દલીલો કરી અને તે દલીલોમાં આ કેસના કામે આંકે પડેલ દસ્તાવેજો સિવાયના જે દસ્તાવેજો આ કેસના રેકર્ડનો ભાગ હોય અને પોતાની દલીલમાં સામેલ કરેલ હોય તેથી તેવા દસ્તાવેજોને આ

કેસના ન્યાયિક નિર્ણય અર્થે આંકે પાડી વંચાણે લેવામાં આવેલ છે, જે દસ્તાવેજોમાં માર્ક–૨૨૦/બી થી અશોકભાઈ એમ. અમીનને નેશનલ હ્યુમનરાઈટ કમીશન દ્વારા જવાબ આપવામાં આવેલ તે તા.૪–૮–૨૦૦૮ નાં પત્રને આંક–સી–૪૮૩ આપવામાં આવેલ છે. વધુમાં આરોપી ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકીનું સાહેદ દેવેન્દ્રભાઈ જીબોધચંદ્ર દવે દ્વારા કરાયેલ ઓળખનું પંચનામું, જે પંચો ઝહીરહુસેન જમીરહુસેન મોમીન તથા દિપકભાઈ મંગળભાઈ કહારનાઓ રૂબરૂ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વી. ડી. સોલંકી, મેટ્રોપોલીટન એરીયા, કોર્ટ નં.૨, અમદાવાદ–નાઓ રૂબરૂનું કરવામાં આવેલ તેને સી.આર.પી.સી. કલમ–૨૯૧(એ) મુજબ આંક–સી–૪૮૪ આપવામાં આવેલ છે. તે જ રીતે સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનને આંક–સી–૪૮૫ આપવામાં આવેલ છે.

(૨૯.૧) તેમજ અરજદાર જનકસિંહ સામંતસિંહ ચૌહાણ નાએ મુદ્દામાલ મારૂતિ વાન નં.જીજે.૧.એચકે.૧૫૬૪ છોડાવવા માટે મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કરેલ મુદ્દામાલ અરજી નં.૭૮/૨૦૦૬, તા.૪–૮–૨૦૦૬ ની અરજી તથા તેની સાથે રજૂ રાખેલ વકીલપત્ર, અરજદારનું ડ્રાઈવીંગ લાયસન્સ, આર.સી. બુકની કોપી, ત. ક. અમલદારનો અભિપ્રાય તથા અભિપ્રાય સાથે આ વાહન કબજે કરેલ તે પંચનામું તેમજ નામદાર કોર્ટમાં અરજી મંજૂર કરતો હુકમ તથા તે હુકમની નામદાર કોર્ટે કરી આપેલ યાદી સહિતના કુલ–૧૧ કાગળોને સંયુક્ત આંક સી–૪૮૬ આપવામાં આવેલ છે.

(૨૯.૨) વધુમાં આ કામના સાહેદ અને મુદ્દામાલ અરજીનાં અરજદાર અનિરૂદ્ધસિંહ દોલુભા જાડેજાનાએ મુદ્દામાલ વાહન ટાટા સુમો નં.જીજે.૧.એઆર.૬૫૪૫ છોડાવવા માટે મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કરેલ મુદ્દામાલ અરજી નં.૭૭/૨૦૦૬, તા.૪-૮-૨૦૦૬ ની અરજી તથા તેની સાથે રજૂ રાખેલ વકીલપત્ર તથા દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ તા.૪-૮-૨૦૦૬, જેમાં આર.સી.બુકની ઝેરોક્ષ નકલ તેમજ સુરેન્દ્રનગર આર.ટી.ઓ.નું નો-ડ્યુ સર્ટીફિકેટ તેમજ વિમા પોલીસીની કોપી તેમજ અન્ય પુરાવાનું લીસ્ટ તા.૧૪-૮-૨૦૦૬, જેમાં આર.આર.ફાઈનાન્સનો દસ્તાવેજ તા.૨૦-૬-૨૦૦૬ નો તથા વેચાણખત તા.૨૧-૬-૨૦૦૫ નો તથા અરજદારનું ડ્રાઈવીંગ લાયસન્સ તથા અરજદારની એફીડેવીટ કે જે તમામ વાહનને લગતા કાગળોમાં અરજદારે પોતે એ. ડી. જાડેજા તરીકે ગુજરાતીમાં સહી કરી રજૂ રાખેલ છે તથા ત. ક. અમલદારનો અભિપ્રાય તથા અભિપ્રાય સાથે આ વાહન કબજે કરેલ તે પંચનામું તથા મુદ્દામાલ પાવતીની કોપી તેમજ નામદાર કોર્ટનો અરજી મંજૂર કરતો હુકમ તથા તે હુકમની નામદાર કોર્ટે કરી આપેલ યાદી સહિતના કુલ-૨૫ કાગળોને સંયુક્ત આંક સી-૪૮૭ આપવામાં આવેલ છે.

(૨૯.૩) વધુમાં આ કામના સાહેદ અને મુદ્દામાલ અરજીનાં અરજદાર શ્રુતીબેન પંકજભાઈ ત્રિવેદી, કે જે મરણજનારનાં પત્નિ હોઈ, તેઓએ મરણજનારની ઈન્ડિકા ગાડી નં.જીજે.૧.એચઈ.૧૫૩૬ છોડાવવા માટે મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કરેલ મુદ્દામાલ અરજી નં.૬૩/૨૦૦૬, તા.૨૬-૬-૨૦૦૬ ની અરજી તથા તેની સાથે રજૂ રાખેલ વકીલપત્ર તથા

દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ તા.૨૬-૬-૨૦૦૬, જેમાં આર.સી.બુકની ઝેરોક્ષ નકલ તેમજ ચૂંટણી કાર્ડ તેમજ ફરિયાદની ઝેરોક્ષ, ઈન્કવેસ્ટ પંચનામાની ઝેરોક્ષ તથા ત. ક. અમલદારનો અભિપ્રાય, જેની સાથે વાહન કબજે કર્યાના પંચનામાની કોપી તથા મુદ્દામાલ પાવતીની કોપી તથા નામદાર કોર્ટનો અરજી મંજૂર કરતો હુકમ તથા તે હુકમની નામદાર કોર્ટે કરી આપેલ યાદી સહિતના કુલ-૧૯ કાગળોને સંયુક્ત આંક સી-૪૮૮ આપવામાં આવેલ છે.

(૨૯.૪) વધુમાં આ કામના સાહેદ અને મુદ્દામાલ અરજીનાં અરજદાર ગીરીશભાઈ પ્રેમજીભાઈ ચૌધરી-નાએ તેમની ટીવીએસ કંપનીની મેક્સ-૧૦૦ મોટર સાયકલ નં. જીજે.૧.ડીએ.૮૪૧૬ ની પરત મેળવવા માટે મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કરેલ મુદ્દામાલ અરજી નં.૯૩/૨૦૦૬, તા.૩૦-૮-૨૦૦૬ ની અરજી તથા તેની સાથે રજૂ રાખેલ વકીલપત્ર તથા દસ્તાવેજી પુરાવા જેમાં પાનકાર્ડની નકલ, આર.સી.બુકની ઝેરોક્ષ નકલ, રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની નકલ, વિમા પોલીસીની નકલ તેમજ ત. ક. અમલદારનો અભિપ્રાય, તેની સાથે વાહન કબજે કર્યાના પંચનામાની કોપી તથા મુદ્દામાલ પાવતીની કોપી તથા નામદાર કોર્ટનો અરજી મંજૂર કરતો હુકમ તથા તે હુકમની નામદાર કોર્ટે કરી આપેલ યાદી સહિતના કુલ-૧૩ કાગળોને સંયુક્ત આંક સી-૪૮૯ આપવામાં આવેલ છે.

(૨૯.૫) વધુમાં આ કામના સાહેદ અને મુદ્દામાલ અરજીનાં અરજદાર દક્ષેશ હસમુખલાલ શાહ-નાએ તેમની ટીવીએસ કંપનીની મોટર સાયકલ નં. જીજે.૧.ઈસી.૬૦૯૪ ની પરત મેળવવા માટે મે. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની

કોર્ટમાં કરેલ મુદ્દામાલ અરજી નં.૯૫/૨૦૦૬, તા.૨–૯–૨૦૦૬ ની અરજી તથા તેની સાથે રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવા જેમાં આર.સી.બુકની ઝેરોક્ષ નકલ, ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ અને વિમા પોલીસીની નકલ તથા નામદાર કોર્ટનો અરજી મંજૂર કરતો હુકમ તથા તે હુકમની નામદાર કોર્ટે કરી આપેલ યાદી સહિતના કુલ–૮ કાગળોને સંયુક્ત આંક સી–૪૯૦ આપવામાં આવેલ છે.

(૨૯.૬) વધુમાં આ કામના આરોપીઓ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા તથા દક્ષેશ હસમુખલાલ શાહ તથા ચંદ્રસિંહ મનુભા જાડેજા તથા ભુપતસિંહ નારુભા જાડેજાનાઓને તા.૪–૭–૦૬ નાં કલાક ૧૫:૩૦ વાગ્યે તથા આરોપી માનસિહ અરજણભાઈ વાઢેરને તા.૫–૭–૦૬ નાં કલાક ૧૫:૩૦ વાગ્યે અટક કરેલ અને નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ, કોર્ટ નં.૨૨, ઘીકાંટા, અમદાવાદ શહેર સમક્ષ રજૂ કર્યા તે પ્રોડક્શન રિપોર્ટ, તા.૫–૭–૦૬ નો, જેમાં પ્રોડક્શનનો હુકમ તથા આરોપીઓનાં વકીલશ્રીઓએ આરોપી સાથે વાત કરવાની પરવાનગી માંગતા તે પરવાનગી આપેલ તે મુજબનો હુકમ, જેમાં આરોપીઓને કાળા માસ્ક સાથે કોર્ટમાં રજૂ રાખેલ તેવી નોંધ, તેમજ તમામ આરોપીઓને પૂછતા તેઓએ પોલીસ વિરૂદ્ધ કોઈ જ રજૂઆત કરેલ નથી તે મુજબની નોંધ સાથે મેજીસ્ટ્રેટશ્રીએ સહી કરેલ છે તેમજ આરોપી નં.૧ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમાએ પોલીસ દ્વારા અયોગ્ય વર્તણૂકની વાત જણાવેલ, પરંતુ ફરિયાદ નોંધાવવા ના પાડેલ તેથી વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તેમજ આરોપી નં.૨ થી ૫ નાઓએ પોલીસ વિરૂદ્ધ અયોગ્ય વર્તણૂકની કોઈ ફરિયાદ કરેલ ન હોય તેવો હુકમ કરી પ્રોડક્શન લેવામાં આવેલ અને રિમાન્ડ અરજી સાંભળવા શરૂ કરેલ તેવા હુકમ

સહિતના પ્રોડક્શન રિપોર્ટને આંક–સી–૪૯૧ આપવામાં આવેલ છે.

(૨૯.૭) વધુમાં આ કામના આરોપીઓ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા તથા દક્ષેશ હસમુખલાલ શાહ તથા ચંદ્રસિંહ મનુભા જાડેજા તથા ભુપતસિંહ નારુભા જાડેજાનાઓ તથા આરોપી માનસિહ અરજણભાઈ વાઢેર–નાઓનાં દિન–૧૫ નાં એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૪૫૪/૨૦૦૬, ઈ. પી. કો. કલમ–૩૦૨ વિગેરેનાં કામે દિન–૧૫ નાં રિમાન્ડ માંગતી ત. ક. અમલદારની રિમાન્ડ અરજી તથા તે લગત નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૨, અમદાવાદ શહેર–નાઓએ આરોપીઓની રિમાન્ડ અરજી અંશતઃ મંજૂર કરી, આરોપીઓને તા.૫–૭–૦૬ થી તા.૧૫–૭–૦૬ નાં કલાક ૧૬:૦૦ સુધીના રિમાન્ડ ઉપર ત. ક. અમલદાર પી.આઈ. ગોહીલને સોંપવાનો હુકમ કરેલ, તેમજ આરોપી નં.૧ હિતેશસિંહ ચુડાસમા તથા આરોપી નં.૫ માનસિહ વાઢેરની મેડિકલ તપાસ કરી આઈ.ઓ.એ તે રિપોર્ટ રજૂ રાખવાનો હુકમ કરેલ, જેને આંક–સી–૪૯૨ આપવામાં આવેલ છે.

(૨૯.૮) વધુમાં ઉપરોક્ત પાંચેય આરોપીઓનાં વિદ્વાન વકીલશ્રીએ મેજીસ્ટ્રેટ સાહેબને રિમાન્ડ મંજૂર કરતો હુકમ સ્ટે કરવા માટેની અરજી આપેલ, જે અરજી નામંજૂર કરતો હુકમ મેજીસ્ટ્રેટ સાહેબે કરેલ તેને આંક –સી–૪૯૩ આપવામાં આવેલ છે.

(૨૯.૯) વધુમાં ઉપરોક્ત પાંચેય આરોપીઓનાં વકીલશ્રીએ નામદાર મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ રિમાન્ડ દરમ્યાન દિવસમાં બે વખત મુલાકાત કરવા

દેવાની અરજી આપેલ, જે મંજૂર કરતો હુકમને આંક–સી–૪૯૪ આપવામાં આવેલ છે.

(૨૯.૧૦) તેમજ આરોપી નં.૫ માનસિહ વાઢેરનાં વકીલશ્રીએ મેજીસ્ટ્રેટશ્રીને તેના રિમાન્ડ મંજૂર થયાં બાદ નામદાર કોર્ટની પરવાનગીથી વકીલ તરીકે જરૂરી માહિતી મેળવેલ અને આરોપીએ તેના હાથ ઉપરનો સોજો બતાવી, પોલીસ દ્વારા સખત દમન ગુજારેલ હોવાનું જણાવેલ, જેની નોંધ કરવાની અરજી, જે નામદાર મેજીસ્ટ્રેટશ્રીએ રિમાન્ડ અરજીના હુકમમાં નોંધ કરેલ હોય, આ અરજી લગત વિશેષ હુકમ કરવાનો રહેતો નથી તેવો હુકમ કરેલ તેને આંક–સી–૪૯૫ આપવામાં આવેલ છે.

(૨૯.૧૧) વધુમાં ઉપરોક્ત પાંચેય આરોપીઓ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા તથા દક્ષેશ હસમુખલાલ શાહ તથા ચંદ્રસિંહ મનુભા જાડેજા તથા ભુપતસિંહ નારુભા જાડેજાનાઓ તથા આરોપી માનસિહ અરજણભાઈ વાઢેર–નાઓએ મેજીસ્ટ્રેટશ્રીનાં રિમાન્ડ મંજૂર કરતા હુકમ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. ક્રિમીનલ અરજી નં.૧૧૪૭/૨૦૦૬ થી ૧૧૫૧/૨૦૦૬ ની કરેલ, જે લગત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૧૨–૭–૨૦૦૬ ના રોજ હુકમ કરી નામદાર મેજીસ્ટ્રેટ સાહેબનો રિમાન્ડ મંજૂર કરતો હુકમ યથાવત રાખેલ તે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં હુકમને આંક–સી–૪૯૬ આપવામાં આવેલ છે.

(૨૯.૧૨) વધુમાં આ કામના સાહેદોએ મરણજનાર તથા અન્ય ઈસમો સામે ગુજરાતની વિવિધ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં જે ફરિયાદો ઈ. પી.

કો. કલમ–૨૯૫(એ), ૫૦૪, ૫૦૦, ૧૧૪ ની કરેલ તે ફરિયાદો રદ્ધ કરાવવા મરણજનાર તથા અન્ય ઈસમો, કે જેમની સામે આ ફરિયાદો દાખલ થયેલ તે ક્વેશ કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ પરચુરણ અરજીઓ દાખલ કરેલ તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તમામ અરજીઓનો સંયુક્ત નિકાલ તા.૯–૩–૨૦૦૬ નાં કોમન ઓરલ જજમેન્ટથી કરી તમામ ફરિયાદો રદ્ધ કરતો હુકમ કરેલ આંક–સી–૪૯૭ આપવામાં આવેલ છે.

(૩૦) વધુમાં આ કામે ફરિયાદ પક્ષે રજૂ કરેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતા આરોપીઓ વિરૂદ્ધનો પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે કુલ–૮૪ સાક્ષીઓ તપાસેલ છે, તેમજ દસ્તાવેજી પુરાવા તરીકે ૮૪ દસ્તાવેજો રેકર્ડ ઉપર રજૂ રાખેલ છે. ઉપરોક્ત પુરાવાનું બારીકાઈથી મૂલ્યાંકન હાથ ધરતા કેટલીક **સ્વીકૃત (એડમીટેડ) અને કેટલીક બિન–પડકારાયેલ(અન ચેલેન્જડ) હકીકત** રેકર્ડ પર આવેલ છે, જે નીચે મુજબ છેઃ–

– આ કામના મરણજનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદી સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હતા અને આરોપીઓ પણ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હતા તેમજ આ કામના સાહેદ PW12, 14, 15, 23, 24, 25, 26, 27, 28, 29, 30, 31,36, 37,38, 39, 54, 76 નાઓ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે, જે સ્વીકૃત હકીકત છે.

– આ કામના મરણજનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીએ સ્વાધ્યાય પરિવારનો વહીવટકર્તાઓ પાસે નાણાકીય મદદ આવેલ તેના

હિસાબની માંગણી કરેલ અને 'અશુભ' નામની પત્રિકા છપાવેલ જેને લઈને સ્વાધ્યાય પરિવારના ઉપર જણાવેલ સાહેદોએ ગુજરાતની વિવિધ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટોમાં મરણજનાર તથા અન્ય વિરોધકર્તાઓ સામે ફોજદારી ફરિયાદો દાખલ કરેલ, જે ફરિયાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રદ્દ કરવામાં આવેલ છે.

– વધુમાં આ કામના આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા તેમજ ભુપતસિંહ નારુભા જાડેજા તેમજ માનસિહ અરજણ વાઢેર તેમજ ચંદ્રકાંત મેઘજી ડાકી –નાઓ બનાવના ત્રણ દિવસ પહેલાં રાજકોટથી અમદાવાદ ખાતે આવે છે અને રોશની ગેસ્ટહાઉસમાં તા.૧૧–૬–૦૬ થી તા.૧૩–૬–૦૬ સુધી રોકાય છે, જેમાં ચંદ્રસિંહ મનુભા જાડેજા રોશની ગેસ્ટહાઉસમાં રજીસ્ટરમાં જે અસલ રજીસ્ટર મુદ્દામાલ આર્ટીકલ નં.૩૮ થી કબજે કરેલ છે જેમાં પોતાના નામની એન્ટ્રી ન કરી 'રાજુભાઈ દવે'નાં નામની એન્ટ્રી કરી અને પોતાની ઓળખ છૂપાવી રહે છે, જ્યાં આરોપી ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ અને આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, કે જે ડી.સી.પી. ઝોન–૧ માં પી.એ. છે, જે મળવા આવે છે અને માલિકને જણાવે છે કે, ઉપરોક્ત ચારેય જણા સ્વાધ્યાય પરિવારના છે અને ખાસ કામે આવેલા છે.

– વધુમાં બનાવના દિવસે તા.૧૫–૬–૦૬ ના રોજ આરોપીઓ ચંદ્રસિંહ મનુભા જાડેજા, ભુપતસિંહ નારુભા જાડેજા તેમજ

માનસિહ અરજણ વાઢેર તેમજ ભરતસિંહ દિલુભા જાડેજા તેમજ ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકી તેમજ જશુભા દોલુભા જાડેજા PW54 અનિરૂદ્ધસિંહ દલુભા જાડેજાની ટાટા સુમો જેનો રજીસ્ટ્રેશન નં. જીજે.૧.એઆર.૬૫૪૭ માં બેસી થેલામાં પ્રાણઘાતક હથિયારો સાથે રાજકોટથી અમદાવાદ મુકામે આવેલા, જે અનિરુદ્ધસિંહની મુદ્દામાલ પરત મેળવવાની અરજીથી રેકર્ડ પર આવેલ છે.

– વધુમાં આરોપીઓ તરફે આંક–૧૩૪ ની કબૂલાત પુરશીષ આપી, ફરિયાદી રમેશ વિશ્વકર્મા મિસ્ત્રી–નાઓની અસલ ફરિયાદ તેમજ ચાર્જ અમલદારનો રિપોર્ટ તેમજ પી.એસ.ઓ.ને મળેલ વર્ધી તેમજ મરનાર પંકજભાઈની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું, તેમજ મોબાઈલ એફ.એસ.એલ. વાનને બોલાવવાની યાદી તથા પરિક્ષણ રિપોર્ટ તેમજ મરણજનારની લાશ ઉપરથી પી.એમ. દરમ્યાન મરનારના કપડાં તથા સેન્ડલ કબજે કરેલ તે પંચનામું તેમજ ગુનાવાળી જગ્યાનો નકશો, તેમજ તેની યાદી તેમજ આરોપી દક્ષેશ હસમુખભાઈનાં ઘરની ઝડતીનું પંચનામું તેમજ આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાના ઘરની ઝડતીનું પંચનામું તેમજ આરોપી ભરતસિંહ જાડેજાના ઘરની ઝડતીનું પંચનામું, આરોપી ચંદ્રકાંત ડાકીનાં ઘરની ઝડતીનું પંચનામું તેમજ ચંદ્રકાંત મેઘજી ડાકીની ફેકટરીનું ઝડતી પંચનામું તેમજ સ્ટેશન ડાયરીનાં ઉતારાની નકલ તેમજ હથિયારબંધીનું જાહેરનામું, કે જે તમામ દસ્તાવેજો આંક–૧૩૪ ની પુરશીષથી આરોપીઓ તરફે કબૂલ રાખેલ, જેને અનુક્રમે

આંક–૧૩૫ થી આંક–૧૪૯ પડેલ છે, તે અત્રે પુરાવા કાયદાની કલમ–૫૮ ની જોગવાઈઓ મુજબ આરોપીઓનાં વકીલશ્રીઓએ નામદાર કોર્ટ રૂબરૂ કબૂલ રાખેલ હોય , તે અત્રે એડમીસીબલ દસ્તાવેજો છે અને બિન–તકરારી દસ્તાવેજો બની જાય છે. તેમજ **નામદાર સુપ્રિમકોર્ટનાં શ્યામનારાયણ રામ વિરૂદ્ધ સ્ટેટ ઑફ યુ.પી., ૨૦૨૪(૦) એઆઈજેઈએલ, એસ.સી.,૭૪૧૫૦ નાં ચુકાદા મુજબ જે દસ્તાવેજો આરોપીઓ તરફે કબૂલ રાખેલ હોય તેના અનુસંધાને સી.આર.પી.સી. કલમ–૨૯૪ મુજબ ફોર્મલ પ્રુફની કોઈ જરૂરિયાત રહેતી ન હોવાનું ઠરાવેલ છે,** જેથી આ દસ્તાવેજો અત્રે બિન–તકરારી દસ્તાવેજો બની જાય છે.

– વધુમાં આંક–૧૩૫ ની ફરિયાદ કબૂલ કરેલ હોય, જે મુજબ ચાર વ્યક્તિઓએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરેલ હોવાનું અને તે પૈકીના એક આરોપી નં.૫ માનસિહ વાઢેરના કપડાં ઉપર તેમજ તેણે શોધી આપેલ પાઈપ ઉપર તેમજ બેઝબોલ સ્ટીક ઉપર મરણજનારનું 'બી' ગૃપનું લોહી મળી આવેલ તે બિન–તકરારી છે.

– વધુમાં PW63 નાં ડૉકટર દિગ્વિજય રણછોડલાલ વાઘેલા–નાઓએ તેમની જુબાનીમાં જણાવેલ મરણજનારનાં લાશ ઉપરની ઈજાઓ તેમજ આંક–૨૮૫ થી રજૂ પી.એમ. નોટ ઉપરની ઈજાઓ બિન–તકરારી છે અને મરનારનું મૃત્યુ એ સાપરાધ મનુષ્ય વધ છે અને આ ઈજાઓ મરણજનારના શરીરના વાઈટલ પાર્ટ ઉપર થયેલ

છે, જે બેઝબોલ સ્ટીક અને પાઈપ જેવા હથિયારો વડે થયેલ હોવાની હકીકત બિન–તકરારી છે.

– વધુમાં બનાવ તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ રાત્રિના આઠથી સવા આઠની વચ્ચે બનેલ છે તેની રાત્રિના સવા આઠ વાગ્યે જાણ કરેલ તે વર્ધી કબૂલ રાખેલ છે, જે એફ.આઈ.આર. નથી, જેની ચર્ચા આગળ વિગતે કરવામાં આવેલ છે.

– બનાવની ફરિયાદ બનાવના દિવસે તુરંત રમેશભાઈ વિશ્વકર્માએ આપેલ તે પણ કબૂલ રાખેલ હોય, તે મુજબ મરણજનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદી બનાવના દિવસે જીમખાનામાંથી નિકળી ગાડીની પાસે ડ્રાઈવર સીટ બાજુ જતા હતા તે વખતે એક મારૂતિ વાન ગુજરાત કોલેજના દરવાજા પાસે ઊભેલ તેમાંથી ચાર માણસો આવે છે અને મરનાર ઉપર જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર જ મૃત્યુ નિપજાવેલ હોવાની હકીકત નિર્વિવાદિત છે.

– ગુનાવાળી જગ્યાનું આંક–૯૧ નું પંચનામું જોતાં તેમાં પૂર્વ બાજુએ ગુનાવાળી જગ્યાએથી ઈલેક્ટ્રીક પોલ નં.BKB3652 નો ૬૫ ફુટના અંતરે આવેલ છે, તેમજ પશ્ચિમે આવેલ ઈલેક્ટ્રીક પોલ નં. BKB3653 કે જે ૩૮ ફુટના અંતરે આવેલ છે. આમ, આ બન્ને ઈલેક્ટ્રીક પોલની વચ્ચે એટલે કે ગુનાવાળી જગ્યાની પશ્ચિમે મરણજનારની મરુન કલરની ટાટા ઈન્ડિકા કાર નં. GJ.01.HE.1536 પાર્ક કરેલી, જેનો ડ્રાઈવર સાઈડનો દરવાજો ખુલ્લો હતો અને પશ્ચિમ બાજુએ એક એસેન્ટ કંપનીનાં માર્કાવાળી

કાર નં.GJ.01.HD.8758 વાળી પડેલ છે, જે બેની વચ્ચે મરણજનાર પંકજ ત્રિવેદીની લાશ હોવાની હકીકત બિન–તકરારી છે.

– વધુમાં આંક–૧૩૫ ની ફરિયાદ મુજબ મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ચાર ઈસમોએ જીવલેણ હથિયારો વડે ખૂન કરેલ હોવાનું બિન–તકરારી છે.

– વધુમાં આ કામે આરોપીઓ તરફે ઈન્કવેસ્ટ પંચનામું કબૂલ કરેલ હોય, મરનારના શરીર ઉપર માથાના ભાગે જે જીવલેણ ઈજાઓ છે તે બિન–તકરારી બની જાય છે.

– વધુમાં એફ.એસ.એલ. વાનના અધિકારીને સ્થળ પર બોલાવેલાની યાદી કબૂલ કરેલ છે, જે મુજબ મરનારની ઈન્ડિકા ગાડી બનાવના સ્થળે પડેલાની અને મરનારના શરીર ઉપર માથાના ભાગે અને શરીરના બીજા ભાગે ઈજાઓ થયેલ અને લોહી નિકળેલ અને એફ.એસ.એલ. અધિકારીએ બનાવ બાદ તુરંત સ્થળ નિરિક્ષણ કરી નમૂનાઓ લેવડાવેલ જે હકીકત નિર્વિવાદિત બની જાય છે.

– વધુમાં મરણજનારનાં કપડાં, જનોઈ, પટ્ટો અને સેન્ડલ પી.એમ. વખતે કબજે કરેલ જેની ઉપર એફ.એસ.એલ.નાં રિપોર્ટ મુજબ મરણજનારનું લોહી આવેલાનું બિન–તકરારી બની જાય છે.

– ફરિયાદ પક્ષે PW6 ઝહીરુદ્દીન સમસુદીન શેખને આંક–૮૬ થી તપાસેલ છે તેની ઊલટ તપાસમાં આરોપીઓ તરફે કબૂલ રાખેલ છે કે, પોલીસે તેમને ચાર આરોપીઓ બતાવેલા અને એ આરોપીઓ

પાસેથી મોબાઈલ કબજે કરવામાં આવેલ તે સીલ કરીને કબજે કરેલ. આમ, બનાવના કામે સૌપ્રથમ ચાર આરોપીઓની અટક કરેલાની હકીકત અને મોબાઈલ કબજે કરેલાની હકીકત નિર્વિવાદિત બની જાય છે, જે પંચનામું આંક–૮૭ વાળું છે તે પંચનામા મુજબ આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા તથા આરોપી ભુપતસિંહ નારુભા જાડેજા તથા આરોપી દક્ષેશ હસમુખલાલ શાહ તથા આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાની અટક અને તેમની પાસેથી મોબાઈલ કબજે કરેલાની હકીકત નિર્વિવાદિત બની જાય છે.

– આ કામના સાહેદ PW54 અનિરુદ્ધસિંહ દલુભા જાડેજા, કે જે જામકંડોરણા રહે છે અને ટાટા સુમો જેનો નં.GJ.01.AR.6547 ની ધરાવે છે જે ગુનાના કામે કબજે કરેલ હોય, વિદ્વાન મેટ્રોપોલીટન કોર્ટમાંથી છોડાવેલ, જે મુદ્દામાલ અરજી નં.૭૭/૦૬, કે જેને આંક–સી–૪૮૭ આપી કોર્ટે વંચાણે લીધેલ છે, તેમાં તેઓએ જણાવેલ છે કે, તેમની આ ગાડી આ કામના આરોપીઓએ ભાડે બાંધી અમદાવાદ મુકામે આવેલ તેવા કારણોસર આ ગાડી કબજે કરેલ. આ હકીકત મુજબ આ કામના આરોપીઓ બીજા કોઈ નહીં પરંતુ બનાવના દિવસે, એટલે કે, તા.૧૫–૬–૦૬ ના રોજ રાજકોટથી અમદાવાદ આવવા નિકળેલ તે ભુપતસિંહ નારુભા જાડેજા, જશુભા દોલુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકી, ચંદ્રસિંહ મનુભા જાડેજા–નાઓને લઈને આ

સાહેદ રાજકોટથી અમદાવાદ આવેલા તે હકીકત નિર્વિવાદિત બની જાય છે.

– વધુમાં અનિરુદ્ધસિંહ દલુભા જાડેજાનું વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ રૂબરૂ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન આંક–પી–૨૫૭ (PW54) વાળું નોંધવામાં આવેલ તેના દરેક પાન ઉપર તેમની સહી હોવાનું કબૂલ રાખતા હોય, જેને આ સાહેદની ઊલટ તપાસમાં આરોપીઓ તરફે પડકારેલ ન હોય, તે નિર્વિવાદિત બની જાય છે.

– આ કામના સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણને આંક–૧૮૧ PW15 થી તપાસેલ જેમનું વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ રૂબરૂ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ, જે ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84) ની જુબાનીમાં તથા ઊલટ તપાસમાં તેને સમર્થન મળતું હોય, જેને બન્ને પક્ષોની દલીલોનાં ભાગ સ્વરૂપે આંક–સી–૪૮૫ આપેલ છે, જે નિર્વિવાદિત બની જાય છે.

– વધુમાં બનાવના દિવસે ધર્મેન્દ્રસિંહે તેની મારૂતિ વાન GJ.01.HK. 1564 આરોપી હિતેશને આપેલી, જેનો ઉપયોગ હાલના ગુનામાં કરેલ છે, તે હકીકત આ મારૂતિ વાન છોડાવવા નામદાર મેટ્રોપોલીટન કોર્ટમાં મુદ્દામાલ અરજી નં.૭૮/૦૬ ની કરેલી, જેને આંક–સી–૪૮૬ આપી વંચાણે લેવામાં આવેલ છે, જે મુજબ અરજદાર જનકસિંહ સામંતસિંહ ચૌહાણ જે સાહેદ ધર્મેન્દ્રસિંહનાં

ભાઈ છે, તેઓએ છોડાવેલ અને હાલના ગુનામાં તે કબજે કરેલ હોવાનું બિન–તકરારી બની જાય છે.

– વધુમાં આ કામે PW37 ચિરાગ વસંતલાલ ઠક્કર, PW38 કૌશલ અશોકભાઈ અમીન, PW39 મનિષ જયંતિભાઈ પટેલ–નાઓનાં વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનો લેવાયેલા અને તે નિવેદનોમાં આ ત્રણેય સાહેદો પોતાની સહી ઓળખી બતાવે છે, જેને આરોપીઓ પક્ષે ઊલટ તપાસમાં પડકારેલ ન હોય અને આ ત્રણેય સાહેદો તેમની જુબાની મુજબ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હોવાની હકીકત પણ પડકારેલ ન હોય, તે નિર્વિવાદિત અને બિન–તકરારી બની જાય છે.

– વધુમાં બનાવ તા.૧૫–૬–૨૦૦૬ નો છે અને આરોપીઓની અટક ઘણાં દિવસો બાદ થયેલ છે અને આ સમયગાળા દરમ્યાન આરોપીઓ તેમની ધરપકડ ટાળતા હોવાનું નિર્વિવાદિતપણે રેકર્ડ પર આવેલ છે.

– વધુમાં આ કામના સાહેદ ગીરીશભાઈ પ્રેમજીભાઈ ચૌધરી આંક–૧૭૬(PW13)નાઓએ વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં મુદ્દામાલ અરજી નં.૯૩/૦૬ ની ટીવીએસ કંપનીની મેક્સ–૧૦૦ મોટર સાયકલ નં.GJ.01.DA.8416 ની પરત મેળવવાની અરજી કરેલ, જે આંક–સી–૪૮૬ થી રજૂ છે, તે મુજબ આ ગુનાના કામે આ મોટર સાયકલ ઉપયોગમાં લેવાયેલ હોય, કબજે કરવામાં

આવેલ તે હકીકત નિર્વિવાદિત બની જાય છે.

– વધુમાં આ કામના આરોપી દક્ષેશ હસમુખલાલ શાહ–નાઓએ વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં મુદ્દામાલ અરજી નં.૯૫/૦૬ ની ટીવીએસ કંપનીની મોટર સાયકલ નં.GJ.01.EC.6094 ની પરત મેળવવાની અરજી કરેલ, જે આંક–સી–૪૯૦ થી રજૂ છે, તે મુજબ આ ગુનાના કામે આ મોટર સાયકલ ઉપયોગમાં લેવાયેલ હોય, કબજે કરવામાં આવેલ તે હકીકત નિર્વિવાદિત બની જાય છે, જે મોટર સાયકલ આ આરોપીનાં નામે જ છે, જેને હાલના ગુનામાં ઉપયોગ કરેલ હોય, કબજે કરવામાં આવેલ છે. આ હકીકત ને આઈ.ઓ.ની ઊલટ તપાસમાં પડકારેલ નથી. તેમજ આંક–૧૩૪ ની પુરશીષ મુજબ આ જ આરોપી દક્ષેશભાઈ હસમુખભાઈ શાહનાં મકાનની ઝડતીનું પંચનામું આંક–૧૪૩ થી રેકર્ડ પર છે, જે મુજબ દલીલના તબક્કે આ આરોપી તરફે એવી તકરાર લેવામાં આવેલ કે, આંક–૧૩૪ ની પુરશીષમાં તેમની સહી નથી, પરંતુ આ આંક–૧૪૩ નું પંચનામું તથા આ મુદ્દામાલ અરજી જોતાં તેમાં જે હકીકત દર્શાવેલ છે તે હકીકત ને આ આરોપી તરફે ત. ક. અમલદારની આંક–૩૯૧(PW84)ની ઊલટ તપાસમાં પડકારવામાં આવેલ નથી, એટલે કે, આંક–૧૩૪ વાળી પુરશીષ આરોપી નં.૩,૫,૧૦ તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી એમ. કે. શ્રીવાસ્તવ દ્વારા દલીલમાં જે તકરાર લેવામાં આવેલ કે આ પુરશીષ તેઓએ કબૂલ રાખેલ નથી, તે તકરાર ટકી શકે નહીં, કારણ કે, ત.

ક. અમલદારની આરોપી નં.૨,૪,૭,૮ તરફેની ઊલટ તપાસ તેમણે એડોપ્ટ કરેલી છે અને જેટલી ઊલટ તપાસ કરી છે તેમાં આ પુરશીષ મુજબના દસ્તાવેજોને પડકારેલા નથી. આમ, સીધું નહીં, પરંતુ આડકતરી રીતે આ આંક–૧૩૪ નાં દસ્તાવેજો આરોપી નં.૩,૫,૧૦ તરફે પણ કબૂલ રાખેલ હોય, તે બિન–તકરારી બની જાય છે.

<u>મુદ્દા નં.૧ થી ૫ ની સંયુક્ત ચર્ચાઃ</u>–

(૩૧) અત્રે ઉપરોક્ત તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, તેમજ આ મુદ્દાઓની ચર્ચા વખતે પુરાવાનું પુનરાવર્તન ન થાય તે હેતુથી તમામ મુદ્દાઓની સંયુક્ત ચર્ચા અત્રે હાથ ધરવામાં આવેલ છે.

(૩૨) ઉપર ચર્ચા કરી તે મુજબ જે સ્વીકૃત અને બિન–પડકારેલ હકીકત છે તેમજ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને રાખી, આ કામે જે પુરાવો રેકર્ડ પર આવેલ છે તે મુજબ ફરિયાદ પક્ષે આંક–૩૪ થી આરોપીઓ સામે જે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે તહોમતનામાના અનુસંધાને ફરિયાદ પક્ષે પુરવાર કરવું પડે કે, બનાવની તારીખે અને બનાવના સમયે તેમજ તે પહેલાં આ કામના આરોપીઓએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરવાનો તેઓનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું રચી ખૂન કરેલ છે તેમજ આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી–નાએ

મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ઈરાદાપૂર્વક તથા એવા જ્ઞાન સાથે તેનું મોત નિપજશે તેવી જાણકારી સાથે મરનારના માથાના ભાગે, માથાના પાછળના ભાગે, ખોપડીનાં ભાગે તથા શરીર ઉપર મારક જીવલેણ હથિયારો જેવા કે, બેઝબોલ બેટ તથા પાઈપો વડે જીવલેણ ગંભીર ઈજાઓ પહોંચાડી, મરનાર પંકજભાઈનું મોત નિપજાવી ખૂન કરેલ છે, તેમજ આરોપી નં.૨ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, નં.૩ દક્ષેશ હસમુખલાલ શાહ, નં.૬ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, નં.૭ ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ, નં.૮ ભરતસિંહ દીલુભા જાડેજા, નં.૧૦ જશુભા દોલુભા જાડેજા–નાઓએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ નિપજાવવાના ઈરાદે અને તેવા જ્ઞાન સાથે અને મૃત્યુ નિપજશે તેવી જાણકારી સાથે પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું રચી, ગુનાહિત કાવતરામાં આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી સાથે સામેલ થઈ, ગુનાહિત કાવતરાને મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ નિપજાવી, આખરી અંજામ આપી, પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું પાર પાડેલ છે અને આમ તમામ આરોપીઓએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરી, તે ખૂન માટે જવાબદાર હોવાનું તેમજ આરોપીઓએ બનાવ વખતે બળ તથા હિંસાનો ઉપયોગ કરી, હુલ્લડ કરેલ હોવાનું તેમજ આરોપીઓએ ગેરકાયેદસરની મંડળી રચી, તેના સભ્ય હોવાને નાતે તેમનો સામાન્ય ઈરાદો મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરવાનો હોય, તે ઈરાદો પાર પાડવાના હેતુથી અન્ય આરોપીઓની મદદથી મરનાર પંકજભાઈનું ખૂન કરેલ હોવાની હકીકત પુરવાર કરવી પડે અને તે માટે ફરિયાદ પક્ષે કુલ ૮૪ સાક્ષીઓ તપાસેલા છે અને ૮૪

દસ્તાવેજો રજૂ રાખેલ છે, જે પડેલ પુરાવાનું બારીકાઈથી અત્રેની કોર્ટ દ્વારા નીચે મુજબ મૂલ્યાંકન હાથ ધરવામાં આવેલ છે.

<u>પ્રથમ બાતમી અહેવાલ(ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ)(F.I.R.)</u>

(૩૩) અત્રે બનાવ બન્યો તે દિવસે મરણજનાર એલીસબ્રીજ જીમખાનામાં આવેલ હતા તેના અનુસંધાને ફરિયાદ પક્ષે સાહેદ નિલેશભાઈ જલાજરાય ભટ્ટને આંક–૮૫(PW5)થી તપાસેલ છે, જે બનાવ બન્યો તે જીમખાનામાં હાઉસકીપીંગ સુપરવાઈઝર તરીકે વર્ષ ૨૦૧૦ સુધી નોકરી કરતા હતા, તેમની નોકરીનો સમય સવારના ૧૦ થી ૬ સુધીનો હતો અને પોલીસે તેમને પંકજ ત્રિવેદીનાં બનાવ બાબતે પૂછેલ અને પંકજ ત્રિવેદીનાં જીમખાનામાં આવેલ રજીસ્ટર બાબતે નોંધ કરેલી હોય તેવું પૂછેલ, પરંતુ આ સાહેદ નોંધ કરેલી કે કેમ તેવું જણાવતા નથી, પરંતુ પડેલ પુરાવાને આધારે પંકજ ત્રિવેદી એલીસબ્રીજ જીમખાનામાં સભ્ય હતા તેવું પુરવાર થયેલ છે, જે આંક–૧૩૫ ની ફરિયાદથી પુરવાર થાય છે, જે આરોપીઓ તરફે કબૂલ રાખેલ હોય, ભારતીય પુરાવા કાયદાની કલમ–૫૮ મુજબ પુરવાર થયેલ છે, જેમાં સ્પષ્ટ લખેલ છે કે, લાલ કલરની ઈન્ડિકા નં.જીજે.૧.એચઈ. ૧૫૩૬ માં એક ભાઈ આવેલા, જેમને ફરિયાદીએ ગાડી પાર્ક કરવા માટે સામે ગાડી પાર્ક કરવી તેવું જણાવેલ, કારણ કે, જીમખાનામાં સુથારીકામ ચાલતું હતું. આ હકીકતને આરોપીઓ તરફે કોઈ જ રીતે પડકારેલ નથી. તેમજ શ્રુતિબેને આંક–સી–૪૮૮ થી ઈન્ડિકા ગાડી છોડાવવા માટે જે અરજી કરેલી તે મુજબ લાલ કલરની ઈન્ડિકા ગાડી મરણજનારની હતી અને તે લઈને જીમખાનામાં તેઓ બનાવના દિવસે ગયેલા અને ત્યાંથી પરત આઠ

વાગ્યે નિકળીને તેમની ઈન્ડિકા ગાડી તરફ ડ્રાઈવર સીટ તરફ જાય છે ત્યારે આ બનાવ બનેલ છે. આમ, બનાવના દિવસે મરણજનાર જીમખાનામાં આવેલ હતા તે અત્રે પુરવાર થયેલ છે.

(૩૩.૧) આ ગુનાના કામે ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપીઓ તરફે આંક–૧૩૪ થી પી.એસ.ઓ.ને જે વર્ધી મળેલ તે વર્ધી કબૂલ રાખવામાં આવેલ છે, જે આંક–પી–૧૩૭ થી રેકર્ડ ઉપર છે, જે વર્ધી મુજબ એલીસબ્રીજ જીમખાનાનાં માણસ રિકીન રાવપુરાએ જણાવેલ કે, જીમખાનાનાં પાર્કીંગનાં પાછળના ભાગે એક જણાને મારેલ છે અને ગલીમાં પડેલ છે. આ વર્ધી તા.૧૫–૬–૦૬ ની કલાક ૨૦:૧૫ વાગ્યે રાત્રે આપેલ છે. આ વર્ધી જોતાં તેમાં આરોપીઓના નામ જણાવેલ નથી અને ગુનાની કોઈ વિગત પણ જણાવેલ ન હોય તેને આ કામની એફ.આઈ.આર. ગણી શકાય નહીં, પરંતુ એટલું ચોક્કસથી કહી શકાય કે, આ ગુનો બન્યાની જાણ તુરંત જ રિકીન રાવપુરાએ કરેલ, જે એલીસબ્રીજ જીમખાનાના કર્મચારી છે, જેમને ફરિયાદ પક્ષે આંક–૮૪(PW4) થી તપાસેલા છે, તેમની જુબાનીમાં તે જણાવે છે કે, તેઓ રિદ્ધિ એપાર્ટમેન્ટ, વાસણા, અમદાવાદ મુકામે તેમના પરિવાર સાથે રહે છે અને બનાવ બન્યાના આઠ મહિના પહેલાં એલીસબ્રીજ જીમખાનામાં રીસેપ્શનીસ્ટ તરીકે નોકરી કરતા હતા અને હાલમાં પણ કરે છે અને તેમની નોકરીનો સમય રોટેશન મુજબ આવે છે. બનાવના સમયે નોકરીનો સમય બપોરના ૩ થી રાત્રિના ૧૧ સુધીનો હતો. તેમજ એવું પણ જણાવે છે કે, બનાવમાં બે–ત્રણ સિક્યુરીટીવાળાઓએ તેમને આવીને કહેલ કે, જીમખાના પાછળ બબાલ થઈ છે, તમો એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં

ફોન કરો, જેથી આ સાહેદે ફોન કરી પોલીસને જીમખાનાની પાછળ બબાલ થયેલાનું જણાવેલ. હવે, આ સાહેદ તેમના સિક્યુરીટીવાળા બદ્રીસિંહે તેમને આ બબાલ અંગેની હકીકત જણાવેલ કે કેમ તે જણાવતા નથી, પરંતુ એટલું તો ચોક્કસ જણાવે છે કે, તેમના સિક્યુરીટીવાળાએ તેમને જાણ કરેલી અને તેથી આ સાહેદે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં આંક–૧૩૭ વાળી વર્ધી આપેલી, જે વર્ધી આરોપીઓ તરફે કબૂલ કરેલ છે, જેથી આ સાહેદ પોતે એલીસબ્રીજ જીમખાનાના રીસેપ્શન ઉપર બેસતા હોય, સ્વાભાવિક રીતે જીમખાનાના પાછળના ભાગે આ બનાવ બન્યો હોય તો તેની જાણ ત્યાં જીમખાના પાછળ રહેલ જીમખાનાના સિક્યુરીટીનાં માણસ તેમને આવીને કરે, કે જે બબાલ તેમના જીમખાનાના પાછળના ભાગે બનેલ હતી. હવે સિક્યુરીટીનાં કર્મચારીનું નામ ન જણાવવા માત્રથી આંક–૧૩૭ ની વર્ધી નિરર્થક બની જાય નહીં. તેમજ આ સાહેદે પાછળથી એવું પણ જાણેલ કે, મારૂતિ વાનમાં ચાર અજાણ્યા માણસો બેસીને આવેલ અને તેઓએ બેઝબોલ સ્ટીક વડે અને બીજા હથિયારોથી પંકજભાઈ ઉપર હુમલો કરી મોત નિપજાવેલ. હવે, આ સાહેદની ઉપરોક્ત હકીકત ને આરોપીઓ તરફે પડકારેલ નથી, તે જોતાં ઉપરોક્ત હકીકત નિર્વિવાદિત બની જાય છે, એટલે કે, આરોપીઓને આ સાહેદ જે જણાવે છે તે બાબતે કોઈ તકરાર સરખી રહેતી નથી, એટલે કે, આરોપીઓ તરફે આ હકીકત બિન–પડકારાયેલ હકીકત છે, જે ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે.

(૩૩.૨) વધુમાં આ કામે ફરિયાદ પક્ષે સાહેદ વિશ્વજીતસિંહ કિરીટસિંહ રાણાને આંક–૨૮૦(PW61)થી તપાસેલા છે, જેમની જુબાની જોઈએ તો,

જણાવે છે કે, ૨૦૦૬ નાં અરસામાં તેઓ વેજલપુર પોલીસ સ્ટેશનમાં નોકરી કરતા હતા અને તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ નોકરી પૂરી કરી એલીસબ્રીજ પોલીસ લાઈન તરફ જતા હતા ત્યારે ૧૩ થી ૧૫ વર્ષના છોકરાએ આ સાહેદને પોલીસ યુનિફોર્મમાં જોઈ, ઊભો રાખી, બે મોટરકાર વચ્ચેની જગ્યા બતાવેલ, જ્યાં એક માણસ ઈજાગ્રસ્ત હાલતમાં લોહીલુહાણ પડેલ હતો, જે મરણ ગયેલ હતો તેવું લાગતા છોકરાને પૂછેલ તેથી છોકરાએ જણાવેલ કે, પંદર મિનિટ અગાઉ કોઈએ મારેલ છે, તેથી આ સાહેદે સર્વેલન્સ સ્કવોડનાં પી.એસ.આઈ. ડી.એન. પટેલ નાઓને પોતાના મોબાઈલ ઉપરથી ફોન કરેલ, પરંતુ તે ચાલુ આવતો હોય, થોડીવાર પછી શ્રી ડી.એન.પટેલે આ સાહેદને વળતો ફોન કરેલ તેથી આ સાહેદે જણાવેલ કે, એલીસબ્રીજ જીમખાના ખાતે મર્ડર થયેલ છે અને એક લાશ પડેલ છે, જેથી શ્રી ડી.એન. પટેલ ગુનાવાળી જગ્યાએ આવેલા અને તેમની સાથે એ.સી.પી. ચુડાસમા સાહેબ આવી ગયેલ અને આ સાહેદ ત્યાંથી પોતાના ઘરે જતા રહે છે. હવે, આ સાહેદની આરોપીઓ તરફેની ઊલટ તપાસ જોઈએ તો, એવો પ્રયત્ન કરેલ છે કે, ઘટનાસ્થળે જવાવાળા તે પહેલા હતા અને ત્યાં પંદર–વીસ મિનિટ રોકાયેલા હતા અને આ છોકરા સિવાય અન્ય કોઈએ બનાવ જોયો હોય તેવી વિગત જાહેર થયેલ નથી. તેમજ એવો પ્રયત્ન કરેલ છે કે, આ બનાવ નજરે જોનાર છોકરો તેમને મળેલ હોવા છતાં ત. ક. અમલદાર સાથે મળીને આરોપીઓને ખોટા સંડોવવા ખોટો જવાબ ઊભો કરેલ છે, પરંતુ આ હકીકત જ્યારે આ સાહેદે જણાવેલ હોય તો તેના અનુસંધાને જે કાર્યવાહી શ્રી ડી. એન. પટેલે સ્થળ પર આવી કરેલ છે તેનો ઈન્કાર થઈ શકે નહીં અને આ સાહેદની ઊલટ તપાસમાં એવી કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે

આ સાહેદે બનાવની જાણ પોતાના મોબાઈલથી શ્રી ડી.એન. પટેલને કરેલ નથી. આમ, આરોપીઓ તરફેની ઊલટ તપાસ જોતાં કોઈ એવી હકીકત નિકળી આવતી નથી કે જે આરોપીઓને મદદરૂપ થઈ શકે.

(૩૩.૩) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ દશરથભાઈ નાથુભાઈ પટેલને આંક–૨૮૨(PW62)થી તપાસેલા છે, જે તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ડીસ્ટાફ પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે રાત્રિના ૨૦:૧૫ કલાકે વિશ્વજીત રાણાનો ફોન આવેલ અને તેમને બીજે વાત ચાલુ હોય વાત કરી શકેલ નહીં, પરંતુ તેઓએ વિશ્વજીતને પછી ફોન કરેલ, જેથી વિશ્વજીતે જણાવેલ કે, એલીસબ્રીજ જીમખાના ખાતે મર્ડર થયેલ છે અને લાશ પડેલ છે, જેથી આ સાહેદ ગુનાવાળી જગ્યાએ જાય છે અને તે લાશ પંકજ ત્રિવેદીનું હોવાનું જાણવા મળેલ છે અને ત્યારબાદ તરત જ તેમના પોલીસ સ્ટેશનનાં પી.આઈ. શ્રી પટેલ સાહેબને મોબાઈલ ફોનથી જાણ કરે છે અને જે પી.આઈ.શ્રી પણ સ્થળ પર આવે છે અને અન્ય અધિકારી પણ સ્થળ પર આવે છે અને કાયદેસરની કાર્યવારી ચાલુ કરે છે અને જે લાશ પંકજભાઈ ત્રિવેદીની હોવાનું આ સાહેદ જણાવે છે. હવે, આ સાહેદની આરોપી નં.૯ તરફે જે ઊલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેમની કામગીરીને લગતા પ્રશ્નો પૂછેલ છે અને બનાવના સ્થળે વાહનના વ્હીલમાર્ક જોવા મળેલ કે કેમ, તેવો પ્રશ્ન પૂછેલ છે. તો અત્રે નોંધવું પડે કે, હાલના કામે ફરિયાદ પક્ષનો એવો કોઈ કેસ નથી કે બનાવના સ્થળે કોઈ વાહન પૂરઝડપે આવેલ હોય અને અચાનક બ્રેક મારેલ હોય કે જેથી વ્હીલમાર્ક રોડ પર ઉપસી આવે, પરંતુ

આંક–૧૩૫ ની ફરિયાદ મુજબ એક મારૂતિ વાન, કે જે ગુજરાત કોલેજના પાછળના દરવાજા પાસે ઊભેલ અને તે સફેદ મારૂતિમાંથી ચાર માણસો આવે છે, આવી ફરિયાદ છે. એટલે કે, બનાવવાળી જગ્યાએ પૂરઝડપે મારૂતિ વાન આવી હોય અને બ્રેક મારી હોય તેવો કેસ જ નથી, જેથી વ્હીલમાર્કનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. આમ, આ સાહેદની સમગ્ર ઊલટ તપાસ, કે જે અન્ય આરોપીઓએ પણ કબૂલ રાખેલ છે, તે મુજબ આ સાહેદે જે હકીકત ગુનાના અનુસંધાનેની લખાવી તેને કોઈ જ રીતે પડકારેલ નથી.

(૩૩.૪) આમ, આ કામનો બનાવ તા.૧૫–૬–૦૬ નાં રાત્રિના કલાક ૮ થી ૮:૧૫ ની વચ્ચે બનેલ છે અને ત્યારબાદ એલીસબ્રીજનાં પી.આઈ. શ્રી પટેલ ગુનાવાળી જગ્યાએ જાય છે અને ત્યાં મરનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલ છે, જે રાત્રિના ૧૦:૦૦ કલાકે પૂરું કરેલ. આ ઈન્કવેસ્ટ પંચનામું આંક–૧૩૮ થી રેકર્ડ પર છે, જે રાત્રિના ૨૧:૦૦ કલાકે શરૂ કરેલ અને રાત્રિના ૨૨:૦૦ વાગ્યે પૂરું કરેલ છે અને આ જ સમયગાળા દરમ્યાન એફ.એસ.એલ.નાં અધિકારીને પણ ગુનાવાળી જગ્યાએ બોલાવવામાં આવેલ છે તે યાદી આંક–૧૩૯ થી રેકર્ડ પર છે, જે એફ.એસ.એલ. અધિકારીએ આંક–૧૩૯ ની યાદીના પાછળના ભાગે જ શ્રી આર.એમ.પટેલ, પી.આઈ. ઈન્ચાર્જ, એલીસબ્રીજ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર–નાઓને હાલના ગુના સબબ પોતે ગુનાવાળી જગ્યાએ પ્રાથમિક એફ.એસ.એલ. પરિક્ષણનો રિપોર્ટ આપેલ તે તા.૧૫–૬–૦૬ કલાક ૨૧:૪૦ થી ૨૨:૪૫ દરમ્યાન સ્થળ પરિક્ષણ કરીને આપેલ છે અને ગુનાવાળી જગ્યાએથી પરિક્ષણ માટે લોહીવાળી માટી તથા કન્ટ્રોલ માટી કબજે કરવાની

સૂચના આપવામાં આવે છે. તેમજ આ ઈન્કવેસ્ટ પંચનામું રાત્રિના દસ વાગ્યે પૂર્ણ કરવામાં આવે છે અને ત્યારબાદ એલીસબ્રીજ જીમખાનાના સિક્યુરીટી વોચમેન રમેશ વિશ્વકર્માએ આપેલ ફરિયાદ તેમના લખાવ્યા મુજબ રાત્રિના કલાક ૧૦:૧૫ થી ૧૧:૧૫ દરમ્યાન લીધેલી, જેમાં ચાર વ્યક્તિઓએ બેઝબોલ સ્ટીક તથા હથિયારો વડે મરનારનું મૃત્યુ નિપજાવેલાનું જણાવેલ છે, જેથી પી.આઈ. શ્રી પટેલે ફરિયાદ લીધા બાદ તુરંત જ એલીસબ્રીજ પોલીસ સ્ટેશનનાં પી.એસ.ઓ. મંગળભાઈ ભુલાભાઈ ઝાલાને ગુનો નોંધવા મોકલેલ, જે પી.આઈ. શ્રી રમેશચંદ્ર માધવલાલ પટેલની આંક–૩૬૭(PW81)ની જુબાનીથી પુરવાર થાય છે, જેમાં તેઓ જણાવે છે કે, તા.૧૫–૬–૦૬ ના રોજ એલીસબ્રીજ ખાતે પી.આઈ. તરીકે ફરજ પર હતા ત્યારે ફરિયાદી રમેશ નાથુરામ વિશ્વકર્માએ ફરિયાદ હકીકત જાહેર કરેલી, જે તેમના લખાવ્યા મુજબની આ સાહેદે લખી લીધેલ અને તે ફરિયાદમાં આ સાહેદ ફરિયાદીની તથા પોતાની સહી કબૂલ રાખે અને સી.આર.પી.સી. કલમ–૧૫૭ નો રિપોર્ટ કરેલ, જે આ કામે આંક–૧૩૬ થી રેકર્ડ પર રાખેલ છે, તેમજ મરણજનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલ, જે આંક–૧૩૮ વાળું છે, તેમજ આંક–૯૧ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું પણ તેઓએ કરેલ અને સાહેદ રીકીન તથા બદ્રીનાથનાં નિવેદન તેમના લખાવ્યા મુજબના લખેલા, જે સાહેદ રીકીન મહેશભાઈ રાણપરાનું નિવેદન નોંધેલ. હવે આરોપીઓ તરફેની આ સાહેદની ઊલટ તપાસ જોઈએ તો, એવું સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે કે, રીકીન રાણપરા એલીસબ્રીજ જીમખાનામાં રીસેપ્શનીસ્ટ તરીકે ફરજ પર હતા અને આંક–૧૩૫ વાળી ફરિયાદ તથા આંક–૧૩૬ નાં સી.આર.પી.સી. કલમ–૧૫૭ નાં રિપોર્ટ

તેમજ આંક–૧૩૭ ની વર્ધીનાં અનુસંધાને કોઈ જ તકરાર કે કોઈ જ પ્રશ્નો પૂછેલ ન હોય, આ ત્રણેય દસ્તાવેજો આરોપીઓ તરફે કબૂલ રાખેલ હોય તેવું અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે. એટલે કે, આરોપી નં.૩, ૫,૧૦ તરફે જે દલીલમાં તકરાર લેવામાં આવેલ છે કે, આંક–૧૩૪ ની પુરશીષમાં તેમની સહી નથી અને તે પુરશીષ મુજબના દસ્તાવેજો કબૂલ રાખેલ નથી, તે અત્રે ટકી શકે નહીં, કારણ કે, આ પી.આઈ. શ્રી આર. એમ. પટેલની ઊલટ તપાસમાં આ બાબતે કોઈ જ તકરાર લેવામાં આવેલ નથી, ફક્તને ફક્ત તમામ આરોપીઓ તરફે આ ત. ક. અમલદારની ઊલટ તપાસમાં ઈન્કવેસ્ટ પંચનામાના અનુસંધાને પ્રશ્નો પૂછેલ છે, જે ઈન્કવેસ્ટ પંચનામું આંક–૧૩૮ થી રેકર્ડ પર છે, જે મુજબ આરોપીઓ તરફે એવા સજેશન કરવામાં આવેલ છે કે, બનાવ સમયે ઈન્કવેસ્ટ પંચનામામાં ગાડી નં.જીજે.૧.એચઈ.૧૫૩૬ નો ઉલ્લેખ હતો, તો આ જે ગાડી છે તે ગાડી આંક–૧૩૮ નું પંચનામું જોતાં તેમાં એવું સ્પષ્ટ નોંધેલ છે કે, એલીસબ્રીજ જીમખાનાની પાછળના ભાગે રોડની ઉત્તરે કાચી જગ્યાએ કાર નં.જીજે.૧.એચઈ.૧૫૩૬ તથા કાર નં.જીજે.૧.એચડી.૮૭૫૮ ની વચ્ચે એક પુરુષ, જેનું નામ પંકજ હરીપ્રસાદ ત્રિવેદી હોય, તેની લાશ પડેલ છે. આમ, આંક–૧૩૫ ની ફરિયાદ મુજબ મરણજનાર એલીસબ્રીજ જીમખાનામાંથી પોતાની લાલ ઈન્ડિકા ગાડી નં.જીજે.૧.એચઈ.૧૫૩૬ પાસે જતા હતા અને દરવાજા અને ડ્રાઈવર સાઈડે જતા હતા તે વખતે ચાર માણસોએ, કે જે સફેદ મારૂતિ વાનમાંથી દોડી આવી હાથમાં કાળો જાડો બેઝબોલનો ધોકો અને બીજા બે પાસે લાકડીના ધોકાઓથી પંકજભાઈને ગાડીની પાછળ ઘેરી મારામારી શરૂ કરેલ એટલે ફરિયાદી રમેશ વિશ્વકર્મા રાડો પાડતો સિક્યુરીટી ઑફિસર બદ્રીસિંગને જાણ કરવા દોડેલ તે

હકીકત અત્રે નિઃશંકપણે પુરવાર થાય છે. આમ, PW81 વાળા ત. ક. અમલદારની સમગ્ર ઊલટ તપાસ જોઈએ તો પણ આંક–૧૩૫, આંક–૧૩૬, આંક–૧૩૭, આંક–૧૩૮, આંક–૧૩૯ વાળા દસ્તાવેજોના અનુસંધાને કોઈ જ હકીકત પૂછેલ નથી અને એવો પ્રયત્ન કરેલ છે કે, તેઓએ બેઝબોલની સ્ટીક ખોટી રીતે આરોપીઓને સંડોવવા ઊભી કરેલ છે, પરંતુ સમગ્ર ઊલટ તપાસ જોતાં આંક–૯૧ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું પણ અત્રે પુરવાર થયેલ છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી. વધુમાં આરોપીઓ તરફેની એવી દલીલ કે, PW61 વિશ્વજીતસિંહે ગુનાની પ્રથમ જાહેરાત કરેલ હોવાનું માનવું પડે, પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ વિશ્વજીતસિંહે બનાવ પ્રથમ જોયેલ નથી, જે ખરેખર ફરિયાદી રમેશભાઈએ જોયેલ છે. આમ, આ કામે આરોપીઓની આવી દલીલ ટકી શકે નહીં.

(૩૩.૫) હવે, જે પી.એસ.ઓ. દ્વારા આ ફરિયાદ નોંધવામાં આવેલ છે તે મંગળભાઈ ભુલાભાઈ ઝાલાને આંક–૩૫૩(PW77)થી તપાસેલ છે, તેમની જુબાની જોઈએ તો, તા.૧૫–૬–૦૬ ના રોજ તેઓ સવારના ૮:૦૦ થી બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધી અને ત્યારબાદ રાત્રિના ૨૦:૦૦ થી ૨૪:૦૦ સુધી ફરજ પર હતા તે સમયે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનનો ચાર્જ વેજલપુરના પોલીસ ઈન્સ્પેકટર પાસે હતો અને તા.૧૫–૬–૦૬ ના રોજ ટેલિફોનથી મેસેજ આવેલ કે, એલીસબ્રીજ જીમખાના પાસે પાર્કીંગની ગલીમાં એક જણને મારેલ છે, તે મેસેજ તેમણે ઈન્વે.નાં માણસને આપેલ અને વેજલપુર પોલીસ સ્ટેશનનાં ચાર્જના પટેલને જાણ કરેલ. આમ, જે ટેલિફોન મેસેજ આવેલ તે મુજબ

એલીસબ્રીજ જીમખાના પાસે પાછળની ગલીમાં એક જણાને મારેલ છે, જેની એલીસબ્રીજ જીમખાનામાંથી રીકીને જે વર્ધી આપેલ તે આંક–૧૩૭ વાળી વર્ધી જ છે. આ મેસેજ તેમને રીકીને કરેલ હોય તેવું રીકીનની આંક–૮૪(PW4)ની જુબાનીથી પુરવાર થાય છે. અત્રે નોંધવું પડે કે, આ જુબાનીમાં સાહેદ રીકીનનું નામ વિકીન લખાયેલ છે, પરંતુ આરોપીઓ તરફે આ બાબતે કોઈ તકરાર ન હોય, આ જુબાની રીકીનની હોવાનું પુરવાર થાય છે અને તે મુજબ વંચાણે લીધેલ છે. આમ, આ રીકીને આંક–૧૩૭ વાળી વર્ધી આપેલ, જે આ પી.એસ.ઓ. મંગળભાઈએ નોંધેલ અને ઈન્ચાર્જ પી.આઈ., કે જે રેગ્યુલર પી.આઈ. તરીકે વેજલપુર પોલીસ સ્ટેશનમાં હતા અને તેથી જ PW61 વિશ્વજીત કિરીટસિંહ રાણા, કે જે પોતે બનાવના દિવસે અને બનાવના સમયે વેજલપુર પોલીસ સ્ટેશનમાં નોકરી કરતા હોય અને તેમના પી.આઈ. સાહેબ પાસે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનનો ચાર્જ હોય તેથી સ્વાભાવિક રીતે તેઓએ તેમના મોબાઈલથી ડી.એન. પટેલ સાથે વાત કરી હોય અને ડી.એન. પટેલે ઈન્ચાર્જ પી.આઈ. આર. એમ. પટેલને વાત કરી હોય. આમ, PW61 જે વાત કરે છે તે દરમ્યાન જ જીમખાનાના રીસેપ્શનીસ્ટ રીકીનભાઈ PW4 આંક–૧૩૭ વાળી વર્ધી આપે છે અને તેથી તે વર્ધીને આધારે ઈન્ચાર્જ પી.આઈ. સ્થળ પર જાય છે, ગુનાવાળી જગ્યાનું આંક–પી–૯૧(PW8) વાળું પંચનામું કરવામાં આવે છે, ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલું અને મરણજનારની લાશને પી.એમ. માટે મોકલવામાં આવે છે અને ફરિયાદી રમેશ વિશ્વકર્માની આંક–૧૩૫ વાળી ફરિયાદ નોંધવામાં આવે છે, જે ફરિયાદને આધારે આંક–૧૩૬ વાળો સી.આર.પી.સી. કલમ–૧૫૭ નો રિપોર્ટ થાય છે, જે મુજબ બનાવ બન્યાની તારીખ અને સમય તા.૧૫–૬–

૨૦૦૬ નાં કલાક ૨૦:૦૦ થી ૨૦:૧૫ નો છે અને ગુનો જાહેર થયાની તા.૧૫–૬–૦૬ નાં કલાક ૨૩:૧૫ એટલે કે તે જ દિવસે બનાવ બન્યા પછી ૩ કલાક બાદ આ ગુનો જાહેર થયેલ છે, જેની એફ.આઈ.આર. સમયમર્યાદામાં નામદાર મેટ્રોપોલીટન કોર્ટમાં મોકલી આપેલ છે અને બનાવની જાણ કન્ટ્રોલ રૂમમાં અને લાગતા વળગતાને કરવામાં આવેલ અને આ બાબતે આઈ.ઓ. દ્વારા તેમનું નિવેદન પણ નોંધેલ. આ તમામ હકીકત ધ્યાને લેતાં આ કામની ફરિયાદ જે આંક–૧૩૫ થી રજૂ છે, તેમાં ગુનો જાહેર થતો હોય તેને જ એફ.આઈ.આર. ગણી શકાય અને તે કોઈપણ જાતના ડીલે વગર બનાવ બાદ તુરંત જ આપવામાં આવેલ છે, જેને ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપીઓ તરફે કબૂલ રાખેલ હોય ભારતીય પુરાવા કાયદાની કલમ–૫૮ મુજબ એડમીસીબલ છે અને તેને વધુ સમર્થન નામદાર સુપ્રિમકોર્ટનાં જજમેન્ટને આધારે મળે છે. આમ, આ ફરિયાદ અંગે કોઈ શંકાને સ્થાન નથી, કે જે બનાવ બન્યા બાદ કોઈપણ જાતના વિલંબ વગર તુરંત જ આપવામાં આવેલ છે. (**Reference is made to the Judgment of Hon'ble apex court in a case of Shyam Narayan Ram V/s. State of U.P. Dated**. 21–10–2024 **Reported in** 2024(0) **AIJEL–SC**–74150)(**Supra**.)

<u>બનાવની જગ્યા, બનાવની તારીખ, બનાવનો સમયઃ–</u>

(૩૪) આ કામે આંક–૧૩૫ની ફરિયાદ મુજબ બનાવ એલીસબ્રીજ જીમખાનાનાં પાર્કીંગમાં બનેલ છે, તેમજ આંક–૧૩૬ ની વર્ધી મુજબ બનાવનું સ્થળ એલીસબ્રીજ જીમખાના મુખ્ય દરવાજાની પૂર્વે દર્શાવેલ છે. આ બન્ને

દસ્તાવેજો તેમજ આંક–૧૩૭ જોતાં, બનાવનું સ્થળ એલીસબ્રીજ જીમખાનાનાં પાર્કીંગમાં બનેલ હોવાનું જણાવેલ છે. તે જ રીતે આંક–પી–૨૩૮(PW44) નાં ઈન્કવેસ્ટ પંચનામા મુજબ પણ બનાવ એલીસબ્રીજ જીમખાના પાછળ પાર્કીંગમાં બનેલ હોવાનું જણાવેલ છે. તે જ રીતે આંક–૧૩૯ ની એફ.એસ.એલ.યાદી મુજબ બનાવ એલીસબ્રીજ જીમખાના પાછળ પાર્કીંગમાં બનેલ હોવાનું જે જીમખાનાના મુખ્ય દરવાજાના પુર્વ તરફ મરૂન કલરની ઈન્ડિકા ગાડી નં.જીજે.૧.એચઈ. ૧૫૩૬ પાસે બનેલાનું પુરવાર થાય છે. આ તમામ દસ્તાવેજો આંક–૧૩૪ ની પુરશીષથી આરોપીઓ તરફે કબૂલ કરેલ હોય, તે ભારતીય પુરાવા કાયદાની કલમ–૫૮ મુજબ પુરવાર થયેલ છે. હવે, ગુનાવાળી જગ્યાના પંચનામાનાં પંચ સાહેદ જોરાવરસિંહ ભંવરસિંહ રાજપુતની આંક–૯૦(PW8)ની જુબાની જોઈએ તો, તે એમ. જે. લાયબ્રેરી સામે, એલીસબ્રીજ, અમદાવાદ ખાતે રહે છે. તેમજ પોલીસે તેમને ક્યારે બોલાવેલ, કઈ જગ્યાએ બોલાવેલ તે ખબર નથી, પરંતુ આંક–પી–૯૧(PW8)નાં પંચનામામાં તે તેમની સહી ઓળખી બતાવે છે. તે જ રીતે બીજા પંચ રાજુભાઈ ભોગીલાલ મિસ્ત્રીને આંક – ૧૧૯(PW9)થી તપાસેલા છે, તે પણ આંક–પી–૯૧(PW8)વાળા પંચનામામાં તેમની દરેક પાનામાં માર્જીનમાં સહી હોવાનું સ્વીકારે છે. આ પંચનામું, કે જે ત. ક. અમલદાર રમેશચંદ્ર માધવલાલ પટેલ આંક – ૩૬૭(PW81) નાઓએ ઉપરોક્ત બન્ને પંચોની હાજરીમાં કરેલ છે, કે જે સાહેદે આંક–૧૩૫ વાળી ફરિયાદ લીધેલ અને આંક–૧૩૬ વાળો રિપોર્ટ કરેલ તેમજ આંક–૧૩૮ વાળું ઈન્કવેસ્ટ પંચનામું કરેલ અને એફ.એસ.એલ. અધિકારીને બોલાવેલ અને જે એફ.એસ.એલ.અધિકારીનાં આંક–૧૩૯ વાળા રિપોર્ટને

આધારે જોઈએ તો, આ બનાવ એલીસબ્રીજ જીમખાનાનાં પૂર્વ બાજુએ મેઈન ગેટ સામે ઈન્ડિકા કાર નં.જીજે.૧.એચઈ.૧૫૩૬ અને એસેન્ટ કાર નં.જીજે.૧.એચડી.૭૮૫૮ ની વચ્ચે બનેલો, કે જ્યાં મરણજનાર પંકજ હરીપ્રસાદની લાશ પડેલ હતી, જે લાશ પર માથાના ભાગેથી લોહી નિકળતું હતું અને મોઢાના ભાગે ઈજાના નિશાનો હતા, તેમજ આ લાશ આ બન્ને કારની વચ્ચે પડેલ હતી, તે જગ્યાએથી એફ.એસ.એલ. અધિકારીએ ત્રણ કુટના ઘેરાવામાં લોહીના ડાઘા હોવાનું નોંધેલ અને તે સેમ્પલ તરીકે લેવાનું સૂચન પણ કરેલ, જે હકીકત આંક–૧૩૯ નાં રિપોર્ટમાં નોંધાયેલ છે. આમ, તેમની સૂચના મુજબ આ સેમ્પલ લેવામાં આવેલ છે તે જ જગ્યાએ આંક–૧૩૮ નું ઈન્કવેસ્ટ પંચનામું થયેલ છે. તેમજ બનાવવાળી જગ્યાએથી કાળા કલરનો બેઝબોલ રમવાનો ડંડો મળી આવેલ, જે ૩૨ ઈંચ લંબાઈનો હતો, જે સીલ કરી કબજે કરેલ. આમ, આંક–પી–૯૧(PW8) નાં પંચનામા મુજબ બેઝબોલ બેટ કબજે કરેલ છે તેવું પુરવાર થાય છે. આમ, બનાવવાળી જગ્યા એટલે એલીસબ્રીજ જીમખાનાનાં મુખ્ય દરવાજાની પૂર્વે બાજુએ આવેલ પાર્કીંગમાં રહેલ બે કાર, જેમાં ઈન્ડિકા અને એસેન્ટ કારની વચ્ચે હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે. વધુમાં અત્રે આરોપીઓ તરફે એવી દલીલ કરેલ છે કે, ત. ક. અમલદાર ગોહીલનાઓએ તેમની ઊલટ તપાસના પેરા–૨૯ મુજબ બેઝબોલ બેટ એફ.એસ.એલ.ને મોકલ્યું તે ખોલીને તપાસેલ નથી. હવે, આ અનુસંધાને આંક–પી–૯૧(PW8)વાળું પંચનામું જોઈએ તો, તેના પાન નં.૨ ઉપર ૧૪ મી લાઈન પર બેઝબોલનાં વર્ણન પછી તેની ઉપર લોહીનાં ડાઘા જણાતા નથી તેવું જણાવેલ છે, જ્યારે આંક–પી–૩૯૪(PW84)ની રવાનગી નોંધના માર્ક 'ઈ' માં બેઝબોલ સ્ટીક સુકાયેલા

લોહીના ડાઘા જણાય છે. આમ, આ હકીકતને આધારે બેઝબોલ બેટ અંગે શંકા વ્યક્ત કરેલ છે, પરંતુ આવી શંકા ટકી શકે નહીં, કારણ કે, સાહેદ PW81 રમેશચંદ્ર માધવલાલ પટેલ સ્પષ્ટ જણાવે છે કે, બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાએ એફ.એસ.એલ. અધિકારીની સૂચના મુજબ પંચનામું કરી, મુદ્દામાલ કબજે કરી સીલ કરેલ. આમ, ત. ક. અમલદાર ગોહીલ સીલપેક મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલે તે સ્વાભાવિક છે અને તે સીલ ખોલ્યા વગર સીલબંધ હાલતમાં મોકલે, જે અત્યંત સ્વાભાવિક છે અને તેથી શ્રી ગોહીલને સીલપેક બેઝબોલ બેટ ઉપર લોહીના ડાઘ ન જણાય તે સ્વાભાવિક છે, પરંતુ એફ.એસ.એલ.નાં આંક–પી–૪૧૫(PW84) મુજબ બેઝબોલ બેટ ઉપર માનવ રુધિર 'બી' ગૃપનું મળી આવેલ છે અને તેજ પ્રમાણે મરણજનારનાં કપડાં ડૉ. દિગ્વિજયે પી.એમ. કર્યુ ત્યારે તે કપડાં પોલીસને પરિક્ષણ અર્થે આપેલ, જેની ઉપર પણ 'બી' ગૃપનું માનવ રુધિર મળી આવેલ છે, એટલે કે, મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું લોહી 'બી' ગૃપનું હતું તે પુરવાર થયેલ છે અને તે જ બેઝબોલ સ્ટીક તથા માનસિંહ પાસેથી કબજે કરેલ પાઈપ ઉપર મળી આવેલ છે. તેમજ પંચનામાના પંચ સાહેદો જે મુદ્દામાલ કબજે કરેલ તેની સ્લીપોમાં તેમની સહી ઓળખે છે તે જ બતાવે છે કે, આ બેઝબોલ સ્ટીક સીલબંધ હાલતમાં કબજે કરેલ. આમ, આંક–પી–૯૧(PW8) નાં પંચનામા મુજબ બનાવવાળી જગ્યાએ બનાવ તા.૧૫–૬–૦૬ ના રોજ રાત્રિના કલાક ૨૦:૦૦ થી ૨૦:૧૫ નાં અરસામાં બનેલાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે. આમ, અત્રે બનાવની તારીખ, બનાવનો સમય અને બનાવની જગ્યા નિઃશંકપણે પુરવાર થયેલ હોય, તેથી આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉપરોક્ત દલીલ અત્રે ટકવાપાત્ર ન હોય તેવું

અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ જે સાપરાધ મનુષ્ય વધ કે જે ખૂન છેઃ–

(૩૫) આ કામે આરોપીઓ વિરૂદ્ધ મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરવાનો આક્ષેપ છે અને તેથી અત્રે સૌપ્રથમ વૈદ્યકીય પુરાવો, એટલે કે, ડૉકટરશ્રીની જુબાની ધ્યાને લેવી પડે અને તે મુજબ આ કામે ડૉ. દિગ્વિજય રણછોડલાલ વાઘેલાને ફરિયાદ પક્ષે આંક–૨૮૪(PW63)થી સોગંદ ઉપર તપાસેલા છે, તેમની જુબાની જોઈએ તો, તેઓ એસ.વી.પી. હોસ્પિટલમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે અને જુબાની આપવા આવ્યા ત્યારે તેમની ઉંમર ૪૩ વર્ષની છે, આમ તેઓ સિનીયર ડૉકટર છે, અનુભવી છે અને પોતે નિષ્ણાંત છે તથા તટસ્થ સાહેદ છે. આ ડૉકટર પોતે તા.૧૬.૦૬.૨૦૦૬ ના રોજ સાથી ડોકટર આર.સી.જરીવાલા નાઓ સાથે વી.એસ.હોસ્પિટલ પી.એમ. રૂમ ખાતે ફરજ પર હાજર હતા તે દરમ્યાન એલીસબ્રિજ પો.સ્ટે.ના પી.આઈ. આર.એમ.પટેલનાઓ સવારે ૭.૫૫ કલાકે મરણજનાર નામે પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું શબ શબ પરીક્ષણ અર્થે લાવેલ. જેને પી. એમ. નં.૫૧૯ /૨૦૦૬ આપી સવારે ૯.૧૦ કલાકે પરીક્ષણ શરુ કરી સવારે ૧૦.૩૦ કલાકે પુરુ કરેલ. વધુમાં આ ડૉકટર સાહેદ જણાવે છે કે, ૫૨ વર્ષના પુરુષનુ શબ હોસ્પિટલની સફેદ ચાદરથી ઢંકાયેલ હતુ. જે હટાવી જોતા લાશ ઉપર જે કપડાં હતાં તેનું નીચે મુજબની વિગતે વર્ણન લખાવેલ છે, જે મુજબઃ–

૧. વાદળી કલરની અડધીબાયની ટીશર્ટ જેમા અનેક ઠેકાણે લોહી, રેતી અને ઘાસ ચોટેલ હતુ. ટી શર્ટમા ત્રણ બટન હતા અને

બટનના ગાજ સાબુત હતા.

૨. સફેદ જનોઈ જે લોહીથી ખરડાયેલ હતી.

૩. કાળુ પેન્ટ અને કાળો પટ્ટો તે પણ ઘાસથી ખરડાયેલ હતો. પેન્ટમા કમરથી ૧૧ સે.મી.નીચે ડાબા ખીસ્સાની સ્ટીચલાઈન લગભગ ૧૩ સે.મી. જેટલી બહાર આવી ગયેલ હતી.

૪. સફેદ જાંગિયો જે લોહીથી ખરડાયેલ હતો.

૫. બ્રાઉન કલરના સેન્ડલ હતા, જે તમામ સીલબંધ હાલતમાં પોલીસને સોંપેલ, જેને સમર્થન આ કામના સાહેદ નટવરસિંહજી કાળસિંહજી રાઠોડની આંક–૩૭૪(PW82)ની જુબાનીથી સમર્થન મળે છે, જે તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૬–૬–૦૬ ના રોજ મરનારનાં પી.એમ. વખતે ડૉકટરશ્રીએ કપડાં લઈ પોલીસ કર્મચારીને આપેલ, જે પોલીસ કર્મચારીએ તેમને સોંપેલા અને આ કપડાં આંક–૧૪૦ નાં પંચનામાથી તેઓએ કબજે કરેલ છે. આ આંક–૧૪૦ નું પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખેલ અને તેમાં પંચોની તથા નટવરસિંહે પોતાની સહી કરેલ તેને આરોપીઓ તરફે આ સાહેદની ઊલટતપાસમાં ક્યાંય પડકારેલ નથી અને આ આંક–૧૪૦ નું પંચનામું આરોપીઓ તરફે આંક–૧૩૪ ની પુરશીષ આપી કબૂલ રાખેલ છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી. આમ, ડૉકટરશ્રી જણાવે છે તે મુજબ મરણજનારના ઉપરોક્ત કપડાં તેમજ સેન્ડલ પોલીસને આપેલા તે હકીકત અત્રે પુરવાર થયેલ છે અને આ કપડાં મરણજનારના હોવાનું અત્રે નિર્વિવાદિત છે, જે

એફ.એસ.એલ.નાં આંક–પી–૪૧૫(PW84)નાં દસ્તાવેજથી પુરવાર થાય છે. આ કપડાં ઉપર તથા જનોઈ, કમરપટ્ટી, સેન્ડલ ઉપર માનવ રુધિર બી ગૃપનું માલૂમ પડેલ છે, જે મરનારનું બી ગૃપનું લોહી છે, જેને એફ.એસ.એલ.નાં સીરોલોજીનાં આંક–પી–૪૧૭(PW84) નાં રિપોર્ટથી સમર્થન મળે છે અને તે રિપોર્ટ મુજબ આરોપી માનસિહ અરજણ વાઢેરનાં પેન્ટ તથા શર્ટ તથા તેણે ગુનામાં વાપરેલ લોખંડની પાઈપ ઉપર પણ માનવ રુધિર 'બી' ગૃપની હાજરી માલૂમ પડેલ છે. આ એફ.એસ.એલ.નો રિપોર્ટ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાનીમાં રજૂ થયેલ છે અને આ ઉપરોક્ત હકીકત બાબતે ત. ક. અમલદારને ઊલટ તપાસમાં આરોપીઓ તરફે પડકારેલ નથી અને આરોપી માનસિહે અન્ય આરોપીઓ સાથે આ ગુનામાં સક્રિય ભાગ ભજવેલ તેવું પુરવાર થાય છે તથા આંક–૧૩૮ નું ઈન્કવેસ્ટ પંચનામું જોઈએ તો પણ ઉપરોક્ત કપડાં તથા વસ્તુઓ મરણજનારની લાશ ઉપર હોય, જે ડૉકટરે પોલીસને સુપ્રત કરેલાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૩૫.૧) વધુમાં ડૉ. દિગ્વિજય આગળ તેમની જુબાનીમાં જણાવે છે કે, સદર મરણજનાર ઓળખાયેલ હતો અને નામજોગ પટ્ટી જમણા હાથે લગાડેલ હતી. સદર શબ મજબુત બાંધાનો, સામાન્ય તાપમાન હતુ. શબના અકડાઈ જવાની ક્રિયા પુર્ણ વિકસીત હતી તથા પી.એમ.લીવીડીટી શરીરના પાછળના

ભાગે હતી જે ફીક્કી અને ફીકસ હતી.શરીર ફીક્કુ હતુ. મોઢાનો ભાગ ઈજાઓને કારણે વિકૃત થઈ ગયેલ હતો. જમણી આંખ બંધ હતી અને ડાબી આંખના ભાગે ઈજાઓને કારણે વિકૃતી જણાતી હતી. બંને ઓરબીટલ બોન્સમા અડીને જાણી શકાય તેવા ફ્રેકચર હતા. બંને આંખના ડોળાઓમા રક્તસ્ત્રાવ જણાતા હતા. શરીર પર અનેક ઠેકાણે લોહીના ડાઘ હતા. તેમજ જે બાહ્ય ઈજાઓ જોવા મળેલ તેનું સ્પષ્ટ વર્ણન ડૉકટર સાહેદે તેમની જુબાનીમાં કરેલ છે, જે જોવામાં આવે તોઃ–

૧. માથાના પાછળના ભાગે ૬*૧ સે.મી.નો ખોપડીના ઉંડાઈ ધરાવતો ઘવાયેલો છુંદાયેલો ઘા જણાતો હતો અને તેની નીચેના ભાગે ડીપ્રેસ્ડ ફ્રેકચર અડી શકાતો હતો.

૨. માથાના ઓક્સીપીટો પેરાઈટલ ભાગના ૬*૧ સે.મી.નો ખોપડીના ઉંડાઈ ધરાવતો ઘવાયેલો છુંદાયેલો ઘા જણાતો હતો અને તેની નીચેના ભાગે ડીપ્રેસ્ડ ફ્રેકચર અડી શકાતો હતો.

૩. માથાના ભાગે ઈજા ૨ ના અંદરના છેડાથી સળંગ ૫*૧ સે.મી.નો ખોપડીના ઉંડાઈ ધરાવતો ઘવાયેલો છુંદાયેલો ઘા જણાતો હતો અને તેની નીચેના ભાગે ડીપ્રેસ્ડ ફ્રેકચર અડી શકાતો હતો.

૪. ડાબી આંખના અંદરના છેડેથી ૨ સે.મી. નીચે ૩*૧ સે.મી.નો હાડકાની ઉંડાઈ ધરાવતો ઉભો ઘવાયેલો છુંદાયેલો ઘા હતો.

૫. નાકના મુળના ભાગમા ૩*૨ સે.મી.નો લાલ ચકામો હતો.

૬. નાકના ડાબા ભાગે ૨*૨ સે.મી.નો લાલ ચકામો હતો.

૭. ડાબી ભમરના બહારના છેડેથી કપાળના ભાગે એકબીજાથી ઉપરનીચે બે આડા ઘવાયેલા છુંદાયેલા ઘા હતા જે ૨*૧ સે.મી. અને ૧*૧ સે.મી. તેમજ હાડકાની ઉંડાઈ ધરાવતા હતા.

૮. ડાબી આંખના ડોળા અને સોકેટને સાંકળતા ભાગે ૩*૩

સે.મી.નો આંખની કેવિટીની ઉંડાઈ ધરાવતો ઘવાયેલો છુંદાયેલો ઘા.

૯. ડાબા સુપ્રા ઓરબીટલ ભાગે ત્રાસો નીચે અને મધ્ય તરફ જતો ૪*૧ સે.મી.નો હાડકાની ઉંડાઈ ધરાવતો ઘવાયેલો છુંદાયેલો ઘા હતો.

૧૦. મોઢાના જમણા ખુણેથી જમણા જડબાના નીચેના ભાગ સુધીનો ૫*૧ સે.મી.નો તથા મોઢાની કેવીટીની ઉંડાઈ ધરાવતો ઘવાયેલો છુંદાયેલો ઘા હતો.

૧૧. મોઢા ઉપર અનેક ઠેકાણે ૧.૫*૦.૫ થી ૨*૧ સે.મી. ના અનેક ઘવાયેલા છુંદાયેલા ઘા હતા.

૧૨. ડાઢીથી સહેજ ડાબે ૩*૧.૫ સે.મી.નો ઘસરકા સાથે ચકામોનો ઘા હતો.

૧૩. મોઢાના ડાબા ખુણેથી ૫.૫ સે.મી. નીચે ૨*૦.૫ સે.મી.નો સબક્યુટેનીયસ સ્નાયુની ઉંડાઈ ધરાવતો ઘવાયેલો છુંદાયેલો ઘા હતો.

૧૪. ડાબા ગાલના ભાગે અનેક ઠેકાણે ૧.૫ સે.મી.*૦.૫ સે.મી થી લઈ ૧.૫ સે.મી.નો અનેક લાલ ઘસરકાઓ હતા.

૧૫. જમણી નીપલથી ૧૨.૫ સે.મી. ઉપર ૨*૧ સે.મી. નો આડો લાલ ઘસરકો હતો.

૧૬. જમણી નીપલથી ૧૪ સે.મી. ઉપર અને ૧ સે.મી. અંદરની તરફ ૨*૦.૫ સે.મી.નો આડો લાલ ચકામાનો ભાગ હતો.

૧૭. જમણી નીપલથી ૧૫ સે.મી. નીચે અને ૧૦ સે.મી. અંદરની તરફ ૩*૧ સે.મી.નો આડો ચકામાયુકત ઘસરકો હતો.

૧૮. જમણા હાથના પાછળના ભાગે જમણી પહેલી અને બીજી આંગળીના ભાગે ૪*૧ સે.મી.નો હાડકાની ઉંડાઈ ધરાવતો ત્રાસો નીચે અને અંદરની તરફ જતો ઘવાયેલો છુંદાયેલો ઘા હતો.

૧૯. જમણી પહેલી આંગળીના મુળના ભાગે ઉભો ૧.૫*૦.૫

સે.મી.નો ચામડીની ઉંડાઈ ધરાવતો ઈન સાઈડ વુન્ડ હતો.

૨૦. જમણી બીજી આંગળીના મુળના ભાગે ઉભો ૧*૦.૫ સે.મી.નો હાડકાની ઉંડાઈ ધરાવતો ઈન સાઈડ વુન્ડ હતો.

(૩૫.૨) ઉપર જણાવેલ બધી ઈજાઓ મૃત્યુ પુર્વેની છે, જે ઈજાઓ પી.એમ. નોટની કોલમ ૧૭ માં જણાવેલ તે મુજબની છે. હવે, આરોપીઓ તરફે ઊલટ તપાસમાં એવો પ્રયત્ન કરેલ છે કે, પી.એમ. લીવીડીટીનો કલર દેખાય છે તેમજ પી.એમ. નોટમાં ડૉકટરશ્રીએ પી.એમ. લીવીડીટીનો કલર દર્શાવેલ નથી તેમજ પી.એમ. લીવીડીટી સમયાંતરે કલર બદલાતો હોય છે. આવી ઊલટ તપાસ અત્રે મદદરૂપ ન થઈ શકે, કારણ કે, પી.એમ. લીવીડીટી અને રાઈગર મોર્ટીસ મરનારનું મૃત્યુ કેટલા સમય પહેલાં થયું તે જાણવા માટે અગત્યનું છે, જ્યારે હાલના કેસમાં આરોપીઓ તરફે આંક–૧૩૫ વાળી ફરિયાદ કબૂલ રાખેલ છે, જે ફરિયાદ મુજબ મરનારનું મૃત્યુ રાત્રિના ૨૦:૦૦ થી ૨૦:૩૦ ની વચ્ચે થયેલ હોવાનું પુરવાર થયેલ છે અને તેથી આવી ઊલટ તપાસ અત્રે ટકી શકે નહીં. તેમજ ડૉકટરશ્રીને ઊલટ તપાસમાં મરનારનું મૃત્યુ ચોક્કસ કેટલા સમય પહેલાં થયેલ છે તેવો કોઈ સ્પષ્ટ સવાલ આરોપીઓ તરફે પૂછેલ નથી, અન્યથા ડૉકટરશ્રી તેનો સ્પષ્ટ પ્રત્યુતર આપી શક્યા હોત. આમ, આવી સંદિગ્ધ ઊલટ તપાસને આધારે જે શંકા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરેલ છે તે અત્રે ટકી શકે નહીં. આમ, અત્રે એ હકીકત નિર્વિવાદિત છે કે, મરણજનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ તેઓને થયેલ ઈજાઓને કારણે જ થયેલ છે, જે નિર્વિવાદિતપણે રેકર્ડ પર આવેલ છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી.

(૩૫.૩) વધુમાં ડૉ. દિગ્વિજય તેમની સરતપાસમાં આગળ જણાવે છે કે, શરીર ફીક્કું હતું અને મોઢાનો ભાગ ઈજાઓને કારણે વિકૃત થઈ ગયેલ હતો અને બન્ને ઓર્બીટલ બોક્સમાં અડીને જાણી શકાય તેવા ફ્રેકચર હતાં તેમજ આંખના ડોળામાં રક્તસ્ત્રાવ હતો. ત્યારબાદ વધુમાં જણાવે છે કે, તેઓએ શબનું આંતરિક પરિક્ષણ કરેલ અને તે મુજબ માથાના ભાગે ડાબા અને જમણા ફ્રંન્ટલ ભાગે અને બંને પરાઈટોઓકસીપીટલ ભાગોમા ચકામાઓ જોવા મળતા હતા. ડાબા ટેમ્પોરાલીક સ્નાયુમા તથા ડાબા ફ્રન્ટોટેમ્પોરલ ભાગમા ચકામાઓ જોવા મળેલ હતા. તેમજ ખોપડીની ફરતે અનેક ઠેકાણે લોહીના ગઠ્ઠા જોવા મળેલ. કોલમ નં.૧૭ ની ઈજા ૧,૨ અને૩ મા જણાવ્યા પ્રમાણે ડીપ્રેસ્ડ ફ્રેકચર જોવા મળેલ. ડાબા ફ્રન્ટલબોનમા અનેક કમીનીટેડ પ્રકારના ફ્રેકચર જોવા મળેલ. આ ફ્રેકચરના ટુકડાઓ અનેક ઠેકાણે મગજની ઉપરના પડદાને તોડતા હતા અને મગજ પર એક્સ્ટ્રાડીજલ પ્રકારનુ હેમેરેજ ચો તરફ જોવા મળેલ. મગજના ડાબા ફ્રન્ટલ ભાગ, જમણા ફ્રન્ટલ ભાગના મુળના ભાગ, બંને પરાઈટર ભાગ અને ઓકસીપીટલ ભાગમા ઘવાયેલા છુંદાયેલા ઘા હતા. ફ્રેકચર થયેલ હાડકાના કટકાઓ મગજમા અનેક ઠેકાણે જણાતા હતા. મગજ કંજેસ્ટેડ હતુ. ખોપડીના મુળના ભાગે ડાબા ઓર્બિટ અને જમણા ઓર્બિટના અંદરના ભાગેથી એન્ટીટીયર ક્રેનીયલ ફોસા ફ્રેકચર જોવા મળેલ હતુ. પોસ્ટીરીયર ક્રેનીયલ ફોસા ના ભાગે પણ ફોરામેન મેગ્નલને સાંકળતુ ફ્રેકચર હતુ. તેમજ જણાવે છે કે, છાતીના ભાગે આંતરિક તપાસ કરતા કશુ નોંધ લાયક જણાયેલ નહિ. બંને ફેફસા ફીક્કા અને સોજાયેલ હતા. હ્રદય અને મોટી નળીયો લગભગ ખાલી હતી અને બંને હોઠ અંદરથી ચકામાયુકત હતા. જડબાના જમણા ભાગ, નાકના હાડકા બંને મેકજીલા

હાડકા પર ફ્રેકચર જોવા મળેલ તથા તેની આસપાસના સ્નાયુઓ ચકામાયુકત હતા. આ ફ્રેકચર સાથે સંલગ્ન દાંત પણ છુટા થયેલ જોવા મળેલ. જીભનો ટોચનો ભાગ અને જમણી બોર્ડરના ભાગે ચકામાઓ જોવા મળેલ. મોઢાની અંદરના ભાગોમા ચકામાઓ જોવા મળેલ. પેટના ભાગે આંતરિક તપાસમા કશુ નોંધ લાયક જણાયેલ નહિ અને શરીરના અંગો ફીકકા જોવા મળેલ. વધુમાં ડૉકટરશ્રી સ્પષ્ટ અભિપ્રાય આપતા જણાવે છે કે, આ ઈજાઓ મૃત્યુ પહેલાંની હતી અને પી. એમ. નોટમાં જણાવેલ ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પૂરતી હતી અને તેઓએ તથા તેમના સાથેના પેનલ ડૉ. આર. સી. ઝરીવાલાએ તૈયાર કરેલ પી.એમ. નોટ આંક–પી–૨૮૫(PW63) વાળી રજૂ રાખેલ છે. આમ, આ પી. એમ. નોટ અને ડૉકટરશ્રીની જુબાની જોઈએ તો, મરણજનાર પંકજભાઈનું મૃત્યુ(**Cause of death**) તેઓને આ ગુનામાં જે ઈજાઓ થયેલ તે ઈજાઓને કારણે આઘાત લાગવાથી (**Shock as a result of injuries sustained**) થયેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

(૩૫.૪) આમ, પી.એમ. નોટમાં ચોક્કસ ઉપરોક્ત કઈ ઈજાને કારણે મૃત્યુ થયેલ છે તેવું દર્શાવેલ નથી, પરંતુ આવા પ્રકારની ઊલટ તપાસ સ્વયં પુરવાર કરે છે કે, પંકજભાઈનું મૃત્યુ પી.એમ. નોટમાં જણાવ્યા મુજબ એક નહીં પરંતુ તેમને કરવામાં આવેલ માથાના ભાગે, ખોપડીનાં ભાગે, મગજના ભાગે જે અનેક ફ્રેકચરની ઈજાઓ છે તેને કારણે થયેલ છે અને આવી મલ્ટીપલ ઈજાઓને કારણે જ્યારે મૃત્યુ થયેલ હોય તો તેમાં સ્પષ્ટ કઈ ઈજાને કારણે મૃત્યુ થયેલાનું જણાવવાનું કોઈ કારણ રહેતું નથી. વધુમાં ડૉ. દિગ્વિજય જણાવે છે કે, જે

ઈજાઓ થયેલ તેમાંની મોટા ભાગની ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થયેલ હતી. તેમજ ડૉકટરશ્રી મુદ્દામાલ આર્ટીકલ નં.૭ વાળું બેઝબોલ સ્ટીક તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૨૬,૩૦ અને ૩૧ વાળી પાઈપો જોઈને કહે છે કે, પી.એમ. નોટમાં જણાવેલ મોટા ભાગની ઈજાઓ આ મુદ્દામાલવાળા હથિયારો વડે સંભવી શકે અને તે ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પૂરતી હતી.

(૩૫.૫) વધુમાં આ હકીકત ને વધુ સમર્થન ગુનાવાળી જગ્યાએથી કબજે કરવામાં આવેલ બેઝબોલ સ્ટીક, કે જેને એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે મોકલવામાં આવેલ અને તેની ઉપર માનવ જૂથનું 'બી' ગૃપના રુધિરની હાજરી મળી આવેલ, જે મરનાર પંકજભાઈનું રુધિર જૂથ છે તે મળી આવેલ. તેમજ પી.એમ. કર્યુ તે સમયે મરનારના કપડાં ડૉકટરશ્રીએ સીલબંધ હાલતમાં પોલીસને આપેલ તે કપડાં પર એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે મોકલવામાં આવેલ તે કપડાં ઉપર એફ.એસ.એલ. રિપોર્ટ મુજબ મરનારનું લોહી આવેલ છે. તે જ રીતે આરોપી માનસિહ વાઢેર પાસેથી જે પાઈપ કબજે કરેલ તેની ઉપર તેમજ માનસિહ વાઢેરના પેન્ટ, શર્ટ ઉપર પણ 'બી' ગૃપનું માનવ રુધિર એટલે કે મરનારનું લોહી મળી આવેલ, જે હકીકત ને આરોપીઓ તરફે ત. ક. અમલદારની ઊલટ તપાસમાં પડકારેલ નથી, કારણ કે, ત. ક. અમલદાર દ્વારા આ એફ.એસ.એલ.નો અહેવાલ રજૂ રાખેલ છે. તેમજ આ ડૉ. દિગ્વિજયની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ ઈજાઓ બેઝબોલ સ્ટીક તથા પાઈપ વડે થઈ શકે તેવી છે તેને પણ આરોપીઓ તરફેની ઊલટ તપાસમાં પડકારવામાં આવેલ નથી. આમ, ઉપરોક્ત બિન–પડકારેલ ઈજાઓ, કે જે ડૉકટરશ્રીએ મુદ્દામાલ

આર્ટીકલવાળા બેઝબોલ સ્ટીક અને પાઈપો વડે થયેલ હોવાની હકીકત જણાવેલ છે તે અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ હોય, નહીં માનવાને કોઈ કારણ નથી.

(૩૫.૬) વધુમાં ડૉ. દિગ્વિજયે જે ઈજાઓ મરણજનાર પંકજભાઈને માથાના પાછળના ભાગે થયેલ છે જેમાં ડિપ્રેસ્ડ ફ્રેકચર તેમજ ઓક્સીપટલમાં ૬.૧ સે.મી.નો ખોપડીની ઉંડાઈ સુધીનો જે ઘવાયેલો છુંદાયેલો ઘા છે, જેની નીચે ડિપ્રેસ્ડ ફ્રેકચર માલૂમ પડેલ છે, જે માથાના ભાગે તેમજ ઈજા નં.૨ જોતાં તેમાં પણ ડાબા ફ્રન્ટલ બોન્ડમાં અનેક કમીનીકેટ પ્રકારના ફ્રેકચર જોવા મળેલ તેના ટૂકડાઓ અનેક ઠેકાણે મગજની ઉપરના પડદાને તોડતા હતા અને હાડકાના કટકાઓ મગજમાં અનેક ઠેકાણે જણાઈ આવેલ હતા. જે હકીકત ને એટલે કે ડૉકટરશ્રીએ જે ઈજાઓ જુબાનીમાં જણાવેલ છે અને પી.એમ. નોટમાં જણાવેલ છે તેને આરોપીઓ તરફે ઊલટ તપાસમાં પડકારેલ નથી એટલે આ ઈજાઓ નિઃશંકપણે પુરવાર થયેલ છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી અને આ ઈજાઓને વધુ સમર્થન મરણજનારના આંક–૧૩૮ નાં ઈન્કવેસ્ટ પંચનામાથી મળે છે.

(૩૫.૭) આમ, ડૉકટરશ્રીની જુબાની તેમજ ઊલટ તપાસ તેમજ આંક–પી–૨૮૫(PW63)વાળી પી.એમ. નોટ ધ્યાને લેતા આ કામના આરોપીઓએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીને માથાના ભાગમાં ખોપડીમાં બેઝબોલની સ્ટીક તથા પાઈપોથી અનેક ઘા મારી ક્રુરતાપૂર્વક અનેક ફ્રેકચરની ઈજાઓ કરેલ, જે ગંભીર પ્રકારની ૨૦ જેટલી ઈજાઓ હોવાનું પુરવાર થયેલ છે અને જે પ્રકારે મરનારના માથાના ભાગે તેમજ માથાના પાછળના અન્ય ભાગે ખોપડીની ઉપર

ઈજાઓ કરેલ છે તે ઈજાઓ વાઈટલ પાર્ટ ઉપર કરેલ છે અને તે હકીકત સ્વયં આરોપીઓનો ઈરાદો મરનારનું મૃત્યુ નિપજાવવાનો હતો અને એવા સંપૂર્ણ જ્ઞાન સાથે કરેલ કે આવા પ્રાણઘાતક હથિયારોથી જે ઈજાઓ કરેલ છે તેનાથી પંકજભાઈનું મૃત્યુ નિપજશે જ અને તેથી આ કામે મરનારને જે ઈજાઓ થયેલ છે અને તે ઈજાઓને કારણે તેમનું જે મૃત્યુ થયેલ છે એ મૃત્યુ કુદરતના સામાન્ય ક્રમમાં આવી ઈજાઓને કારણે થયેલ છે તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે. અત્રે આરોપીઓ તરફે એવો કોઈ બચાવ નથી કે મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ નથી પરંતુ આત્મહત્યા છે કે કુદરતી રીતે થયેલ છે, ઊલ્ટાનું આરોપીઓની દલીલો તેમજ સાહેદોની ઊલટ તપાસ તેમજ ડૉકટરશ્રીની ઊલટ તપાસ ધ્યાને લેતાં મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ સાપરાધ મનુષ્ય વધ એ ખૂન છે તે અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે, જેની ચર્ચા આગળ હાથ ધરવામાં આવેલ છે.

આરોપીઓનો હેતુ(મોટીવ), આરોપીઓનો ગુનાહિત ઈરાદો(ઈન્ટેન્શન), આરોપીઓની તૈયારી(પ્રિપેરેશન).

(૩૬) આ કામે આરોપીઓએ ગુનાહિત કાવતરું રચી, મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ નિપજાવવા પાછળનો તેમનો હેતુ અને ઈરાદો શું હતો તે જોવામાં આવે તો, મરણજનારનાં પત્નિ શ્રુતિબેન પંકજભાઈ ત્રિવેદીની આંક–૩૩૮(PW73)થી સોગંદ ઉપર જુબાનીમાં છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓ અમેરિકાનું ગ્રીનકાર્ડ ધરાવે છે, તેમનો દીકરો હિમાંશુ અમેરિકાનો સિટીઝન છે અને તેમના પતિ અમેરિકા તથા અમદાવાદ મુકામે રહેતા હતા અને ટુરીસ્ટનો

ધંધો કરતા હતા, તેમના પતિ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હતા, બનાવ સમયે આ સાહેદ અમેરિકા હતા અને તેમના પતિ પંકજભાઈ અમદાવાદ મુકામે હતા અને તેમના પતિનું તા.૧૫-૬-૦૬ ના રોજ સાંજના સમયે એલીસબ્રીજ જીમખાના ખાતે ખૂન થયેલ છે. આ ખૂન ક્યા કારણસર થયેલ તે જાણતા નથી, પરંતુ તેમના પતિ સ્વાધ્યાય પરિવારમાં સામાજીક પ્રવૃતિ તેમજ સેવા કેન્દ્રમાં ભાગ લેતા હતા અને તેમને ફોનથી તેમના પતિનું ખૂન થયેલાની જાણ થયેલી.

(૩૬.૧) હવે સ્વાભાવિક રીતે આ સાહેદ બનાવ સમયે ભારતમાં ન હોય, તેણીને બનાવ અંગે ખબર ન હોય. તેમજ આરોપીઓ તરફે ઊલટ તપાસમાં એવું પૂછવામાં આવેલ છે કે, તેણીએ કોઈપણ જાતના લોભ, લાલચ વગર આ જુબાની આપેલી છે. આ પ્રશ્ન સ્વયં સૂચવે છે કે, શ્રુતિબેનને બનાવની પાછળથી જાણ થયેલી હોય જ, પરંતુ આરોપીઓનાં જે પ્રકારના કૃત્યથી તેમના પતિનું મૃત્યુ થયેલ છે તે જોતાં સ્વાભાવિક રીતે તેણી સ્ત્રી હોય અને તેણીનો દીકરો અમેરિકા હોય તેથી સત્ય હકીકત ન કહી શકે, કારણ કે, તેણીની સરતપાસ જોતાં આરોપીઓ તરફે ઊલટ તપાસમાં આવો સૂચક પ્રશ્ન પૂછવો તે જ શંકા ઉત્પન્ન કરે છે અને આરોપીઓએ તેણીને પ્રભાવિત કરેલ હોય તેવું સ્પષ્ટપણે માનવાને કારણ રહે. વધુમાં ભલે શ્રુતિબેન બનાવ અંગે કાંઈ ન કહેતા હોય, પરંતુ તેમના પતિ સ્વાધ્યાય પરિવારની સાથે જોડાયેલા હતા અને તેમાં સામાજીક પ્રવૃતિ અને સેવા કેન્દ્રમાં ભાગ લેતા અને તેથી જ એવું માનવાને કારણ રહે કે, ગુજરાતમાં આવેલ ભુકંપગ્રસ્તો માટે તેમના પતિએ સહાય કરેલી હોય, જેને વધુ સમર્થન નીચે મુજબની પુરાવાની ચર્ચાને આધારે મળે છે, જે જોઈએ તો, મરનાર

પંકજે સ્વાધ્યાય પરિવારને ભારતમાં વિદેશમાં રહેતા એન.આર.આઈ. લોકોએ જે દાન કરેલ તે દાનના અનુસંધાને હિસાબની માંગણી કરેલ તે આરોપીઓને ગમેલ નહીં અને તે અત્યંત સ્વાભાવિક હકીકત છે, કારણ કે, આરોપીઓ સ્વાધ્યાય પરિવાર સાથે સક્રિય રીતે જોડાયેલા છે અને તેથી મરણજનારે વડાપ્રધાન, ગવર્નર, ડી. જી. વગેરેને જે વિવિધ અરજીઓ આંક–પી–૪૧૮(PW84) થી આંક–પી–૪૨૪(PW84)વાળી કરેલી, જે આ કામના એક આરોપી ભરત વી. ભટ્ટ અને બીજા હોદ્દેદારો સામેની હતી અને તેમાં એવી દહેશત વ્યક્ત કરેલી કે તેઓનું ખૂન કરશે અને તેથી રક્ષણ માંગેલ. જે અરજીઓ ત. ક. અમલદારે તેમની આંક–૩૯૧(PW84) ની જુબાનીમાં રજૂ રાખેલ છે અને તેના અનુસંધાને આરોપીઓ તરફે ઊલટ તપાસમાં પ્રશ્નો પણ પૂછવામાં આવેલ છે, જે અરજીઓ ઉપર જે તે ઑફિસના સહી અને સિક્કાઓ પણ છે અને તેથી તે અરજીઓ અત્રે પુરવાર થયેલ હોય, પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. જેમાં મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદી, કે જે પોતે યુ.એસ. બેઝ્ડ એન.આર.આઈ. હતા અને સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હતા તેમજ આરોપીઓ પણ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હતા અને ગુજરાતમાં આવેલ ભુકંપને કારણે મરણજનારે વિદેશથી મોટું ભંડોળ ભેગું કરી અસરગ્રસ્તોને પૂરું પાડવાના હેતુથી સેવાકીય પ્રવૃતિના ભાગરૂપે અમદાવાદ મુકામે સ્વાધ્યાય પરિવારના કર્તાહર્તાઓને આપેલ અને આ ફંડ પૂરું પાડેલ, કે જે પંકજ હરીપ્રસાદ ત્રિવેદી અમદાવાદ મુકામે નારાયણ નિવાસ, સત્યાગ્રહ છાવણી, લેન–૧૧, પ્લોટ નં.૨૧૪, સેટેલાઈટ, અમદાવાદ મુકામે રહેતા હતા, તેઓએ તા.૧૨–૧૨–૨૦૦૧ ના રોજ ફરિયાદી તરીકે પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સેટેલાઈટ પોલીસ સ્ટેશન, અમદાવાદ તથા

નવરંગપુરા પોલીસ સ્ટેશન, અમદાવાદને એક અરજી કરેલી, જે અરજી આ કામે ત. ક. અમલદારે તપાસના કામે મેળવી આંક–પી–૪૧૮(PW84)થી રજૂ રાખેલ છે, જેમાં આ મરણજનાર ૩૦ વર્ષથી સ્વાધ્યાયની પ્રક્રિયા સાથે સંકળાયેલ હોવાનું જણાવેલ છે અને તેઓને આ તેમની ફરિયાદમાં જણાવેલ ઈસમો, કે જેમાં સામાવાળા નં.૧ તરીકે આ કામના આરોપી નં.૭ ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ, કે જે વિનાયક એપાર્ટમેન્ટ, પહેલો માળ, પુષ્પકુંજ સોસાયટી, કાંકરીયા ખાતે રહે છે, એ જ સરનામું ચાર્જશીટમાં પણ છે. આમ, આ ભરતભાઈ ભટ્ટ સહિત અન્ય ૬ ઈસમો સામેની આ ફરિયાદ, કે જેમાં તેઓએ ઘણાં પ્રશ્નો ઉપસ્થિત કરેલ અને તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવા અર્થે પુજ્ય પાંડુરંગ શાસ્ત્રીનાં ભત્રીજી, કે જે આદરણીય દીદી તરીકે ઓળખાય છે, તેમને મળવાનો સમય માંગેલ, પરંતુ સમય આપેલ ન હતો અને આ અરજીમાં જણાવેલ સામાવાળા તેઓને સહકાર આપતા ન હતા તેથી તા.૩૦–૯–૨૦૦૧ ના રોજ દીદીને પત્ર લખેલ તેથી આ આરોપી ભરત ભટ્ટ તથા અન્ય સામાવાળાઓ મરણજનાર ઉપર છંછેડાયેલ હતા અને તેમનો સ્વાધ્યાય પરિવારમાંથી બહિષ્કાર કરવામાં આવેલ હોય તેવું વલણ દાખવી, દુશ્મન છે તે પ્રકારનો અપપ્રચાર કરેલ અને તેમની ઉપર શારીરિક હુમલો કરવા માટે પ્રયત્ન કરતા હોવાની ભિતી વ્યક્ત કરેલ. તેઓએ આ કામના આરોપી ભરત વી. ભટ્ટને તા.૨૧–૧૦–૨૦૦૧ ના રોજ એક પત્ર લખેલ, પરંતુ તેમને દીદી સાથે મળવા દીધેલ નહીં, છેવટે તેમને તા.૧–૧૨–૨૦૦૧ ના રોજનો પત્ર મળે છે, તે લખનાર બકાભાઈ પટેલ, નવા વાડજ, અમદાવાદવાળા તરફથી મળેલ, જે મરણજનાર વિરૂદ્ધ ખૂબ જ અશ્લીલ શબ્દોમાં લખેલ હતો અને ધમકીભર્યો હતો અને તેથી આ આંક–પી–૪૧૮(PW84)ની ફરિયાદ સાથે તે

પત્રો જોડીને તેઓએ તેમની ઉપર આરોપી ભરત ભટ્ટ સહિતના અન્ય હુમલો કરશે, કરાવશે, ખૂબ જ ગંભીર શારીરિક ઈજા, અથવા તો ખૂન કરશે તેવી દહેશત વ્યક્ત કરી, તેમની વિરૂદ્ધ ફરિયાદ કરેલી, જેમાં તે ફરિયાદ મળ્યા બાબતની સંબંધિત પોલીસ અધિકારીઓની સહી, સિક્કો અને તારીખ પણ છે.

(૩૬.૨) ત્યારબાદ અન્ય એક ફરિયાદ પોલીસ ઈન્સ્પેકટર, સેટેલાઈટ પોલીસ સ્ટેશનને મરણજનારે તા.૨૧–૬–૨૦૦૨ ના રોજ કરેલી, જે આંક–પી–૪૧૯(PW84)થી રજૂ છે, જેમાં પણ આરોપી ભરત ભટ્ટ–નાઓ તથા અન્ય ઈસમો તેમને જાનથી મારી નાંખવાના બિભત્સ ફોન તેમના રહેઠાણના ટેલિફોન નં.૬૮૬૨૪૮૩ ઉપર કરી ધમકીઓ આપી ભયભીત કરે છે અને સ્વાધ્યાય પરિવારની પ્રવૃતિઓમાં વિરોધ કરનારાઓને માર મારવા ઉશ્કેરણી કરે છે. તે જ રીતે બીજી એક અરજી આંક –પી–૪૨૦(PW84)વાળી દાખલ કરેલ, જેમાં આરોપી ભરતભાઈ ભટ્ટ તથા અન્યોએ હોદ્દેદારોને ઉશ્કેરણી કરેલ અને તેથી તે ઉશ્કેરણીના પરિણામ સ્વરૂપે તેમના રહેઠાણના ટેલિફોન નં.૬૯૨૧૭૬૯ ઉપર તા.૧૯–૬–૨૦૦૨ થી તા.૨૦–૬–૨૦૦૨ ના રોજ ખૂબ જ અશ્લીલ, સંભળાય નહીં તેવા ધમકીભર્યા ફોન આવતા અને તેમને તથા કુટુંબના સભ્યોને મારી નાંખવાની ધમકી આપેલ. આ આંક–પી–૪૨૦(PW84) વાળી ફરિયાદ જગદીશભાઈ મનુભાઈ શાહે કરેલી જેથી સ્વાધ્યાય પરિવારના અમદાવાદ ખાતેના હોદ્દેદારો ખૂબ જ નારાજ થયેલ છે અને આ જગદીશભાઈ વિરૂદ્ધ ઉશ્કેરણી કરે છે અને તેમણે પણ આવી ધમકી વ્યક્ત કરેલી અને તે સાથે ૧૮ માર્ચ ૨૦૦૨ નાં મુંબઈના કાર્યકરોની મિટિંગ પાઠશાળામાં બોલાવેલી તેની હકીકત વર્ણવતો પત્ર

છે. ત્યારબાદ મરણજનારે તા.૧૧–૧૦–૨૦૦૪ ના રોજ મુખ્યમંત્રીશ્રીને પત્ર લખેલ, જે આંક–પી–૪૨૧(PW84)થી રજૂ રાખેલ છે, તેમાં મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા રીસીવ કરવામાં આવેલાનો શેરો અને સહી છે તેમજ કારકુન, માનનીય મંત્રીશ્રી, મહેસુલ અને અન્ન નાગરિક પુરવઠાનો સહી અને સિક્કો છે, જે તપાસના કામે સામેલ રાખેલ છે અને ત. ક. અમલદાર વી.ડી. ગોહીલે તેમની આંક–૩૯૧(PW84)ની જુબાનીમાં રજૂ રાખેલ છે, જે જોઈએ તો, આ અરજીમાં મરણજનારે આ કામના આરોપી અમદાવાદનાં મોટા ભાઈ તરીકે ઓળખાતા ભરતભાઈ ભટ્ટે રૂરૂલ કોર્ટમાં એક ફરિયાદ થયેલ તેમાં ખોટું એફીડેવીટ કરેલાની વિગતો છે, જેમાં સ્વાધ્યાય પરિવારને જે જમીન સુપ્રત કરવામાં આવેલ તેની ઉપર બાંધકામ થયેલ એ અંગેની કાર્યવાહી સામે વાંધાઓ ઉત્પન્ન કરેલ અને ટ્રસ્ટીઓ પોતે ભગવાન હોય તેવું વર્તન કરતા હોવાનું જણાવેલ. તેમજ તે જમીનમાં ગેરરીતી થયેલાનું પણ જણાવેલ અને પગલાં લેવા જણાવેલ તેમજ સ્વાધ્યાય પરિવારને ગુજરાતના ભુકંપમાં યુ.કે., યુ.એસ. તેમજ અન્ય દેશોમાં રહેતા એન.આર.આઈ. ભારતીયોએ મોટા પ્રમાણમાં દાન આપેલ તે ગુજરાતના ભુકંપમાં સહકાર આપવા માટે આપેલ અને તે મુજબની ડોલરમાં સ્વાધ્યાયનાં સર્વેસર્વા શ્રીમતિ ધનશ્રી તલવલકરે પોતાની સહીથી લખેલો કાગળ વિદેશના દરેક સ્વાધ્યાય કેન્દ્રોમાં પોતાની સહીથી લખેલો અને વાંચવામાં આવેલ અને તે મુજબ ડોલર ડિવોશ્નલ એસોસીએશન ઑફ યોગેશ્વરને જમા કરાવેલ, જેમાં કેટલાંકને પહોંચો આપેલી અને કેટલાંકને પહોંચો આપવામાં આવેલ ન હતી, જે રકમ બાબતે પણ વાંધો ઉઠાવેલ અને તેથી તેમણે આવી અરજી કરી અને મુખ્યમંત્રી પાસે મદદ માંગેલ તેમાં તેઓએ દહેશત વ્યક્ત કરેલ કે, જો તેમનું

પોતાનું અથવા તો તેમના મિત્રનું મોત થાય તો આ પત્રને અંતિમ ડાઇંગ ડેકલેરેશન ગણી જવાબદારો સામે પગલાં લેવા જણાવેલ, જેમાં ૩૦ વ્યક્તિઓના નામ લખેલ, તે પૈકીના એક હાલના આરોપી ભરતભાઈ ભટ્ટ પણ છે.

(૩૬.૩) આ અરજીઓના અનુસંધાને રાજ્યપાલશ્રીની કચેરી તરફથી આંક–પી–૪૨૨(PW84) વાળો જવાબ તા.૧૮–૧૧–૨૦૦૫ નો મરણજનાર પંકજભાઈને મોકલવામાં આવેલ તે જોતાં તેઓએ જે ફરિયાદો કરેલી છે તે અત્રે સ્પષ્ટપણે પુરવાર થાય છે. તેમજ આંક–પી–૪૨૩(PW84), તા.૧૦–૧૧–૨૦૦૫ ની જે તે સમયના રાષ્ટ્રપતિશ્રીને તેઓએ અરજી મોકલેલ, જેમાં પણ તેઓએ ઘણી વિગતો જાહેર કરેલ.

(૩૬.૪) ત્યારબાદ તા.૧૦–૧૦–૨૦૦૫ ની પોલીસ મહાનિર્દેશકને કરેલ અરજી આંક–પી–૪૨૪(PW84) વાળી મોકલેલ. આમ, ઉપરોક્ત આંક–પી–૪૧૮(PW84) થી આંક–પી–૪૨૪(PW84) વાળી અરજીઓથી સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, મરણજનારે સ્વાધ્યાય પ્રવૃતિની અનિયમિત્તાઓ વિરૂદ્ધ વર્ષ–૨૦૦૧ થી વાંધા લેતા આવેલા અને તેને લઈને તેઓએ ઉપરોક્ત અરજીઓ કરેલી, જે સ્વાધ્યાય પરિવારના કર્તાહર્તા એવા ભરતભાઈ વી. ભટ્ટ, એટલે કે, હાલના આરોપી નં.૭ તથા અન્ય જવાબદારો હોદ્દેદારો સામેની હતી અને આ મરણજનાર તેમના આવા બધા પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે દીદીને મળવા માંગતા હતા, આ દીદી એટલે અન્ય કોઈ નહીં પરંતુ સ્વાધ્યાય પરિવારનાં સર્વેસર્વા ધનશ્રી તલવલકરનાઓ છે અને તેમના ધ્યાન ઉપર મરણજનાર સ્વાધ્યાય પરિવારની ગેરરીતીઓ અંગેની માહિતી રજૂ કરવા માંગતા હતા, પરંતુ

અત્રે ગુજરાતના અને અમદાવાદના કાર્યકરો, કે જેમાં હાલના આરોપી ભરત વી. ભટ્ટ, કે જે મોટાભાઈ તરીકે ઓળખાતા હતા, તેઓએ સક્રિય ભાગ ભજવેલ અને મરણજનાર વિરૂદ્ધ ગુજરાતની વિવિધ કોર્ટોમાં જુદી જુદી ફરિયાદો તેમની વિરૂદ્ધ તથા તેમના મિત્રો ઉપર કરવામાં આવેલ, તે પૈકીના એક ક્રિમીનલ કેસ નં.૮૩૧/૨૦૦૩ નો ગોંડલ જે.એમ.એફ.સી. કોર્ટમાં કરેલ અને તેઓએ આ તમામ કેસો રદ્ધ કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરેલ અને ક્રિમીનલ કેસ નં.૮૩૧/૦૩ ના કામે તેમની વિરૂદ્ધ ગોંડલ કોર્ટ દ્વારા વોરંટ કાઢેલ અને સેટેલાઈટ પોલીસ સ્ટેશન દ્વારા તેમની તા.૨૧–૧૦–૨૦૦૫ ના રોજ ધરપકડ કરવામાં આવેલ અને રાત્રે ૧૨:૩૦ કલાકે ગોંડલ મુકામે લઈ જવામાં આવેલ, જે સ્વાધ્યાય પરિવારના અગાઉના પ્લાનીંગ મુજબ નક્કી કર્યા મુજબ ૮ થી ૧૦ હજાર વ્યક્તિઓનું ટોળું રાત્રે સાડા બાર કલાકે તેમની ઉપર હુમલો કરવા રાહ જોતું હતું, પરંતુ તેમને ધરપકડ કરીને લઈ જનાર પોલીસ કર્મચારીઓ અને અધિકારીની સાવચેતીના કારણે સીધા જજ સાહેબના બંગલે લઈ ગયેલા અને ત્યાંથી તેમને જ્યુડીશીયલ કસ્ટડીમાં મૂકેલ અને ત્યારબાદ તેઓએ કરેલ જામીન અરજી અને વોરંટ રદ્ધની અરજીના કામે આ સ્વાધ્યાય પરિવારના ટોળાઓ કોર્ટમાં આવી તેમની વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરતા અને આ રીતેની તમામ પરિસ્થિતિ સ્વાધ્યાય પરિવારના અગ્રગણ્ય ધનશ્રી તલવલકરની ઉશ્કેરણીને કારણે થયેલ હોવાની દહેશત આંક–પી–૪૨૩(PW84)માં તેઓએ વ્યક્ત કરેલી.

(૩૬.૫) હવે, આ તમામ અરજીઓના અનુસંધાને આરોપીઓ તરફે એવી દલીલ છે કે, આ અરજીઓના કન્ટેન્સ અત્રે પુરવાર થયેલ ન હોય તેને માની ન

શકાય, પરંતુ અત્રે નોંધવું પડે કે, આ કામના સાહેદ PW38 નાં પિતાએ આંક–૨૨૭ વાળી અરજી જે તે સમયે કરેલી જે આ સાહેદના પિતા અશોકભાઈ એમ. અમીને લેજર પેપર ઉપર ટાઈપ કરીને તા.૧૦–૭–૦૬ ના રોજ કરેલી, જેમાં ગૃહખાતાના સચિવ સાહેબ, ડી.જી.પી. સાહેબ, પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર, પી.આઈ. ક્રાઈમ બ્રાંચ, ગાયકવાડ હવેલી, પી.આઈ. એલીસબ્રીજ પોલીસ સ્ટેશન અને વીજીલન્સ કમિશ્નરને મોકલેલી, જેમાં તેઓએ પેરા–૨ માં એવું સંબોધન કરેલ છે કે, અમો અરજદારના ઓળખીતા અને સંબંધી, જેમાં ૧ નંબરમાં કૌશલ અશોકભાઈ અમીન, ૨ નંબરમાં મનિષ જયંતિભાઈ પટેલ અને ૩ નંબરમાં ઠક્કર ચિરાગ જશવંતભાઈનું નામ છે. હવે, આ અરજી ટાઈપ કરેલી છે, અશોકભાઈને બચાવ પક્ષે તપાસેલ નથી તેમજ કૌશલભાઈએ પોતે આ અરજી તૈયાર કરી હોય તેવું બનેલ નથી તેમજ કૌશલભાઈની કોર્ટ રૂબરૂ આંક – ૨૧૯(PW38)થી સોગંદ ઉપર જુબાની તા.૫–૩–૨૦૨૦ ના રોજ આપેલ, જેમાં તેમની સરતપાસમાં આ અરજી બાબતે કોઈ જ હકીકત જણાવતા નથી, પરંતુ આરોપીઓ તરફે આ અરજી માર્ક–૨૨૦(એ) વાળી બતાવી અને તેમના પિતાની સહી ઓળખાવેલ છે, જે હકીકત જોઈએ તો, આ અરજીમાં તેમના પિતા પોતે તેમના દીકરાને, દીકરા તરીકે સંબોધતા નથી, પરંતુ ઓળખીતા અને સંબંધી તરીકે સંબોધે છે, આ હકીકત ઘણું સૂચવી જાય છે અને તે ધ્યાને લઈએ તો ક્યાંકને ક્યાંક કૌશલભાઈના પિતાને દહેશત હતી કે તેમનો દીકરો પણ મરણજનાર પંકજભાઈના ખૂનના ગુના સાથે કોઈક રીતે સંકળાયેલ હશે અને જો તેનું ઈનવોલમેન્ટ રેકર્ડ પર આવે તો સમાજમાં તેમનું કુટુંબનું ખરાબ ન લાગે તેથી તેઓએ દીકરાને દીકરો ન કહેતા ઓળખીતા અને સંબંધી તરીકે આ અરજી કરેલ

છે અને આ અરજીના કન્ટેન્ટસ આ સાહેદ કૌશલની જુબાનીથી પુરવાર થયેલ નથી છતાં તેને પુરવાર થયેલ હોવાનું જણાવી બચાવ પક્ષ આધાર રાખે છે અને વંચાણે લેવાની દલીલ કરે છે. તે જ રીતે અશોકભાઈને માર્ક–૨૨૦(બી)વાળો પત્ર, કે જે નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન તરફથી મળેલો તે તા.૮–૩–૨૦૦૮ નો છે તેને આધારે તેઓએ તા.૧૦–૭–૦૬ ના રોજ જે અરજી કરેલી તેના અનુસંધાનેનો છે, જેને દલીલમાં આંક–સી–૪૮૩ આપી વંચાણે લીધેલ છે.

(૩૬.૬) આ પત્રને આધારે આંક–૨૨૭ વાળી અરજી કૌશલનાં પિતાએ આપેલ હોવાની દલીલ કરેલ છે. જો આ સંજોગોમાં તેમની આ દલીલ ગ્રાહ્ય રાખી આંક–૨૨૭ વાળી અરજી વંચાણે લેવામાં આવે તો પછી આંક –પી–૪૧૮(PW84) થી આંક–પી–૪૨૪(PW84) વાળી અરજીઓ, કે જે ત. ક. અમલદારે આ ગુનાની તપાસના ભાગરૂપે કબજે કરેલ અને રજૂ રાખેલ છે જેની ઉપર સંબંધિત પોલીસ સ્ટેશનનાં અધિકારીઓની તે મળ્યા બાબતની સહી અને સિક્કાઓ છે તે જરૂરથી વંચાણે લઈ શકાય અને તેને વધુ સમર્થન આ અરજીઓમાં લખેલ અરજી પૈકીની આંક–પી–૪૨૩(PW84)વાળી અરજી મુજબ મરણજનાર સામે ગોંડલની કોર્ટે ફોજદારી કેસ નં.૮૩૧/૨૦૦૩ માં વોરંટ કાઢેલ અને તે વોરંટને આધારે મરણજનારની ધરપકડ કરી તેઓને રાજકોટ જેલમાં પણ રહેવાનો પ્રસંગ ઉદ્‌ભવેલ તે અત્રે પુરવાર થયેલ છે.

(૩૬.૭) આમ, મરણજનાર પંકજ ત્રિવેદી સામે ફરિયાદો કરનાર સાહેદો, કે જે હાલના કામે PW23 થી PW31 નાં છે, તેઓ આવી ફરિયાદ કરનાર ફરિયાદીઓ છે છતાં પણ અત્રેની કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર આરોપીઓની તરફેણ

કરવાના હેતુથી સત્ય હકીકત જણાવતા નથી, પરંતુ ન્યાયિક કોર્ટની સત્ય શોધવાની જે પવિત્ર ફરજ છે તેના ભાગરૂપે આ ફરિયાદોનાં અનુસંધાને મરણજનારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જે ક્વેશીંગ પીટીશનો દાખલ કરેલ તેનો સંયુક્ત હુકમ આંક–સી–૪૯૭ થી અત્રેની કોર્ટે રેકર્ડ પર રાખી વંચાણે લીધેલ છે, કે જે નામદાર ગુજરાત હાઈકોર્ટનો તા.૯–૩–૨૦૦૬ નો હુકમ છે, તે ઓનલાઈન ડાઉનલોડ કરી તેની જ્યુડીશીયલ નોંધ લઈ અને આ ઉપરોક્ત સાહેદોનું જુદ્દાણું રેકર્ડ પર લાવવાના હેતુથી વંચાણે લેવામાં આવેલ છે, જે મુજબ મરણજનારે દહેશત વ્યક્ત કરેલ કે, આરોપી ભરત વી. ભટ્ટ તથા અન્ય ઈસમો તેમને ધમકી આપતા હતા અને જોઈ લઈશું તેવું જણાવતા હતા અને હાઈકોર્ટ નહીં તો સુપ્રિમકોર્ટમાં પણ તેને લઈ જઈશું તેવું જણાવતા હતા તે હકીકત આ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમથી પુરવાર થાય છે, કે જે હુકમમાં મરણજનાર અને અન્ય ઈસમો સામે જે અલગ અલગ ફરિયાદો થયેલી તેની વિગત આપેલ છે અને તેમાં ફરિયાદી તરીકે આ તમામ સાહેદો પણ તેમના વકીલશ્રી મારફતે હાજર રહેલ છે તેવું આ હુકમથી સ્પષ્ટ થાય છે, છતાં તેઓ અત્રેની કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટી હકીકત જણાવે છે કે, આવી ફરિયાદો કરેલ હોય તે તેમને ખબર નથી.

(૩૬.૮) હવે, આ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમના પેરા–૨૨ માં જે હકીકત વર્ણવેલ છે તે મુજબ એફીડેવીટ રજૂ કરનાર પીટીશનર નં.૧૮ હેમરાજ સી. આશેર, કે જે બોમ્બે હાઈકોર્ટમાં પ્રેક્ટીસીંગ સિનિયર સોલીસીટર છે, ૭૦ વર્ષના છે, તેઓએ તેમની એફીડેવીટમાં જે જણાવેલ છે તે મુજબ આ સ્વાધ્યાય પરિવારના સામે અવાજ ઉઠાવનાર ૧૯ પીટીશનરો સામે ખોટી ફરિયાદો કરેલી છે

અને તેઓ કોર્ટમાં હાજર રહે ત્યારે તેમાંથી કેટલાંકને મારવામાં આવેલ છે અને કેટલાંકના વકીલશ્રીઓએ તેમના વતી કોર્ટમાં હાજર થવાનો ઈન્કાર કરેલ છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૯–૩–૨૦૦૬ ના રોજ હુકમ કરી આ કામના PW23 થી PW31 નાં સાહેદોની મરણજનાર તથા તેમના મિત્રો સામે, કે જેઓએ સ્વાધ્યાય પરિવારની કાર્યપ્રણાલી સામે પ્રશ્નો ઉપસ્થિત કરેલા અને તેને લઈને આ કામના આરોપી ભરતભાઈ વી. ભટ્ટ કે જે સ્વાધ્યાય પરિવારના અમદાવાદ ખાતેના મોટા ભાઈ તરીકે ઓળખાતા હતા તેઓ તથા અન્ય હોદ્દેદારોની ઉશ્કેરણીને લઈને જે ફરિયાદો કરેલી તે રદ્દ કરતો હુકમ કરેલ, તે હુકમની તારીખ જોતાં મરણજનાર અને સ્વાધ્યાય પરિવારના હોદ્દેદારો વચ્ચેની જે તકરારો છે, જે વર્ષ ૨૦૦૧ થી શરૂ થયેલી અને તેનો અંત તા .૧૫–૬–૦૬ ના રોજ મરણજનારના મૃત્યુ સાથે આવેલ છે.

(૩૬.૯) આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૯–૩–૨૦૦૬ ના રોજ જે હુકમ કર્યો તે હુકમ સામે સ્વાધ્યાય પરિવારના હોદ્દેદારો અને આરોપી ભરત વી. ભટ્ટ નાઓ નામદાર સુપ્રિમકોર્ટમાં ગયેલ નથી કે સાહેદો પણ નામદાર સુપ્રિમકોર્ટમાં ગયેલ નથી અને ખોટી રીસ રાખી અને હાલના ગુનાને જે રીતે અંજામ આપેલ છે તે સ્વયં બતાવે છે કે, આરોપીઓને એટલે કે, આરોપીઓ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા હતા અને સક્રિય હતા તેઓએ મરણજનારનાં મૃત્યુને ઉપરોક્ત વૈમનસ્યને કારણે ગુનાહિત કાવતરું ઘડી આખરી અંજામ આપેલ છે તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે. તેમજ આ અરજીઓ મુજબ ખૂબ મોટી માત્રામાં આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ અને મરણજનાર સિવાય

લંડન ખાતે રહેતા વિનોદ સંચાણીયાને પણ આવી હાથપગ તોડી નાંખવાની ધમકી મળેલ, જે તેમની આંક–પી–૪૨૧(PW84)ની ફરિયાદ ઉપરથી પુરવાર થાય છે.

(૩૬.૧૦) આમ, મરણજનારે ઉપરોક્ત અરજીમાં જણાવેલ કે, ગમે ત્યારે તેમનું તથા તેમના મિત્ર એટલે વિનોદ સંચાણીયાનું મૃત્યુ થાય તો તે ફરિયાદમાં જણાવેલ ઈસમોને જવાબદાર ગણવા અને આ ફરિયાદ તેમનું અંતિમ ડી.ડી. ગણી કાયદેસરની કાર્યવાહી કરવી. આ અરજીઓમાં ગુજરાત રાજ્યના જે તે સમયના નિવૃત મુખ્ય ન્યાયાધીશશ્રીના રાજીનામાની કોપી રાખેલ હોવાની હકીકત જણાવેલ છે તે સ્વયં ઘણું સૂચવી જાય છે, જેની કોઈ ચર્ચા કરવી વાજબી જણાતું નથી. આમ, મરણજનારે પોતાને રક્ષણ મેળવવા માટે જે વિવિધ અરજીઓ કરેલી તે તપાસના ભાગરૂપેની છે અને અત્રે પુરવાર થયેલ છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી.

(૩૬.૧૧) હવે, આ અનુસંધાને મરણજનાર વિરૂદ્ધ ગોંડલની જે.એમ.એફ.સી. કોર્ટે વોરંટ ક્રિમીનલ કેસ નં.૮૩૧/૨૦૦૩ ના કામે કાઢવામાં આવેલ હતું તે હકીકત મરણજનારે તેમની આંક–પી–૪૨૩(PW84)ની અરજીમાં જણાવેલ છે તે બાબતે આરોપીઓ તરફે ત. ક. અમલદાર વી.ડી. ગોહીલની આંક–૩૯૧(PW84) ની ઊલટ તપાસમાં પડકારેલ નથી, એટલે કે, આ અરજીમાં મરણજનારે તેમની વિરૂદ્ધ જે વોરંટ નામદાર જે.એમ.એફ.સી. કોર્ટ, ગોંડલએ કાઢેલ તે અત્રે પુરવાર થયેલ છે, જે આઈ.ઓ.એ તેમની સરતપાસના પેરા–૬૩ મુજબ રજૂ રાખેલ છે અને આરોપીઓ તરફેની આ સરતપાસ સંદર્ભેની ઊલટ

તપાસ પેરા–૧૪૯ પાના નં.૫૯ ઉપર છે, જેમાં ફક્ત એટલું પૂછેલ છે કે, ત. ક. અમલદારે તેમની સરતપાસના પેરા–૫૮ થી ૬૪ માં જે પુરાવો આપેલ છે તે ખોટો આપેલ છે, જેનો ત. ક. અમલદાર ધરાર ઈન્કાર કરે છે અને આ પેરા–૫૮ થી ૬૪ એટલે મરણજનારે આપેલ આંક–પી–૪૧૮(PW84)થી આંક–પી–૪૨૪(PW84) વાળી અરજીઓ છે, કે જે ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપીઓ તરફેની આંક–૨૨૭ ની અરજીના અનુસંધાને તેમનો આંક–સી–૪૮૩ વાળા દસ્તાવેજ મુજબ આ અરજીઓ પણ પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે.

(૩૬.૧૨) હવે, મરણજનાર વિરૂદ્ધ જે વોરંટ નિકળેલ તે વોરંટની બજવણીની પ્રક્રિયા સાથે સંકળાયેલ સાહેદ જગુભાઈ માલાભાઈ ભરવાડને આંક–૩૦૪(PW67)થી તપાસેલા છે, જે જણાવે છે કે, તા.૨૧–૧૦–૨૦૦૫ ના રોજ તેમની નોકરી સંયુક્ત પોલીસ કમિશ્નર, સેકટર–૨ નાં રીડર કમ સ્ટ્રાઈકીંગ ફોર્સમાં એ.એસ.આઈ. તરીકે હતી ત્યારે બપોરના સમયે પોલીસ કમિશ્નર, સેકટર–૧ નાં પી.એ. ઘનશ્યામસિંહ ચુડાસમાનાઓ એટલે કે, આ કામના આરોપી નં.૬ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, કે જેઓ મરણજનાર પંકજ ત્રિવેદીનું બિન–જામીનપાત્ર વોરંટ જે.એમ.એફ.સી. ગોંડલ કોર્ટે કાઢેલ અને બજવણી થતી ન હોય તેથી પંકજ ત્રિવેદી હાલ રાયપુર બીગ બજાર ખાતે આવેલ હોય તેથી એ.એસ.આઈ. અભેસિંહ પૃથ્વીસિંહને જણાવેલ અને તેઓએ પંકજને પકડી કમિશ્નર ઑફિસ લાવેલા અને સેટેલાઈટ પોલીસ સ્ટેશનના રિપોર્ટ સાથે ગોંડલ કોર્ટ રવાના કરેલ અને તેમનું નિવેદન આઈ.ઓ. ગોહીલ દ્વારા તા.૮–૮–૦૬ ના રોજ નોંધવામાં આવેલ. આ હકીકત સ્વયં પુરવાર કરે છે કે, સ્વાધ્યાય

પરિવાર વિરૂદ્ધ મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીએ જે અરજીઓ કરેલી તેને લઈને આ કામના સાહેદ PW23 થી PW31 નાઓએ ગુજરાત રાજ્યમાં વિવિધ ફરિયાદો કરેલ તે ફરિયાદો પૈકીની એક ફરિયાદ, કે જેનો ક્રિમીનલ કેસ નં. ૮૩૧/૨૦૦૩ નો હતો, તેમાં વોરંટ કાઢેલ અને તેથી આરોપી નં.૬ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા આ મરનારની ગતિવિધી ઉપર નજર રાખતા હતા તે હકીકત અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે. તેમજ આ સાહેદની આરોપીઓ તરફે જે ઊલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં પણ એવી કોઈ વિરૂદ્ધની હકીકત રેકર્ડ પર આવેલ નથી કે જે આરોપીઓને મદદરૂપ થઈ શકે અને ઉપર ચર્ચા કરી તે મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટનાં આંક–સી–૪૯૭ નાં હુકમ મુજબ મરણજનારે તેની વિરૂદ્ધની જે ફરિયાદો રદ્ધ કરવા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજીઓ કરેલી અને આ ફરિયાદો રદ્ધ કરતો જે હુકમ થયેલ તે જોતાં આ વોરંટ અંગેની હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી અને મરણજનારની અટકને આરોપીઓએ આ સાહેદની ઊલટ તપાસમાં વિવિધ પ્રશ્નો પૂછી વોરંટ બજવણીના અનુસંધાને કોઈ લેખિત રિપોર્ટ કે રજીસ્ટરમાં નોંધણી કે પંચનામું કરેલ કે કેમ તે હકીકત તેમજ ક્યા સરકારી વાહનમાં ગોંડલ લઈ ગયેલા વગેરે પ્રશ્નો પૂછેલ છે, પરંતુ મરણજનારે તેમની આંક–પી–૪૨૩(PW84)ની અરજીમાં આ વોરંટની હકીકત જણાવેલ છે અને તેમને ગોંડલના મેજીસ્ટ્રેટ સાહેબનાં ઘરે રજૂ રાખેલ અને ત્યાંથી રાજકોટ સેન્ટ્રલ જેલ ખાતે મોકલેલાની હકીકત બિન–પડકારેલ હોય, આવી ઊલટ તપાસ કોઈ જ રીતે મદદરૂપ થઈ શકતી નથી.

(૩૬.૧૩) વધુમાં સાહેદ અભેસિંહ પૃથ્વીસિંહ જોધાને આંક–૩૦૫ (PW68) થી તપાસેલ છે, જે વર્ષ ૨૦૦૫ માં શાહીબાગ પોલીસ કમિશ્નર કચેરીમાં

સ્ટ્રાઈકીંગ ફોર્સમાં એ.એસ.આઈ.તરીકે નોકરી કરતા હતા તેઓને તા.૨૧–૧૦–૨૦૦૫ ના રોજ સ્ટ્રાઈકીંગ ફોર્સના ઈન્ચાર્જ શ્રી ભરવાડે, એટલે કે PW67 એ સૂચના આપેલ કે, ગોંડલના એન.બી.ડબલ્યુ.નાં ઈસમ પંકજ ત્રિવેદી કાગડાપીઠ પોલીસ ચોકીની હદમાં બીગ બજાર ખાતે ખરીદી કરવા આવેલ છે તેથી આ સાહેદે તેની અટક કરી PW67 ને સોંપેલ અને PW67 એ સેટેલાઈટ પોલીસ સ્ટેશનને મરણજનારને સુપ્રત કરેલ. આમ, આ અભેસિંહ જોધાની ઊલટ તપાસ જોતાં પણ મરણજનારની જે.એમ.એફ.સી. કોર્ટ, ગોંડલના વોરંટ આધારે અટક કરેલી તે હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે. તેમજ આવી અટક સ્વાધ્યાય પરિવારના સાહેદોની ફરિયાદને આધારે જ કરવામાં આવેલ છે, જે સાહેદોને આ કામે PW23 થી PW31 સુધી તપાસેલ છે, તે તમામ સાહેદોની આરોપીઓ તરફે ઊલટ તપાસ ફક્ત આરોપી નં.૮ અને ૯ તરફે કરેલ છે, જેમાં આરોપી નં.૮ ની ઊલટ તપાસમાં એવું સજેશન કરેલ છે કે, તેઓ કોઈ દિવસ નામદાર હાઈકોર્ટમાં ગયેલ નથી પરંતુ તેમણે જે કેસો કરેલા તે અંગે કોઈ વ્યક્તિ સાથે મિટીંગ કરેલ ન હતી. આ સજેશન સ્વયં પુરવાર કરે છે કે, તેઓએ મરણજનાર વિરૂદ્ધ ગોંડલ કોર્ટમાં કેસો કરેલા છે અને તેથી આ પોલીસ સાહેદોની ઊલટ તપાસમાં તેમને વોરંટથી સેટેલાઈટ પોલીસ સ્ટેશને જે ધરપકડ કરેલી તેના અનુસંધાને જે શંકા ઉત્પન્ન કરેલ છે તે અત્રે ટકી શકે નહીં. આમ, આ સાહેદ અભેસિંહની ઊલટ તપાસથી એટલું પુરવાર થાય છે કે, મરનાર પંકજે સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ જે અરજીઓ કરેલી તેની ફરિયાદો કરી તેમને જેલમાં મૂકાવવાનો પ્રયત્ન કરેલ, જે ફરિયાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આંક–સી–૪૯૭ નાં હુકમ મુજબ રદ્ધ કરવામાં આવેલ છે.

(૩૬.૧૪) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ હિતેશકુમાર બાબુલાલ ગોહીલને આંક–૩૧૩(PW69)થી તપાસેલ છે, જે અમદાવાદ મુકામે હેડ કોન્સ્ટેબલ તરીકે નોકરી કરે છે અને ૨૦૦૬ નાં અરસામાં પંકજ ત્રિવેદીનું ગોંડલ કોર્ટનું વોરંટ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં આવેલ, જેની વોરંટ રજીસ્ટરમાં બજવણી અર્થે હેડ કોન્સ્ટેબલ મુર્તુજાને આપેલ અને આ મુર્તુજાએ પંકજ ત્રિવેદીની અટક કરી ગોંડલ કોર્ટમાં રજૂ રાખેલ, જે બાબતની નોંધ નં.૧૬ અને ૨૦ ની પડેલી છે, જે નોંધ આંક–પી–૩૧૪(PW69) થી રજૂ રાખેલ છે, જે જોતાં પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ગોંડલ કોર્ટનું વોરંટ આવેલ અને તેને આધારે તેને ગોંડલ કોર્ટ ખાતે મેજીસ્ટ્રેટ સાહેબના બંગલે રજૂ કરેલ અને ત્યાંથી સેન્ટ્રલ જેલ મૂકી પોલીસ પાર્ટીના માણસો પરત આવેલ તેવું પુરવાર થાય છે. અને આ અનુસંધાને ફરિયાદ પક્ષે સાહેદ જયરાજસિંહ ટેમુભા જાડેજાને આંક–૨૩૨(PW42)થી તપાસેલા છે, જે વર્ષ ૨૦૦૬ નાં અરસામાં રાજકોટ જિલ્લાની જેલમાં હતો અને તે સમયે કોઈ વ્યક્તિ સાથે જેલમાં મુલાકાત થયેલ તેવું તેને યાદ નથી અને મરણજનાર પંકજ ત્રિવેદી તથા ચંદ્રસિંહ મનુભા જાડેજાને ઓળખતો નથી તેવું જણાવે છે. આમ, આ સાહેદ મરણજનાર સાથે રાજકોટ જેલમાં એક જ રૂમમાં રોકાયેલ હોવા છતાં સોગંદ ઉપર ખોટું જણાવે છે, પરંતુ આ સાહેદની જુબાનીથી મરણજનારને રાજકોટ સેન્ટ્રલ જેલ ખાતે નામદાર ગોંડલનાં મેજિસ્ટ્રેટશ્રીનાં હુકમથી મોકલવામાં આવેલ તે હકીકતને કોઈ જ રીતે ફર્ક પડતો નથી, કારણ કે, પોલીસ સાહેદની ઊલટ તપાસ જોતાં પણ કોઈ વિરૂદ્ધની હકીકત રેકર્ડ પર આવેલ નથી. તેમજ આ સાહેદની જુબાનીને PW67 અને PW68 ની જુબાનીથી સમર્થન મળે છે, જેઓ પોલીસ સાહેદો છે અને તેમની ફરજના ભાગરૂપે તેઓએ મરનાર પંકજનું જે.એમ.એફ.સી.

કોર્ટના વોરંટની બજવણી કરેલ, કે જે આ કામના એક સ્વાધ્યાય પરિવારના સાહેદની ફરિયાદનાં અનુસંધાનેનું જ હતું, કે જે સાહેદ આરોપીઓની તરફેણ કરતા હોય નામદાર કોર્ટ રૂબરૂ સત્ય હકીકત છૂપાવે છે છતાં આ વોરંટની હકીકત મરણજનારની આંક–પી–૪૨૩(PW84) ની અરજી તેમજ આંક –પી–૩૧૪(PW69)થી પુરવાર થયેલ છે અને તેને વધુ સમર્થન PW23 થી PW31 નાં સાહેદોએ ત. ક. અમલદારને આપેલ નિવેદન મુજબ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાનીથી પુરવાર થાય છે અને તે ફરિયાદોના અનુસંધાને મરણજનારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફરિયાદો રદ્ધ કરવા અરજી કરેલ તે મંજૂર કરતા આંક–સી–૪૯૭ નાં હુકમથી પુરવાર થાય છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી, કે જે અત્રે મરણજનારે કરેલ અરજીઓ તથા અન્ય સાહેદો PW67, PW68, PW69 નાં પુરાવાથી પુરવાર થયેલ છે.

(૩૬.૧૫) વધુમાં, અત્રે PW23 થી PW31 નાં સાહેદોની જુબાની પણ ધ્યાને લેવી જરૂરી છે, કે જે સાહેદો દ્વારા મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદી અને બીજા ઇસમો કે જેઓએ સ્વાધ્યાય પરિવારની કાર્યપ્રણાલીની સામે વાંધો ઉઠાવેલ અને અરજીઓ કરેલ અને 'અશુભ' નામની પત્રીકા છપાવતાં તેઓએ ગોંડલની કોર્ટમાં તેમજ ગુજરાતની અન્ય કોર્ટોમાં ફરિયાદો કરેલ હોવા છતાં અત્રેની કોર્ટમાં તેઓ સોગંદ પર આરોપીઓની મદદ કરવાના એક માત્ર હેતુથી ખોટી હકીકત જણાવે છે પરંતુ તેઓની જુબાની અત્રે ધ્યાને લેવી જરૂરી છે કે જેથી સત્ય હકીકત રેકર્ડ પર આવી શકે. આ સાહેદો સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે અને આરોપીઓ પણ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ છે અને તેથી આરોપીઓને

સારી રીતે ઓળખે છે અને યેનકેન પ્રકારે આરોપીઓને મદદ કરવાના હેતુથી નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ પર ખોટી જુબાની આપે છે, કે જે તેમની વર્તણૂક સીધી રીતે ન્યાયની પ્રક્રિયામાં ખલેલ પહોંચાડનારી અને વિક્ષેપ ઉભી કરનારી છે અને તેવા હેતુથી તેઓ જુબાની આપે છે કે તેમની સામે ખોટી હકીકત નામદાર કોર્ટ રૂબરૂ જાહેર કરવાથી તેમનુ કોઇ કંઇ કરી શકે નહી. પરંતુ આ તેમની ભ્રમણા છે અને ન્યાયની કોર્ટનું કામ સત્ય શોધવાનું છે અને સત્યની શોધ માટે આવા ફરી ગયેલા સાહેદોની જુબાની પણ જેટલે અંશે જરૂરી હોય અને ફરીયાદપક્ષના કેસને મદદ કરતી હોય તે ધ્યાને લેવી પડે.(**Reference is made to the Judgment of Hon'ble Apex Court in** Criminal Apppeal No. 906 of 2023 in Selavamani vs. The State Rep. By the Inspector or Police)(Supra)

(૩૬.૧૬) આમ, આ કામે સાહેદ અશોક ચતુર્ભુજ શાણીને આંક–૨૦૦(PW23) થી તપાસવામાં આવેલ છે. તેમની જુબાની જોઇએ તો, તેઓ તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ નામદાર કોર્ટમાં જુબાની આપે છે. તે મુજબ તેમની ઉંમર ૬૩ વર્ષની છે અને નિવૃત્ત છે. જે ગોંડલ નગરપાલીકામાં ટેક્ષ ખાતામાં કલાર્ક તરીકે નોકરી કરતાં હતા. એટલે કે તેઓ પબ્લીક સર્વન્ટ હતા અને ઘણા વર્ષોથી સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયેલ હોવાનું જણાવે છે, તેમજ પોલીસે તેમની પુછપરછ કરી તેમનું નિવેદન લીધેલ તેવુ જણાવે છે તેનો મતલબ કે પોલીસ દ્વારા આ ગુન્હાના કામે આ સાહેદનું નિવેદન નોંધવામાં આવેલ છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓ ગોંડલ બસ સ્ટેન્ડ વિસ્તારમાં હતા ત્યારે તેમને

પત્રિકા દ્વારા જાણવા મળેલ કે, સ્વાધ્યાય પરિવાર વિરુધ્ધ લખાણ લખાયેલ છે અને આ લખાણ કોણે લખેલ તે ખબર નથી પરંતુ આવુ લખાણ છાપનાર વિરુધ્ધ ગોંડલ કોર્ટમાં કેસ કરેલ તેવુ જણાવે છે. તેમજ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ કોઇ વ્યક્તિનું ખૂન થવાનું જાણતાં નથી અને ભરત ભટ્ટને ઓળખતાં નથી તેવુ જણાવે છે. આમ, આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ના હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરેલ છે. તે ઉલટ તપાસમાં આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી પરંતુ આ સાહેદનું નિવેદન તા.૨૧/૦૬/૨૦૦૬ ના રોજ પોલીસે નોંધેલ તેવુ પુરવાર થાય છે અને સરતપાસમાં પણ તેઓનું નિવેદન નોંધેલુ તેવુ સાહેદ પોતે જણાવે છે અને આ નિવેદન આ કામના ત.ક.અમલદાર વિક્રમસિંહ દશરથસિંહ ગોહિલ (PW84) દ્વારા નોંધવામાં આવેલ, જે આ ત.ક.અમલદારની સરતપાસના પેરા ૮૭ થી પુરવાર થાય છે. જે મુજબ આ સાહેદ નગરપાલીકામાં નોકરી કરતાં હોવા છતાં સોગંદ પર ખોટી જુબાની આપે છે અને ગોંડલ કોર્ટમાં પત્રિકા છપાવનાર સામે કેસ કરેલા છતાં સત્ય હકીકત નામદાર કોર્ટ રૂબરૂ છુપાવે છે અને આ ગોંડલ કોર્ટમાં કરેલ ફરીયાદ મરણ જનાર વિરુધ્ધ કરેલ હોવા છતાં મરણજનારનું નામ લેતાં નથી. તેમજ આ સાહેદે આરોપી ભરત ભટ્ટની સુચનાથી મહેશ શાહ અને મરણ જનાર પંકજ હરીપ્રસાદ ત્રીવેદી વિરુધ્ધ સ્વાધ્યાય પરિવાર ના અગ્રણી જવાબદાર ભાઇઓની સુચનાથી કરેલ તેવુ આઇ.ઓ.ની જુબાનીથી ફલીત થાય છે. જે ફરીયાદો નામદાર ગુજરાત હાઇકોર્ટે રદ કરેલ છે, જે નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ આ સાહેદ પણ જતાં હતા અને ભરત ભટ્ટ કે જે આ કામના આરોપી પણ ત્યાં આવતા હતા અને ભરત ભટ્ટ આ સાહેદને જણાવતાં હતા કે જો

હાઇકોર્ટ ફરીયાદ કાંઢી નાંખશે તો આપણે સુપ્રિમમાં જઇશુ અને જો સુપ્રિમ કાંઢી નાંખશે તો પંકજ ત્રિવેદીને સીધો કરીશુ. આમ, નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૦૯/૦૩/૨૦૦૬ ના રોજ આ સાહેદે કરેલ મરણ જનાર વિરુધ્ધની ફરીયાદ રદ કરેલ છે અને તેથી ત્યાર બાદ તા.૧૫/૦૬/૨૦૦૬ ના રોજ મરણ જનાર પંકજ હરીપ્રસાદ ત્રીવેદીનું ખૂન થયેલ છે. જે હકીકત ધ્યાને લઇએ તો ત.ક.અમલદારને આ સાહેદે તા.૨૧/૦૬/૨૦૦૬ ના રોજ જે નિવેદન લખાવેલ છે તે નિવેદન લખી લેવા માટે કોઇ વિચાર ના આવે. સિવાય કે તે નિવેદનની હકીકત આ સાહેદે લખાવેલ હોય કારણ કે ત.ક.અમલદારને આરોપીઓ સાથે કે આ સાહેદ સાથે કોઇ વૈમનસ્ય નથી કે જેથી આરોપીઓને આ ગુન્હાના કામે ખોટી રીતે સંડોવી દેવાના હેતુથી ત.ક.અમલદાર તેમની સરતપાસના પેરા નં. ૮૭ માં જણાવ્યા મુજબની હકીકત વાળુ આ સાહેદનું નિવેદન પોતાની રીતે લખી લે કે જે કોઇ જ રીતે શકય નથી અને આ સાહેદની નિવદેનમાં લખાવેલ હકીકત ને મરણ જનારે કરેલ આંક–P–418(PW84) થી આંક–P–424(PW84) ની અરજીઓ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના આંક–સી–૪૯૭ ના તા.૦૯/૦૩/૨૦૦૬ ના હુકમથી સ્પષ્ટપણે સમર્થન મળતુ હોય તે નહીં માનવાને કોઇ કારણ નથી. હવે આરોપીઓ તરફેની આ સાહેદની ઉલટ તપાસ જોઇએ તો, આ સાહેદે સરતપાસમાં જે હકીકત સમર્થનકારી જણાવેલ છે તેને પડકારેલ નથી પરંતુ એવો પ્રયત્ન કરેલ છે કે તેઓ હાઇકોર્ટમાં ગયેલ નથી અને જે કેસો કરેલા તે અંગે કોઇ વ્યક્તિ સાથે મિટીંગો થયેલ ન હતી. આ હકીકત સ્વયં પુરવાર કરે છે કે, આ સાહેદે ફરીયાદો કરેલી અને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં તેઓ હાજર રહેલા અને જયાં આ કામના આરોપી ભરતભાઇ ભટ્ટ

તેમને મળતાં હતા, છતાં નામદાર કોર્ટ રૂબરૂ સત્ય હકીકત જણાવતા નથી.

(૩૬.૧૭) વધુમાં, આ કામે સાહેદ મહેન્દ્રસિંહ વખતસિંહ ચુડાસમાને આંક–૨૦૧(PW–24) થી તપાસેલ છે. જે પોતે તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સાંણોદર ગામ, ધોધા તાલુકામાં તલાટી તરીકે નોકરી કરતાં હતા અને સને ૧૯૮૭ થી સ્વાધ્યાયના કાર્યમાં જોડાયેલ હતા અને પોલીસે સને ૨૦૦૬ માં તેમની પુછપરછ કરેલી અને તેમનું નિવેદન પોલીસે એ કારણથી નોંધેલી કે સ્વાધ્યાય પરિવાર વિરુધ્ધ જે પત્રિકાઓ છપાવેલી અને તેઓએ જે કેસ કરેલ તે બાબતે નિવેદન નોંધેલુ અને પંકજ ત્રિવેદીને ઓળખતા નથી અને સ્વાધ્યાય પરિવાર માં આરોપી ભરત ભટ્ટ સિવાયના અન્ય ઇસમોને ઓળખવાની ના પાડે છે. આ સાહેદને પણ વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી માંગતા નામદાર કોર્ટે તે પરવાનગી આપેલ અને તે મુજબ આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ, જેમાં આ સાહેદ ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરતાં નથી. પરંતુ આ સાહેદનું નિવેદન તા.૨૧/૦૬/૨૦૦૬ ના રોજ નોંધાયેલ છે તે હકીકત તેઓ સરતપાસમાં સ્વીકારે છે. જેને ત.ક.અમલદાર આંક–૩૯૧(PW–84) ની જુબાનીથી પણ સમર્થન મળે છે. <u>હવે આ સાહેદ સરકારી કર્મચારી હોવા છતાં પણ નામદાર કોર્ટમાં સત્ય હકીકત જણાવતાં નથી અને તેનું એક માત્ર કારણ આરોપીઓ સ્વાધ્યાય પરીવારના હોય તેઓને મદદ કરવાના હેતુથી તેઓ સત્ય હકીકત છુપાવે છે. કારણ કે, આ સાહેદે પોતે મરણ જનાર પંકજ હરિપ્રસાદ ત્રિવેદી વિરુધ્ધ ફરીયાદ કરેલ હોવા છતાં તેમને ઓળખવાની ના પાડે છે, તે જ હકીકત ઘણુ સુચવી જાય છે કે જે રીતે સ્વાધ્યાય</u>

પરીવારના હોદ્દેદારો એટલે કે આ કામના આરોપી ભરતભાઇ ભટ્ટ અને અન્ય ઇસમો દ્વારા મરણ જનારને જે પ્રકારે મૃત્યુનો ભય હતો અને તે ભય તેમના મૃત્યુ સાથે સાચો ઠરેલ છે. એટલે કે, તા.૧૫/૦૬/૨૦૦૬ ના રોજ આરોપીઓએ મરણ જનારના મૃત્યુ નિપજાવેલ છે તે હકીકત જોતાં સાહેદ અશોકભાઇ ચતુર્ભુજ PW-23 તેમજ આ સાહેદ PW-24 નાઓ આરોપીઓના ડરને કારણે નામદાર કોર્ટ રૂબરૂ સત્ય હકીકત જણાવતાં નથી અથવા તો આરોપીઓએ જે રીતે પંકજભાઇનું મૃત્યુ કરેલ છે તે જોતાં તેઓ આરોપીઓને સમર્થન કરતાં હોય તે સ્વાભાવિક રીતે માની શકાય છે અને તેથી જ આ સાહેદને આરોપીઓ તરફે એવુ પુછવામાં આવેલ છે કે તેઓ કોઇપણ જાતની ધાકધમકી અને લોભ લાલચમાં આવ્યા વગર સ્વૈચ્છાએ જુબાની આપે છે. અન્યથા આવા પ્રકારના સજેશન સ્વરૂપનો ખુલાસો આરોપીપક્ષે કરવાનો સવાલ જ ઉભો થતો નથી અને આ સવાલ સ્વયં પુરવાર કરે છે કે આ સાહેદ આરોપીઓના પ્રભાવ હેઠળ આવીને નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ પર ખોટી હકીકત જાહેર કરે છે જે તેઓ સરકારી અધિકારી તરીકે નિવૃત્ત થયેલ હોવા છતાં નામદાર કોર્ટમાં સત્ય હકીકત ના જણાવતાં તેમના તા.૨૧/૦૬/૨૦૦૬ ના નિવેદનથી વિપરીત હકીકત જણાવે છે જે ન્યાયની પ્રક્રિયા સાથે સીધી ખલેલ પહોંચાડનારી વાત છે, જેને ચોક્કસપણે ગંભીરતાથી લેવી પડે. આમ, સ્વાભાવિક રીતે PW23 અને PW24 ની ઉલટ તપાસ આરોપીઓ તરફેની જોતાં મરણજનાર પંકજ ત્રિવેદી વિરુધ્ધ તેઓએ વિરુધ્ધ દાખલ કરેલ અને તે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ હોય અને આ પંકજ ત્રિવેદી સ્વાધ્યાય પરીવારના હોદ્દેદારો પાસે હિસાબ માંગતા હોય સ્વાભાવિક રીતે તેમની સામે વૈમનસ્ય રાખી આ ગુન્હાને

આરોપીઓએ અંજામ આપેલ છે.

(૩૬.૧૮) વધુમાં આ અનુસંધાને સાહેદ જયેન્દ્રકુમાર નંદલાલ સોનીની આંક–૧૮૦(PW14)થી રજૂ સોગંદ ઉપરની જુબાની જોવામાં આવે તો, તેઓ વેપાર કરે છે, ૬૧ વર્ષની ઉંમરના છે, અમદાવાદ સાયન્સ સિટી ખાતે રહે છે, ૧૯૮૨ થી સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે, ૨૦૦૬ માં પોલીસનો તેમની ઉપર પંકજ ત્રિવેદીના ખૂન બાબતે ફોન આવેલ અને તે પોલીસને મળવા ગયેલ અને પોલીસે તેમની અંગત માહિતી પૂછેલ અને સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ પ્રવૃતિ અંગે પોલીસને માહિતી આપેલ. આ સિવાય તેઓએ પોલીસને બીજું કાંઈ લખાવેલ નથી. તેમજ તેઓ આરોપી ભરત ભટ્ટને કે અન્ય સ્વાધ્યાય પરિવારના હોદ્દેદારોને ઓળખતા નથી. આમ, આ સાહેદની જુબાનીથી એટલું તો પુરવાર થાય છે કે, તેઓ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે અને મરણજનારના ખૂન બાબતે પોલીસે તેમની પૂછપરછ કરી છે. હવે, આ સાહેદની જુબાનીથી એટલું તો માનવું પડે કે, આરોપીઓ જેમાં આરોપી ભરતભાઈ ભટ્ટ તેમજ મરણજનાર અને આ સાહેદ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે અને તેથી જ આગળ જતા આ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી અને ત. ક. અમલદારને આ સાહેદે આપેલ નિવેદન મુજબ સ્વાધ્યાય પરિવારની સામે મરણજનાર તથા અન્યોએ જે સમાચાર આપેલા તેને રદીયો આપવા માટે આરોપી ભરત ભટ્ટ અને અન્ય હોદ્દેદારોએ વર્તમાનપત્રમાં રદીયો છપાવવા માટેની કામગીરી આ સાહેદને સોંપેલી, જે હકીકત ત. ક. અમલદારની સરતપાસના પેરા–૮૯ માં જણાવેલ છે, જેને ત. ક. અમલદારની ઊલટ તપાસમાં આરોપીઓ

તરફે પડકારેલ નથી. તેમજ આ સાહેદની આરોપીઓ તરફે કોઈ જ ઊલટ તપાસ કરેલ નથી, પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ આ સાહેદ ક્યાંકને ક્યાંક નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરવાના ઈરાદે સત્ય હકીકત નામદાર કોર્ટથી છૂપાવે છે અને તેનું એકમાત્ર કારણ તેઓ અને આરોપીઓ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હોય તેથી આરોપીઓને બચાવવાના હેતુથી તેમને મદદ કરવાના હેતુથી નામદાર કોર્ટમાં સત્યનો સાથ આપતા નથી, કારણ કે, આ સાહેદની એવી કોઈ રજૂઆત નામદાર કોર્ટ રૂબરૂ નથી કે પોલીસે તેમનું નિવેદન બળજબરીથી અને ધાકધમકી આપી નોંધાવી લીધેલ. આમ, આ સાહેદની વર્તણૂકની પણ નોંધ લેવી પડે.

(૩૬.૧૯) વધુમાં ફરીયાદપક્ષે સાહેદ મનસુખભાઇ સવજીભાઇ ખુંટને આંક–૨૦૨(PW–25) થી તપાસેલ છે. જે સાહેદ પણ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સ્વાધ્યાય પરિવાર સાથે સને ૧૯૯૦–૧૯૯૨ થી જોડાયેલા છે અને તેઓએ ગોંડલ કોર્ટમાં સ્વાધ્યાય પરીવારને બદનામ કરતી પત્રિકા બાબતે ફરીયાદ કરેલી તેના અનુસંધાને પોલીસે સને ૨૦૦૬માં તેમની પુછપરછ કરેલી અને તેઓ મરણ જનાર પંકજ ત્રિવેદીને કે આ કામના આરોપી ભરત ભટ્ટ કે અન્યને ઓળખવાની ના પાડે છે. તે જ રીતે ફરીયાદપક્ષે અન્ય સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ સાહેદ પિતાબંરભાઇ દેવનદાસ સોનેચાને આંક–૨૦૩(PW–26) થી તપાસેલા તેમજ અન્ય સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ સાહેદ રમેશભાઇ માવજીભાઇ નાકરાણીને આંક–૨૦૪(PW–27) થી તપાસેલા છે, જે નિવૃત્ત ફાર્માસીસ્ટ છે તેમજ અન્ય સ્વાધ્યાય પરિવાર સાથે

સંકળાયેલ સાહેદ હસમુખભાઇ પરષોત્તમભાઇ જોષીને આંક–૨૦૫(PW–28) થી તપાસેલા છે, જે નિવૃત્ત સરકારી કર્મચારી છે અને રાજકોટ જીલ્લા પંચાયતમાં ચીફ ચીટનીશ તરીકે નોકરી કરી ચુકેલા છે તેમજ અન્ય સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ સાહેદ હિતેશ મનસુખભાઇ દાવડાને આંક–૨૦૬(PW–29) થી તપાસેલા છે, જે નોકરી કરે છે અને બનાવ સમયમાં પ્રાઇવેટ સ્કુલમાં શિક્ષક તરીકે નોકરી કરતાં હતા તેમજ અન્ય સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ સાહેદ મનજીભાઇ ધનજીભાઇ સાવલીયાને આંક–૨૦૭(PW–30) થી તપાસેલા છે, જે નિવૃત્ત શિક્ષક છે તેમજ અન્ય સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ સાહેદ પ્રવિણ ગોરધનદાસ આડતીયાને આંક–૨૦૮(PW–31) થી તપાસેલા છે, જે વેપાર કરે છે અને ગોંડલ મુકામે સિઝન ફાર્મ નામની દુકાનમાં મિઠાઇ તથા ફરસાણનો ધંધો બનાવના અરસામાં કરતાં હતા. આ તમામ સાહેદો કે જે સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ છે અને તેઓએ મરણ જનાર તથા અન્ય વિરુધ્ધ ફરીયાદો કરેલી, જે ફરીયાદો નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ છે.

(૩૬.૨૦) આ તમામ સાહેદો સ્વાધ્યાય પરિવાર સાથે વર્ષોથી સંકળાયેલ છે અને મરણ જનાર પણ વર્ષોથી સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ છે અને આરોપીઓ પણ વર્ષોથી સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે અને મરણ જનારે સ્વાધ્યાય પરીવારના હોદ્દેદારો પાસેથી નાણાંકીય હિસાબો માંગેલ અને તે બાબતેની અરજીઓ કરેલ તેથી તેમની સામે આ તમામ સાહેદો PW–23 થી PW–31 નાઓએ ગુજરાતની વિવિધ કોર્ટોમાં ફરીયાદો કરેલી, જે તમામ

ફરીયાદો નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૦૯/૦૩/૨૦૦૬ ના રોજ રદ કરેલ, જે હુકમ આંક–સી–૪૯૭ થી રેકર્ડ પર છે અને આ બધા સાહેદો નામદાર ગુજરાત હાઇકોર્ટમાં તેમના વકીલશ્રી રોકીને હાજર રહેલાં અને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દર મુદ્દતે આ કામના આરોપી નં. ૦૭ ભરતભાઇ વિજયભાઇ ભટ્ટ તથા અન્ય હોદ્દેદારો નિયમીત રીતે મળતાં હતા અને તેઓ સાથે આ ફરીયાદોની ચર્ચા વિચારણા થતી હતી અને તે ચર્ચા વિચારણા એટલે મરણ જનાર સાથેનું વૈમનસ્ય કે જે આરોપીઓને મરણ જનારનું ખૂન કરવા સુધી પ્રેરીત કરેલ એટલે કે આરોપીઓનો ગુન્હાહીત ઇરાદો અને હેતુ એકમાત્ર મરણ જનારનું ખૂન કરવા હોવાનું અત્રે પુરવાર થયેલ છે. કારણ કે આ સાહેદોમાં નિવૃત્ત સરકારી કર્મચારીઓ શિક્ષકો છે છતાં તેઓ નામદાર કોર્ટ રૂબરૂ આરોપીઓની તરફેણમાં સત્ય હકીકત છુપાવે છે કે જે અત્રે આ સાહેદોની સોંગદ ઉપરની જુબાની સિવાય પણ પુરવાર થયેલ છે જે ત.ક.અમલદાર વી.ડી.ગોહિલની આંક–૩૯૧(PW–84)થી પુરવાર થાય છે કે જેમાં તે સ્પષ્ટપણે જણાવે છે કે આ તમામ સાહેદોએ તેમની રૂબરૂના નિવેદનમાં જે હકીકત જણાવેલી તે મુજબ આરોપી ભરતભાઇ ભટ્ટ અને અન્યની સુચનાથી પંકજ ત્રિવેદી વિરુધ્ધ કેસો કરેલા જે ગોંડલ કોર્ટમાં કરવામાં આવેલ અને આ તમામ નામદાર ગુજરાત હાઇકોર્ટે રદ કરેલા તે વખતે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ભરતભાઇ ભટ્ટ મુદ્દતે આવતાં હતા અને જણાવતાં હતા કે જો નામદાર હાઇકોર્ટ ફરીયાદો રદ કરશે તો સુપ્રિમ કોર્ટમાં જઇશુ અને જો નામદાર સુપ્રિમ કોર્ટ રદ કરશે તો પંકજ ત્રિવેદીને ટાંટીયા ભાંગી નાંખીશુ તેમજ આજતકના તંત્રીએ છત્રીય દરબારો વિશે ધસાતુ લખાણ છાંપેલ તેથી તેને સ્વાધ્યાય પરીવારના આગેવાનોએ માર મારેલ તેવુ સાહેદ હિતેશ અને મનજીભાઇએ ત.ક.અમલદાર

રૂબરૂના નિવેદનમાં જણાવેલ હોવાનું ત.ક.અમલદારની આંક–૩૯૧(PW–84) ની જુબાનીથી પુરવાર થયેલ છે. આમ, આ ત.ક.અમલદારને ઉપરોકત સાહેદોએ જે હકીકત નિવેદન સ્વરૂપે લખાવેલ છે તે લખવાનો ત.ક.અમલદારને કોઇ જ વિચાર સુદ્ધા ન આવે સિવાય કે આ સાહેદોએ ત.ક.અમલદારને તેવું નિવેદન લખાવેલ હોય તેમજ અત્રે એ પણ નોંધવુ પડે કે આરોપીઓ તરફે આ સાહેદોને એવું પૂછવાની ઉલટ તપાસમાં ફરજ પડેલ છે કે, આ સાહેદો કોર્ટ રૂબરૂ જે હકીકત જણાવે છે તે સ્વૈચ્છાપૂર્વક જણાવે છે અને કોઇપણ જાતના દાબદબાણ વગર જણાવે છે, જે કોઇપણ રીતે આ સાહેદોની સરતપાસનો ભાગ નથી. એટલે કે, આ સાહેદોની સરતપાસમાં કયાય આ સાહેદોએ નામદાર કોર્ટને એવુ જણાવેલ નથી કે ત.ક.અમલદાર દ્વારા તેઓનુ બળજબરીથી દાબદબાણથી ધમકીથી નિવેદન નોંધી લીધેલ છે, જે નિવેદનની હકીકત તેઓના લખાવ્યા મુજબની નથી. ઉલટાનું આ તમામ સાહેદો સરતપાસમાં પોલીસે નિવેદન લીધેલ તેવુ જણાવે છે જે નિવેદન તેઓએ સ્વાધ્યાય પરિવાર વિરુધ્ધ જે પત્રિકાઓ છાપેલ તેના અનુસંધાને જે ફરીયાદો આ સાહેદોએ કરેલ તેથી પોલીસે તેમનું નિવેદન લીધેલ. આ હકીકત સ્વયં પુરવાર કરે છે કે, આ તમામ સાહેદોને આરોપીઓએ યેનકેન પ્રકારે તેમની તરફેણમાં જુબાની આપવાના એકમાત્ર હેતુથી પ્રભાવીત કરેલ છે અને તેથી જ આ સાહેદોને ઉલટ તપાસમાં આરોપીઓ તરફે એવુ પુછવાની ફરજ પડેલ છે કે તેઓએ સરતપાસની હકીકત તેમની સ્વૈચ્છાથી અને કોઇપણ જાતના દાબદબાણ વગર લખાવેલી છે અને આ હકીકત એ બાબતનો પુરાવો છે કે આરોપીઓ દ્વારા આ સાહેદોને પ્રભાવિત કરવામાં આવેલ છે અને તેથી જ આ સાહેદો નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ પર ખોટી હકીકત એટલે કે અર્ધ

સત્ય હકીકત કે જે તેમના ત.ક.અમલદાર રૂબરૂના નિવેદનથી આરોપીઓને બચાવી શકે તે મુજબની જણાવે છે જે ખુબ જ ગંભીર બાબત છે અને તેને જરાપણ હળવાશથી લઇ શકાય નહીં, કારણ કે, આવી બાબત કે જે ન્યાયની પ્રક્રિયાને પ્રભાવીત કરતી હોય અને એવું પ્રસ્થાપિંત કરવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય કે સાહેદ જે ઇચ્છે તે મુજબ અને આરોપીઓ જે ઇચ્છે તે મુજબ જ નામદાર કોર્ટે કરવાનું રહે તે કદાપી શકય નથી, કારણ કે, આ કામે આરોપીઓ તરફે ઉપર ચર્ચા કરી તેવો સૂચક પ્રશ્ન પૂછેલ છે તે જ પુરવાર કરે છે કે આ સાહેદોએ આરોપીઓનાં પ્રભાવ હેઠળ નામદાર કોર્ટમાં સત્યનો સાથ આપેલ નથી અને તેઓને આરોપીઓએ જો ધમકાવ્યા હોત તો તે બાબતની જરૂરથી નામદાર કોર્ટને રજૂઆત કરી પોલીસ પ્રોટેક્શનની માંગણી કરી શક્યા હોત અથવા તો ત. ક. અમલદાર વિરૂદ્ધ તેમના નિવેદનો ખોટી રીતે નોંધી લેવામાં આવેલ છે તે બાબતેની રજૂઆત તેમની સરતપાસમાં આ સાહેદોએ કરી હોત, એટલે કે, સરતપાસમાં જણાવ્યું હોત કે આઇ.ઓ. દ્વારા તેમના નિવેદનો તેમની મરજી વિરૂદ્ધ નોંધી લીધેલા છે. વધુમાં એ નોંધવું પડે કે, આ તમામ સાહેદો PW23 થી PW31 નાઓ કે જે કાયદાની પ્રક્રિયાથી સારા એવા વાકેફ છે અને કાયદો જાણે છે અને તેઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ તેમના વિદ્વાન વકીલશ્રી રોકીને હાજર થયેલ છે અને ગુજરાતની વિવિધ કોર્ટોમાં મરણજનાર તથા તેમના મિત્રો વિરૂદ્ધ છપાવેલ 'અશુભ' પત્રિકાના અનુસંધાને ફરિયાદો કરેલ અને તેવી ફરિયાદના કામે ગોંડલ કોર્ટ મુકામે મરણજનાર અને અન્યો તેમના મિત્રો સામે તથા તેમના વકીલશ્રીઓ હાજર ન રહે તેવી ધાક ધમકી આપી દબાણ ઊભું કરવાનો પ્રયત્ન કરેલ અને તેથી નામદાર ગોંડલ કોર્ટે મરણજનારનું પોરંટ કાઢેલ,

જેની બજવણી થતાં મરણજનારને અમદાવાદથી ગોંડલ લઈ જવામાં આવેલ તે સમયે મોટી સંખ્યામાં સ્વાધ્યાય પરિવારના લોકો ભેગા થઈ ગયેલ પરંતુ મરણજનારને ગોંડલ વોરંટની બજવણી કરી લઈ જનાર પોલીસ અધિકારીઓની સમયસૂચકતા અને સાવચેતીને કારણે તે સમયે મરણજનારને નામદાર મેજીસ્ટ્રેટ સાહેબના બંગલે રજૂ કરેલા અને ત્યાંથી નામદાર મેજીસ્ટ્રેટ સાહેબના હુકમથી સેન્ટ્રલ જેલ, રાજકોટ લઈ ગયેલા તે હકીકત આંક–પી–૪૨૩(PW84)ની અરજીમાં મરણજનારે સ્વયં જણાવેલ છે, જે ત. ક. અમલદારની જુબાનીથી પણ પુરવાર થયેલ છે.

(૩૬.૨૧) **આમ, આ ઉપરોક્ત સાહેદો, કે જેમાં તલાટી, ચીટનીશ, શિક્ષકો, વેપારી માણસોનો સમાવેશ થાય છે અને તેઓ કાયદાની પ્રક્રિયાથી વાકેફ છે અને તેથી તેઓને જો આરોપીઓએ પુરાવો આપવા બાબતે ધાકધમકી આપી હોત તો અવશ્ય પોલીસ પ્રોટેક્શનની માંગણી કરેલ હોત અને તે રીતે સત્યનો સાથ આપી શક્યા હોત અને નામદાર કોર્ટ રૂબરૂ તેમના નિવેદન મુજબની સાચી જુબાની આપી શક્યા હોત, નહીં કે અર્ધસત્ય પ્રકારની જે તેઓએ આપેલી છે. આમ, આ સાહેદોએ આરોપીઓને બચાવવા માટે સત્યનો સાથ ન આપી, અર્ધસત્યનો માર્ગ અપનાવી આરોપીઓને જે રીતે મદદ કરવાનો પ્રયત્ન કરેલ છે તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે અને ન્યાયની પ્રક્રિયા ઉપર વજ્રઘાત સમાન છે, જેને હળવાશથી લઈ શકાય નહીં, કારણ કે, સરકારી કર્મચારીઓ, શિક્ષકો વગેરે પાસેથી આવી અપેક્ષા ન હોય અને તેઓ હંમેશા સત્ય સાથે રહેવાની નેમ સાથે શપથ લઈને નોકરી કરતા હોય છે, જે ભારતના બંધારણ મુજબ પણ**

સત્યનો સાથ આપવા બંધાયેલ છે, છતાં આ સાહેદોનું હાલના કેસમાં આવું ફૂત્યુ સ્વયં પુરવાર કરે છે કે, તેઓ આરોપીઓના પ્રભાવ હેઠળ આવી જઈ અને આવી અર્ધસત્ય જુબાની આપે છે અને તેથી જ આરોપીઓ તરફે આ સાહેદોની ઊલટ તપાસમાં આવી સૂચક સ્પષ્ટતા કરવાની જરૂરિયાત ઊભી થયેલ છે, નહીં તો તેઓ તેવું જણાવી શક્યા હોત કે પોલીસે તેમના નિવેદન નોંધેલ જ નથી. આમ, આવો સૂચક પ્રશ્ન પૂછી શક્યા હોત, જે હાલ પૂછવામાં આવેલ નથી અને જે પ્રશ્ન પૂછેલ છે તે સ્વયં પુરવાર કરે છે કે, આરોપીઓએ આ સાહેદોને ખોટી રીતે પ્રભાવિત કરેલ છે. આમ, ઉપરોક્ત તમામ સાહેદો, જે અર્ધસત્ય પ્રકારની જુબાની આપે છે તે હકીકત ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(**PW**84)ની જુબાનીથી પુરવાર થયેલ છે અને આ ત. ક. અમલદારની જુબાની વિશ્વસનીય અને માનવા લાયક હોય, ભરોસાપાત્ર હોય, તેને આધારે આ સાહેદોએ નામદાર કોર્ટ રૂબરૂ જે અર્ધસત્ય પ્રકારનો ખોટો પુરાવો આપી આરોપીઓને લાભ પહોંચાડવાનો પ્રયત્ન કરેલ છે તેથી આ સાહેદો સામે ખોટો પુરાવો આપવા સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૪૪ અન્વયેની કાર્યવાહી કરવી જ પડે, કારણ કે, જો ન્યાયની કોર્ટ આવી કાર્યવાહી કરવામાં અચકાય કે ખચકાટ અનુભવે તો સામાન્ય જન માનસનું ન્યાયની પ્રક્રિયામાં જે ભરોસો છે તે ભરોસો જળવાય નહીં અને આવા કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટો પુરાવો આપી, સત્યનો સાથ ન આપી, અસત્યનો સાથ આપે તેવા ઈસમોનું મનોબળ મક્કમ થાય અને આરોપીઓ પણ પોતાની તરફેણમાં સાહેદોને પ્રભાવિત કરી પુરાવો આપવાના જે પ્રયત્નો કરે તેને પણ ડામવા જરૂરી છે, કે જેથી આવા સાહેદોને પ્રભાવિત કરી અસત્યનો માર્ગ અપનાવી પોતાની તરફેણમાં

પરિણામ મેળવવાનો જે નિરર્થક પ્રયત્ન કરવામાં આવતો હોય છે તેની સામે ન્યાયની અદાલતે સખત વલણ અપનાવી સખત કાર્યવાહી કરતા જરા પણ ખચકાટ અનુભવવો જોઈએ નહીં, કે જેથી સામાન્ય નાગરિક સુધી ન્યાય થયેલાની પ્રતિતી થઈ શકે અને સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે કે ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં ન્યાયની પ્રક્રિયાને અસત્યથી પ્રભાવિત કરી શકાય નહીં અને ન્યાયની પ્રક્રિયા હંમેશા સત્ય સાથે છે અને રહેશે અને ન્યાય જ સર્વોપરી છે અને સર્વોપરી રહેશે. આમ, આવા ફરી ગયેલા સાહેદોની સામે સખત હાથે કામ લેવું પડે, નહીં તો આવા ફરી ગયેલા સાહેદોનો પુરાવો સંપૂર્ણપણે નિરર્થક માનવામાં આવે તો કાયદાની પ્રક્રિયાનો કોઈ અર્થ સરે નહીં અને આવા વ્યક્તિઓને પ્રલોભન અને મનોબળ પૂરું પડે એવો કાયદાનો કોઈ આશય નથી અને હોય પણ ન શકે અને તેથી જ નામદાર સુપ્રિમકોર્ટે પણ ઉપર ચર્ચા કરી તે મુજબ પણ ઠરાવેલ છે કે ફરી ગયેલ સાહેદોનો જેટલો પુરાવો મદદરૂપ હોય તેટલો વાંચવો જોઈએ અને હાલના કામે પણ આવા ફરી ગયેલા સાહેદોના પુરાવાનું સત્ય સુધી પહોંચવા અત્રેની કોર્ટ દ્વારા ઉપર ચર્ચા કરી તે મુજબ ખૂબ જ બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવેલ છે અને આ સાહેદો **PW**23 થી **PW**31 નાઓ સામે સી.આર.પી.સી. કલમ–૩૪૪ અન્વયેની કાર્યવાહી કરવાનું પણ અત્રેની કોર્ટ ઉચિત માને છે.

(૩૬.૨૨) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો વંચાણે લેતાં એ હકીકત અત્રે નિશંકપણે પુરવાર થયેલ છે કે, આરોપીઓનો ગુન્હાહીત ઈરાદો અને હેતુ મરણ જનાર પંકજ હરિપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરવાનો હતો અને તેવા ગુન્હાહીત ઈરાદા

અને હેતુને સાર્થક કરવા આરોપીઓએ તા.૧૫/૦૬/૨૦૦૬ ના રોજ મરણ જનારનું મૃત્યુ નિપજાવી આખરી અંજામ આપેલ છે. આમ, આરોપીઓ તરફેની એવી દલીલ કે, ફરિયાદ પક્ષે મરણજનાર અને આરોપીઓને મનદુઃખ હતું અને વૈમનસ્ય હતું તે હકીકત પુરવાર કરેલ નથી અને આરોપીઓનો ગુનાહિત ઈરાદો અને હેતુ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે તેવી આરોપીઓ તરફેની દલીલ ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતાં ટકી શકે નહીં.

<u>ગુનાહિત કાવતરું તથા ગેરકાયદેસરની મંડળીઃ–</u>

(૩૭) આ કામે આરોપીઓ ઉપર એવો આક્ષેપ છે કે, તેઓએ મરણજનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરવાનો તેમનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું રચી, આ ગુનાહિત કાવતરાના ભાગરૂપે આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી –નાએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ઈરાદાપૂર્વક તથા એવા જ્ઞાન સાથે તેનું મોત નિપજશે તેવી જાણકારી સાથે મરનારના માથાના ભાગે, માથાના પાછળના ભાગે, ખોપડીનાં ભાગે તથા શરીર ઉપર મારક જીવલેણ હથિયારો જેવા કે, બેઝબોલ બેટ તથા પાઈપો વડે જીવલેણ ગંભીર ઈજાઓ પહોંચાડી, મરનાર પંકજભાઈનું મોત નિપજાવી ખૂન કરેલ છે અને આરોપી નં.૨ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, નં.૩ દક્ષેશ હસમુખલાલ શાહ, નં.૬ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, નં.૭ ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ, નં.૮ ભરતસિંહ દીલુભા જાડેજા, નં.૧૦ જશુભા દોલુભા જાડેજા–નાઓએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું

મૃત્યુ નિપજાવવાના ઈરાદે અને તેવા જ્ઞાન સાથે અને મૃત્યુ નિપજશે તેવી જાણકારી સાથે પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું રચી, ગુનાહિત કાવતરામાં આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી સાથે સામેલ થઈ, ગુનાહિત કાવતરાને મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ નિપજાવી, આખરી અંજામ આપી, પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું પાર પાડેલ છે અને આમ તમામ આરોપીઓએ મરનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનાં ખૂન માટે જવાબદાર છે.

(૩૭.૧) આમ, ઉપરોક્ત હકીકત ધ્યાને રાખી આ કામે પડેલ પુરાવાનું બારીકાઈથી મૂલ્યાંકન અત્રેની કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે, જેમાં જે સાહેદોએ સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા છે તેઓનો પુરાવો પણ જેટલા અંશે મદદરૂપ થાય છે તેટલો ધ્યાને લીધેલ છે અને તે પુરાવાને જે સરકારી સાહેદોનું સમર્થન મળેલ છે તે સાહેદોના પુરાવા સાથે વંચાણે લઈ ન્યાયિક નિર્ણય હાથ ધરવામાં આવેલ છે.

(૩૭.૨) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ દેવેન્દ્ર જીબોધચંદ્ર દવેને આંક–૧૫૦(PW11) થી તપાસવામાં આવેલ છે, જે સાહેદ નામદાર કોર્ટ રૂબરૂ તા.૨૨–૭–૨૦૧૬ ના રોજ સૌપ્રથમ વખત સોગંદ ઉપર જુબાની આપે છે. ત્યારબાદ વધુ જુબાની તા.૨૦–૧૧–૨૦૧૯ ના રોજ નોંધવામાં આવેલ છે. આ સમયગાળો સ્વયં પુરવાર કરે છે કે, આરોપીઓએ આ સમયગાળા દરમ્યાન આ સાહેદને ચોક્કસથી પ્રભાવિત કરેલ છે. હવે આ સાહેદ તેમની સરતપાસમાં

જણાવે છે કે, તેઓ હોટલના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમની ઉંમર ૪૧ વર્ષની છે, જે નરોડા અમદાવાદ મુકામે રહે છે અને વર્ષ ૨૦૦૫ માં સાબરમતી અમદાવાદ ખાતે રોશની ગેસ્ટ હાઉસ ચાલુ કરેલ, જે તેમની માલિકીનું છે. આ હકીકત ને વધુ સમર્થન સાહેદ જીતેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલની આંક–૧૩૩(PW10) ની સોગંદ ઉપરની જુબાનીથી મળે છે, જે જીતેન્દ્રભાઈ તેમની જુબાનીમાં જણાવે છે કે, રોશની ગેસ્ટહાઉસ નામની હોટલ સંજયભાઈ ભીખાભાઈ પટેલની હતી જે તેઓએ વેચી નાંખેલ છે. આમ, જીતેન્દ્રભાઈ પોતે પટેલ જ્ઞાતિના છે અને અગાઉના રોશની ગેસ્ટહાઉસનાં માલિક સંજયભાઈ પણ પટેલ છે અને તેથી સ્વાભાવિક રીતે બન્ને એકબીજાને ઓળખે અને નજીકથી ઓળખતા હોય તેથી જ જીતેન્દ્રભાઈ એવું કહી શકે કે, રોશની ગેસ્ટહાઉસ સંજયભાઈએ વેચાણ કરેલ છે. આમ, સાહેદ દેવેન્દ્રભાઈ તેમની જુબાનીમાં જણાવે છે તે મુજબ વર્ષ ૨૦૦૫ માં તેઓએ રોશની ગેસ્ટહાઉસ સાબરમતી મુકામે શરૂ કરેલ તે હકીકત સત્ય છે અને દેવેન્દ્રભાઈ તેના માલિક છે તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે. ત્યારબાદ આ સાહેદ દેવેન્દ્રભાઈ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી અને આરોપી ચંદ્રસિંહ તેમના ગેસ્ટહાઉસમાં આવેલ ન હોવાનું જણાવી તેઓને ઓળખતા ન હોવાની હકીકત નામદાર કોર્ટમાં સાચી જણાવતા નથી અને સત્ય છૂપાવે છે, જે કાંઈ નહીં પરંતુ આરોપીઓના પ્રભાવમાં આવી અને આરોપીઓએ જે રીતે મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ નિપજાવેલ છે તેને લઈને પણ આ સાહેદ સમર્થન કરતા ન હોય, હવે એ.પી.પી.શ્રી દ્વારા આ સાહેદની ઊલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં પણ તેઓ ફરિયાદ પક્ષના કેસને કોઈ સમર્થન કરતા નથી, જે સત્ય

છૂપાવતા હોય તેવું જણાઈ આવે છે, કારણ કે, તેઓ એ.પી.પી.શ્રીની આગળની જુબાનીમાં એવું જણાવે છે કે, એ વાતની મને ખબર નથી કે આરોપીઓ મારાં ગેસ્ટહાઉસમાં આવેલ હોય અને તેમના નામ રજીસ્ટરમાં લખેલ હોય અને તે રજીસ્ટર તપાસ કરનાર અધિકારીને મારા સ્ટાફ દ્વારા આપવામાં આવેલ હોય. આમ, આ દેવેન્દ્રભાઈ રોશની ગેસ્ટહાઉસનાં માલિક હોય અને આરોપીઓ ત્યાં આવેલ હોય તેમનું નામ રજીસ્ટરમાં નોંધાયેલ જ હોય અને પોલીસ દ્વારા આ રજીસ્ટર આ સાહેદ દેવેન્દ્રભાઈએ આપેલ જ હોય, છતાં આ સાહેદ તેઓને ખબર નથી તેવું જણાવે છે તે અર્ધસત્ય પ્રકારની હકીકત છે.

(૩૭.૩) આમ, પોતાને ખબર ન હોવાની હકીકત સ્વયં પુરવાર કરે છે કે, દેવેન્દ્રભાઈ સાચી હકીકત જણાવવાનું ટાળે છે, અન્યથા જો આરોપીઓ તેમના રોશની ગેસ્ટહાઉસમાં આવેલા ન હોય અને રજીસ્ટરમાં નામ નોંધાવેલ ન હોય, એન્ટ્રી કરેલ ન હોય તો આવું રજીસ્ટર ત.ક. અમલદારને આપવાનો પ્રશ્ન જ રહે નહીં અને આવું રજીસ્ટર કે જેમાં ગુનાને લગતી કોઈ વિગત નોંધવામાં આવેલ ન હોય તેવું ત. ક. અમલદાર તપાસના ભાગરૂપે કબજે કરે પણ નહીં. આમ, સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે કે, આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રોકાવા માટે આવેલા અને તેમનું રોકાણ કર્યું તે સમયગાળાની નોંધ રજીસ્ટરમાં કરેલ જ હોય તેથી જ તે રજીસ્ટર ત. ક. અમલદારે કબજે કરેલ હોય અને આ હકીકત ત. ક. અમલદાર શ્રી વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાનીનાં પેરા–૭૨ થી પુરવાર થાય છે, જેમાં તે જણાવે છે કે, તેઓએ રોશની ગેસ્ટહાઉસનું અસલ રજીસ્ટર કબજે કરેલ, જેને મુદ્દામાલ આર્ટીકલ નં.૩૮ થી કબજે કરવામાં

આવેલ, જે હકીકત ત. ક. અમલદારે તૈયાર કરેલ મુદ્દામાલ પાવતી, કે જે અસલ મુદ્દામાલ પાવતી આ કેસના રેકર્ડમાં સામેલ છે, તેનાથી પણ પુરવાર થાય છે. વધુમાં દેવેન્દ્રભાઈની આરોપીઓ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ જોઈએ તો, તેમાં એવું સ્વીકારે છે કે, તેઓ હોટલનો ધંધો કરે છે અને તેથી પોલીસ હોટલ પર આવેલી અને તેમનું નામ,સરનામું પૂછેલ, તે સિવાય કોઈ પૂછપરછ કરેલ નહીં અને તેમનું ફક્ત નામ, સરનામું પોલીસે પૂછેલ. આ હકીકત સ્વયં પુરવાર કરે છે કે, પોલીસ સ્વાભાવિક રીતે આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ હોય તેથી ત્યાં પુરાવો એકત્ર કરવાના હેતુથી ગયેલ હોય અને તપાસ કરેલ હોય અને તેથી જ ત. ક. અમલદારે મુદ્દામાલ આર્ટીકલ નં.૩૮ વાળું લાલ કલરના પુંઠાવાળું રોશની ગેસ્ટહાઉસનું અસલ રજીસ્ટર કબજે કરેલ છે.

(૩૭.૪) આમ, આ મુદ્દામાલ આર્ટીકલ ૩૮ નાં અનુસંધાને આરોપીઓ તરફે ઊલટ તપાસમાં આ સાહેદને કોઈ પ્રશ્ન પૂછેલ નથી. હવે, આ મુદ્દામાલ, કે જે મુદ્દામાલ પાવતી નં.૨૧૩/૨૦૦૬ તા.૧૧–૭–૦૬ મુજબ આર્ટીકલ ૩૪ તેમજ કમીટલ કોર્ટનાં મુદ્દામાલ લીસ્ટ મુજબ તેનો અનુક્રમ નં.૩૮ આપેલ છે અને તે કમીટલ કોર્ટનાં મુદ્દામાલ લીસ્ટ મુજબના અનુક્રમ નં.૩૮ થી ત. ક. અમલદારને તેમની જુબાનીના પેરા–૭૨ માં રીફર કરેલ હોય તે અસલ રજીસ્ટર અત્રેની કોર્ટ દ્વારા આ કેસના ન્યાયિક નિર્ણય માટે ધ્યાને લીધેલ છે, જે રજીસ્ટર ઉપર 'રોશની ગેસ્ટહાઉસનું રજીસ્ટર' એવું લખેલ છે, તે જોતાં, આ રજીસ્ટર રોશની ગેસ્ટહાઉસનું હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને તે ત. ક. અમલદારે તપાસના ભાગરૂપે કબજે કરેલ છે, છતાં સાહેદ દેવેન્દ્ર યેનકેન પ્રકારે

આરોપીઓના પ્રભાવ હેઠળ સોગંદ ઉપર તે હકીકત સત્ય સ્વરૂપે જણાવતા નથી. તેમજ આ સાહેદ દેવેન્દ્રનું ત. ક. અમલદાર દ્વારા તા.૮–૭–૨૦૦૬ ના રોજ નિવેદન નોંધવામાં આવેલ છે અને તે નિવેદન મુજબ દેવેન્દ્રએ ત. ક. અમલદારને જે હકીકત લખાવેલી તે ત. ક. અમલદારે નોંધી લીધેલ, જે નોંધવાનો કે લખવાનો ત. ક. અમલદારને દેવેન્દ્ર લખાવે નહીં તો તેવું નિવેદન નોંધવાનો વિચાર સુદ્ધા ન આવે. હવે દેવેન્દ્રએ જે નિવેદન ત. ક. અમલદારને લખાવેલ તે ઊલટ તપાસ સ્વરૂપે એ.પી.પી.શ્રીએ દેવેન્દ્રનું ધ્યાન દોરતા તેને પ્રશ્નો પૂછેલ છે જે મુજબ તા.૧૧–૬–૦૬ ના રોજ રાત્રિના કલાક ૦૦:૪૫ વાગ્યે દેવેન્દ્ર હોટલ પર હાજર હતા તે સમયે મેનેજર હેમરાજ પાંડે તેમને જણાવે છે કે, જીતેન્દ્ર ઈશ્વરભાઈ પટેલની ભલામણથી ચાર માણસો રોકાવા આવેલ છે અને તેમને રૂમ આપવાનો છે, જે તેઓ ખોટું જણાવે છે, એટલે કે ફરિયાદ પક્ષને આ નિવેદન લખાવેલ હોવા છતાં સમર્થન કરતા નથી, પરંતુ સાહેદ જીતેન્દ્ર ઈશ્વરભાઈ પટેલ(PW10) ની જુબાની મુજબ તે રોશની ગેસ્ટહાઉસ સાથે સંકળાયેલ છે અને તેની અગાઉના માલિક સંજય પટેલે રોશની ગેસ્ટહાઉસ વેચાણ કરેલાની હકીકત જાણે છે અને તેથી જ જીતેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલે આરોપીઓનાં નામની ભલામણ કરી હોય તેવું સ્પષ્ટપણે માનવાને કારણ રહે અને તેથી સ્વાભાવિક રીતે જીતેન્દ્રભાઈ રોશની ગેસ્ટહાઉસનાં મેનેજર હેમરાજ પાંડેને આ બાબતે ફોન કરે અને હેમરાજ આ સાહેદ દેવેન્દ્ર કે જે હાલ રોશની ગેસ્ટહાઉસના માલિક છે તેમને આ હકીકત જણાવે અને તેથી જ દેવેન્દ્ર આ હકીકત ત. ક. અમલદારને જણાવેલ હોય અને તેથી જ ત. ક. અમલદાર તેમની આંક–૩૯૧(PW84) ની સરતપાસનાં પેરા–૧૯ મુજબ જણાવે છે કે, સાહેદ

દેવેન્દ્રભાઈ જીબોધચંદ્ર દવે, જે રોશની ગેસ્ટહાઉસના વહીવટકર્તા હતા અને ખેમરાજ ભોગીલાલ પાંડે જે રોશની ગેસ્ટહાઉસનાં મેનેજર હતા અને રાવતમલ મુળજીભાઈ ભાવસાર જે બનાવવાળી જગ્યાના નજીકના બંગલાના માલિક હતા તે ત્રણેયના નિવેદનને આધારે આરોપી હિતેશ ચુડાસમા, માનસિહ વાઢેર, દક્ષેશ શાહ, ભુપતસિંહ ચુડાસમાની ઓળખપરેડ સારું એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઘીકાંટા કોર્ટ ખાતે પી.એસ.આઈ. ઝાલા સાથે મોકલેલા, જે હકીકત પુરવાર કરે છે કે, ત. ક. અમલદાર ગોહીલે આ દેવેન્દ્રનું નિવેદન નોંધેલ અને તેમાં તેમના મેનેજર ખેમરાજ પાંડેએ જણાવેલ કે, સાહેદ જીતેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ(PW10)નાઓએ ચાર માણસોની ભલામણ કરેલ અને તેઓ ચાર માણસો એટલે કે આ કામના આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રોકાય છે અને તેની રજીસ્ટરમાં નોંધ કરે છે, જે રજીસ્ટર અસલ કબજે કરવામાં આવેલ છે અને તેનો ઉતારો આંક–પી–૩૯૬(PW84)થી આ કામે રજૂ રાખેલ છે, જે રજીસ્ટરનો ઉતારો જોઈએ તો, તેમાં અનુક્રમ નં.૪૫૩ ઉપર તા.૧૧–૬–૨૦૦૬ ના રોજ રાત્રિના ૦૦:૪૫ વાગ્યે એક નોંધ રાજુભાઈ દવેના નામની થયેલ છે, જેની ઉંમર ૪૫ વર્ષ છે અને જાતિના કોલમમાં 'M' એટલે કે પુરુષ લખેલ છે અને કોલમ નં.૭ માં વ્યક્તિઓની સંખ્યા ૪ દર્શાવેલ છે તથા કોલમ નં.૮ માં કાયમી રહેવાનું સરનામું રાજકોટ, સહકાર સોસાયટી, ૮ દર્શાવેલ છે, જે નોંધ અસલ રજીસ્ટરમાં પણ છે. આમ, આ આંક–પી–૩૯૬(PW84) વાળો દસ્તાવેજ, કે જે અસલ રજીસ્ટરનો જ ઉતારો છે, તે અત્રે પુરવાર થયેલ છે.

(૩૭.૫) હવે આંક–પી–૩૯૬(PW84) વાળો જે ઉતારો છે, તે રોશની ગેસ્ટ હાઉસનો અસલ રજીસ્ટરનો ઉતારો છે. જે અસલ રજીસ્ટર આ કામે પોલીસ

દ્વારા આંક–પી–૨૪૫(PW48) ના પંચનામાની વિગતે કબજે કરેલ છે, જે પંચનામાના પંચ સાહેદ ફરદીન મહેબુબહુસૈન શેખને આંક–૨૪૪(PW48) થી તપાસવામાં આવેલ છે. અને આ પંચનામાને બીજા પંચ સાહેદ પરવેઝ અલીખા મોગલને આંક–૨૪૬(PW49) થી તપાસવામાં આવેલ છે, જે બંને પંચ સાહેદો તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં મુદ્દામાલ આર્ટીકલ નં. ૩૮ વાળો ચોપડો કે જે મુદ્દામાલ આર્ટીકલ નં. ૩૮ નામદાર મેટ્રોપોલીટન કોર્ટે સદર કેસ કમીટ કરી મોકલ્યો તેના અનુક્રમ નં. ૩૮ દર્શાવેલ હોય તેને જુબાનીમાં મુદ્દામાલ આર્ટીકલ નં. ૩૮ તરીકે સંબોધેલ છે, હકીકત માં આ મુદ્દામાલ વાળો લાલ ચોપડો કે જે મુદ્દામાલ પાવતી નં. ૨૧૩/૨૦૦૬ , તા.૧૧/૦૭/૨૦૦૬ થી કબજે કરવામાં આવેલ છે અને અસલ મુદ્દામાલ પાવતી નંબર મુદ્દામાલ આર્ટીકલ નં. ૩૪ થી દર્શાવેલ છે પરંતુ આ સ્પષ્ટતા એટલા માટે કરવામાં આવે છે કે જેને લઈને મુદ્દામાલ આર્ટીકલને લઈને કોઈ શંકા ના રહે. આમ, આ રોશની ગેસ્ટ હાઉસનો લાલ ચોપડો આંક–પી–૨૪૫(PW48)ના પંચનામાથી કબજે કરેલ તેના ઉપરોકત બંને પંચ સાહેદો પંચનામામાં પોતાની સહીઓ હોવાનું ઓળખી બતાવે છે. તેમજ તેઓએ જુબાનીમાં એટલુ જણાવેલ છે કે, તેમને પોલીસે એગ્રોની ઓફીસ જુહાપુરા ખાતે સહી કરવા માટે બોલાવેલ અને લખેલા કાગળો માં સહીઓ કરેલી અને કોઇ વ્યકિતએ ચોપડો રજૂ કરેલ હોય તે કહી શકતા નથી પરંતુ બંને પંચ સાહેદો જુહાપુરા અમદાવાદ મુકામે રહે છે અને તેથી તેમને પોલીસે એગ્રોની ઓફીસ જુહાપુરા અમદાવાદ મુકામે બોલાવેલા અને તે ગયેલા અને તે જણાવે છે તે મુજબ આ પંચનામુ કે જે જુહાપુરા રોડ, એગ્રો ખાતે આવેલ પોલીસ અધિક્ષકની કચેરી ખાતે કરવામાં આવેલ છે, જે હકીકત નિશંકપણે આ બંને

સાહેદોની જુબાનીથી પુરવાર થયેલ છે. તેમજ આ ચોપડો રોશની ગેસ્ટ હાઉસના વહિવટદાર દેવેન્દ્રભાઇ જીબોદચંન્દ્ર દવે (PW–11) નાએ રજૂ કરેલ, જે ત.ક.અમલદાર વી.ડી.ગોહીલે કબજે કરેલ છે.

(૩૭.૬) આમ, આ બંને પંચ સાહેદોની આરોપી તરફે કોઇ જ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી અને PW–11 ની પણ આ ચોપડો રજૂ કર્યા બાબતે કોઇ ઉલટ તપાસ આરોપીઓ તરફે કરેલ નથી અને ત.ક.અમલદાર વિ.ડી.ગોહીલ તેમની આંક–૩૯૧(PW84) ની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવે છે કે, તેઓએ આ ચોપડો પંચનામાની વિગતે કબજે કરેલ જે તેમની સરતપાસના પેરા નં. ૧૭ થી પૂરવાર થાય છે જેને તેમની આરોપીઓ દ્વારા તેમની લેવામાં આવેલ ઉલટ તપાસમાં પડકારવામાં આવેલ નથી. આમ, આ બંને પંચ સાહેદો PW–48 અને PW–49 ભલે આંક–પી–૨૪૫(PW48)થી ચોપડો કબજે કરેલ પંચનામાને સમર્થન કરતાં ના હોય પરંતુ તે પંચનામુ તેમની હાજરીમાં જુહાપુરા ખાતે આવેલ એગ્રો ઓફીસમાં કરવામાં આવેલ છે, જે અત્રે પુરવાર થયેલ છે. વધુમાં આ કામે આંક–પી–૧૯૬(PW20) નાં પંચનામાથી આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાએ રોશની ગેસ્ટહાઉસના રજીસ્ટરમાં અનુક્રમ નં.૪૫૩ ઉપર તા.૧૧–૬–૦૬ નાં રોજ રાજુભાઈ દવેનું નામ લખી અને તે જ નામથી અંગ્રેજીમાં સહી કરેલ તે બાબતના તેમના હસ્તાક્ષર અને સહીના નમૂના માર્ક S1 થી S6 અને S7 થી S12 નાં ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે પંચોની હાજરીમાં તા.૧૪–૭–૨૦૦૬ ના રોજ આરોપી ચંદ્રસિંહ જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય તે દરમ્યાન મેળવેલ જે પંચ સાહેદ એલોઈસ ચાર્લ્સ ક્રિશ્ચયન કે જેમને ફરિયાદ પક્ષે

આંક–૧૯૫ (PW20)થી તપાસેલા છે અને બીજા પંચ રાહુલ નરેશ બારોટને આંક–૧૯૭(PW21)થી તપાસેલા છે, જે બન્ને જણાવે છે કે,નહેરુબ્રીજ પાસે તેમને પોલીસે ઊભા રાખી પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરેલ. આ ચોપડાના લખાણવાળા નમૂના તેમની હાજરીમાં આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાના લીધેલ હોય તેવું બનેલ નથી, પરંતુ બન્ને પંચ સાહેદો આ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે અને આરોપીઓ તરફે આ સહીઓ પંચનામામાં તેઓની પોલીસ દ્વારા બળજબરી કે ધાકધમકી આપી મેળવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આમ, આ પંચનામામાં બન્ને જણાએ સ્વૈચ્છાથી સહીઓ કરેલ હોવાનું અને ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાનીથી આ પંચનામું તેમણે બન્ને પંચોની હાજરીમાં કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૩૭.૭) આમ, ભલે આ પંચ સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય, પરંતુ ત. ક. અમલદારની જુબાનીથી તે પુરવાર થયેલ છે. વધુમાં આંક–પી–૧૯૪(PW19) નાં પંચનામાથી આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાના કુદરતી હસ્તાક્ષરનું લખાણ તેમના મિત્ર દલપતભાઈ મોહનભાઈ આદરીયા(PW36)નાઓએ રજૂ રાખેલ તે કબજે કરેલાનું પંચનામું છે. આ પંચનામાના પંચ સાહેદ મહાવીર મનુભા ચુડાસમાને આંક–૧૯૩(PW19)થી તપાસેલા છે અને અન્ય પંચ સાહેદ ગીરીશભાઈ રેવાશંકર જોષીને આંક–૩૪૨(PW74)થી તપાસેલ છે, જે બન્ને પંચ સાહેદો આ પંચનામામાં તેમની સહી કરેલાની હકીકત કબૂલ રાખે છે અને તેથી જ આ કામે મુદ્દામાલ આર્ટીકલ ૪૩

વાળો લીટીવાળો કાગળ અને મુદ્દામાલ આર્ટીકલ ૪૪ વાળી ડાયરી કે જે આંક–પી–૩૪૩(PW74) અને આંક–૩૪૪(PW74)થી રેકર્ડ પર રજૂ થયેલ છે, જે હકીકત ને ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાનીથી પણ સમર્થન મળે છે. આ બન્ને પંચ સાહેદોની આરોપીઓ તરફે ઉપરોક્ત બન્ને દસ્તાવેજોના અનુસંધાને કોઈ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી. અને સાહેદ ગીરીશભાઈની ઊલટ તપાસમાં આરોપીઓ તરફે એવો પ્રયત્ન કરેલ છે કે, આ કાગળ તથા ડાયરી બતાવનાર પોલીસ અધિકારીનો હોદ્દો શું હતો. આમ, આ દસ્તાવેજોના અનુસંધાને એવી કોઈ પ્રબળ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે જેથી માની શકાય કે, આ આંક–પી–૧૯૪(PW19) વાળું પંચનામું, કે જેને સાહેદ ગીરીશભાઈ અક્ષરશઃ સમર્થન આપે છે અને ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની જુબાનીથી તે પુરવાર થયેલ છે. આમ, આ આંક–પી–૩૯૬(PW84) વાળી નોંધની વિગતો ધ્યાને લઈએ તો, એટલું પુરવાર થાય છે કે, ત. ક. અમલદારને દેવેન્દ્રએ જે જણાવેલ તે મુજબ તેઓ તા.૧૧–૬–૦૬ નાં રાત્રિના ૦૦:૪૫ વાગ્યે રોશની ગેસ્ટહાઉસમાં હાજર હતા ત્યારે PW10 જીતેન્દ્રભાઈ ઈશ્વરભાઈની ભલામણથી ચાર આરોપીઓ રોકાયેલા તેવું પુરવાર થાય છે, જેમાં આ કામના આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાએ પોતે પોતાનું સાચું નામ ન લખી, 'રાજુભાઈ દવે'ના નામે એન્ટ્રી કરેલ છે અને સહી પણ તે રીતે કરેલ છે.

(૩૭.૮) આમ, આ આરોપી ચંદ્રસિંહ પોતે પોતાની ઓળખ છૂપાવીને અન્ય ત્રણ આરોપીઓ સાથે રહેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે, જેને વધુ સમર્થન એફ.એસ.એલ.નાં આંક–પી–૪૧૩(PW84) નાં અહેવાલથી સમર્થન

મળે છે. જે મુજબ આ કામે ત. ક. અમલદાર દ્વારા હેન્ડરાઈટીંગ એક્સપર્ટને જે માર્ક–S1 to S12, N1, N2, N3, N3/1 to N3/18 વાળા હસ્તાક્ષરો અને સહીઓ પરિક્ષણ અર્થે મોકલેલ તે જ હસ્તાક્ષર અને સહીઓ માર્ક D1 અને D2 લખેલ વ્યક્તિના હોવાનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ, જે વ્યક્તિ અન્ય કોઈ નહીં પરંતુ આ કામના આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા નાં જ છે. અત્રે એક સ્પષ્ટતા કરવી પડે કે, ત. ક. અમલદાર દ્વારા આરોપી ચંદ્રસિંહના કુદરતી લખાણવાળો લીટીવાળો કાગળ રજૂ કરેલ તેને માર્ક N1 તથા માર્ક N2 આપવામાં આવેલ અને લીટીવાળી પોકેટ ડાયરીને માર્ક N3 આપેલ, જે બન્ને દસ્તાવેજોનાં આરોપી ચંદ્રસિંહ જ્યારે રિમાન્ડ પર હતા તે સમયે રોશની ગેસ્ટહાઉસના રજીસ્ટરમાં તેઓએ તા.૧૧–૬–૦૬ ના રોજ અનુક્રમ નં.૪૫૩ ઉપર રાજુભાઈ દવેનું નામ લખેલ અને સહી કરેલ તેના નમૂના S1 થી S6 અને S7 થી S12 સુધીના મેળવેલ અને ત્યારબાદ આરોપી ચંદ્રસિંહને નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ તા.૨૯–૭–૦૬ ના રોજ રજૂ કરેલ તે વખતે નામદાર કોર્ટની પરવાનગીથી તેમના હસ્તાક્ષરના નમૂના અને સહીઓ અનુક્રમે માર્ક S13 થી S18 અને S19 થી S24 નાં મેળવેલ.

(૩૭.૯) આમ, આંક–પી–૪૧૩(PW84)નાં એફ.એસ.એલ.નાં રિપોર્ટમાં જણાવેલ છે તે મુજબ માર્ક S1 to S12 તથા N1, N2 અને N3 અને N3/1 to N3/8 જે રોશની ગેસ્ટહાઉસના રજીસ્ટરમાં આરોપી ચંદ્રસિંહ એન્ટ્રી નં.૪૫૩ માં કરેલ નોંધના હસ્તાક્ષર છે અને સહી છે તેને માર્ક D1 અને D2 સાથે સરખાવેલ તે એક જ વ્યક્તિના, એટલે કે, હાલના કામના આરોપી ચંદ્રસિંહનાં હોવાનું પુરવાર

થયેલ છે. આમ, આ કામે જે ડાયરી માર્ક N3 થી કબજે કરેલ તેના દરેક પાનાને એફ.એસ.એલ. અધિકારીએ માર્ક N3/1 to N3/8 આપી પરિક્ષણ કરેલ છે અને તેથી જ આંક–પી–૪૧૩(PW84)નાં રિપોર્ટમાં આ હકીકત દર્શાવવામાં આવેલ છે. આમ, ઉપરોક્ત સ્પષ્ટતા કરતા એ હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ છે કે, રોશની ગેસ્ટહાઉસના રજીસ્ટરમાં આરોપી નં.૧ ચંદ્રસિંહે તેમની સાચી ઓળખ છૂપાવી રાજુભાઈ દવેના નામે એન્ટ્રી કરી અને તે નામે અંગ્રેજીમાં સહી કરેલી તે આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાની જ હોવાનું પુરવાર થયેલ છે.

(૩૭.૧૦) વધુમાં આરોપીઓ તા.૧૧–૬–૦૬ ના રોજ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ હતા તે હકીકત ત. ક. અમલદારની જુબાનીના પેરા–૭૭ અને ૮૩ માં જણાવેલ હકીકત થી સમર્થન મળે છે, જે મુજબ ત. ક. અમલદારે જણાવેલ છે કે, તેમની રૂબરૂ સાહેદ નિખીલ ગોવિંદભાઈ પરીખ(PW12) અને સાહેદ દેવયાનીબેન નિખીલભાઈ પરીખ(PW76) નાઓએ તેમની રૂબરૂ જે નિવેદન આપેલ તે મુજબ તા.૧૦–૬–૦૬ ના રોજ સવારે ૧૧ કલાકે તેમની મારૂતિ ફ્રન્ટી લાલ કલરની આરોપી હિતેશ ચુડાસમા લઈ ગયેલા, જે હકીકત સ્વયં પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૧૧–૬–૦૬ ના રોજ નિખિલભાઈની મારૂતિ ફ્રન્ટી લઈ જઈ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા અને તેને સમર્થન દેવેન્દ્રભાઈએ ત. ક. અમલદારને આપેલ નિવેદન મુજબ ચાર આરોપીઓ આવેલા તે લાલ કલરની મારૂતિ ૮૦૦ લઈને આવેલા. આમ, ત. ક. અમલદારને નિખીલભાઈએ પોતાની પાસે મારૂતિ ફ્રન્ટી નં.જીજે.૧૦.૯૭૮૩ લાલ કલરની હોવાનું લખાવેલ હોય તો જ આ હકીકત ત. ક. અમલદારે નિવેદન સ્વરૂપે નોંધેલ

હોય અને તેમની જુબાનીમાં તે જણાવે છે. આમ, ત. ક. અમલદાર કે જે પોતે તપાસના ભાગ સ્વરૂપે આ નિવેદનો નોંધે છે અને તે નોંધેલ નિવેદનો મુજબ સાહેદો જ્યારે કોર્ટ સમક્ષ પુરાવો ન આપે તેવા સંજોગોમાં ત. ક. અમલદાર તેમની જુબાનીમાં જણાવતા હોય છે કે, સાહેદે તેમની સમક્ષ નિવેદનમાં કઈ હકીકત લખાવેલી અને તેવી હકીકત ત. ક. અમલદાર સરતપાસમાં જણાવતા હોય, જે પુરાવામાં ગ્રાહ્ય રાખી ન શકાય તેવો કોઈ કાયદો નથી અને તેથી જ આવી હકીકત ધ્યાને લેવામાં આવે છે અને ત. ક. અમલદાર ફક્ત પોલીસ સાહેદ હોય તેઓ તેમની જુબાનીમાં સાહેદોના નિવેદનો બાબતે જે સત્ય હકીકત જણાવતા હોય તેને અવગણી શકાય નહીં, સિવાય કે એવી કોઈ વિરૂદ્ધની હકીકત રેકર્ડ પર આવે કે જેનાથી પુરવાર થાય કે ત.ક. અમલદારે ધાકધમકી આપી, પ્રલોભન આપી, આવું નિવેદન સાહેદનું નોંધેલ હોય, પરંતુ આ સાહેદ દેવેન્દ્ર(PW11) તેમજ સાહેદ જીતેન્દ્ર(PW10) તેમજ સાહેદ નિખીલ(PW12) તથા સાહેદ દેવયાનીબેન (PW76) કોર્ટ રૂબરૂ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી કોઈ હકીકત જણાવતા નથી કે ત. ક. અમલદારે તેમના નિવેદનો ધાકધમકી આપી ખોટી રીતે નોંધાવવા મજબુર કરેલ છે.

(૩૭.૧૧) હવે, નિખીલ ગોવિંદલાલ પરીખની આંક–૧૭૫(PW12)ની જુબાની જોઈએ તો, તેઓ પોતે કોમ્પ્યુટર એજ્યુકેશનની સંસ્થા ચલાવે છે, ૫૧ વર્ષની ઉંમરના છે, સેટેલાઈટ, અમદાવાદ ખાતે રહે છે, વર્ષોથી સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયેલ છે, તેમજ સ્વાધ્યાય પરિવારનું મુખ્ય મંદિર ભાવનિર્જર સેટેલાઈટ ખાતે આવેલ છે, તેમજ આઠ–દસ વર્ષ પહેલાં તેમની

પાસે મારૂતિ ફ્રન્ટી કાર હતું તેવું જણાવે છે. આ હકીકત નિખીલભાઈ કોર્ટ રૂબરૂ તા.૨૮–૧૧–૨૦૧૯ ના રોજ જણાવે છે. તે મુજબ આઠ–દસ વર્ષ પહેલાં એટલે કે બનાવના અરસામાં તેમની પાસે આ મારૂતિ ફ્રન્ટી હોવાની હકીકત તેઓ સ્વીકારે છે અને ત્યારબાદ તેઓ પોતે સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હોવાની હકીકત પણ સ્વીકારે છે, જે હકીકત ને વધુ સમર્થન નિખીલભાઈના પત્નિ દેવયાનીબેન તેમની કોર્ટ રૂબરૂની આંક–૩૫૦(PW76)ની જુબાનીમાં આપે છે, તેમાં પણ તેણી જણાવે છે કે, નિખીલભાઈ પરીખ તેમના પતિ થાય છે અને તેમના પતિ કોમ્પ્યુટર સેન્ટર ધરાવે છે, તેમના પતિએ મારૂતિ ફ્રન્ટી કાર ખરીદ કરેલ હતી, કે જે તેમના ઘરના સભ્યો અવરજવર કરવા સારું ઉપયોગ કરતા હતા.

(૩૭.૧૨) આમ, આ સાહેદ દેવયાનીબેન(PW76)ની જુબાની અને નિખીલભાઈ(PW12)ની જુબાની સાથે વાંચીએ તો તેમની પાસે મારૂતિ ફ્રન્ટી કાર હતી તેવું પુરવાર થાય છે અને તેથી જ આ હકીકત ત. ક. અમલદારને બન્ને જણાએ તેમના નિવેદનમાં લખાવેલ હોય અને તે ત. ક. અમલદાર તેમની આંક–૩૯૧(PW84) વાળી જુબાનીમાં જણાવે છે. વધુમાં દેવયાનીબેન એવું જણાવે છે કે, તેમની આ મારૂતિ ફ્રન્ટી ૨૦૦૬ નાં જુન મહિનામાં કોઈને આપેલ હોય તેવું બનેલ નથી. આ હકીકત સ્વયં સ્પષ્ટ કરે છે કે, દેવયાનીબેન જુન મહિનો અને વર્ષ ૨૦૦૬ જણાવે છે, એટલે બનાવના અરસામાં તારીખ સિવાય મહિનો જુન હતો અને વર્ષ ૨૦૦૬ નું હતું તે તો પુરવાર થાય છે અને તેથી જ તા.૧૧–૬–૨૦૦૬ ના રોજ ચાર આરોપીઓ સાહેદ નિખીલ અને દેવયાનીબેનની લાલ કલરની મારૂતિ ફ્રન્ટીમાં રાત્રિના ૦૦:૪૫ કલાકે રોશની ગેસ્ટહાઉસમાં રોકાવા

માટે આવેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે. હવે, સાહેદ નિખીલ ગોવિંદભાઈ પરીખ અને દેવયાનીબેન તેમની જુબાનીમાં આગળ જતા હિતેશ ચુડાસમા, કે જે આ કામના આરોપી નં.૨ છે, તેને ઓળખવાની ના પાડે છે અને તેને આ ગાડી આપેલ હોવાની ના પાડે છે, પરંતુ નિખીલભાઈ તેમની જુબાનીમાં સ્પષ્ટપણે સરતપાસમાં સ્વીકારે છે કે, પોલીસ તેમના ઘરે આવેલી અન કોઈ ત્રિવેદીનું મર્ડર થયેલ તે બાબતે પૂછપરછ કરેલી અને આ ત્રિવેદીના મર્ડર બાબતે નિખીલભાઈએ પોતે છાપામાં વાંચેલું અને પોલીસે નિખીલને નામ, સરનામું અને પરિવારની વિગત પૂછેલ તેમજ તેમની પાસે કેટલા વાહન છે તેની વિગત પૂછેલ. તે સિવાય ધંધાની વિગત પૂછેલ તેવું જણાવે છે અને બાકીની વિગતો પૂછેલ ન હોવાનું જણાવે છે. આ હકીકત સ્વયં પુરવાર કરે છે કે, ત. ક. અમલદાર વી. ડી.ગોહીલ દ્વારા આ સાહેદનું તા.૧૪–૭–૨૦૦૬ ના રોજ નિવેદન નોંધવામાં આવેલ છે, જે નિવેદન આ સાહેદે સ્વૈચ્છીક નોંધાવેલ છે, જે આ કામના મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીના ખૂન બાબતે નોંધાવેલ છે અને પોલીસ જ્યારે આ સાહેદને તેમના વાહનની વિગત પૂછતી હોય તેનો મતલબ કે આ સાહેદની મારૂતિ ફ્રન્ટી લાલ કલરની આરોપી હિતેશ ચુડાસમાને તા.૧૧–૬–૦૬ ના રોજ રોશની ગેસ્ટહાઉસ જવા માટે આપેલ હોવાની હકીકત સાહેદ દેવેન્દ્રભાઈ જીબોધચંદ્ર દવેના નિવેદનથી ખુલવા પામી હોય તો જ તેને આ વિગત ત. ક. અમલદાર ગોહીલ પૂછે, અન્યથા ત. ક. અમલદાર ગોહીલને આ બાબતે કોઈ વિચાર સુદ્ધા ન આવે.

(૩૭.૧૩) આમ, સાહેદ દેવેન્દ્ર જીબોધચંદ્ર દવે(PW11) કે જે રોશની ગેસ્ટહાઉસનાં માલિક છે અને તેમની હોટલમાં ચાર આરોપીઓ લાલ કલરની

ફ્રન્ટીમાં, કે જે સાહેદ નિખીલ ગોવિંદ પરીખ(PW12)ની માલિકીની છે, તે આરોપી હિતેશ ચુડાસમા મેળવે છે અને તેમાં રોશની ગેસ્ટહાઉસે તેઓ પહોંચે છે જે હકીકત સ્વયં પુરવાર કરે છે કે, આ સાહેદો ભલે નામદાર કોર્ટ રૂબરૂ અર્ધસત્ય હકીકત જણાવતા હોય, પરંતુ તેમની જુબાનીમાં જેટલી હકીકત રેકર્ડ પર આવેલ છે તેને અન્ય સાહેદોની જુબાની સાથે સાંકળતા અને ત. ક. અમલદારની જુબાની સાથે સાંકળતા અક્ષરશઃ આ ગુનાના કામે આરોપીઓની સંડોવણી હોવાની કડી પુરવાર કરવા તે ઉપયોગી પુરાવો થઈ પડે છે. અત્રે નોંધવું પડે કે, PW12 સાહેદ નિખીલભાઈ અને તેમના પત્નિ દેવયાનીબેન(PW76) કે જે બન્ને સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે અને આરોપીઓ પણ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે અને તેથી તેઓ આરોપીઓને મદદરૂપ થવાના હેતુથી નામદાર કોર્ટ રૂબરૂ સત્ય હકીકત જાહેર કરતા નથી, પરંતુ જે હકીકત જણાવે છે તેનાથી આરોપીઓ દ્વારા આ સાહેદની લાલ કલરની મારૂતિ ફ્રન્ટીનો ઉપયોગ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ ચાર આરોપીઓએ કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૩૭.૧૪) વધુમાં ત. ક. અમલદારને સાહેદ દેવન્દ્રએ જે નિવેદન લખાવેલ તે મુજબ ચાર આરોપીઓને રૂમ નં.૩૦૪ ડબલ બેડનો આપેલો અને બે એક્સ્ટ્રા પથારી આપેલી અને આરોપીઓએ તેમનું રહેઠાણનું સરનામું રાજકોટ, સહકાર સોસાયટી, ૮ લખાવેલ હોય છતાં સોગંદ ઉપર એ.પી.પી.શ્રીની ઊલટ તપાસમાં ખોટું જણાવે છે, પરંતુ આંક–પી–૩૯૬(PW84)નાં દસ્તાવેજથી આ હકીકત પુરવાર થયેલ છે, જેમાં નોંધ નં.૪૫૩ માં કોલમ નં.૧૨ માં જે રૂમ

ફાળવેલ તે દર્શાવેલ છે તથા તેઓ કોલમ નં.૧૦ મુજબ ક્યાંથી આવ્યા તેમાં રાજકોટ અને ક્યાં જવાના તેમાં રાજકોટ અને શું ધંધો કરો છો તેમાં વેપાર લખેલ છે. આમ, **ચાર્જશીટ સાથે સામેલ રાખેલ ચહેરા નિશાન પત્રકમાં જણાવ્યા મુજબ આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા વેપાર કરતા હોવાનું જણાવેલ છે**. તેમજ આ ચાર જણા હતા તેવું આ રજીસ્ટરના કોલમ નં.૭ થી પુરવાર થાય છે અને તેઓ તા.૧૨–૬–૦૬ ના રોજ ૧૨:૩૦ એ.એમ. નાં જતા રહે છે. આમ, અત્રે એ નોંધવું પડે કે, આરોપીઓએ બે રૂમની જગ્યાએ એક જ રૂમ ચાર જણા માટે લીધેલ છે અને બે પથારી એક્સ્ટ્રા મંગાવેલ, જે કોઈને કોઈ રીતે આ આરોપીઓ ગુનાહિત કાવતરાના ભાગરૂપે એક જ રૂમ રાખેલ હોય તેવું માનવાને કારણ રહે.

(૩૭.૧૫) વધુમાં સાહેદ દેવેન્દ્ર(PW11)ની ઊલટ તપાસમાં એ.પી.પી.શ્રીએ પૂછેલ છે કે, તા.૧૧–૬–૦૬ ની રાત્રે તથા તા.૧૨–૬–૦૬ ની રાત્રે ચારેય આરોપીઓ રોકાયેલા અને તા.૧૨–૬–૦૬ ની રાત્રે દેવેન્દ્રભાઈ(PW11) સાથે ટી.વી. બાબતે બોલાચાલી કરેલી અને તે માટે PW10 જીતેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ–નાઓને ફોન કરી ભલામણ કરેલી, જેથી આ સાહેદ જીતેન્દ્રભાઈ આરોપીઓને સારી રીતે ઓળખતા હોવાનું ત. ક. અમલદારને લખાવેલ હોવા છતાં એ.પી.પી.શ્રીની ઊલટ તપાસમાં આ સાહેદ સમર્થન કરતા નથી, પરંતુ ત.ક.અમલદાર જ્યારે જણાવે છે કે, દેવેન્દ્રએ તેમની રૂબરૂ ઉપરોક્ત હકીકત લખાવેલી તો તે નહીં માનવાને કોઈ કારણ નથી, કારણ કે, ત. ક. અમલદારને રોશની ગેસ્ટહાઉસમાં આરોપીઓએ ટી.વી. બાબતે સાહેદ દેવેન્દ્રભાઈ, કે જે રોશની ગેસ્ટહાઉસના માલિક છે, તેમની સાથે બબાલ કરેલ

અને ટી.વી. આપવાની ભલામણ PW10 જીતેન્દ્રભાઈએ કરેલ તેવી હકીકત નિવેદનમાં નોંધવાની કલ્પના સુદ્ધા ત.ક.અમલદાર કરી શકે નહીં. અત્રે એ નોંધવું પડે કે, આરોપીઓએ આંક–પી–૩૯૬(PW84)માં રૂમ નં.૩૦૧ અને ૩૦૪ બાબતે ચેકચાક કરેલાનો વાંધો લીધેલ છે અને તેવી દલીલ કરેલ છે, પરંતુ ઉપરોક્ત ટી.વી.ને લઈને જે બબાલ થઈ ત્યારબાદ રૂમ બદલેલ હોય અને અગાઉ ફાળવેલ રૂમ નંબર બદલીને નવો રૂમ આપતા આ મુજબની નોંધમાં ફેર પડેલ હોય તેવું માનવાને ચોક્કસ કારણ રહે છે અને તેથી આ દસ્તાવેજ અંગે કોઈ શંકા રહી શકે નહીં, કે જેને એફ.એસ.એલ.નાં રિપોર્ટથી પણ નિઃશંકપણે પુરવાર થયેલ છે કે, આ નોંધના હસ્તાક્ષરો આરોપી ચંદ્રસિંહનાં છે.

(૩૭.૧૬) વધુમાં આ સાહેદ દેવેન્દ્રભાઈ ઓળખપરેડમાં આ કામના આરોપી નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકીને ઓળખી બતાવેલાની હકીકત જણાવેલી અને તા.૧૧–૬–૦૬ ના રોજ તેમના ગેસ્ટહાઉસમાં રોકાયેલ આરોપીઓ પૈકીના બે જણાને અગાઉની ઓળખપરેડમાં દેવેન્દ્રભાઈએ ઓળખેલા, જે આરોપીઓ અન્ય કોઈ નહીં, પરંતુ આ કામના આરોપી નં.૫ માનસિહ અરજણ વાઢેર અને આરોપી નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા છે અને જે આરોપીએ આંક–પી–૩૯૬(PW84) માં રાજુભાઈ દવેના નામે સહી કરેલી તે આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, કે જેનો ફોટો છાપામાં આવેલ હોય, ત.ક.અમલદારે તેની ઓળખપરેડ કરાવેલ નહીં. આમ, આ સાહેદ ઉપરોક્ત જે હકીકત ત. ક. અમલદારને લખાવે છે તે મુજબ ઉપરોક્ત નામવાળા ચાર આરોપીઓ તેમના રોશની ગેસ્ટહાઉસમાં તા.૧૧–૬–૦૬ ના રોજ રાત્રિના ૦૦:૪૫ કલાકે આવેલા,

જે PW12 નિખીલ ગોવિંદ પરીખની લાલ કલરની મારૂતિ ફ્રન્ટી, કે જે આરોપી નં.૨ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમાએ નિખીલભાઈ પાસેથી લઈને આ ચારને રોશની ગેસ્ટહાઉસે છોડેલ અને આ ફ્રન્ટીનો ઉપયોગ કરેલ. વધુમાં આ ચારે આરોપીઓ તા.૧૨–૬–૦૬ ના રોજ રાત્રિના જતા રહેવાનું કહેલ પરંતુ ત્યારબાદ તેઓ સુઈ ગયેલા અને તા.૧૩–૬–૦૬ નાં સવારના ૬ થી ૬:૧૫ વાગ્યે જતા રહેલ, જે તેમની સાથે બે હેન્ડ બેગ હતી અને લાલ કલરની જે મારૂતિમાં જે ભાઈ આવેલા તેમની સાથે ગયેલા તેવું ત. ક. અમલદારને સાહેદ દેવેન્દ્રએ લખાવેલ હોવા છતાં તેઓ સોગંદ ઉપર ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી, પરંતુ આંક–પી–૩૯૬ રોશની ગેસ્ટહાઉસનાં રજીસ્ટરનો ઉતારો જોતાં તેમાં તા.૧૨–૬–૦૬ ના રોજ રાત્રિના ૧૨:૩૦ નો સમય નાંખેલ છે, પરંતુ આરોપીઓ ગયેલ નથી અને તેઓ તા.૧૩–૬–૦૬ નાં સવારના ગયેલ છે એ જ હકીકત પુરવાર કરે છે કે, આરોપીઓએ કેસને ખોટી રીતે ગેરમાર્ગે દોરવા અને ખોટો પુરાવો ઊભો કરવાનો પ્રયત્ન કરેલ છે, કારણ કે, સાહેદ નિખીલ ગોવિંદલાલ પરીખ(PW12)નાએ ત.ક. અમલદારને આપેલ નિવેદન મુજબ ત. ક. અમલદારની આંક–૩૯૧(PW84)ની જુબાનીના પેરા–૭૭ મુજબ આરોપી હિતેશ ચુડાસમા આ નિખિલભાઈને તેમની મારૂતિ ૮૦૦ લાલ કલરની જીજે.૧૦.૯૭૮૩ વાળી તા.૧૩–૬–૦૬ ના રોજ પરત આપી ગયેલા, જે દેવયાનીબેને ત.ક.અમલદાર વી.ડી. ગોહીલને આપેલ નિવેદનમાં જણાવ્યા મુજબ ત.ક.અમલદારે તેમની જુબાનીના પેરા–૮૩ માં આ હકીકત જણાવેલ છે તે મુજબ તેમના પતિ નિખીલભાઈ તા.૧૦–૬–૦૬ ના રોજ શનિવારના દિવસે ૯:૩૦ વાગ્યે ઑફિસે જતા રહેલ અને દસ–અગીયાર વાગ્યાની આસપાસ હિતેશ

ચુડાસમા ઘરે આવેલ તે રીતે દર શનિ–રવિ અને સોમ ભક્તિ ફેરીના દિવસો હોય અને સ્વાધ્યાયની ભક્તિ ફેરી માટે ગાડી માંગતા દેવયાનીબેને મારૂતિ ફ્રન્ટી આપેલી, જે હિતેશ ચુડાસમા તા.૧૩–૬–૦૬ ના રોજ સવારના ૧૦ વાગ્યે પરત આપી ગયેલ, જે હકીકત ત. ક. અમલદારને લખાવેલ હોય તો જ તેઓ આ હકીકત જણાવી શકે.

(૩૭.૧૭) હવે, તા.૧૦–૬–૦૬ ના રોજ શનિવારનો દિવસ હોય અને હિતેશ મારૂતિ ફ્રન્ટી લઈ ગયેલ તો વર્ષ ૨૦૦૬ નું કેલેન્ડર જોતાં તા.૧૦–૬–૦૬ ના રોજ શનિવાર જ આવે છે અને તેની નોંધ લેતા આ નિવેદનની હકીકત દેવયાનીબેને ત.ક.અમલદારને પોતે લખાવેલ હોય તો જ ત. ક. અમલદાર આવી હકીકત નોંધે અને તેથી જ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ તેમની જુબાનીમાં જણાવે છે તે મુજબ PW12 નિખીલ અને PW76 દેવયાનીબેન દ્વારા તેમને જે નિવેદન લખાવેલ તેની હકીકત ત. ક. અમલદાર તેમની આંક–૩૯૧(PW84) નાં પેરા–૭૭ અને ૮૩ માં જણાવે છે તે સત્ય હોવાનું પુરવાર કરે છે અને આમ સમગ્ર કેસ જ્યારે સાંયોગિક પુરાવાનો હોય અને સાહેદો આંશિક રીતે મદદરૂપ થતા હોય અને ફરિયાદ પક્ષના કેસને આરોપીઓને મદદ કરવાના હેતુથી સમર્થન ના કરે ત્યારે ત. ક. અમલદાર, કે જે તટસ્થ તપાસ કરનાર છે અને તેમની જુબાની ભરોસાપાત્ર જણાતી હોય, વિશ્વસનીય હોય, કોઈ વિરૂદ્ધની હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, તેથી તે કોર્ટ દ્વારા ધ્યાને લેવાની રહે અને જે આ કોર્ટ દ્વારા ધ્યાને લીધેલ છે. આમ ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં, આરોપીઓ તા.૧૩–૬–૦૬ ના રોજ સવારના ૬ થી ૬:૧૫ ની વચ્ચે રોશની

ગેસ્ટહાઉસમાંથી જતા રહેલા હોય તે હકીકત ને સમર્થન મળે છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી. તે જ રીતે રૂમ નં.૩૦૧ સુધારીને લખેલ છે, પરંતુ સાહેદ દેવેન્દ્ર જણાવે છે કે, રૂમ નં.૩૦૪ આપેલ અને તેમાં આરોપીઓ રોકાયેલા તો બની શકે કે, પહેલાં રૂમ નં.૩૦૪ આપેલ હોય અને ત્યારબાદ રૂમ નં.૩૦૧ માં રોકાયેલ હોય, જે આંક–પી–૩૯૬(PW84) નાં રજીસ્ટરનાં ઉતારાથી પુરવાર થાય છે.

(૩૭.૧૮) વધુમાં આ હકીકત ને સમર્થન ત.ક.અમલદારને PW11 દેવેન્દ્ર, કે જે રોશની ગેસ્ટહાઉસના માલિક છે, તેઓએ જે નિવેદન આપેલ તે મુજબ તા.૧૨–૬–૦૬ ના રોજ ભરતભાઈ સ્વાધ્યાય પરિવારવાળા આવેલ અને જીતુભાઈની ઓળખાણ આપી, આ માણસો ક્યાં છે? તેવું દેવેન્દ્રભાઈને કહે છે, જેથી દેવેન્દ્રભાઈ જણાવે છે કે, તેઓ રૂમ નં.૩૦૧ માં રોકાયેલ છે અને હાલ બહાર ગયેલ છે. આમ, આરોપીઓ આંક–પી–૩૯૬(PW84) નાં દસ્તાવેજ મુજબ રૂમ નં.૩૦૧ માં રોકાયેલ હોવાનું પુરવાર થાય છે, જ્યાં તેમને મળવા સ્વાધ્યાય પરિવારવાળા ભરતભાઈ ભટ્ટ, એટલે કે, આ કામના આરોપી નં.૭ નાઓ આવે છે, જે ચાર આરોપીઓને મળે છે, જેમને ભાડું આરોપીઓ ન ચૂકવે તો પોતે જીતુભાઈ મારફતે મોકલાવી આપશે તેવું જણાવે છે. તેમજ જીતુભાઈ મારફતે ભાડું મોકલાવવાની હકીકત થી પુરવાર થાય છે કે, આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં PW10 જીતેન્દ્રભાઈની ભલામણથી આવેલા, તેમને મળવા આ કામના આરોપી નં.૭ ભરતભાઈ ભટ્ટ સ્વાધ્યાય પરિવારવાળા આવે છે, જેમની ઉંમર ૬૦ વર્ષની હોવાનું દેવેન્દ્ર ત. ક. અમલદારને જણાવે છે, જે ઘઉંવર્ણના

હતા. હવે, આ ભરતભાઈની ચાર્જશીટમાં ઉંમર જોઈએ તો ૫૮ વર્ષ છે, જે ચાર્જશીટ તા.૬–૯–૦૬ નું છે અને તેમની પ્લી તહોમતનામું ફરમાવ્યા બાદ આંક–૪૧ થી તા.૧૦–૧૨–૨૦૧૨ ના રોજ નોંધવામાં આવેલ, જેમાં તેમની ઉંમર ૬૫ વર્ષની જણાવેલ છે, તે જોતાં દેવેન્દ્ર ત. ક. અમલદારને તેમના ગેસ્ટહાઉસમાં રોકાયેલ ચારે આરોપીઓને મળવા આવેલ ભરતભાઈ ભટ્ટનું જે વર્ણન જણાવે છે તે અન્ય કોઈ નહીં, આ કામના આરોપી જ છે, કારણ કે, દેવેન્દ્રનું નિવેદન ત.ક. અમલદારે તા.૮–૭–૦૬ ના રોજ નોંધેલ છે અને ત્યારે તે ભરતભાઈની ઉંમર ૬૦ વર્ષની હોવાનું આશરે જણાવે છે અને ઉપર ચર્ચા કરી તે મુજબ ૨૦૧૨ માં નામદાર કોર્ટ રૂબરૂ ભરતભાઈ આંક–૪૧ ની તેમની પ્લીમાં તેમની ઉંમર ૬૫ વર્ષ જણાવે છે તે કોઈ સંજોગ નથી પરંતુ રોશની ગેસ્ટહાઉસના માલિક દેવેન્દ્રએ ત. ક. અમલદારને જે સત્ય હકીકત જણાવેલ તે જ છે, જે ત. ક. અમલદારની આંક–૩૯૧(PW84)ની જુબાનીથી પુરવાર થયેલ છે. ભલે દેવેન્દ્ર સોગંદ ઉપર આ હકીકત નો ઈન્કાર કરતા હોય અને તેથી જ ઉપર ચર્ચા કરી તે મુજબ અત્રેની કોર્ટ દ્વારા ફરી ગયેલ સાહેદના પુરાવાનું પણ આ કેસના ન્યાયિક નિર્ણય માટે બારીકાઈથી મુલ્યાંકન કરેલ છે તેના ભાગરૂપે આરોપી ભરત ભટ્ટની આંક–૪૧ ની તહોમતનામું ફરમાવ્યા બાદની પ્લી વંચાણે લીધેલ છે તેને ત. ક. અમલદારની જુબાની સાથે વાંચતા સમર્થન મળે છે કે ભરત ભટ્ટ રોશની ગેસ્ટહાઉસમાં મળવા ગયેલા અને તે જ દિવસે રાત્રે મોટા સાહેબની ઑફિસમાં કામ કરતા આ કામના આરોપી નં.૬ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા પણ સાંજના આઠેક વાગ્યે આરોપીઓને મળવા રોશની ગેસ્ટહાઉસ જાય છે અને આ હકીકત ને સમર્થન આ કામે તપાસેલ સાહેદ જયેન્દ્રસિંહ દીપસિંહ ઝાલા આંક–

૩૧૫(PW70) ની જુબાનીથી મળે છે, જે તેમની જુબાનીમાં જણાવે છે કે, ૨૦૦૬ નાં અરસામાં અમદાવાદ શહેર ડી.સી.પી. ઝોન–૧ ની કચેરીમાં તેઓ કમાન્ડો તરીકે ફરજ બજાવે છે અને તેમને ત્યાં પી.એ. તરીકે ઘનશ્યામભાઈ ચુડાસમા હતા. એટલે મોટા સાહેબને ત્યાં નોકરી કરતા ઘનશ્યામસિંહ જે આરોપીઓને રોશની ગેસ્ટહાઉસે મળવા જાય છે તે અન્ય કોઈ નહીં પણ આ સાહેદ જણાવે છે તે આરોપી નં.૬ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા છે. આમ, આ હકીકત થી દેવેન્દ્ર જે ત. ક. અમલદારને જણાવે છે તેને અત્રે સમર્થન મળે છે. વધુમાં સાહેદ જયેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા(PW70) ને મેસેજ મળેલ છે કે, ગુજરાત જીમખાના પાસે કંઈક બનાવ બનેલ છે અને આ સાહેદ પોતે ઝોન–૧ નાં સાહેબ સાથે ત્યાં પહોંચેલ જ્યાં પંકજ ત્રિવેદીનું ખૂન થયેલ છે, તે વખતે ઘનશ્યામસિંહ ચુડાસમાનો તેમની ઉપર ફોન આવે છે અને પુછે છે કે, આ સાહેદ ક્યાં છે. શું બનાવ બનેલ છે, જેથી આ સાહેદ જીતેન્દ્ર જણાવે છે કે, ગુજરાત જીમખાના ખાતે મર્ડર થયેલ છે. આ સાંભળી આરોપી ઘનશ્યામ વધુ પૂછે છે કે, પંકજ ત્રિવેદી જીવે છે કે મરી ગયો? જેથી આ સાહેદ જણાવે છે કે, મરી ગયેલ છે અને ઘનશ્યામસિંહને પૂછે છે કે, શું કામ છે? આમ પૂછતા ઘનશ્યામસિંહ કોલ કટ કરી નાંખે છે. આ હકીકત ધ્યાને લેતાં, સાહેદ જયેન્દ્રની ઊલટ તપાસમાં આરોપીઓ તરફે જે પ્રશ્ન પૂછેલ છે તે મુજબ તે ડી.સી.પી. ઝોન–૧ નાં કમાન્ડો છે, તેમને મરનાર સાથે કોઈ સંબંધ નથી અને આરોપી નં.૬ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા સાથે પણ કોઈ વેરભાવ નથી કે જેથી તે ઉપરોક્ત હકીકત નામદાર કોર્ટ રૂબરૂ ખોટી જણાવે.

(૩૭.૧૯) આમ, આ સાહેદ જણાવે છે તે મુજબ આરોપી ઘનશ્યામસિંહ તેમની સાથે જ ડી.સી.પી. ઝોન–૧ નાં અધિકારીનાં હાથ નીચે કામ કરે છે તેથી ઘનશ્યામસિંહે પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી આ કામના ચાર આરોપીઓ જે રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ તેમને આ કામના આરોપી નં.૭ ભરત ભટ્ટ સાથે મળવા જાય છે અને મદદનો હાથ ફેલાવે છે અને તે મદદ સ્વરૂપે તેઓ જીતુભાઈ મારફતે ભાડાના રૂપિયા ૫૦૦/– રોશની ગેસ્ટહાઉસના માલિક દેવેન્દ્રને અપાવે છે, જે હકીકત અત્રે નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ ચાર આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ તે તેમજ તેમને મળવા ગયેલ બે આરોપીઓ ઘનશ્યામસિંહ ચુડાસમા અને આરોપી ભરત ભટ્ટ, કે જેઓ મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીના ખૂનના ગુના સંબંધે ઘડવામાં આવેલ ગુનાહિત કાવતરાના ભાગ સ્વરૂપે રોશની ગેસ્ટહાઉસમાં મુલાકાત કરેલ છે અને આ હકીકત ને વધુ સમર્થન આ કામે ત. ક. અમલદારે રજૂ કરેલ મરનારની આંક–પી–૪૧૮(PW84) થી આંક–પી–૪૨૪(PW84)ની અરજીઓથી મળે છે, કે જે અરજીઓમાં મરનારે આ કામના આરોપી ભરતભાઈ ભટ્ટ, કે જે અમદાવાદ રહે છે, તેમની સામે તેમજ અન્ય હોદ્દેદારો સામે પોતાને જાનથી મારી નાંખવાની ધમકીઓ તેમના ઘરના ટેલિફોન નંબર ઉપર આપવામાં આવે છે અને તેમનું ખૂન કરી નાંખશે તેવી દહેશત પણ વ્યક્ત કરેલ અને જો તેમનું ખૂન થાય તો તેમની આ અરજીને ડાઇંગ ડેકલેરેશન કરવાની પણ તાકિદ કરેલ. જે જોતાં અત્રે એ માનવાને કારણ રહે કે, જો મરણજનારને તેમના માંગ્યા મુજબનું પ્રોટેક્શન મળી ગયેલ હોત તો કદાચ હાલના કામે જે પરિણામ આવેલ છે તે કદાચ નિવારી શકાયું હોત, પરંતુ આ બનાવ બનવા પામેલ છે તે ગુનાહિત કાવતરાની શરૂઆત

મરણજનારે ઉપરોક્ત અરજીઓ કરી ત્યારથી જ થયેલ અને તેનો અંત તા.૧૫–૬–૦૬ નાં રાત્રિના આઠ–સવા આઠ કલાકે મરનારનાં મૃત્યુ સાથે આવેલ છે.

(૩૭.૨૦) આમ, ઉપરોક્ત સમગ્ર પુરાવો જોઈએ તો, ભલે PW 11 દેવેન્દ્ર જીબોધચંદ્ર દવે, કે જે રોશની ગેસ્ટહાઉસના માલિક છે તે સંપૂર્ણપણે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી, પરંતુ ઉપર જે રીતે અન્ય પુરાવાને સાંકળી લઈ અને ત. ક. અમલદારના પુરાવાથી તેમજ અન્ય પોલીસ સાહેદના પુરાવાથી, કે જે પુરાવો ફક્ત તેઓ પોલીસ અધિકારી હોય, નકારી શકાય નહીં, કારણ કે, તે વિશ્વસનીય અને ભરોસાપાત્ર જણાઈ આવેલ છે અને કોઈ વિરૂદ્ધની હકીકત તેમના પુરાવામાં આવેલ નથી. આમ, રોશની ગેસ્ટહાઉસમાં આ કામના ચાર આરોપીઓ આવે છે, જેમાં આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા રોશની ગેસ્ટહાઉસમાં મુદ્દામાલ આર્ટીકલ નં.૩૪ (કમીટલ કોર્ટનાં લીસ્ટ મુજબ અનુક્રમ નં.૩૮)નાં અસલ રજીસ્ટર, કે જેનો ઉતારો આંક–પી–૩૯૬(PW84)થી રજૂ છે, તેમાં પોતાનું સાચું નામ નહીં, પરંતુ રાજુભાઈ દવેના નામે એન્ટ્રી કરી સહી કરેલ, જેનો ફોટો છાપામાં આવી ગયેલ હોય ત. ક. અમલદારે તેની ઓળખપરેડ કરાવેલ નથી, જે હકીકત પણ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ત. ક. અમલદારે આ કામે તટસ્થ તપાસ કરેલ છે અને તેમની તપાસ નિષ્પક્ષ હોવાનું પુરવાર થયેલ છે.

(૩૭.૨૧) વધુમાં PW11 રોશની ગેસ્ટહાઉસનાં માલિક દેવેન્દ્રભાઈનાં પુરાવાને એફ.એસ.એલ.નાં રિપોર્ટ આંક–પી–૪૧૦(PW84)થી મળે છે, જે મુજબ આરોપી ચંદ્રસિંહે રાજુભાઈ દવેના નામે ખોટી એન્ટ્રી કરી ખોટી સહી

કરેલાનું તપાસમાં જણાઈ આવતા હસ્તાક્ષર નિષ્ણાંતનો રિપોર્ટ મેળવવામાં આવેલ છે, જેનો સંયુક્ત અહેવાલ આંક–પી–૪૧૦(PW84)થી રજૂ છે, જેના કાગળોમાં તકરારી દસ્તાવેજો પરિક્ષણ અર્થે મોકલેલા તે મુજબ રોશની ગેસ્ટહાઉસનાં અનુક્રમ નં.૪૫૩ ની જે નોંધ છે તેને માર્ક D1 આપેલ છે અને જે સહી કરેલ તેને માર્ક D2 આપેલ. આ બન્ને દસ્તાવેજોને, એટલે કે, આ નોંધના હસ્તાક્ષરો અને સહીને પરિક્ષણ અર્થે મોકલેલ અને તે પરિક્ષણ આરોપી ચંદ્રસિંહ જાડેજાનાં અલગ અલગ નમૂના S1 થી S24 નાં લીધેલ તે તેમજ આરોપી ચંદ્રસિંહના ઘરેથી જે લખાણવાળો કાગળ માર્ક N1 અને N2 આપેલ અને ડાયરીને N3 આપેલ, જે તમામને હસ્તાક્ષર નિષ્ણાંતે તપાસણી કરતા રોશની ગેસ્ટહાઉસનાં રજીસ્ટરમાં જે રાજુ દવેનાં નામે એન્ટ્રી કરી સહી કરેલ તે આરોપી નં.૧ ચંદ્રસિંહનાં હોવાનું પુરવાર થયેલ છે અને ચંદ્રસિંહના કુદરતી હસ્તાક્ષરવાળા દસ્તાવેજો સાહેદ ગીરીશભાઈ રેવાશંકર જોષીની આંક–૩૪૨ (PW74)નાઓની હાજરીમાં આંક–પી–૧૯૪(PW19)નાં પંચનામાથી કબજે કરેલ, જે પંચનામાના અન્ય પંચ સાહેદ મહાવીરસિંહ મનુભા ચુડાસમા આંક–૧૯૩(PW19) થી તપાસેલા છે, જે બન્ને સમર્થન કરતા નથી, પરંતુ બન્ને જણા આંક–૧૯૪ નાં પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે અને આંક–પી–૩૪૩(PW74)થી મુદ્દામાલ આર્ટીકલ નં.૪૩ વાળો કાગળ રજૂ રાખેલ છે અને આંક–પી–૩૪૪(PW74)થી મુદ્દામાલ આર્ટીકલ નં.૪૪ વાળી ડાયરી રજૂ રાખેલ છે, જે ત. ક. અમલદારે આ સાહેદને બતાવીને કબજે કરેલ, જે ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાનીથી પુરવાર થયેલ છે. આમ, આ પંચ સાહેદ ગીરીશભાઈ (PW74)ને ત. ક. અમલદારે આ બન્ને

મુદ્દામાલ આર્ટીકલ ૪૩ અને મુદ્દામાલ આર્ટીકલ ૪૪ વાળા દસ્તાવેજો બતાવ્યા હોય તેથી જ તે ઓળખે છે અને તેને માર્ક N1, N2, N3 આપી, રવાનગી નોંધ સાથે હસ્તાક્ષર નિષ્ણાંતને પરિક્ષણ અર્થે મોકલી આપેલ, જે આંક–પી–૪૦૭ (PW84) થી મોકલેલ અને તેને વધુ સમર્થન ત. ક. અમલદાર છગનભાઈ ખેતાભાઈ બાબરીયાની આંક–૩૬૧(PW80)ની જુબાનીથી મળે છે, જે જણાવે છે કે, આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાની ઘરની ઝડતી કરેલી, જે ઝડતી પંચનામું આંક–૧૪૪ થી રજૂ છે, જે આરોપીઓએ કબૂલ રાખેલ હોય, પુરવાર થયેલ છે. વધુમાં પંચ સાહેદ ગીરીશની ઊલટ તપાસમાં મુદ્દામાલ આર્ટીકલ ૪૩ અને ૪૪ વાળા દસ્તાવેજોમાં આરોપી ચંદ્રસિંહનાં કુદરતી હસ્તાક્ષર નથી તેવી કોઈ તકરાર લેવામાં આવેલ નથી. તેમજ આંક–પી–૧૯૪(PW19) વાળું પંચનામું આ પંચ સાહેદની સમગ્ર ઊલટ તપાસ જોતાં કબૂલ કરતા હોવાનું જણાઈ આવે છે, તેને કોઈ જ રીતે પડકારેલ નથી.

(૩૭.૨૨) આમ, આરોપી ચંદ્રસિંહે રોશની ગેસ્ટહાઉસનાં રજીસ્ટરમાં રાજુ દવેનાં નામે ખોટી એન્ટ્રી કરી, ખોટી સહી કરેલ હોવાનું અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે અને તે રોશની ગેસ્ટ હાઉસમાં અન્ય ત્રણ આરોપીઓ સાથે રોકાય છે, જ્યાં આરોપી ભરત ભટ્ટ અને ઘનશ્યામસિંહ ચુડાસમા તેમને મળવા આવે છે. આમ, આરોપીઓ તરફેની એવી દલીલ કે, આરોપીઓ રોશની ગેસ્ટ હાઉસમાં આવેલ જ નથી અને રોકાયેલ જ નથી અને તેમને આ ગુનાના કામે તદ્દન ખોટી રીતે સંડોવી દીધા છે, પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ પુરાવાથી સ્પષ્ટપણે પુરવાર થયેલ છે કે, આરોપીઓ ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ

અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા તથા ચંદ્રકાંત મેઘજી ડાકી નાઓ રોશની ગેસ્ટહાઉસમાં આવેલા, ત્યાં રોકાયેલા અને તેમને મળવા માટે આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા અને ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ મળવા આવેલા, તેથી આરોપીઓની આવી દલીલ ટકી શકે નહીં.

(૩૭.૨૩) વધુમાં સાહેદ દલપત મોહનભાઈ આદરીયાને આંક–૨૧૬(PW36) થી તપાસેલ છે, જે વેપાર કરે છે, ૫૦ વર્ષની ઉંમરના છે અને રાજકોટના પડધરી તાલુકામાં પારસ સોસાયટીમાં રહે છે અને સિદ્ધનાથ એગ્રો નાં નામથી ખેતીવાડીને લગતી દવાઓ અને બિયારણનું વેચાણ કરે છે, જે વર્ષોથી સ્વાધ્યાયની પ્રવૃતિમાં જોડાયેલા છે અને પોલીસે તેમની પૂછપરછ કરેલી તેવું જણાવે છે. હવે સ્વાભાવિક છે કે, આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા કે જે પણ પડધરી મુકામે જીલ્લા રાજકોટ ખાતે રહે છે અને આ સાહેદ તેમને ઓળખતા જ હોય. હવે, આ સાહેદ, કે જેમને ત. ક. અમલદારને આરોપી ચંદ્રસિંહના ઘરની ચાવી તેમના પાસે હોય તે ખોલી આપી એક ડાયરી તથા એક લીટીવાળું કાગળ જે ચંદ્રસિંહના હાથનું લખાણ હતું તે સુપ્રત કરેલ, કે જે ત. ક. અમલદારે આંક–પી–૧૯૪(PW19) નાં પંચનામાની વિગતે કબજે કરેલ, જે પંચનામું તા.૧૮–૭–૦૬ નું છે અને તે સમયે આરોપી ચંદ્રકાંત પોલીસ કસ્ટડીમાં હોય, સ્વાભાવિક રીતે તેમનું ઘર બંધ હોય અને મિત્ર તરીકે આ સાહેદ પાસે આરોપી ચંદ્રસિંહના ઘરની ચાવી હોય અને તેથી ઘર ખોલી આપી, ચંદ્રસિંહના મુદ્દામાલ આર્ટીકલ ૪૩, ૪૪ વાળા કુદરતી લખાણવાળો કાગળ તથા ડાયરી તથા મુદ્દામાલ આર્ટીકલ ૪૫ વાળી કેસેટ આપેલ હોય છતાં સોગંદ ઉપર આરોપી ચંદ્રસિંહ

પોતાના ગામના હોય તેમને બચાવવા ખોટી જુબાની આપે છે. હવે, આ સાહેદ દલપતભાઈની કોઈ ઊલટ તપાસ આરોપીઓ તરફે કરવામાં આવેલ નથી, એટલે કે આરોપી નં.૧ તરફે આ દલપતભાઈને ઊલટ તપાસમાં મુદ્દામાલ આર્ટીકલ ૪૩, ૪૪, ૪૫ સંબંધે કાંઈ પૂછેલ નથી એટલે તે સ્વીકૃત બની જાય છે અને ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની ઊલટ તપાસમાં પણ આ હકીકત બિન-પડકારેલ છે. આમ, આરોપી ચંદ્રસિંહ આ ગુનાના કામે એરેસ્ટ કરવામાં આવેલ હોય અને કસ્ટડીમાં હોય તેથી સ્વાભાવિક રીતે આંક-પી-૧૯૪(PW19) વાળું પંચનામું તા.૧૮-૭-૦૬ ના રોજ કર્યુ ત્યારે ત. ક. અમલદાર આ સાહેદને ત્યાં ચાવી લેવા ગયેલા અને અન્યને ત્યાં ગયા નથી, કારણ કે, આ સાહેદ આરોપી ચંદ્રસિંહનાં મિત્ર થાય છે અને તેથી તેમની પાસે ચંદ્રસિંહના મકાનની ચાવી હોય એટલે સ્વાભાવિક રીતે વી. ડી.ગોહીલ ત. ક. અમલદાર આ સાહેદ પાસે જાય અને તેમનો જ સંપર્ક કરે, જે હકીકત ત. ક. અમલદારની આંક-૩૯૧(PW84)ની જુબાનીથી નિઃશંકપણે પુરવાર થયેલ છે, જેમાં તેઓએ દલપતભાઈનું નિવેદન તેમના લખાવ્યા મુજબ લખેલાનું તેમની જુબાનીના પેરા-૮૨ માં જણાવે છે.

(૩૭.૨૪) વધુમાં આ કામે અન્ય ત. ક. અમલદાર છગનભાઈ ખેતાભાઈ બાબરીયા આંક-૩૬૧(PW80), કે જેઓએ આરોપી ચંદ્રસિંહના મકાનની ઝડતી કરેલી, જે ઝડતી પંચનામું આંક-૧૪૪ થી રેકર્ડ પર છે, જેને આરોપીઓ તરફે કબૂલ રાખેલ છે અને તે કબૂલ રાખેલ હોય, પુરાવા કાયદાની જોગવાઈ મુજબ પુરવાર થયેલ દસ્તાવેજ છે. આ પંચનામું કરવા માટે આ સાહેદને

વી. ડી. ગોહીલનાઓએ સી.આર.પી.સી. કલમ–૧૬૬ નો ઠરાવ કરી સત્તા આપેલ. આ ઝડતીવાળા મકાનમાં ચંદ્રસિંહ ભાડેથી રહેતા હતા. તેમજ આ સાહેદને દલપતભાઈ મોહનભાઈ આદરીયાએ જણાવેલ કે, ચંદ્રસિંહ મનુભા જાડેજા તેમના સ્વાધ્યાય મિત્ર છે અને વર્ષોથી ઓળખે છે અને તેમના લખાણને તેઓ ઓળખે છે અને ચાવી તેમની પાસે છે, જે ચંદ્રસિંહ મનુભા પંકજભાઈ ત્રિવેદી ખૂન કેસના આરોપી છે, જે આ સાહેદની જુબાનીનાં પેરા–૫ થી ફલિત થાય છે, જે હકીકત ને આ સાહેદની ઊલટ તપાસમાં આરોપીઓ તરફે પડકારેલ નથી. જે જોતાં આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા જે દિવસે મુદ્દામાલ આર્ટીકલ ૪૩, ૪૪ વાળા દસ્તાવેજો કબજે કર્યા ત્યારે મરનાર પંકજ ત્રિવેદીનાં ખૂન કેસમાં કસ્ટડીમાં હોય અને તેમના મિત્ર દલપતભાઈ મોહનભાઈ આદરીયા પાસે તેમના મકાનની ચાવી હોય તે મકાન ખોલી આપી આ દસ્તાવેજો ત. ક. અમલદારને સુપ્રત કરેલા તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે. આમ, દલપતભાઈનું નિવેદન, કે જે તા.૧૭–૭–૨૦૦૬ નું છે અને તેના બીજા દિવસે, એટલે કે, તા.૧૮–૭–૦૬ ના રોજ આંક–પી–૧૯૪(PW19)વાળું પંચનામું કરવામાં આવેલ છે તેથી સ્વાભાવિકરીતે સાહેદ દલપતભાઈ પાસે આરોપી ચંદ્રસિંહના મકાનની ચાવી હોય, તેઓએ ચંદ્રસિંહના કુદરતી લખાણોવાળો કાગળ મુદ્દામાલ આર્ટીકલ ૪૩ આંક–પી–૩૪૩(PW74) અને મુદ્દામાલ આર્ટીકલ ૪૪ વાળી ડાયરી આંક–પી–૩૪૪(PW74) વાળા ત. ક. અમલદારને આપ્યા હોય અને તે બન્ને ત. ક. અમલદારે એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે મોકલવામાં આવેલ તેમજ આરોપી ચંદ્રસિંહ કસ્ટડીમાં હોય, ત. ક. અમલદારે નામદાર કોર્ટની પરવાનગી લઈ, આંક–૨૬૧ નાં તા.૨૯–૭–૨૦૦૬ નાં પંચનામાની વિગતે તેમની સહીઓ

મેળવેલી અને તે સહીઓ આરોપી ચંદ્રસિંહે રોશની ગેસ્ટ હાઉસનાં રજીસ્ટરમાં રાજુ દવે જેવી અંગ્રેજીમાં સહી કરેલ તેનાં જેવી સહી કરાવી એક કાગળમાં ૬ સહી મળી કુલ ૩૬ સહી કરાવેલ અને રાજુ દવે નામ લખેલ તેના પણ ૬ કાગળમાં ૩૬ નમૂના મેળવેલ, જે તમામ પરિક્ષણ અર્થે એફ.એસ.એલ.ને મોકલવામાં આવેલ. આ આંક–પી–૨૬૧(PW56) વાળું પંચનામું કર્યુ ત્યારે આરોપી ચંદ્રસિંહ કસ્ટડીમાં હતા, કારણ કે, તેઓને તા.૧૪–૮–૨૦૦૮ ના રોજ જામીન મળેલ છે. આ આંક–પી–૨૬૧(PW56)નાં પંચનામાના પંચ સાહેદ રાજેશભાઈ પ્રવિણભાઈ સોલંકીને આંક–૨૬૦(PW56) તથા આ જ પંચનામાના બીજા પંચ સાહેદ મહેશ કિશોરભાઈ ગોહીલને આંક–૨૬૨(PW57)થી તપાસેલા છે, જે બન્ને આ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે, પરંતુ પંચનામાની અન્ય હકીકતોનો ઈન્કાર કરે છે. હવે, આરોપીઓ તરફે આ બન્ને પંચ સાહેદોની કોઈ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી એટલે આ પંચનામાની તેમની સહીઓ પણ બિન–તકરારી થઈ જાય છે અને આ પંચનામું ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે તા.૨૯–૭–૨૦૦૬ ના રોજ આરોપી ચંદ્રસિંહ પોલીસ કસ્ટડીમાં હોય તે સમયે કરવામાં આવેલ છે અને તેમના એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે જરૂરી સહીના નમૂનાઓ મેળવેલ તે હકીકત ત.ક.અમલદારની આંક–૩૯૧ (PW84)ની જુબાનીથી નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૩૭.૨૫) આમ, નામદાર કોર્ટની પરવાનગીથી તેમના નમૂનાઓ ત. ક. અમલદાર દ્વારા મેળવવામાં આવેલ છે તે તમામ તપાસણી અર્થે મોકલેલ, જેની વિગત રવાનગી નોંધ કે જે આ કામે આંક–પી–૪૦૭(PW84)થી રજૂ છે,

તેમાં વિગતવાર કરેલી છે, જેનો પરિક્ષણનો અહેવાલ આંક–પી–૪૧૩(PW84)થી રજૂ છે અને તે અહેવાલ મુજબ રોશની ગેસ્ટહાઉસનાં રજીસ્ટરમાં આરોપી નં.૧ ચંદ્રસિંહે રાજુ દવે તરીકે અંગ્રેજીમાં સહી કરેલી અને નોંધ નં.૪૫૩ વાળી રાજુભાઈ દવેના નામની કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને આરોપી નં.૧ ચંદ્રસિંહ અન્ય ત્રણ આરોપીઓ સાથે રોશની ગેસ્ટહાઉસમાં તા.૧૧–૬–૦૬ નાં રાત્રિના ૦૦:૪૫ કલાકથી તા.૧૩–૬–૦૬ સુધી, એટલે કે, બનાવના બે દિવસ પહેલાં ગુનાહિત કાવતરાના ભાગરૂપે હાજર રહી, ગુનાહિત કાવતરું રચેલ હોવાનું અને આરોપી ચંદ્રસિંહે ખોટા નામે, એટલે કે, રાજુભાઈ દવેના નામે પોતાની સાચી ઓળખ છૂપાવી, એન્ટ્રી કરી, સહી કરી, અન્ય ત્રણ આરોપીઓ સાથે રોશની ગેસ્ટહાઉસમાં રોકાય છે, જ્યાં તેમને આરોપી ભરતભાઈ ભટ્ટ અને આરોપી ઘનશ્યામસિંહ ચુડાસમા મળવા આવે છે તે બનાવના બે દિવસ અગાઉ મરણજનાર પંકજ ત્રિવેદીનાં ખૂન કરવાના હેતુસર ગુનાહિત કાવતરું ઘડવાના ભાગરૂપે એકત્ર થયેલાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૩૭.૨૬) વધુમાં આરોપી ચંદ્રસિંહ અને બીજા ત્રણ આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ હતા અને તેઓને મળવા આરોપી ભરતભાઈ ભટ્ટ અને ઘનશ્યામસિંહ ગયેલા તેઓની ઓળખ કરવા માટે ત. ક. અમલદારે રોશની ગેસ્ટહાઉસનાં માલિક દેવેન્દ્ર મારફતે ઓળખપરેડ કરાવેલ તે ઓળખપરેડનું પંચનામું આંક–પી–૨૮૯(PW64)થી રેકર્ડ પર રજૂ રાખેલ છે, તેના પંચ સાહેદ ઉમંગભાઈ ગીરીશભાઈ દવેને આંક–૨૮૮(PW64)થી તથા આ પંચનામાના બીજા પંચ સાહેદ નરેશ હિંમતભાઈ જાદવને આંક–૩૨૧(PW71)થી તપાસેલ

છે. આ બન્ને સાહેદો પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવે છે, પરંતુ અન્ય હકીકતોનો ઈન્કાર કરે છે અને બન્ને પંચ સાહેદોની આરોપીઓ તરફે લેવામાં ઊલટ તપાસ જોઈએ તો તેઓએ આ પંચનામામાં સહી કરેલ હતી તેવું કબૂલ રાખે છે અને એવો પ્રયત્ન કરેલ છે કે, આ આંક–પી–૨૮૯(PW64) વાળું પંચનામું સૌપ્રથમ વખત કોર્ટમાં આજરોજ એટલે કે જુબાની આપી તે દિવસે આ લખાણ જોય છે. આ હકીકત સ્વયં પુરવાર કરે છે કે, આ બન્ને પંચ સાહેદોએ આંક–પી–૨૮૯(PW64) નાં પંચનામામાં લખાઈ ગયાં બાદ સહી કરેલી, એટલે કે, બન્નેની હાજરીમાં આ પંચનામું કરવામાં આવેલ છે તે અત્રે નિઃશંકપણે માનવાને કારણ રહે, અન્યથા તેઓ કહી શક્યા હોત કે, કોરા કાગળોમાં સહી કરી છે અથવા તો આરોપીઓ તરફે એવું સૂચન કરવામાં આવત કે તેમની કોરા કાગળોમાં પોલીસે સહી કરાવેલી. આમ, આવા કોઈ પ્રશ્નો ઊલટ તપાસમાં પૂછવામાં આવતા નથી, પરંતુ જે પ્રશ્ન પૂછેલ છે તેનાથી નિઃશંકપણે પુરવાર થાય છે કે, આ પંચનામું લખાયેલ હતું અને તે લખાયેલ પંચનામામાં આ બન્ને પંચોએ સહી કરેલી છે. આમ, પંચનામાની જે વિગતો છે તે આ બન્ને પંચોની હાજરીમાં લખાયેલ છે તેવું અત્રે નિઃશંકપણે પુરવાર થાય છે. આમ, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જે. એસ. પટેલ નાઓએ આ ઓળખનું પંચનામું આ બન્ને પંચોની હાજરીમાં કરેલ છે તેવું નિઃશંકપણે પુરવાર થાય છે. વધુમાં અત્રે નોંધવું પડે કે, પંચ સાહેદ ઉમંગભાઈ ગીરીશભાઈ દવે, કે જે પોતે દવે છે અને રોશની ગેસ્ટહાઉસનાં માલિક પણ દવે છે. આમ, આવી પરિસ્થિતિ શા માટે બને તે સમજી શકાય એમ છે. કારણ કે, ઉમંગભાઈ દવે પંચનામાની હકીકત ને સમર્થન કરતા નથી અને રોશની ગેસ્ટહાઉસના માલિક પણ ઉપર ચર્ચા કરી તે મુજબ સંપૂર્ણ સત્ય જણાવતા

નથી. આમ, આ ઓળખનું પંચનામું આંક–પી–૨૮૯(PW64) વાળું પુરવાર ન થાય તેવો તેમનો પ્રયત્ન છે, પરંતુ આ દસ્તાવેજ, કે જે તપાસના ભાગ સ્વરૂપે ત. ક. અમલદારે રેકર્ડ પર રાખી રજૂ કરેલ છે, જે પંચનામું એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી જે. એસ. પટેલનાઓએ આ બન્ને પંચોની હાજરીમાં કરેલ છે, જે આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, દક્ષેસ હસમુખલાલ શાહ, ભુપતસિંહ નારુભા જાડેજા અને માનસિહ અરજણ વાઢેર નાઓની ઓળખનું પંચનામું છે, જે રોશની ગેસ્ટ હાઉસનાં માલિક દેવેન્દ્રભાઈ જીબોધભાઈ દવે તથા રોશની ગેસ્ટહાઉસનાં મેનેજર ખેમરાજ ભોગીલાલ પાંડે તથા રાવતમલ મુળજીભાઈ ભાવસારની હાજરીમાં કરવામાં આવેલ છે, તેને ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાની જોતાં તેમની ઊલટ તપાસનાં પેરા–૧૧૯ માં આરોપીઓ તરફે રીફર કરવામાં આવેલ છે, જે મુજબ ત. ક. અમલદાર સ્પષ્ટ જણાવે છે કે, તેઓએ તેમની સરતપાસના પેરા–૧૯ માં જણાવેલ હકીકત , એટલે કે, ઉપરોક્ત સાહેદો દેવેન્દ્ર જીબોધચંદ્ર, ખેમરાજ ભોગીલાલ પાંડે અને રાવતમલ મુળજી ભાવસારની હાજરીમાં આ ઓળખપરેડની કાર્યવાહી કરવાની જે હકીકત છે તે સત્ય જણાવેલ છે. આમ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૧(એ) મુજબ આ આંક–પી–૨૮૯(PW64) વાળું ઓળખનું પંચનામું વંચાણે લઈ શકાય, કે જે પબ્લિક સર્વન્ટ તરીકે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા જે. એસ. પટેલ–નાઓએ સંપૂર્ણ કાયદેસરની પ્રક્રિયા અનુસરીને કરેલ છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી.

(૩૭.૨૭) વધુમાં અત્રે એ નોંધવું પડે કે, સાહેદ દેવેન્દ્રભાઈ (PW11)ની જુબાનીમાં એવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે

ઓળખપરેડ વખતે આરોપીઓને અગાઉથી તેમને બતાવી દેવામાં આવેલ હતા, ઊલ્ટાનું દેવેન્દ્ર ઓળખપરેડ માટે તેઓને બે વખત બોલાવેલા તેવું એ.પી.પી.શ્રીએ પૂછતા તેમાં ના પાડે છે, પરંતુ ખરી હકીકત આ સાહેદ દેવેન્દ્ર ઓળખપરેડના પંચનામા માટે બે વખત ગયેલા, જેમાં એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જે. એસ. પટેલનાઓ દ્વારા આંક–પી–૨૮૯(PW64)નું પંચનામું કર્યુ તે વખતે અને બીજી વખત એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વી.ડી. સોલંકીનાઓએ આંક–સી–૪૮૪ વાળું પંચનામું તા.૧૯–૭–૨૦૦૬ ના રોજ આરોપી ચંદ્રકાંત મેઘજી ડાકીનું કર્યુ ત્યારે ગયેલા. આ પંચનામું દલીલો ધ્યાને લઈ જજમેન્ટના તબક્કે આંકે પાડી વંચાણે લીધેલ છે, જે સી.આર.પી.સી. કલમ–૨૯૧(એ) મુજબ વંચાણે લેવામાં આવેલ છે, જે પંચનામાના અનુસંધાને પણ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની સરતપાસના પેરા–૨૬ માં જણાવેલ છે તે મુજબ તેમની ઓળખપરેડ કરાવવા માટે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ મોકલી આપેલ અને તે પંચનામું આ કામે સામેલ રાખેલ. હવે, ત. ક. અમલદારની જુબાનીના પેરા–૨૬ માં આરોપી ચંદ્રકાંત ડાકીની ઓળખની કાર્યવાહી અંગેની જે હકીકત જણાવેલ છે તે હકીકત ને આરોપીઓ તરફે તેમની ઊલટ તપાસનાં પેરા–૧૨૭ માં પૂછેલ છે કે, ચંદ્રકાંત ડાકીનો ઓળખ અંગેનો ખોટો પુરાવો ઊભો કરવાના હેતુથી આ પંચનામું કરેલ છે. આમ, સદર પંચનામું ત. ક. અમલદારની ઊલટ તપાસમાં રીફર કરવામાં આવેલ છે. તેમજ બચાવ પક્ષે આ પંચનામું કરનાર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને ઊલટ તપાસ સંબંધે કોઈ અરજી કે રિપોર્ટ રેકર્ડ પર રાખેલ નથી કે જેથી સી.આર.પી.સી. કલમ–૨૯૧(એ) મુજબ તેઓ ઓળખપરેડના અનુસંધાને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની તપાસણી અર્થે કોઈ અરજી રેકર્ડ પર આવેલ નથી અને

પ્રોસીક્યુશનની રજૂઆત મુજબ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી વી. ડી. સોલંકી અવશાન પામેલા છે તેથી આ પંચનામું, કે જેને દલીલો ધ્યાને લઈ જજમેન્ટના તબક્કે આંકે પાડી વંચાણે લીધેલ છે. તેમજ બચાવ પક્ષ તરફે ત. ક. અમલદારની ઊલટ તપાસમાં એવી કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી કે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી વી. ડી. સોલંકી તથા જે. એસ. પટેલ–નાઓએ જે ઓળખપરેડ આરોપીઓની હાથ ધરેલ છે તે નિયમ મુજબની નથી અથવા તો તેમની પ્રક્રિયા ઉપર કોઈ વિરૂદ્ધની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી, ઊલ્ટાનું PW11 દેવેન્દ્ર કે જે રોશની ગેસ્ટહાઉસનાં માલિક છે, તેમની ઊલટ તપાસમાં એવો સૂચક પ્રશ્ન આરોપી નં.૯ તરફે કે જે આરોપી ચંદ્રકાંત ડાકીનાં વકીલ છે, તેઓએ પૂછેલ છે કે, તેમને ઓળખપરેડ માટે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ જવાનો પ્રસંગ બનેલ નથી અને કોઈ આરોપીને ઓળખી બતાવેલ નથી તેમજ આ જુબાની તેઓ કોઈપણ જાતના લોભ લાલચ, ધાક ધમકી વગર આપે છે. આ પ્રશ્ન સ્વયં પુરવાર કરે છે કે, આ સાહેદ આરોપીઓનાં પ્રભાવ હેઠળ આ જુબાની આપે છે, અન્યથા આરોપીઓએ આવો પ્રશ્ન પૂછવાનો આવતો જ નથી, કે જે સાહેદ પોતે તેમની સરતપાસમાં એવું જણાવતા હોય કે, તેઓ આરોપી ચંદ્રસિંહને ઓળખતા નથી અને ચંદ્રસિંહ તેમના ગેસ્ટહાઉસમાં આવેલ ન હતા, આ સિવાય આ સાહેદે કોઈ જ હકીકત તેમની જુબાનીમાં જણાવેલ નથી, છતાં પણ ઉપરોક્ત સૂચક પ્રશ્નો આરોપી નં.૯ તરફે પૂછવામાં આવેલ છે તે સ્વયં પુરવાર કરે છે કે, આ સાહેદની હાજરીમાં ઓળખ પરેડ કરવામાં આવેલી, જે હકીકત ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની જુબાનીથી પુરવાર થયેલ છે અને આંક–પી–૨૮૯(PW64) તથા આંક–સી–૪૮૪ વાળા બન્ને ઓળખના પંચનામાઓ

સી.આર.પી.સી. કલમ–૨૯૧(એ) મુજબ પુરવાર થતા હોય, વંચાણે લેવામાં આવેલ છે. કારણ કે, આરોપીઓ તરફે ત. ક. અમલદારને આ બાબતે કોઈ જ રીતે પ્રશ્નો પૂછી પડકારેલ નથી અને આરોપી નં.૯ સિવાય અન્ય આરોપીઓએ સાહેદ દેવેન્દ્રની ઊલટ તપાસ કરેલ નથી. એટલે આ બન્ને પંચનામાઓ આ કેસના કામે વંચાણે લેવામાં આવેલ છે અને તે મુજબ રોશની ગેસ્ટહાઉસના માલિકે આરોપીઓ હિતેશ ચુડાસમા, દક્ષેશ શાહ, ભુપતસિંહ જાડેજા, માનસિહ વાઢેર અને ચંદ્રકાંત ડાકીને ઓળખપરેડમાં ઓળખી બતાવેલ હોવાનું ત. ક. અમલદાર જણાવે છે તે અત્રે નિઃશંકપણે પુરવાર થાય છે.

(૩૭.૨૮) આમ, ઉપર ચર્ચા કરી તે મુજબ ત. ક. અમલદાર દ્વારા તેમની તપાસ તટસ્થ અને પારદર્શી રીતે કરેલી છે તેવું પુરવાર થાય છે, કારણ કે, આરોપી નં.૧ ચંદ્રસિંહનો ફોટો છાપામાં આવી ગયેલ હોય તેમની ઓળખપરેડ કરાવેલ નથી. આમ, આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા તેમજ તેમની સાથે અન્ય ત્રણ આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં બનાવના બે દિવસ પહેલાં એટલે કે તા.૧૧–૬–૦૬ થી તા.૧૩–૬–૦૬ સુધી રોકાય છે, જ્યાં આરોપી ઘનશ્યામસિંહ ચુડાસમા અને ભરત ભટ્ટ તેઓને મળે છે, જે મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીના ખૂન અંગેનું ગુનાહિત કાવતરું ઘડવામાં સામેલ છે અને ફરિયાદ પક્ષના કેસ મુજબ ચાર આરોપીઓએ મરનારનું ખૂન કરેલ, જે આંક–૧૩૫ ની ફરિયાદથી પુરવાર થયેલ છે, જે ફરિયાદ આરોપીઓ તરફે કબૂલ રાખેલ હોય, પુરાવા કાયદાની કલમ–૫૮ મુજબ તેમજ સી.આર.પી.સી. કલમ–૨૯૪ મુજબ પુરવાર થયેલી છે, જેને વધુ સમર્થન **નામદાર સુપ્રિમકોર્ટનાં જજમેન્ટ, કે જે શ્યામ નારાયણ રામ વિરૂદ્ધ સ્ટેટ ઑફ યુ. પી. (Supra)**થી મળે છે.

(૩૮) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ અનિરુદ્ધસિંહ દલુભા જાડેજાને આંક–૨૫૬(PW54)થી તપાસેલા છે, તેમની સોગંદ ઉપરની જુબાની જોઈએ તો, તેઓ તા.૨૨–૩–૨૦૨૨ ના રોજ વિડીયો કોન્ફરન્સ મારફતે જુબાની આપે છે, જે ૫૩ વર્ષની ઉંમરના છે, નિવૃત છે, તેમજ એવું જણાવે છે કે, વર્ષ ૨૦૦૬ માં પોલીસે કોઈ પંકજ ત્રિવેદીના મર્ડર કેસ બાબતે તેમની પૂછપરછ કરી નિવેદન લીધેલ હોય તે યાદ નથી. હવે, આ સાહેદ નામદાર કોર્ટ રૂબરૂ સત્ય હકીકત જણાવતા નથી અને પોલીસે નિવેદન નોંધેલ છે કે કેમ તે બાબતે તેઓને યાદ નથી તેવું જણાવે છે, પરંતુ તેમને સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું તેમનું પોતાનું નિવેદન, કે જે ત્રણ પાનાનું છે, તે બતાવવામાં આવે છે, જે તા.૧૫–૭–૨૦૦૭ ના રોજનું છે, તે નિવેદન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૦, અમદાવાદ–નાઓએ સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું સાહેદ અનિરૂદ્ધસિંહ દોલુભા જાડેજાનું નોંધેલ, જે મરણજનાર પંકજ ત્રિવેદીના મર્ડર બાબતે આપેલ છે, જે નિવેદન આ કામે આંક–પી–૨૫૭(PW54)થી રજૂ છે, જેના દરેક પાન ઉપર આ સાહેદ પોતાની સહી હોવાનું સ્વીકારે છે અને તેને સમર્થન ત.ક. અમલદારની આંક–૩૯૧(PW84)થી રજૂ સરતપાસના પેરા–૩૧ માં જણાવેલ હકીકત થી મળે છે, જેમાં ત. ક. અમલદાર શ્રી ગોહીલ જણાવે છે કે, તેઓએ તપાસ દરમ્યાન ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણ(PW15),અનિરૂદ્ધસિંહ દોલુભા જાડેજા (PW54) તેમજ ચિરાગ જશવંતભાઈ ઠક્કર(PW37), કૌશલ અશોકભાઈ અમીન(PW38) અને મનીષ જયંતિભાઈ પટેલ(PW39)નાં સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનો નોંધાવવા બાબતે કાર્યવાહી કરેલ અને તા.૧૧–૭–૨૦૦૬ ના રોજ તે સંબંધે મેજીસ્ટ્રેટશ્રીને યાદી કરેલ અને ત. ક. અમલદાર

પી.એસ.આઈ. શ્રી ઝાલાને આ સંબંધે સાહેદોને મેજીસ્ટ્રેટ રૂબરૂ લઈ જવા જણાવેલ, જે જોતાં આ સાહેદ અનિરુદ્ધસિંહનું નિવેદન ત.ક. અમલદાર શ્રી ગોહીલે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૦ નાઓ સમક્ષ નોંધાવવામાં આવેલ છે, જે નિવેદન આંક–પી–૨૫૭(PW54) થી રજૂ છે, જેને બચાવ પક્ષે દલીલ કરતા વાંધો લીધેલ છે કે, સાહેદ જુબાનીમાં આ નિવેદન બાબતે કાંઈ જણાવતા ન હોય, ફક્ત સહી પૂરતું વંચાણે લેવાય, પુરવાર થયેલ માની શકાય નહીં, પરંતુ આરોપીઓ તરફે આ સાહેદની ઊલટ તપાસ જોઈએ તો, તેમના આંક–પી–૨૫૭(PW54) નાં નિવેદનના અનુસંધાને કોઈ જ પ્રશ્ન પૂછેલ નથી, કે જે ઊલટ તપાસ આરોપીઓ તરફે વિદ્વાન વકીલ શ્રી એ. એમ. પટેલ દ્વારા કરવામાં આવેલ છે, જે મુજબ ફક્ત તેમની શારીરિક પરિસ્થિતિ બાબતે પૂછેલ છે, જે શારીરિક પરિસ્થિતિ આ સાહેદની જુબાની આપે છે તે દિવસની એટલે કે તા.૨૨–૩–૨૦૨૨ ની છે, જે આ સાહેદ તેમની જુબાનીમાં જ જણાવે છે કે, છેલ્લા દોઢ બે વર્ષથી પેરાલીસીસનો એટેક આવ્યો તેથી તે પથારીવશ છે અને તેમની આવી અવસ્થાને કારણે જ વિડીયો કોન્ફરન્સથી તેમની જુબાની નોંધેલ છે. તેમજ વિદ્વાન વકીલ શ્રી એ. એમ. પટેલ નાઓની ઊલટ તપાસથી એટલું તો પુરવાર થયેલ છે કે, સાહેદ અનિરૂદ્ધસિંહ દલુભા જાડેજા જુબાની આપી તે વખતે બોલી શકતા હતા. આમ, આ સાહેદને જુબાની આપી તેના દોઢ પોણા બે વર્ષ પહેલાં એટલે કે, વર્ષ ૨૦૨૦ માં પેરાલીસીસનો એટેક આવેલ હોય તેવું જણાઈ આવે છે, જ્યારે તેમનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું આંક–પી–૨૫૭(PW54) વાળું નિવેદન તા.૧૫–૭–૨૦૦૬ ના રોજનું છે, તે દિવસે તે સંપૂર્ણ સભાન અવસ્થામાં હતા, હરીફરી શકતા હતા, ડ્રાઈવીંગ કરતા હતા તેવું આ નિવેદનમાં

સ્પષ્ટ નોંધેલ છે કે, તેમનો ધંધો ડ્રાઈવીંગ છે, ઉ.વ.૪૦ છે અને તેઓ ઈન્દીરાનગર, જામકંડોરણા, જિ. રાજકોટ ખાતે રહેતા હતા. **આ સાહેદને વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આ નિવેદન બાબતે સમજૂત કરેલ અને એવું પણ પૂછેલ છે કે, આ નિવેદન કરવા તેઓ બંધાયેલા નથી. તેમજ આ નિવેદન ભવિષ્યમાં તેમની વિરૂદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવામાં આવશે અને તેના જવાબમાં આ સાહેદ લખાવે છે કે, હું રાજીખુશીથી સ્વૈચ્છીકરીતે આ નિવેદન આપવા માંગું છું અને મને કરેલ સવાલ સ્પષ્ટપણે સમજી શકું છું, છતાં આ નિવેદન આપવું છે. હું આ નિવેદન કોઈપણ એજન્સી કે પોલીસના દબાણ વગર સ્વૈચ્છાએ આપું છું. આ જવાબના અંતે અનિરૂદ્ધસિંહ જાડેજાએ તેમની સહી કરેલ છે અને રૂબરૂમાં મેજીસ્ટ્રેટશ્રીએ સહી કરેલ છે. ત્યારબાદ આ નિવેદન સોગંદ આપી નોંધવામાં આવેલ છે,** જેમાં આ સાહેદ જણાવે છે કે, તેઓ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે અને સ્વાધ્યાય પરિવારના સભ્યો તેમના ગામમાં આવે ત્યારે કોઈક દિવસ બેસવા જતા હતા અને તેમની પાસે ટાટા સુમો છે, જે ભાડેથી ફેરવે છે, જેનો નં.જીજે.૧.એઆર.૬૫૪૭ છે, જે રાજકોટના ભુપતસિંહ નારુભા જાડેજાનાં કહેવાથી અમદાવાદ જવા માટે તેમને જણાવેલ અને તેથી તા.૧૫–૬–૦૬ નાં સવારના ૫:૩૦ વાગ્યે ટાટા સુમો લઈ રાજકોટ ભુપતસિંહના ઘરે ગયેલા અને તેમના કહેવાથી રસ્તામાંથી જશુભા, માનસિહ અને ચંદ્રકાંત નામના ત્રણ માણસો ગાડીમાં બેસેલા અને રાજકોટ સરકારી હોસ્પિટલ ચોક ગયેલા, ત્યાંથી બીજા બે જણા બેઠેલા તેઓના નામ ચંદ્રસિંહ અને બીજો એક અજાણ્યો વ્યક્તિ હતો અને આ સરકારી દવાખાના ચોકથી તેઓ સવારના સાતેક વાગ્યે અમદાવાદ આવવા નિકળેલા અને અમદાવાદ ગાંધીનગર રોડ પર આવેલ પકવાન હોટલ

આગળ બપોરના બારેક વાગ્યે આવી ઊભા રહેલા, ત્યાં બધા પકવાન હોટલની નીચે જમેલા અને આ સાહેદ પોતાની ટાટા સુમોમાં સુઈ ગયેલ અને આ બધા બહાર ફરવા ગયેલા અને આ સાહેદને ગાડીમાં રોકાવાનું કહેલ, જે ગાડીમાં સુઈ ગયેલ અને ચારેક વાગ્યે જાગેલો. ચા પીવા પકવાન હોટલના ખૂણા પર લારી પર ગયેલો અને ચા પીને પરત ગાડી પાસે આવતો હતો ત્યારે માનસિહ, ચંદ્રકાંત, ચંદ્રસિંહ, ભુપતસિંહ ચાલતા આવતા હતાં અને ત્યાં સફેદ કલરની મારૂતિ વાન હતી જેને પડ્ઢા મારેલા હતાં તેમાં બેસીને જતા રહેલા અને આ સાહેદ ગાડી ઉપર જ બેસેલા અને સાંજે આઠ વાગ્યે ચંદ્રકાંત એકલો આવેલ અને કહેલ કે ચાલો રાજકોટ જઈએ, જેથી આ સાહેદે ચંદ્રકાંતને પૂછેલ કે, સાથે આવેલા લોકો આવવાના નથી? તો આ સાહેદે કહેલ કે, તેઓ અહીં રોકાવાના છે અથવા તેમની રીતે આવી જશે, જેથી અનિરૂદ્ધસિંહ ચંદ્રકાંતને લઈ અમદાવાદથી રાજકોટ તેમની ગાડી લઈને નિકળી આવેલા અને ચંદ્રકાંતને કોઠારીયા ચોકડીએ ઉતારેલ અને પોતે જામકંડોરણા જતા રહેલા. **આ નિવેદન પૂરું થયાં બાદ એ.ડી.જાડેજા તરીકે આ સાહેદે દરેક પાના ઉપર સહી કરેલી છે અને રૂબરૂ તરીકે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૦, અમદાવાદની સહી છે અને નીચે નોંધ પણ મારવામાં આવેલ છે કે, આ નિવેદન અનિરુદ્ધસિંહ દોલુભા જાડેજાને સમજાવ્યું છે, જે નિવેદન સ્વૈચ્છીક રાજીખુશીથી થયેલ છે, જે તેમને વાંચી સંભળાવેલ છે અને આ નિવેદન સાચુ હોય, કબૂલ રાખેલ છે અને ત્યારબાદ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટે પોતાની સહી કરેલી છે.**

(૩૮.૧) **ઉપરોક્ત જે નિવેદન છે તે નિવેદનના અનુસંધાને આરોપીઓ તરફે એવી દલીલ કરેલ છે કે, આ નિવેદન સી.આર.પી.સી. કલમ–**

૧૬૪ ની જોગવાઈઓ મુજબ નોંધેલ નથી, કારણ કે તે કન્ફેશ્નલ સ્ટેટમેન્ટ તરીકે નોંધેલ છે, જે કન્ફેશ્નલ સ્ટેટમેન્ટ આરોપીનું હોય છે, નહીં કે સાહેદનું. આમ, આ નિવેદનને સી.આર.પી.સી. ૧૬૪ નું નિવેદન કહી શકાય નહીં અને સાહેદ અનિરૂદ્ધસિંહ પોતે તેમની ખાલી સહી ઓળખે છે અને બીજી કોઈ હકીકત જણાવતા નથી તેથી આ નિવેદન પુરાવામાં વાંચી શકાય નહીં. પરંતુ, અત્રેની કોર્ટ દ્વારા સી.આર.પી.સી. કલમ–૧૬૪(૫) ની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવેલ છે, (5) Any statement (other than a confession) made under sub-section (1) shall be recorded in such manner hereinafter provided for the recording of evidence as is, in the opinion of the Magistrate, best fitted to the circumstances of the case; and the Magistrate shall have power to administer oath to the person whose statement is so recorded. આમ, ઉપરોક્ત જોગવાઈ ધ્યાને લેતાં, જે તે મેજીસ્ટ્રેટશ્રીને કેસના સંજોગો જોતાં તેમને યોગ્ય લાગે તે રીતે સાક્ષીનું સ્ટેટમેન્ટ નોંધી શકે છે અને આ કામે મેજીસ્ટ્રેટશ્રીએ જે ફોર્મમાં અનિરૂદ્ધસિંહનું આંક–પી–૨૫૭(**PW**54) વાળું નિવેદન નોંધેલ છે તેમાં કન્ફેશ્નલ સ્ટેટમેન્ટની જોગવાઈઓ ધ્યાને લઈ નોંધેલ હોય તેનાથી આ નિવેદન નિરર્થક બની જાય નહીં, ઊલ્ટાનું આ નિવેદનની સત્યતા વધુ પ્રબળ બની જાય છે અને આમ, મેજીસ્ટ્રેટશ્રીએ જે સમજ અનિરૂદ્ધસિંહને આપેલ છે તે મુજબ આ નિવેદન અનિરૂદ્ધસિંહે પોતે સ્વૈચ્છીક નોંધાવેલ હોય તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને તેને પુરાવા કાયદાની કલમ–૮૦ મુજબ પણ સાચું હોય, સંપૂર્ણરીતે વંચાણે લેવામાં આવેલ છે, કારણ કે, મેજીસ્ટ્રેટશ્રીએ જે નિવેદન નોંધેલ છે તે નિવેદન સાચું હોવાનું

<u>તેમણે આ આંક–પી–૨૫૭(PW54) નું નોંધતી વખતે જે પ્રક્રિયા અપનાવેલ છે તેનાથી સંપૂર્ણ સમર્થન મળે છે. વધુમાં આ સાહેદની આરોપીઓ તરફે આંક–પી–૨૫૭(PW54) નાં નિવેદનને અનુસંધાને કોઈ જ ઊલટ તપાસ કરેલ નથી, એટલે કે, આ નિવેદન બિન–પડકારેલ છે, જેથી તે અત્રે નહીં માનવાને કોઈ કારણ નથી અને તેથી જ તેને વંચાણે લેવામાં આવેલ છે.</u>

(૩૮.૨) વધુમાં આ નિવેદનની હકીકત ને વધુ સમર્થન આ સાહેદ અનિરુદ્ધસિંહે પોતાની માલિકીની ટાટા સુમો જીજે.૧.એઆર.૬૫૪૭ ની પોલીસે આ ગુનાના કામે કબજે કરેલ જે આંક–પી–૭૯(PW1) નાં પંચનામાની વિગતે કબજે કરેલ, જે પંચનામાના પંચ સાહેદ ઈમરાનભાઈ રસુલભાઈ મનસુરીને આંક–૭૮(PW1) થી તપાસેલ છે અને આ પંચનામાના બીજા પંચ સાહેદ આસીફ ઈકબાલ અબ્દુલરહીમ મનસુરીને આંક–૮૦(PW2)થી તપાસેલ છે. બન્ને સાહેદોની જુબાની જોઈએ તો, બન્ને જણા અમદાવાદ મુકામે જુહાપુરા રહે છે અને તેઓ જણાવે છે કે, જુહાપુરાથી નિકળતા હતા ત્યારે તેમની સાથે તેમનો કઝીન બ્રધર એટલે કે આ કામનો બીજો પંચ આસીફ હતો તે બન્નેની પોલીસે એક રજીસ્ટરમાં સહી કરાવેલી. હવે, આંક–પી–૭૯(PW1)વાળું પંચનામું જોઈએ તો તે પંચનામાની વિગતે હાલના સાહેદ અનિરુદ્ધસિંહ દલુભા જાડેજા (PW54)ની આ ગુનાના કામે વાપરેલ ટાટા સુમો ગાડી, જેનો રજીસ્ટ્રેશન નં.જીજે.૧.એઆર. ૬૫૪૭ વાળી કબજે કરેલ અને આ પંચનામું પણ જુહાપુરા ચોકી પાસે આવેલ જુની એગ્રોની ઑફિસે ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે તા.૧૧–૭–૦૬ ના રોજ આ પંચોની હાજરીમાં કરી આ ગાડી કબજે કરેલ. હવે, બન્ને પંચો ભલે

પંચનામાની હકીકત ને સમર્થન કરતા ન હોય, પરંતુ આ ટાટા સુમો ગાડી આ ગુનાના કામે કબજે કરેલ હોવાની હકીકત સાહેદ અનિરૂદ્ધસિંહ પોતે જ જ્યારે નામદાર કોર્ટ રૂબરૂ તે છોડાવવા માટે કરેલ પોતાની અરજી અને સોગંદનામાની વિગતે કબૂલ રાખતા હોય, અત્રે આંક–પી–૭૯(PW1)વાળું પંચનામું નિઃશંકપણે પુરવાર થયેલ છે, જેના અનુસંધાને વધુ સમર્થન આ ગાડી છોડાવવા માટે અનિરુદ્ધસિંહે નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુદ્દામાલ અરજી નં.૭૭/૦૬ ની તા.૪–૮–૦૬ ના રોજની કરેલ તેમાં તેઓએ જણાવેલ છે કે, આ ગુનાના આરોપીઓ તેમની ઉપરોક્ત ગાડી ભાડે કરી અમદાવાદ મુકામે લઈ ગયેલ અને અમદાવાદ ઉતારી પરત જામકંડોરણા ગયેલ. જે ગાડીની આર.સી.બુક અને વિમાના કાગળ અનુક્રમે આંક–પી–૪૧૧(PW84) અને આંક–પી–૪૧૨(PW84)થી રજૂ છે, જેમાં માલિક તરીકે અનિરૂદ્ધસિંહનું નામ છે. આ મુદ્દામાલ અરજીને દલીલોનાં તબક્કે આરોપીઓ તરફે વંચાણે લીધેલ હોય, જજમેન્ટનાં તબક્કે તેને આંક–સી–૪૮૭ આપી આ કેસના ન્યાયિક નિર્ણય અર્થે વંચાણે લીધેલ છે, જે મુજબ વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબે આ અનિરૂદ્ધને ગાડી વચગાળાની કસ્ટડીએ પરત કરવાનો હુકમ કરેલ, જે અરજી સાથે અનિરૂદ્ધસિંહે આર.આર.ફાઈનાન્સમાંથી લોન ચૂક્તે થયાની કોપી રજૂ કરેલ તેમજ વેચાણ ખત રજૂ કરેલ તેમજ પોતાનું ડ્રાઈવીંગ લાયસન્સ રજૂ કરેલ અને સુરેન્દ્રનગર આર.ટી.ઓ. દ્વારા તેમના નામે આ ગાડી ટ્રાન્સફર કરવા નોડ્યુ સર્ટીફિકેટ આપેલ તે રજૂ રાખેલ. આ તમામ દસ્તાવેજો જે મુદ્દામાલ અરજી સાથે રજૂ કરેલ તેમાં અનિરૂદ્ધસિંહે આંક–પી–૨૫૭(PW54) નાં સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનમાં જે સહી કરેલ છે તે જ સહી છે, જે નિઃશંકપણે

પુરવાર કરે છે કે, આંક–પી–૨૫૭(PW54)નું નિવેદન સ્વૈચ્છીક છે, જે કોઈપણ જાતના પોલીસના દાબદબાણ વગર કરેલ છે તેવું પુરવાર થાય છે અને આ તેમની અરજી સાથે અનિરૂદ્ધસિંહે સોગંદનામું કરેલ અને તેમાં તેઓ આ ટાટા સુમોના માલિક છે અને તેમને પરત આપવા રજૂઆત કરેલ તે મુદ્દામાલ અરજીના કામે ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે પોઝીટીવ અભિપ્રાય આપેલ અને તેથી આરોપીઓએ એવી દલીલ કરેલ કે, આ અનિરૂદ્ધસિંહ પોલીસના સાહેદ છે તેથી જ વી. ડી. ગોહીલે તેમની તરફેણમાં અભિપ્રાય પોઝીટીવ આપેલ છે, પરંતુ આવી દલીલ ટકી શકે નહીં, કારણ કે, જો પોલીસના જ સાહેદ હોત તો તેમની જુબાનીમાં તેઓ જે હકીકત જણાવે છે તેવી દુર્ભાગ્યપૂર્ણ હકીકત ન જણાવત, પરંતુ સત્ય હકીકત જણાવત અને આવી દલીલ કરવા પાછળનો આરોપીઓ તરફેનો એકમાત્ર હેતુ એવો છે કે, જેથી નામદાર કોર્ટને એવું ધ્યાન પર લાવવાનો પ્રયત્ન કરેલ છે કે, આ સાહેદને આરોપીઓ તરફે પ્રભાવિત કરેલ નથી.

(૩૮.૩) આમ, આ સાહેદની આરોપીઓ તરફેની ઉપર ચર્ચા કરી તે મુજબની ઊલટ તપાસ જ પુરવાર કરે છે કે, તેઓએ કોઈપણ જાતના લોભ લાલચ વગર આ જુબાની આપેલ છે, જે સૂચક પ્રશ્ન એટલું પુરવાર કરવા અને માનવા પૂરતો છે કે અનિરૂદ્ધસિંહ પોતે સ્વાધ્યાય પરિવારના સક્રિય અનુયાયી છે અને આરોપીઓ પણ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે અને તેથી જ તેમની તરફેણ કરે છે, પરંતુ તેમનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું આંક–પી–૨૫૭(PW54)નું નિવેદન સ્વયં આ ગુનાના કામે બનાવના દિવસે તેમની પોતાની ટાટા સુમો ગાડીમાં આરોપી નં.૪ ભુપતસિંહ, આરોપી નં.૧૦ જશુભા, આરોપી નં.૫

માનસિહ, આરોપી નં.૯ ચંદ્રકાંત, આરોપી નં.૧ ચંદ્રસિંહ તથા એક અજાણ્યો ઈસમ રાજકોટથી અમદાવાદ આવેલા અને અમદાવાદથી રાત્રિના આઠ સવા આઠ વાગ્યે ચંદ્રકાંત એકલો રાજકોટ જવા આ સાહેદની ટાટા સુમોમાં પરત ફરે છે. આમ,આ અનુસંધાને નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા પણ તેવું પ્રસ્થાપિત કરેલ છે કે, સી.આર.પી.સી.કલમ–૧૬૪ નું નિવેદન, કે જે મેજીસ્ટ્રેટશ્રીએ નોંધેલ હોય તેને ત. ક. અમલદારે નોંધેલ નિવેદન જેટલું આંકી શકાય નહીં, પરંતુ તેનું એક વિશેષ મુલ્ય રહેલ છે અને તે રીતે તે નિવેદનને સીધેસીધું નકારી શકાય નહીં પરંતુ અન્ય પુરાવા સાથે સાંકળીને તેનું મૂલ્યાંકન કરવું પડે અને અત્રે ઉપર ચર્ચા કરી તે મુજબ અનિરૂદ્ધસિંહે મુદ્દામાલ અરજી કરેલ તેમાં જે હકીકત જાહેર કરેલ તે તથા ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની જુબાનીની હકીકત તેમજ ભારતીય પુરાવા કાયદાની કલમ–૮૦ ધ્યાને લેતાં અનિરુદ્ધસિંહનું આંક–પી–૨૫૭(PW54) વાળું નિવેદન અત્રે પુરવાર થયેલ હોય, તે વંચાણે લેવામાં આવેલ છે. (**Reference is made to the judgment of Hon'ble Apex Court in Criminal Apeeal no.122 of 2013 in Vijaya Singh & anr. Vs. State of Uttarakhand**)

(૩૮.૪) વધુમાં, અત્રે નોંધવુ પડે કે, અનિરુધ્ધસિંહ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ના હોય વિ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી નામદાર કોર્ટની પરવાનગીથી તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તે ઉલટ તપાસમાં તેઓએ તેમના તા.૧૧/૦૭/૨૦૦૬ ના ત.ક.અમલદાર રૂબરૂના નિવેદનમાં જે હકીકત જણાવેલ તે હકીકત ના અનુસંધાને પ્રશ્નો પુછેલ

છે પરંતુ અનિરુધ્ધસિંહ કોઇ સમર્થનકારી હકીકત જણાવતાં નથી. પરંતુ ત.ક.અમલદાર વિ.ડી.ગોહિલની આંક–૩૯૧(PW84) વાળી જુબાનીથી સ્પષ્ટ થાય છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન આ સાહેદ અનિરુધ્ધસિંહનું તેમના લખાવ્યા મુજબનું નિવેદન નોંધેલ, જે સરતપાસના પેરા નં. ૩૦ માં જણાવેલ છે. તેમજ સરતપાસના પેરા નં. ૩૧ મુજબ અનિરુધ્ધસિંહનું સી.આર.પી.સી. ૧૬૪ નું નિવેદન નોંધાવવાની તજવીજ કરેલ અને તે મુજબ આંક–પી–૨૫૭ (PW54) વાળુ નિવેદન નોંધાયેલ છે. તેમજ અનિરૂધ્ધસિંહની ટાટા સુમો GJ–01–AR–6547 ની કબજે કરેલ, જેની આર.સી.બુક તથા વીમાના કાગળો આંક–P–૪૧૧(PW84) અને આંક–P–૪૧૨(PW84)થી રજૂ રાખેલ છે. હવે, ત.ક.અમલદારની ઉલટ તપાસ જોઇએ તો, તેમાં એવી કોઇ હકીકત પુછેલ નથી કે જેથી માની શકાય કે સાહેદ અનિરૂધ્ધસિંહનું નિવેદન બળજબરીથી નોંધવામાં આવેલ છે. ઉલટાનું અનિરૂધ્ધસિંહની ઉલટ તપાસથી તેઓએ સ્વૈચ્છીક નિવેદન લખાવેલ હોવાનું પુરવાર થયેલ છે. આમ, અનિરૂધ્ધસિંહ ત.ક.અમલદારના રૂબરૂના નિવેદન મુજબ સ્વાધ્યાય પરિવારમાં જોડાયેલ છે. તે આરોપીઓને ઓળખે છે અને તે પોતે જામકંડોરણા ગામના રહેવાસી છે અને જયારે ભુપતસિંહ રાજકોટ રહે છે અને ચંન્દ્રસિંહ પડધરી તાલુકાના રહેવાસી છે અને તેથી જ સ્વાભાવીક રીતે અનિરૂધ્ધસિંહ તેમને ઓળખે અને તેથી જ ભુપતસિંહ ફોન કરીને સાહેદ અનિરૂધ્ધસિંહને તેમની ટાટા સુમો ભાડે કરી બનાવના દિવસે તા.૧૫/૦૬/૨૦૦૬ ના રોજ રાજકોટથી અમદાવાદ આવે છે અને તે ટાટા સુમોમાં આરોપી ભુપતસિંહ તેમજ અન્ય આરોપીઓ આવે છે અને તા.૧૫/૦૬/૨૦૦૬ ના રાત્રીના આઠએક વાગે બનાવ બનેલ છે તેથી આ ટાટા

સુમોમાં બનાવના દિવસે રાજકોટથી આરોપીઓ અમદાવાદ આવેલા, તે હકીકત પુરવાર થાય છે તેમજ ભુપતસિંહ પાસે અનિરૂધ્ધસિંહનો મોબાઈલ હોય તેથી જ તે અનિરૂધ્ધસિંહને બાબરીયા કોલોની આવવાનું કહે છે જે ત.ક.અમલદારને લખાવેલ નિવેદનથી તેમજ સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના તેમના આંક–પી–૨૫૭(PW54) ના નિવેદનથી પુરવાર થાય છે. વધુમાં, ભુપતસિંહ પાસે એક મોટો થેલો હતો તે લઈને ટાટા સુમોમાં બેસેલા, જે થેલો પોલીસે કબજે કરેલ છે કે જેમાં આ ગુન્હાના કામે વપરાયેલ હથિયારો હતા. આમ, ભુપતસિંહે આ ગુન્હામાં વાપરેલ હથિયારો થેલામાં રાજકોટથી લઈને અન્ય આરોપીઓ સાથે અમદાવાદ આવેલા તે હકીકત અત્રે નિશંકપણે પુરવાર થાય છે અને તે આરોપીઓનો મરણ જનાર પંકજનું ખૂન કરવાનો ઈરાદો અને પુરતી તૈયારી અને તેમનો ગુન્હાહીત હેતુ પાર પાડવાના ઈરાદાથી આવેલ હોય તેવુ ફરીયાદપક્ષના ત.ક.અમલદારની જુબાનીથી પુરવાર થાય છે. તેમજ આ ટાટા સુમોમાં આરોપી ચંન્દ્રકાંત ડાકી પણ હતા, જેનું નામ અનિરૂધ્ધસિંહના નિવેદન મુજબ ચંન્દ્રકાંત ડાભી હોવાનું ભુપતસિંહે જણાવેલ છે પરંતુ તેની સ્પષ્ટતા કરવે અત્રે જરૂરી હોય તેથી આ આરોપી ચંન્દ્રકાંત ડાભી નહીં પરંતુ ચંન્દ્રકાંત ડાકી છે તે ઓળખ પરેડના આંક–C–૪૮૪ ના પંચનામાથી પુરવાર થયેલ છે, જે પંચનામા મુજબ રોશની ગેસ્ટ હાઉસના માલિક દેવેન્દ્ર(PW–11)એ ચન્દ્રકાંત ડાકીને ઓળખેલ છે. ત્યાર બાદ ત.ક.અમલદારને લખાવેલ નિવેદન મુજબ અન્ય આરોપીઓ માનસિંહ વાઢેર અને જશુભા જાડેજા પણ ટાટા સુમોમાં આવેલ તથા પડધરીવાળા ચંન્દ્રસિંહ જાડેજા અને એક બીજા ભાઈ કે જે ભરતસિંહ જાડેજા હોવાનું જણાઈ આવેલ, જે તમામ ૦૬ આરોપીઓ ટાટા સુમોમાં બનાવના દિવસે રાજકોટથી

અમદાવાદ તેમનો ગુન્હાહીત ઈરાદો પારપાડવા ગેરકાયદેસરની મંડળી રચી પ્રાણઘાતક હથિયારો સાથે પંકજ હરિપ્રસાદ ત્રિવેદીના ખૂન કરવાના ઈરાદે પુરતી તૈયારી સાથે આવેલ હોવાનું પુરવાર થાય છે, જેને વધુ સમર્થન આરોપી માનસિંહ વાઢેરના કપડાં એટલે કે પેન્ટ અને શર્ટ તથા માનસિંહ વાઢેરે શોધી આપેલ ગુન્હામાં વાપરેલ પાઈપ ઉપર એફ.એલ.એલ.ના રીપોર્ટ મુજબ મરણ જનારનું રુધિર મળી આવેલ તેનાથી મળેલ છે. જેની વિગતે ચર્ચા અત્રે આગળ કરવામાં આવેલ છે.

(૩૮.૫) આમ, ઉપરોકત હકીકત અનિરૂધ્ધસિંહએ ત.ક.અમલદારને લખાવેલ ના હોય તો આવી હકીકત લખવા માટે ત.ક.અમલદારને કોઈ આગવી સુઝ રહે નહી અને પોતાની રીતે આવી હકીકત તેઓ લખી શકે નહીં કે જે હકીકત ફકત અને ફકત સાહેદ અનિરૂધ્ધસિંહ લખાવે તો જ શકય છે અને જેને સમર્થન અનિરૂધ્ધસિંહના આંક–પી–૨૫૭(PW54)ના સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ ના નિવેદનથી મળે છે. વધુમાં, આ હકીકતને સમર્થન સાહેદ માજીસૈયદ નુરસૈયદ પઠાણ (PW43) ની જુબાનીથી મળે છે કે, જે આંક–પી–૨૩૪(PW43) ના પંચનામાના પંચ સાહેદ છે. આ પંચનામું આરોપી હિતેશ ચુડાસમા, દક્ષેસ શાહ તથા માનસિંહ વાઢેરે જયારે તે ત્રણેય જણા પોલીસ કસ્ટડીમાં હતા તે સમયે તેઓએ જે જગ્યાએ ભેગા થયેલ અને કઈ કઈ જગ્યાએ ફરી એલીસબ્રીજ જીમખાના ગયેલ અને છેલ્લે મારૂતી વાન મુકેલ તે જગ્યા બતાવેલ તે બાબતનું આ પંચનામુ છે. જે ત.ક.અમલદાર વી.ડી.ગોહિલની આંક–૩૯૧(PW–84)ની જુબાનીથી પણ પુરવાર થયેલ છે.

(૩૮.૬) વધુમાં, અનિરૂધ્ધસિંહ ત.ક.અમલદાર રૂબરૂના નિવેદનમાં એવું જણાવેલ છે કે, એક હેલમેટ પહેરેલ મોટરસાયકલ વાળો ભાઇ આવેલ અને તે થોડે દૂર રાજકોટથી આવેલ ભુપતસિંહ અને બીજા વ્યક્તિઓ સાથે વાતચીત કરતો હતો અને અનિરૂધ્ધસિંહ પોતે ગાડીમાં બેસેલ તે વખતે ભુપતસિંહે અનિરૂધ્ધસિંહને જણાવેલ કે, અમે મિટીંગમાં જઇએ છીએ તેમ કહી ગયેલા અને અનિરૂધ્ધસિંહ ગાડીમાં સુઇ ગયેલો. જે હકીકત અનિરૂધ્ધસિંહના આંક–પી–૨૫૭(PW54) ના નિવેદનમાં પણ જણાવેલ છે. જે અત્રે પુરવાર થયેલ છે. ત્યાર બાદ અનિરૂધ્ધસિંહ ત.ક.અમલદારના નિવેદનમાં જણાવે છે કે, તે ચા પાણી કરીને આવેલ ત્યારે પાંચેક વાગે સફેદ મારૂતી આવેલી જે સફેદ મારૂતીની નોંધ આંક–પી–૨૩૪(PW43) વાળા પંચનામામાં પણ કરવામાં આવેલ છે. જેનો નંબર GJ–01–HK–1564 નો છે. જે આરોપી હિતેશસિંહ અને ચન્દ્રકાંત લઇને આવેલા. તેમાં ટાટા સુમોમાં લાવેલ મોટો થેલો મારૂતિ વાનમાં મુકી ભુપતસિંહ, ભરતસિંહ, જશુભા અને ચન્દ્રસિંહ બેસેલા અને આ મારૂતિ વાન ચન્દ્રકાંત ડાકીએ ચલાવેલી અને મોટર સાયકલ ચલાવતાં હિતેશની પાછળ માનસિંહ વાઢેર બેસેલા. આ મારૂતિ વાન કે જે પોલીસે આ ગુન્હાના કામે કબજે કરેલ છે તે તા.૧૫/૦૬/૨૦૦૬ ના રોજ ધર્મેન્દ્રસિંહના ભાઇ જનકસિંહની હતી તે આરોપી હિતેશ સાંજના આશરે પાંચેક વાગે લઇ ગયેલ તેવુ સાહેદ–ધર્મેન્દ્રસિંહ (PW15) ત.ક.અમલદારને જણાવે છે, જેનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન નોંધવા તજવીજ કરેલ, જે આ કામે આંક–C–૪૮૫ થી રેકર્ડ પર લેવામાં આવેલ છે. જે નિવેદન જોઇએ તો તે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૨૦ અમદાવાદનાઓએ તા.૧૪/૦૭/૨૦૦૬ ના રોજ નોંધેલ છે, જયારે સાહેદ

ધર્મેન્દ્રસિંહનું નિવેદન ત.ક.અમલદારે તા.૦૯/૦૭/૨૦૦૬ ના રોજ નોંધેલ છે, ત્યાર બાદ આ સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન આ સાહેદ ધર્મેન્દ્રસિંહનું મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી દ્વારા નોંધવામાં આવેલ છે, જેઓએ આ નિવેદન સ્વૈચ્છાપૂર્વકનું આપેલ છે. જે આ નિવેદનથી પુરવાર થાય છે, કારણ કે આ **સાહેદને વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આ નિવેદન બાબતે સમજૂત કરેલ અને એવું પણ પૂછેલ છે કે, આ નિવેદન કરવા તેઓ બંધાયેલા નથી. તેમજ આ નિવેદન ભવિષ્યમાં તેમની વિરૂદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવામાં આવશે અને તેના જવાબમાં આ સાહેદ લખાવે છે કે, હું રાજીખુશીથી સ્વૈચ્છીકરીતે આ નિવેદન આપવા માંગું છું અને મને કરેલ સવાલ સ્પષ્ટપણે સમજી શકું છું, છતાં આ નિવેદન આપવું છે. હું આ નિવેદન કોઈપણ એજન્સી કે પોલીસના દબાણ વગર સ્વૈચ્છાએ આપું છું. આ જવાબના અંતે ધર્મેન્દ્રસિંહે તેમની સહી કરેલ છે અને રૂબરૂમાં મેજીસ્ટ્રેટશ્રીએ સહી કરેલ છે. ત્યારબાદ આ નિવેદન સોગંદ આપી નોંધવામાં આવેલ છે,** જેમાં આ સાહેદ જણાવે છે કે, તેઓ છેલ્લા પાંચેક વર્ષથી સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે અને પંકજ ત્રિવેદી હત્યા થઇ તે બાબતે તેઓ જણાવે છે કે તેઓ સિંગાપોરથી ભારત આવ્યા હિતેશ ચુડાસમાને ભાવનિરજર મંદિરમાં બધા ભેગા થાય છે ત્યાં સાત તારીખ પછીના એક રવિવારે ગ્રુપમાં મળેલ, જે હિતેશ કેટરીંગનું કામ કરે છે અને તેમના ભાઇ જનકસિંહ ચૌહાણને ગાડી માટે ફોન કરેલો, હિતેશભાઇને જનકસિંહે આ સાહેદનો મોબાઇલ નંબર આપેલો, જેના ઉપર હિતેશે ફોન કરેલો અને આ સાહેદની મમ્મીને દવાનું અને વીઝાનું કામ હોય તેમને હિતેશે સાંજે પાંચ વાગે ફરી ગાડી માટે ફોન કરેલો તે વખતે આ સાહેદ એટલે કે ધર્મેન્દ્રસિંહ વીઝાના કામે ઇસ્કોન મંદિર બાજુ ગયેલા

અને ત્યાં હિતેશ એકલો ઈસ્કોન મંદિર પાસે મળેલો અને તેને મારૂતિ વાન આપેલી અને આ સાહેદ વિઝાના કામે નીકળી ગયેલા અને ત્યારા બાદ હિતેશને રાત્રે તે જ દિવસે ગાડી માટે નવેક વાગે ફોન કરેલો તો તેઓએ એક બે વખત કટ કરી નાંખેલ અને પછી ઉપાડેલ જણાવેલ કે ગાડી સ્વાધ્યાયના કામમાં છે એટલે બે દિવસ પછી મુકી જઈશ, જેથી બે દિવસ બાદ નટરાજ સિનેમા પાસે આવવાનું હિતેશે ફોન કરીને કહેતાં આ સાહેદ જાય છે અને તેમને હિતેશ ચાવી આપે છે ત્યાર બાદ બીજા દિવસે પેપરમાં વાંચતા ખબર પડે છે સ્વાધ્યાયના પંકજભાઈ ત્રિવેદીની હત્યા થયેલ છે. **આ નિવેદન પૂરું થયાં બાદ આ સાહેદે દરેક પાના ઉપર સહી કરેલી છે અને રૂબરૂ તરીકે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૦, અમદાવાદની સહી છે અને નીચે નોંધ પણ મારવામાં આવેલ છે કે, આ નિવેદન ધર્મેન્દ્રસિંહ સામતસિંહ ચૌહાણને સમજાવ્યું છે, જે નિવેદન સ્વૈચ્છીક રાજીખુશીથી થયેલ છે, જે તેમને વાંચી સંભળાવેલ છે અને આ નિવેદન સાચુ હોય, કબૂલ રાખેલ છે અને ત્યારબાદ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટે પોતાની સહી કરેલી છે.**

(૩૮.૭) **ઉપરોક્ત જે નિવેદન છે તે નિવેદનના અનુસંધાને આરોપીઓ તરફે એવી દલીલ કરેલ છે કે, આ નિવેદન સી.આર.પી.સી. કલમ–૧૬૪ ની જોગવાઈઓ મુજબ નોંધેલ નથી, કારણ કે તે કન્ફેશનલ સ્ટેટમેન્ટ તરીકે નોંધેલ છે, જે કન્ફેશનલ સ્ટેટમેન્ટ આરોપીનું હોય છે, નહીં કે સાહેદનું. આમ, આ નિવેદનને સી.આર.પી.સી. ૧૬૪ નું નિવેદન કહી શકાય નહીં અને સાહેદ ધર્મેન્દ્રસિંહ સામતસિંહ ચૌહાણ પોતે તેમની ખાલી સહી ઓળખે છે અને**

બીજી કોઈ હકીકત જણાવતા નથી તેથી આ નિવેદન પુરાવામાં વાંચી શકાય નહીં. પરંતુ, અત્રેની કોર્ટ દ્વારા સી .આર.પી.સી. કલમ–૧૬૪(૫) ની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવેલ છે, (5) Any statement (other than a confession) made under sub-section (1) shall be recorded in such manner hereinafter provided for the recording of evidence as is, in the opinion of the Magistrate, best fitted to the circumstances of the case; and the Magistrate shall have power to administer oath to the person whose statement is so recorded. આમ, ઉપરોક્ત જોગવાઈ ધ્યાને લેતાં, જે તે મેજીસ્ટ્રેટશ્રીને કેસના સંજોગો જોતાં તેમને યોગ્ય લાગે તે રીતે સાક્ષીનું સ્ટેટમેન્ટ નોંધી શકે છે અને આ કામે મેજીસ્ટ્રેટશ્રીએ જે ફોર્મમાં ધર્મેન્દ્રસિંહ સામતસિંહ ચૌહાણનું આંક–**C**–૪૮૫ વાળું નિવેદન નોંધેલ છે તેમાં કન્ફેશનલ સ્ટેટમેન્ટની જોગવાઈઓ ધ્યાને લઈ નોંધેલ હોય તેનાથી આ નિવેદન નિરર્થક બની જાય નહીં, ઊલ્ટાનું આ નિવેદનની સત્યતા વધુ પ્રબળ બની જાય છે અને આમ, મેજીસ્ટ્રેટશ્રીએ જે સમજ ધર્મેન્દ્રસિંહ સામતસિંહ ચૌહાણને આપેલ છે તે મુજબ આ નિવેદન ધર્મેન્દ્રસિંહ સામતસિંહ ચૌહાણે પોતે સ્વૈચ્છીક નોંધાવેલ હોય તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને તેને ભારતીય પુરાવા કાયદાની કલમ–૮૦ મુજબ પણ સાચું હોય, સંપૂર્ણરીતે વંચાણે લેવામાં આવેલ છે, કારણ કે, મેજીસ્ટ્રેટશ્રીએ જે નિવેદન નોંધેલ છે તે નિવેદન સાચું હોવાનું તેમણે આ આંક–**C**–૪૮૫ નું નોંધતી વખતે જે પ્રક્રિયા અપનાવેલ છે તેનાથી સંપૂર્ણ સમર્થન મળે છે. વધુમાં આ સાહેદની આરોપીઓ તરફે આંક–**C**–૪૮૫ નાં નિવેદનને અનુસંધાને કોઈ જ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી. એટલે કે, આ નિવેદન

બિન–પડકારેલ છે, જેથી તે અત્રે નહીં માનવાને કોઈ કારણ નથી અને તેથી જ તેને વંચાણે લેવામાં આવેલ છે.

(૩૮.૮) હવે આ ધર્મેન્દ્રસિંહ તેમની આંક–૧૮૧ (**PW**15) ની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને–૨૦૦૬માં બોપલ ખાતે પરીવાર સાથે રહેતા હતા અને સિંગાપોર ખાતે અભ્યાસ કરી વિઝા મેળવવાની કાર્યવાહી માટે અમદાવાદ આવેલા અને પરિવાર માટે હરવા ફરવા જનકભાઈના નામે એક મારૂતિવાન એક એસ કલરની ખરીદ કરેલ હતી અને તેઓ પોતે તથા તેમના ભાઇ જનકભાઇ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ છે. તેમજ સને ૨૦૦૬ ના અરસામાં તેઓની મારૂતિવાન સ્વાધ્યાય પરિવારના કામે લઇ ગયેલ નથી અને હિતેશ ચુડાસમાને તા.૧૫/૦૬/૨૦૦૬ના રોજ આપેલ નથી પરંતુ પંકજ ત્રિવેદીના ખૂનના કેસમાં આ મારૂતિવાન પોલીસ સમક્ષ રજૂ કરેલ અને પોલીસે તેમની પુછપરછ કરી નિવેદન નોંધેલ. જે હકીકત ધ્યાને લેતાં ધર્મેન્દ્રસિંહના સીઆરપીસી કલમ–૧૬૪ ના નિવેદન મુજબ તા.૧૫/૦૬/૨૦૦૬ ના રોજ આરોપી હિતેશ સાંજના પાંચેક વાગે તેમની મારૂતિવાન લઇ ગયેલ હોવાની હકીકત અત્રે નિશંકપણે પુરવાર થાય છે, જે મારૂતિ વાન ત.ક.અમલદારે આંક–પી–૮૩(**PW**3)નાં પંચનામાથી કબજે કરેલ, જે આંક–પી–૮૩(**PW**3) નાં પંચનામાનાં પંચ સાહેદ અબ્દુલભાઈ અમીનભાઈ વોરાને આંક–૮૨(**PW**3)થી તપાસેલા છે અને બીજા પંચ સાહેદ ગુલામહુસેન ગુલામનબી શેખને આંક–૨૫૧(**PW**52)થી તપાસેલ છે. આ બન્ને પંચ સાહેદો આંક–પી–૮૩(**PW**3) વાળા પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે, જે બન્ને જણા જુહાપુરા,

અમદાવાદ મુકામે રહે છે અને જુહાપુરા એસ.ઓ.જી. પોલીસે ઑફિસે બોલાવેલ ત્યાં કઈ તારીખે બોલાવેલ તેનો અબ્દુલાભાઈને ખ્યાલ નથી તેવું જણાવે છે અને ત્યાં સહી કરેલી, જે આંક–પી–૮૩(**PW**૩) નાં પંચનામામાં સહી કરેલી તેવું જણાવે છે. હવે આંક–પી–૮૩(**PW**૩)વાળું પંચનામું ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે તા.૧૧–૭–૦૬ ના રોજ જુહાપુરા પોલીસ ચોકી ખાતે કરેલ તેવું ત.ક. અમલદારની આંક–૩૯૧(**PW**૪૪)ની જુબાનીથી નિઃશંકપણે પુરવાર થયેલ છે. આમ, આ બન્ને પંચ સાહેદો એટલું તો સ્વીકારે છે કે, તેમની હાજરીમાં જુહાપુરા પોલીસ ચોકીએ આંક–પી–૮૩(**PW**૩)વાળું પંચનામું થયેલ અને તેમાં તેઓએ સહી કરેલ છે. હવે, આરોપીઓ તરફે આ બન્ને પંચ સાહેદોની કોઈ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી. આમ, આ સાહેદ ધર્મેન્દ્રસિંહની જુબાની મુજબ તે પોતે આ મારૂતિ વાન, કે જેનો નં. જીજે.૧.એચકે.૧૫૬૪ વાળી રજૂ કરેલ છે તે હકીકત ધ્યાને લેતાં, આ આંક–પી–૮૩(**PW**૩) વાળું પંચનામું અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે, ભલે આ બન્ને પંચ સાહેદો સમર્થન આપે કે ન આપે. વધુમાં આ પંચનામાથી આ મારૂતિ વાન કબજે કરેલાની હકીકતને વધુ સમર્થન ધર્મેન્દ્રસિંહના ભાઈ જનકસિંહે નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં આ મારૂતિવાન પરત મેળવવા માટે મેટ્રોપોલીટન કોર્ટમાં મુદ્દામાલ અરજી નં. ૭૮/૨૦૦૬ ની કરેલી, જે તા.૦૪/૦૮/૨૦૦૬ ના રોજ કરેલ, જે આ કામે આંક–**C**–૪૮૬ થી રેકર્ડ પર લઇને વંચાણે લીધેલ છે. જે મારૂતિ વાન ધર્મેન્દ્રસિંહના ભાઇ જનકસિંહના ભાઇના નામે હોય તેઓએ છોડાવેલ. તે આંક–૧૩૫ની ફરીયાદ મુજબ બનાવવાળી જગ્યાએ પંકજભાઇનું ખૂન કર્યુ ત્યાં લઇ જવામાં આવેલ હોવાનું નિશંકપણે પુરવાર થયેલ છે. જે આરોપી હિતેશભાઇ લઇ

ગયેલા અને આ ગુન્હામાં વાપરેલ હોય કબજે કરવામાં આવેલ, જે આંક–પી–૮૩(PW3)નું પંચનામુ જોતાં સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણ (PW15)એ રજૂ કરેલ અને તેથી પંચોની હાજરીમાં ત.ક.અમલદાર વિ.ડી.ગોહીલે તા.૧૧/૦૭/૨૦૦૬ના રોજ કબજે કરેલ અને આ હકીકત સાહેદ ધર્મેન્દ્રસિંહ પોતે આંક–૧૮૧(PW15) ની જુબાનીમાં જણાવતાં હોય તેથી આંક–પી–૮૩(PW3)નું પંચનામુ અત્રે પુરવાર થયેલ હોવાનું જણાય આવે છે. આમ, સાહેદ ધમેન્દ્રસિંહ અને ત.ક.અમલદાર વિ.ડી.ગોહીલની જુબાનથી આંક–પી–૮૩(PW3)નું પંચનામું પુરવાર થયેલ છે જેને મુદ્દામાલ પરત મેળવવાની આંક–C–૪૮૬ ની અરજીથી સમર્થન મળે છે તથા ધર્મેન્દ્રસિંહના સીઆરપીસી –૧૬૪ ના આંક–C–૪૮૫ ના નિવેદનથી સમર્થન મળે છે અને આ રીતે સાહેદ અનિરુધ્ધસિંહે પોલીસ નિવેદનમાં જે હકીકત જણાવેલી તે મુજબ લગભગ સાંજના પાંચ વાગે તા.૧૫/૦૬/૨૦૦૬ ના રોજ ચા પાણીને કરીને આવતાં ત્યારે એક મારૂતિવાન સફેદ કલરની આવેલ જેમાં આરોપી ભુપતસિંહ, ચંન્દ્રસિંહ, જશુભા, ભરતસિંહ, માનસિંહ વાઢેર બેસેલા અને તે વખતે ભુપેન્દ્રસિંહ પાસે થેલો હતો આ હકીકત અત્રે પુરવાર થયેલ છે અને તેને અનિરૂધ્ધસિંહના આંક–પી–૨૫૭(PW54)ના નિવેદનથી પણ અક્ષરશઃ સમર્થન મળે છે.

(૩૮.૯) વધુમાં અત્રે એ નોંધવું પડે કે, સાહેદ ધર્મેન્દ્રસિંહ (PW15) તેમની આંક–૧૮૧ ની જુબાનીમાં તેઓએ પોલીસને તા.૯–૭–૨૦૦૬ ના રોજ જે નિવેદન આપેલ તે નિવેદન મુજબની હકીકત જણાવતા નથી અને તેથી

વિદ્વાન પી.પી.શ્રીએ નામદાર કોર્ટની પરવાનગીથી ધર્મેન્દ્રસિંહને ફરી ગયેલા જાહેર કરી અને ઊલટ તપાસ કરેલ છે, જે ઊલટ તપાસમાં ધર્મેન્દ્રસિંહે ત. ક. અમલદારને તા.૯–૭–૨૦૦૬ ના રોજ જે નિવેદન આપેલ તેના અનુસંધાને પૂછેલ છે, પરંતુ તેઓ કોઈ સમર્થન કરતા નથી, પરંતુ એ.પી.પી.શ્રીની ઊલટ તપાસમાં એટલો સામે ચાલીને ખુલાસો કરે છે કે, તેઓ હિતેશભાઈ ચુડાસમાને ઓળખતા નથી. આ હકીકત ઘણું સૂચવી જાય છે અને તેનાથી આ સાહેદને આ ખુલાસો કરવાની ફરજ એટલા માટે પડી કે તેઓએ તેમની મારૂતિ વાન કે જે આ ગુનાના કામે વપરાયેલ છે તે બનાવના દિવસે એટલે કે તા.૧૫–૬–૦૬ ના રોજ આરોપી હિતેશ ચુડાસમાને સ્વાધ્યાયના કામ અંગે જરૂર હોય તેવું આ સાહેદને જણાવી લઈ ગયેલા અને તે આ સાહેદ સારી રીતે જાણે છે તેથી જ આરોપી હિતેશને બચાવવા તથા પોતાની આ ગુનામાં જવાબદારી ન થાય તેથી સત્ય હકીકત, કે જે ત. ક. અમલદારને તેમના તા.૯–૭–૦૬ નાં નિવેદનમાં જણાવેલ તેનાથી વિપરીત હકીકતો જણાવે છે. હવે ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાની જોઈએ તો, તેના સરતપાસનાં પેરા–૭૬ માં સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણે તેમની રૂબરૂ તા.૯–૭–૨૦૦૬ ના રોજ જે નિવેદન આપેલ તેની હકીકતો જણાવેલ છે. આ હકીકતો, કે જે સાહેદ ધર્મેન્દ્રસિંહે તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનમાં તા.૧૪–૭–૦૬ ના રોજ મહેરબાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ સમક્ષ લખાવેલ તે મુજબની જ છે અને આ તેમનું નિવેદન અત્રેની કોર્ટે આંક–સી–૪૮૫ થી રેકર્ડે લઈ વંચાણે લીધેલ છે.

(૩૮.૧૦) આમ, ધર્મેન્દ્રસિંહ ત. ક. અમલદારને જે હકીકત તા.૯–૭–૨૦૦૬ ના રોજ બનાવના અનુસંધાને જણાવે છે તે જ તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનમાં પણ જણાવે છે, કે જે નિવેદન મહેરબાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ નાં સાહેબે કાયદાની સંપૂર્ણ પ્રક્રિયા અનુસરીને નોંધેલ છે, જે અંગેની ચર્ચા ઉપર કરવામાં આવેલ છે. આમ, આ સાહેદ ધર્મેન્દ્ર યેનકેન પ્રકારે આરોપીઓનાં પ્રભાવમાં આવી તેમની મારૂતિ વાન આરોપી હિતેશભાઈ ચુડાસમા સ્વાધ્યાયનું કામ છે એમ કહી બનાવના દિવસે એટલે કે, તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ સાંજે પાંચેક વાગ્યે લઈ ગયેલ અને તેનો ઉપયોગ આ ગુનાના કામે કરેલ છે, જે મારૂતિ વાન ત.ક. અમલદાર દ્વારા કબજે કરવામાં આવેલ અને સાહેદ ધર્મેન્દ્રસિંહના ભાઈએ મુદ્દામાલ અરજી આંક–સી–૪૮૬ ની કરી છોડાવેલ છે, છતાં ધર્મેન્દ્રસિંહ યેનકેન પ્રકારે ફરિયાદ પક્ષના કેસને સત્ય હકીકત ન જણાવી, આરોપીઓની તરફેણ કરતા હોય તેવું પુરવાર થાય છે, છતાં આ ધર્મેન્દ્રસિંહ તેમની જુબાનીમાં જે હકીકત જણાવે છે તે મુજબ મારૂતિ વાન તેમના ભાઈ જનકભાઈના નામે ખરીદેલ હોવાનું પુરવાર થાય છે. તેઓ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા હોવાનું પુરવાર થાય છે. તેમજ આ મારૂતિ વાન પંકજભાઈનાં ખૂનના કેસમાં કબજે કરેલી અને તેમની પૂછપરછ પોલીસે કરેલી તેવું પણ પુરવાર થાય છે અને પંકજ ત્રિવેદીનું ખૂન થયાનું સમાચાર પત્ર દ્વારા જાણેલું અને તેમના ભાઈ જનકભાઈ પણ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે. આમ, ધર્મેન્દ્રસિંહે ત. ક. અમલદારને જે નિવેદન આપેલ તે ત. ક. અમલદારની સરતપાસના પેરા–૭૬ મુજબનું છે અને તે એટલા માટે પણ સાચું હોવાનું માનવું પડે કે, આ ધર્મેન્દ્રસિંહની આરોપીઓ તરફે કોઈ જ ઊલટ તપાસ

કરવામાં આવેલ નથી. એટલે કે, સોગંદ ઉપરના પુરાવામાં જે હકીકત આ સાહેદે જણાવેલ છે તે મુજબની કોઈ જ હકીકતને આરોપીઓ તરફે પડકારેલ નથી. તેમજ આ સાહેદના સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદન અંગે પણ ઊલટ તપાસમાં આરોપીઓ તરફે કોઈ પ્રશ્ન પૂછેલ નથી અને તેથી ધર્મેન્દ્રસિંહનું આ સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન આંક–સી–૪૮૫ વાળું અનચેલેન્જ છે અને તે ઉપર ચર્ચા કરી તે મુજબ નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ સાહેબે કાયદાની તમામ જોગવાઈઓનું પાલન કરી નોંધેલ છે, જે ભારતીય પુરાવા કાયદાની કલમ–૮૦ મુજબ તેમજ નામદાર સુપ્રિમકોર્ટનાં ચુકાદા મુજબ ગ્રાહ્ય હોવાનું, એટલે કે, આ કામે જે ત. ક. અમલદારનો પુરાવો રેકર્ડ પર આવેલ છે તે મુજબ આ નિવેદન પુરવાર થયેલ છે અને જેને વંચાણે લેતાં, તેમની મારૂતિ વાન જીજે.૧.એચકે.૧૫૬૪ ની આ કામના આરોપી હિતેશ ચુડાસમા તેમની પાસેથી સાંજના પાંચ વાગ્યે લઈ ગયેલ, જે હકીકતને સાહેદ અનિરુદ્ધસિંહની જુબાનીથી સમર્થન મળે છે, જેમાં તે જણાવે છે કે, તેઓ ચા પીને પરત ફરતા હતા ત્યારે પકવાન હોટલ પાસે એક સફેદ કલરની મારૂતિ વાન આવેલી જેમાં આરોપીઓ બેસીને ગયેલા.

(૩૮.૧૧) આમ, આ મારૂતિ વાનનો ઉપયોગ મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનાં ખૂનના ગુનામાં આરોપીઓએ કરેલ હોય તે પુરવાર થાય છે. વધુમાં અત્રે એ નોંધવું પડે કે, સાહેદ ધર્મેન્દ્રસિંહ તા.૯–૭–૨૦૦૬ ના રોજ જે હકીકત ત. ક. અમલદાર ગોહીલને નિવેદનમાં લખાવે છે તે એ જ હકીકત તા.૧૪–૭–૨૦૦૬ નાં તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનમાં મેજીસ્ટ્રેટશ્રીને

લખાવે છે અને તે મુજબ તેઓ સીંગાપુર ખાતે અભ્યાસ માટે ગયેલા અને ઓસ્ટ્રેલીયા અભ્યાસ અર્થે પરિક્ષા આપવા સારું સીંગાપુરથી ભારત આવેલા. આ હકીકત ધર્મેન્દ્રસિંહ ન જણાવે તો ત. ક. અમલદાર અને મેજીસ્ટ્રેટને તે ખબર જ ન હોય, કે જે ફક્તને ફક્ત ધર્મેન્દ્રસિંહ જ જણાવી શકે. એ જ રીતે હિતેશભાઇ, કે જે આ કામના આરોપી છે, તે કેટરીંગનું કામ કરે છે અને ધર્મેન્દ્રસિંહનાં મમ્મી દવા તથા વિઝાનું કામ હોય તે જાય છે તે હકીકત પણ ધર્મેન્દ્રસિંહનાં જણાવ્યા વગર ત. ક. અમલદાર કે મેજીસ્ટ્રેટ પોતાની રીતે લખી શકે નહીં. આમ, ધર્મેન્દ્રસિંહ જાણી જોઈને તેમના નિવેદનોથી આરોપીઓનાં પ્રભાવ હેઠળ આવી જઈ સોગંદ ઉપર સત્ય હકીકત જણાવતા ન હોય, પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ સત્ય હકીકત રેકર્ડ પર આવ્યા વગર રહે નહીં અને તેથી ધર્મેન્દ્રસિંહે જે ત . ક. અમલદારને અને મેજીસ્ટ્રેટને જણાવેલ છે તે સત્ય હોવાનું પુરવાર થાય છે, કારણ કે, તે હકીકત ધર્મેન્દ્રસિંહની ઊલટ તપાસમાં કે ત. ક. અમલદારની ઊલટ તપાસમાં આરોપીઓ તરફે પડકારેલ નથી અને ધર્મેન્દ્રસિંહનો પોતાનો એવો ખુલાસો કે, તે આરોપી હિતેશ ચુડાસમાને ઓળખતા નથી, તે તેમના ઉપરોક્ત નિવેદનો સત્ય હોવાનો સબળ પુરાવો છે.

(૩૮.૧૨) આમ, ઉપર ચર્ચા કરી તે મુજબ ઉપરોકત ચારેય આરોપીઓ રોશની ગેસ્ટ હાઉસમાં તા.૧૧/૦૬/૨૦૦૬ થી તા.૧૩/૦૬/૨૦૦૬ સુધી રોકાયેલા અને આંક–૧૩૫ ની ફરીયાદ મુજબનો ગુન્હો પણ ચાર આરોપીઓએ જ કરેલ છે. જે ગુન્હો કરતી વખતે આ કામમાં જે મારૂતિવાન નંબર GJ–01–HK–1564 ની આરોપી હિતેશસિંહ લઈને આવેલા અને ચારેય આરોપીઓને

સોંપેલ, જે ચારેય આરોપીઓએ પંકજ ત્રિવેદીના ખૂનના ગુન્હા સબબ ઉપયોગ કરેલ છે, જેઓની ઓળખ રોશની ગેસ્ટ હાઉસના માલિક દેવેન્દ્રએ કરેલ, જેમાં આરોપી માનસિંહ, ભુપતસિંહ તથા ચંન્દ્રકાંત ડાકીને ઓળખી બતાવેલ છે અને આરોપી ચંન્દ્રસિંહનો ફોટો વર્તમાનપત્રમાં આવેલ હોય તેની ઓળખ પરેડ ત.ક.અમલદારે કરાવેલ નથી પરંતુ રોશની ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં આરોપી ચંન્દ્રસિંહે રાજુ દવેના નામે આંક–૩૯૬(PW84) રજીસ્ટરમાં ખોટી એન્ટ્રી કરી ખોટી સહી કરી રોકાયેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૩૮.૧૩) અત્રે એ સ્પષ્ટતા કરવી પડે કે, મારૂતિ વાન મેટાલીક ગ્રે કલરની હોવાનું પંચનામામાં નોંધાયેલ છે, જ્યારે સાહેદનાં પુરાવા મુજબ તે સફેદ કલરની હોવાનું રેકર્ડ પર આવેલ છે. જ્યારે આર.સી. બુક મુજબ સીલ્કી સીલ્વર કલર જણાવેલ છે, જે જોતાં બપોરના તાપમાં ઉનાળાના સમયે સીલ્કી સીલ્વર જે સફેદ કલર જેવો જ જણાઈ આવે તે સ્વાભાવિક છે, કારણ કે, અનિરુદ્ધસિંહના પુરાવા મુજબ સાંજના પાંચેક વાગ્યે તેઓએ આ મારૂતિ વાન જોયેલી અને આંક–૧૩૫ ની ફરિયાદમાં પણ સફેદ મારૂતિ વાનમાંથી ચાર માણસો આવેલા તેવું જણાવેલ છે. આમ, બનાવનો સમય અને ત્યાં જે પ્રકારનો પ્રકાશ હતો અને આંક–પી–૪૦૦(PW84)નાં ગુનાવાળી જગ્યાના નકશા મુજબ જે અંતરે મારૂતિ વાન ઊભી રહેલ છે તે જોતાં સ્વાભાવિક રીતે આટલા અંતરે ફરિયાદી જે બનાવ બન્યો છે તે મુજબની પરિસ્થિતિમાં સિલ્વર ગ્રે કલરની ગાડીને સફેદ કલરની કહે અને તે જ રીતે સાહેદ અનિરુદ્ધસિંહ પણ ઉનાળામાં સાંજે પાંચ વાગ્યે જે તાપ પડે છે તેમાં આ હકીકત જણાવે જેને લઈને કોઈ શંકા કરી શકાય નહીં, કારણ કે,

ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામના સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણ (Pw15)નાઓએ પોતે આ મારૂતિ વાન આ ગુનાના કામે વપરાયેલ હોય અને પોલીસને કબજે સોંપેલ હોય, જે ધર્મેન્દ્રસિંહના ભાઈએ નામદાર કોર્ટમાંથી આંક–સી–૪૮૬ ની અરજી કરી પરત મેળવેલ હોય, જે હકીકત ધ્યાને લેતાં, આરોપીઓ તરફેની એવી દલીલ કે, મારૂતિ વાન સફેદ હતી કે ગ્રે કલરની હતી તે શંકા ઉત્પન્ન કરે છે, પરંતુ આ ગાડીના કલરનો જે તફાવત છે તેને લઈને ગાડીના રજીસ્ટ્રેશન નંબર, એટલે કે, ગાડીનો જે નંબર છે તે જીજે.૧.એચકે.૧૫૬૪ નો છે અને તે સાહેદ ધર્મેન્દ્રસિંહ પોતે પોલીસને સુપ્રત કરે છે, કે જે ગાડી તેમની પાસેથી બનાવના દિવસે સાંજે પાંચેક વાગ્યાના અરસામાં આરોપી હિતેશ ચુડાસમા લઈ જાય છે અને તે જ ગાડીને અનિરુદ્ધસિંહ પકવાન હોટલ પાસે જુએ છે, જેમાં આરોપીઓ આ પંકજ ત્રિવેદીનાં ખૂનના ગુનાને આખરી અંજામ આપવા માટે પકવાન હોટલથી હથિયારો ભરેલા થેલા સાથે બેસીને જાય છે, તે હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ છે અને એ પણ નોંધવું પડે કે, આંક–૧૩૫ ની ફરિયાદમાં જે ગાડીનું વર્ણન છે એ મારૂતિ વાન જ જણાવેલ છે અને તેથી ફક્ત કલરને લઈને આ મારૂતિ વાન આ ગુનાના કામે આરોપીઓએ વાપરેલ નથી તેવું કહી શકાય નહીં, કારણ કે, કોઈપણ વાહનનાં કલર નહીં પરંતુ તેનો રજીસ્ટ્રેશન નંબર અગત્યનો છે. અહીં આરોપીઓ તરફે એવો કોઈ બચાવ નથી કે સફેદ કલરની મારૂતિ વાન અને સિલ્વર ગ્રે કલરની મારૂતિ વાનનો રજીસ્ટ્રેશન નંબર અલગ અલગ છે કે નંબર પ્લેટ બદલીને આ વાહનનો ઉપયોગ કરેલ છે. ઊલ્ટાનું સાહેદ ધર્મેન્દ્રસિંહે આ મારૂતિ વાન પોલીસને સોંપેલ તે બાબતે આરોપીઓ તરફે ધર્મેન્દ્રસિંહની કોઈ જ ઊલટ તપાસ કરેલ નથી કે ત. ક. અમલદારને પણ આ

બાબતે કોઈ ઊલટ તપાસ કરી પડકારેલ નથી.

(૩૮.૧૪) આમ, ઉપરોક્ત મારૂતિ વાન જીજે.૦૧.એચકે.૧૫૬૪ ની કે જે હાલના ગુનામાં વપરાયેલ છે તેના કલરથી કોઈ લાભ આરોપીઓને થઈ શકે નહીં, કારણ કે, અનિરુદ્ધસિંહ અને ફરિયાદી બન્ને જણા મારૂતિ વાન જ હોવાનું જણાવે છે. આમ, આરોપીઓની આવી દલીલ ટકી શકે નહીં અને આ બાબતે અત્રેની કોર્ટને સ્પષ્ટતા કરવી જરૂરી જણાયેલ હોય કે જેથી ન્યાયની પારદર્શિતા જળવાઈ રહે અને એ જ ન્યાયિક કોર્ટનો સ્પષ્ટ અભિગમ છે.

(૩૯) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ ચિરાગ વસંતલાલ ઠક્કરને આંક–૨૧૭ (PW37) થી તપાસેલા છે, તેમની સોગંદ ઉપરની જુબાની જોઈએ તો, તે પરિવાર સાથે સાબરમતી, અમદાવાદ મુકામે રહે છે, ૪૪ વર્ષની ઉંમરના છે અને કોમ્પ્યુટર રિપેરીંગ અને લે વેચ કરે છે, જે ૧૨, ૧૫ વર્ષથી સ્વાધ્યાય પરિવારની પ્રવૃતિમાં જોડાયેલા છે, જેનું કેન્દ્ર ડી–કેબીન સાબરમતિ ખાતે ચાલતું હતું અને તે કેન્દ્રમાં આવતા દરેકને તેઓ ઓળખે છે. તેમજ એવું પણ જણાવે છે કે, વર્ષ ૨૦૦૬ ના અરસામાં તેમની ઉપર ફોન આવેલો અને ખૂન કેસમાં પૂછપરછ કરવાની છે તેવું જણાવેલ, જુહાપુરા બોલાવેલ, જેથી આ સાહેદ ત્યાં ગયેલા અને પોલીસે પંકજભાઈ નામની વ્યક્તિના ખૂન બાબતે પૂછપરછ કરેલી. હવે, અત્રે એ નોંધવું પડે કે, સાહેદ ચિરાગ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ છે અને આરોપીઓ અને મરણજનાર પણ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ હોય, સ્વાભાવિક રીતે તેઓ બધાને ઓળખતા જ હોય અને એ રીતે આ કામના આરોપી નં.૨ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા અને આરોપી નં.૩ દક્ષેશ હસમુખલાલ

શાહને પણ ઓળખતા જ હોય, કે જે બન્ને અમદાવાદ ખાતે રહે છે તેવું ચાર્જશીટને આધારે અને તેમની સામે ફરમાવેલ આંક–૩૪ નાં તહોમતનામા તથા તેમના તહોમતનામાના અનુસંધાને લેવામાં આવેલ આંક–૩૬ અને આંક–૩૭ ની પ્લીથી નિઃશંકપણે પુરવાર થાય છે અને તેથી સ્વાભાવિક રીતે જ સ્વાધ્યાય પરિવારના લોકોને, કે જેનો પરિચય આ સાહેદને છે, તે આરોપીઓને મદદરૂપ થાય જ, જેનો ઈન્કાર કરી શકાય નહીં, જે કોઈપણ અભણ વ્યક્તિ હોય તે સમજી શકે અને એવું પણ સમજી શકાય કે, અજાણી વ્યક્તિને કોઈ મદદ ન કરે. આમ, આ સાહેદ ચિરાગે આ ગુનાના આરોપીઓ હિતેશ ચુડાસમા અને દક્ષેશ શાહને ઓળખતા હોય અને બન્નેને મદદ કરેલી છે, જે નિઃશંકપણે પુરવાર થયેલ હોય, નહીં માનવાને કોઈ કારણ નથી.

(૩૯.૧) વધુમાં સાહેદ ચિરાગ તેમની આંક–૨૧૭(PW37)ની જુબાનીમાં જણાવે છે કે, તેઓ જુહાપુરા ખાતે ગયેલા, તેમની પંકજભાઈ નામના વ્યક્તિના ખૂન કેસમાં પૂછપરછ કરેલી. આમ, આ હકીકત અત્રે ઘણું સૂચવી જાય છે, કારણ કે, અમદાવાદ એ ખૂબ જ મોટું શહેર છે અને આટલા મોટા શહેરમાં પોલીસ ચિરાગને જ બોલાવે તે કોઈ સામાન્ય ઘટના નથી અને તેનો ઈશારો એ જ છે કે ચિરાગ કોઈને કોઈ રીતે આ ગુનાના આરોપીઓની મદદગારીમાં હોય અને મરનાર પંકજ ત્રિવેદીની દૈનિક રોજબરોજની ગતિવિધિઓનાં અનુસંધાને તેમને બોલાવેલ હોય. વધુમાં આગળ જતા ચિરાગ પોતે પોલીસે તેનું નિવેદન લીધેલ હોય તેનો ઈન્કાર કરે છે, પરંતુ ઉપર તે જાતે જણાવે છે કે, પોલીસે પૂછપરછ કરવા બોલાવેલ અને પંકજભાઈ નામની વ્યક્તિના ખૂન બાબતે પૂછપરછ કરેલી.

જે જોતાં પોલીસે ચિરાગનું નિવેદન નોંધેલ છે, પરંતુ તે નામદાર કોર્ટ રૂબરૂ પોલીસને આપેલ નિવેદનથી વિંપરીત હકીકતો જણાવવા માંગતા હોય તેથી સત્ય છૂપાવે છે અને જણાવે છે કે, બે–ત્રણ દિવસ પોલીસ સ્ટેશને બેસાડી રાખેલ અને પોલીસ એવું કહેતી હતી કે, " અમે કહીએ તેવું નિવેદન લખાવશો" જેથી તેમણે ના પાડેલ અને પોલીસે તેઓને સ્પષ્ટ પૂછેલ કે, હિતેશભાઈ ચુડાસમાનાઓએ પંકજ ત્રિવેદીની વોચ રાખવાનું તથા રેકી કરવાનું કહેલ હોય તો આ સાહેદે જણાવેલ કે તેવું કહેલ નથી અને હું તેમને ઓળખતો નથી. તેમજ તેઓ કોઈ કોર્ટમાં ગયેલ નથી અને પોલીસે ઑફિસમાં સહી કરાવેલી તે સિવાય કાંઈ જાણતા નથી અને નામદાર કોર્ટમાં એક સીલબંધ કવર ખોલી તેમને એક નિવેદન તેમાંથી કાઢી બતાવવામાં આવે છે, જેની ઉપર તે પોતાની સહી ઓળખી બતાવે છે, જે નિવેદનને આંક–પી–૨૧૮(PW37) થી રજૂ રાખેલ છે અને તેને અમારા અગાઉના પ્રિસાઈડીંગ ઑફિસરશ્રીએ સહી પૂરતો આંક આપેલ, પરંતુ આ જે નિવેદન છે તે વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ નાઓએ તા.૧૪–૭–૨૦૦૬ ના રોજ નોંધેલ છે અને તે સી.આર.પી.સી. કલમ–૧૬૪ ની તમામ જોગવાઈઓનું પાલન કરીને નોંધેલ છે. <u>તેમજ આ નિવેદન બાબતે આરોપીઓ તરફે ઊલટ તપાસમાં એવો પ્રયત્ન કરેલ છે કે, તેમને જુહાપુરા પોલીસે ત્રણ ચાર દિવસ રાખેલ અને પોલીસના કહેવા મુજબના નિવેદન આપવા દબાણ કરેલ અને જો નહીં આપે તો કેસમાં ફીટ કરવાની ધમકી આપતા હતા અને બે ત્રણ દિવસ મોઢા ઉપર કાળું કપડું પહેરાવીને બે ત્રણ જગ્યાએ લઈ ગયેલ, પરંતુ ક્યાં લઈ ગયેલ તે ખબર નથી અને પોલીસે એક ઑફિસમાં એક ટાઈપ કરેલ કાગળમાં સહી કરાવેલી. આ સૂચક પ્રશ્ન આરોપી નં.૯ તરફે ઊલટ તપાસમાં પૂછેલ છે, જેનાથી</u>

એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, આ સાહેદે ટાઈપ કરેલ કાગળ પર સહી કરેલી, તો જો આ સાહેદના મોઢા ઉપર કાળું કપડું ઓઢાળેલ હોય તો ટાઈપ કરેલ કાગળ હતું તે કેવીરીતે જાણી શકે અને પોતાની સહીઓ પણ આંખે કાળું કપડું હોય, કઈ રીતે કરી શકે. આમ, આ પ્રકારની ઊલટ તપાસ સ્વયં પુરવાર કરે છે કે, આ સાહેદ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ હાજર રહેલ છે અને ત્યાં તેમનું આંક–પી–૨૧૮(PW37) વાળું નિવેદન સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નોંધવામાં આવેલ છે, જે નિયમ અનુસાર નોંધવામાં આવેલ છે, જેમાં આ સાહેદે આ નિવેદન સ્વેચ્છાપૂર્વક આપવામાં આવેલ છે, કોઈના દબાણ વગર આપેલ છે તેવું નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબને જણાવેલ છે અને આ રીતે સમજાવ્યા બાદ આ સાહેદનું નિવેદન, કે જે ચાર પેજનું છે તે નોંધવામાં આવેલ છે, તેના ચારે ચાર પાના ઉપર આ સાહેદે ગુજરાતીમાં 'ચિરાગ જે. ઠક્કર' તરીકે સહી કરેલી છે અને વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબે પણ 'મારી રૂબરૂ' કરીને નિવેદનની શરૂઆતમાં સાહેદને સમજ આપ્યા બાદ તેમજ નિવેદન પૂર્ણ થયાં બાદ તેમજ નોંધ કરી સર્ટીફિકેટ આપ્યા બાદ પોતાની સહી કરેલી છે, જે હકીકત પુરવાર કરે છે કે, આ સાહેદે આંક–પી–૨૧૮(PW37) વાળું નિવેદન પોતાની સ્વેચ્છાએ લખાવેલ છે અને આરોપી નં.૯ તરફેની ઊલટ તપાસથી મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦, અમદાવાદની સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદન નોંધવાની પ્રક્રિયાને આડકતરી રીતે પડકારેલ છે, એટલે કે, પોલીસે આ નિવેદન અગાઉથી જ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ પાસે તૈયાર કરાવડાવી લીધેલ અને તેમાં આ સાહેદ સિવાયની મેજીસ્ટ્રેટ સાહેબની સહીઓ પણ લઈ લીધેલ અને ત્યારબાદ આ સાહેદની સહીઓ કરાવેલ તેવો નિરર્થક

પ્રયત્ન કરેલ છે, કે જે ન્યાયની પ્રક્રિયામાં કોઈ જ રીતે શક્ય નથી, કારણ કે, મેજીસ્ટ્રેટ સાહેબ પોતે જવાબદાર અધિકારી છે, પબ્લિક સર્વન્ટ છે અને સાહેદ પોતે એવું જણાવતા નથી કે આ નિવેદન ધાકધમકીથી મેજીસ્ટ્રેટ સાહેબે લખાવેલ છે, ઊલ્ટાનું આરોપી નં.૯ તરફેની ઊલટ તપાસમાં એ હકીકત ખુલીને આવે છે કે, " એ વાત ખરી છે કે મેં મેટ્રો. મેજીસ્ટ્રેટ સાહેબ કોર્ટ નં.૨૦ રૂબરૂ કોઈ લખાણ લખાવેલ નથી " આ હકીકત સ્વયં પુરવાર કરે છે કે, આ સાહેદે મેટ્રો. મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ રૂબરૂ જઈને આંક–પી–૨૧૮(PW37) નું નિવેદન લખાવેલ છે.

(૩૯.૨) આમ, આ સાહેદની આવી ઊલટ તપાસ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ સાહેબની નિવેદન નોંધવાની પ્રક્રિયાને પડકાર સમાન છે, પરંતુ ભારતીય પુરાવા કાયદાની કલમ–૮૦ મુજબ જ્યારે મેજીસ્ટ્રેટ સાહેબે તેમની કામગીરી નિષ્ઠાપૂર્વક અને કાયદેસરની પ્રક્રિયા અનુસરીને કરેલી હોય ત્યારે આવી આરોપી નં.૯ તરફેની ઊલટ તપાસ આરોપીઓને કોઈ જ રીતે મદદરૂપ થઈ શકે નહીં. વધુમાં આરોપી તરફે એવો સૂચક પ્રશ્ન પૂછેલ છે કે, આ જુબાની તેઓએ ધાક–ધમકી અને લોભ–લાલચમાં આવ્યા વગર આપેલ છે. આ પ્રશ્ન પણ એ સૂચવે છે કે, આ સાહેદ નામદાર કોર્ટ રૂબરૂ તા.૫–૩–૨૦૨૦ ના રોજ જે જુબાની આપે છે તે જુબાનીમાં સરતપાસમાં એવું ક્યાંય જણાવતા નથી કે પોલીસે તેમને મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં બળજબરી લઈ જઈ અને સહીઓ કરાવેલી. ઊલ્ટાનું સાહેદની સરતપાસથી પુરવાર થાય છે કે, નિવેદન નિયમ મુજબ સીલપેક કવરમાં નામદાર કોર્ટમાં આવેલ અને તે આ સાહેદની હાજરીમાં તેમજ પી.પી.શ્રીની હાજરીમાં તેમજ આરોપીઓ અને તેમના વકીલશ્રીઓની હાજરીમાં

ખોલવામાં આવેલ છે, જે સ્પષ્ટ કરે છે કે, આ સાહેદનું નિવેદન મેજીસ્ટ્રેટશ્રીએ સંપૂર્ણ કાળજી લઈને નોંધેલ છે અને તેથી આંક –પી–૨૧૮(PW37) નાં નિવેદનને સહી પૂરતો નહીં, પરંતુ સંપૂર્ણરીતે આંકે પાડી અત્રેની કોર્ટ દ્વારા વંચાણે લેવામાં આવેલ છે અને આરોપીઓની ઊલટ તપાસ બાદ એ.પી.પી.શ્રીએ ફેરતપાસ કરેલ અને જેમાં પૂછેલ છે કે, પોલીસે બે ત્રણ દિવસ મોઢા પર કાળું કપડું બાંધી રાખેલ અને બે ત્રણ જગ્યાએ ફેરવેલ તે બાબતે આજરોજ કોર્ટમાં પહેલીવાર જણાવે છે અને કોઈ કોર્ટમાં કે પોલીસ વિરૂદ્ધ ફરિયાદ કરેલ નથી અને તે હકીકત સાચી હોવાનું આ સાહેદ જણાવે છે. ત્યારબાદ ફરીથી આરોપી નં.૯ તરફે તેની ઊલટ તપાસ કરવામાં આવે છે અને તેમાં એવો પ્રયત્ન કરેલ છે કે, તેમને પોલીસે બે ત્રણ દિવસ બેસાડી રાખી દબાણ કરેલ તેથી ગભરાઈ ગયેલ અને કૌશલના પિતાએ આ બાબતે લેખિત ફરિયાદ કરેલ જે તેમના ધ્યાન પર આવેલ હોય આ બાબતે તેઓએ ફરિયાદ કરેલ નથી. ઊલ્ટાનું આરોપીઓ તરફે ઊલટ તપાસમાં જે સજેશનો કરેલ છે તેનાથી આરોપીઓની સંડોવણી હોવાની હકીકત, કે જેને આ કેસના ફરિયાદ પક્ષના અન્ય પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ છે અને તેથી આરોપીઓ તરફેના આવા સજેશન, કે જે તેમની વિરૂદ્ધમાં જતા હોય તે પ્રસ્તુત બને છે અને ધ્યાને લેવાના રહે છે. આમ, ઉપરોક્ત ઊલટ તપાસના સજેશનથી આરોપીઓની સંડોવણીની હકીકત, કે જેને ફરિયાદ પક્ષના પુરાવાથી સમર્થન મળે છે અને આવા સજેશન, કે જે આરોપીને ગુનાના કામે સંડોવણીકારક હોય તેને અન્ય પુરાવાઓનું સમર્થન મળે તો તેને ધ્યાને લઈ શકાય. **(Reference is maid of judgement of Hon. Apex Court in Criminal appeal No.1910 Of 2010 Balu Sudam Khalde**

And Another V/s The State Of Maharastra. Dt.29/03/2023 Wherein it is held that suggestion maid in cross examination by defense counsel incriminating accused is binding on accused.)

(૩૯.૩) આ અનુસંધાને આંક–૨૨૭ વાળી કૌશલના પિતા અશોકભાઈ અમીનની ફરિયાદ જોતાં, તેમાં તેમના પોતાના દીકરાનું કે આ સાહેદનું કોઈ નામ જ નથી અને તે ઉપર ચર્ચા કરી તે મુજબ ચેનકેન પ્રકારે તેમના દીકરા અને આ સાહેદની સંડોવણી જો હોય અને તેથી સમાજમાં આબરૂ ન જાય તેવા હેતુથી કરેલ હોવાનું જણાય છે, અન્યથા કોઈપણ પિતા પોતાના પુત્રનું સીધું નામ લખે અને તેના મિત્રોનાં પણ નામ લખી નામજોગ ફરિયાદ કરે, જે આંક–૨૨૭ ની અરજી મુજબ કોઈ જગ્યાએ એવું લખેલ નથી કે આ સાહેદ તથા તેમના દીકરાઓને પોલીસ કઈ તારીખે લઈ ગયેલ અને કેટલા દિવસ પહેલાં લઈ ગયેલ અને તેમાં જણાવેલ છે કે, ઉપરોક્ત ઈસમો એટલે કે અશોકભાઈનો પુત્ર કૌશલ, આ સાહેદ ચિરાગ અને અન્ય સાહેદ મનિષ, કે જે તા.૧૫–૬–૦૬ ના રોજ પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું મારૂતિ વાનમાં આવેલ ચાર અજાણ્યા ઈસમોએ ખૂન કરેલ અને તેમાં મરણજનારના મોઢા ઉપર, કપાળ ઉપર, ડાબી આંખ પર બેઝબોલથી ઈજાઓ કરેલ તેનું વર્ણન છે અને તેથી આ લોકોને પોલીસ લઈ ગયેલ છે. પરંતુ, કઈ તારીખે લઈ ગયેલ છે તે જણાવતા નથી. હવે, આ અરજી જોઈએ તો, તા.૧૦–૭–૦૬ ની છે અને ચિરાગનું પોલીસ રૂબરૂનું નિવેદન તા.૧૧–૭–૦૬ નું છે અને આંક–પી–૨૧૮(PW37) નું નિવેદન મેટ્રો. મેજી. કોર્ટ રૂબરૂ તા.૧૪–૭–૦૬ નું છે, તે જોતાં, આ સાહેદને પોલીસ ઉઠાવી ગયેલ

હોય તે હકીકત શંકા ઉત્પન્ન કરે છે અને કોર્ટને ગેરમાર્ગે દોરવા માટે આવી હકીકત જણાવતા હોય તેવું જણાઈ આવે છે, કારણ કે, આંક–પી–૨૧૮(PW37)ના નિવેદન મુજબ આ સાહેદ મનિષ જયંતિલાલને ઓળખે છે અને પંકજ ત્રિવેદીની વોચ માટે તે ગયેલા, જે પંકજ ત્રિવેદી અશુભ પત્રિકાઓ અને ભાવનિર્જર મંદિર ખોલવા માટે પ્રયત્ન કરતા હોય તેથી તેનું ધ્યાન રાખવા જવાનું હોવાનું મનિષભાઈ આ કામના સાહેદ PW39 નાં કહેવાથી ગયેલા અને પંકજ ત્રિવેદી જ્યાં જ્યાં જાય તેની પાછળ પાછળ જવાનું કહેલું. ત્યારબાદ હિતેશ ચુડાસમાનો આ સાહેદ ઉપર ફોન આવેલ અને મનિષે તેમનો નંબર હિતેશને આપેલ હોવાનું કહેલ અને જણાવેલ કે, પેલા કામ માટે તમો આવી શકશો? અને તેથી આ સાહેદ સાંઈબાબાનું મંદિર છે ત્યાં સાડા બાર પોણા એક વાગ્યે પહોંચે છે અને ત્યાં હિતેશભાઈ અને દક્ષેશ અલગ અલગ બાઈક ઉપર આવે છે અને દક્ષેશ આ સાહેદ જોડે ઉભો રહે છે અને હિતેશ નિકળી જાય છે અને હિતેશ કહે છે કે, "પંકજભાઈની મરૂન કલરની ઈન્ડિકા ગાડી, જેનો નંબર ૧૫૩૬ હતો, જે સાડા ચાર વાગ્યે નિકળેલી તેની પાછળ આ સાહેદ જાય છે.

(૩૯.૪) આમ, આંક–પી–૨૧૮(PW37)નાં નિવેદન મુજબ આ સાહેદે મરણજનારની ગતિવિધિઓની પ્રક્રિયામાં સક્રિય ભાગ ભજવેલ તેવું પુરવાર થાય છે અને જે હકીકત જણાવે છે તે મુજબ મરણજનાર સેટેલાઈટ રહે છે અને તે વિસ્તારમાં જ આ સાહેદ જાય છે, જેને મરણજનારની પત્નિ શ્રુતિબેનની આંક–૩૩૮(PW73)ની જુબાનીથી મળે છે અને તેમની મુદ્દામાલ પરત લેવાની આંક–સી–૪૮૮ ની અરજીથી મળે છે, જેમાં જણાવેલ સરનામે આ સાહેદે દક્ષેશ સાથે વોચ રાખેલી.

(૪૦) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ મનિષભાઈ જયંતિભાઈ પટેલને આંક–૨૨૫(PW39)થી તપાસેલા છે. તેમની સોગંદ ઉપરની જુબાની જોવામાં આવે તો, તેઓ શેરબજારનો તથા ટ્રાવેલ્સનો ધંધો કરે છે, રાણીપ, અમદાવાદ મુકામે રહે છે, તેમજ વર્ષ ૨૦૦૬ નાં અરસામાં પોલીસે તેમની પૂછપરછ કરેલી. પોલીસ તેમને લઈ ગયેલી અને જુહાપુરા ખાતે એગ્રોનાં કેસમાં ત્રણ દિવસ રાખેલા અને સાહેદના પરિવારવાળાઓએ પોલીસને ફેક્સ કરેલો અને ક્યા કેસમાં લઈ ગયેલ છે તે ખબર નથી, પરંતુ વર્ષ ૨૦૦૬ માં તેઓ મોબાઈલ નં.૯૮૯૮૯૬૫૫૫૫ વાપરતા હતા અને હાલમાં પણ વાપરે છે તેવું જણાવેલ છે. તેઓ વધુમાં જણાવે છે કે, આરોપી હિતેશ ચુડાસમાને ઓળખતા નથી. તેમજ કોઈ કોર્ટમાં અગાઉ નિવેદન આપવા ગયેલ નથી. તેમને ઘીકાંટા કોર્ટમાં લઈ ગયેલ નથી અને કોઈ નિવેદન નોંધેલ નથી. તેમજ તેમનું નિવેદન બતાવતા તેના દરેક પેજ ઉપર તેમની સહી હોવાનું સ્વીકારે છે, જે નિવેદન આંક–પી–૨૨૬(PW39) થી રેકર્ડ પર આવેલ છે. ત્યારબાદ આ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય, એ.પી.પી.શ્રીએ નામદાર કોર્ટની પરવાનગીથી તેમને ફરી ગયેલા જાહેર કરી, પોલીસ રૂબરૂ તેઓએ તા.૧૧–૭–૨૦૦૬ ના રોજ જે નિવેદન આપેલ તેના અનુસંધાને ઊલટ તપાસ કરેલ છે, જેમાં પણ સમર્થન કરતા નથી અને આરોપીઓ તરફેની ઊલટ તપાસમાં જણાવે છે કે, તેમની સાથે બે માણસો હતા, જેમાં એક ચિરાગ હતો અને બીજાનું નામ કૌશલ હતું, અટક અમીન હતી અને તે બે પૈકીના એકના પરિવારજનોએ માનવ અધિકાર પંચ, ગૃહખાતા અને પોલીસ કમિશ્નર વગેરે જગ્યાએ અરજી કરેલી અને તેની અસલ પ્રત તેમના પિતાજી પાસે હતી તે પોતે લાવેલ છે અને રજૂ કરેલ છે. હવે, આ અરજી જોઈએ તો, તે આંક–

૨૨૭ થી રેકર્ડ પર છે, જે ઉપર ચર્ચા કરી તે મુજબ અશોકભાઈ એમ. અમીને લખેલ અને જો આ અરજી અલગ અલગ ઑફિસોમાં મોકલી આપેલ હોય તો પછી અસલ આ સાહેદ પાસે કેવીરીતે આવી? કારણ કે, અરજી લખનાર ઈસમનો દીકરો જે કૌશલ અશોકભાઈ અમીન છે, આ કામનો સાહેદ PW38 છે, તો શક્ય છે કે, આ અરજી કૌશલ રજૂ કરે, નહીં કે આ સાહેદ. અને કૌશલે નામદાર કોર્ટ રૂબરૂ તા.૫–૩–૨૦૨૦ ના રોજ જુબાની આપેલ છે, જ્યારે આ સાહેદ તા.૨૫–૮–૨૦૨૧ ના રોજ જુબાની આપે છે અને કૌશલની જુબાનીમાં ઝેરોક્ષ નકલ માર્ક ૨૨૦/એ થી રજૂ છે. આમ, આ અસલ અરજી રેકર્ડ ઉપર આ સાહેદની જુબાનીમાં આવે છે તે શંકાસ્પદ જણાઈ આવે છે અને ક્યાંકને ક્યાંક એવું માનવા પ્રેરીત કરે છે કે, આ કામના સાહેદ PW37 ચિરાગ વસંતલાલ ઠક્કર, PW38 કૌશલ અશોકભાઈ અમીન અને PW39 એટલે કે આ સાહેદ મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનાં ખૂનના ગુનાના કામે તેની વોચ રાખવા અને ગતિવિધિની જાણકારી મેળવવા આરોપી હિતેશ ચુડાસમા અને દક્ષેશ શાહ સાથે સંડોવાયેલા હતા અને તેથી જ જો આ અરજી દરેક ઑફિસમાં મોકલી હોય તો સ્વાભાવિક રીતે અસલ ન હોય.

(૪૦.૧) આમ, આ અરજી પોલીસ ઉપર આ ત્રણે સાહેદોને આ ગુનાના કામે ન સંડોવે તેવા આશયથી દબાણ લાવવા માટે કરેલ હોવાનું જણાઈ આવે છે. હવે, આ સાહેદની આરોપીઓ તરફેની વધુ ઊલટ તપાસ જોઈએ તો, તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનના અનુસંધાને કોઈ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી, એટલે કે, આંક–પી–૨૨૬(PW39) નું નિવેદન

કોઈ જ રીતે આરોપીઓ તરફે આ સાહેદની ઊલટ તપાસમાં પડકારેલ નથી, ઊલ્ટાનું આરોપીઓ તરફેની ઊલટ તપાસમાં એવું જણાવે છે કે, તા.૧૦–૭–૦૬ વાળી અરજી થયાં બાદ સહીઓ કરવાનું કહેતા સહી કરી આપેલ અને આરોપી બનાવી દઈશું તેવી પોલીસે ધમકી આપતા અને સતત પોલીસ હાજર હોય તેવું જણાવે છે. એટલે આંક–પી–૨૨૬(PW39)નું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન ખોટું પાડવાનો પ્રયત્ન કરેલ છે,પરંતુ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાની જોતાં, તેઓએ આ સાહેદનું તેમજ PW37, 38 નાં મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનો નોંધાવવા તજવીજ કરેલી, જે મુજબ આ સાહેદનું નિવેદન તા.૧૪–૭–૦૬ ના રોજ વિદ્વાન મેટ્રો. મેજી.શ્રીએ નોંધેલ છે, આમ, આ સાહેદનું નિવેદન ત. ક. અમલદારે તા.૧૧–૭–૦૬ ના રોજ નોંધેલ છે અને આંક–પી–૨૨૬(PW39) વાળું નિવેદન તા.૧૪–૭–૦૬ નું છે, જેથી આ સાહેદને કેટલા સમય પહેલાં લઈ ગયેલ તેની કોઈ સ્પષ્ટતા આ અરજીથી થતી નથી, પરંતુ આંક–પી–૨૨૬(PW39) ના નિવેદન મુજબ આ સાહેદની મરનાર પંકજ ત્રિવેદીના ખૂનના ગુનાના કામે તા.૮–૬–૦૬ થી તા.૯–૬–૦૬ તેમજ તા.૧૦–૬–૦૬ અને તા.૧૩–૬–૦૬ ના રોજ આરોપી હિતેશ ચુડાસમા સાથે મોબાઈલ પર વાતચીત થયેલ છે અને તેને લઈને આ સાહેદે મરનારની વોચમાં ભાગ ભજવેલ છે, જેમાં હિતેશભાઈ સિવાય રાજુભાઈ અને અન્ય બે માણસો હતા જે કેટરીંગના કામના છે તેવું કહેલ અને આમ આ સાહેદે રાજુભાઈ સાથે તેમના પોતાના મોટર સાયકલ નં.જીજે.૧.સીએલ.૪૨૪૬ ઉપર મરણજનારની ગતિવિધિઓની કામગીરીમાં સામેલ થયેલ અને ત્યારબાદ તા.૧૧–૬–૦૬ અને

તા.૧૨–૬–૦૬ ના રોજ હિતેશભાઈએ આ સાહેદને સોંપેલ પંકજ ત્રિવેદીની વોચ કરવાની ગતિવિધિ બાબતે શંકા જતા બે દિવસ ફોન ઉપાડેલ નહીં અને ત્યારબાદ તા.૧૩–૬–૦૬ ના રોજ હિતેશે બીજા નંબર ઉપરથી તેમને ફોન કરતા ફોન ઉપાડેલ અને કહેલ કે, "મારા ધંધાના કામના ભાઈઓ છે, તમે ડરતા નહીં" પરંતુ ડરના કારણે આ સાહેદ ત્યારબાદ ગયેલ નહીં અને ત્યારબાદ તા.૧૬–૬–૦૬ ના રોજ આ સાહેદ ટેરેસ પર સુતા હતા ત્યારે તેમના પિતાએ ઉઠાડીને કહેલ કે, પેપર વાંચ્યુ? જેમાં પંકજભાઈ ત્રિવેદીની હત્યા થઈ છે, આ વાંચતા આ સાહેદે જાણેલ કે, પંકજભાઈની હત્યા થઈ છે અને ખૂબ જ ડરી ગયેલા અને તેઓ બપોર બાદ શેરબજારની ઑફિસે બેસેલ હતા ત્યારે હિતેશનો ફોન આવેલ અને તેમને મળવાનું કહેલ, પરંતુ આ સાહેદે જણાવેલ કે, "હું રસ્તામાં ક્યાંય મળીશ નહીં" અને આ સાહેદ હિતેશને શાંતારામ હોલ, નિર્ણયનગર પાસે મળે છે તે વખતે હિતેશ કહે છે કે, " આપણું કંઈ છે નહીં, તું ડરીશ નહીં" અને આ જ હકીકત દસ બાર દિવસ પછી પણ હિતેશ કહે છે અને ત્યારબાદ હિતેશનું નામ પંકજભાઈની હત્યામાં આરોપી તરીકે વાંચેલું. એટલે આ સાહેદ તેમના આંક–પી–૨૨૬(PW39) નાં નિવેદનમાં જણાવે છે તે મુજબ પોતાનું મોટર સાયકલ લઈને મરનારની ગતિવિધિ માટે ગયેલા અને હત્યા બાદ તા.૧૬–૬–૦૬ થી દસ બાર દિવસ પછી આરોપી હિતેશ મળે છે, એટલે કે, તા.૨૬–૬–૨૦૦૬ કે તા.૨૮–૬–૨૦૦૬ ના રોજ છેલ્લે હિતેશ આ સાહેદને મળે છે અને ત્યારબાદ છાપામાં આરોપી તરીકે હિતેશનું નામ વાંચે છે અને હિતેશની આ કામે ધરપકડ તા.૪–૭–૦૬ ના રોજ થયેલ છે અને તેથી સ્વાભાવિક રીતે ત. ક. અમલદાર જણાવે છે તે મુજબ આ સાહેદના મોબાઈલ નં.૯૮૯૮૯૬૫૫૫૫ ઉપર હિતેશે

૯૪૨૭૦૦૧૧૦૨ ફોન કરેલ હોય અને તેની વિગત મળતા આ સાહેદને નિવેદન માટે બોલાવેલ હોય, જે નિવેદન ત. ક. અમલદારે તા.૧૧–૭–૦૬ ના રોજ નોંધેલ છે અને આંક–પી–૨૨૬(PW39) વાળું નિવેદન વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦, અમદાવાદ રૂબરૂ તા.૧૪–૭–૨૦૦૬ ના રોજ નોંધાયેલ છે, તે નિવેદનના દરેક પાને આ સાહેદની સહી છે. આ સાહેદને મેજીસ્ટ્રેટ સાહેબે નિવેદન બાબતે સમજૂત કરેલ છે અને તેઓ આ નિવેદન સ્વેચ્છાપૂર્વક આપે છે તેવું સ્વીકારીને ચાલે છે. તેમજ આ નિવદનના અંતે તેમની સહી છે અને મેજીસ્ટ્રેટ સાહેબે પણ તમામ કાયદેસરની પ્રક્રિયાઓ અનુસરીને આ નિવેદન નોંધેલ છે.

(૪૦.૨) આમ, આ સાહેદ જણાવે છે તે મુજબ પોલીસે ધાક–ધમકીથી આ નિવેદનમાં સહી કરાવેલ હોય તે હકીકત શંકા ઉત્પન્ન કરે છે, અન્યથા જે નિવેદન આંક–પી–૨૨૬(PW39) થી નોંધેલ છે તે પાંચ પાનાનું ટાઈપ કરેલ છે અને સીલબંધ હાલતમાં નામદાર કોર્ટ રૂબરૂ આ સાહેદની જુબાની વખતે ખોલીને રજૂ રાખેલ છે, એટલે આડકતરી રીતે મેજીસ્ટ્રેટ સાહેબની નિવેદન નોંધવાની પ્રક્રિયા ઉપર આક્ષેપ કરતા હોય તેવું જણાય છે. હવે આ સાહેદના નિવેદન મુજબ હિતેશનો મોબાઈલ નં.૯૪૨૭૦૦૧૧૦૨ હતો અને ચિરાગનો મોબાઈલ નં.૯૮૯૮૯૬૫૫૫૫ હતો તેના ઉપરથી આ સાહેદને ફોન આવેલ છે, જેમાં હિતેશે આ ગુનામાં ઉપયોગ કરેલ મોબાઈલ પોલીસે કબજે કરેલ, જે આંક–પી–૮૭(PW6) નાં પંચનામાની વિગતે કબજે કરેલ, જે પંચનામાનાં પંચ સાહેદ ઝહીરુદ્દીન સમસુદ્દીન સૈયદને આંક–૮૬(PW6)થી તપાસેલા છે અને અન્ય પંચ સાહેદ અબ્દુલ રસીદ અબ્દુલ રહેમાનને આંક–૨૪૮(PW50)થી તપાસેલા

છે, જે પંચનામું આંક–પી–૮૭(PW6) વાળું જોઈએ તો, તે મુજબ આરોપી હિતેશ રમેશસિંહ ચુડાસમાની શરીરસ્થિતિનું પંચનામું છે, તેમની પાસેથી મોબાઈલ ફોન નં.૧૧૦૦, જેનો સીમકાર્ડ નં.૯૪૨૭૦૦૧૧૦૨ નો કબજે કરેલ, તે જોતાં, આ આરોપી હિતેશ પાસે મોબાઈલ નં.૯૪૨૭૦૦૧૧૦૨ હોવાનું પુરવાર થયેલ છે, જે પોલીસે કબજે કરેલ છે તે ત. ક. અમલદારની આંક–૩૯૧(PW84)ની જુબાની તથા મુદ્દામાલ પાવતી નં.૧૯૭/૦૬ જોતાં, તે મુજબ આરોપી હિતેશસિંહ પાસેથી આ મોબાઈલ નોકીયા કંપનીનો કબજે કરેલ, જેમાં ઉપરોક્ત નંબરનું સીમ કાર્ડ હતું તે પુરવાર થયેલ છે. આમ, આ સાહેદ તેમના આંક–પી–૨૨૬(PW39) નાં નિવેદનમાં જણાવે છે તે મુજબ આરોપી હિતેશ અને દક્ષેશ સાથે મરણજનારની ગતિવિધિમાં તે સામેલ હતા અને આ નિવેદનને આરોપીઓ તરફે આ સાહેદની ઊલટ તપાસમાં પડકારેલ ન હોય, તેને અત્રેની કોર્ટ દ્વારા સહી પૂરતો નહીં પરંતુ સંપૂર્ણ આંક આપી, એટલે કે, એડમીટેડ ડોક્યુટમેન્ટ તરીકે વંચાણે લીધેલ છે, જે મેજીસ્ટ્રેટશ્રીએ સંપૂર્ણ કાર્યવાહી કરીને, એટલે કે, કાયદાની પ્રક્રિયા અનુસરીને નોંધેલ છે, જેના દરેક પાને તેમની સહી છે અને મેજીસ્ટ્રેટશ્રીએ પણ સહી કરી સર્ટીફિકેટ આપેલ છે કે, આ નિવેદન સાહેદે સ્વેચ્છાપૂર્વકનું લખાવેલ છે. હવે, આ મનિષના નિવેદન મુજબ તેમની પાસે મોટર સાયકલ નં.જીજે.૧.સીએલ.૪૨૪૬ હતી અને તેનો ઉપયોગ મરનાર પંકજની ગતિવિધિમાં કરેલ છે તેવું સમગ્ર આંક–પી–૨૨૬(PW39)નું નિવેદન જોતાં પુરવાર થાય છે.

(૪૧) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ કૌશલ અશોકભાઈ અમીનને આંક–૨૧૯(PW38) થી તપાસેલ છે, જે ઘોડાસર મુકામે અમદાવાદ રહે છે, વિમા

એજન્ટ તરીકે કામ કરે છે, સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયેલા છે અને સ્વાધ્યાય પરિવારના વિડીયો કેન્દ્ર અને યુવા કેન્દ્રમાં જાય છે, તેમને ૨૦૦૬ માં જુહાપુરા પોલીસેથી ફોન આવેલો અને તેથી તેઓ ગયેલા, તેમની મર્ડર કેસ બાબતે પૂછપરછ કરેલી, મર્ડર કોનું થયેલ તે જાણતા નથી, પરંતુ એ હકીકત ચોક્કસ છે કે, આ સાહેદ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે. મરનાર પંકજભાઈ તેમજ આરોપીઓ પણ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે તે જોતાં, આ સાહેદ મરનારને તથા આરોપીઓને સારી રીતે ઓળખતા જ હોય, જેમાં કોઈ શંકા કરી શકાય નહીં. તેમજ આ સાહેદ આરોપી દક્ષેશને ઓળખતા ન હોવાનું જણાવે છે અને તેમની સાથે પંકજ ત્રિવેદીની વોચમાં ગયેલ ન હોવાનું જણાવે છે. પરંતુ, આ સાહેદ આગળ એવું જણાવે છે કે, પોલીસે તેમને સ્વાધ્યાય પરિવારની પ્રવૃતિ અંગે પૂછપરછ કરવા બોલાવેલ અને મોઢે કાળું કપડું ઓઢાડી બે ત્રણ જગ્યાએ લઈ ગયેલ અને કોર્ટમાં લઈ ગયેલ હોય, સોગંદ ઉપર જુબાની આપેલ હોય તેવું બનેલ નથી. પરંતુ, તેમનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનમાં તેમની સહી ઓળખે છે અને તેથી તેને સહી પૂરતો આંક–પી–૨૨૦(PW38) અમારા અગાઉના ન્યાયાધીશે આપેલ છે, પરંતુ આ જે નિવેદન છે તે વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ નાઓએ તા.૧૪–૭–૨૦૦૬ ના રોજ નોંધેલ છે અને તે સી.આર.પી.સી. કલમ–૧૬૪ ની તમામ જોગવાઈઓનું પાલન કરીને નોંધેલ છે. તેમજ આ નિવેદન બાબતે આરોપીઓ તરફે ઊલટ તપાસમાં એવો પ્રયત્ન કરેલ છે કે, તેમને જુહાપુરા પોલીસે ત્રણ ચાર દિવસ ગોંધી રાખેલ અને તેમને જ્યાં રાખેલ ત્યાં મનિષ અને ચિરાગને પણ રાખેલ. તેમજ તેમના પિતાએ માર્ક–૨૨૦/એ વાળી અરજી કરેલી. તેમજ આ સાહેદ દક્ષેશ શાહ અને

તરૂણભાઈ નામની વ્યક્તિને ઓળખતા નથી તેમજ પોલીસ આ સાહેદને તથા મનિષ અને ચિરાગને ગુનાની કબૂલાત કરાવવા જુલમ કરતા હોય તાત્કાલિક છોડી મૂકવા તેમના પિતાએ માર્ક–૨૨૦/એ વાળી અરજી કરેલી અને જેટલા દિવસ ગોંધી રાખ્યા તેટલા દિવસ પોલીસ સાથે હતી. હવે આ સાહેદ જણાવે છે તે મુજબ પોલીસે નિવેદન આપવા દબાણ કરેલ અને જો નહીં આપે તો કેસમાં ફીટ કરવાની ધમકી આપતા હતા અને બે ત્રણ દિવસ મોઢા ઉપર કાળું કપડું પહેરાવીને બે ત્રણ જગ્યાએ લઈ ગયેલ, પરંતુ ક્યાં લઈ ગયેલ તે ખબર નથી અને પોલીસે ઑફિસમાં લઈ જઈ સહી કરશો તો જવા દઈશું તેમ કહેતા સહી કરેલી. આ હકીકતથી નિઃશંકપણે પુરવાર થાય છે કે, આ સાહેદે ટાઈપ કરેલ કાગળ પર સહી કરેલી, તો જો આ સાહેદના મોઢા ઉપર કાળું કપડું ઓઢાળેલ હોય તો ટાઈપ કરેલ કાગળ હતું તે કેવીરીતે જાણી શકે અને પોતાની સહીઓ પણ આંખે કાળું કપડું હોય, કઈ રીતે કરી શકે, જે અત્રે વિચાર માંગી લે તેવું છે. આમ, આ સાહેદ જે કાંઈ હકીકત જણાવે છે તે આરોપીઓના સમર્થનમાં અને આરોપીઓના પ્રભાવ હેઠળ આવીને જણાવતા હોય તેવું નિઃશંકપણે માનવાને કારણ રહે.

(૪૧.૧) આમ, આ પ્રકારની જુબાનીની હકીકત સ્વયં પુરવાર કરે છે કે, આ સાહેદ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ હાજર રહેલ છે અને ત્યાં તેમનું આંક–પી–૨૨૦(PW38)વાળું નિવેદન સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નોંધવામાં આવેલ છે, જે નિયમ અનુસાર નોંધવામાં આવેલ છે, જેમાં આ સાહેદે આ નિવેદન સ્વેચ્છાપૂર્વક આપવામાં આવેલ છે, કોઈના દબાણ વગર આપેલ છે તેવું નામદાર મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબને જણાવેલ છે અને આ

રીતે સમજાવ્યા બાદ આ સાહેદનું નિવેદન, કે જે ત્રણ પેજનું છે તે નોંધવામાં આવેલ છે, તેના દરેક પાના ઉપર આ સાહેદે અંગ્રેજીમાં K.A.Amin તરીકે સહી કરેલી છે અને વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબે પણ 'મારી રૂબરૂ' કરીને નિવેદનની શરૂઆતમાં સાહેદને સમજ આપ્યા બાદ તેમજ નિવેદન પૂર્ણ થયાં બાદ તેમજ નોંધ કરી સર્ટીફિકેટ આપ્યા બાદ પોતાની સહી કરેલી છે, જે હકીકત પુરવાર કરે છે કે, આ સાહેદે આંક–પી–૨૨૦(PW38) વાળું નિવેદન પોતાની સ્વેચ્છાએ લખાવેલ છે અને આરોપીઓ તરફેની ઊલટ તપાસથી મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦, અમદાવાદની સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદન નોંધવાની પ્રક્રિયાને આડકતરી રીતે પડકારેલ છે, એટલે કે, પોલીસે આ નિવેદન અગાઉથી જ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ પાસે તૈયાર કરાવડાવી લીધેલ અને તેમાં આ સાહેદ સિવાયની મેજીસ્ટ્રેટ સાહેબની સહીઓ પણ લઈ લીધેલ અને ત્યારબાદ આ સાહેદની સહીઓ કરાવેલ તેવો નિરર્થક પ્રયત્ન કરેલ છે, કે જે ન્યાયની પ્રક્રિયામાં કોઈ જ રીતે શક્ય નથી, કારણ કે, મેજીસ્ટ્રેટ સાહેબ પોતે જવાબદાર અધિકારી છે, પબ્લિક સર્વન્ટ છે અને સાહેદ પોતે એવું જણાવતા નથી કે આ નિવેદન ધાકધમકીથી મેજીસ્ટ્રેટ સાહેબે લખાવેલ છે, ઊલ્ટાનું આરોપીઓ તરફેની ઊલટ તપાસથી સ્વયં પુરવાર થાય છે કે, આ સાહેદે મેટ્રો. મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ રૂબરૂ જઈને આંક–પી–૨૨૦(PW38) નું નિવેદન લખાવેલ છે.

(૪૧.૨) આમ, આ સાહેદની આવી ઊલટ તપાસ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦ સાહેબની નિવેદન નોંધવાની પ્રક્રિયાને પડકાર સમાન છે,

પરંતુ ભારતીય પુરાવા કાયદાની કલમ–૮૦ મુજબ જ્યારે મેજીસ્ટ્રેટ સાહેબે તેમની કામગીરી નિષ્ઠાપૂર્વક અને કાયદેસરની પ્રક્રિયા અનુસરીને કરેલી હોય ત્યારે આવી આરોપીઓ તરફેની ઊલટ તપાસ આરોપીઓને કોઈ જ રીતે મદદરૂપ થઈ શકે નહીં. વધુમાં આ સાહેદ નામદાર કોર્ટ રૂબરૂ તા.૫–૩–૨૦૨૦ ના રોજ જે જુબાની આપે છે તે જુબાનીમાં સરતપાસમાં એવું ક્યાંય જણાવતા નથી કે પોલીસે તેમને મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં બળજબરી લઈ જઈ અને સહીઓ કરાવેલી. ઊલ્ટાનું સાહેદની સરતપાસથી પુરવાર થાય છે કે, નિવેદન નિયમ મુજબ સીલપેક કવરમાં નામદાર કોર્ટમાં આવેલ અને તે આ સાહેદની હાજરીમાં તેમજ પી.પી.શ્રીની હાજરીમાં તેમજ આરોપીઓ અને તેમના વકીલશ્રીઓની હાજરીમાં ખોલવામાં આવેલ છે, જે સ્પષ્ટ કરે છે કે, આ સાહેદનું નિવેદન મેજીસ્ટ્રેટશ્રીએ સંપૂર્ણ કાળજી લઈને નોંધેલ છે અને તેથી આંક –પી–૨૨૦(PW38) નાં નિવેદનને સહી પૂરતો નહીં, પરંતુ સંપૂર્ણરીતે આંકે પાડી અત્રેની કોર્ટ દ્વારા વંચાણે લેવામાં આવેલ છે. તેમજ આ સાહેદ ઘરે આવે છે ત્યારે તેમના પિતાએ કરેલ અરજી માર્ક–૨૨૦/એ વાળી તેમના ધ્યાન પર આવે છે, જે અરજી આંક–૨૨૭ વાળી આ સાહેદના પિતા અશોકભાઈ અમીનની ફરિયાદ જોતાં, તેમાં તેમના પોતાના દીકરાનું કે એટલે કે, આ સાહેદનું અને PW37, 39 નાં નામ જ નથી જણાવ્યા અને તે ઉપર ચર્ચા કરી તે મુજબ ચેનકેન પ્રકારે તેમના દીકરા અને આ સાહેદની સંડોવણી જો હોય અને તેથી સમાજમાં આબરૂ ન જાય તેવા હેતુથી કરેલ હોવાનું જણાય છે, અન્યથા કોઈપણ પિતા પોતાના પુત્રનું સીધું નામ લખે અને તેના મિત્રોનાં પણ નામ લખી નામજોગ ફરિયાદ કરે, જે આંક–૨૨૭ ની અરજી મુજબ કોઈ જગ્યાએ એવું લખેલ નથી કે આ સાહેદ તથા તેમના દીકરાને

પોલીસ કઈ તારીખે લઈ ગયેલ અને કેટલા દિવસ પહેલાં લઈ ગયેલ અને તેમાં જણાવેલ છે કે, ઉપરોક્ત ઈસમો એટલે કે અશોકભાઈનો પુત્ર કૌશલ, જે હાલના સાહેદ તથા સાહેદ ચિરાગ અને અન્ય સાહેદ મનિષ, કે જે તા.૧૫–૬–૦૬ ના રોજ પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું મારૂતિ વાનમાં આવેલ ચાર અજાણ્યા ઈસમોએ ખૂન કરેલ અને તેમાં મરણજનારના મોઢા ઉપર, કપાળ ઉપર, ડાબી આંખ પર બેઝબોલથી ઈજાઓ કરેલ તેનું વર્ણન છે અને તેથી આ લોકોને પોલીસ લઈ ગયેલ છે. પરંતુ, કઈ તારીખે લઈ ગયેલ છે તે જણાવતા નથી.

(૪૧.૩) હવે, આ અરજી જોઈએ તો, તા.૧૦–૭–૦૬ ની છે અને ચિરાગનું, કૌશલનું તથા મનિષનું પોલીસ રૂબરૂનું નિવેદન તા.૧૧–૭–૦૬ નું છે અને તેઓના સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનો મેટ્રો. મેજી. કોર્ટ રૂબરૂ તા.૧૪–૭–૦૬ નાં છે, તે જોતાં, આ સાહેદોને પોલીસ ઉઠાવી ગયેલ હોય તે હકીકત શંકા ઉત્પન્ન કરે છે અને કોર્ટને ગેરમાર્ગે દોરવા માટે આવી હકીકત જણાવતા હોય તેવું જણાઈ આવે છે, કારણ કે, આંક–પી–૨૨૦(PW38)ના નિવેદન મુજબ આ સાહેદ તરુણ રાઠીની બાઈક પાછળ બેસીને પંકજ ત્રિવેદીની વોચ માટે ગયેલા, જે પંકજ ત્રિવેદી તેમની કાર જીજે.૧.એચબી. લાલ કલરની ઈન્ડિકા લઈને જ્યાં જ્યાં ગયેલ તેમની પાછળ આ સાહેદ તરુણ રાઠી પાછળ બાઈક પર બેસીને ગયેલ અને તેઓ સાંઈબાબા મંદિર પાસે આવે છે, ત્યાં ચંદ્રકાંત નામનો વ્યક્તિ આવે છે તેનું બાઈક લઈને આ સાહેદ ઘરે જતા રહે છે. આમ, આંક–પી–૨૨૦(PW38) નાં નિવેદન મુજબ આ સાહેદે મરણજનારની ગતિવિધિઓની પ્રક્રિયામાં સક્રિય ભાગ ભજવેલ તેવું પુરવાર થાય છે અને જે

હકીકત જણાવે છે તે મુજબ મરણજનાર સેટેલાઈટ રહે છે અને તે વિસ્તારમાં જ આ સાહેદ જાય છે, જેને મરણજનારની પત્નિ શ્રુતિબેનની આંક – ૩૩૮(PW73)ની જુબાનીથી મળે છે અને તેમની મુદ્દામાલ પરત લેવાની આંક–સી–૪૮૮ ની અરજીથી મળે છે, જેમાં જણાવેલ સરનામે આ સાહેદે દક્ષેશ સાથે વોચ રાખેલી. વધુમાં આ કામે મરનારની વોચ રાખવા માટે જે બે મોટર સાયકલોનો ઉપયોગ કરેલ તે બન્ને અનુક્રમે આંક–પી–૨૬૪(PW58) અને આંક–પી–૨૬૫(PW58)નાં પંચનામાઓથી કબજે કરેલ તે બન્ને પંચનામાઓનાં પંચ સાહેદ જીતેન્દ્ર શાંતિલાલ પટેલને આંક–૨૬૩(PW58) તથા અન્ય પંચ સાહેદ મહેન્દ્ર નારણદાસ સોનીને આંક–૩૨૪(PW72)થી તપાસેલા છે. તે બન્ને જણા તેમની જુબાનીમાં આંક–પી–૨૬૪(PW58) અને આંક–પી–૨૬૫(PW58)નાં પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવે છે. પરંતુ આરોપી હિતેશ ચુડાસમા અને દક્ષેશ શાહને ઓળખવાની ના પાડે છે. હવે, આ બન્ને પંચ સાહેદો ઘાટલોડીયા રહે છે અને આ પંચનામાઓમાં તેઓની સહીઓ ઓળખે છે, જે મુજબ આંક–પી–૨૬૪(PW58)નાં પંચનામાથી આરોપી હિતેશ ચુડાસમા, કે જે તા.૫–૭–૦૬ ના રોજ પોલીસ કસ્ટડીમાં હતો તે સમયે આ આંક–પી–૨૬૪(PW58)વાળા પંચનામાની વિગતે તેણે બતાવેલ રસ્તે જઈને જે જગ્યાએ મોટર સાયકલ ટીવીએસ મેક્સ–૧૦૦ આર કાળા કલરનું, જેનો રજીસ્ટ્રેશન નં.ડી.એ.૮૪૧૬ પાર્કીંગમાં પડેલ તે મોટર સાયકલ કબજે કરવામાં આવેલ છે. આ મોટર સાયકલ આ કામના સાહેદ ગીરીશ પ્રેમજી ચૌધરી આંક–૧૭૬(PW13)નું હોવાનું પુરવાર થયેલ છે, જે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોતે કેટરીંગનો ધંધો કરે છે અને આરોપી હિતેશ ચુડાસમા પણ

તેમના ધંધાના ભાગીદાર છે, જે કોર્ટમાં હાજર છે, તેમને ઓળખે છે અને પોતાની પાસેના મોબાઈલ નંબરો ૯૪૨૭૦૦૧૧૧૫ અને ૯૮૨૫૫૦૫૭૨૦ હોવાનું જણાવે છે અને હાલમાં પણ આ બન્ને નંબરો તેમની પાસે હોવાનું જણાવે છે, પરંતુ તા.૧૦-૬-૦૬ થી તા.૧૩-૬-૦૬ સુધી આ નંબરો પર કોની સાથે વાતચીત થઈ તે જણાવતા નથી, પરંતુ તેમની પાસે એક મોટર સાયકલ નં.૮૪૧૬ વાળી હોવાનું જણાવે છે અને હિતેશ ચુડાસમાનો મોબાઈલ નંબર યાદ ન હોવાનું જણાવે છે.

(૪૧.૪) આમ, આ સાહેદ, કે જે આરોપી હિતેશ ચુડાસમાના ધંધાના ભાગીદાર છે અને તેથી સ્વાભાવિક રીતે જ હિતેશને ઓળખતા જ હોય અને મોબાઈલ નંબર પણ તેમની પાસે હોય જ, પરંતુ હિતેશ, કે જે મરનાર પંકજ ત્રિવેદીનાં ખૂનનાં ગુનાનો આરોપી હોય, તેથી તેમની સંડોવણી ન થાય તે હેતુથી આ સાહેદ હિતેશનાં મોબાઈલ નંબર જણાવે નહીં તે સ્વાભાવિક છે, પરંતુ હિતેશે મરનાર પંકજની ગતિવિધિઓની વોચ માટે PW37, PW38, PW39 તથા આરોપી દક્ષેશ શાહ સાથે જે બે મોટર સાયકલનો ઉપયોગ કરેલ તે પૈકીની એક મોટર સાયકલ આ સાહેદની હતી તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે, કારણ કે, આ સાહેદ તેમની મોટર સાયકલનો નંબર ૮૪૧૬ હોવાનું જણાવે છે, જે આંક-પી-૨૬૪(PW58) નાં પંચનામા મુજબ જીજે.૧.ડીએ.૮૪૧૬ જ છે, જે આરોપી હિતેશે પોલીસ કસ્ટડીમાં હોય, રજૂ કરેલ, જે પુરાવા કાયદાની કલમ-૨૭ મુજબ પુરવાર થાય છે. તેમજ આ હકીકતને વધુ સમર્થન સાહેદ ગીરીશભાઈએ મેટ્રોપોલીટન કોર્ટમાં તેમનું આ મોટર સાયકલ છોડાવવા જે અરજી કરેલી તે

અરજી સાથે રજૂ રાખેલ માલિકીનાં દસ્તાવેજો મુજબ ગીરીશભાઈ પ્રેમજીભાઈ ચૌધરી પોતે ટીવીએસ કંપનીની મોટર સાયકલ નંબર જીજે.૧.ડીએ. ૮૪૧૬ નાં માલિક હોવાનું પુરવાર થાય છે, જે અરજી અને હુકમ અને દસ્તાવેજોને આંક–સી–૪૮૯ આપી વંચાણે લીધેલ છે, કે જે આ કેસના ન્યાયિક નિર્ણય માટે જરૂરી છે.

(૪૧.૫) આમ, આંક–પી–૨૬૪(PW58)નાં પંચનામાનાં પંચ સાહેદો ભલે સમર્થન કરતા ન હોય, પરંતુ સાહેદ ગીરીશભાઈની જુબાની તથા ત. ક. અમલદારની આંક–૩૯૧(PW84)ની જુબાની તથા આંક–સી–૪૮૯ મુજબ આ પંચનામું નિઃશંકપણે પુરવાર થયેલ છે. તેમજ આંક–પી–૨૬૫(PW58) નાં પંચનામા મુજબ મોટર સાયકલ ટીવીએસ વીકટર કંપનીનું જીજે.૧.ઈસી.૬૦૯૪, કે જે આરોપી દક્ષેશ હસમુખલાલ શાહ પોતે પોલીસ કસ્ટડીમાં હતા તે સમયે તા.૫–૭–૦૬ ના રોજ તેમના બતાવે રસ્તે જઈને જે જગ્યાએ મૂકેલ ત્યાંથી કબજે કરેલ તે પંચનામું ત. ક. અમલદારની સોગંદ ઉપરની આંક–૩૯૧(PW84) ની સોગંદ ઉપરની જુબાની તેમજ આરોપી દક્ષેશે પોતે મેટ્રોપોલીટન કોર્ટમાં તેમની માલિકીનું આ મોટર સાયકલ છોડાવવા જે અરજી કરેલી તે અરજી તથા તે લગતનો હુકમ અને માલિકીના દસ્તાવેજો આંક–સી–૪૯૦ થી આ કેસના ન્યાયિક નિર્ણય માટે વંચાણે લેવામાં આવેલ છે, જે વંચાણે લેતાં, મોટર સાયકલ નં.જીજે.૧.ઈસી. ૬૦૯૪ તેમની માલિકીની હોવાનું પુરવાર થાય છે અને આમ આંક–પી–૨૬૫(PW58)વાળું પંચનામું અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૪૧.૬) આમ,આંક–પી–૨૬૪(PW58) અને આંક–પી–૨૬૫(PW58) નાં બન્ને પંચનામાઓ આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા અને આરોપી દક્ષેશ હસમુખલાલ શાહનાઓ પોલીસ કસ્ટડીમાં હોય અને તેમના થકી આ બન્ને મોટર સાયકલ તેઓએ મરનાર પંકજ ત્રિવેદીનાં ખૂનના ગુનામાં વાપરેલ હોય તે પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબ બન્ને પંચનામાઓ અત્રે પુરવાર થયેલ છે. આમ, આ પંચનામાઓની હકીકતો ધ્યાને લેતાં, આ કામે PW37, PW38, PW39 નાં સાહેદોનાં સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનો, કે જે આંક–પી–૨૧૮(PW37),આંક–પી–૨૨૦(PW38) અને આંક–પી–૨૨૬(PW39) થી રેકર્ડ પર છે તે નિવેદનોમાં જણાવેલ હકીકતોને સમર્થન મળતું હોય, તે નિવેદનો પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે.

(૪૧.૭) વધુમાં PW37, PW38, PW39 નાં સાહેદોનાં ત. ક. અમલદાર દ્વારા તા.૧૧–૭–૨૦૦૬ ના રોજ નિવેદનો લેવામાં આવેલ છે અને તેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનો, કે જે આંક–પી–૨૧૮(PW37),આંક–પી–૨૨૦(PW38) અને આંક–પી–૨૨૬(PW39) વાળા મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી દ્વારા નોંધવામાં આવેલ છે, જેઓએ આ નિવેદન સ્વૈચ્છાપૂર્વકનું આપેલ છે. જે આ નિવેદનથી પુરવાર થાય છે, કારણ કે આ **સાહેદને વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આ નિવેદન બાબતે સમજૂત કરેલ અને એવું પણ પૂછેલ છે કે, આ નિવેદન કરવા તેઓ બંધાયેલા નથી. તેમજ આ નિવેદન ભવિષ્યમાં તેમની વિરૂદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવામાં આવશે અને તેના જવાબમાં આ સાહેદ લખાવે છે કે, હું રાજીખુશીથી સ્વૈચ્છીકરીતે આ નિવેદન**

આપવા માંગું છું અને મને કરેલ સવાલ સ્પષ્ટપણે સમજી શકું છું, છતાં આ નિવેદન આપવું છે. હું આ નિવેદન કોઈપણ એજન્સી કે પોલીસના દબાણ વગર સ્વૈચ્છાએ આપું છું. આ જવાબના અંતે PW37, PW38, PW39 નાઓએ તેઓની સહી કરેલ છે અને રૂબરૂમાં મેજીસ્ટ્રેટશ્રીએ સહી કરેલ છે. ત્યારબાદ આ નિવેદનો સોગંદ આપી નોંધવામાં આવેલા છે, જેમાં આ તમામ સાહેદો જણાવે છે કે, આ ગુનાના આરોપીઓ હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા અને દક્ષેશ હસમુખલાલ શાહની સાથે મોટર સાયકલ ઉપર બનાવ પહેલાં મરણજનાર પંકજ ત્રિવેદીની વોચમાં રહેલા અને પંકજ ત્રિવેદી તેમના ઘરેથી તેમની લાલ કલરની ઈન્ડિકા કારમાં નિકળતા હતા અને જ્યાં જ્યાં જતા હતા તેની ગતિવિધિઓ ઉપર આ સાહેદોએ આરોપી હિતેશ અને દક્ષેશ સાથે રહીને વોચ રાખેલી અને તે રીતે તેમના ઉપરોક્ત નિવેદનો **પૂરા થયાં બાદ આ તમામ સાહેદોએ દરેક પાના ઉપર સહી કરેલી છે અને રૂબરૂ તરીકે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૦, અમદાવાદની સહી છે અને નીચે નોંધ પણ મારવામાં આવેલ છે કે, આ નિવેદનો સાહેદોને સમજાવ્યા છે, જે નિવેદનો સ્વૈચ્છીક રાજીખુશીથી થયેલા છે, જે તેઓને વાંચી સંભળાવેલા છે અને આ નિવેદનો સાચા હોય, કબૂલ રાખેલ છે અને ત્યારબાદ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટે પોતાની સહી કરેલી છે.**

(૪૧.૮) **ઉપરોક્ત જે નિવેદનો આંક–પી–૨૧૮(PW37),આંક–પી–૨૨૦(PW38) અને આંક–પી–૨૨૬(PW39)નાં છે તે નિવેદનોનાં અનુસંધાને આરોપીઓ તરફે એવી દલીલ કરેલ છે કે, આ નિવેદનો સી.આર.પી.સી. કલમ–૧૬૪ ની જોગવાઈઓ મુજબ નોંધેલ નથી, કારણ કે તે**

કન્ફેશનલ સ્ટેટમેન્ટ તરીકે નોંધેલ છે, જે કન્ફેશનલ સ્ટેટમેન્ટ આરોપીનું હોય છે, નહીં કે સાહેદનું. આમ, આ નિવેદનોને સી.આર.પી.સી. ૧૬૪ નાં નિવેદનો કહી શકાય નહીં અને સાહેદોએ પોતે તેઓની ખાલી સહીઓ ઓળખે છે અને બીજી કોઈ હકીકત જણાવતા નથી તેથી આ નિવેદનો પુરાવામાં વાંચી શકાય નહીં. પરંતુ, અત્રેની કોર્ટ દ્વારા સી .આર.પી.સી. કલમ–૧૬૪(૫) ની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવેલ છે, (5) Any statement (other than a confession) made under sub-section (1) shall be recorded in such manner hereinafter provided for the recording of evidence as is, in the opinion of the Magistrate, best fitted to the circumstances of the case; and the Magistrate shall have power to administer oath to the person whose statement is so recorded. આમ, ઉપરોક્ત જોગવાઈ ધ્યાને લેતાં, જે તે મેજીસ્ટ્રેટશ્રીને કેસના સંજોગો જોતાં તેમને યોગ્ય લાગે તે રીતે સાક્ષીનું સ્ટેટમેન્ટ નોંધી શકે છે અને આ કામે મેજીસ્ટ્રેટશ્રીએ જે ફોર્મમાં સાહેદોનાં આંક–પી–૨૧૮(**PW**37),આંક–પી–૨૨૦(**PW**38) અને આંક–પી–૨૨૬(**PW**39)વાળા નિવેદનો નોંધેલા છે તેમાં કન્ફેશનલ સ્ટેટમેન્ટની જોગવાઈઓ ધ્યાને લઈ નોંધેલ હોય તેનાથી આ નિવેદનો નિરર્થક બની જાય નહીં, ઊલ્ટાનું આ નિવેદનોની સત્યતા વધુ પ્રબળ બની જાય છે અને આમ, મેજીસ્ટ્રેટશ્રીએ જે સમજ સાહેદોને આપેલ છે તે મુજબ આ નિવેદનો **PW**37, **PW**38, **PW**39 નાઓએ પોતે સ્વૈચ્છીક નોંધાવેલ હોય તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને તેને ભારતીય પુરાવા કાયદાની કલમ–૮૦ મુજબ પણ આ નિવેદનો સાચા હોય, સંપૂર્ણરીતે વંચાણે લેવામાં આવેલ છે, કારણ કે,

મેજીસ્ટ્રેટશ્રીએ જે નિવેદનો નોંધેલ છે તે નિવેદનો સાચા હોવાનું તેમણે આ નિવેદનો નોંધતી વખતે જે પ્રક્રિયા અપનાવેલ છે તેનાથી સંપૂર્ણ સમર્થન મળે છે. વધુમાં આ સાહેદોની આરોપીઓ તરફે કોઈ જ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી. એટલે કે, આ નિવેદનો બિન–પડકારેલ છે, જેથી તે અત્રે નહીં માનવાને કોઈ કારણ નથી અને તેથી જ તેને વંચાણે લેવામાં આવેલ છે, કે જે નિવેદનોને ઉપર ચર્ચા કરી તે મુજબ આંક –પી–૨૬૪(PW58), આંક–પી–૨૬૫(PW58) નાં પંચનામાઓ અને સાહેદ ગીરીશ પ્રેમજી ચૌધરી (PW13) અને ત. ક. અમલદારની આંક–૩૯૧(PW84)ની જુબાની તેમજ આંક–સી–૪૮૯ અને આંક–સી–૪૯૦ નાં દસ્તાવેજોથી સમર્થન પ્રાપ્ત થયેલ છે. આમ, ઉપરોક્ત પુરાવો ધ્યાને લઈએ તો, આ કામના આરોપીઓ હિતેશ રમેશસિંહ ચુડાસમા અને દક્ષેશ હસમુખલાલ શાહનાઓ મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનાં ખૂનના ગુનામાં અન્ય આરોપીઓ સાથે ગુનાહિત કાવતરામાં સામેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૪૨) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ હરેશભાઈ અરજણભાઈ વાઢેરને આંક–૧૮૨(PW16) થી તપાસવામાં આવેલ છે, જે આ કામના આરોપી નં.૫ માનસિહ અરજણ વાઢેરનાં સગાં ભાઈ થાય છે, તેમની જુબાની જોઈએ તો, તેઓ વર્ષ ૨૦૦૬ માં ન્યુ પારસ સોસાયટી, શેરી નં.૩, રાજકોટ ખાતે તેમના નાના ભાઈ માનસિહ સાથે રહેતા હતા. આમ, હાલનો ગુનો પણ વર્ષ ૨૦૦૬ નો છે અને તેમના ભાઈ માનસિહનાં કપડાં, કે જે મુદ્દામાલ આર્ટીકલ ૪૧, ૪૨ વાળા સીલબંધ હાલતમાં છે, તે કોર્ટ રૂબરૂ ખોલી બતાવતા, તેમાંથી સફેદ કલરનું પેન્ટ

અને બુશર્ટ નિકળેલ, પરંતુ આ કપડાં પોલીસને પોતે આપેલ હોવાનો ઈન્કાર કરે છે. હવે આ કપડા આંક–પી–૧૮૪(PW17) ના પંચનામા મુજબ પંચ સાહેદ અશ્વિનભાઈ મોહનભાઈ પરમારની આંક–૧૮૩(PW17) તથા આ પંચનામાના અન્ય પંચ સાહેદ રમેશભાઈ રાજારામ બકોતરા આંક–૧૯૧(PW18) નાઓની હાજરીમાં ત.ક.અમલદાર સી.કે.બાબરીયાએ કબજે કરેલ, જે આરોપી માનસિંહ અરજણસિંહ વાઢેરે જે કપડાં પહેરેલ તે તેમના ભાઈ હરેશ અરજણભાઈ વાઢેર એટલે કે PW16 નાઓએ તેમનું મકાન કે જે રાજકોટ મુકામે ન્યુ પારસ સોસાયટી, શેરી નં. ૩, ૮૦ ફુટનો રોડ, નહેરુનગર, રાજકોટના સરનામેથી જે સ્ટીલનો ઘોડો મોકલેલ તે સરનામેથી કોઇ કપડા મળી આવેલ ના હોય તેમજ ગુન્હામાં વાપરેલ મુદ્દામાલ મળી આવેલ ના હોય તે નીલ પંચનામુ કરેલ. પરંતુ ત. ક. અમલદારની આંક–૩૯૧(PW84)ની સરતપાસનાં પેરા–૨૪ મુજબ માનસિહ વાઢેરના કપડાં તેમના ભાઈએ, એટલે કે, આ સાહેદે લાવી, રજૂ કરતા તે પંચનામાની વિગતે કબજે કરેલ તેવું જણાવે છે. આ પંચનામું પંચોની હાજરીમાં કરવામાં આવેલ છે. તેમજ ત. ક. અમલદારની ઊલટ તપાસમાં પણ આ હકીકતથી વિરૂદ્ધની કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૪૨.૧) હવે, આ કપડાં આંક–પી–૨૩૮(PW44) નાં પંચનામાથી કબજે કરેલ છે, જે તેમના ભાઈ હરેશભાઈ વાઢેરે તેમના વતનમાંથી લાવી રજૂ કરેલ અને તેમનું વતન કે જે મુળ ગામ જલંધર ગીર, તાલુકા માળીયા હાટીના, જી.જુનાગઢનું હોય ત્યાંથી લાવી રજૂ કરેલ. જે પંચનામાનાં પંચ સાહેદ યુસુફખાન બિસ્મીલ્લાખાન પઠાણને આંક–૨૩૫(PW44)થી તપાસેલા છે. તેમજ આ

પંચનામાનાં બીજા પંચ સાહેદ ફિરોજખાન સિકંદરભાઈ શેખને આંક – ૨૩૯(PW45) થી તપાસેલા છે, જે બન્ને પંચ સાહેદો પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે, તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૪૧ અને ૪૨, કે જે નામદાર મેટ્રોપોલીટન કોર્ટે કેસ કમીટ કરેલ તે મુજબના આર્ટીકલ છે, જ્યારે મુદ્દામાલ પાવતી મુજબ તે આર્ટીકલ નં.૩૭ અને ૩૮ થી છે. આમ, આરોપી માનસિહનાં જે કપડાં કબજે કર્યા તેમાં આર્ટીકલ સંબંધે કોઈ શંકા ન રહે તેથી આ સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આમ, જે કપડાં છે તેમાંથી જે પંચ સ્લીપો નિકળેલ તે આંક–પી–૨૩૬(PW44) અને આંક–પી–૨૩૭(PW44) વાળી સ્લીપોમાં પણ પોતાની સહી ઓળખી બતાવે છે. હવે આંક–પી–૨૩૮(PW44) નું પંચનામું તા.૧૪–૭–૦૬ ના રોજ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે જુહાપુરા રોડ, એગ્રો ખાતે આવેલ પોલીસ બિલ્ડીંગમાં કરેલ છે અને આ બન્ને પંચો પણ જુહાપુરા રહે છે, તેથી સ્વાભાવિક રીતે તેઓ વિશાલાથી જુહાપુરા તરફ જાય છે અને ત્યારે પોલીસના માણસ બોલાવે છે અને તેમની સહી કરાવેલાનું જણાવે છે,પરંતુ બન્ને જણા પોલીસ સ્ટેશનમાં હાજર હતાં અને આ પંચનામું તેમની હાજરીમાં કરેલ તેવું ત. ક. અમલદાર સોગંદ ઉપર જણાવે છે અને આરોપીઓ તરફે આ બન્ને પંચ સાહેદોની કોઈ જ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૪૨.૨) આમ, આંક–પી–૨૩૮(PW44) નાં પંચનામાની વિગતે આરોપી માનસિહ અરજણ વાઢેરે બનાવ સમયે પહેરેલ કપડાં કબજે કરેલ છે અને તે એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે મોકલેલ છે. આ કપડાં કબજે કરેલ તેને મુદ્દામાલ પાવતીથી પણ સમર્થન મળે છે, જેને આંક–પી–૪૦૪

(PW84)વાળી રવાનગી નોંધથી એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે મોકલવામાં આવેલ, જે મુજબ આ કપડાંઓ માર્ક–એ/૧ અને બી/૧ થી મોકલેલ, જે એફ.એસ.એલ. કચેરીને સીલપેક હાલતમાં મળેલ હોવાનું આંક–પી–૪૧૬ (PW84), આંક–પી–૪૧૭ (PW84) થી પુરવાર થાય છે અને તે મુજબ આ નમૂના એ/૧ અને બી/૧ ઉપર રુધિરની હાજરી મળેલાનો રિપોર્ટ છે, જે સીરોલોજી વિભાગના રિપોર્ટ મુજબ 'બી' ગૃપનું માનવ રુધિર મળેલ છે તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે. આમ, ભલે, પંચ સાહેદો અને માનસિહનાં ભાઈ હરેશભાઈ સમર્થન કરતા ન હોય, પણ આરોપી માનસિહે બનાવ સમયે પહેરેલ કપડાં પોલીસે સાહેદ હરેશભાઈ અરજણભાઈ વાઢેર પાસેથી કબજે કરેલાની હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ છે અને આ સાહેદની આરોપીઓ તરફે કોઈ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી, ઊલ્ટાનું આરોપી નં.૯ તરફે એવું પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરેલ છે કે, માનસિહ કારખાનામાં નોકરી કરતા હતા અને વર્ષ ૨૦૦૬ નાં જુન મહિનામાં તેઓ ઘરે હતાં. આ ઊલટ તપાસ સ્વયં પુરવાર કરે છે કે, માનસિહનાં બનાવ સમયે પહેરેલ કપડાં અંગે આરોપીઓને કોઈ જ શંકા નથી, એટલે કે, આ કપડાં રજૂ કરવામાં આવેલ છે, જે કબજે કરેલ છે, પરંતુ માનસિહ કારખાનામાં નોકરી કરે છે તેવું પૂછેલ છે, જે હકીકત ત. ક. અમલદારની ઊલટ તપાસમાં પૂછવામાં આવેલ નથી. આમ, બનાવના દિવસે, એટલે કે, તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ આરોપી માનસિહની હાજરી બનાવવાળી જગ્યાએ ન હતી અને ફેકટરીમાં હતી તેવું આરોપી પક્ષ જો કહેતા હોય તો આ એલીબી પુરવાર કરવાની જવાબદારી આરોપી માનસિહનાં શિરે છે અને પુરાવા કાયદાની કલમ–૧૦૬ મુજબ તેમણે પુરવાર કરવું પડે કે, બનાવના દિવસે તેઓ બનાવના

<u>સ્થળે હાજર ન હતા, પરંતુ કારખાનામાં હતા અને તે સબળ પુરાવાથી પુરવાર કરવું પડે, જેનું અંગત જ્ઞાન ફક્ત માનસિહને જ હોય અને તે જ જણાવી શકે કે, તેઓ ક્યા કારખાનામાં અને કઈ જગ્યાએ નોકરી પર હતા. આનો ખુલાસો આરોપી માનસિહ તરફે તેમના વિશેષ નિવેદનમાં પણ કરવામાં આવેલ નથી.</u> આમ, સ્વાભાવિક રીતે સાહેદ હરેશ માનસિહનાં સગાં ભાઈ થતા હોય તે સમર્થનકારી પુરાવો ન આપે, પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ આંક–પી–૨૩૮(PW44)નું પંચનામું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને એફ.એસ.એલ.નાં રિપોર્ટ મુજબ માનસિહનાં કપડાં ઉપર મરણજનારનું લોહી મળી આવેલ તે જ હકીકત પુરવાર કરે છે કે, ગુનો કરતી વખતે આરોપી માનસિહ સ્થળ પર હાજર હતા અને તેમણે જે કપડાં પહેરેલ એ જ કપડાં માર્ક એ/૧ અને બી/૧ વાળા છે, જે બનાવ સમયે માનસિહે પહેરેલ હતાં તે જ છે.

(૪૩) વધુમાં ફરિયાદ પક્ષે આંક–પી–૨૨૯(PW40)નાં પંચનામાનાં પંચ સાહેદ મોહંમદસાદીક રફીકભાઈ શેખને આંક–૨૨૮(PW40) થી તપાસવામાં આવેલ છે અને આ પંચનામાનાં અન્ય પંચ સાહેદ મોહંમદફરદીન મહેબુબ શેખને આંક–૨૩૧(PW41)થી તપાસવામાં આવેલ છે. આ બન્ને પંચ સાહેદો, કે જે આરોપી માનસિહે આ ગુનાના કામે ઉપયોગમાં લીધેલ લોખંડની પાઈપ તે જ્યારે પોલીસ કસ્ટડીમાં હતા તે સમયે તા.૯–૭–૨૦૦૬ ના રોજ આ પંચનામાની વિગતે તેમના બતાવેલ રસ્તે પંચોની સાથે પોલીસના માણસો સાથે જઈ અને જે જગ્યાએ તેમણે આ પાઈપ સંતાડેલ ત્યાંથી શોધી આપેલ, જે જગ્યા પકવાન ચાર રસ્તા, બોડકદેવ પાસે આવેલ છે, જ્યાં રોડની બાજુમાં એક

બગીચો છે, તે બગીચામાં બાકડા નં.૪ પાસે આરોપી માનસિહ અરજણ વાઢેરે લઈ જઇ, જમીન લાકડીથી ખોદી એક લોખંડની પાઈપ કાઢી આપી જણાવે છે કે, આ રહી તે પાઈપ, જે પાઈપ જોતાં તેની ઉપર માટી ચોંટેલ છે અને વરસાદ અને ભીની માટીને કારણે કાટ લાગેલ છે, જે ૨૧ ઇંચ લાંબી છે, જેને પ્લાસ્ટીકમાં મૂકી, સફેદ કાગળમાં મૂકી દોરીથી બાંધેલ છે અને માર્ક X આપેલ છે અને આ જગ્યાએથી થોડે દૂરથી એક સેમ્પલ માટી કબજે કરેલ, જેમાં પંચોની સ્લીપ મૂકી, પેક કરી, માર્ક Y આપી કબજે કરેલ. આ પંચનામું ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે ઉપરોક્ત બન્ને પંચોની હાજરીમાં કરેલ અને આ પંચનામા મુજબ સૌપ્રથમ પ્રાથમિક પંચનામું કરવામાં આવે છે અને તે પ્રાથમિક પંચનામામાં બન્ને પંચોને સમજ કરવામાં આવે છે અને ત્યારબાદ આરોપી માનસિહ વાઢેર કે જેની અટક તા.૫–૭–૨૦૦૬ ના રોજ કરેલ અને તે તા.૧૫–૭–૦૬ સુધી પોલીસ રીમાન્ડ પર હતા અને તે દરમ્યાન આ પંચનામું તા.૯–૭–૦૬ ના રોજ પંચોને જુહાપુરા પોલીસ કચેરી ખાતે બોલાવી કરવામાં આવેલ છે અને આ હકીકતને વધુ સમર્થન ત. ક. અમલદારની આંક–૩૯૧(PW84)ની સરતપાસનાં પેરા–૧૨ થી સમર્થન મળે છે, જેમાં તે જણાવે છે કે, તા.૯–૭–૦૬ ના રોજ આરોપી માનસિહ વાઢેરનાઓએ બોડકદેવ પાસેના બગીચામાંથી એક પાઈપ બતાવતા પંચનામાની વિગતે કબજે કરેલ. આ હકીકતને ત. ક. અમલદારની ઊલટ તપાસમાં પૂછતા તેનો ત. ક. અમલદાર ધરાર ઈન્કાર કરે છે, એટલે કે, તેમની સરતપાસનાં પેરા–૧૨ માં જણાવેલ હકીકતને વળગી રહે છે.

(૪૩.૧) હવે, આ બન્ને પંચોની આરોપીઓ તરફેની ઊલટ તપાસ જોવામાં આવે તો, આંક–પી–૨૨૯(PW40) નાં પંચનામાની કોઈ હકીકતને

પડકારેલ નથી, ફક્ત એટલું જ પૂછેલ છે કે, તેઓની પોલીસે ત્રણ કોરા કાગળમાં સહી કરાવેલી અને તેમની હાજરીમાં કોઈ લખાણ થયેલ નથી. તેમજ પોલીસ સિવાય સહી કરી ત્યારે અન્ય કોઈ હાજર હતા નહીં. આમ, આંક–પી–૨૨૯(PW40) નું પંચનામું જોઈએ તો, તે પંચનામા સાથે આંક–પી–૨૩૦(PW40) થી પંચ સ્લીપ પણ રજૂ રાખેલ છે અને પંચનામામાં પંચોની બે જગ્યાએ સહી છે, પ્રાથમિક પંચનામા બાદ તેમજ પંચનામું પૂરું થયું ત્યારબાદ અને ત્રીજી સહી પંચ સ્લીપ પર છે અને તેથી જ આ બન્ને પંચોની ત્રણ સહીઓ અંગે આરોપીઓ તરફે સૂચક પ્રશ્ન પૂછેલ છે કે પોલીસે ત્રણ કોરા કાગળમાં સહી કરાવેલી. તો અત્રે નોંધવું પડે કે, આંક–પી–૨૨૯(PW40) નું પંચનામું જોતાં તેમાં આરોપીઓ તરફે સૂચવવામાં આવેલ છે તેવું કોરા કાગળમાં ત્રણ સહીઓ કર્યા બાદ આ પંચનામું કરવામાં આવેલ હોય તે બની જ ન શકે, કારણ કે, આ પંચનામું શરૂ થયું તેના બીજા પાને પ્રાથમિક પંચનામું પૂરું થયાં બાદ પંચોની અને આઇ.ઓ.ની સહી છે, જે જોતાં ત. ક. અમલદાર આવી કોરા કાગળ ઉપર સહીઓ કરાવે અને પાછળથી પંચનામું લખે તે શક્ય જ નથી, કારણ કે, આ પ્રાથમિક પંચનામું થઈ ગયાં બાદ પેજ નં.૨,૩ અને ૪ એટલે કે, ચોથા પેજે પાછળના ભાગે આ પંચનામું પૂરું થાય છે અને તેમાં આરોપી માનસિંહે જે હકીકત જણાવેલી તે મુજબ તેણે બતાવેલ, જણાવેલ રસ્તે લઈ જઈ અને આ પાઈપ કબજે કરેલ છે. ત્યારબાદ આ મુદ્દામાલને સીલ કરેલાની હકીકત દર્શાવેલ છે અને માનસિંહે બતાવેલ જગ્યાની આજુબાજુ બગીચામાં આવેલ સાત બાકડા તેમજ ચતુર્દિશા વિગતવારની નોંધેલ છે.

(૪૩.૨) આમ, આંક–પી–૨૨૯(PW40)નાં પંચનામાની જે વિગતો છે તે કોઈપણ સંજોગોમાં પોલીસે કોરા કાગળમાં પંચોની સહીઓ લઈ અને આવું પંચનામું તૈયાર કરવું શક્ય જણાતું નથી, પરંતુ સત્ય હંમેશા સત્ય રહે છે અને તેથી જ આ હકીકત પુરવાર થયેલી માનવી પડે અને તેથી જ આ કામે ત. ક. અમલદારની પેરા–૧૧૨ ની ઊલટ તપાસનો જે જવાબ છે તે મુજબ " એ વાત ખરી નથી કે મેં સરતપાસનાં પેરા–૧૨ માં જણાવેલ હકીકત તા.૯–૭–૨૦૦૬ ના રોજ આરોપી માનસિહ વાઢેર નાઓએ બોડકદેવ પાસેના બગીચામાંથી એક પાઈપ બતાવતાં પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ." તેવું જે લખાયેલ છે તેની સ્પષ્ટતા કરે છે, કારણ કે, કોર્ટ હંમેશા સત્યનો સાથ આપવાની નેમ ધરાવે છે અને તેથી જ આ હકીકત નોંધી સ્પષ્ટતા કરે છે કે, આ ફક્ત ટાઈપોગ્રાફીકલ ભૂલ છે અને પાછળ વાક્યના અંતે નથી શબ્દ લખાયેલ નથી, અન્યથા તે હોવો જ જોઈએ. આમ, ન્યાયિક કોર્ટ ન્યાય કરતી વખતે જે સત્ય હકીકત રેકર્ડ પર હોય તે જણાવવી જોઈએ અને તેથી જ ન્યાયિક નિર્ણયની પારદર્શિતા જળવાઈ રહે અને આવા કારણોસર અત્રેની કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે, ટાઈપોગ્રાફીકલ મીસ્ટેકને લીધે 'નથી' શબ્દ રહી ગયેલ છે, જે કોઈ જ રીતે ફરિયાદ પક્ષના કેસને નુકશાન કરતો નથી. વધુમાં ઉપરોક્ત હકીકત નોંધ્યા બાદ પણ આરોપીઓ તરફે બન્ને પંચ સાહેદોને જે સૂચક પ્રશ્નો પૂછેલ છે તે મુજબ પોલીસે ત્રણ કોરા કાગળમાં બન્ને પંચોની સહી કરાવેલી તે હકીકત સ્વયં આ આંક–પી–૨૨૯(PW40)નું પંચનામું ત. ક. અમલદારે નિષ્પક્ષરીતે આરોપી માનસિહ અરજણ વાઢેર પોલીસ કસ્ટડીમાં હતા તે સમયે તેમના બતાવેલ રસ્તે અને માર્ગે જઇ, જે જગ્યાએ આ લોખંડની પાઈપ સંતાડેલ ત્યાંથી તે કબજે કરેલ

છે તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે. આ આરોપી માનસિંહ અરજણ વાઢેરની અંગ ઝડતીનું પંનચામુ આંક–પી–૮૯(PW7) થી રજૂ છે. જે તા.૦૫/૦૭/૨૦૦૬ના રોજનું છે, તેના પંચ સાહેદ બાબુભાઇ હનીફભાઇ શેખને આંક–૮૮(PW07)થી તપાસવામાં આવેલ છે અને અન્ય પંચ સાહેદ મુનાવરહુસૈન ગુલામહુસૈન શેખને આંક–૨૫૪(PW53)થી તપાસવામાં આવેલ છે, આ પંચોની હાજરીમાં આરોપી માનસિંહની અટક કરી ત્યારે તેની અંગ ઝડતી કરી ત્યારે આ પંચનામુ કરેલ છે અને તેમની પાસેથી લાયસન્સ તથા નોકીયા કંપનીનો મોડલ નં. ૧૧૦૦ નો મોબાઇલ ફોન કે જેનો સીમકાર્ડ નંબર ૯૪૨૬૯૧૩૫૫૧ નું કબજે કરેલ. આ પંચ સાહેદો આંક–પી–૮૯(PW7)ના પંચનામાની હકિકતને ભલે સમર્થન કરતાં નથી પરંતુ તેઓ સહી કબુલ રાખે છે અને આ બંને પંચ સાહેદોની આરોપીઓ તરફે જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે, તે મુજબ કોઇ વિરુધ્ધની હકિકત રેકર્ડ પર આવેલ નથી અને ત.ક.અમલદાર વી.ડી.ગોહીલની આંક–૩૯૧(PW84) ની જુબાનીથી આરોપી માનસિંહની અટક કરેલાની હકિકત નિશંકપણે પુરવાર થયેલ છે. તેમજ પોલીસ સાહેદ વીશરામભાઇ ધનજીભાઇ ખરાડીની આંક–૨૭૮(PW59)ની જુબાની જોઇએ તો તેઓએ આરોપી માનસિંહ અરજણની તેમના મુળ ગામ જલંધર ખાતેથી તા.૦૪/૦૭/૨૦૦૬ ના રોજ નિવેદન નોંધેલ, જે નિવેદન નોંધી ડી.સી.પી. એ.કે.જાડેજાને રીપોર્ટ કરેલ.

(૪૩.૩) આમ, આ સાહેદે આરોપી માનસિંહ અરજણની કોઇ અટક કરેલ નથી ફકત નિવેદન નોંધેલ છે, જયારે આ સાહેદની ઉલટ તપાસમાં આરોપીઓ

તરફે એવુ પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરેલો છે કે તેમના રીપોર્ટમાં ગુન્હા રજીસ્ટર નંબર દર્શાવેલ નથી અને સી.આર.પી.સી. કલમ–૪૧નું પાલન કરેલ કે કેમ અને કલમ–૫૮ મુજબ જાણ કરેલ કે કેમ તેમજ એરેસ્ટ મેમો તૈયાર કરેલ નહીં. તે જોવામાં આવે તો એવુ પુરવાર કરવાનો પ્રયત્ન કરેલ છે કે આરોપી માનસિંહ અરજણની ગેરકાયદેસર ગોંધી રાખેલ પરંતુ આ સાહેદે ફકત નિવેદન જ લીધેલ છે, કોઇ અટક કરેલ નથી અને નિવેદન નોંધી એ.સી.પી.ને રીપોર્ટ કરેલ અને માનસિંહ અરજણને અટક તા.૦૫/૦૭/૨૦૦૬ ના રોજ કલાક ૦૧:૩૦ વાગે કરવામાં આવેલ છે. જે આંક–પી–૮૯(PW7)ના પંચનામાથી ત.ક.અમલદાર વી.ડી.ગોહીલ કરેલ અને તે હકિકત ત.ક.અમલદાર વી.ડી.ગોહીલ ની આંક–૩૯૧(PW84) સરતપાસના પેરા નં. ૦૮ માં સ્પષ્ટપણે જણાવેલ છે અને તે મુજબ આંક–પી–૮૯(PW7)નું પંચનામુ કરવામાં આવેલ છે.

(૪૩.૪) હવે, આરોપી માનસિંહ અરજણ વાઢેરને નામદાર મેજીસ્ટ્રેટ સાહેબશ્રી રૂબરૂ રજૂ કરવામાં આવેલ તે પ્રોડકશન રીપોર્ટ આંક –C–૪૯૧ થી રેકર્ડ પર લેવામાં આવેલ છે, જે મુજબ તેમની અટક તા.૦૫/૦૭/૨૦૦૬ ના રોજ કલાક ૧૫:૩૦ વાગે કરેલ હોવાનું દર્શાવી મેજીસ્ટ્રેટ સાહેબશ્રી રૂબરૂ રજૂ કરેલ અને તેમાં મેજીસ્ટ્રેટ સાહેબે આરોપીને પોલીસ વિરુધ્ધ કોઇ ફરીયાદ હોવાનું પુછેલ તો તેઓએ કોઇ ફરીયાદ કરેલ નથી અને ત્યાર બાદ આંક–C–૪૯૨ વાળી રીમાન્ડ અરજી મંજૂર કરેલ, જેમાં આરોપીઓ હિતેશ રમેશસિંહ ચુડાસમા, દક્ષેસ હસમુખલાલ શાહ, ચંન્દ્રસિંહ મનુભા જાડેજા, ભુપતસિંહ નારુભા જાડેજા અને માનસિંહ અરજણસિંહ વાઢેરનું પ્રોડકશન કરી દિન–૧૫ ના રીમાન્ડ માંગેલ

જે મેજીસ્ટ્રેટ કોર્ટે હુકમ કરી તા.૧૫/૦૭/૨૦૦૬ સુધીના મંજૂર કરેલ અને ત્યાર બાદ આરોપી માનસિંહ વાઢેરના વકીલે તેમના હાથ પર સોજો હોવા બાબતેની નોંધ કરાવેલ અને અત્રેની કોર્ટ સમક્ષ દલીલ કરેલ છે કે તેમને મારેલ છે અને આંક–પી–૮૯(PW7)નાં પંચનામામાં તેઓ પોલીસ પકડવા જતા દોડેલા અને પડી જતાં વાગેલાનું જણાવેલ છે, જે જમણા હાથ પાસે થોડો સોજો હોવાનું નોંધેલ છે, આ અનુસંધાને આંક–પી–૮૯(PW7)ના બંને પંચ સાહેદોને આરોપી તરફે પુછેલ નથી કે, માનસિંહ અરજણ વાઢેરના જમણા હાથે સોજો હતો કે કેમ. તેમજ PW–59 ને પણ આવો કોઇ સવાલ પુછેલ નથી. તેમજ ત.ક.અમલદાર વી.ડી.ગોહીલ ને પણ ઉલટ તપાસમાં આ બાબતે કોઇ સ્પષ્ટતા માંગેલ નથી એટલે આ હકિકત નિર્વિવાદિત બની જાય છે.

(૪૩.૫) આમ, ત.ક.અમલદાર ગોહીલની ઉલટતપાસના પેરા નં. ૧૦૭ મુજબ જુનાગઢના એલ.સી.બી.ના એ.એસ.આઇ. દ્વારા માનસિંહ અરજણસિંહ વાઢેરને તા.૦૫/૦૭/૨૦૦૬ ના રોજ તેમની રૂબરૂ પકડી રજૂ કરેલ તેટલુ જ પુછેલ છે. તે સિવાય આંક–પી–૮૯(PW7)ના પંચનામામાં જે જમણા હાથ પાસે જે સોજો હતો તેના અનુસંધાને કોઇ હકિકત પુછેલ નથી. તેમજ નામદાર મેજીસ્ટ્રેટના રીમાન્ડ મંજૂર કરતો હુકમ આંક–C–૪૯૨ ને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પડકારેલ. જે આંક–C–૪૯૬ થી આ કોર્ટે રેકર્ડ પર લઇને વંચાણે લીધેલ છે, તે રીમાન્ડ તા.૧૨/૦૭/૨૦૦૬નો છે. જે હુકમમાં આરોપી માનસિંહ અરજણ વાઢેરના વિ.વ.શ્રી તરફે એવી કોઇ રજૂઆત કરવામાં આવેલ નથી કે તેમની પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે ગોંધી રાખી અટકાયત કરેલ છે

અને માર મારેલ છે. અત્રે એ નોંધવું પડે કે, આરોપીઓ તરફે વિદ્વાન મેજીસ્ટ્રેટને અરજી આપી રિમાન્ડ દરમ્યાન તેમના વકીલ સાહેબોને મળવાની પરવાનગી માંગેલ, જે નામદાર મેજીસ્ટ્રેટ સાહેબે મંજૂર કરેલ.

(૪૩.૬) આમ, જે તે સમયે નામદાર મેજીસ્ટ્રેટ તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ આરોપી માનસિંહ અરજણસિંહ વાઢેર પોતાના જમણા હાથે જે સોજો હતો તે કૃત્ય પોલીસ દ્વારા કરેલ હોવાનું જણાવતાં નથી અને હાલ, અત્રેની કોર્ટ રૂબરૂ દલીલ સ્વરૂપે તેની રજૂઆત કરે છે અને તેનો આધાર તેમના એફ.એસ. સાથે રજૂ રાખેલ સારવારના કાગળો પર રાખેલ છે. તે સત્ય છે કે, તેઓએ કસ્ટડીમાં હતા તે દરમ્યાન સારવાર લીધેલી, પરંતુ તેમના જમણા હાથે જે ઇજા છે તે તેમના પોતાના લીધે થયેલી છે કે જે પોલીસ ધરપકડથી બચવા માટે તેઓ નાસવા જતાં હતા અને પડી જતા ઇજા થયેલી. નહીં કે પોલીસના મારથી. અને જો પોલીસે આવી ઇજા પહોંચાડેલ હોત તો તેની રજૂઆત અવસ્ય નામદાર મેજીસ્ટ્રેટશ્રીને કરીને જણાવેલ હોત કે આ ઇજા પોલીસે તેમને પહોંચાડેલ છે અને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં આ રજૂઆત કરી શકયા હોત અને ત્યાર બાદ ફરીયાદ સ્વરૂપે પણ નામદાર કોર્ટ સમક્ષ રજૂઆત કરી શકયા હોત પરંતુ આવી કોઇ રજૂઆત જે–તે સમયે કરેલ નથી અને તેથી તેમની આંક–પી–૮૯(PW7)ના પંચનામા મુજબની અટક કાયદેસરની હોવાનું પુરવાર થાય છે અને આ પંચનામા મુજબ આરોપી માનસિંહ અરજણ વાઢેર પાસેથી નોકીયા કંપનીનો મોબાઈલ નં.૧૧૦૦ નો કબજે કરેલ, જેનો સીમકાર્ડ નં.૯૪૨૬૯૧૩૫૫૧ નો છે, આ સીમકાર્ડના અનુસંધાને ફરિયાદ પક્ષે સાહેદ

પરેશભાઈ ગોવિંદભાઈ સાપરીયાને આંક–૨૦૯(PW32)થી તપાસેલા છે, જે બનાવના અરસામાં રાજકોટ મુકામે તેમના રહેઠાણની ઉપર દિપ ટ્યુશન ક્લાસીસ ચલાવતા હતા તેમજ આરોપી માનસિહ વાઢેરને ઓળખતા ન હોવાનું જણાવે છે અને બી.એસ.એન.એલ. કંપનીનું સીમકાર્ડ સ્ટુડન્ટ સ્કીમમાં ખરીદીને માનસિહ અરજણ વાઢેરને વાપરવા આપેલ ન હોવાનું જણાવે છે, પરંતુ આ સાહેદ પોતે સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા છે તેમજ આરોપી માનસિહ અરજણ વાઢેર પણ સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ છે.

(૪૩.૭) હવે, આ સાહેદનું નિવેદન ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે નોંધેલ, જે મુજબ આ સાહેદ તેમની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેવું પુરવાર થાય છે અને એ.પી.પી.શ્રીની ઊલટ તપાસથી પણ તેઓ કોઈ સમર્થન કરતા નથી, પરંતુ આ સીમકાર્ડ આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ છે તે આ સાહેદે આરોપી માનસિહ અરજણને આપેલ હોવાનું ચાર્જશીટના કાગળોમાં આ સાહેદના નિવેદન સ્વરૂપે હોવા છતાં આ મોબાઈલના અનુસંધાને કોઈ જ ઊલટતપાસ કરેલ નથી, પરંતુ એટલું પૂછેલ છે કે, પોલીસે તેમની પૂછપરછ કરી, નામઠામ સરનામું પૂછેલ, જ્યારે આ સાહેદ તેમની સરતપાસમાં પોલીસે નિવેદન લીધેલ નથી તેવું જણાવે છે અને આરોપીઓની ઊલટ તપાસમાં એવું સ્વીકારે છે કે, પોલીસે તેમની પૂછપરછ કરી ત્યારે નામઠામ, સરનામું લખાવેલ અને આ હકીકત કોઈપણ જાતની ધાકધમકી અને લોભ લાલચમાં આવ્યા વગર લખાવેલ છે. આમ, આ સાહેદ યેનકેન પ્રકારે આરોપી માનસિહ વાઢેર સ્વાધ્યાય પરિવારના અનુયાયી હોય અને આ સાહેદ

પણ સ્વાધ્યાય પરિવારના અનુયાયી હોય તેથી સોગંદ ઉપર ખોટી હકીકત જણાવે છે, જે સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, તેઓ આરોપીઓનાં પ્રભાવ હેઠળ છે અને તેથી જ આવી સત્ય હકીકત નામદાર કોર્ટ રૂબરૂ જણાવતા નથી. તેઓનું નિવેદન તા.૨૪–૭–૨૦૦૬ ના રોજ નોંધવામાં આવેલ અને કોર્ટમાં જુબાની તેઓ તા.૨૦–૨–૨૦૨૦ ના રોજ આપે છે, જે હકીકત ઘણું સૂચવી જાય છે. આમ, આ કામે ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ આરોપીઓ તરફેની એવી દલીલ કે, પોલીસે આરોપી માનસિહને માર મારી ખોટી રીતે પાઈપ કબજે કરેલાની રિકવરી, ડિસ્કવરી ઊભી કરેલ છે, તેવી દલીલ ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતાં ટકી શકે નહીં.

(૪૩.૮) વધુમાં, આંક–પી–૨૨૯(PW40) ના બંન્ને પંચ સાહેદો તેમની જુબાનીમાં આંક–પી–૨૨૯(PW40)નાં પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે, જે પ્રાથમિક પંચનામાના અંતે અને પંચનામાના અંતે, તે હકીકત સ્વયં પુરવાર કરે છે કે, આ પંચનામું તા.૯–૭–૦૬ ના રોજ કલાક ૧૩:૫૫ વાગ્યે શરૂ કર્યુ, જે પ્રાથમિક પંચનામું શરૂ કરેલ અને ૧૪:૧૦ કલાકે પૂર્ણ કરેલ અને ત્યારબાદ આગળની પંચનામાની કાર્યવાહી માટે સરકારી ગાડીમાં બેસી આરોપી માનસિહ અરજણ વાઢેરના બતાવેલ રસ્તે જાય છે અને મુદ્દામાલ શોધે છે અને આ સમગ્ર પ્રક્રિયા કલાક ૧૫:૦૦ એ પૂર્ણ કરે છે તે જ બતાવે છે કે, આ સમગ્ર કાર્યવાહી દરમ્યાન પંચો હાજર હતા,પરંતુ યેનકેન પ્રકારે તેઓ આ હકીકત નામદાર કોર્ટમાં જાહેર કરતા નથી, જે ખરેખર ત. ક. અમલદારની જુબાનીથી પુરવાર થયેલ છે.

(૪૩.૯) હવે, જે પાઈપ કબજે કરેલ તે મુદ્દામાલ આર્ટીકલ ૨૬ વાળો હતો અને મુદ્દામાલ આર્ટીકલ ૨૭ થી કન્ટ્રોલ માટીનું સેમ્પલ હતું. હવે આ પાઈપને માર્ક X અને માટીને માર્ક Y થી કબજે કરેલ અને એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે ત. ક. અમલદારે મોકલી આપેલ, જે આંક–પી–૪૦૪ (PW84)ની રવાનગી નોંધથી પુરવાર થાય છે, જેમાં પાછળના ભાગે મુદ્દામાલ પાવતી નં.૨૦૭/૦૬ અનુક્રમ નં.૨ ઉપર અને મુદ્દામાલનું વર્ણનવાળી કોલમમાં સીરીયલ નં.૫ ઉપર લોખંડની પાઈપ માટી ચોંટેલ ૨૧ ઈંચની જે ડિસ્કવરી પંચનામાની વિગતે આરોપી માનસિહ વાઢેરે પકવાન હોટલની બાજુમાં આવેલ બગીચામાંથી શોધી આપેલ, જે માર્ક X વાળી અને મુદ્દામાલના વર્ણનનાં ક્રમ નં.૬ ઉપર કન્ટ્રોલ માટીનું સેમ્પલ, જે ઉપરોક્ત જગ્યાનું જ છે, તે માર્ક Y આપેલ. અત્રે આ બાબતે આરોપીઓ તરફે વાંધો લીધેલ કે, માર્ક X , કે જે અગાઉ T લખેલ તેને ચેકીને કરેલ છે અને અંગ્રેજીમાં U લખેલ તેને માર્ક Y આપેલ છે અને લોખંડની પાઈપનું વર્ણન ક્રમ નં.૫ પર ખોટું જણાવેલ છે, જે મુદ્દામાલવાળી પાવતી નં.૨૦૭/૦૬ ની જોતાં, આર્ટીકલ ૨૩ થી આ પાઈપ કબજે કરેલ છે અને આર્ટીકલ ૨૪ થી આ કન્ટ્રોલ માટીનું સેમ્પલ છે, જે પાઈપનો ક્રમ ૧ આપેલ છે અને કન્ટ્રોલ માટીનાં સેમ્પલને ક્રમ ૨ આપેલ છે, જે આ રવાનગી નોંધમાં નથી અને ક્રમ ૫ અને ૬ બતાવેલ છે, જે છેડછાડ કરેલ હોય તેવું જણાવેલ છે. પરંતુ, આ મુદ્દામાલ અસલ પાવતી અને કમીટલ કોર્ટે જે મુદ્દામાલ લીસ્ટ મોકલેલ છે તે મુજબ અનુક્રમ નં.૨૬ અને ૨૭ થી આ બન્ને દસ્તાવેજો છે અને આ રવાનગી નોંધથી જેટલા આર્ટીકલ ત. ક. અમલદારે એફ.એસ.એલ. માટે મોકલ્યા તેના કોલમ નં.૧ માં ક્રમ આપેલ છે અને તે મુજબ

ક્રમ ૧ માં જે ચાર આર્ટીકલ દર્શાવેલ છે તે આરોપી ભુપત નારુભા જાડેજાની ઝડતી દરમ્યાન કબજે કરેલ બે પાઈપો તથા પેન્ટ, શર્ટ, જેને માર્ક–P,Q,R,S આપેલ છે, જે સાચું છે તે મુદ્દામાલ પાવતી નં.૨૦૯/૦૬ થી કબજે કરેલ, જે અસલ પાવતી જોતાં મુદ્દામાલ આર્ટીકલ નં.૨૬,૨૭,૨૮,૨૯,૩૦ થી કબજે કરેલ અને કમીટલ કોર્ટના મુદ્દામાલ લીસ્ટ મુજબ તે અનુક્રમ નં.૨૯, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩ થી રજૂ છે, જેમાં કમીટલ કોર્ટે નોંધેલ છે કે, ૩૩, ૩૪ એક જ છે.

(૪૩.૧૦) આમ, આ જે આર્ટીકલ છે તેમાં આરોપી ભુપતસિંહે જે વાદળી તથા કાળા કલરનો પ્લાસ્ટીકની ચેનવાળો થેલો રજૂ કરેલ તેને આ રવાનગી નોંધથી પરિક્ષણ અર્થે મોકલેલ નથી અને ફક્ત ચાર આર્ટીકલ મોકલેલ, જે માર્ક P, Q, R, S વાળા છે અને ત્યારબાદ અનુક્રમ નં.૨ ઉપર મુદ્દામાલ પાવતી નં.૨૦૭/૦૬ થી કબજે કરેલ આરોપી માનસિહ અરજણે શોધી આપેલ લોખંડનો પાઈપ તથા કન્ટ્રોલ માટી છે, જે ખરેખર આંક–પી–૨૨૯(PW40) નાં પંચનામા મુજબ માર્ક X અને Y વાળા જ છે, પરંતુ આ રવાનગી નોંધ સળંગ બે મુદ્દામાલ પાવતીઓની તૈયાર કરેલ હોય તેથી જે રિમાર્કસનું કોલમ છે તેમાં ભુપતસિંહનાં P,Q, R, S નાં આર્ટીકલ પૂરા થયાં બાદ અંગ્રેજીની A, B, C, D પ્રમાણે S પછી T, U, V આવતું હોય, તે લખેલ, પરંતુ તેને સુધારી કબજે કરેલ આર્ટીકલના માર્ક X, Y અને A1 કરેલ તે કાંઈ ખોટું નથી, કારણ કે, ત્યારબાદ આ રવાનગી નોંધના આગળ જે આરોપી માનસિહે સફેદ શર્ટ બનાવ સમયે પહેરેલ તેને પંચનામા મુજબ માર્ક B1 આપેલ તેથી જ માર્ક B1 દર્શાવેલ છે. આમ, આ રવાનગી નોંધ અંગે જે તકરાર ઉપસ્થિત કરેલ છે તે તકરાર આરોપીઓની કોઈ જ

રીતે ટકી શકે નહીં, કારણ કે, આ રવાનગી નોંધ મુજબ એફ.એસ.એલ.ને પરિક્ષણ અર્થે મોકલવામાં આવેલ, જે આંક–પી–૪૦૫ (PW84)થી સીલબંધ હાલતમાં એફ.એસ.એલ.ને મળેલ તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને એફ.એસ.એલ. રિપોર્ટમાં આ માર્ક X વાળી પાઈપ ઉપર રુધિરની હાજરી મળી આવેલ, જે માનવ મૂળનું 'બી' ગૃપનું હતું. એ જ બતાવે છે કે, રવાનગી નોંધમાં કોઈ ભૂલ નથી અને કોઈ છેડછાડ થયેલ નથી અને જે મુદ્દામાલ આંક–પી–૨૨૯(PW40) વાળા પંચનામાથી આરોપી માનસિહ અરજણ વાઢેરે શોધી આપેલ તે પાઈપ માર્ક X વાળું એફ.એસ.એલ. પૃથક્કરણમાં મોકલેલ અને તેની ઉપર મરણજનારનાં 'બી' ગૃપની હાજરી મળી આવેલ તે નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી માનસિહે અન્ય ત્રણ આરોપીઓ સાથે મુદ્દામાલ X વાળી પાઈપનો ઉપયોગ કરી મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરેલ છે. તેમજ માર્ક X વાળી માટી, કે જે માર્ક Y થી કબજે કરેલ તે એફ.એસ.એલ. અધિકારી એમ. જે. રાઠોડનાં અભિપ્રાય મુજબ માર્ક X વાળી પાઈપ ઉપર જે માટી છે તે માર્ક Y વાળી કન્ટ્રોલ સેમ્પલવાળી માટી સાથે સામ્યતા ધરાવે છે. આમ, એફ.એસ.એલ. અધિકારી એમ. જે. રાઠોડે તેમના પરિક્ષણ અહેવાલમાં, કે જે આંક–પી–૪૧૭(PW84)થી રજૂ છે તેમાં પાર્સલ X , કે જે નમૂનો X છે, જેમાં ૫૨.૨ સે.મી. લંબાઈનો ચળકતી ધાતુનો પાઈપ અને તેની ઉપર આશરે ૨.૫ ગ્રામ માટી ભેગી કરવામાં આવેલ છે અને નમૂના Y થી કન્ટ્રોલ માટી ૧૪૦ ગ્રામની છે અને પરિક્ષણની વિગતમાં પાઈપ પરની માટીનું પરિક્ષણ કરેલ છે અને તે તેમના અભિપ્રાય મુજબ કન્ટ્રોલ માટી સાથે મળતી આવે છે.

(૪૩.૧૧) આમ, આ એફ.એસ.એલ. અધિકારી તટસ્થ સાહેદ છે, તેને ખોટું કરવાને કોઈ કારણ નથી અને તે જે અભિપ્રાય આપે છે તે તદ્દન નિષ્પક્ષ છે અને તે મુજબ આંક–પી–૨૨૯(PW40) નાં પંચનામામાં આરોપી માનસિહ અરજણ વાઢેરે બોડકદેવના બગીચામાંથી જે પાઈપ શોધી બતાવેલ તે પાઈપ ઉપર ભીની માટી હતી તેને અહીં સમર્થન પ્રાપ્ત થાય છે અને તેથી જ આરોપીઓની એવી દલીલ કે, આ પાઈપની જે રિકવરી છે તે પંચનામા મુજબ કાટ લાગેલ છે અને માટી ચોંટેલ છે, જ્યારે એફ.એસ.એલ. રિપોર્ટમાં તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી, તે ટકી શકે નહીં, કારણ કે, ઉપર ચર્ચા કરી તે મુજબ એફ.એસ.એલ. રિપોર્ટમાં તે સ્પષ્ટપણે નોંધાઈને આવેલ છે અને આ માટી બગીચામાંથી લીધેલ કન્ટ્રોલ સેમ્પલની માટી સાથે સામ્યતા ધરાવે છે અને તેથી જ આ આંક–પી–૨૨૯(PW40) વાળું પંચનામું પુરાવા કાયદાની કલમ–૨૭ ની તમામ જોગવાઈઓ પરિપૂર્ણ કરતું હોય, તે અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૪૩.૧૨) વધુમાં, આંક–પી–૧૮૫(PW17)ના પંચનામા વિગતે આરોપી ભુપતસિંહ નારુભા જાડેજા એ હાલના ગુન્હામાં વાપરેલ મુદ્દામાલ વાળો વાદળી તથા કાળા કલરનો પ્લાસ્ટીકની ચેનવાળો એડીદાસ લખેલો થેલો તેમજ સ્ટીલની ૨૧ ઇંચની બે પાઇપ તથા રાખોડી કલરનું પેન્ટ તથા બીસ્કીટ કલરનું સફેદ મરૂન રંગની લીટીવાળુ આખી બાયનું ચોકડીવાળુ શર્ટ કબજે કરેલ, તે પંચનામુ છે. તેના પંચ સાહેદ અશ્વિનભાઇ મોહનભાઇ પરમારને આંક–૧૮૩(PW17)થી તપાસેલા છે અને આ પંચનામાના અન્ય પંચ સાહેદ રમેશ રાજારામભાઇ બકોતરાને આંક–૧૯૧(PW18) થી તપાસેલા છે. આ પંચોની

સોગંદ ઉપરની જુબાની જોઇએ તો આંક–પી–૧૮૫(PW18)ના પંચનામામાં બંને જણા પોતાની સહીઓ કબુલ રાખે છે અને જે પંચ સ્લીપો મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૯ થી ૩૩ માંથી નીકળેલ પંચ સ્લીપો અનુક્રમે આંક–પી–૧૮૬(PW17) થી આંક–પી–૧૯૦(PW19) માં બંને જણા પોતાની સહીઓ હોવાનું ઓળખી બતાવે છે. હવે, અત્રે નોંધવુ પડે કે, આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આંક–પી–૧૮૫(PW17)ના પંચનામાની વિગતે આરોપી ભુપતસિંહ નારૂભા જાડેજાના ઘરેથી તા.૦૯/૦૭/૨૦૦૬ના રોજ આ ગુન્હામાં વાપરેલ મુદ્દામાલ પાઇપો અને તેમના કપડાં તેમજ પાઇપો જે થેલામાં મુકીને ભુપતસિંહ સાહેદ અનિરુધ્ધસિંહ દલુભા જાડેજાની ટાટા સુમોમાં રાજકોટથી અમદાવાદ તા.૧૫/૦૬/૨૦૦૬ના રોજ આવેલ અને તે જ દિવસે સાંજના આઠ – સવા આઠની આસપાસ મરણજનાર પંકજભાઇનું ખૂન કરવામાં આ પાઇપોનો ઉપયોગ કરેલ તે પોલીસે કબજે કરેલ છે અને આ વખતે આરોપી ભુપતસિંહ નારૂભા જાડેજા પોલીસ કસ્ટડીમાં હતા, જે રીમાન્ડ પર હતા અને તેમની કસ્ટડી તા.૦૪/૦૭/૨૦૦૬ થી ૧૫/૦૭/૨૦૦૬ સુધીની પોલીસ રીમાન્ડ મંજૂર થતાં પોલીસ કસ્ટડીમાં હતા અને તે સમયે તેઓ તેમના રહેણાંકના મકાનમાં આ બંને પંચ સાહેદોની હાજરીમાં પોલીસને તેમના બતાવ્યા મુજબના રસ્તેથી લઇ જઇ અને આ મુદ્દામાલ શોધી આપે છે. જે સી.કે.બાબરીયાનાઓ દ્વારા આ પંચનામુ બંને પંચોની હાજરીમાં કરવામાં આવેલ છે. જે સી.કે.બાબરીયાને આંક–૩૩૧(PW80) થી તપાસવામાં આવેલ છે, તેમની જુબાની જોઇએ તો તેવો જણાવે છે કે, બનાવના અરસામાં ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા અને પંકજ ત્રિવેદીના ખૂન કેસની ટીમમાં હતા અને તેઓએ આરોપી

માનસિંહ વાઢેરના ઘરની ઝડતી રાજકોટ મુકામે જઈને કરેલી. તેમજ આરોપી ભુપતસિંહ નારુભા જાડેજા, રહે. સહજાનંદ કૃપા, બાબરીયા કોલોની, રાજકોટ વાળાઓના ઘરની ઝડતી કરેલી અને તેમના પાસેથી બે પાઈપ તથા કપડાં અને કપડા રાખેલ થેલો આંક–પી–૧૮૫(PW17) ના પંચનામાની વિગતે કબજે કરેલ. તેમજ આરોપી ચંન્દ્રસિંહ મનુભા જાડેજાના ઘરની ઝડતી આંક–૧૪૮ ના પંચનામાથી તેમજ ચંન્દ્રકાંત મેઘજી ડાકીના ઘરની ઝડતી આંક–૧૪૯ ના પંચનામાથી કરેલી. તેમજ સાહેદ શક્તિદાન બદરીદાન ગઢવી અને સાહેદ દલતપભાઈ મોહનભાઈનું નિવેદન નોંધેલ.

(૪૩.૧૩) હવે, આ સાહેદની આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં એવી કોઈ હકિકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે જેથી પુરવાર થાય કે આંક–પી–૧૮૫(PW17) વાળા પંચનામાની વિગતના કોઈ મુદ્દામાલ આર્ટીકલ આરોપી ભુપતસિંહ નારુભા જાડેજા પાસેથી કબજે કરેલ નથી. ઉલટાનું આ ત.ક.અમલદારની ઉલટ તપાસ જોઈએ તો, આરોપી ભુપતસિંહ તરફે આ સાહેદ તપાસનો ભાગ હતા કે કેમ તે બાબતે પ્રશ્ન પુછવામાં આવેલ છે અને તેનો પુરાવો રજૂ કરવા જણાવેલ છે. પરંતુ આંક–પી–૧૮૫(PW17) માં સ્પષ્ટપણે લખેલ છે કે, ત.ક.અમલદાર વી.ડી.ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાની મુજબ સી.આર.પી.સી. કલમ– ૧૬૬નો ઠરાવ કરીને આ સાહેદને સત્તા આપેલી. અને સપતાસના પેરા નં. ૦૬ માં જણાવેલ છે કે, પી.એસ.આઈ. પી.બી.ઝાલા અને સી.કે.બાબરીયા એટલે કે હાલના સાહેદને સૌરાષ્ટ તરફ રાજકોટ જીલ્લાના આરોપીઓ ભુપતસિંહ નારુભા જાડેડા અને જુનાગઢ માનસિંહ અરજણ વાઢેરના

નામ હોવાથી તપાસ અર્થે મોકલેલ, તે પુરવાર કરે છે કે, આ સાહેદને તપાસ કરવાની સત્તા હતી અને તે મુજબ આરોપી ભુપતસિંહ નારુભાને તા.૦૪/૦૭/૨૦૦૬ ના રોજ અટક કરેલા અને ત.ક.અમલદાર વી.ડી.ગોહીલની આંક-૩૯૧(PW84) ની જુબાનીના સરતપાસના પેરા નં. ૧૩ મુજબ આ સાહેદ છનગભાઇ બાબરીયાને આરોપી માનસિંહ વાઢેર અને આરોપી ભુપતસિંહ નારુભાના ઘરની ઝડતી કરવા સોંપેલ. આમ, આંક-પી-૧૮૫(PW17)વાળુ પંચનામુ આ ત.ક.અમલદારે તેઓને સી.આર.પી.સી. કલમ- ૧૬૬ મુજબ જે સત્તા મળેલી તે મુજબ પંચોની હાજરીમાં કરેલ છે અને આ આરોપી ભુપતસિંહ નારૂભા જાડેજાએ બંને પંચ સાહેદોની હાજરીમાં તેઓ પોલીસ કસ્ટડીમાં હતા તે દરમ્યાન પ્રાથમિક પંચનામુ કર્યા બાદ તેઓના બતાવેલ તેમના ઘર કે જે સહજાનંદ કૃપા, બાબરીયા કોલોની, રાજશક્તિ ચોકની બાજુમાં, રાજકોટ ખાતે આવેલ ત્યાં લઇ જઇ તે મકાનના ધાબા ઉપર સહજાનંદ કૃપા લખેલ છે અને તે મકાનમાં પ્રવેશી તેમાં આરોપી ભુપતસિંહ જે મકાનમાં રહેતા હતા તેના માલિક બાબુભાઇ રવજીભાઇ બારસીયાના ધાબા ઉપર પહેલે માળે જવાય છે, અને આરોપીની સુચના મુજબ અને તેમના બતાવ્યા મુજબના રૂમમાં જઇને જોતાં પલંગની નીચે વાદળી કલરનો થેલો પડેલો અને તે ખોલીને જોતાં તેમાંથી બે લોખંડની પાઇપ અને બનાવ સમયે ભુપતસિંહે પહેરેલ કપડાં તેમાંથી મળી આવેલ તે કબજે કરેલ.

(૪૩.૧૪) આમ, આંક-પી-૧૮૫(PW17) ના પંચનામાના બંને પંચો પંચનામાની હકિકતને સમર્થન કરતાં ના હોય પરંતુ ત.ક.અમલદારની

જુબાનીથી તે પુરવાર થયેલ છે અને આરોપીઓ તરફે બંને પંચ સાહેદની કોઇ જ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. આ બંને પંચ સાહેદો કે જેમાં અશ્વિનભાઇ નવા થોરાડા, રાજકોટ રહે છે અને રમેશભાઇ કોઠારીયા મેઇન રોડ, યાદવનગર, રાજકોટ રહે છે અને આરોપી ભુપતસિંહ નારુભા જાડેજા બાબુભાઇના મકાનમાં બાબરીયા કોલોની, રાજશક્તિ ચોક, રાજકોટ મુકામે રહેતા હોવાનું ચાર્જશીટ મુજબ તથા ચહેરા નિશાનપત્રક મુજબ પુરવાર થાય છે અને તે જ હકિકત આંક–પી–૧૮૫(PW17) માં લખેલ છે કે, આ મકાનના માલિક બાબુભાઇ રવજીભાઇ બારસીયા છે. તેને આરોપીઓ તરફે પડકારેલ નથી.

(૪૩.૧૫) આમ, આ અનુસંધાને ટાટા સુમોના માલિક અનિરુધ્ધસિંહ(PW54)નાં આંક–પી–૨૫૭(PW54) ના સી.આર.પી.સી. કલમ– ૧૬૪ના નિવેદન મુજબ આરોપી ભુપતસિંહે બનાવ સમયે અન્ય આરોપીઓ સાથે આ ટાટા સુમોમાં થેલામાં લોખંડની પાઇપો સાથે આવેલાની હકિકત જણાવેલ, જે અત્રે પુરવાર થાય છે. હવે, આ બંને પંચ સાહેદો આંક–પી–૧૮૫(PW17)ના પંચનામામાં તથા મુદ્દામાલ કબજે કરેલ તે પાવતીઓમાં તેમની સહીઓ ઓળખી બતાવે છે અને તેને ત.ક.અમલદાર છગનભાઇ ખેતાભાઇ બાબરીયા(PW–80)ની જુબાનીથી સમર્થન મળે છે અને તેમની ઉલટ તપાસ જોતાં આરોપીઓ તરફે આંક–પી–૧૮૫(PW17)ના પંચનામામાં માત્ર પંચોની સહી કરેલાનું પુછેલ છે. જેનો આ સાહેદે ધરાર ઇનકાર કરેલ છે. એટલે કે, આ સાહેદે સ્થળ પર જઇ આ પંચનામુ પંચોની હાજરીમાં આરોપી ભુપતસિંહે બતાવેલ જગ્યાએથી મુદ્દામાલ કબજે કરેલ હોવાનું પુરવાર થાય છે.

(૪૩.૧૬) આમ, આ પંચનામુ થયેલ નથી તેવી કોઇ આરોપીઓ તરફેની કોઇ તકરાર નથી અને એફ.એસ.એલ. રીપોર્ટ મુજબ આ મુદ્દામાલ ઉપર રુધિરની હાજરી મળેલ ના હોય તેથી તેવુ ના કહી શકાય કે તેનો ઉપયોગ ગુન્હાના કામે થયેલ નથી. કારણ કે આરોપીએ આ મુદ્દામાલ પોતાના ઘરમાંથી શોધી બતાવેલ છે જે બનાવ તા.૧૫/૦૬/૨૦૦૬ ના રોજ બનેલ છે ત્યાર બાદ તા.૦૯/૦૭/૨૦૦૬ ના રોજ આ રીકવરી થયેલ છે, જે જોતાં એવી શકયતા નકારી શકાય નહીં કે તેઓએ આ લોખંડની પાઇપો પરથી ડાઘા દૂર ના કર્યા હોય અને આ પાઇપો ચોખી કરી પોતાના ઘરમાં રાખેલ હોય જેનો ઉપયોદ મોટરસાયકલના જમ્પરમાં વપરાય છે તેવુ આંક–પી–૧૮૫(PW17) માં નોંધેલ છે. એટલે આ પાઇપો જમ્પર તરીકે ઉપયોગમાં લેવાના હેતુથી સાફ પણ કરેલ હોય કારણ કે ભુપતસિંહની ધરપકડ તા.૦૪/૦૭/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ છે અને બનાવ તા.૧૫/૦૬/૨૦૦૬ ના રોજનો છે. એટલે કે બનાવ બન્યા બાદ આ આરોપી ભુપતસિંહ લગભગ ૧૯ દિવસ જેટલો સમય બહાર હતા. તે જ બતાવે છે કે, આ પાઇપો પરથી તેમને લોહીના ડાઘા દૂર કરવાનો પુરતો સમય મળેલ છે અને અનીરૂધસિંહની જુબાની મુજબ બનાવ બન્યા બાદ આરોપી ચંન્દ્રકાંત ડાકી તેમની સાથે અમદાવાદ થી રાજકોટ ગયેલા અને બાકીના આરોપી ગયેલ નહીં, તેથી બાકીના આરોપીઓ કે જેમને હથિયારોનો ઉપયોગ કરેલ છે તેવા માનસિંહ અરજણસિંહ વાઢેરે બોડકદેવાન બગીચામાં પાઇપ સંતાડી દીધેલ અને ભુપતસિંહે આ પાઇપો પોતાના ઘરે લઇ જઇ ઠેકાણે પાડેલ. આમ, સામાન્ય સમજ એવુકહે છે કે કોઇપણ વ્યક્તિ લોહીના ડાઘા વાળી પાઇપો પોતાના ઘરમાં રાખી શકે નહીં. આમ, બનાવ બન્યા બાદ આરોપી ભુપતસિંહ

તથા અન્ય આરોપીઓ જે રીતે પોતાની ધરપકડ ના થાય તે હેતુથી નાસતાં ભાગતા હતા અને તે પણ ૧૯ દિવસથી ઉપરાંતના સમય સુધી નાસતા ભાગતા હતા. એ જ હકિકત પુરવાર કરે છે કે તેમની આ ગુન્હાના કામે સંડોવણી હતી અને આ પરિસ્થિતી એટલે કે આરોપીઓની આવી વર્તણુંક ભારતીય પુરાવા કાયદાની કલમ–૮ નાં ઉદાહરણ '(i)' મુજબ પ્રસ્તુત છે. જે જોઈએ તો,

(i) A is accused of a crime. The facts that, after commission of the alleged crime, he absconded, or was in possession of property or the proceeds of property acquired by the crime, or attempted to conceal things which were or might have been used in committing it, are relevant.

આમ, ઉપર ચર્ચા કરી તે મુજબ આંક–પી–૧૮૫(PW17) નું પંચનામુ પુરાવા કાયદાની કલમ–૨૭ ની તમામ જોગવાઇ પરીપૂર્ણ કરતુ હોય તે અત્રે પુરવાર થયેલુ માનવાના કારણ રહે.

(૪૩.૧૭) વધુમાં અત્રે એ નોંધવું પડે કે, આ કામની ફરિયાદ આંક–૧૩૫ વાળી જે આરોપીઓએ આંક–૧૩૪ ની પુરશીષથી કબૂલ રાખેલ છે તે મુજબ બનાવ વખતે બે આરોપીઓ પાસે લાકડીના ધોકા હતા તેવું જણાવેલ છે. આમ, બનાવ તા.૧૫–૬–૦૬ નાં રાત્રિના આઠ–સવા આઠ વાગ્યે બનેલ છે અને સ્વાભાવિક રીતે ફરિયાદી લોખંડના પાઈપ તથા લાકડી લગત, કે જે દૂરથી ચોક્કસ લાકડી હતી કે પાઈપ તેવું કહી શકે નહીં, કારણ કે, જે કબજે કરેલ

પાઈપ છે તેનો આકાર અને વર્ણન જોઈએ તો તેવા પ્રકારની મોટેભાગે લાકડીઓ હોય છે તેવો જ છે.

(૪૩.૧૮) આમ, સ્વાભાવિક રીતે જે કબજે કરેલ પાઈપો છે તેનું વર્ણન જોતાં તે લાકડી જેવી હોવાનું જણાઈ આવે છે અને બનાવવાળી જગ્યાએ જે પ્રમાણે લાઈટના થાંભલાઓ હતા તેની વચ્ચેનું જે અંતર હતું તે મુજબ બનાવ જે જગ્યાએ બન્યો તે બે કારની વચ્ચે બનેલ છે અને તેનાથી પૂર્વ બાજુએ લાઈટનો થાંભલો ૬૫ ફુટ દૂર છે અને પશ્ચિમ બાજુએ ૩૮ ફુટ દૂર છે, જે હકીકત આંક–પી–૯૧(PW8)નાં પંચનામામાં નોંધેલ છે. આમ, બે ગાડીની વચ્ચે જ્યારે બનાવ બનેલ છે અને તેની આજુબાજુ અનુક્રમે ૬૫ અને ૩૮ ફુટ દૂર જે લાઈટના થાંભલાઓ છે તેથી સ્વાભાવિક રીતે રાત્રિના સમયે જે બે ગાડીઓ છે તેનો પડછાયો અને તેની આજુબાજુ પાર્ક કરેલ ગાડીઓનો પડછાયો હોય અને તેથી અંધારામાં આ લાકડીઓ હતી કે પાઈપ તે ચોક્કસ ફરિયાદી રમેશ વિશ્વકર્મા કહી શકે નહીં, પરંતુ જે બેઝબોલ બેટ છે તેનું સ્પષ્ટ વર્ણન કરે છે. આમ, બેઝબોલનો ધોકો, કે જે આકારની રીતે જોઈએ તો, સરળતાથી તેનું વર્ણન થઈ શકે અને ઓળખી શકાય તેમ હોય તેથી ચોક્કસથી બેઝબોલનું બેટ તેઓએ જણાવેલ છે, જ્યારે પાઈપ અને લાકડી જે લગભગ કબજે કરેલ પાઈપો લાકડી જેવી જ દેખાતી હોય, તેઓએ બે આરોપીઓ પાસે લાકડીના ધોકા હોવાનું જણાવેલ તે સ્વાભાવિક છે, પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ આંક–પી–૨૨૯(PW40)નાં પંચનામાથી આરોપી માનસિંહે જે બનાવમાં વાપરેલ પાઈપ શોધી આપેલ છે અને તેની ઉપર રહેલ માટી અને તે જગ્યાએથી કબજે કરેલ કન્ટ્રોલ માટી અને તે

પાઈપ ઉપર મરણજનારનું લોહી 'બી' ગૃપનું માનવ જૂથનું એફ.એસ.એલ.નાં રિપોર્ટ મુજબ શોધાયેલ હોય, તેની ઉપર શંકા કરી શકાય નહીં અને તેથી જ ગુનામાં આરોપીઓએ લાકડી નહીં પરંતુ પાઈપ વાપરેલ છે તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે. તેમજ આરોપી ભુપતસિંહે આંક–પી–૧૮૫(PW17)નાં પંચનામા મુજબ બે લોખંડની પાઈપ શોધી આપેલ છે, જે ઉપરોક્ત બન્ને પંચનામા પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબ નિઃશંકપણે ઉપર ચર્ચા કરી તે મુજબ પુરવાર થયેલ હોય, તેથી આરોપીઓ પાસે બનાવ સમયે લાકડીઓ નહીં પરંતુ પાઈપો હતી તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને આ હકીકતને વધુ સમર્થન ડૉ. દિગ્વિજયની આંક–૨૮૪(PW63)ની જુબાનીથી મળે છે, જેમાં ડૉ. દિગ્વિજય મુદ્દામાલ આર્ટીકલવાળા બેઝબોલ સ્ટીક અને પાઈપો જોઈને જણાવે છે કે, પી. એમ. નોટમાં દર્શાવેલ મોટા ભાગની ઈજાઓ આ હથિયારો વડે થઈ શકે તેવી છે અને આ ડૉકટરશ્રીની જણાવેલ હકીકતને ઊલટ તપાસમાં આરોપીઓ તરફે પડકારેલ નથી તેથી તે સ્વીકૃત બની જાય છે. આમ, મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન આરોપીઓએ બેઝબોલ બેટ અને પાઈપો વડે જીવલેણ ઈજાઓ પહોંચાડી નિપજાવેલ હોવાનું જ્યારે પુરવાર થતું હોય, તેવા સંજોગોમાં આરોપીઓ તરફેની એવી દલીલ કે, ફરિયાદ પક્ષ હથિયારોની રિકવરી પુરવાર કરી શકેલ નથી, તે ટકી શકે નહીં.

(૯૯) વધુમાં ફરિયાદ પક્ષે આંક–પી–૨૩૪(PW43)વાળા આરોપીઓ હિતેશ રમેશસિંહ ચુડાસમા, દક્ષેશ હસમુખલાલ શાહ અને માનસિહ અરજણ વાઢેરને સાથે રાખી જે ડેમોસ્ટ્રેશન પંચનામું કરેલ તે પંચનામાના પંચ સાહેદ

માજીસૈયદ નુરસૈયદ પઠાણને આંક–૨૩૩(PW43)થી તપાસેલા છે, તેમની સોગંદ ઉપરની જુબાની જોઈએ તો, તે તા.૮–૯–૨૦૨૧ ના રોજ નોંધવામાં આવેલ છે, જે તેમની જુબાનીમાં જણાવે છે કે, શાહપુર અમદાવાદ ખાતે રહે છે, મજૂરી કરે છે અને ૨૦૦૬ નાં અરસામાં પોલીસે તેમને બોલાવી કોઈ કાર્યવાહી કરી હોય તેવું બનેલ નથી. આરોપીઓએ એટલે કે, હિતેશ રમેશભાઈ ચુડાસમા, દક્ષેશ હસમુખલાલ શાહ અને માનસિહ વાઢેરનાઓએ તેમની હાજરીમાં અલગ અલગ રૂટ ઉપર જઈ મોટરકાર તથા બાઈક પાર્ક કરેલ હોય તેવું બનેલ નથી. પરંતુ, આંક–પી–૨૩૪(PW43)નાં પંચનામામાં તેઓ પોતાની સહી પ્રાથમિક પંચનામાને અંતે તેમજ દરેક પાના ઉપર અને પંચનામાના અંતે કરેલ હોવાનું સ્વીકારે છે. આમ, આ પંચ સાહેદ ચેનકેન પ્રકારે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી, જે સત્યનો સાથ આપતા નથી અને કોર્ટને ગેરમાર્ગે દોરે છે. હવે, આ સાહેદની આરોપીઓ તરફે કોઈ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી, એનો મતલબ કે, આ સાહેદ જે જણાવે છે તે મુજબ આંક–પી–૨૩૪(PW43)નાં પ્રાથમિક પંચનામા બાદ તેમની સહી છે, જે પંચનામું તા.૧૪–૭–૨૦૦૬ ના રોજનું છે અને આ પંચનામું કરવા માટે ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે જુહાપુરા રોડ, જુની એગ્રો ઑફિસ ખાતે બોલાવેલ અને આ પંચ સાહેદ ગયેલા, જ્યાં તેમની હાજરીમાં ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે હાલના ગુનાના કામે આરોપીઓ હિતેશ રમેશસિંહ ચુડાસમા, દક્ષેશ હસમુખલાલ શાહ અને માનસિહ વાઢેરનાઓ હાજર હોય, જે ત્રણેય જણા તા.૧૫–૬–૦૬ નાં રોજ ગુનાના કામે વાપરેલ મારૂતિ વાન કઈ જગ્યાએ મૂકેલ તે બતાવવા માંગતા હોય, તે અંગે આ પંચ સાહેદે સ્વખુશી બતાવતા, આ પંચનામાના કામે પ્રાથમિક પંચનામાની

કાર્યવાહી કલાક ૧૨:૦૦ વાગ્યે શરૂ કરી, ૧૨:૧૦ કલાકે પૂરી કરી, તેના નીચે બન્ને પંચોની સહી કરાવવામાં આવેલ અને ત્યારબાદ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે પોતાની સહી કરેલ.

(૪૪.૧) આમ, આ પંચનામું તા.૧૪–૭–૦૬ ના રોજ કરવામાં આવેલ તે દિવસે આ ત્રણેય આરોપીઓ પોલીસ કસ્ટડીમાં હતા તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને આ આરોપીઓએ બતાવ્યા મુજબના માર્ગ મુજબ પંચોની હાજરીમાં જઈને તેઓએ ગુનાના કામે વાપરેલ મારૂતિ વાન કઈ રીતે મેળવી અને ક્યા ક્યા રૂટ પર લઈ જઈ તેનો ગુનાના કામે ઉપયોગ કરી, છેવટે મરણજનાર પંકજ ત્રિવેદીનું ખૂન કરી પરત ફરેલ, તે સમગ્ર રૂટની માહિતી આ પંચનામામાં જણાવેલ છે, જે પંચનામું આઠ પેજનું છે અને તે પૂર્ણ થયાં બાદ તેના અંતે કલાક ૧૪:૨૫ વાગ્યે બન્ને પંચોની સહી લેવામાં આવેલ છે અને ત.ક. અમલદારે પોતે સહી કરેલ છે. ઉપરોક્ત હકીકત ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧ (PW84)ની સરતપાસનાં પેરા–૨૧ માં જણાવેલ છે તે મુજબ ત. ક. અમલદાર આરોપીઓ હિતેશ ચુડાસમા, દક્ષેશ શાહ અને માનસિહ વાઢેરનાઓએ જગ્યા બતાવેલ તેનું પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ અને આ બાબતે તેમની ઊલટ તપાસ પેરા–૧૨૧ માં છે, જે મુજબ તેઓ તેમની સરતપાસની હકીકતને વળગી રહે છે, એટલે કે, ઉપરોક્ત પંચનામું પંચોની હાજરીમાં ત્રણે આરોપીઓ પોલીસ કસ્ટડીમાં હોય અને સ્વખુશીથી તેમણે ગુનામાં ઉપયોગ કરેલ મારૂતિ વાન સંબંધેનો રૂટ બતાવેલ તેનું આ પંચનામું છે, તે અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે, કારણ કે, આ રૂટની માહિતી, કે જે ફક્તને ફક્ત આરોપીઓને

હતી અને આરોપીઓ સિવાય અન્ય કોઈને હતી નહીં અને તેથી જ આરોપીઓ જ આ અંગે સત્ય હકીકત જણાવી શકે, કે જે પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબની ગ્રાહ્ય છે.

(૪૪.૨) હવે, આંક–પી–૨૩૪(PW43)વાળું પંચનામું જોઈએ તો, તેમાં આ પંચ સાહેદની ઉંમર ૨૪ દર્શાવેલ છે, પોતે વેપાર કરે છે તેવું જણાવેલ છે, જ્યારે જુબાનીમાં તેમની ઉંમર ૩૯ અને ધંધો મજૂરી જણાવે છે, પરંતુ શાહપુર રહેતા હોવાનું જણાવે છે, જે પંચનામામાં અને જુબાનીમાં પણ સત્ય હોવાનું જણાઈ આવે છે. આમ, પંચનામું કર્યું ત્યારે પંચ સાહેદની ઉંમર ૨૪ વર્ષ છે અને જુબાની ૨૦૨૧ માં આપે છે ત્યારે સ્વાભાવિક તેમની ઉંમર ૩૯ ની છે. આમ, આ સાહેદ કે જે અંગ્રેજીમાં પંચ ૨ તરીકે આ પંચનામામાં દરેક પેજ ઉપર તેની સહી કરે છે તે બતાવે છે કે, આ પંચ સાહેદ સારો એવો અભ્યાસ કરેલા વ્યક્તિ છે અને તેઓએ આ પંચનામામાં તેમની સ્વખુશીથી જ સહી કરી હોય, કે જ્યારે આ પંચનામું તેમની હાજરીમાં જ થયું હોય તો જ તે સહી કરે, તે કોઈ મજૂર વર્ગના કે અભણ કે રિક્ષા ચલાવનાર વ્યક્તિ નથી, કે જેની પાસેથી પોલીસ બળજબરી સહી કરાવી લે, પરંતુ તે વેપારી માણસ છે અને તેથી જ સમજી, વિચારીને તેમની હાજરીમાં આ પંચનામું થયેલ હોય તેથી તે આ સહી કરે. આમ, આ સાહેદે પંચનામામાં જે રીતે સહી કરેલી છે તે હકીકત બાબતે આરોપીઓએ કોઈ જ ઊલટ તપાસ કરેલ નથી, એટલે આ પંચનામાની સહીઓ આરોપીઓ તરફે કબૂલ રાખેલ હોવાનું પુરવાર થાય છે. આમ, આ સહીઓ સ્વયં પુરવાર કરે છે કે, આટલું મોટું પંચનામું આ પંચ સાહેદની હાજરીમાં જ થયેલ હોય, અન્યથા જે રીતે પંચ

સાહેદની જે જે જગ્યાએ સહીઓ કરવામાં આવેલ છે તેને કોઈ જ રીતે એવું કહી શકાય નહીં કે, આ સહીઓ પોલીસે કોરા કાગળ ઉપર કરાવી લીધેલ, કારણ કે, તે પંચનામાનું લખાણ જોતાં તે કોઈ રીતે શક્ય જણાતું નથી.

(૪૪.૩) વધુમાં અત્રે નોંધવું પડે કે, આ મારૂતિ વાન, કે જેનો રજીસ્ટ્રેશન નં.જીજે.૧.એચકે.૧૫૬૪ નો હોવાનું આ પંચનામામાં નોંધેલ છે, જે આ કામના સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણ (PW15)નાઓએ આરોપી હિતેશ ચુડાસમાને તા.૧૫-૬-૨૦૦૬ ના રોજ, એટલે કે, બનાવના દિવસે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં આપેલી અને તે હિતેશ આ ગાડી લઈને પકવાન હોટલ આવેલો, ત્યાંથી આરોપીઓએ તેમાં બેસીને બનાવવાળી જગ્યાએ ગયેલા, જે હકીકત આંક-પી-૮૩(PW3)નાં પંચનામાથી પુરવાર થાય છે અને આ મારૂતિ વાન ધર્મેન્દ્રસિંહનાં ભાઈ જનકસિંહે નામદાર કોર્ટમાંથી આંક-સી-૪૮૩ ની અરજી કરી પરત મેળવેલ છે, જે આ ગુનામાં વપરાયેલ છે. આમ, ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામે આરોપીઓ સૌપ્રથમ સાહેદ અનિરુદ્ધસિંહ દલુભા જાડેજા (PW54)ની ટાટા સુમોમાં રાજકોટથી બનાવના દિવસે હથિયારોનાં થેલા સાથે અમદાવાદ આવે છે, જે પકવાન હોટલે રોકાય છે, ત્યાં અનિરુદ્ધસિંહ, કે જે ટાટા સુમો જીજે.૧.એઆર.૬૫૪૭ નાં માલિક અને જાતે ડ્રાઈવર તરીકે આવેલા, તે ગાડીમાં જ સુઈ જાય છે અને સાંજના પાંચેક વાગ્યે આરોપી હિતેશ ચુડાસમા અને ચંદ્રકાંત ડાકી લઈને આવેલા, જે હિતેશ ચુડાસમાએ સાહેદ ધર્મેન્દ્રસિંહ (PW15) પાસેથી સ્વાધ્યાયના કામ માટે જરૂર હોય એમ કહીને લઈ ગયેલ, જે પકવાન હોટલે લઈને આવેલા, ત્યાં ટાટા સુમો પકવાન હોટલે મૂકી રાખેલ અને

તેમાં અનિરુદ્ધસિંહને પણ ત્યાં રોકાવાનું કહેલ, જે હકીકત આ પંચનામામાં નોંધેલ છે, તે પડેલ પુરાવાને આધારે પુરવાર થયેલ છે, જેની ચર્ચા ઉપર વિગતે કરવામાં આવેલ છે. ત્યારબાદ આ મારૂતિ વાનમાં આ પંચનામા મુજબ આરોપી ભરતસિંહ, ભુપતસિંહ, જશુભા, ચંદ્રસિંહ બેસેલા અને ચંદ્રકાંત ડાકીએ ડ્રાઈવીંગ કરેલ, જે અર્ધસત્ય પ્રકારની હકીકત હોવાનું જણાય છે, કારણ કે, અનિરુદ્ધસિંહનાં આંક–પી–૨૫૭(PW54) નાં નિવેદન મુજબ મારૂતિ વાનમાં આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા તથા ચંદ્રકાંત મેઘજી ડાકી બેસીને ગયેલા, જે મેજીસ્ટ્રેટ રૂબરૂનું નિવેદન છે એ નહીં માનવાને કોઈ કારણ નથી અને તેને સમર્થન રોશની ગેસ્ટહાઉસનાં પુરાવાથી પણ મળે છે, જે મુજબ આ ચારેય આરોપીઓ એટલે કે, ચંદ્રસિંહ, માનસિહ, ભુપતસિંહ અને ચંદ્રકાંત બનાવના ત્રણ દિવસ પહેલાં તા.૧૧–૬–૦૬ થી તા.૧૩–૬–૦૬ સુધી રોકાયેલા અને ત્યાં આરોપી ચંદ્રસિંહે રોશની ગેસ્ટહાઉસનાં રજીસ્ટરમાં એન્ટ્રી નં.૪૫૩ વાળી રાજુભાઈ દવેનાં નામે કરી, અંગ્રેજીમાં સહી કરી, રૂમ મેળવેલ અને તેઓના રોકાણ દરમ્યાન આરોપી ભરત વિજય ભટ્ટ અને ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા તેમને મળવા આવે છે, જે ચારેયની ઓળખ દેવેન્દ્ર દ્વારા થયેલ છે.

(૪૪.૪) આમ, આ ચારેય આરોપીઓ રાજકોટથી અમદાવાદ હથિયારો સાથે આવેલા અને પોતાના રચેલ ગુનાહિત કાવતરાના ભાગરૂપે તેઓએ મરણજનાર ઉપર જીવલેણ હુમલો કરી તેનું મૃત્યુ નિપજાવેલ, જે ઘટનાક્રમ આંક–પી–૨૩૪(PW43)નાં પંચનામામાં જણાવેલ છે તે મુજબ

મારૂતિ વાનમાં આરોપીઓ પકવાન હોટલથી બનાવવાળી જગ્યાએ હથિયારોનો થેલો લઈને ગયેલા અને આરોપી હિતેશ મોટર સાયકલ લઈને આવેલો, જે ખંભાતાના બંગલા પાસે બનાવવાળી જગ્યાએ મોટર સાયકલ નં.જીજે.૦૨.ડીએ.૮૪૧૬ તથા દક્ષેશ મોટર સાયકલ નં.જીજે.૦૨.ઇ.૬૦૫૪ લઈને ઊભા રહેલા અને તેઓ ત્યાં મરણજનાર પંકજ ત્રિવેદીની રાહ જોતાં હોવાની જે વિગત પંચનામામાં લખેલ છે તે સત્ય હોવાનું જણાઈ આવે છે. વધુમાં આંક–પી–૨૩૪(PW43) નાં પંચનામા મુજબ જીમખાનાની દિવાલ પાસે બે ગાડી વચ્ચે જગ્યા ઓછી હોય, માનસિહ વાઢેર તથા ભુપતસિંહ દોડીને મારૂતિ વાનમાંથી દરવાજો ખોલીને મારવા જાય છે તે વખતે પાછળથી પાઈપનાં માથામાં બે ફટકા મારેલા અને નીચે પડી જતાં બીજા ફટકાઓ મારેલાનું જે જણાવે છે તે હકીકતને ડૉકટર દિગ્વિજય રણછોડલાલ વાઘેલાની આંક–૨૮૪(PW63) અને આંક–પી–૨૮૫(PW63) થી સમર્થન મળે છે. તેમાં મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનાં શરીર ઉપર જે ઈજાઓ થયેલી તે મુજબ ઉપરોક્ત હકીકત સાચી હોવાનું જણાઈ આવે છે. તેમજ માનસિહ વાઢેરે જે પાઈપથી ફટકો મારેલ તેને એફ.એસ.એલ.નાં રિપોર્ટથી સમર્થન મળે છે. વધુમાં ગુનાવાળી જગ્યાએથી બેઝબોલની સ્ટીક પણ મળી આવેલ છે, એટલે માનસિહ વાઢેરે પાઈપથી ફટકો મારેલ અને અન્ય આરોપીએ બેઝબોલથી ફટકો મારેલ તેવું એફ.એસ.એલ. રિપોર્ટથી પુરવાર થાય છે, કે જે રિપોર્ટ મુજબ બેઝબોલ બેટ અને પાઈપ અને માનસિંહ વાઢેરના કપડાં ઉપર મરણજનારનું લોહી આવેલ છે. આમ, આ બનાવમાં ફક્ત માનસિંહ નહીં, પરંતુ તેની સાથેના અન્ય ત્રણ આરોપીઓએ મળી ચાર જણાએ આ બનાવને આખરી અંજામ આપેલ છે તે હકીકત આંક–

૧૩૫ ની ફરિયાદથી પુરવાર થયેલ છે, કે જે ફરિયાદ મુજબ મરણજનારને ચાર માણસોએ મારેલ છે અને આ ફરિયાદ આરોપીઓ પક્ષે કબૂલ રાખેલ હોય, જે પુરાવા કાયદાની કલમ–૫૮ મુજબ એડમીસીબલ છે, એટલે કે, પુરવાર થયેલ છે.

(૪૪.૫) વધુમાં આરોપીઓ હિતેશ ચુડાસમા અને દક્ષેશ શાહે આ ગુનાના કામે જે મોટર સાયકલો વાપરેલ તે પંચનામાઓ આંક–પી–૨૬૪(PW58) અને આંક–પી–૨૬૫(PW58) થી રજૂ છે, જે મુજબ, આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમાએ તે પોલીસ કસ્ટડીમાં હતા તે સમયે તા.૫–૭–૦૬ ના રોજ આ ગુનામાં વાપરેલ મોટર સાયકલ નં. જીજે.૧.ડીએ.૮૪૧૬ નું પંચોની હાજરીમાં ત. ક. અમલદાર વી. ડી. ગોહીલને તેઓએ બતાવેલ રસ્તે જઈને જે જગ્યાએ મૂકેલ તે જગ્યા બતાવેલ ત્યાંથી કબજે કરેલ છે અને તે પંચનામું આંક–પી–૨૬૪(PW58) વાળું છે. એ જ રીતે આરોપી દક્ષેશ હસમુખલાલ શાહ, કે જે પોલીસ કસ્ટડીમાં હતા, તે સમયે તા.૫–૭–૦૬ નાં રોજ પંચોની હાજરીમાં તેમણે બતાવેલ રૂટ ઉપર જઈ ત.ક. અમલદાર વી.ડી. ગોહીલની હાજરીમાં તેમણે ગુનાના કામે વાપરેલ મોટર સાયકલ નં.જીજે.૧.ઈસી. ૬૦૯૪ નંબરનું કબજે કરેલ. આ બન્ને મોટર સાયકલોનાં નંબર આંક–પી–૨૩૪(PW43)નાં પંચનામામાં જણાવેલ છે તે જ છે, એટલે કે, આંક–પી–૨૩૪(PW43)માં આરોપીઓ હિતેશ ચુડાસમા, દક્ષેશ શાહ અને માનસિહ અરજણ વાઢેરે જે જે વાહનોનો ઉપયોગ ગુનાના કામે કરેલ છે તે વાહનોની રૂટ સહિતની તમામ વિગત આપેલ છે, જેને આંક–પી–૨૬૪(PW58) અને આંક–

પી–૨૬૫(PW58)નાં પંચનામાઓથી મળે છે અને આંક–પી–૨૬૪(PW58) નાં પંચનામામાં જણાવેલ મોટર સાયકલ નં.જીજે.૧.ડીએ.૮૪૧૬ વાળું હિતેશે તેમના ધંધાના ભાગીદાર ગીરીશભાઈ પ્રેમજીભાઈ ચૌધરીનું હતું તે તેમની પાસેથી લઈને આવેલ, જે ગીરીશભાઈ પ્રેમજીભાઈ ચૌધરીની આંક–૧૭૬(PW13)ની સોગંદ ઉપરની જુબાનીથી તથા ગીરીશભાઈએ આ મુદ્દામાલ નામદાર કોર્ટમાંથી આંક–સી–૪૮૯ ની અરજી કરી પરત મેળવેલ તેનાથી જ નિઃશંકપણે પુરવાર થાય છે. તેમજ આંક–પી–૨૬૫(PW58)નાં પંચનામામાં જણાવેલ મોટર સાયકલ નં.જીજે.૧.ઈસી.૬૦૯૪, કે જે આ કામના આરોપી દક્ષેશ શાહની માલિકીની છે, તેનો ઉપયોગ આ ગુનાના કામે કરેલ હોય તે હકીકત આરોપી દક્ષેશ શાહની આંક–સી–૪૯૦ વાળી મુદ્દામાલ પરત મેળવેલાની તેમની અરજી તથા તેના હુકમથી પુરવાર થાય છે.

(૪૪.૬) આમ, આરોપી હિતેશ ચુડાસમા અને દક્ષેશ શાહે જે બે મોટર સાયકલોનો ઉપયોગ કરેલ તે બન્ને વાહનો તેમજ સાહેદ ધર્મેન્દ્રસિંહ (PW15)નાં ભાઈ જનકસિંહનાં નામવાળી મારૂતિ વાન તથા સાહેદ અનિરુદ્ધસિંહની ટાટા સુમોનો આ ગુનાના કામે બનાવના દિવસે, એટલે કે, તા.૧૫–૬–૦૬ નાંરોજ જે જે રૂટ ઉપર ઉપયોગ કરવામાં આવેલ તે મતલબની તમામ હકીકત આંક–પી–૨૩૪(PW43)માં જણાવેલ છે તે અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે. અત્રે એ સ્પષ્ટતા કરવી પડે કે, આ પંચનામાના અનુસંધાને ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની ઊલટ તપાસનાં પેરા–૧૦૯ માં આરોપીઓ તરફે જે પ્રશ્ન આ પંચનામા બાબતે પૂછેલ તેનો જવાબ ત. ક. અમલદારે પેરા–૧૦૯ ની ઊલટ તપાસનો જે

જવાબ છે તે મુજબ " એ વાત ખરી નથી કે મેં સરતપાસનાં પેરા–૯ માં જણાવેલ હકીકત રિમાન્ડ દરમ્યાન આરોપી હિતેશસિંહ ચુડાસમા તેમજ દક્ષેશ શાહે સંકળાયેલ મોટર સાયકલો બે પંચો સાથે રાખી પંચનામાની વિગતે કબજે કરેલ અને દક્ષેશ શાહે પંચો રૂબરૂ મણીનગર કર્ણાવતીના પાર્કીંગમાંથી મોટર સાયકલ બતાવેલ જે બન્ને પંચનામાઓ અલગ અલગ કરીને મોટર સાયકલ કબજે કરેલ. આ દરમ્યાન ફોનની કોલ ડિટેઈલ્સ મેળવીને તપાસના કામે સામેલ રાખેલ. દક્ષેશ શાહ તેમજ હિતેશ ચુડાસમાએ બતાવેલ મોટર સાયકલોના માલિકો અંગે આર.ટી.ઓ.માં યાદી લખી, હકીકત મેળવી તપાસના કામે સામેલ રાખેલ." તેવું જે લખાયેલ છે તેની સ્પષ્ટતા કરવામાં આવેલ છે, કારણ કે, કોર્ટ હંમેશા સત્યનો સાથ આપવાની નેમ ધરાવે છે અને તેથી જ આ હકીકત નોંધી સ્પષ્ટતા કરે છે કે, આ ફક્ત ટાઈપોગ્રાફીકલ ભૂલ છે અને પાછળ વાક્યના અંતે નથી શબ્દ લખાયેલ નથી, અન્યથા તે હોવો જ જોઈએ.

(૪૪.૭) આમ, ન્યાયિક કોર્ટ ન્યાય કરતી વખતે જે સત્ય હકીકત રેકર્ડ પર હોય તે જણાવવી જોઈએ અને તેથી જ ન્યાયિક નિર્ણયની પારદર્શિતા જળવાઈ રહે અને આવા કારણોસર અત્રેની કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે, ટાઈપોગ્રાફીકલ મીસ્ટેકને લીધે 'નથી' શબ્દ રહી ગયેલ છે, જે કોઈ જ રીતે ફરિયાદ પક્ષના કેસને નુકશાન કરતો નથી,કારણ કે પડેલ પુરાવાને આધારે આંક–પી–૨૩૪(PW43)વાળું પંચનામું ઉપર ચર્ચા કરી તે મુજબ નિઃશંકપણે પુરવાર થયેલ છે. આમ, ભલે આ પંચનામાના પંચ સાહેદ ફરી ગયેલ હોય, પરંતુ ઉપરોક્ત સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ પંચનામું પુરવાર થયેલ છે અને

આરોપીઓ તરફેની એવી દલીલ કે, આ **ડેમોસ્ટ્રેશન પંચનામું** પુરાવામાં ધ્યાને લઈ શકાય નહીં, કે જે પુરવાર થયેલ નથી, તે અત્રે ટકી શકે નહીં, કારણ કે, ઉપર ચર્ચા કરી તે મુજબ સબળ પુરાવાથી આ પંચનામું પુરવાર થયેલ હોય, તે નહીં માનવાને કોઈ કારણ નથી, કારણ કે, આ પંચનામામાં જે હકીકત જણાવેલ છે તે પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબની હોય, તેને વંચાણે લઈ શકાય તેવું અત્રેનું કોર્ટનું નમ્રપણે માનવું છે.

(૪૫) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ રાવતમલ મુળજીભાઈ ભાવસારને આંક–૨૫૯(PW55)થી તપાસેલ છે,તેમની જુબાની જોઈએ તો, તેઓ જુબાનીના સમયે ૭૦ વર્ષની ઉંમરના છે, નિવૃત્ત છે, ઈસનપુર, અમદાવાદ રહે છે, તેઓ જણાવે છે કે, ૨૦૦૬ નાં અરસામાં એલીસબ્રીજ જીમખાના પાસે ગુજરાત કોલેજ પાસે રચના કંપનીવાળા ખંભાતાનાં બંગલા પર વોચમેન તરીકે નોકરી કરતા હતા અને તેમનો નોકરીનો સમય સવારના આઠથી રાત્રિના આઠ સુધીનો હતો અને હાલનો બનાવ પણ આઠ–સવા આઠની વચ્ચે બનેલ છે, જે એલીસબ્રીજ જીમખાનાના પાછળના ભાગે પાર્કીંગમાં બનેલ છે. હવે આ સાહેદ આગળ જણાવે છે કે, બનાવના સ્થળે તેઓએ કોઈ મોટર સાયકલવાળા આવેલ હોય, કાંઈ બોલ્યા હોય અને લોહીલુહાણ હાલતમાં કોઈ માણસને જોયેલ હોય તેવું કાંઈ બનેલ નથી. પરંતુ, પોલીસે તેમનું નિવેદન નોંધેલ તેવું સ્વીકારે છે અને એ.પી.પી.શ્રીની નામદાર કોર્ટની પરવાનગીથી તેમની ઊલટ તપાસ કરવામાં આવેલ તેમાં કોઈ વ્યક્તિની ઓળખપરેડ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ તેમના દ્વારા કરવામાં આવેલ હોય અને તેમણે કોઈ વ્યક્તિને ઓળખેલ હોય તેવું

બનેલ ન હોવાનું જણાવે છે. હવે, આરોપીઓની ઊલટ તપાસમાં આ સાહેદ એવું સ્વીકારીને ચાલે છે કે, બનાવના દિવસે તેઓ ફરજ પર હાજર હતા નહીં તેમજ બનાવ જોયેલ નથી અને બનાવવાળી જગ્યાએ કાયમ માટે અંધારું હોય છે અને આ જે કાંઈ હકીકત જુબાનીમાં લખાવી તે સ્વેચ્છાપૂર્વક તેમની મરજીથી ધાકધમકી વગર લખાવેલ છે. આ જુબાની તા.૧૧–૪–૨૦૨૨ ની છે, જ્યારે તેમનું પોલીસે નિવેદન બનાવના બીજા દિવસે તા.૧૬–૬–૨૦૦૬ ના રોજ નોંધેલ છે. હવે, આરોપીઓ તરફેની ઉપરોક્ત ઊલટ તપાસ સ્વયં સૂચવે છે કે, બનાવવાળી જગ્યાએ આંક–પી–૯૧(PW8)નાં પંચનામા મુજબ જે બે લાઈટના થાંભલા આવેલા છે છતાં કાયમ માટે અંધારું હોવાનું આ સાહેદને પૂછી, બનાવવાળી જગ્યાએ આરોપીઓની ઓળખ શંકાસ્પદ કરવાનો નિરર્થક પ્રયત્ન કરેલ છે, પરંતુ એ હકીકત ચોક્કસ છે કે, આ સાહેદનું નિવેદન પોલીસે નોંધેલ છે. હવે જો તે બનાવના દિવસે ફરજ પર ન હોય તો તેનો સૌથી સારો પુરાવો આ સાહેદ પોતે જ આપી શકે, બીજું કોઈ આપી શકે નહીં. આમ, આ સાહેદ આરોપીઓનાં પ્રભાવ હેઠળ ખોટી જુબાની આપતા હોય તેવું જણાઈ આવે છે, કારણ કે, ત. ક. અમલદાર વી.ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની સરતપાસનાં પેરા–૨૧ માં તેઓ જણાવે છે કે, આરોપીઓ હિતેશ ચુડાસમા, દક્ષેશ શાહ અને માનસિંહ વાઢેર નાઓએ બતાવેલ જગ્યાનું પંચનામું તેમણે કરેલ અને તે પંચનામું આરોપીઓએ જ્યારે તેઓ પોલીસ કસ્ટડીમાં હતા તે સમયે કરેલ, જે આંક–પી–૨૩૪(PW43) વાળું પંચનામું છે, જે અગાઉ ચર્ચા કરી તે મુજબ પુરવાર થયેલ છે અને આ પંચનામા મુજબ આરોપી હિતેશે જણાવેલ કે, ગુજરાત કોલેજની દિવાલ પાસે મારૂતિ વાન પૂર્વ તરફ ઊભી રાખેલ તથા સામે

ખંભાતાના બંગલા પાસે પોતાની મોટર સાયકલ નં.જીજે.૦૨.ડીએ.૮૪૧૬ તથા દક્ષેશની મોટર સાયકલ જીજે.૦૨.ઈસી.૬૦૫૪ ઊભી રાખેલ અને જે બન્ને મોટર સાયકલ આ ગુનાના કામે કબજે કરેલ, જે પૈકી હિતેશે ગુનામાં ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ આ કામના સાહેદ ગીરીશ પ્રેમજી ચૌધરી(PW13)ની માલિકીની હતી, જે આંક–સી–૪૮૯ ની મુદ્દામાલ પરત મેળવેલાની અરજી તથા હુકમથી પુરવાર થયેલ છે, તેમજ દક્ષેશની પોતાની મોટર સાયકલ હતી તે આંક–સી–૪૯૦ ની મુદ્દામાલ પરત મેળવેલાની દક્ષેશની પોતાની અરજી તથા હુકમથી પુરવાર થયેલ છે. આમ, આ સાહેદ રાવતમલ સોગંદ ઉપર જણાવે છે તે મુજબ તેઓ ખંભાતાનાં બંગલા પર વોચમેન તરીકે સવારના ૮ થી સાંજના ૮ સુધી નોકરી પર આવે છે તે હકીકત અત્રે નિઃશંકપણે પુરવાર થાય છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી. તેમજ આ સાહેદે બનાવ જોયેલ છે અને મોટર સાયકલ પર કોઈ એકલું બેસેલ હોય અને તે તેમને પૂછવા જાય એ સ્વાભાવિક છે, કારણ કે, આંક–પી–૨૩૪ (PW43)નાં પંચનામા મુજબ હિતેશે એવું પણ જણાવેલ કે, આરોપી માનસિહ તથા ભુપતસિંહ આરોપી દક્ષેશનાં મોટર સાયકલ પર બેસી ગયેલ અને હિતેશ તેની મોટર સાયકલ પર આગળ ચાલેલ અને પાછળ મારૂતિ વાન ચલાવીને આવેલ. તે મુજબ ખંભાતાનો બંગલો પણ આવેલ.

(૪૫.૧) આમ, આ સાહેદ ખંભાતાના બંગલા પાસે, કે જ્યાં તે નોકરી કરે છે, છતાં સત્ય હકીકત જણાવતા નથી. વધુમાં આ સાહેદનું નિવેદન ત. ક. અમલદાર નટવરસિંહ કાળસિંહજી રાઠોડ આંક–૩૭૪(PW82)નાઓએ નોંધેલ અને તે બનાવના બીજા જ દિવસે એટલે કે, તા.૧૬–૬–૦૬ ના રોજ નોંધેલ, જે

હકીકત ત. ક. અમલદારની જુબાનીના પેરા–૩ માં સ્પષ્ટપણે જણાવેલ છે અને આ ત. ક. અમલદારને આરોપીઓ તરફે ઊલટ તપાસમાં એવું ક્યાંય પૂછેલ નથી કે, રાવતમલ બનાવના દિવસે ફરજ પર હાજર હતા નહીં અને એવી પણ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે રાવતમલનું નિવેદન ત. ક. અમલદાર દ્વારા ધાકધમકી અને દબાણપૂર્વક લખાવી લીધેલ છે. આમ, રાવતમલ ભલે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય, પરંતુ આંક–પી–૨૩૪(PW43)નાં પંચનામાથી એ હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ છે કે, ગુનાવાળી જગ્યાએ આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમાની મોટર સાયકલ પર આરોપી માનસિહ અરજણ વાઢેર તથા ભુપતસિંહ નારુભા જાડેજા હતા અને આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા તથા દક્ષેશ હસમુખલાલ શાહ મોટર સાયકલો લઈને હાજર હતાં, એટલે કે, તેઓ પણ આ ગુનામાં સામેલ હતા.

(૪૫.૨) ઉપરાંત આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા તથા ચંદ્રકાંત મેઘજી ડાકી, કે જે સાહેદ અનિરુદ્ધસિંહ (PW54)ની ટાટા સુમોમાં અન્ય આરોપીઓ સાથે રાજકોટથી અમદાવાદ પકવાન હોટલ ખાતે આવે છે, જ્યાં પકવાન હોટલે આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા તથા ચંદ્રકાંત મેઘજી ડાકી, સાહેદ ધર્મેન્દ્રસિંહ(PW15)નાં ભાઈ જનકસિંહની મારૂતિ વાનમાં થેલામાં લાવેલ હથિયારો સાથે ગયેલા, એટલે કે, આ કામના આરોપી માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા, ચંદ્રસિંહ મનુભા જાડેજા, ચંદ્રકાંત મેઘજી ડાકીએ બેઝબોલનું બેટ અને પાઈપો વડે તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ એલીસબ્રીજ જીમખાનાના પાછળ પાર્કીંગમાં મરણજનાર પંકજભાઈ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન

કરેલ છે તેવું અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે, જેને આંક–૧૩૫ ની ફરિયાદ, કે જે પુરાવા કાયદાની કલમ–૫૮ મુજબ અત્રે પુરવાર થયેલ છે તે મુજબ મારૂતિ વાનમાંથી ચાર માણસો દોડીને આવી મરણજનારને માર મારતા હોવાની જે હકીકત છે તે ચાર માણસો અન્ય કોઈ નહીં પરંતુ ઉપરોક્ત ચાર જણા, એટલે કે, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા, ચંદ્રસિંહ મનુભા જાડેજા, ચંદ્રકાંત મેઘજી ડાકી હોવાનું નિશંકપણે પુરવાર થયેલ છે.

(૪૬) ફરિયાદ પક્ષે સાહેદ શક્તિદાન બદ્રીદાન ગઢવીને આંક–૨૧૫ (PW35)થી તપાસવામાં આવેલ છે, તેમની સોગંદ ઉપરની જુબાની જોઈએ તો, તેઓ પડધરી ગામે રહે છે અને ખેતી કરે છે, બનાવના અરસામાં પણ તેઓ ધુનાના ગામ, તા.પડધરી મુકામે રહેતા હોવાનું જણાવે છે, પરંતુ તેઓ આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાને ઓળખતા ન હોવાનું જણાવે છે, કે જે આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા ચાર્જશીટ મુજબ પડધરી મુકામે રેલ્વે સ્ટેશનની સામે રહે છે. એટલે સ્વાભાવિક રીતે આ સાહેદ તેમને ઓળખતા જ હોય, પરંતુ તે જાણીજોઈને સત્ય હકીકત નામદાર કોર્ટ રૂબરૂ ન જણાવતા , છૂપાવે છે. હવે, આ સાહેદની વધુ સોગંદ ઉપરની જુબાની જોઈએ તો, તેઓ ફરિયાદ પક્ષના કેસને કોઈ સમર્થન કરતા નથી તેથી એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી ઊલટ તપાસ કરેલ છે, જેમાં પણ તેઓ સત્ય હકીકત જણાવતા નથી. હવે, આ સાહેદનું નિવેદન ત. ક. અમલદાર છગનભાઈ ખેતાભાઈ બાબરીયા આંક–૩૬૧(PW80) દ્વારા લેવામાં આવેલ, જે મુજબ આ સાહેદે જણાવેલ છે કે, ચંદ્રસિંહ મનુભા તેમના જુના મિત્ર થાય છે અને ઘેલાભાઈ વેલજીભાઈની દીકરીના સમાધાન માટે

ચંદ્રસિંહને તા.૧૫–૬–૦૬ ના રોજ સાંજે ફોન કરેલ ત્યારે ચંદ્રસિંહે જણાવેલ કે, તે અમદાવાદ આવેલ છે, પછી સમાધાનનું કામ કરીશું. આ અનુસંધાને આરોપીઓ તરફે કોઈ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી, પરંતુ સૂચક પ્રશ્ન પૂછેલ છે કે, તેઓ ધાકધમકી વગર જુબાની આપે છે, કે જે હકીકત આ સાહેદ સરતપાસમાં પણ જણાવતા નથી કે પોલીસ દ્વારા ધમકાવીને તેમનું નિવેદન લેવામાં આવેલ છે. આમ, બનાવના અરસામાં આ સાહેદે ચંદ્રસિંહને ફોન કરેલો, જે હકીકત ત. ક. અમલદાર વી.ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાનીનાં પેરા–૬ માં જણાવેલ છે કે, મોબાઈલ નં.૯૪૨૭૨૨૧૭૭૨ નાં વપરાશકર્તા ઈસમની તપાસ તેઓએ કરેલી, જેમાં આ ફોન પડધરી તાલુકાના રહેવાસી ચંદ્રસિંહ મનુભા જાડેજાનો હોવાનું જણાઈ આવેલ અને આ બાબતે ચંદ્રસિંહ મનુભા જાડેજાને તેઓએ પૂછપરછ કરતા અમદાવાદ મુકામે તેમની હાજરી, એટલે કે, ચંદ્રસિંહ મનુભાની હાજરીનો ચંદ્રસિંહે ખુલાસો કરેલ નહીં અને તેથી તેમની પૂછપરછ દરમ્યાન અમદાવાદ શહેરના દક્ષેશ શાહ, હિતેશસિંહ ચુડાસમા, રાજકોટ જિલ્લાના ભુપતસિંહ નારુભા તેમજ જુનાગઢ જિલ્લાના માનસિહ અરજણ વાઢેરના નામો ખૂલેલા. આ હકીકત ત. ક. અમલદાર સોગંદ ઉપર જણાવે છે અને તેમની ઊલટ તપાસમાં આ અનુસંધાને પેરા–૧૦૧ માં પૂછવામાં આવતા, તેઓ સરતપાસની હકીકતને વળગી રહે છે અને જ્યારે જવાબદાર અધિકારી તરીકે સોગંદ ઉપર આ હકીકત જણાવતા હોય અને વિરૂદ્ધની કોઈ હકીકત રેકર્ડ પર આવતી ન હોય તેવા સંજોગોમાં ફક્ત તેઓ પોલીસ સાહેદ છે તેટલા માત્રથી તેમની જુબાની ઉપર શંકા કરી શકાય નહીં.

(૪૬.૧) વધુમાં આ હકીકતને વધુ સમર્થન સાહેદ કલ્પેશ અંતુભાઈ પટેલની આંક–૨૯૫(PW66)ની જુબાનીથી મળે છે, જેમાં તે જણાવે છે કે, વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૭ સુધી બી.એસ.એન.એલ.માં સબ ડિવીઝનર એન્જિનિયર તરીકે ફરજ બજાવતા હતા અને પોલીસે તેમની પાસે મોબાઈલ નં. ૯૪૨૭૨૨૧૭૭૨ ની કોલ ડીટેઈલ માંગેલ, જે તેમની કંપનીના રેકર્ડ મુજબ ચંદ્રસિંહ મનુભા જાડેજાના નામે હતો તેમજ બીજો મોબાઈલ નં.૯૪૨૬૦૧૭૧૧૪ નો ભરત ભટ્ટનાં નામે હતો અને ત્રીજો મોબાઈલ નં.૯૪૨૬૭૧૯૯૨૬ તે સમયે એટલે કે, તા.૧–૬–૦૬ થી તા.૧૯–૬–૦૬ સુધી કોઈને એલોટ કરવામાં આવેલ ન હતો. હવે, આ સાહેદ જણાવે છે કે, ઉપરોક્ત ત્રણેય મોબાઈલ નંબરોની કોલ ડીટેઈલ્સ તેમની કોમ્પ્યુટર સિસ્ટમમાં ઉપલબ્ધ નથી, કારણ કે, લાયસન્સની શરતો મુજબ કોલ ડિટેઈલ્સ બે વર્ષના સમયગાળા સુધી જાળવવાની હોય છે અને હાલ એટલે કે, આ સાહેદ તા.૨૧–૧૧–૨૦૨૨ ના રોજ જુબાની આપે છે તે સમયે ૨૦૦૬ નાં કોલ ડીટેઈલ્સ તેમની ઑફિસમાં સોફ્ટ કોપી કે હાર્ડ કોપીમાં ઉપલબ્ધ ન હોય. આમ, સ્વાભાવિક રીતે આ સાહેદ પબ્લિક સર્વન્ટ છે, એટલે કે, બી.એસ.એન.એલ. કંપનીનાં કર્મચારી છે, તે તટસ્થ સાહેદ છે, તેને ખોટું બોલવાનો કોઈ પ્રશ્ન નથી, કારણ કે, આરોપીઓ સાથે તેને મનદુઃખ હોય શકે નહીં અને તે કંપનીનાં કર્મચારી તરીકે મોબાઈલ ફોનની વિગતો અંગે જુબાની આપવા આવેલ છે.

(૪૬.૨) હવે, આ રેકર્ડ સ્વાભાવિક રીતે બનાવ ૨૦૦૬ નો હોય તો ૨૦૨૨ માં ઉપલબ્ધ ન હોય અને તેથી જ આંક–પી–૨૯૪(PW66)વાળું

સર્ટીફિકેટ આપેલ છે અને તેનું પુરાવા કાયદાની કલમ–૬૫(બી)નું સર્ટીફિકેટ આંક–પી–૨૯૬(PW66) થી આપેલ છે, જે મુજબ સિસ્ટમ જુની હોય, આ ડેટા ઉપલબ્ધ ન હોય તે આપી શકે નહીં, પરંતુ મોબાઈલ નંબર ૯૪૨૬૦૧૭૧૧૪ નો ભરત ભટ્ટનાં નામનો છે તે પોસ્ટપેઈડ કાર્ડ છે અને સરનામું ૧૦૫, શ્રી વિનાયક એપાર્ટમેન્ટ, ૨૧, પુષ્પકુંજ સોસાયટી, કાંકરીયા, અમદાવાદનાં સરનામે ઈસ્યુ કરેલ છે, જે તા.૧૦–૧૧–૨૦૦૨ થી તા.૧૦–૪–૨૦૦૭ સુધી એક્ટીવ છે, ત્યારબાદ ડિએક્ટીવ થઈ જાય છે. હવે ચાર્જશીટ જોઈએ તો, આરોપી ભરત વી. ભટ્ટનાઓનું સરનામું જે જણાવેલ છે તે આ દસ્તાવેજમાં છે તે જ છે અને તે તેમના ચહેરા નિશાન પત્રક મુજબનું જ સરનામું હોવાનું પુરવાર થાય છે, એટલે આ નંબર ભરત ભટ્ટનો હોવાનું પુરવાર થાય છે. તે જ રીતે આંક–પી–૨૯૯(PW66)મુજબ મોબાઈલ નં.૯૪૨૭૨૨૧૭૭૨ નો આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાનો છે, જે સરનામું રેલ્વે સ્ટેશનની સામે, પડધરી, જિલ્લો રાજકોટનાં સરનામે ઈસ્યુ કરવામાં આવેલ છે, જે મુજબ ઉપરોક્ત બન્ને મોબાઈલ નંબરો આ કામના આરોપીઓ ભરત ભટ્ટ અને ચંદ્રસિંહનાં હોવાનું પુરવાર થયેલ છે અને તે હકીકતને આરોપીઓ પક્ષે સાહેદ કલ્પેશની ઊલટ તપાસમાં પડકારેલ નથી. આ બન્ને દસ્તાવેજો પુરાવા કાયદાની કલમ–૯૦(એ) મુજબ સાચા હોવાનું માનવાને કારણ રહે, જે પાંચ વર્ષથી જુના છે અને પ્રોપર કસ્ટડીમાંથી રજૂ થયેલ છે, જે કસ્ટડી અંગે આરોપીઓ તરફે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. આમ, સાહેદ શક્તિદાન, કે જેમણે ચંદ્રસિંહનાં મોબાઈલ પર વાત કરેલ હોય તે તેમનો નંબર જાણતા જ હોય, છતાં સોગંદ ઉપર ખોટું જણાવે છે.

(૪૬.૩) આ હકીકતને વધુ સમર્થન ત. ક. અમલદાર કાનજી તળશી કામરીયાની આંક–૩૫૫(PW78)ની જુબાનીથી મળે છે. તેઓ જણાવે છે કે, ઘનશ્યામસિંહ ચુડાસમા, મનિષ સોસાણી તથા ભરત ભટ્ટના મોબાઈલ નંબરોના અનુસંધાને કોમ્પ્યુટર ઓપરેટર જીતેન્દ્ર ઓઝાએ જે તે કંપનીને લેટર લખી માહિતી મંગાવેલ, જે જીતેન્દ્ર ગીરધરલાલ ઓઝા આંક–૩૪૮(PW75)માં પણ સ્પષ્ટપણે જણાવે છે. આમ, કે. ટી. કામરીયાએ બી.એસ.એન.એલ.નાં પિનાકીન પરમારને બોલાવી સી.ડી.આર.નું એનાલીસીસ કરાવેલ, જેમાં ઘનશ્યામસિંહ ચુડાસમા અને ભરત ભટ્ટ નાએ તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ બે વખત વાત કરેલાનું જણાઈ આવેલ તેથી સી.ડી.આર. નાં લોકેશનની માહિતી મંગાવવા પત્ર લખેલ તેમાં એક મોબાઈલ નં .૯૪૨૭૦૦૧૧૦૨ ઉપર ઘનશ્યામસિંહ ચુડાસમાએ વાત કરેલાનું જણાઈ આવેલ અને તે ફોન પડધરીથી આવેલો અને કલાક ૨૦:૦૮ વાગ્યે વાતચીત થયેલી, જે ઘનશ્યામસિંહે વાત કરેલાનું જણાઈ આવેલ અને લોકેશન અદાણી હાઉસ, અમદાવાદનું હોવાનું જણાવેલ, જે પત્ર આંક –પી–૩૫૬ (PW78)થી રજૂ છે અને સી.ડી.આર. મોબાઈલ નં.૯૪૨૭૨૨૧૭૭૨ ની આંક–પી–૩૫૭(PW78)થી રજૂ છે, જે સી.ડી.આર. જોતાં તા.૧૫–૬–૦૬ ના રોજ રાત્રિના કલાક ૨૦:૦૮ વાગ્યે આરોપી ચંદ્રસિંહના મોબાઈલ નં. ૯૪૨૭૨૨૧૭૭૨ નું લોકેશન અદાણી હાઉસ, અમદાવાદનું માલૂમ પડેલ.

(૪૬.૪) આમ, આ સી.ડી.આર., કે જે પાંચ વર્ષથી જુની છે, જે રજૂ કરનાર કંપનીના પ્રોપર કસ્ટડીમાંથી રજૂ કરવામાં આવેલ છે અને આરોપીઓ

તરફે એવી કોઈ તકરાર નથી કે આ સી.ડી.આર. પ્રોપર કસ્ટડીમાંથી રજૂ કરવામાં આવેલ નથી, જે બનાવ વર્ષ ૨૦૦૬ નો બનેલ છે તે સમયના છે. આમ, આ સી.ડી.આર., કે જે પાંચ વર્ષ જુનો છે તેથી ભારતીય પુરાવા કાયદાની કલમ–૯૦(એ) મુજબ સાચી હોવાનું પ્રિઝમ્શન કરવામાં આવે છે અને તે સ્ટેચ્યુટરી પ્રિઝમ્શન છે, જેને વંચાણે લેતાં આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા બનાવના દિવસે, એટલે કે, તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ ૨૦:૦૮ કલાકે બનાવના સ્થળની નજીક એટલે કે, બનાવના સ્થળે હતા અને તે સમયે સાહેદ શક્તિદાને તેમની સાથે વાત કરેલી અને ચંદ્રસિંહે જણાવેલ કે, તે અમદાવાદ છે અને પડધરી આવશે ત્યારે તેમના મિત્રની દીકરીના સમાધાન બાબતે વાતચીત કરશે તે હકીકત અત્રે નિ:શંકપણે પુરવાર થયેલ છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી. આમ, ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ તેમની આંક–૩૯૧(PW84)ની સોગંદ ઉપરની જુબાનીમાં જે હકીકત જણાવે છે તે મુજબ તા.૧૫–૬–૦૬ ના રોજ આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા તેમની હાજરી બાબતે કોઈ ખુલાસો કરી શકેલ નથી એ હકીકત અત્રે નિ:શંકપણે પુરવાર થયેલ છે અને બનાવના સ્થળે અન્ય આરોપીઓ સાથે આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા પણ હાજર હોવાનું નિ:શંકપણે પુરવાર થયેલ છે અને આમ સાહેદ શક્તિદાન પોતે પડધરીના હોય અને આરોપી ચંદ્રસિંહ પણ પડધરીના હોય તેમને બચાવવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે તેવું પુરવાર થાય છે, જે તેમનું કૃત્ય કોર્ટની ન્યાયિક પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવા સમાન છે.

(૪૭) વધુમાં ફરિયાદ પક્ષે આંક–પી–૨૪૨(PW46) નું પંચનામું, કે જે આરોપી ભરતભાઈ ભટ્ટની અંગઝડતીનું છે તથા તેમની પાસેથી સેમસંગ

કંપનીનો મોબાઈલ ફોન તથા સીમકાર્ડ ૯૪૨૬૦૧૭૧૧૪ કબજે કરેલાનુંપંચનામું છે. આ પંચનામાના પંચ સાહેદ મોહંમદ ખાલીદ જીગર મોહંમદ મકરાણીને આંક–૨૪૧(PW46) તથા અન્ય પંચ સાહેદ આસીફ હુસેનખાન પઠાણને આંક–૨૪૩(PW47)થી તપાસવામાં આવેલ છે, જે બન્ને પંચ સાહેદો આંક–પી–૨૪૨(PW46)માં પોતાની પંચો તરીકેની સહી કરેલાનું સ્વીકારે છે, પરંતુ તે સિવાયની અન્ય હકીકતોને તે સમર્થન આપતા નથી અને આ બન્ને પંચોની આરોપીઓ તરફે કોઈ જ ઊલટ તપાસ કરવામાં આવેલ નથી અને આ મોબાઈલ ફોન મુદ્દામાલ આર્ટીકલ નં.૩૭ થી કબજે કરેલ છે તેવું રેકર્ડ પર આવેલ છે. હવે, આ પંચનામું જોઈએ તો, ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ દ્વારા તા.૧૧–૭–૦૬ ના રોજ આરોપી ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ પોતે પોલીસ કસ્ટડીમાં હતા તે દરમ્યાન કરવામાં આવેલ છે. તેમજ સાહેદ કલ્પેશભાઈ અંતુભાઈ પટેલની આંક–૨૯૫(PW66)ની જુબાની તથા તેમણે રજૂ કરેલ આંક–પી–૨૯૭(PW66)નાં દસ્તાવેજ મુજબ મોબાઈલ સીમકાર્ડ નં.૯૪૨૬૦૧૭૧૧૪ આરોપી ભરત ભટ્ટનાં નામે છે અને તે સેમસંગ કંપનીનાં મોબાઈલમાં એક્ટીવ કરેલ સીમકાર્ડ છે, જે મુદ્દામાલ પાવતીથી પણ પુરવાર થયેલ છે અને આ હકીકત બાબતે આરોપી ભરત ભટ્ટ દ્વારા આ પંચનામાની હકીકતને કોઈ જ રીતે પડકારેલ નથી તેમજ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની જુબાનીમાં પણ તેને પડકારેલ નથી તેથી આ પંચનામું અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૪૮) વધુમાં ફરિયાદ પક્ષે આંક–પી–૨૫૦(PW51) કે જે આરોપી ઘનશ્યામસિંહ ચુડાસમાની અંગઝડતીનું તથા તેમની પાસેથી નોકીયા કંપનીનો

૬૨૩૦આઈ મોબાઈલ અને સીમકાર્ડ નં.૯૮૨૫૬૦૯૭૦૦ કબજે કરેલાનું પંચનામું છે તેના પંચ સાહેદ મોહંમદમીંયા યુસુફમીંયા સૈયદને આંક–૨૪૯ (PW51) થી તપાસવામાં આવેલ છે, તે પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે અને તે સિવાય અન્ય હકીકતને સમર્થન કરતા નથી, પરંતુ આ પંચનામું જોઈએ તો, ત.ક. અમલદાર વી. ડી. ગોહીલે તા.૯–૭–૨૦૦૬ ના રોજ કરેલ, જે આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા પોલીસ કસ્ટડીમાં હોય તે વખતે કરવામાં આવેલ છે અને આ હકીકત ત. ક. અમલદાર વી. ડી.ગોહીલ તેમની આંક–૩૯૧(PW84)ની સરતપાસનાં પેરા–૧૨ માં સ્પષ્ટપણે જણાવેલ છે, જે મુજબ આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા મળી આવતા તેમની અટક તા.૯–૭–૦૬ ના રોજ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કરેલ, જે મુજબ આરોપી ઘનશ્યામસિંહ પાસેથી અંગઝડતી કરતા મોબાઈલ ફોન મળી આવતા તે કબજે કરેલ. આ હકીકત ધ્યાને લેતાં, આરોપીઓ તરફે ઊલટ તપાસમાં ક્યાંય આ પંચ સાહેદને પૂછેલ નથી અને મુદ્દામાલ પાવતી ધ્યાને લેતાં ઉપરોક્ત મુદ્દામાલવાળો ફોન અને સીમકાર્ડ આરોપી ઘનશ્યામસિંહ પાસેથી મળી આવતા કબજે કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે. વધુમાં અત્રે નોંધવું પડે કે, રોશની ગેસ્ટહાઉસનાં માલિક દેવેન્દ્રની જુબાની મુજબ ઉપર ચર્ચા કરી તે મુજબ આ આરોપી ઘનશ્યામસિંહ જે સમયે એટલે કે તા.૧૧–૬–૦૬ થી તા.૧૩–૬–૦૬ દરમ્યાન આરોપીઓ માનસિંહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા, ચંદ્રકાંત મેઘજી ડાકી અને ચંદ્રસિંહ મનુભા જાડેજા આવેલા અને રોકાય છે તે સમયે આરોપી ભરત ભટ્ટ અને આ આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા મળવા જાય છે અને દેવેન્દ્રને કહે છે કે, આ ખાસ લોકો છે, ખાસ કામ માટે

આવેલ છે અને ભાડું ન ચૂકવે તો હું આપી દઈશ. આમ, આ આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, કે જે બનાવ સમયે પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન થયા બાદ ડી.સી.પી. ઝોન–૧ નાં કમાન્ડો જયેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (PW70) બનાવના સ્થળે જાય છે ત્યારે આ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા ફોન કરીને પૂછે છે કે, પંકજ ત્રિવેદી જીવે છે કે મરી ગયેલ છે? આમ, સદર આંક–પી–૨૫૦(PW51)વાળું પંચનામું અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે.આ હકિકતને વધુ સમર્થન ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ ઇકબાલભાઇ ઇસ્માઇલભાઇ વીરાણીની આંક–૧૯૮(PW22) ની જુબાનીથી મળે છે. જે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, સરખેજ ખાતે રહે છે અને વેપાર કરે છે અને રોયલ માર્કેટીંગના નામથી મોબાઇલ સીમ કાર્ડ વેચાણનો ધંધો કરે છે જેમાં વોડાફોન કંપનીના સીમ કાર્ડ વેચે છે અને બનાવ સમયે વોડાફોન કંપનીનું નામ હચ હતુ. જે સીમ કાર્ડ તેમના બનેવીના ડોકયુમેન્ટના આધારે રઘુભાઇને આપેલ. હવે, આ સિવાય પોલીસે તેમનું નિવેદન લીધેલુ છે કે કેમ તે તેમને ખબર નથી. આરોપીઓ તરફે આ સાહેદને તેઓ વોડાફોન કંપનીનું સીમ કાર્ડનું વેચાણ કરતાં નથી તેવો કોઇ પ્રશ્ન પુછીને પડકારેલ નથી એટલે આ સાહેદ જણાવે છે તે મુજબ તેમના બનેવીના દસ્તાવેજના આધારે રઘુભાઇને ચૌદ વર્ષ પહેલા એટલે કે આ સાહેદ જુબાની આપે છે તેના ચૌદ વર્ષ પહેલા બનાવ સમયે સને ૨૦૦૬માં આ સીમકાર્ડ તેમને આપેલુ. તે મુજબ ત.ક.અમલદાર વી.ડી.ગોહીલની આંક–૩૯૧(PW84) ની જુબાનીમાં તેઓ જણાવે છે કે, ઘનશ્યામસિંહ પાસેથી મોબાઇલ નંબર ૯૮૨૫૬૦૯૭૦૦ કબજે કરેલ. તે હકિકત જયારે પુરવાર થયેલ હોય ભલે આ સાહેદ સમર્થન ના કરે છતાં આંક–P–250(PW51) વાળુ પંચનામુ અત્રે

નિશંકપણે પુરવાર થયેલ છે.

(૪૯) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ મૃદુલ ઉપેન્દ્રભાઇ ભટ્ટને આંક–૨૯૨(PW65) થી તપાસેલા છે. તે વોડાફોન–આઇડીયા કંપનીના અલટરનેટ નોડલ ઓફીસર છે અને ડી.સી.પી. ઝોન–૧ અમદાવાદનાએ જે–તે સમયે પત્ર લખીને તેમની હચ કંપનીના મોબાઇલ નંબર ૯૮૨૦૦૪૩૨૦૭ તથા ૯૮૨૦૧૩૨૮૬૦ ની કોલ ડીટેઇલ્સ મંગાવેલ પરંતુ ડીપાર્ટમેન્ટ ઓફ ટેલી કોમ્યુનીકેશનની ગાઇડ લાઇન મુજબ એક વર્ષથી વધુ માહિતી રાખવામાં આવતી ન હતી અને હાલમાં આવી માહિતી બે વર્ષ સુધી રાખવામાં આવે છે. હવે આ સાહેદે માર્ક–૨૯૨(એ) થી રાજેશ ઓછવલાલ પરીખના નામે મોબાઇલ નંબર ૯૮૨૫૦૦૬૦૩૫ ની તા.૧૫/૦૫/૨૦૦૬ થી તા.૧૯/૦૬/૨૦૦૬ ના સમયગાળાની સી.ડી.આર. રજૂ કરેલ છે. અને હાલમાં હચ કંપની વોડાફોનમાં મર્જ થયેલ છે તેવુ જણાવે છે. આ સાહેદને આરોપીઓ તરફેની ઉલટ તપાસ જોતાં તેઓએ માર્ક–૨૯૨(એ)માં કંપનીનો સિક્કો નથી અને અધિકારીની સહી નથી તેવુ પુછેલ છે અને પ્રમાણપત્ર નથી અને કયારે માહિતી આપવામાં આવી તેની તારીખ નથી. તેથી આ દસ્તાવેજને આંક પડેલ નથી. હવે, અત્રે એ નોંધવુ પડે કે, મરણજનારે આંક–P–421(PW84) ની જે અરજી કરેલ તેમાં તેમના મૃત્યુ અંગે ભરત ભટ્ટ તથા રાજેશ ઓછવલાલ પરીખને જવાબદાર ગણવા અરજ ગુજારેલ અને તેથી ત.ક.અમલદારે તેમનો સી.ડી.આર. માંગેલ હોય પરંતુ તેના અનુસંધાને કોઇ સર્ટીફીકેટ રજૂ રાખેલ નથી પરંતુ પુરાવા કાયદાની કલમ–૬૫(એ) મુજબ આ દસ્તાવેજ ઇલેકટ્રોનીક રેકર્ડ હોય અને પાંચ વર્ષથી વધુ જુનો હોય અને પ્રોપર કસ્ટડીમાંથી રજૂ થયેલ હોય, જે અંગે આરોપીઓ તરફે કોઈ તકરાર ન હોય, આ

દસ્તાવેજને નહીં માનવાને કોઇ કારણ નથી.

(૫૦) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ રમેશભાઇ ચંદુભાઇ ચુડાસમા આંક–૩૫૯(PW79) થી તપાસેલા છે. જે વર્ષ ૨૦૦૬ માં એકાઉન્ટ તથા કેટરીંગનું કામ કરતા હતા અને તેમને તે સમયે એક મોબાઇલ ફોન ખરીદીલો અને તેમના દિકરાનું નામ હિતેશ છે અને જે હિતેશ કેટરીંગનું કામકાજ કરતો હતો અને આ સાહેદનો મોબાઇલ નંબર હિતેશ વાપરતા હશે કે કેમ તે જણાવતાં નથી. આ સાહેદની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. હવે, અત્રે નોંધવુ પડે કે આરોપી હિતેશ ચુડાસમાં જે આ સાહેદનો દિકરો થાય છે અને તેથી સ્વાભાવીક રીતે આ સાહેદે વર્ષ ૨૦૦૬માં ખરીદેલ પોતાનો મોબાઇલ ફોન જેનો સીમ કાર્ડ નંબર ૯૪૨૭૦૦૧૧૦૨ વાળો તેમના દિકરાને વાપરવા આપ્યો જ હોય પરંતુ તેમના દિકરાની જવાબદારી ના થાય તેથી આ સાહેદ નામદાર કોર્ટ રૂબરૂ સત્ય હકિકત છુપાવતા હોય જણાય આવે છે. કારણ કે, ત.ક.અમલદાર દ્વારા આરોપી હિતેશની અંગ ઝડતીમાંથી ઉપરોકત મોબાઇલ નંબર કબજે કરેલ છે અને તે મોબાઇલ નંબરનો ઉપયોગ આરોપી હિતેશ કરતાં હતા તેવુ સાહેદ – મનીષ જયંતિભાઇ પટેલ ના આંક–પી–૨૨૬(PW–39) થી રજૂ સી.આર.પી.સી. કલમ– ૧૬૪ ના નિવેદનથી પુરવાર થયેલ છે કે, હિતેશે ઉપરોકત મોબાઇલ નંબરથી મનીષના મોબાઇલ નંબર ૯૮૯૮૯૬પપપપ ઉપર ફોન કરેલો. આમ, ઉપરોકત હકિકત અત્રે નિશંકપણે પુરવાર થયેલ હોય તેવુ માનવાના કારણ રહે.

(૫૧) વધુમાં, આંક–P–213(PW33) કે જે પુજય દીદીના પ્રવચનની વિડીયો સી.ડી. કબજે કરેલ તે પંચનામુ છે, તેના પંચ સાહેદ ભરતભાઇ

ગગજીભાઇ ગોહીલને આંક–૨૧૨(PW33) તથા અન્ય પંચ રઘુભાઇ વશરામભાઇ ડોડીયાને આંક–૨૧૪(PW34) થી તપાસેલા છે, જે બંને પંચો આ પંચનામાને હકિકતોને સમર્થન કરતાં નથી, પરંતુ સહીઓ ઓળખી બતાવે છે, જે હકિકત ત.ક.અમલદાર વી.ડી.ગોહીલની આંક–૩૯૧(PW84) ની જુબાનીથી તેમજ મુદ્દામાલ પાવતીથી પુરવાર થયેલ છે અને આ અંગે પંચ સાહેદોને આરોપીઓ તરફે ઉલટ તપાસમાં કોઇ હકિકત પુછેલ નથી. ઉલટાનું એવો સુચક પ્રશ્ન કરેલ છે કે આ પંચ સાહેદો આરોપી ચંન્દ્રસિંહ મનુભા જાડેજાને મળેલ નથી કે જોયેલ નથી. આમ, આ સીડી ચંન્દ્રસિંહ મનુભા જાડેજાના મિત્ર દલપતભાઇ મોહનભાઇ પાદરીયા–PW36 નાએ આ પંચોની હાજરીમાં ત.ક.અમલદાર રૂબરૂ રજૂ કરતાં તે પંચનામાની વિગતે કબજે કરેલ હોય તેવુ નિશંકપણે પુરવાર થયેલ છે. જે નહીં માનવાને કોઇ કારણ નથી.

(૫૨) વધુમાં ફરિયાદ પક્ષે ત. ક. અમલદાર વિક્રમસિંહ દશરથસિંહ ગોહીલને આંક–૩૯૧(PW84)થી તપાસેલા છે, તેમની જુબાની જોઈએ તો, તેઓ જણાવે છે કે, જુન–૨૦૦૬ માં તેઓ અમદાવાદ શહેર ટ્રાફીક બાંચમાં પી. આઇ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૭/૦૬/૨૦૦૬ નાં અધિ. પોલીસ કમિશ્નર સેકટર – ૧ નાઓએ એલીસબ્રીજ પો.સ્ટે. ફસ્ટ ગુ.૨જી. નં. ૪૫૪/૨૦૦૬, આઇ.પી.સી. કલમ–૩૦૨ વગેરેના ગુન્હાની તપાસ તેમને સંભાળી લેવા હુકમ કરતાં, ઉપરોકત ગુન્હાની તપાસ તેમણે તા.૨૮/૦૬/૨૦૦૬ ના રોજ એલીસબ્રીજ પો.સ્ટે.ના સીનીયર પી.આઇ. એન. કે. રાઠોડ પાસેથી સંભાળી લીધેલ. જે તપાસના કાગળો વંચાણે લેતાં, આ

ગુન્હાના કામે ભોગબનનાર પંકજભાઇ ત્રિવેદીનાઓએ અગાઉ સને ૨૦૦૧ થી ૨૦૦૫ દરમ્યાન અરજીઓ કરેલી. જે તપાસના કામે તેમને મળેલ. જેમાં સ્વાધ્યાય પરીવાર વિરુધ્ધની હતી. તેમજ મરણજનારના પુત્ર, પત્ની તથા સગાસંબંધીઓના નિવેદનો વંચાણે લેતાં આ નિવેદનોમાં આ બનાવ અંગે સ્વાધ્યાય પરિવાર અંગે શંકા વ્યકત કરેલી. આ હકિકતથી વાકેફ થઇ આગળની તપાસ શરૂ કરવા તપાસના કામે લાગતાં વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. જેમાં મનીષ સવસાણીની પુછપરછ કરેલી અને તેનો બ્રેઇન ફીગર ટેસ્ટ, નાર્કો ટેસ્ટ, લાઇવ ડીટેકટર ટેસ્ટ કરાવવા તજવીજ કરેલી. તેમજ મરણજનાર – પંકજભાઇ ત્રિવેદીનું પી.એમ. કરવામાં આવેલ તે પી.એમ. નોટ તપાસના કામે સામેલ રાખેલી. ત્યારબાદ તપાસના ભાગ રૂપે બનાવ બનેલ તે જગ્યા એલીસબ્રીજ જીમ ખાના પાસે આજુબાજુના મોબાઇલ ટાવરના લોકેશન મેળવવા તજવીજ કરેલી, તેમજ આ વિસ્તારના મોબાઇલ ફોનના ઇનકમીંગ–આઉટગોઇંગ કોલની વિગતો મેળવવા તજવીજ કરેલી અને વિગતો મેળવી તપાસના કામે સામેલ રાખેલી. જેમાં એક મોબાઇલ નં. ૯૪૨૭૨૨૧૭૭૨ નો શંકાસ્પદ જણાઇ આવેલ. આ ગુન્હાની તપાસમાં તેમની સાથે તેઓની ટીમના સભ્ય તરીકે પી.એસ.આઇ. પી.બી.ઝાલા, પી.એસ.આઇ. સી.કે.બાબરીયા, પી.એસ.આઇ. જે.ડી.પુરોહિત, પી.એસ.આઇ. કે.ટી.કામરીયાનાઓ હતા. ત્યારબાદ તપાસના ભાગ રૂપે ઉપરોકત મોબાઇલ નંબર ૯૪૨૭૨૨૧૭૭૨ નો વપરાશ કરતા ઇસમની તપાસ કરતાં તે રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના રહેવાસી, ચંન્દ્રસિંહ મનુભા જાડેજા હોવાનું જણાઇ આવેલ . આ ચંન્દ્રસિંહ મનુભા જાડેજાને તા.૧૫/૦૬/૨૦૦૬ ના રોજ પોતાની અમદાવાદ મુકામે હાજરી અંગે પુછપરછ

કરતાં પોતે કોઇ ખુલાસો કરી શકેલ નહીં અને વધુ પુછપરછ દરમ્યાન ઉપરોકત ગુન્હાના કામે જે ઇસમોની સંળોવણી હતી તેમના નામો ખુલેલા, જેમાં અમદાવાદ શહેરના દક્ષેશ શાહ, હિતેશસિંહ ચુડાસમા, રાજકોટ જીલ્લાના ભુપતસિંહ નારુભા, જુનાગઢ જીલ્લાના માનસિંહ અરજણભાઇ વાઢેર નાઓના નામ ખુલેલ હતા. જેથી તપાસ ટીમના પીએસઆઇ પી.બી.ઝાલા તથા સી.કે.બાબરીયાને સૌરાષ્ટ તરફ તપાસમાં મોકલેલ હતા. તેમજ અમદાવાદ શહેરના પી.એસ.આઇ. કે.ટી.કામરીયા અને જે.ડી.પુરોહીતને અમદાવાદ શહેરમાં તપાસમાં મોકલેલ.

(૫૨.૧) ત્યારબાદ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ વધુમાં આગળ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૦૪/૦૭/૨૦૦૬ ના રોજ પી.એસ.આઇ. ઝાલા, ભુપતસિંહ નારુભાને પકડી લઇને આવતા, તેમજ પી.એસ.આઇ. કામરીયા તેમજ પુરોહિત, હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા તેમજ દક્ષેશ શાહને પકડીને લઇ આવતાં, આ સાહેદે તેમના નિવેદનો લઇને તપાસના કામે સામેલ રાખેલ અને તેઓના શરીર સ્થિતીના પંચનામુ કરીને તપાસના કામે સામેલ રાખેલ. આરોપી ચંન્દ્રસિંહ, હિતેષસિંહ, દક્ષેશ શાહ તથા ભુપતસિંહને તા.૦૪/૦૭/૨૦૦૬ ને ધોરણસર પંચનામાની વિગતે અટક કરીને ચહેરાનિશાન પત્રક ભરીને રીમાન્ડ માંગેલ હતા. તેમની તપાસ દરમ્યાન ઇ. પી. કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી) મુજબનો ગુન્હો બનતો હોય, નામદાર કોર્ટમાં તે અંગે ઉમેરાનો રીપોર્ટ કરેલો. આરોપીઓના ફિંગરપ્રિન્ટ પડાવવા તેમજ ફોટા પડાવવા તજવીજ કરેલી. ત્યારબાદ આરોપીઓના શરીર સ્થિતીના પંચનામા દરમ્યાન હિતેષ ચુડાસમા પાસેથી તેમજ ભુપતસિંહ જાડેજા

પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન તથા દક્ષેશના પાસેથી બે મોબાઇલ ફોન મળી આવેલા. તથા આરોપી ચંન્દ્રસિંહ જાડેજા પાસેથી એક મોબાઇલ ફોન તેમજ ગીતાજીનું પુસ્તક મળી આવેલુ, તે તમામ મુદ્દામાલ આ પંચનામાની વિગતે કબજે લઇને તપાસના કામે સામેલ રાખેલ.

(૫૨.૨) ત્યારબાદ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ વધુમાં આગળ તેમની જુબાનીમાં જણાવે છે કે, દરમ્યાન જુનાગઢ એલ.સી.બી.ના એ.એસ.આઇ.એ માનસિંગ અરજણ વાઢેરને તા.૦૫/૦૭/૨૦૦૬ ના રોજ પકડી તેમની રૂબરૂ લાવતાં તેમણે તેમની શરીર સ્થિતીનું પંચનામુ કરીને તેમની પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન પંચનામાની વિગતે કબજે કરીને તપાસના કામે સામેલ રાખેલ. રીમાન્ડ દરમ્યાન આરોપી હિતેષસિંહ ચુડાસમા તેમજ દક્ષેશ શાહે સંકળાયેલ મોટરસાયકલો બે પંચોને સાથે રાખીને પંચનામાની વિગતે કબજે કરેલ. દક્ષેશ શાહે પંચો રૂબરૂ મણીનગર, કર્ણાવતીના પાર્કિંગમાંથી મોટરસાયકલ બતાવેલ, જે બંને પંચનામાઓ અલગ અલગ કરીને મોટરસાયકલ કબજે કરેલ. આ દરમ્યાન મોબાઇલ ફોનની કોલ ડીટેઇલ્સ મેળવીને તપાસના કામે સામેલ રાખેલ. દક્ષેશ શાહ તેમજ હિતેશ ચુડાસમાએ બતાવેલ મોટરસાયકલોના માલિકો અંગે આર.ટી.ઓ.માં યાદી લખી હકિકત મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તપાસના કામે સર્કલ અધિકારી કોચરબ, છડાવાડ, અમદાવાદ તરફથી ગુન્હાના સ્થળનો નકશો બનાવી મોકલતાં તે કામમાં સામેલ રાખેલ. રીમાન્ડ ઉપરના આરોપી હિતેષ ચુડાસમા તથા દક્ષેશ શાહના મકાન અંગે કરેલ ઝડતી તપાસનું પંચનામુ બે પંચો રૂબરૂ કરીને તપાસના કામે સામેલ રાખેલ હતુ.

(પ૨.૩) ત્યારબાદ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ વધુમાં આગળ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૮/૦૭/૨૦૦૬ ના રોજ આરોપી ચંન્દ્રસિંહ મનુભા જાડેજાનું વર્તમાનપત્રમાં ફોટા આવેલ હોય, જેથી તે સિવાયના ભુપતસિંહ, દક્ષેશ શાહ, હિતેષસિંહ, માનસિંગ વાઢેરનાઓના ઓળખ પરેડ કરાવવા સારૂ એકજી.મેજીસ્ટ્રેટશ્રીને યાદી પાઠવેલ હતી. આરોપીઓ ચંન્દ્રસિંહ અને ભુપતસિંહ જાડેજાના મકાનની ઝડતી કરવા સારૂ પી.એસ.આઇ., સી.કે.બાબરીયાને રાજકોટ તથા પડધરી મુકામે મોકલી આપેલ. તા.૦૯/૦૭/૨૦૦૬ના રોજ આરોપી માનસિંગ વાઢેરનાઓએ બોડકદેવ પાસેના બગીચામાંથી એક પાઇપ બતાવતાં જે પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ. આ દરમ્યાન તા.૦૯/૦૭/૨૦૦૬ ના રોજ આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા મળી આવતાં તેઓને અટક કરવા સારૂનો પુરતો પુરાવો હોય બે પંચો રૂબરૂ શરીર સ્થિતીનું પંચનામુ કરી અટક કરતાં તેઓની અંગઝડતીમાંથી મોબાઇલ ફોન મળતાં કબજે કરવામાં આવેલા. આરોપીઓ માનસિંગ વાઢેર તથા ભુપતસિંહ જાડેજાના મકાન ઝડતીના પંચનામા તથા તેઓની કસ્ટડી પી.એસ.આઇ., સી.કે.બાબરીયાઓને આ સાહેદને સોંપેલ, જે અનુસંધાને જેઓએ કરેલ પંચનામા વગેરે કાર્યવાહી આ સાહેદ સમક્ષ રજૂ કરતાં તપાસના કામે સામેલ રાખેલ. આરોપી ઘનશ્યામસિંહ ચુડાસમાને તા.૧૦/૦૭/૨૦૦૬ ના રોજ નામદાર કોર્ટમાં રજૂ કરી દિન–૧૫ ના રીમાન્ડની માંગણી કરવામાં આવેલ. તપાસ દરમ્યાન સાહેદ–ધર્મેન્દ્રસિંહ સામતસિંહ ચૌહાણનું નિવેદન લેતાં જેઓએ પોતાના કબજાની મારૂતી વાન બનાવના અનુસંધાનેની પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલી. ત્યાર બાદ સાહેદ–

અનિરુધ્ધસિંહ જાડેજાનાઓની પુછપરછ કરતાં પોતે બનાવના દિવસે પોતાના કબજા ભોગવટાની ટાટા સુમો ગાડી નં. GJ-01-AR-6547 ની રજૂ કરતાં જે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલી. આ દરમ્યાન મોબાઈલ, કોલ ડીટેઈલ્સ તથા સાહેદોના નિવેદનોથી તા.૧૧/૦૭/૨૦૦૬ના રોજ ભરતભાઇ ભટ્ટની પુછપરછ કરેલી અને તેઓનું નિવેદન નોંધેલુ અને આ ગુન્હાના કામમાં તેઓની સંડોવણી જણાતા શરીરસ્થિતીનું પંચનામુ કરીને અટક કરેલા અને રીમાન્ડ રીપોર્ટ સાથે નામદાર કોર્ટમાં રજૂ રાખેલ હતા. તપાસ દરમ્યાન તા.૧૧/૦૬/૨૦૦૬ થી તા.૧૩/૦૬/૨૦૦૬ સુધી રોશની ગેસ્ટ હાઉસમાં રોકાયેલ જે ગેસ્ટ હાઉસનું રજીસ્ટર બે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરી તપાસના કામે સામેલ રાખેલ. આ દરમ્યાન આરોપી-ભરતસિંહ દિલુભા જાડેજા મળી આવતાં તેઓની શરીર સ્થિતીનું પંચનામુ કરીને ધોરણસર અટક કરી તેઓના રીમાન્ડ રીપોર્ટ સાથે નામદાર કોર્ટમાં રજૂ રાખેલ હતા.

(પ૨.૪) ત્યારબાદ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ વધુમાં આગળ તેમની જુબાનીમાં જણાવે છે કે, સાહેદ-દેવેન્દ્રભાઇ જીબોધચંન્દ્ર દવે જે રોશની ગેસ્ટ હાઉસના વહિવટકર્તા છે, તેમજ હેમરાજ ભોગીલાલ પાંડે કે જે રોશની ગેસ્ટ હાઉસના મેનેજર હતા તેમજ રાવતમલ મૂળજીભાઇ ભાવસાર કે જે બનાવવાળા સ્થળની નજદીક રસના કંપનીના માલિકના બંગલે હતા તે, આમ ત્રણેય જણાના નિવેદનને આધારે આરોપી હિતેશ ચુડાસમા, માનસિંગ વાઢેર, દક્ષેશ શાહ, ભુપતસિંહ ચુડાસમાનાઓની ઓળખ પરેડ સારૂ પી.એસ.આઇ. ઝાલા સાથે એકજી.મેજીસ્ટ્રેટની કોર્ટ ઘીકાંટા ખાતે મોકલી આપેલ, જે અંગેનું પંચનામું તેમને

સોંપતા તે તપાસના કામે સામેલ રાખેલ. આરોપી જશુભા જાડેજા તથા ચંદ્રકાંન્ત ડાકીની સંડોવણી હોઇ તેઓને હસ્તગત કરવા માટે પી.એસ.આઇ. બાબરીયાને સુચના આપેલી. તેઓએ તપાસ કર્યાની તથા બંનેના ઘરની ઝડતી તપાસ કરેલ. જે કાગળો રજુ કરતા તપાસના કામે સામેલ રાખેલ. તપાસ દરમ્યાન આરોપીઓ– હિતેષ ચુડાસમા, દક્ષેશ શાહ, માનસીંગ વાઢેરનાઓએ જગ્યા બતાવેલ તેનું પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલ. આરોપી ચંદ્રસિંહનાઓએ રોશની ગેસ્ટ હાઉસમાં રજીસ્ટરમાં કરેલ નોંધ અંગે તેના હસ્તાક્ષરના નમુના પંચોની હાજરીમાં પંચનામાની વિગતે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ઉપરોક્ત રોશની ગેસ્ટ હાઉસનું રજીસ્ટર તેમજ ચંદ્રસિંહના હસ્તાક્ષરના લીધેલ નમુનાઓ હસ્તાક્ષર નિષ્ણાંત તરફ મોકલવામાં આવેલ. જેઓએ ચંદ્રસિંહે જે નામથી રજુસ્ટ્રમાં નોંધ કરેલ હોઇ તે અંગેના નમુના લેવા પરત મોકલાવતા આરોપી પોલીસ કસ્ટડીમાં ન હોય તેથી નામદાર કોર્ટની મંજુરી મેળવી નામદાર કોર્ટે મંજુરી આપતાં જેઓના હસ્તાક્ષરના નમુના બે પંચો રુબરુ મેળવી , તપાસના કામે સામેલ રાખી હસ્તાક્ષર નિષ્ણાંત તરફ મોકલી આપેલ. આરોપી માનસીંગ વાઢેરનાઓના કપડાં તેમના ભાઇએ લાવીને રજુ કરતાં જે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ. ત્યારબાદ આ કામના તપાસ ટીમના પી.એસ.આઇ. બાબરીયાને આરોપી ચંદ્રસિંહના કુદરતી લખાણના નમુના માટે મોકલેલ. જેઓ તેમના નિવાસ સ્થાનેથી ચંદ્રસિંહના કુદરતી હસ્તાક્ષર વાળા કાગળો લઇ આવી આ સાહેદ સમક્ષ રજુ કરતાં બે પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરેલ.

(૫૨.૫) ત્યારબાદ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ વધુમાં આગળ તેમની જુબાનીમાં જણાવે છે કે, ત્યારબાદ આ કામે મરણ જનાર પંકજભાઇ ત્રિવેદી વિરુધ્ધ સ્વાધ્યાય પરિવાર તરફથી જુદી જુદી કોર્ટમાં તેઓએ છપાવેલ અશુભ પત્રિકા અંગે બદનક્ષીના કેસ કરેલ હોઇ, જે પૈકી ગોંડલ કોર્ટમાં તેઓનુ પકડ વોરંટ નિકળેલ હોઇ, જે અંગે તેઓની ધરપકડ થયેલ તે અંગેના સેટેલાઇટ પો. સ્ટેશન, અમદાવાદથી થયેલ કાર્યવાહી અંગે રજીસ્ટરનો તથા લોગ બુકનો ઉતારો તપાસ ટીમના પી.એસ.આઇ. શ્રી પી.બી.ઝાલાનાઓએ તેઓના રિપોર્ટ સાથે આ સાહેદને સોંપતા, તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ આ કામના નાસતા ભાગતા આરોપી ચંદ્રકાન્ત ડાકીને તારીખ–૧૮/૦૭/૨૦૦૬ ના રોજ અટક કરવામાં આવેલ. તપાસના કામે તેઓની પુછપરછ કરેલી અને સમય મર્યાદામાં રિમાન્ડ રિપોર્ટ સાથે નામ. કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવેલ. ત્યારબાદ આરોપી ચંદ્રકાન્ત ડાકીની ઓળખ પરેડ કરાવવા માટેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ મોકલી આપેલ. જે અંગે એક્ઝી. મેજી.શ્રીએ કરેલ ઓળખ પરેડ અંગેનું પંચનામું આવતાં કામમાં સામેલ રાખેલ. આ કામે આરોપી–ચંદ્રસિંહ મનુભા જાડેજા રાજકોટ રહેવાસી – પડધરી, જીલ્લો – રાજકોટનાઓને ત્યાથી સાહેદ – દલપતભાઇ પાદરીયાનાઓએ વીડીયો કેસેટ રજુ કરતાં જે પંચનામાની વિગતે કબજે કરી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ આ કામના આરોપી જશુભા જાડેજા તારીખ ૨૫/૦૭/૨૦૦૬ ના રોજ સ્વખુશીથી એલીસબ્રીજ પોલીસ સ્ટેશન, અમદાવાદ ખાતે હાજર થતાં તેઓને સદર ગુનાના કામે અટક કરેલ અને રિમાન્ડની માંગણી કરતાં નામ. કોર્ટ દ્વારા રિમાન્ડ મંજુર કરવામાં આવેલ. એફ.એસ.એલ.માં મોકલેલ મુદ્દામાલ તથા હસ્તાક્ષર નિષ્ણાંતની કચેરી

તરફથી પહોંચ મોકલી આપતાં તેમજ હસ્તાક્ષર નિષ્ણાંતનો અહેવાલ આવી જતાં તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ તપાસ દરમ્યાન તપાસ ટીમના સભ્યોએ લીધેલ સાહેદોના નિવેદનો તથા તેઓએ કરેલ પંચનામાઓ અને મેળવેલ દસ્તાવેજો તેમને મળેલ, જે તપાસના કામે સામેલ રાખેલ.

(૫૨.૬) ત્યારબાદ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ વધુમાં આગળ તેમની જુબાનીમાં જણાવે છે કે, આ કામે તપાસ દરમ્યાન તેમણે સાહેદ– ધર્મેન્દ્રસિંહ સામતસિંહ ચૌહાણ તેમજ સાહેદ – અનિરુધ્ધસિંહ દોલુભા જાડેજા તેમજ સાહેદ – ચિરાગ જશવંતભાઇ ઠક્કર તેમજ સાહેદ – કૌશલ અશોકભાઇ અમીન તેમજ સાહેદ –મનિષભાઇ જયંતિભાઇ પટેલનાઓના સી.આર.પી.સી. કલમ – ૧૬૪ મુજબના નિવેદનો લેવડાવવા માટે કાર્યવાહી કરેલ. જે અંગેની યાદી તારીખ – ૧૧/૦૭/૨૦૦૬ ના રોજ કરેલી અને તે નિવેદનો માટે સંબંધિત મેજી. સાહેબશ્રીએ તારીખ – ૧૫/૦૭/૨૦૦૬ ના રોજ નિવેદનો નોંધવા માટે સમય આપતાં પી.એસ.આઇશ્રી ઝાલાને આ નિવેદનો સંબંધે મેજી.શ્રી રુબરુ સાહેદો સાથે મોકલી આપેલા. તેમની તપાસ દરમ્યાન જે જે અધિકારીઓને આ કામે તપાસ સારૂ મોકલેલા તે તમામ પોલીસ કર્મચારીઓના નિવેદનો લઇને તપાસના કામે સામેલ રાખેલા, જેમાં ડી.એન.પટેલનું નિવેદન તા.૧૪/૦૭/૨૦૦૬ ના રોજ નોંધેલ, તેમજ પોલીસ કોન્સ્ટેબલ જીતેન્દ્ર ગીરધરલાલ ઓઝા, તેમજ એ.એસ.આઇ. મંગળભાઇ ભુલાભાઇ તેમજ પી. એસ. આઇ. કે.ટી.કામરીયાનાઓના નિવેદન તા.૨૧/૦૭/૨૦૦૬ ના રોજ નોંધી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ પી.સી. જયેન્દ્રસિંહ દિલીપસિંહનું નિવેદન

તા.૨૬/૦૭/૨૦૦૬ ના રોજ નોંધેલ. તેમજ પી.સી. વિશ્વજીતસિંહ કિરીટસિંહનું નિવેદન તા.૨૯/૦૭/૨૦૦૬ના રોજ નોંધેલ. તેમજ પી.એસ.આઇ. જે.એમ.ભરવાડ તથા એ. એસ. આઇ. અભેસિંહ જોધાનાઓના નિવેદનો તા.૦૫/૦૮/૨૦૦૬ ના રોજ નોંધેલ અને આ તમામ પોલીસ સાહેદોના નિવેદન તેમની તપાસના કામે સામેલ રાખેલ. આ વખતે પોલીસ કમિશ્નરનું હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોય, તેની નકલ મેળવીને તેને તપાસના કામમાં સામેલ રાખેલ. આ કામે મરણજનાર પંકજભાઇ ત્રિવેદીનાઓએ અગાઉ સેટેલાઇટ પો.સ્ટે.માં અરજીઓ આપેલ, જેનું લીસ્ટ તથા અરજીઓ મંગાવી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ તમામ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય, તેમણે સમયમર્યાદામાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તમામ આરોપીઓને જાયેથી ઓળખે છે તેમ જણાવી, તેમની જુબાની વખતે નામદાર કોર્ટમાં ચંન્દ્રસિંહ મનુભા જાડેજા તથા જસુભા દોલુભા જાડેજા નાઓ હાજર ન હતાં, તે સિવાયના તમામ આરોપીઓ જેમાં હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, દક્ષેશ હસમુખલાલ શાહ, ભુપતજી નરુભા જાડેજા, માનસિંહ અરજણ વાઢેર, ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, ભરતભાઇ વિજયભાઇ ભટ્ટ, ભરતસિંહ દિલુભા જાડેજા, ચંન્દ્રકાંત મેઘજીભાઇ ડાકી નાઓ કોર્ટમાં હાજર હોવાનું અને તેઓને ઓળખતા હોવાનું જણાવેલ છે. તેમણે તેમની તપાસના કામે પંચનામાની વિગતે કબજે લીધેલ અને રવાનગી નોંધ ભરી મોકલી આપેલ મુદ્દામાલ નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૫૨.૭) તેમજ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ તેમની જુબાની દરમ્યાન કરવામાં આવેલ કામગીરીના દસ્તાવેજો રજૂ રાખેલા તે તમામ જોઈએ

તો, આંક–P–393(PW84) થી બનાવવાળી જગ્યાનો નકશો, આંક–P–394(PW84) થી રવાનગી નોંધની સ્થળપ્રત, કે જે તા.૧૫/૦૬/૨૦૦૬ ની છે, તે,રજૂ રાખેલ છે. આંક–P–395(PW84) એફ. એસ. એલ.ની અસલ પહોંચ, કે જે તા.૦૩/૦૭/૨૦૦૬ ની છે, તે, આંક–P–396(PW84) થી રોશની ગેસ્ટ હાઉસના રજીસ્ટરના ઉતારાની નકલ, આંક–P–397(PW84) થી આરોપીઓની ઓળખપરેડ સારૂની એકજી. મેજીસ્ટ્રેટને લખેલ યાદીની સ્થળપ્રત, આંક–P–398(PW84), આંક–P–399(PW84) તથા સંયુકત આંક–P–400(PW84) થી નિ.૬૨/૩૭, નિ.૬૨/૩૮ તથા નિ.૬૨/૩૯ થી રજૂ નકશાઓ તથા નિ.૬૨/૩૯ ની સાથેનો બીજો એક નકશો એમ કુલ ૦૪(ચાર) નકશાઓ, આંક–P–403(PW84) થી મોબાઈલ નંબર ૯૮૭૯૧૩૨૩૨૩ ની કોલ ડીટેઈલ્સ, આંક–P–404(PW84) થી રવાનગી નોંધ, કે જે તા.૧૫/૦૬/૨૦૦૬ ની છે, તે, આંક–P–405(PW84) થી એફ. એસ. એલ.ની અસલ પહોંચ, આંક–P–406(PW84) થી હસ્તાક્ષર નિષ્ણાંતને લખેલ પત્ર, કે જે જા.નં.૩૮૭૩ વાળો છે, તે, આંક–P–407(PW84) થી હસ્તાંક્ષર નિષ્ણાંતને મોકલી આપેલ નમુનાનું ચેકલીસ્ટ રજૂ થયેલ છે, જેમાં મોકલેલ દસ્તાવેજનો પત્ર તથા દસ્તાવેજોનું ચેક લીસ્ટ તથા દસ્તાવેજોનો સમાવેશ થાય છે. તેમજ હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય આંક–૪૧૩ થી રિપોર્ટ સાથેનો રજૂ રાખેલ છે, આંક–P–408(PW84) થી મોબાઈલ નંબર – ૯૮૨૦૦૪૩૨૦૭ તથા મો.નં. ૯૮૨૦૧૩૨૮૬૦ ની કોલ ડીટેઈલ્સ મેળવવા સારૂ હચ કંપનીને લખેલ પત્ર , આંક–P–409(PW84) થી હસ્તાક્ષર નિષ્ણાંતને લખેલ પત્ર, કે જે જા.નં.૪૦૧૨ વાળો છે, તે પત્ર, આંક–P–

410(PW84) થી હસ્તાંક્ષર નિષ્ણાંતને મોકલી આપેલ નમુનાનું ચેકલીસ્ટ. આંક–P–411(PW84) થી ટાટા સુમો કે જેનો ગાડી નં. GJ–01–AR–6547 ની આર. સી. બુકની નકલ, આંક–P–412(PW84) થી ટાટા સુમો, કે જેનો ગાડી નં. GJ–01–AR–6547 ની ઓરીએન્ટલ ઇન્સ્યોરન્સ કંપનીના વીમાના કાગળો છે, તે, આંક–P–413(PW84) થી હસ્તાંક્ષર નિષ્ણાંતનો અહેવાલ, આંક–P–414(PW84) થી એફ.એસ.એલ.ની અસલ પહોંચ, કે જે તા.૨૦/૦૯/૨૦૦૬ વાળી છે, તે, આંક–P–415(PW84) થી એફ.એસ.એલ.નો અસલ અહેવાલ રજૂ થયેલ છે, જેમાં એફ.એસ.એલ.નો પત્ર તથા રવાનગી નોંધ તથા સીરોલોજીકલ પૃથક્કરણનો રિપોર્ટનો સમાવેશ થાય છે, આંક–P–416(PW84) થી એફ. એસ. એલ.ની અસલ પહોંચ, કે જે તા.૨૦/૦૯/૨૦૦૬ ની છે, તે, આંક–P–417(PW84) થી એફ. એસ. એલ.નો અસલ અહેવાલ રજૂ થયેલ છે,જેમાં એફ.એસ.એલ.નો પત્ર તથા રવાનગી નોંધ તથા સાયન્ટીફિક ઑફિસરનો રિપોર્ટ તથા સીરોલોજીકલ પૃથક્કરણનો રિપોર્ટનો સમાવેશ થાય છે, આંક–P–418(PW84) થી મરણજનાર પંકજ ત્રિવેદીએ સેટેલાઇટ પોલીસ સ્ટેશનના પી.આઇ.ને ઉદ્દેશીને લખેલ તા.૧૨/૧૨/૨૦૦૧ ના રોજની અરજીની નકલ, આંક–P–419(PW84) થી મરણજનાર પંકજ ત્રિવેદીએ સેટેલાઇટ પોલીસ સ્ટેશનના પી.આઇ.ને ઉદ્દેશીને લખેલ તા.૨૧/૦૬/૨૦૦૨ ના રોજની અરજીની નકલ, આંક–P–420(PW84) થી જગદીશભાઇ મનુભાઇ શાહનાઓએ સેટેલાઇટ પોલીસ સ્ટેશનના પી.આઇ.ને ઉદ્દેશીને લખેલ તા.૨૧/૦૬/૨૦૦૨ ના રોજની અરજીની નકલ, આંક–P–421(PW84) થી મરણજનાર પંકજ ત્રિવેદીએ

માનનીય મુખ્યમંત્રીશ્રીને ઉદ્દેશીને લખેલ તા.૧૧/૧૦/૨૦૦૪ ના રોજની અરજીની નકલ, આંક–P–422(PW84) થી રાજયપાલશ્રીની કચેરીમાંથી મરણજનાર પંકજ ત્રિવેદીને તેમની અરજીનો જવાબ આપેલ પત્ર, આંક–P–423(PW84) થી મરણજનાર પંકજ ત્રિવેદીનાએ તા.૧૦/૧૧/૨૦૦૫ ના રોજ માનનીય રાષ્ટ્રપતિશ્રીની કચેરીને લખેલ પત્રની નકલ, આંક–P–424(PW84) થી સી.આઇ.ડી. ક્રાઇમના પોલીસ મહાનિર્દેશકને તા.૧૦/૧૦/૨૦૦૫ ના રોજ લખેલ પત્રની નકલ,

(પર.૮) વધુમાં ત. ક. અમલદાર વી. ડી. ગોહીલ તેમની જુબાનીમાં મુદ્દામાલ આર્ટીકલ નં.૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦ વાળા મોબાઇલ ફોન તથા ગીતાપ્રેસ ગોરખપુરનું નાની ગીતાજીનું નાનું પુસ્તક, મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૨ વાળુ ડ્રાઇવીંગ લાયસન્સ કવર કે જેના પર ડુપ્લીકેટ લાયસન્સ નંબર લખેલ છે તે, મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૩ વાળો મોબાઇલ ફોન, મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૬ વાળી લોખંડની પાઇપ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૭ વાળા માટીનું કંન્ટ્રોલ સેમ્પલ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૮ વાળો મોબાઇલ ફોન જોઈને જણાવેલ છે કે, જે તમામ મુદ્દામાલ તેમણે પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૯ વાળો પ્લાસ્ટીકની ચેનવાળો થેલો, મુદ્દામાલ આર્ટીકલ નં. ૩૦ તથા ૩૧ વાળી લોખંડની પાઇપો તેમજ મુ.આ.નં. ૩૨ થી ૩૪ વાળા કપડા જોઈને જણાવેલ છે કે, જે તેમણે રવાનગી નોંધ ભરીને મોકલી આપેલ તે જ છે, કે જે પી.એસ.આઇ. બાબરીયાનાઓએ પંચનામાની વિગતે કબજે કરેલ. મુદ્દામાલ આર્ટીકલ નં. ૩૭ વાળા મોબાઇલ ફોન, મુદ્દામાલ આર્ટીકલ નં. ૩૮ વાળો રોશની

ગેસ્ટ હાઉસનો અસલ ચોપડો (રજીસ્ટર) લાલ રંગનો, મુદ્દામાલ આર્ટીકલ નં. ૩૯ તથા ૪૦ વાળા રોશની ગેસ્ટ હાઉસના રજીસ્ટરના વિઝીટરના કોલમમાં લખેલ કાગળના નમુનાઓ, મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૧ તથા ૪૨ વાળા કપડા, મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૩ વાળો લીટીવાળો કાગળ તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૪ વાળુ નાની લીટીવાળી પોકેટ ડાયરી તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૫ વાળી વિડીયો સીડી કે જે હાલમાં તુટેલી હાલતમાં છે તે તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૬ તથા ૪૭ વાળુ રોશની ગેસ્ટ હાઉસમાં રજીસ્ટરમાં રાજુભાઇ દવે જેવી અંગ્રેજીમાં સહી કરેલ કાગળના છ–છ નમુના જોઈને જણાવેલ છે કે, જે તેમણે પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે. તેમજ ત. ક. અમલદાર તેમની રૂબરૂમાં સાહેદોએ જે નિવેદનો લખાવેલા તે નિવેદનોની હકીકતો પણ જણાવે છે, કે જે સાહેદોએ નામદાર કોર્ટ રૂબરૂ ત . ક. અમલદાર રૂબરૂના નિવેદનથી તેમજ જે સાહેદોના સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનો લેવડાવવામાં આવેલ તે નિવેદનોથી વિપરીત હકીકત નામદાર કોર્ટ રૂબરૂ જણાવતા હોય , તે નિવેદનોની હકીકત ત. ક. અમલદારે તેમની સરતપાસમાં જણાવેલ છે, એટલે કે, સાહેદોએ જે નિવેદનો ત. ક. અમલદારને તેમજ મેજીસ્ટ્રેટ રૂબરૂ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નોંધાવેલા તે જ મુજબના નિવેદનો નોંધેલ છે. સાહેદોને કોઈ ધાક ધમકી કે પ્રલોભન આપેલ હોય તેવું ક્યાંય જણાઈ આવતું નથી. તેમજ ત. ક. અમલદારે આંક–૦૧ વાળી ચાર્જશીટમાં તેમની સહી ઓળખી બતાવે છે.

(૫૨.૯) હવે, આરોપીઓ તરફે ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની જે ઊલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં એવી કોઈ હકીકત નિકળી આવેલ નથી

કે જેને લઈને એવું રેકર્ડ પર આવે કે, તેમની તપાસ તટસ્થપણે કરેલ નથી કે તેમની તપાસ વિશ્વસનીય નથી, ઊલ્ટાનું ત.ક. અમલદારની સમગ્ર ઊલટ તપાસ જોવામાં આવે તો, તટસ્થ હોવાનું જણાઈ આવે છે અને જે રીતે આ કેસના કામે મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનાએ સ્વાધ્યાય પરિવાર સામે નાણાંકીય સમસ્યાઓ બાબતે જે અરજીઓ કરેલી તેના અનુસંધાને જે સ્વાધ્યાય પરિવારના અનુયાયીઓએ મરણજનાર તથા અન્યો સામે ક્રિમીનલ ફરિયાદો કરેલી તે નામદાર ગુજરાત હાઈકોર્ટે રદ્ધ કરેલ છે. ત્યારબાદ મરણજનારનું મૃત્યુ નિપજાવવા માટે જે રીતે આરોપીઓએ ખોટી દાખલ કરેલ ફરિયાદો અંગેની ન્યાયિક પ્રક્રિયામાં મરણજનાર વિરૂદ્ધ સફળ ન થતાં છેવટે તેનું મૃત્યુ નિપજાવેલ અને આ સમગ્ર ઘટનાક્રમ સાથે જે જે આરોપીઓ સંડોવાયેલ હતા તે તમામ, એટલે કે, હાલના તમામ આરોપીઓ સ્વાધ્યાય પરિવારના અનુયાયીઓ છે અને તેમની સંડોવણીના અનુસંધાને જે સાહેદોનાં નિવેદનો નોંધવામાં આવેલ છે તે તમામ સ્વાધ્યાય પરિવારના છે અને સમગ્ર ઘટનાની સંપૂર્ણ તપાસના અંતે જે ચાર્જશીટ કરવામાં આવેલ તે ચાર્જશીટમાં સાહેદોએ જે નિવેદનો ત. ક. અમલદારને આપેલ તેમજ મેજીસ્ટ્રેટ રૂબરૂ જેમના સી.આર.પી.સી. કલમ–૧૬૪ નાં નિવેદનો નોંધવામાં આવેલ છતાં આવા તમામ સાહેદોને આરોપીઓ તરફે પ્રભાવિત કરી, ત. ક. અમલદારની જે તટસ્થ અને માનવાલાયક તપાસ કરેલ છે તેની ઉપર યેનકેન પ્રકારે શંકા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરેલ છે અને તેના ભાગરૂપે એવી દલીલો કરેલ છે કે, તેઓએ મુદ્દામાલ પાવતીમાં તેમજ એફ.એસ.એલ.ની રવાનગી નોંધમાં જે મુદ્દામાલ પરિક્ષણ અર્થે મોકલેલ તેમાં ચેકચાક કરેલી છે, પરંતુ આ કામે ઉપર અગાઉ આ અનુસંધાને વિગતવારની ચર્ચા કરેલી જ છે અને

તેથી આરોપીઓની આવી દલીલ, કે જે ત. ક. અમલદારની ઊલટ તપાસનાં પેરા–૧૩૫ માં લીધેલ ઊલટ તપાસના આધારે ઉઠાવવામાં આવેલ છે, જેમાં તકરાર કરેલ છે કે, માર્ક T ઉપર X અને U ઉપર Y કરેલ છે અને માર્ક A1 ઓવરરાઈટ કરેલ છે, પરંતુ ત. ક. અમલદાર આ પ્રશ્નના જવાબનો ધરાર ઈન્કાર કરે છે, જેને સમર્થન ચાર્જશીટ સાથે જે આર્ટીકલ નં.૨૩ ઉપર લોખંડની પાઈપનું વર્ણન છે, જેને માર્ક X આપેલ છે અને આર્ટીકલ નં.૨૪ ઉપર કન્ટ્રોલ માટીનું સેમ્પલ છે, જેને માર્ક Y આપેલ છે. આમ, મુદ્દામાલ પાવતીમાં કોઈ ચેકચાક કરેલ નથી તેવું પુરવાર થાય છે. હવે, રવાનગી નોંધમાં T પછી S કરેલ છે અને S ચેકીને X કરેલ છે. તેજ રીતે U ઉપર Y કરેલ છે જેનું કારણ એ કે, મુદ્દામાલ રવાનગી નોંધ તૈયાર કરી, જે મુદ્દામાલ પાવતીઓ બાદ કરવામાં આવેલ છે અને તેથી મુદ્દામાલ પાવતીઓ મુજબ સળંગ A,B,C,D મુજબ અંગ્રેજીમાં રવાનગી નોંધ આંક–પી–૪૦૪(Pw84)માં મુદ્દામાલ પાવતી નં.૨૦૯/૨૦૦૬ નાં આર્ટીકલ્સ P, Q, R, S થી દર્શાવેલ છે. ત્યારબાદ મુદ્દામાલ પાવતી નં.૨૦૭/૨૦૦૬ નાં આર્ટીકલ સળંગ અનુક્રમ નં.૫,૬ અને સ્વાભાવિક રીતે આગળની પાવતી S થી અટકી હોય એટલે T, U, V થી દર્શાવેલ હોય, પરંતુ તેની જાણ થતાં મુદ્દામાલ પાવતી મુજબના માર્ક X, Y અને A1 લખેલ હોય તેમાં કોઈ ભૂલ નથી કે તેને કોઈ ગેરકાયદેસરતા કહી શકાય નહીં, કારણ કે, આ જ રવાનગી નોંધમાં આગળ જતાં માર્ક B1, જે મુદ્દામાલ પાવતી મુજબનો જ છે.

(૫૨.૧૦) આમ, ત. ક. અમલદારે કોઈ ગેરકાયદેસરતા આચરેલ નથી, જે મુદ્દામાલ પાવતીઓ છે એ જ મુજબની રવાનગી નોંધ છે અને તે મુજબનો જ

મુદ્દામાલ એફ.એસ.એલ.ને સીલપેક મળેલ છે. આ તમામ હકીકત ધ્યાને લેતાં, આરોપીઓ તરફેની આવી તકરાર અને દલીલ ટકી શકે નહીં. તે જ રીતે ત. ક. અમલદારની ઊલટ તપાસનાં પેરા–૧૩૬ માં મુદ્દામાલ આર્ટીકલ નં.૫ અને ૬, કે જે રવાનગી નોંધ આંક–પી–૪૦૪(PW84)માં વર્ણન બદલેલ હોવાનો વાંધો લીધેલ છે, પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ રવાનગી નોંધમાં બે પાવતીઓનાં આર્ટીકલનો સળંગ નંબર આપેલ છે તેથી આવું બનેલ છે, પરંતુ જે આર્ટીકલનું વર્ણન છે એ અસલ મુદ્દામાલ પાવતી મુજબનું જ છે, જેમાં મુદ્દામાલ આર્ટીકલ તરીકે કબજે કરેલ થેલો ત. ક. અમલદારને એફ.એસ.એલ. પરિક્ષણ માટે મોકલવો જરૂરી જણાયેલ ન હોય, તે મોકલેલ નથી, એટલે એક આર્ટીકલ ઓછો થતાં આ રવાનગી નોંધમાં જે નં.૫ થી પાઈપ અને નં.૬ થી કન્ટ્રોલ માટી મોકલેલાનો ઉલ્લેખ છે, જે કોઈ જ રીતે શંકા ઉત્પન્ન કરતો નથી, કારણ કે, અસલ મુદ્દામાલ પાવતીમાં જે મુદ્દામાલ આર્ટીકલોનું વર્ણન છે તે જ વર્ણન આ રવાનગી નોંધમાં પણ છે અને તેથી આરોપીઓ તરફેની આવી તકરાર ટકી શકે નહીં.

(૫૨.૧૧) વધુમાં આરોપીઓ તરફે ત. ક. અમલદારની ઊલટ તપાસનાં પેરા–૧૩૨ માં એવી તકરાર લઈ અને દલીલ કરેલ છે કે, તા.૯–૭–૦૬ ના રોજ આરોપી માનસિંહ વાઢેર–નાઓએ બોડકદેવમાં બગીચામાંથી એક પાઈપ બતાવતા પંચનામાની વિગતે તે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ તેના અનુસંધાને ત. ક. અમલદાર વી. ડી. ગોહીલે સ્થળ પર એફ.એસ.એલ. વાનના અધિકારીને હાજર રાખેલ નથી. આમ, આ અનુસંધાને ત. ક. અમલદારની ઊલટ તપાસથી એટલું નિઃશંકપણે પુરવાર થાય છે કે, ત. ક. અમલદાર દ્વારા આરોપી

માનસિંહ વાઢેરે બતાવેલ રસ્તે જઈ અને જે જગ્યાએ બનાવમાં ઉપયોગમાં લેવામાં આવનાર પાઈપ સંતાડેલ હતી તે શોધી આપેલ છે અને તે પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ છે. હવે, આ પાઈપ કબજે કરી તે વખતે સ્થળ પર એફ.એસ.એલ. વાનના અધિકારી હાજર ન હોય તેનું કારણ એ કે જ્યારે આરોપી માનસિંહ વાઢેર પોતે પોલીસ કસ્ટડીમાં હોય તે દરમ્યાન સ્વેચ્છાએ આ આર્ટીકલ એટલે કે, લોખંડની પાઈપ શોધી આપતા હોય, આમ આ સંજોગોમાં એફ. એસ. એલ. અધિકારીને યાદી કરવાની અને હાજર રાખવાની કોઈ જરૂર નથી, કારણ કે, આંક–પી–૨૨૯(PW40)વાળું પંચનામું જોઈએ તો, તેમાં આરોપી માનસિંહે પોતે બતાવેલ લોખંડની પાઈપ બનાવના કામે તેનું વર્ણન લખી, પ્લાસ્ટીકમાં મૂકી, સફેદ કાગળમાં મૂકી, દોરડાથી બાંધી સીલપેક કરેલ હોય, તે હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ છે, તેવા સંજોગોમાં આરોપીઓ તરફેનો આવો બચાવ ટકી શકે નહીં.

(૫૨.૧૨) વધુમાં આરોપીઓ તરફે ઊલટ તપાસના પેરા–૧૩૨ માં એવી તકરાર લીધેલ છે કે, તેમની સરતપાસમાં જણાવ્યા મુજબની વિગત કે, " જેને પ્લાસ્ટીકમાં મુકી, સફેદ કાગળમાં મુકી, દોરાથી બાંધી પાર્સલ કરેલ" તેવા શબ્દો તથા " બન્ને પાર્સલ પર" તેવા શબ્દો પાછળથી ઉમેરેલા છે. તો આ પ્રશ્નોનો જવાબ ત. ક. અમલદાર ધરારથી ઈન્કાર કરીને આપે છે, એટલે કે, આવા શબ્દો પાછળથી ઉમેરેલા નથી. આ અનુસંધાને આંક–પી–૨૨૯(PW40)વાળું પંચનામું જોઈએ તો, આવા શબ્દો, કે જે પંચનામું લખતી વખતે આગળની લાઈનમાં કોઈ શબ્દો લખવાના રહી ગયા હોય તો તે લખે તે ખૂબ જ સ્વાભાવિક

ઘટના છે અને આવી રીતે લખેલ હોય તો તેનાથી કોઈ શંકા કરી શકાય નહીં, કારણ કે, આરોપી પક્ષ પોતે આ પંચનામા મુજબની પાઈપ માનસિંહે શોધી આપેલી તેવો સૂચક પ્રશ્ન પૂછેલ છે અને તે પાઈપ સીલબંધ હાલતમાં એફ.એસ.એલ.ને મળી, જે એફ.એસ.એલ.ની પહોંચથી નિઃશંકપણે પુરવાર થયેલ છે અને એફ.એસ.એલ.નાં રિપોર્ટમાં આ પાઈપ ઉપર મરનારનું 'બી' ગૃપનું માનવ રુધિર મળી આવેલ છે, તેવા સંજોગોમાં આરોપીઓ તરફે જે તકરાર લેવામાં આવેલ છે તે ટકી શકે નહીં.

(૫૨.૧૩) વધુમાં ત. ક. અમલદારની ઊલટ તપાસના અનુસંધાને આરોપીઓ તરફે એવી દલીલ છે કે, રોશની ગેસ્ટહાઉસનું જે રજીસ્ટર કબજે કરેલ છે તેના પંચો ફરી ગયેલા છે અને તેથી ત. ક. અમલદારની જુબાનીમાં તે પુરવાર થયેલ નથી અને આ ચોપડાની એન્ટ્રીઓમાં સુધારા–વધારા કરેલ છે, જેથી તે શંકા ઉત્પન્ન કરે છે. તેમજ દલીલ છે કે, હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય સબસ્ટેન્સીવ એવીડન્સ નથી અને તેના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ કરેલ છે, જેમાં (1) 1977(0) AIJEL–SC–16461, Magan Bihari Lal Versus State of Punjab, (2) 2024 INSC 721, Yogarani Versus State by the Inspector of Police, (3) 1991 SCC on 407, Padal Veera Reddy Versus State of Andhra Pradesh & others. આ ઓથોરીટીઓ વંચાણે લેતાં, તેમાં વર્ણવેલ કેસની હકીકતો અને સંજોગો હાલના કેસની હકીકતો અને સંજોગોથી અલગ પડતા હોય, તેનો લાભ આરોપી પક્ષને મળી શકે નહીં તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે, કારણ કે,

હાલના કામમાં પડેલ પુરાવો જોઈએ તો, મુદ્દામાલ આર્ટીકલ નં.૩૮ વાળો, કે જે કમીટલ કોર્ટનાં લીસ્ટ મુજબ આર્ટીકલ ૩૮ છે, જ્યારે મુદ્દામાલ પાવતી મુજબ મુદ્દામાલ આર્ટીકલ નં.૩૪ છે, તે રજીસ્ટર રોશની ગેસ્ટહાઉસનાં માલિક દેવેન્દ્ર જીબોધચંદ્ર શાહ(PW11)નાએ રજૂ કરેલ તે અત્રે પુરવાર થયેલું છે અને તેને વધુ સમર્થન આરોપીઓ તરફેની દેવેન્દ્રની કરવામાં આવેલ ઊલટ તપાસથી મળેલ છે, જેમાં દેવેન્દ્ર હોટલનો ધંધો કરે છે તેવું કબૂલ રાખેલ છે અને સ્વાભાવિક રીતે ત.ક. અમલદાર ગોહીલને તપાસ દરમ્યાન આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રહેલ હતા તેવી જાણકારી મળતા ત્યાં તપાસ કરવા જાય અને ચોપડો કબજે કરે તે સ્વાભાવિક છે, જે હકીકત ત.ક. અમલદાર તેમની જુબાનીના પેરા–૧૭ માં સ્પષ્ટપણે જણાવે છે અને તેમાં જે રજીસ્ટર કબજે કરેલ તેની નોંધ નં.૪૫૩ આ કામે આંક–પી–૩૯૬(PW84)થી રજૂ રાખેલ છે, જે જોઈએ તો, તા.૧૧–૬–૦૬ થી તા.૧૩–૬–૦૬ સુધી આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા, જે રજીસ્ટર પંચો રૂબરૂ આંક–પી–૨૪૫(PW48) વાળા પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ છે, જે ચોપડા ઉપર લાલ કલરનું પુંઠું છે, 'રોશની ગેસ્ટહાઉસ' લખેલ છે, ૩૧ પાનાની વિગત લખેલ છે, જે હકીકત આરોપી ચંદ્રસિંહ જાડેજા તા.૪–૭–૦૬ ના રોજ પકડાયા બાદ આ હકીકત ખુલેલ છે અને તેથી તા.૮–૭–૦૬ ના રોજ રોશની ગેસ્ટહાઉસનાં માલિક દેવેન્દ્રનું નિવેદન ત.ક. અમલદાર ગોહીલ દ્વારા નોંધવામાં આવેલ અને આ ચોપડો કબજે કરેલ અને નોંધ નં.૪૫૩ પણ કબજે કરેલ અને એફ.એસ.એલ. પરિક્ષણ અર્થે આ નોંધ આરોપી ચંદ્રસિંહે પોતાનું નામ ખોટું જણાવી, એટલે કે, 'રાજુ દવે'નાં નામે એન્ટ્રી કરી, અંગ્રેજીમાં સહી કરેલ તે હકીકત પુરવાર થયેલ છે અને રોશની ગેસ્ટહાઉસમાં ચંદ્રસિંહ સાથે

બીજા ત્રણ આરોપીઓ રોકાયેલા , જે સાહેદ નિખીલ ગોવિંદલાલ પરીખ (PW12)ની લાલ કલરની મારૂતિ–૮૦૦ માં આવતા હતા.

(૫૨.૧૪) આમ, ઉપરોક્ત પરિસ્થિતિ રેકર્ડ પર આવતા આ ચોપડો કબજે કરેલ હોય અને તેની નોંધ ત. ક. અમલદારે કબજે કરી, એફ.એસ.એલ. પરિક્ષણ કરાવેલ, જેમાં આરોપી ચંદ્રસિંહે ખોટા નામે, ખોટી સહી કરેલાનું નિઃશંકપણે પુરવાર થતું હોય, આ આરોપીઓ બનાવ બન્યાના ત્રણ દિવસ પહેલાં તેના દ્વારા ઘડવામાં આવેલ ગુનાહિત કાવતરાનાં ભાગરૂપે આવેલા, જ્યાં તેમને આ કામના આરોપી ભરત ભટ્ટ અને ઘનશ્યામસિંહ ચુડાસમા મળવા આવે છે તે હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ હોય, આરોપીઓ તરફેની આવી દલીલ ટકી શકે નહીં. વધુમાં આરોપીઓ તરફેની આ દલીલ સ્વયં વિરોધાભાષી છે, કારણ કે, એક તરફ આરોપીઓ તરફે એવી રજૂઆત છે કે, હસ્તાક્ષર નિષ્ણાંતનો પુરાવો સબસ્ટેન્સીવ એવીડન્સ નથી અને બીજી તરફ એવી દલીલ કરે છે કે, મરણજનારની આંકે પડેલ અરજીઓ અંગે હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય નથી. આ દલીલ સ્વયં પુરવાર કરે છે કે, મરણજનારે જે અરજીઓ કરેલ તે અરજીઓના અનુસંધાને ઉપર ચર્ચા કરી તે મુજબ PW23 થી PW31 નાં સાહેદોએ મરણજનાર સામે વિવિધ ક્રિમીનલ કેસો કરેલા અને તે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રદ્ધ કરવામાં આવેલ છે. આમ, આરોપીઓ તરફેની આવી દલીલો ટકવા પાત્ર નથી.

(૫૨.૧૫) વધુમાં આરોપીઓ તરફે ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની ઊલટ તપાસમાં એવી તકરાર લીધેલ છે કે, બનાવ સમયે તેઓ ટ્રાફિક શાખામાં

ફરજ બજાવતા હતાં અને એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ન હતા અને તેમની પાસે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનનો ચાર્જ ન હોય, તેમને જે રીતે તપાસ સોંપી તે શંકા ઉપજાવે છે.આ દલીલના અનુસંધાને ત. ક. અમલદાર શ્રી વી. ડી. ગોહીલની જુબાની જોઈએ તો, તેઓને તા.૨૭–૬–૦૬ ના રોજ અધિક પોલીસ કમિશ્નર, સેકટર–૧ નાઓએ આ ગુનાની તપાસ સંભાળી લેવા હુકમ કરતા તેઓએ આ તપાસ સંભાળી લીધેલ, જે એલીસબ્રીજનાં પી.આઇ. એન. કે. રાઠોડ (PW82) પાસેથી સંભાળેલી, જેને એન. કે. રાઠોડની જુબાનીથી સમર્થન મળે છે અને આ હકીકતને એન. કે. રાઠોડની ઊલટ તપાસમાં આરોપીઓ તરફે પડકારેલ નથી તેમજ ત. ક.અમલદાર વી. ડી. ગોહીલની ઊલટ તપાસનાં પેરા–૯૫ માં આરોપીઓ તરફે કબૂલ રાખેલ છે કે, વી. ડી. ગોહીલ ટ્રાફિક શાખામાં પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા અને તેમને આ ગુનાની તપાસ સોંપવાનો હુકમ અમદાવાદ પોલીસ કમિશ્નરની સહીથી થયેલ નથી. આમ, આ સૂચક પ્રશ્નોથી સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, વી. ડી. ગોહીલને આ ગુનાની તપાસ સોંપવામાં આવેલી, જે અધિક પોલીસ કમિશ્નર, સેકટર–૧ દ્વારા કરેલ હુકમ મુજબ સોંપેલી, એનો મતલબ એવો નહીં કે, વી. ડી. ગોહીલને કોઈપણ જાતના હુકમ વગર તપાસ સોંપેલી. હવે આ સરતપાસમાં વી. ડી. ગોહીલના જણાવ્યા મુજબ અધિક કલેકટર, સેકટર–૧ નાઓએ કરેલ હુકમ ઊલટ તપાસમાં આરોપીઓ તરફે પડકારેલ નથી, ફક્ત કમિશ્નરશ્રીએ તેમની સહીથી હુકમ કરેલ ન હોય તેનાથી અધિક પોલીસ કમિશ્નર, સેકટર–૧ નો હુકમ ગેરકાયદેસરનો બની ન જાય. આમ, આરોપીઓ તરફેની આવી તકરાર ટકી શકે નહીં.

(૫૩) વધુમાં આરોપીઓ તરફે એવી દલીલ છે કે, આ કામના તટસ્થ સાહેદો ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી અને ફક્ત પોલીસ સાહેદોએ સમર્થન કરેલ છે તેના અનુસંધાને અત્રેની કોર્ટ દ્વારા વિગતવારના ફાઈન્ડીંગ્સ આપેલ છે અને તે મુજબ નોંધવું પડે કે, આ કામના સાહેદ ગીરીશભાઈ પ્રેમજીભાઈ ચૌધરી (PW13)નાઓએ સમર્થન કરેલ છે, તે સિવાય તપાસના કામે પોલીસ સાહેદોએ પણ સમર્થન કરેલ છે, તેમજ જે સાહેદોનાં સી.આર.પી.સી. કલમ– ૧૬૪ નાં નિવેદનો નોંધવામાં આવેલ તે નિવેદનો પણ સબળ પુરાવાથી પુરવાર થયેલ છે, તેથી આ કામે જે પુરાવો પડેલ છે તે મુજબ આરોપીઓ રાજકોટથી અમદાવાદ સાહેદ અનિરુદ્ધસિંહ દલુભા જાડેજા (PW54)ની ટાટા સુમો, રજીસ્ટ્રેશન નં.જીજે.૧.એઆર.૬૫૪૭ માં આવે છે અને **આ આરોપીઓ બનાવ પહેલાં રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા તે જ આરોપીઓ ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા, ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકી–નાઓ આ ટાટા સુમોમાં બનાવના દિવસે તા.૧૫–૬–૦૬ નાં રાજકોટથી અમદાવાદ હથિયારોના થેલા સાથે આવે છે અને અમદાવાદ પકવાન હોટલ ખાતે ઉપરોક્ત આરોપીઓ સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ સોલંકી(PW15)ની મારૂતિ વાન, જેનો નં.જીજે.૧.એચ.કે.૧૫૬૪ માં હથિયારોના થેલા સાથે બેસીને જતા રહે છે અને બનાવને સાંજના આઠથી સવા આઠની વચ્ચે આખરી ઓપ આપે છે, જેને આંક–૧૩૫ વાળી ફરિયાદ મુજબ ફરિયાદી રમેશ વિશ્વકર્માએ મારૂતિ વાનમાં ચાર જણા આવે છે અને બેઝબોલનો બેટ અને લાકડીઓનાં ફટકા મારી મરણજનારનું, જ્યારે તે એલીસબ્રીજ જીમખાનાથી નિકળી તેની લાલ કલરની ઈન્ડિકા અને તેની બાજુમાં**

પડેલ એસેન્ટ કારની વચ્ચે તેની ગાડીની ડ્રાઈવર સીટ તરફ જાય છે તે સમયે ફટકા મારી, ગંભીર અનેકો ઈજા પી.એમ. નોટ મુજબની જીવલેણ પ્રકારની કરી સ્થળ પર જ મોતને ઘાટ ઉતારે છે, જે આ ઉપરોક્ત ચાર આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે બનાવના પહેલાથી રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ અને મરણજનારની ગતિવિધિઓ આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા તથા આરોપી દક્ષેશ હસમુખલાલ શાહની મદદથી તેમજ સાહેદો **PW**37, **PW**38, **PW**39 ની મદદથી જાણે છે અને રોશની ગેસ્ટહાઉસમાં તા.૧૧–૬–૦૬ થી તા.૧૩–૬–૦૬ દરમ્યાન રોકાઈને ત્યાં આ કામના આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા અને ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ આવીને તેમને મળે છે. આમ, આ કામનું ગુનાહિત કાવતરું આ બધા આરોપીઓ ભેગા થઈને રચે છે અને ગુનાને આખરી અંજામ આપ્યા બાદ આરોપી ચંદ્રકાંત ડાકી સિવાયના રાજકોટથી આવેલ અન્ય આરોપીઓ અમદાવાદ રોકાઈ જાય છે અને અનિરુદ્ધસિંહ (**PW**54) સાથે ફક્ત ચંદ્રકાંત ડાકી રાજકોટ પરત ફરે છે, જે અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે. તેમજ અન્ય સાહેદોનાં પુરાવાથી પણ આ કામે જે આરોપીઓએ ગુનાના કામે રોલ ભજવેલ છે તે પુરવાર થયેલ હોય, તેને નહીં માનવાને કોઈ કારણ નથી.

(૫૪) વધુમાં આરોપીઓ તરફે એવી દલીલ છે કે, સાહેદના સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનો એ પ્રોપર ફોર્મમાં નોંધેલ નથી અને તે સબસ્ટેન્સીવ એવીડન્સ નથી અને આ દલીલના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ રાખેલ છે, જેમાં (1) 1972 Cri. L.J. 267, Ram

Kishan Singh Versus Harmit Kaur and another, (2) 1991 Cri.L.J. 2790, Ram Lakhan Sheo Charan and others Versus State of U.P., (3) 1999(2) Crimes 272, Nabhi Ahmad & others Versus State of U.P., (4) 1963(0) AIJEL-SC-26190, Shani Kumar Banerjee Versus Subhodkumar Banerjee. ઉપરોક્ત ઓથોરીટીઓ વંચાણે લેતાં, તેમાં વર્ણવેલ કેસની હકીકતો અને સંજોગો હાલના કેસની હકીકતો અને સંજોગોથી અલગ પડતા હોય, તેનો લાભ આરોપી પક્ષને મળી શકે નહીં તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. કારણ કે, આરોપીઓની રજૂઆત છે કે, મેજીસ્ટ્રેટશ્રીએ સાહેદોનાં નિવેદનો ક્ન્ફેશ્નલ સ્ટેટમેન્ટ તરીકે નોંધેલ છે, જે સ્ટેટમેન્ટ તરીકે નોંધેલ નથી, તેથી તે માની શકાય નહીં. આ અનુસંધાને ઉપર ચર્ચા કરી તે મુજબ માનનીય મેજીસ્ટ્રેટ સાહેબને સી.આર.પી.સી. કલમ-૧૬૪(૫) મુજબ સ્ટેટમેન્ટ નોંધવાની જે સત્તા છે તેમાં પોતાની રીતે જે યોગ્ય જણાય તે રીતે નોંધી શકે છે અને આ કામે જે સાહેદોનાં નિવેદનો નોંધેલ છે તે મુજબ સાહેદ ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણનું આંક-પી-૧૮૨(PW15) તેમજ સાહેદ ચિરાગ વસંતલાલ ઠક્કરનું આંક-પી-૨૧૮(PW37) તેમજ સાહેદ કૌશલ અશોકભાઈ અમીનનું આંક-પી-૨૨૦ (PW38) તેમજ સાહેદ મનિષ જયંતિભાઈ પટેલનું આંક-પી-૨૨૬(PW39) તથા સાહેદ અનિરુદ્ધસિંહ દલુભા જાડેજાનું આંક-પી-૨૫૭(PW54)વાળા નિવેદનો જોઈએ તો, તેમાં મેજીસ્ટ્રેટ સમક્ષ એક પણ સાહેદોએ એવું જણાવેલ નથી કે, પોલીસે તેમને ધાકધમકી આપેલી છે અને બળજબરી નિવેદનો નોંધાવેલ છે, ઊલ્ટાનું મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ જ્યારે નિવેદન નોંધાવ્યું ત્યારે કોઈ

પોલીસ અધિકારીની હાજરી નથી. આમ, ત. ક. અમલદાર દ્વારા કોઈ દબાણપૂર્વક કે લોભલાલચ આપી આ નિવેદનો નોંધાયેલા હોય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, ઊલ્ટાનું વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦, અમદાવાદ–નાઓએ સંપૂર્ણપણે પૂરતી કાળજી રાખી અને નિયમોનુસાર નિવેદનો નોંધેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે, જે ભારતીય પુરાવા કાયદાની કલમ–૮૦ મુજબ પણ ગ્રાહ્ય રહેવા પાત્ર હોય અને તેને નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાથી પણ સમર્થન પ્રાપ્ત થયેલ છે, જે નહીં માનવાને કોઈ કારણ નથી. આમ, આરોપીઓ તરફેની આવી દલીલ ટકી શકે નહીં. (**Reference is made to the Judgment of Hon'ble apex court in a case of Vijaya singh and anr. V/s. State of Utarakhand, Criminal Appeal No.** 122 **of** 2013**, Dt.** 25–11–2024)(**Supra.**)

(૫૫) વધુમાં આરોપીઓ તરફે એવી દલીલ છે કે, આંક–પી–૨૨૯ (PW40) વાળું ડિસ્કવરી પંચનામુ પુરવાર થયેલ નથી અને નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ રાખેલ છે, જેમાં (1) 2011(0) AIJEL–SC–227976, Arjanbhai Bijalbhai Bhubhawa Versus State of Gujarat, (2) 2012 (3) GLR–2250, Rameshbhai Hajabhai Chachiya Versus State of Gujarat, (3) 2014(0) AIJEL–HC–231559, Gopal @ Gopi Harmanbhai Chauhan Versus State of Gujarat, (4) 2024 INSC–788, Vishwajeet Kerba Masalkar Versus State of

Maharashtra, (5) 2024(0) AIJEL–SC–73528, Ravishankar Tandon Versus State of Chhattisgarh આ ઓથોરીટીઓ વંચાણે લેતાં, તેમાં વર્ણવેલ કેસની હકીકત અને સંજોગો હાલના કેસની હકીકત અને સંજોગોથી અલગ પડતા હોય, તેનો લાભ આરોપી પક્ષને મળી શકે નહીં તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. કારણ કે, પંચનામા મુજબ લોખંડની પાઈપ કબજે કરેલ છે, જ્યારે ફરિયાદ મુજબ લાકડીઓ છે. આવી દલીલ ટકી શકે નહીં, કારણ કે, ઉપર ચર્ચા કરી તે મુજબ બનાવનો સમય જોતાં ફરિયાદીએ જે પ્રકારે બનાવ બનેલ છે તે મુજબ લાકડીઓ કહી હોય, પરંતુ આરોપી માનસિહ અરજણ વાઢેરે જ્યારે પોલીસ કસ્ટડીમાં હતો ત્યારે જે જગ્યાએ ગુનામાં વાપરેલ પાઈપ સંતાડેલ અને તે શોધીને પોલીસને આપેલ જે પોલીસે કબજે કરી તેનું એફ.એસ.એલ. પરિક્ષણ કરાવેલા, જેની ઉપર મરણજનારનું 'બી' ગૃપનું લોહી મળી આવેલ હોય, તેથી જે પાઈપનો ઉપયોગ ગુનામાં કરવામાં આવેલ છે તે જ પાઈપ રિકવર કરવામાં આવેલ હોય, તેથી આવી તકરાર આરોપીઓ તરફેની ટકી શકે નહીં, કારણ કે, ઉપરોક્ત પંચનામું પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબ નિઃશંકપણે પુરવાર થયેલ છે, જેને વધુ સમર્થન ડૉ. દિગ્વિજયસિંહ(PW63)ની જુબાની અને આંક–પી–૨૮૫(PW63)વાળી પી.એમ. નોટથી સમર્થન મળે છે. વધુમાં તે જ રીતે આરોપી ભુપતસિંહે પણ ગુનામાં વાપરેલ પાઈપો પોતે પોલીસ કસ્ટડીમાં હોય તે દરમ્યાન રજૂ કરેલ, જે પોતાના ઘરે સંતાડેલ અને તે તેના ઘરેથી કબજે કરવામાં આવેલ, તે રિકવરી પણ પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબ નિઃશંકપણે પુરવાર થયેલ હોય, આરોપીઓની એવી દલીલ કે, આ કામે ફરિયાદ પક્ષ રિકવરી પુરવાર કરી શકેલ નથી, તે ટકી શકે નહીં, કારણ કે, આંક–૧૩૫

ની ફરિયાદ મુજબ એક વ્યક્તિના હાથમાં કાળો જાડો બેઝબોલનો ધોકો હોવાનું સ્પષ્ટપણે નોંધેલ છે તેની સામે આરોપીઓ તરફે કોઈ તકરાર લીધેલ નથી અને આ બેઝબોલનો ધોકો પોલીસે આંક–પી–૯૧(PW8)વાળા ગુનાવાળી જગ્યાના પંચનામા મુજબ ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ છે, જેની ઉપર પણ મરણજનારનું 'બી' ગૃપનું લોહી આવેલ છે, જેથી સ્વાભાવિક રીતે બનાવના સમયે જે અંધારું હતું તેમાં ફરિયાદીએ ક્ષણિક સમયમાં જે બનાવ બન્યો તેમાં લાકડીઓનું વર્ણન કર્યું તેટલા માત્રથી ઉપરોક્ત રિકવરી નિષ્ફળ કહી શકાય નહીં, કે જે પુરાવા કાયદાની કલમ–૨૭ ની તમામ જોગવાઈઓનું પાલન કરીને કરવામાં આવેલ છે અને તેને નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાથી પણ સમર્થન મળે છે, જેથી ઉપરોક્ત દલીલ આરોપીઓ તરફેની ટકી શકે નહીં.(**CRIMINAL APPEAL NOS. 6465 OF 2022 Ramanand @ Nandlal Bharti Versus State of Uttar Pradesh dt 13/10/2022 (relevant pera no 64,65,66,67, 68,69,70,71,72)(Supra.)**

(૫૬) વધુમાં આરોપીઓ તરફે દલીલ છે કે, આ કામે ફરિયાદી રમેશ વિશ્વકર્મા તેમજ સાહેદ રાવતમલે બનાવ જોયેલ છે છતાં ફરિયાદીની હાજરીમાં કોઈ ઓળખપરેડ કરાવેલ નથી અને જે સાહેદોની હાજરીમાં ઓળખપરેડ કરાવેલ છે તે સાહેદોએ બનાવ નજરે જોયેલ નથી અને દલીલના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ રાખેલ છે, જેમાં (1)1970(0)AIJEL–SC–4213, Budhsen Versus State of Uttar Pradesh, (2)1981 Supreme Court Cases (Cri.), 634, Wakil Singh and others Versus State of Bihar, (3) 2017(0) AIJEL–SC–59577, Md. Sajjad @

Raju @ Salim Versus State of West Bengal, (4) 2020(0) AIJEL–SC–66643, Chunthuram Versus State of Chhattisgarh, (5) 2022(0) AIJEL–SC–70096, Gireesan Nair Versus State of Kerala ઉપરોક્ત ઓથોરીટીઓ વંચાણે લેતાં, તેમાં વર્ણવેલ કેસોની હકીકતો અને સંજોગો હાલના કેસની હકીકતો અને સંજોગોથી અલગ પડતા હોય, તેનો લાભ આરોપી પક્ષને હાલના કેસમાં મળી શકે નહીં તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે, કારણ કે, આ અનુસંધાને ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, જે મુજબ બનાવ બનેલ છે તેની શરૂઆત બનાવના ત્રણ દિવસ અગાઉ, એટલે કે, ચાર આરોપીઓ ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા, ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકી તા.૧૧–૬–૨૦૦૬ થી તા.૧૩–૬–૨૦૦૬ સુધી રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા, જ્યાં તેમને મળવા ભરતભાઈ ભટ્ટ અને ઘનશ્યામસિંહ ચુડાસમા આવે છે, તેમજ આરોપીઓ હિતેશ ચુડાસમા અને દક્ષેશ હસમુખલાલ શાહ નાઓએ મરણજનારની ગતિવિધિઓની જાણકારી મેળવેલ તે મુજબ આ ગુનાની શરૂઆત બનાવના દિવસ પહેલાથી જ થઈ ગયેલ છે અને બનાવના દિવસે, એટલે કે, તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ આ ગુનાને આખરી અંજામ આપવા આ આરોપીઓ ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા, ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકી, ભરતસિંહ દીલુભા જાડેજા તેમજ જશુભા દોલુભા જાડેજા સાહેદ અનિરૂદ્ધસિંહ દલુભા જાડેજા (PW54)ની ટાટા સુમોમાં હથિયારોનો થેલો લઈને રાજકોટથી અમદાવાદ આવે છે અને અમદાવાદ પકવાન હોટલ પાસે રોકાય છે, જ્યાં મારૂતિ વાનમાં ચાર

જણા હથિયારો સાથે બેસી બનાવવાળી જગ્યાએ જાય છે અને ત્યાં બનાવને આખરી અંજામ આપે છે તે વખતે ત્યાં અન્ય ત્રણ આરોપીઓ બાઈક ઉપર વોચ રાખીને બેસેલ હતા અને ચાર આરોપીઓ મરણજનારનું બેઝબોલની સ્ટીક અને પાઈપો વડે મોત નિપજાવી પછી બધા ત્યાંથી ભાગી જાય છે. આ સંજોગોમાં સ્વાભાવિક રીતે બનાવની શરૂઆત જ્યાંથી થઈ હોય ત્યાંથી તપાસની શરૂઆત થાય અને તેથી જ જે ચાર આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા અને તેમને ટી.વી. બાબતે રોશની ગેસ્ટહાઉસનાં માલિક દેવેન્દ્ર જીબોધચંદ્ર દવે (PW11) સાથે માથાકુટ થયેલી અને તે માથાકુટમાં રોશની ગેસ્ટહાઉસનાં મેનેજર ખેમરાજ પણ સામેલ હોય તેથી તે બન્નેની હાજરીમાં અને ખંભાતાના બંગલાવાળા સાહેદ રાવતમલ ભાવસાર (PW55)ની હાજરીમાં ઓળખપરેડ કરાવેલ છે, જે ઓળખપરેડનું પંચનામું આંક–પી–૨૮૯(PW64)વાળું પડેલ પુરાવાને આધારે પુરવાર થયેલ હોય અને આ પંચનામાના એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી જે. એસ. પટેલ અને અન્ય એક ઓળખપરેડનું પંચનામું, કે જે આંક–સી–૪૮૪ થી રેકર્ડ પર છે, જેના એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શ્રી વી. ડી. સોલંકી અવશાન પામેલ હોય અને પંચો મળી આવતા ન હોય, તેમને તપાસી શકાયેલ નથી. તેવા સંજોગોમાં સી.આર.પી.સી. કલમ–૨૯૧(એ) મુજબ આ પંચનામાઓ ગ્રાહ્ય છે, કારણ કે, આ કામે આરોપીઓ તરફે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની ઊલટ તપાસ કરવા સંબંધેની કોઈ અરજી રેકર્ડ પર આપેલ નથી તેમજ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની ઊલટ તપાસથી પણ એવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. તે સંજોગોમાં આ કામે ઓળખપરેડ અંગેની જે શંકાઓ આરોપીઓ તરફે ઉત્પન્ન કરેલ છે તે ટકી શકે નહીં, કારણ કે, ત. ક. અમલદારની ઊલટ તપાસ મુજબ આરોપી

ચંદ્રસિંહનો ફોટો છાપામાં આવી ગયેલ હોય તેથી તેની ઓળખપરેડ કરાવેલ નહીં, જ્યારે ચંદ્રસિંહે પોતે રોશની ગેસ્ટહાઉસના રજીસ્ટરમાં 'રાજુ દવે'નાં નામે નોંધ નં.૪૫૩ ની ખોટી કરી અને ખોટી સહી અંગ્રેજીમાં કરેલ છે અને રહેવાનું સરનામું પણ સહકાર સોસાયટી, રાજકોટનું ખોટું આપેલ છે, જે ખરેખર ચાર્જશીટ મુજબ પડધરી રેલ્વે સ્ટેશનની સામે રહે છે, તે જોતાં, ચંદ્રસિંહે ખોટી એન્ટ્રી કરી, ખોટા નામે સહી કરી હોવાની હકીકત અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે. તેથી ચંદ્રસિંહની ઓળખનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યારે આંક–પી–૨૮૯ (PW64) જોતાં, આરોપીઓ હિતેશસિંહ ચુડાસમા, દક્ષેશ શાહ, ભુપતસિંહ જાડેજા અને માનસિંહ વાઢેરની ઓળખ, કે જે રોશની ગેસ્ટ હાઉસનાં માલિક દેવેન્દ્ર જીબોધચંદ્ર દવેની હાજરીમાં કરવામાં આવેલ તે પુરવાર થયેલ છે. તેમજ ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની ઊલટ તપાસમાં આરોપીઓ તરફે એવો સૂચક પ્રશ્ન કરવામાં આવેલ કે, તેઓએ આરોપીઓને અગાઉથી બતાવી, ઓળખની કાર્યવાહી ખોટી ઊભી કરેલ છે. પરંતુ, ત. ક. અમલદાર આ પ્રશ્નનો ધરાર ઈન્કાર કરે છે અને પોતાની સરતપાસની હકીકતને વળગી રહે છે. હવે, આ પ્રશ્નથી એ હકીકત સ્વયં સ્પષ્ટ થાય છે કે, ઓળખના પંચનામા અંગે સી.આર.પી.સી. કલમ–૨૯૧(એ) મુજબ વિરૂદ્ધની કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, તે અંગે ખોટા ઊભા કરવાનો ત. ક. અમલદાર માટે કોઈ પ્રશ્ન ઊભો થતો નથી, કારણ કે, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ કાયદેસરની જે નિયમોનુસારની કાર્યવાહી છે તે તમામ પૂર્ણ કરીને આ પંચનામાઓ કરેલ છે અને એ પણ નોંધવું પડે કે, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને આરોપીઓ સાથે કોઈ વૈમનસ્ય હોય શકે નહીં અને હોય તો તે રેકર્ડ પર બચાવ પક્ષ લાવી શકેલ નથી,

ફક્ત ડિનાઈલ સ્વરૂપનો પ્રશ્ન પૂછવા માત્રથી બચાવ પક્ષની જવાબદારી પૂરી થતી નથી, કારણ કે, મરણજનારે જે આંક–પી–૪૧૮(PW84) થી આંક–પી–૪૨૪(PW84)ની અરજીઓ કરેલ તે અરજીઓમાં જે પ્રકારની દહેશત વ્યક્ત કરેલ તે દહેશત મુજબ જ તેમનો અંત આવેલ છે, એટલે કે, મરણજનારે કરેલ અરજીમાં એટલે સુધીની હકીકતો જણાવેલ કે, આ કામના આરોપી ભરતભાઈ ભટ્ટ, કે જે મોટા ભાઈ તરીકે ઓળખાય છે અને તે સિવાયના અન્ય કર્તાહર્તાઓના નામો લખીને એવી દહેશત વ્યક્ત કરેલ કે, આ લોકો તેમનું મૃત્યુ નિપજાવશે, તેવા સંજોગોમાં તેમની આ અરજીને તેમનું ડાઈંગ ડેકલેરેશન ગણવું. આ હકીકત સ્વયં સૂચવે છે કે, તેમને આરોપીઓ થકી મોતનો ભય હતો અને તે મરણજનાર સારી રીતે સમજતા હતા અને અનુભવતા હતા અને તેથી જ પ્રોટેક્શનની માંગણીઓ કરેલી, પરંતુ તેમને પ્રોટેક્શન મળેલ ન હોય, હાલ તે આ ગુનાના પરિણામના ફળ સ્વરૂપે મોતને ભેટેલ છે, કે જેને આખરી અંજામ આ કામના આરોપીઓએ ગુનાહિત કાવતરાના ભાગ સ્વરૂપે આપેલ છે અને આ ગુનાહિત કાવતરામાં ભાગ ભજવેલ દરેક આરોપીની ઓળખ રેકર્ડ ઉપર નિઃશંકપણે પુરવાર થયેલ હોય, આરોપીઓ તરફેની આવી દલીલ ટકી શકે નહીં.

(૫૭) વધુમાં આરોપીઓ તરફે દલીલ છે કે, આ કામે પંચ સાહેદો ફરી ગયેલા છે અને પંચનામાની કોઈ હકીકતને સમર્થન કરતા નથી અને તેના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ રાખેલ છે, જેમાં (1) 1962 (1) Cri.L.J., 142 (Gujarat High Court), Naginlal Nandlal Versus State of Gujarat, (2) 1963 (1) Cri.L.J., 14 (Gujarat High

Court),Valibhai Omarji Versus The State આ ઓથોરીટીઓ વંચાણે લેતાં, તેમાં વર્ણવેલ કેસની હકીકતો અને સંજોગો હાલના કેસની હકીકતો અને સંજોગોથી અલગ પડતા હોય, તેનો લાભ આરોપી પક્ષને મળી શકે નહીં તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે, કારણ કે, હાલના કેસમાં જે પુરાવો આવેલ છે તે મુજબ પંચ સાહેદ અર્ધસત્ય હકીકતો કોર્ટ રૂબરૂ જાહેર કરે છે, જેની વિગતે ચર્ચા ઉપર સંબંધિત પેરામાં કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે અને પંચ સાહેદો જેટલા અંશે સમર્થન કરે છે તે હકીકતોની વિગતવારની ચર્ચા કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે અને તે ચર્ચા મુજબ ત. ક. અમલદારની જુબાની તથા અન્ય સમર્થનકારી પુરાવાને આધારે પંચનામાઓ નિઃશંકપણે પુરવાર થયેલા છે અને તેથી આરોપીઓ તરફેની આવી દલીલ ટકવા પાત્ર નથી. (**As per Judgment of Hon'ble Apex Court in a case of Yogeshsingh VS Mahabirsingh reported in** 2016 (0) **AIJEL–SC** 59319) વધુમાં અત્રે અગાઉ ચર્ચા કરી તે મુજબ આ કામે આરોપીઓએ સાક્ષીઓને પણ એટલે અંશે પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરેલ છે કે, આ કામના સાહેદો, કે જે સ્વાધ્યાય પરિવારના સક્રિય અનુયાયીઓ હતા, તેઓએ આરોપીઓને બચાવવા માટે ત. ક. અમલદાર તેમજ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦, અમદાવાદ–નાં મેજીસ્ટ્રેટશ્રીને પણ ખોટા પાડવાનો પ્રયત્ન કરી, અત્રેની કોર્ટ રૂબરૂ ખોટી જુબાનીઓ આપેલી છે અને આમ, આરોપીઓએ આવા સાહેદોની મદદથી આખી ન્યાયની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો નિષ્ફળ પ્રયત્ન કરેલ છે અને તેથી જ એવી દલીલ લઈને આવેલ છે કે, આ કામે કોઈ તટસ્થ સાહેદોનો સમર્થનકારી પુરાવો નથી અને જે પુરાવો છે તે પોલીસ સાહેદોનો છે, પરંતુ કાયદામાં એવી કોઈ

વ્યવસ્થા નથી કે પોલીસ સાહેદોની જુબાની માની શકાય નહીં કે તેને ધ્યાને લઈ શકાય નહીં, ઊલ્ટાનું નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવેલ છે કે, ભલે તટસ્થ સાહેદ સમર્થન ન કરે, પરંતુ પોલીસ સાહેદોનો પુરાવો સમર્થનકારી હોય અને વિશ્વસનીય હોય, ભરોસાપાત્ર હોય તો તેને આધારે આરોપીઓની જવાબદારી ઠરતી હોય તો ઠરાવવી જોઈએ. (**Reference is made to the judgment of Hon'ble Apex Court in CRIMINAL APPEAL NO**. 2363 **OF** 2023 **arising out of SLP** (**Crl**.) **No**. 9710/2023 [**@Diary No**. 16317/2022] **SATHYAN vs**. **State of Kerala, wherein in para** 22 **to** 26)(**Supra**.)

(૫૮) આરોપીઓ તરફે એવી દલીલ છે કે, ફરિયાદ પક્ષ સાંયોગિક પુરાવાની તમામ કડીઓ પુરવાર કરી શકેલ નથી અને આ દલીલના અનુસંધાને આરોપીઓ તરફે નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ રાખેલ છે, જે જોઈએ તો (1) 1977 Supreme Court Cases (Cri.) 250, Hukam Singh Versus State of Rajasthan, (2) 1984(0) AIJEL–SC–26145, Sharad Birdhichan Sarda Versus State of Maharashtra, (3) 1977 Supreme Court Cases (Cri.) 1004, Tanviben Pankajkumar Divetia Versus State of Gujarat, (4) 2016(0) AIJEL–HC–233873,Alikhan @ Mubarak Abbas Pathan Versus State of Gujarat,(5) 2023(0) AIJEL–SC–72692, Sharanappa @ Sharanappa Versus State of Karnataka, (6) 2024(0) AIJEL–

SC–72964, Darshan Singh Versus State of Punjab, (7) 2024(0) AIJEL–SC–73526, Arun Shankar Versus State of Madhya Pradesh, (8) A.I.R., 1973, Supreme Court, 2273, Kaliram V/s. State of H.P., (9) A.I.R., 1957, Supreme Court, 637, Sarwan Singh Rattan Singh V/s. State of Punjab., (10) A.I.R., 1981, Supreme Court, 765, Shankarala Gyarasilal Dixit V/s. State of Maharashtra., (11) A.I.R., 1977, Supreme Court, 1936, Ram Lakhan Singh & Others V/s. State of U.P., (12) A.I.R., 1956, Supreme Court, 217, Aher Raja Khima V/s. State of Saurashtra., (13) A.I.R., 1974, Supreme Court, 344, Harchand Singh & another V/s. State of Hariyana., (14) 1991(1), G.L.R., 266 , Lilubha Mohabatsingh V/s. State of Gujarat., (15) 2003(0), Supreme(SC), 918, Damodar V/s. State of RaJashthan. (16) 2025, INSC 119, Vinobhai V/s. State of Kerala,.(17) 2025, INSC 164, Gambhirsingh V/s. State of U.P., (18) 2025, INSC 167, Raja Khan V/s. State of Chhatisgarh. આ ઓથોરીટીઓ વંચાણે લેતાં, તેમાં વર્ણવેલ કેસની હકીકત અને સંજોગો હાલના કેસની હકીકતો અને સંજોગોથી અલગ પડે છે, તેથી આ ઓથોરીટીઓનો લાભ આરોપી પક્ષને થઈ શકે નહીં તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. કારણ કે, ફરિયાદ પક્ષનો ઉપરોક્ત સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, બનાવ

તા.૧૫–૬–૦૬ ના રાત્રિના કલાક ૨૦:૦૦ થી ૨૦:૧૫ ના સુમારે બનેલ છે, જેની ફરિયાદ(આંક–૧૩૫) તે જ દિવસે રાત્રે ૨૨:૧૫ કલાકે એલીસબ્રીજ જીમખાનાના વોચમેન રમેશ વિશ્વકર્મા નાથુરામે આપેલી, જે તેમના લખાવ્યા મુજબની શ્રી રમેશચંદ્ર માધવલાલ પટેલ (PW81)નાઓએ નોંધેલ અને ત્યારબાદ આંક–૧૩૬ વાળો રિપોર્ટ કરેલ. આ ફરિયાદ મુજબ મારૂતિ વાનમાંથી દોડી, મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદી પાસે ચાર જણા આવેલા, જેમાંથી એકના હાથમાં બેઝબોલનો ધોકો હતો, જે ધોકો ત. ક. અમલદારે બનાવવાળા સ્થળેથી કબજે કરેલ છે, તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું અને ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવે છે, તેમજ આ બેઝબોલનાં ધોકા ઉપર એફ.એસ.એલ.નાં રિપોર્ટ મુજબ મરણજનારનું 'બી' ગૃપનું લોહી આવેલ છે, જે મરણજનારના પી.એમ. વખતે ડૉ. દિગ્વિજય વાઘેલા(PW63)નાએ કપડાં કબજે કરી પોલીસને આપેલ તે મરણજનારના કપડાં, જનોઇ, પટ્ટો, સેન્ડલ તથા ગુનાવાળી જગ્યાની માટી ઉપર પણ માનવ રુધિર 'બી' ગૃપનું મળી આવેલ. આમ, મરણજનારનું લોહીનું ગૃપ 'બી' ગૃપ હતું તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને તેનું મૃત્યુ નિપજાવવામાં બેઝબોલ બેટનો ઉપયોગ થયેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને આ ગુનો નિપજાવવાના ગુનાહિત કાવતરાના ભાગરૂપે આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા તથા ચંદ્રકાંત ડાકી બનાવના ત્રણ દિવસ પહેલાં રોશની ગેસ્ટહાઉસમાં અમદાવાદ ખાતે આવેલા, જે તા.૧૧–૬–૦૬ થી તા.૧૩–૬–૦૬ સુધી રોકાયેલા અને ચંદ્રસિંહ મનુભા જાડેજાએ રોશની ગેસ્ટહાઉસના રજીસ્ટર આંક–પી–૩૯૬ (PW84)વાળી એન્ટ્રી નં.૪૫૩ પોતાની ઓળખ છૂપાવી, 'રાજુભાઈ દવે'નાં

નામે એન્ટ્રી કરી, અંગ્રેજીમાં સહી, આ ચારેય જણા રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા, જ્યાં તેમને મળવા આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા અને ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ નાઓ આવેલા અને ગેસ્ટહાઉસના માલિક દેવેન્દ્ર જીબોધચંદ્ર દવે અને મેનેજર ખેમરાજને કહે છે કે, આ ચાર જણા અગત્યના કામે આવેલ છે, જો તે ભાડું નહીં આપે તો અમે આપી દઈશું અને ભુપેન્દ્રસિંહે રૂા.૫૦૦/– જીતેન્દ્ર ઈશ્વરભાઈ પટેલ મારફતે અપાવડાવેલાનું રેકર્ડ પર આવેલ છે, તેમજ આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાનો ફોટો વર્તમાનપત્રમાં આવી ગયેલ હોય, તેની ઓળખપરેડ કરવામાં આવેલ નહીં, પરંતુ આરોપી માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા તથા આરોપી ચંદ્રકાંત મેઘજી ડાકીની રોશની ગેસ્ટહાઉસના માલિક તથા મેનેજર અને ખંભાતાના બંગલાના ચોકીદાર રાવતમલ ભાવસારની હાજરીમાં ઓળખપરેડ કરાવેલ, જે ચારેય જણાએ રોશની ગેસ્ટહાઉસમાં અવરજવર માટે નિખિલ ગોવિંદલાલ પરીખ(PW12)ની મારૂતિ ફ્રન્ટી–૮૦૦ નં.જીજે.૧૦.૯૭૮૩ નો ઉપયોગ કરેલ, જે આ કામના આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા તા.૧૦–૬–૦૬ ના રોજ નિખિલભાઈ પાસેથી સવારના ૧૧:૦૦ કલાકે લઈ ગયેલ અને તા.૧૩–૬–૦૬ ના રોજ આપી ગયેલ, જે ફ્રન્ટીનો ઉપયોગ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ ચારેય આરોપીઓએ કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે. આમ, બનાવ પહેલાં આરોપીઓ ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા તથા ચંદ્રકાંત ડાકી રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા અને મરણજનારની બનાવ પહેલાંની ગતિવિધિઓની તપાસ કરેલી, તેમજ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, કે જે ડી.સી.પી., અમદાવાદ ઝોન–૧ માં પી.એ. હતાં અને બનાવ બન્યા બાદ

જ્યારે ડી.સી.પી. ઝોન–૧ બનાવવાળી જગ્યાએ જાય છે ત્યારે તેમની સાથેના કમાન્ડો જયેન્દ્રસિંહ દિપસિંહ ઝાલા(PW70)ને ઘનશ્યામસિંહ ફોન કરીને પંકજ ત્રિવેદી જીવે છે કે મરી ગયો? તેવું પૂછે છે. આમ, ભરત ભટ્ટ અને આ ઘનશ્યામસિંહ પણ ગુનાહિત કાવતરામાં સામેલ છે, તેમજ આરોપી હિતેશસિંહ ચુડાસમા અને દક્ષેશ હસમુખલાલ શાહ મોટર સાયકલો ઉપર PW37, PW38, PW39 ની સાથે રહીને મરણજનારની બનાવ પહેલાંની ગતિવિધિઓની તપાસ કરે છે અને ત્યારબાદ બનાવના દિવસે સાહેદ અનિરુદ્ધસિંહ(PW54) ની ટાટા સુમોમાં જે ચાર આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ તે ચાર આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા , ચંદ્રકાંત ડાકી તથા જશુભા દોલુભા જાડેજા તથા ભરતસિંહ જાડેજા હથિયારો સાથે રાજકોટથી અમદાવાદ આવે છે, જે રોશની ગેસ્ટહાઉસમાં રચવામાં આવેલ કાવતરાના ભાગરૂપે ગુનાને આખરી અંજામ આપવા તા.૧૫–૬–૦૬ ના રોજ આવે છે. આમ, આ આરોપીઓએ ગુનાહિત કાવતરું ઘડેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે. વધુમાં તેઓ અમદાવાદ પકવાન હોટલ ખાતે ૧૨:૦૦ વાગ્યે આવે છે, જ્યાંથી બપોરના ચારેક વાગ્યે આરોપીઓ ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા તથા ચંદ્રકાંત ડાકી મારૂતિ વાનમાં બેસીને જતા રહે છે અને સાંજે આઠેક વાગ્યે ચંદ્રકાંત ડાકી એકલો આવે છે અને તેને અનિરૂદ્ધસિંહ રાજકોટ બાયપાસ ઉતારે છે અને ત્યાંથી જામકંડોરણા જતા રહે છે અને ત્યારબાદ ગુનાની જાહેરાત થયાં બાદ તપાસના કામે જેમ જેમ આરોપીઓની ઓળખ છતી થાય છે તેમ તેમ તેમની ધરપકડ કરવામાં આવે છે. આમ, મરણજનારના ખૂનના ગુનાને આખરી અંજામ આપી આરોપીઓ તેમની

ધરપકડ ન થાય તે હેતુથી નાસતા, ભાગતા ફરે છે અને સૌપ્રથમ ધરપકડ તા.૪–૭–૦૬ ના રોજ થાય છે, જેમાં આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા, હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, દક્ષેશ હસમુખલાલ શાહ અને ભુપતસિંહ નારુભા જાડેજા નાઓને અટક તા.૪–૭–૨૦૦૬ ના રોજ થાય છે, જ્યારે આરોપી માનસિહ અરજણ વાઢેરની અટક તા.૫–૭–૦૬ ના રોજ થાય છે, જ્યારે આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમાની અટક તા.૯–૭–૨૦૦૬ તથા આરોપી ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ અને ભરતસિંહ દિલુભા જાડેજાનાઓની અટક તા.૧૧–૭–૨૦૦૬ તથા આરોપી ચંદ્રકાંત મેઘજીભાઈ ડાકીની અટક તા.૧૭–૭–૨૦૦૬ અને આરોપી જશુભા દોલુભા જાડેજાની અટક તા.૨૫–૭–૨૦૦૬ ના રોજ થાય છે, આમ આરોપીઓ ગુનો બન્યા બાદ તેમની ધરપકડ ન થાય તે હેતુથી લાંબો સમય નાસતા, ભાગતા ફરતા હતા અને આ રીતે આરોપીઓની બનાવ પહેલાં અને બનાવ પછીની વર્તણૂક ભારતીય પુરાવા કાયદાની કલમ–૮ મુજબ પ્રસ્તુત છે, જેના ઉદાહરણ '(i)' માં જણાવ્યા મુજબ A is accused of a crime. The facts that, after commission of the alleged crime, he absconded, or was in possession of property or the proceeds of property acquired by the crime, or attempted to conceal things which were or might have been used in committing it, are relevant. આમ, આરોપીઓની બનાવ બાદની નાસતા ભાગતા ફરતા હોવાની હકીકત સ્વયં પુરવાર કરે છે કે, આરોપીઓએ, કે જે રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા ત્યાંથી અને તે પહેલાંથી તેમની વચ્ચે મરણજનારે જે અરજીઓ કરેલી તેનું મનદુઃખ રાખીને ગુનાહિત કાવતરું ઘડી, ખૂન કરવાનું નક્કી

કરી, તેને આખરી અંજામ આપવા ટાટા સુમોમાં ગેરકાયદેસરની મંડળી રચી, હથિયારો ધારણ કરી, રાજકોટથી અમદાવાદ આવી, મરણજનારનું ખૂન કરેલ હોય અને આ બાબતે આરોપીઓ તરફે તેમના સી.આર.પી.સી. કલમ–૩૧૩ નાં નિવેદનમાં પણ કોઈ ખુલાસો કરેલ નથી કે તેઓ આટલો લાંબો સમય ક્યાં હતા. આમ, ઉપરોક્ત તમામ હકીકત અને સંજોગો ધ્યાને લેતાં, હાલનો કેસ ઇ. પી. કો. કલમ–૩૦૦ નાં અપવાદોમાં પડતો ન હોય, તે અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે.

<u>મુદ્દા નં.૬</u>:–

(૫૯) ફરિયાદ પક્ષે આ મુદ્દો પુરવાર કરવા માટે એવું પુરવાર કરવું પડે કે, આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી–નાઓએ બનાવની તારીખે અને બનાવના સમયે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં બેઝબોલ બેટ તથા પાઈપો જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, બોમ્બે પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે. આ અનુસંધાને આ કામે ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓએ બેઝબોલ બેટ તથા પાઈપો જેવા હથિયારો ધારણ કરી મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરેલ છે તે બનાવની તારીખે અને સમયે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું જાહેરનામું અમલમાં હતું તે આંક–૧૩૪ ની પુરશીષ આપી કબૂલ રાખેલ છે અને તેથી તે જાહેરનામું આંક–૧૪૯ થી રેકર્ડ પર લેવામાં આવેલ છે, જે પુરાવા કાયદાની કલમ–૫૮ મુજબ એડમીટેડ ડોક્યુમેન્ટ હોય, પુરવાર થયેલ છે, જેને વધુ

સમર્થન નામદાર સુપ્રિમકોર્ટનાં જજમેન્ટથી મળે છે, જે મુજબ આરોપીઓ કે તેમના વકીલશ્રીએ કોઈ દસ્તાવેજ નામદાર કોર્ટમાં કબૂલ કરેલ હોય તો સી.આર.પી.સી.કલમ–૨૯૪ મુજબ પુરવાર કરવાની જરૂરિયાત રહેતી નથી. (2024(0) **AIJEL–SC,**74150**, Supreme Court, Shyam Narayan Ram V/s. State of U.P.**)(**Supra**.)

ઉપરોક્ત જોગવાઈઓ ધ્યાને લેતાં, આંક–૧૪૯ નું જાહેરનામું અત્રે પુરવાર થયેલ હોય, ઉપરોક્ત આરોપીઓ નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી–નાઓએ બોમ્બે પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કરેલાનું નિઃશંકપણે પુરવાર થાય છે.

<u>નિષ્કર્ષ(Conclusion):</u>–

(૬૦) આમ, ફરિયાદ પક્ષનો ઉપરોક્ત સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીએ તા.૧૨–૧૨–૨૦૦૧ ના રોજ આંક–પી–૪૧૮(PW84)વાળો પત્ર આપી, તેમાં જણાવેલ કે, તેની પોતાની જાનહાનિ થતી અટકાવવા માટે તથા અશ્લીલ પત્રો લખી, તેને ડરાવવાનો તથા ધમકીઓ આપેલ હોય તેની કાયદેસરની કાર્યવાહી કરવા માટેની અરજી હતી, જે અરજી મુજબ આરોપી ભરત ભટ્ટ, કે જે સ્વાધ્યાય પરિવારના મોટા ભાઈ તરીકે ઓળખાય છે, તેના તથા બીજા હોદ્દેદારો વિરૂદ્ધ આ પત્ર આપેલ , જેમાં મરણજનાર પોતે ૩૦ વર્ષથી સ્વાધ્યાય પરિવાર સાથે જોડાયેલા છે અને તેમના પ્રશ્નોનું નિરાકરણ થાય તેવા આશયથી આ પત્ર લખેલ.

(૬૦.૧) ત્યારબાદ મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીએ બીજી અરજી તા.૨૧–૬–૨૦૦૨ ના રોજ આંક–પી–૪૧૯(PW84)વાળી પી.આઇ., સેટેલાઈટ પોલીસ સ્ટેશનને આપી, તેની જાનહાનિ થતી અટકાવવા તથા ધાકધમકીભર્યા બિભત્સ ટેલિફોન અટકાવવા આપેલી, જેમાં પણ ભરતભાઈ ભટ્ટ તથા બીજાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા અરજી આપેલી, જે પોલીસ કમિશ્નર, ગૃહ પ્રધાન, મુખ્યમંત્રી વગેરેને પણ આપેલ.

(૬૦.૨) વધુમાં મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીએ તા.૨૧–૬–૨૦૦૨ ના રોજ આંક–પી–૪૨૦(PW84) વાળી અરજી પી.આઇ., સેટેલાઈટ પોલીસ સ્ટેશનને આપી, પોતાની જાનહાનિ થતી અટકાવવા તથા ધાકધમકીભર્યા બિભત્સ ટેલિફોન અટકાવવા માટેની આપેલી, તેમાં તેઓએ સ્વાધ્યાય પરિવારના વહીવટ અંગે પ્રશ્નો ઊભા કરેલા અને જેમાં જણાવેલ કે, ગુજરાત વડી અદાલતના જે તે સમયના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધિશશ્રીએ તા.૧૬–૬–૦૬ ના રોજ સ્વાધ્યાય પ્રવૃતિઓમાંથી રાજીનામું આપ્યા અંગેના સમાચાર આવેલા, જેથી સ્વાધ્યાય પરિવાર સાથે રહેલા સક્રિય વ્યક્તિઓ તેમને જાનથી મારી નાંખવા કાર્યકરોને ઉશ્કેરે છે તે મુજબ ભરત ભટ્ટ તથા અન્યો સામે આ અરજી કરેલી. આમ, સ્વાભાવિક રીતે જ મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીએ સ્વાધ્યાય પરિવારના પોતાના પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે ઉપરોક્ત અરજીઓ આપેલ તેથી સ્વાધ્યાય પરિવારના સક્રિય કાર્યકર મોટા ભાઈ એવા ભરત ભટ્ટ તથા અન્ય કાર્યકરોને આ મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદી અડચણરૂપ લાગેલ અને તેનું વૈમનસ્ય ઊભું થાય તે બિલકુલ સ્વાભાવિક ઘટના

છે. આવી અરજીઓ આ કામે આંક–પી–૪૧૮(PW84) થી આંક–પી–૪૨૪(PW84) સુધીની છે, જે પુરવાર થયાં અંગેની ચર્ચા ઉપર કરવામાં આવેલ જ છે અને આ તમામ અરજીઓ તપાસના કામે ત. ક. અમલદાર દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનેથી મેળવીને રજૂ રાખેલ છે, જે પુરવાર થયેલ છે.

(૬૦.૩) ત્યારબાદ સ્વાધ્યાય પરિવારના અનુયાયીઓએ, કે જે પૈકીના આ કામે PW23 થી PW31 થી જે સાહેદો તપાસેલા છે તે લોકોએ સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ પત્રિકા છપાવનાર મરણજનાર અને અન્ય વિરૂદ્ધ ગુજરાતની વિવિધ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટોમાં ૧૯ જેટલી ફરિયાદો કરેલી, જે આંક–સી–૪૯૭ નાં દસ્તાવેજથી પુરવાર થયેલ છે, જે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ તમામ ૧૯ ફરિયાદો રદ્ધ કરતો હુકમ કરેલ છે, તે મુજબ મરણજનાર વિરૂદ્ધ કરવામાં આવેલ ફરિયાદો સી.આર.પી.સી. કલમ–૪૮૨ અન્વયે તા.૯–૩–૨૦૦૬ નાં સંયુક્ત હુકમથી તમામ ફરિયાદો રદ્ધ કરેલ છે. આ હુકમ મુજબના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો મૂળ ફરિયાદીઓ એટલે કે ઉપરોક્ત સાહેદો તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે, તેમજ આ કામના આરોપી ભરત વી. ભટ્ટ પણ હાજર રહેતા તે અત્યંત સ્વાભાવિક છે. આ સાહેદો PW23 થી PW31 નાઓએ આરોપી ભરત ભટ્ટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જણાવેલ કે, જો આપણે હાઈકોર્ટમાં હારી જઈશું તો નામદાર સુપ્રિમ કોર્ટમાં જઈશું અને જો નામદાર સુપ્રિમકોર્ટ પણ કાઢી નાંખશે તો પંકજને સીધો કરીશું, કારણ કે, તેણે જયશ્રી દીદી વિરૂદ્ધ ખૂબ કાદવ ઉછાળેલો છે. ત્યારબાદ આ પંકજ હરીપ્રસાદ ત્રિવેદી સામે કરેલ ૧૯ ફરિયાદો તા.૯–૩–૨૦૦૬ ના રોજ રદ્ધ થાય

છે અને તેના ટૂંકા ગાળામાં જ પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરવામાં આવે છે. વધુમાં નોંધવું પડે કે, નામદાર ગોંડલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ દ્વારા મરનાર વિરૂદ્ધ વોરન્ટ કાઢવામાં આવેલ, જે વોરન્ટને આધારે પંકજ હરીપ્રસાદ ત્રિવેદીને રાજકોટ સેન્ટ્રલ જેલમાં નામદાર મેજીસ્ટ્રેટશ્રીના હુકમ અનુસાર રહેવું પડેલ. આમ, આરોપી ભરત ભટ્ટે જણાવેલ કે, પંકજ ત્રિવેદીના ટાંટીયા ભાંગી નાંખીશું, તે ઉપરોક્ત હકીકતો જોતાં તેઓએ તેમનું કહેલું પાળેલ હોય તેવું અત્રે પુરવાર થાય છે. આમ, આરોપી ભરત ભટ્ટ અને અન્ય આરોપીઓએ ગેરકાયદેસર ગુનાહિત કાવતરું રચી, તા.૧૫–૬–૦૬ નાં રોજ મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરેલ છે.

(૬૦.૪) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે આંક–સી–૪૯૭ વાળો તા.૯–૩–૨૦૦૬ ના રોજ મરણજનાર વિરૂદ્ધની કરવામાં આવેલ તમામ ફરિયાદો રદ્ધ કર્યા બાદ મરનારે તા.૧૧–૧૦–૨૦૦૪ ના રોજ આંક–પી–૪૨૧ (PW84)વાળી અરજી મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય અને ગવર્નરશ્રી, ગુજરાત રાજ્યને અરજી કરેલ, જેનો જવાબ ગવર્નરશ્રીની ઑફિસ તરફથી તા.૮–૧૧–૨૦૦૫ ના રોજ આંક–પી–૪૨૨(PW84)વાળો મરણજનારને આપવામાં આવેલ, જે જવાબ મુજબ મરણજનારની બાબત ગૃહ વિભાગના કાર્યક્ષેત્રની હોય, તેમની ઑફિસ હસ્તક્ષેપ કરી શકે નહીં.

(૬૦.૫) ત્યારબાદ મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીએ તા.૧૦–૧૧–૨૦૦૫ ના રોજ આંક–પી–૪૨૩(PW84)વાળી અરજી માનનીય રાષ્ટ્રપતિશ્રીને લખેલી અને આંક–પી–૪૨૪(PW84)વાળી અરજી તા.૧૦–

૧૦–૨૦૦૫ ની પોલીસ મહાનિર્દેશક, સી.આઇ.ડી. ક્રાઇમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને કરેલી, જે અરજીઓ હાલના આરોપી ભરત ભટ્ટ તથા અન્યો સામે કરેલી, જેમાં મરણજનારે જણાવેલ કે, ગુજરાતમાં આવેલ ભુકંપમાં સ્વાધ્યાય પરિવારના એન.આર.આઇ. અનુયાયીઓ દ્વારા ડોનેટ કરેલ નાણાંમાં થયેલ વિશ્વાસઘાત તથા છેતરપીંડી બાબતે તેમજ અમદાવાદ ખાતે આવેલ ભાવનિર્જર મંદિર ખોલવા બાબતે તથા સ્વાધ્યાય પરિવારના સર્વેસર્વા ધનશ્રી તલવલકર (દીદી) તથા તેમના સક્રિય કાર્યકર તેમજ અન્ય સભ્યો દ્વારા જાનથી મારી નાંખવાનો તથા હુમલાઓથી રક્ષણ મેળવવાની અરજીઓ કરેલી, જેમાં મોટી રકમની, કે જેનું વર્ણન થઈ શકે તેમ નથી, તેવી મોટી રકમનો વિશ્વાસઘાત તથા છેતરપીંડી થયાનું આ અરજીઓમાં જણાવેલ, જે અરજીઓ આ કામે આંક–પી–૪૨૧(PW84) થી આંક–પી–૪૨૪(PW84)વાળી આ કેસમાં રેકર્ડ ઉપર છે.

(૬૦.૬) ત્યારબાદ મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું તા.૧૫–૬–૨૦૦૬ નાં રાત્રિના કલાક ૨૦:૦૦ થી ૨૦:૧૫ ના સુમારે આરોપી ભરત ભટ્ટ તથા અન્ય આરોપીઓએ મળીને તેમનું ગુનાહિત ઈરાદો પાર પાડવાના હેતુથી ગુનાહિત કાવતરું ઘડી, પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરેલ છે. આ બનાવનું કારણ એ કે, મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીએ સ્વાધ્યાય પરિવાર વિરૂદ્ધ ગંભીર આક્ષેપો કરતા હોવાથી આ કામના આરોપીઓ માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા, ચંદ્રસિંહ મનુભા જાડેજા તથા ચંદ્રકાંત ડાકી તા.૧૧–૬–૦૬ ના રોજ રાજકોટથી અમદાવાદ આવેલ અને સાબરમતી ખાતે આવેલ રોશની ગેસ્ટહાઉસમાં તા.૧૧–૬–૦૬ થી તા.૧૩–૬–૦૬ સુધી

રોકાયેલા, જે રોશની ગેસ્ટહાઉસના રજીસ્ટરમાં આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાએ પોતાની સાચી ઓળખ છૂપાવી રજીસ્ટરમાં નોંધ નં.૪૫૩(આંક–પી–૩૯૬(PW84)) વાળી રાજુભાઈ દવેનાં નામે કરી અને અંગ્રેજીમાં સહી કરેલ. આ ચારે આરોપીઓએ રોશની ગેસ્ટ હાઉસમાં રોકાણ કર્યુ તે દરમ્યાન આ કામના આરોપી ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ, કે જે સ્વાધ્યાય પરિવારના મોટાભાઈ તરીકે જાણીતા છે તે તથા આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, કે જે ડી.સી.પી. ઝોન–૧ નાં પી.એ. હતાં, તે બન્ને મળવા આવે છે અને રોશની ગેસ્ટ હાઉસનાં માલિકને ઘનશ્યામસિંહ જણાવે છે કે, આ ચાર માણસો ખાસ કામે આવેલા છે. ત્યારબાદ આ ઘનશ્યામસિંહ મરનારનું ખૂન થયાં બાદ ડી.સી.પી. ઝોન–૧ બનાવવાળા સ્થળે જાય છે, તેમની સાથે તેમના કમાન્ડો જયેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (PW70) પણ ગયેલા હોય છે, તે સમયે ઘનશ્યામસિંહ આ જયેન્દ્રસિંહને ફોન કરીને કહે છે કે, પંકજ ત્રિવેદી મરી ગયો કે જીવે છે? તેવું પૂછે છે, જે હકીકત સાહેદ જયેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (PW70) નામદાર કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે, જે આરોપી ઘનશ્યામસિંહ પથુભા જાડેજા સાથે એક જ ઑફિસમાં નોકરી કરતા હોય અને સરકારી કર્મચારી હોય, તેમને ઘનશ્યામસિંહ સાથે કોઈ વૈમનસ્ય નથી અને તેથી જયેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (PW70)ને નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટું બોલવાનું કોઈ કારણ નથી.

(૬૦.૭) આમ, ઉપરોક્ત ચારેય આરોપીઓ માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા, ચંદ્રસિંહ મનુભા જાડેજા તથા ચંદ્રકાંત ડાકી બનાવના ત્રણ દિવસ પહેલાં આવી રોશની ગેસ્ટહાઉસમાં રોકાઇ, મરનાર પંકજ

હરીપ્રસાદ ત્રિવેદીની ગતિવિધિઓ બાબતે જાણકારી મેળવે છે અને ગુનાહિત કાવતરાનાં ભાગરૂપે આવી જાણકારી મેળવી તે ગતિવિધિ જાણવા માટે આ ચારેય આરોપીઓ આ કામના સાહેદ નિખિલ ગોવિંદલાલ પરીખ(PW12) તથા દેવયાનીબેન નિખિલભાઈ પરીખ(PW76) ની લાલ કલરની મારૂતિ ફ્રન્ટી–૮૦૦ નો ઉપયોગ કરે છે, જે બન્ને સાહેદો સ્વાધ્યાય પરિવારના અનુયાયીઓ છે અને મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનાં ખૂનના બનાવને આખરી ઓપ આપતા પહેલાં તેની ગતિવિધિઓ જાણવા માટે આ કામના આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા અને દક્ષેશ હસમુખલાલ શાહ મદદગારી કરે છે, જે મદદગારી આ કામના સાહેદ ચિરાગ વસંતલાલ ઠક્કર(PW37) તેમજ કૌશલ અશોકભાઈ અમીન (PW38) તેમજ મનિષ જયંતિભાઈ પટેલ(PW39)ની મદદથી આ ગતિવિધિઓ જાણે છે, તેમાં આરોપી દક્ષેશ હસમુખલાલ શાહનું મોટર સાયકલ નં.જીજે.૧.ઈસી.૬૦૯૪ તથા આ કામના સાહેદ ગીરીશ પ્રેમજી ચૌધરી (PW13)નું મોટર સાયકલ, કે જે જીજે.૧.ડીએ.૮૪૧૬, કે જે આરોપી હિતેશ ચુડાસમાના ધંધાના ભાગીદાર છે, તેમનું મોટર સાયકલ આરોપી હિતેશ મેળવીને આ ગતિવિધિઓ જાણવામાં મદદગારી કરે છે.

(૬૦.૮) ત્યારબાદ આ કામમાં તા.૧૫–૬–૦૬ ના રોજ, એટલે કે, બનાવની તારીખે **આરોપીઓ ભુપતસિંહ નારુભા જાડેજા, ચંદ્રકાંત મેઘજી ડાકી, માનસિંહ અરજણ વાઢેર, જશુભા દોલુભા જાડેજા, ચંદ્રસિંહ મનુભા જાડેજા અને ભરતસિંહ દીલુભા જાડેજા**–નાઓ આ કામના સાહેદ અનિરુદ્ધસિંહ દલુભા જાડેજા(PW54)ની ટાટા સુમો ગાડી, જેનો નં.જીજે.૧.એઆર.૬૫૪૭ ભાડે કરી,

રાજકોટથી અમદાવાદ મુકામે આવે છે અને સાથે થેલામાં હથિયારો લઈને આવે છે, જે હકીકત આંક–સી–૪૮૭ ની અનિરૂદ્ધસિંહની મુદ્દામાલ પરત મેળવવાની અરજીથી પુરવાર થયેલ છે અને તે મુજબ બનાવની તારીખે ઉપરોક્ત છ આરોપીઓને લઈને અનિરુદ્ધસિંહ રાજકોટથી અમદાવાદ આવેલા અને પકવાન હોટલે રોકાયેલા. ત્યારબાદ **આરોપી માનસિહ અરજણ વાઢેર, ચંદ્રસિંહ મનુભા જાડેજા, ચંદ્રકાંત મેઘજી ડાકી તથા ભુપતસિંહ નારુભા જાડેજા** પકવાન હોટલે આવેલ મારૂતિવાન, જેનો નં.જીજે.૧.એચકે.૧૫૬૪ માં બેસીને જતા રહે છે અને સાંજના ૨૦:૦૦ કલાકે ચંદ્રકાંત ડાકી એકલા આવે છે અને તેની સાથેના બાકીના આરોપીઓ અમદાવાદ રોકાઈ જાય છે અને આ સમયે આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાની આંક–પી–૩૫૭(PW78) ની કોલ ડિટેઈલ્સ મુજબ લોકેશન અદાણી હાઉસ, અમદાવાદનું આવે છે, એટલે કે, અમદાવાદ બનાવવાળા સ્થળે તેઓની હાજરી હોવાનું ફલિત થાય છે અને તે કલાક ૨૦:૦૮:૫૬ વાગ્યે તેમને તેમના પોતાના મોબાઈલ નં.૯૪૨૭૨૨૧૭૭૨ ઉપર તેમના મિત્રનો નં.**૯૧૨૮૨૦ ૨૮૬૭૩૬** ઉપરથી ફોન રિસીવ્ડ કરેલ તેનાથી પુરવાર થાય છે, જે સાહેદ શક્તિદાન બક્ષીદાન ગઢવી(PW35) રહે. પડધરીવાળાનો ફોન હતો, જે તેઓએ પડધરી મુકામેથી કરેલો, જે **એસ.ટી.ડી. કોડ નં.૨૮૨૦** થી પુરવાર થયેલ છે. આ સી.ડી.આર. આંક–પી–૩૫૭(PW78), કે જે ભારતીય પુરાવા કાયદાની કલમ–૯૦(એ) મુજબ પાંચ વર્ષથી જુનો હોય અને પ્રોપર કસ્ટડીમાંથી રજૂ થયેલ હોય અને કસ્ટડી બાબતે આરોપીઓ તરફે કોઈ તકરાર ન હોય, તેને સાચું હોવાનું માનવામાં આવે છે અને તેથી બનાવના દિવસે, બનાવની તારીખે, બનાવના સ્થળે આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાની અન્ય ત્રણ આરોપીઓ

સાથેની હાજરી પુરવાર થાય છે. આમ, આ ઉપરોક્ત ચાર આરોપીઓ, કે જે બનાવના ત્રણ દિવસ પહેલાં રોશની ગેસ્ટ હાઉસમાં રોકાઈને મરનાર પંકજ ત્રિવેદીની ગતિવિધિ જાણેલી તે જ ચાર આરોપીઓ બનાવના દિવેસ અન્ય બે આરોપીઓ સાથે અનિરુદ્ધસિંહની ટાટા સુમોમાં રાજકોટથી અમદાવાદ આવે છે અને પકવાન હોટલે રોકાઈ અને પકવાન હોટલથી મારૂતિ વાનમાં જાય છે અને તે હકીકત આ કામના ફરિયાદી રમેશ વિશ્વકર્માની આંક–૧૩૫ ની ફરિયાદ મુજબ તેઓએ ચાર આરોપીઓ દ્વારા મરનારનું ખૂન કરેલાનું જણાવેલ છે અને તે ખૂન કરતી વખતે બેઝબોલની સ્ટીક વગેરે હથિયારોનો ઉપયોગ કરી, મરનારના માથાના તથા મોઢાના ભાગે તથા આખા શરીરે અનેકો ઈજા, કે જે આંક–પી–૨૮૫(PW63)ની પી.એમ. નોટમાં જણાવેલ છે તથા ડૉ. દિગ્વિજયસિંહ (PW63)નાઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબની ૨૦ જેટલી ઈજાઓ, કે જે ગંભીર ઈજાઓ હતી, તે પહોંચાડી અને આ ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું મૃત્યુ નિપજાવવા પૂરતી હતી તેવી જીવલેણ ઈજાઓ કરી ખૂન કરેલ છે. આ આંક–૧૩૫ વાળી ફરિયાદ આરોપીઓ તરફે કબૂલ રાખેલ હોય, તે ભારતીય પુરાવા કાયદાની કલમ–૫૮ મુજબ એડમીસીબલ બની જાય છે.(**Reference is made to the Judgment of Hon'ble apex court in a case of Shyam Narayan Ram V/s. State of U.P. Dated.** 21–10–2024 **Reported in** 2024(0) **AIJEL–SC–**74150)(**Supra.**)

(૬૦.૯) આ કામના આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા, કે જે રોશની ગેસ્ટહાઉસનાં રજીસ્ટરમાં 'રાજુભાઈ દવે'નાં નામે ખોટી એન્ટ્રી કરી, અંગ્રેજીમાં

ખોટી સહી કરે છે, જે ચંદ્રસિંહના કુદરતી લખાણવાળો કાગળ (આંક–પી–૩૪૩(PW74)) અને પોકેટ ડાયરી(આંક–પી–૩૪૪(PW74)) તેમના મિત્ર એવા આ કામના સાહેદ દલપતભાઈ મોહનભાઈ આદરીયા(PW36) નાઓ પાસે ચંદ્રસિંહનાં ઘરની ચાવી હોય, તે ઘર ખોલીને ત. ક. અમલદારને આપે છે, જે ત. ક. અમલદાર પંચનામાની વિગતે કબજે કરે છે અને તેનું એફ.એસ.એલ. પરિક્ષણ કરાવતા, તે મુજબ આંક–પી–૪૦૭(PW84) અને આંક–પી–૪૧૩(PW84) મુજબ રોશની ગેસ્ટહાઉસનાં રજીસ્ટરમાં કરેલ નોંધ નં.૪૫૩ આંક–પી–૩૯૬ (PW84) વાળી ચંદ્રસિંહે કરેલ હોવાનું પુરવાર થયેલ છે. તેમજ ગુનાવાળી જગ્યાએથી જે બેઝબોલ સ્ટીક કબજે કરેલ તેની ઉપર તેમજ આરોપી માનસિહ અરજણ વાઢેરે બોડકદેવના બગીચામાં સંતાડેલ લોખંડની પાઈપ, કે જે પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબના પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ, તેની ઉપર મરણજનારનાં પી.એમ. કરતી વખતે ડૉ. દિગ્વિજયે જે કપડાં પોલીસને આપેલ તે કપડાં ઉપર મરણજનારનું 'બી' ગૃપનું માનવ રુધિર હોવાનું પુરવાર થયેલ છે, તે જ 'બી' ગૃપનું માનવ રુધિર એફ.એસ.એલ.નાં રિપોર્ટ મુજબ આરોપી માનસિહ અરજણ વાઢેરના પેન્ટ તથા શર્ટ ઉપર તેમજ બેઝબોલ સ્ટીક તથા પાઈપ પર મળી આવેલ છે, તેમજ આરોપી માનસિહ અરજણ વાઢેર તથા ભુપતસિંહ નારુભા જાડેજા અને ચંદ્રકાંત મેઘજી ડાકીની ઓળખપરેડ કરાવવામાં આવેલ, જે મુજબ રોશની ગેસ્ટહાઉસનાં માલિક દેવેન્દ્ર દ્વારા ઓળખપરેડ કરાવવામાં આવેલ, જે આંક–પી–૨૮૯(PW64)નું પંચનામું, કે જે સી.આર.પી.સી. કલમ–૨૯૧(એ) મુજબ પુરવાર થયેલ છે, તેમજ આરોપી ભુપતસિંહ અને હિતેશને સાહેદ રાવતમલ(PW55)નાએ ઓળખી બતાવેલ છે.

આમ, આ કામમાં આરોપી માનસિહ અરજણ વાઢેર તથા હિતેશ રમેશસિંહ ચુડાસમા તથા દક્ષેશ હસમુખલાલ શાહ નાઓએ તા.૧૫–૬–૦૬ ના રોજ ગુનાને કઈ રીતે આખરી અંજામ આપ્યો તે અંગેનું ડેમોસ્ટ્રેશન પંચનામું આંક–પી–૨૩૪(PW43) વાળું પુરાવા કાયદાની કલમ–૨૭ માં પડતું હોય, તે મુજબ આ આરોપીઓએ કઈ રીતે ગુનાને આખરી અંજામ આપ્યો તે પુરવાર થયેલ છે. આ અનુસંધાને આરોપીઓ તરફે એવી દલીલ કરેલ છે કે, ડેમોસ્ટ્રેશન પંચનામું પુરાવા કાયદાની કલમ–૨૫, ૨૬ નો બાધ નડતો હોય, તે ધ્યાને લઈ શકાય નહીં અને તેના અનુસંધાને નીચે મુજબની ઓથોરીટીઓ રજૂ રાખેલ છે, જેમાં (1) Cr.A.893/2004, Gujarat High Court, Ashokbhai Versus State, 24–10–2008, (2) 2018(0) AIJEL–HC–239503, Kalpeshbhai Somabhai Vasave Versus State of Gujarat, (3) Criminal Appeal No. 577 of 2016, Ajikhan Mohammad Khan Pathan Versus State of Maharashtra, Order Dtd. 21–09–2023, (4) 2024(0) AIJEL–SC–74284, Randeep Singh @ Rana And Anothers Versus State of Haryana and others, (5) 1977 Cr.L.J. 1144, Narsinbhai Haribahi Prajapati Versus Chhatrasinh, (6) 2024(0) AIJEL–HC–246055, State of Gujarat Versus Ansad Ahmed Gulammohmad Mir, (7) 2024(0) AIJEL–SC–74080, Vijay Singh @ Vijay Kr. Sharma Versus State of Bihar. ઉપરોક્ત ઓથોરીટીઓ વંચાણે લેતાં, તેમાં વર્ણવેલ કેસની હકીકત અને સંજોગો હાલના કેસની હકીકત અને સંજોગોથી

અલગ પડતા હોય, તેનો લાભ આરોપીઓને મળી શકે નહીં, ઊલ્ટાનું નામદાર સુપ્રિમકોર્ટનાં 2024(0) AIJEL–SC–74284, Randeep Singh @ Rana And Anothers Versus State of Haryana and others.નાં ચુકાદામાં સ્પષ્ટ કરેલ છે કે, જ્યારે કોઈ વ્યક્તિ કસ્ટડીમાં હોય અને તે ગુનામાં વાપરેલ હથિયાર પોતે જ્યાં સંતાડેલ હોય ત્યાંથી શોધી આપે, કે જે તેના પોતાના નોલેજમાં છે, તો આ હકીકત, એટલે કે, તે સાધનનો ઉપયોગ ગુનામાં થયેલ હોય તે ડિસ્કવરી રીલેવન્ટ છે.

(૬૦.૧૦) હાલના કામે જોઈએ તો, પણ માનસિંહે જે પાઈપ બોડકદેવના બગીચામાં સંતાડેલો અને આરોપી હિતેશ, દક્ષેશ શાહે અને માનસિંહ પોતે બનાવમાં ઉપયોગ કરેલ મારૂતિ વાન અને કઈ કઈ જગ્યાએ તે લોકો ક્યા ક્યા રૂટ ઉપર ગયેલ તે હકીકત ડિસ્કવરી સ્વરૂપે રેકર્ડ પર આવેલ હોય, જે પુરાવા કાયદાની કલમ–૨૭ મુજબની હોય, તે અત્રે ધ્યાને લેવી પડે.

(૬૦.૧૧) આમ, આરોપી માનસિંહ અરજણ વાઢેર, ચંદ્રસિંહ મનુભા જાડેજા, ચંદ્રકાંત મેઘજી ડાકી તથા ભુપતસિંહ નારુભા જાડેજા–નાઓ તા.૧૧–૬–૦૬ થી તા.૧૩–૬–૦૬ સુધી રોશની ગેસ્ટહાઉસમાં રોકાઇ, ગુનાહિત કાવતરું રચેલ, જેમાં આરોપી ભરત વી. ભટ્ટ તથા ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા રોશની ગેસ્ટહાઉસે કાવતરાના ભાગરૂપે આ ચારેયને મળવા આવે છે અને તેમાં આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, દક્ષેશ હસમુખલાલ શાહ આ કાવતરાના કામે મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીની ગતિવિધિઓ જાણવા મદદ કરે છે, એટલે કે, કાવતરાનો તેઓ પણ એક ભાગ છે અને તે રીતે ભાગ

ભજવેલ છે. તેમજ આરોપીઓ ભુપતસિંહ નારુભા જાડેજા, ચંદ્રકાંત મેઘજી ડાકી, માનસિંહ અરજણ વાઢેર, જશુભા દોલુભા જાડેજા, ચંદ્રસિંહ મનુભા જાડેજા અને ભરતસિંહ દીલુભા જાડેજા–નાઓ બનાવના દિવસે તા.૧૫–૬–૦૬ ના રોજ ઘડેલ કાવતરાને આખરી ઓપ આપવાના હેતુથી રાજકોટથી અમદાવાદ આવે છે અને તે રીતે મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ઉપરોક્ત આ કામના તમામ આરોપીઓએ રચેલ ગુનાહિત કાવતરાને આખરી અંજામ આપે છે અને મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરેલ છે. આમ, આ કામના તમામ આરોપીઓ ૧. ચંદ્રસિંહ મનુભા જાડેજા, ૨. હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, ૩. દક્ષેશ હસમુખલાલ શાહ ૪. ભુપતસિંહ નારુભા જાડેજા, ૫. માનસિંહ અરજણ વાઢેર, ૬. ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, ૭. ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ, ૮. ભરતસિંહ દિલુભા જાડેજા, ૯. ચંદ્રકાંત મેઘજી ડાકી અને ૧૦. જશુભા દોલુભા જાડેજા–નાઓએ ગુનાહિત કાવતરું રચી, મરણનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરેલ હોય, કે જે ઇ. પી. કો. કલમ–૩૦૦ નાં કોઈ જ અપવાદોમાં પડતું નથી. આમ, આ તમામ આરોપીઓ ઇ. પી. કો. કલમ–૩૦૨ સાથે વાંચતા ઇ. પી. કો. કલમ–૧૨૦(બી) મુજબના ગુના સબબ જવાબદાર ઠરે છે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

(૬૦.૧૨) વધુમાં તા.૧૫–૬–૨૦૦૬ ના રોજ આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, આરોપી નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિંહ અરજણ વાઢેર, નં.૮ ભરતસિંહ દીલુભા જાડેજા, નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી તથા આરોપી નં.૧૦ જશુભા દોલુભા જાડેજા–નાઓ સાહેદ અનિરુદ્ધસિંહ દલુભા

જાડેજા (PW54)ની ટાટા સુમો નં.જીજે.૧.એઆર.૬૫૪૭ માં હથિયારોનાં થેલા સાથે રાજકોટથી અમદાવાદ આવે છે, જે ગેરકાયદેસરની મંડળી રચી, તેના સભ્ય હોવાના નાતે તેમનો સામાન્ય ઈરાદો મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું ખૂન કરવાનો હોય અને તે પાર પાડવા માટેના હેતુથી અન્ય આરોપીઓની મદદથી મરનાર પંકજભાઈનું ખૂન કરેલ છે અને તેથી આ આરોપીઓ ઈ.પી. કો. કલમ–૧૪૩ નાં ગુના સબબ જવાબદાર ઠરે છે.

(૬૦.૧૩) વધુમાં આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી–નાઓએ બનાવની તારીખે તા.૧૫–૬–૨૦૦૬ નાં અરસામાં અને બનાવના સમયે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું આંક–૧૪૯ વાળું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં બેઝબોલનું બેટ તથા પાઈપો જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું આ હથિયારો વડે જીવલેણ ઈજાઓ કરી તેનું મૃત્યુ નિપજાવેલ હોય, તેથી આ આરોપીઓ બોમ્બે પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના ગુના સબબ જવાબદાર ઠરે છે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

(૬૦.૧૪) વધુમાં આ કામે આરોપીઓએ બનાવ સમયે બળ તથા હિંસાનો ઉપયોગ કરી હુલ્લડ કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય, આરોપીઓની ઈ. પી. કો. કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો કોઈ ગુનો બનતો હોય તેવું જણાઈ આવતું નથી.

(૬૦.૧૫) આમ, ઉપરોક્ત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં, અત્રે ઉપસ્થિત **મુદ્દા નં.૧ થી ૪** નો જવાબ **હકારમાં** આપું છું, તેમજ **મુદ્દા નં.૫** નો જવાબ **નકારમાં** આપું છું.

(૬૧) આ કામે ઉપરોક્ત ફરિયાદ પક્ષના પુરાવાની ચર્ચા કરી તે મુજબ અત્રે એ નોંધવું પડે કે, મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદી તેમજ આ કામના આરોપીઓ તેમજ આ કામના મોટાભાગના સાહેદો, કે જે સાહેદોએ મરણજનાર વિરૂદ્ધ ગુજરાતની અલગ અલગ કોર્ટોમાં ક્રિમીનલ ફરિયાદો દાખલ કરેલી અને તે ફરિયાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૯-૩-૨૦૦૬ ના આંક-સી-૪૯૪ નાં હુકમથી રદ્ધ કરવામાં આવેલ છે, જે હકીકત રેકર્ડ પર આવેલ હોવા છતાં આ સાહેદો જેમાં PW23-અશોકભાઈ ચત્રભુજભાઈ શાણી,રહે. ખોડીયારનગર, ખોડીયાર મંદિર સામે, ગોંડલ, જી.રાજકોટ., PW24-મહેન્દ્રસિહ વખતસિહ ચુડાસમા, રહે. બ્લોક નં.૪૩૫૯, પાર્થ સોસાયટી, ઘોઘા જકાતનાકા પાસે, ભાવનગર., PW25-મનસુખભાઈ સવજીભાઈ ખુંટ, રહે. ભગવતપરા, પટેલ સોસાયટી નં.૧, એસ.આર.પી. સામે, ગોંડલ, જી.રાજકોટ, PW26-પિતાંબરભાઈ દેવનદાસ સોનેયા, રહે. રાજનગર, જેતપુર રોડ, ગોંડલ, જી.રાજકોટ., PW27-રમેશભાઈ માવજીભાઈ નાકરાણી, રહે. ધનંજય ડુપ્લેક્ષ, ભાટીયાવાડી સામે, કૈલાસબાગ, ગોંડલ, જી. રાજકોટ., PW28-હસમુખભાઈ પરષોતમભાઈ જોષી, રહે. રામજી મંદિર પાસે, કડવાણીનગર, ગોંડલ, જી. રાજકોટ., PW29-હિતેશ મનુસુખભાઈ દાવડા, રહે. પટેલવાડી ચોક, ભગવતપરા, ગોંડલ, જી. રાજકોટ., PW30-મનજીભાઈ ધનજીભાઈ

સાવલીયા, રહે. સહજાનંદનગર, રેલ્વે સ્ટેશનની પાછળ, ગોંડલ, જી. રાજકોટ તથા PW31– પ્રવિણ ગોરધનદાસ આડતિયા, રહે. ખાટપા શેરી, દેવપરા, શ્રીનાથજી કૃપા, ગોંડલ, જી. રાજકોટ.–નાઓએ યેનકેન પ્રકારે આરોપીઓને મદદ કરવા નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ છે.

(૬૨) ઉપરાંત આ કામના સાહેદ PW10–જીતેન્દ્ર ઈશ્વરભાઈ પટેલ, રહે. ૫/બી, પુનિતપાર્ક, નવી સિવિલ હોસ્પિટલ પાછળ, શાહીબાગ, અમદાવાદ., તેમજ PW11–દેવેન્દ્રભાઈ જીબોધચંદ્ર દવે (રોશની ગેસ્ટહાઉસ, સાબરમતિ, અમદાવાદનાં માલિક), રહે.ઈ/૬૪, મનોહરવિલા, નિકોલ રોડ, નરોડા, અમદાવાદ., PW12–નિખિલ ગોવિંદલાલ પરીખ તથા PW76–દેવયાનીબેન નિખિલભાઈ પરીખ, બન્ને રહે. એ/૩૦૪, સુકન–૨, કર્ણાવતી કલ્બ રોડ, રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ., તથા PW14–જયેન્દ્રકુમાર નંદલાલ સોની, રહે. એચ–૨૨, પાર્શ્વનાથ ટાવર, સુભાષ ચોક, મેમનગર, અમદાવાદ., તથા PW32– પરેશ ગોવિંદભાઈ સાગપરીયા, રહે. દામજીમેવા પ્લોટ નં.૩, સહકાર–૨ નાં છેડે, દિપ ક્લાસીસ, રાજકોટ, મૂળ ગામ–ભેંસદળ, તા.ધ્રોલ, જી. જામનગર., તથા PW35–શક્તિદાન બક્ષીદાન ગઢવી, રહે. ઘુનાના ગામ (જલરીયા), તા. પડધરી, જી. રાજકોટ. તથા PW36–દલપતભાઈ મોહનભાઈ આદરીયા(પાદરીયા), રહે. પારસ સોસાયટી, બેન્ક ઑફ ઈન્ડિયાની પાછળ, પડધરી, જી. રાજકોટ. તથા PW55–રાવતમલ મુળજીભાઈ ભાવસાર, રહે. કૃષ્ણકુંજ કોલોની, હનુમાન મંદિર પાસે, ચંડોળા તળાવ પાસે, અમદાવાદ.–નાઓએ આરોપીઓને બચાવવાના એકમાત્ર હેતુથી આરોપીઓનાં પ્રભાવ હેઠળ

નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ છે.

(૬૩) વધુમાં, એવા સાહેદો, કે જેમના વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૦, અમદાવાદ–નાઓ રૂબરૂ તેઓએ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદનો નોંધાવેલ હોવા છતાં નામદાર કોર્ટ રૂબરૂ આરોપીઓને બચાવવા માટે નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ છે, જેમાં PW15–ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણ, રહે. ૪૪, જલદિપ બંગ્લોઝ, બીગ ડેડી રેસ્ટોરન્ટ પાસે, બોપલ, તા.દસ્ક્રોઇ, જિ. અમદાવાદ., PW37–ચિરાગ વસંતલાલ ઠક્કર, રહે. ૧૦, વારાહી સોસાયટી, ડી–કેબીન, સાબરમતિ, અમદાવાદ., તથા PW38–કૌશલ અશોકભાઈ અમીન, રહે. એ/૨૦, આશાપુરા સોસાયટી, ઘોડાસર, અમદાવાદ., તથા PW39–મનિષ જયંતિભાઈ પટેલ, રહે. ૩/બી, હરિદર્શન સોસાયટી, કાશીબા રોડ, રાણીપ, અમદાવાદ., તથા PW54–અનિરુદ્ધસિંહ દલુભા જાડેજા, રહે. આશાપુરા કૃપા, ઈન્દિરાનગર, જામકંડોરણા, જી. રાજકોટ, મૂળ ગામ–પીપરડી, તા. જામકંડોરણા, જી. રાજકોટ.–નાઓએ નામદાર મેજીસ્ટ્રેટ રૂબરૂ કાયદેસરની પ્રક્રિયા અનુસરીને નિવેદન આપેલ હોવા છતાં નામદાર મેજીસ્ટ્રેટશ્રીએ તેઓનું નિવેદન નોંધેલ નથી તેવી ધરાર ખોટી હકીકત કોર્ટ રૂબરૂ જણાવેલ છે, જે ફક્તને ફક્ત આરોપીઓને આ ગુનાના કામે બચાવવાના એકમાત્ર હેતુથી સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ છે, જે અત્યંત પીડાદાયક પરિસ્થિતિ છે અને અત્રેની કોર્ટ અત્યંત દુઃખ સાથે આવી પીડાદાયક પરિસ્થિતિ રેકર્ડ પર આવેલ હોય અને ન્યાયની પ્રક્રિયામાં સીધી ખલેલ પહોંચાડેલ છે અને તેનું એકમાત્ર કારણ મરણજનારે તેઓ જે

સંસ્થા, એટલે કે, સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ છે અને આરોપીઓ પણ તેની સાથે સંકળાયેલા છે અને સાહેદો પણ તેની સાથે સંકળાયેલા છે, તેવી સંસ્થા સામે આર્થિક મદદ મરણજનારે ગુજરાતમાં આવેલ ભુકંપ પીડીતો માટે વિદેશથી આ સંસ્થાને પૂરી પાડેલ અને તેનો હિસાબ માંગતા તેમની સામે વિવિધ ફરિયાદો સમગ્ર ગુજરાતની વિવિધ કોર્ટો, જેમાં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, ગોંડલની કોર્ટમાં આઠ ફરિયાદો, તેમજ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, બાબરા, લાઠી, ભચાઉ મુકામે બે–બે ફરિયાદો અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, અંકલેશ્વર, ભાવનગર, લીલીયા, અંજાર, ઉના મુકામે એક–એક ફરિયાદ મળી અનેકો ફરિયાદ દાખલ કરેલ, જે તમામ ફરિયાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા મરણજનારની તરફેણમાં તા.૯–૩–૨૦૦૬ ના રોજ આંક–સી–૪૯૭ નાં હુકમથી રદ્ધ કરવામાં આવેલ છે અને આ ફરિયાદોનાં તમામ ફરિયાદી, કે જે આ કામના સાહેદો PW23 થી PW31 નાઓ છે, તેઓએ આવી ફરિયાદ દાખલ કરેલ હોવા છતાં નામદાર કોર્ટ રૂબરૂ તદ્ધન ખોટી હકીકત એકમાત્ર આરોપીઓને આ ગુનાના કામે બચાવવાના હેતુથી સોગંદ ઉપર આવી ફરિયાદો અંગે મૌન ધારણ કરેલ છે અને આરોપીઓની ખુલ્લેઆમ તરફેણ કરેલ છે, કે જે ન્યાયિક પ્રક્રિયા માટે અત્યંત પીડાદાયક અને દુઃખદાયક પરિસ્થિતિ છે અને આ રીતે આરોપીઓ અને સાહેદોએ ભેગા મળીને આખી ન્યાયિક પ્રક્રિયાને દુષિત કરવાનો પ્રયત્ન કરેલ છે, કે જે અત્યંત વેદનાભરી પરિસ્થિતિ છે અને તેવા સંજોગોમાં જે સ્વાધ્યાય પરિવાર સાથે તેઓ જોડાયેલા છે તે 'સ્વાધ્યાય' શબ્દનો અર્થ જોવામાં આવે તો,'સ્વ અધ્યયન' જેમાં વેદોનો, આધ્યાત્મિક સાહિત્ય, કે જે સત્ય અને અસત્યની વ્યાખ્યા કરે છે, તેનો અભ્યાસ અથવા સ્વનો અભ્યાસ,

આત્મશાસ્ત્ર અથવા અધ્યાત્મ વિજ્ઞાનનો આ અભ્યાસ સાધકને સ્વ વિકાસ માટે પ્રેરણા આપે છે, પ્રજવલિત કરે છે. આમ, સ્વાધ્યાય એ મનોવૃતિ નિરોધ (વૃતિઓનાં નિયંત્રણ) માટે છે અને એના જાગરણ દ્વારા ચેતનામાં પ્રશાંતિ આવે છે. અત્રે ઉપરોક્ત હકીકત નોંધવા પાછળનો હેતુ એટલો જ છે કે, જે સ્વાધ્યાય પરિવાર જેવી ઉમદા કાર્ય કરતી સંસ્થા સાથે સંકળાયેલા અનુયાયીઓ જ્યારે આવો અસત્યનો માર્ગ અપનાવે તે પરિસ્થિતિ ખૂબ જ પીડાદાયક અને કષ્ટપૂર્ણ એટલે કે દુઃખ પહોંચાડનારી હોય છે અને તેથી જ અત્રેની કોર્ટ દ્વારા એટલે કે ન્યાયિક કોર્ટ કે જેની ઉપર સત્ય શોધવાની પવિત્ર ફરજ બંધારણ દ્વારા નાંખવામાં આવેલ છે તેનું અક્ષરશઃ પાલન કરવાની ન્યાયિક અદાલતની પવિત્ર ફરજમાં આવે છે અને સત્ય સુધી પહોંચવાના તમામ પ્રયત્નો ન્યાયિક અદાલતે કરવાના હોય છે તેનાથી વિમુખ થઈ શકાય નહીં અને તેથી જ આ ન્યાયિક કોર્ટ દ્વારા સત્ય સુધી પહોંચવા માટે આ કામે આરોપીઓ તેમજ સાહેદોએ ભેગા મળી સત્યને સંતાડી દેવાના પ્રયત્નના ભાગરૂપે અસત્યનો માર્ગ અપનાવી જે ન્યાયની પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવાનો અને હસ્તક્ષેપ કરવાનો પ્રયત્ન કરેલ છે તેવા પ્રયત્નોને નિષ્ફળ બનાવવા માટે અત્રેની કોર્ટ દ્વારા આ કેસના કામે પડેલ પુરાવાનું ખૂબ જ બારીકાઈથી મૂલ્યાંકન કરેલ છે અને આ પુરાવો આપનાર ઉપરોક્ત સાહેદો, કે જેમાં તલાટી, ચીટનીશ, શિક્ષકો, વેપારી માણસોનો સમાવેશ થાય છે અને તેઓ કાયદાની પ્રક્રિયાથી વાકેફ છે અને તેથી તેઓને જો આરોપીઓએ પુરાવો આપવા બાબતે ધાકધમકી આપી હોત તો અવશ્ય પોલીસ પ્રોટેક્શનની માંગણી કરેલ હોત અને તે રીતે સત્યનો સાથ આપી શક્યા હોત અને નામદાર કોર્ટ રૂબરૂ તેમના નિવેદન મુજબની સાચી જુબાની આપી શક્યા

હોત, નહીં કે અર્ધસત્ય પ્રકારની, જે તેઓએ આપેલી છે. આમ, આ સાહેદોએ આરોપીઓને બચાવવા માટે સત્યનો સાથ ન આપી, અર્ધસત્યનો માર્ગ અપનાવી આરોપીઓને જે રીતે મદદ કરવાનો પ્રયત્ન કરેલ છે તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે અને ન્યાયની પ્રક્રિયા ઉપર વજ્રઘાત સમાન છે, જેને હળવાશથી લઈ શકાય નહીં, કારણ કે, સરકારી કર્મચારીઓ, શિક્ષકો, વેપારીવર્ગનાં ઈસમો વગેરે પાસેથી આવી અપેક્ષા ન હોય અને તેઓ હંમેશા સત્ય સાથે રહેવાની નેમ સાથે શપથ લઈને નોકરી કરતા હોય છે, જે ભારતના બંધારણ મુજબ પણ સત્યનો સાથ આપવા બંધાયેલ છે, છતાં આ સાહેદોનું હાલના કેસમાં આવું કૃત્યુ સ્વયં પુરવાર કરે છે કે, તેઓ આરોપીઓના પ્રભાવ હેઠળ આવી જઈ અને આવી અર્ધસત્ય જુબાની આપે છે અને તેથી જ આરોપીઓ તરફે આ સાહેદોની ઊલટ તપાસમાં જે રીતની સૂચક સ્પષ્ટતા એટલે કે તેઓએ નામદાર કોર્ટ રૂબરૂ જે જુબાની આપી છે તે કોઈપણ જાતના દાબ–દબાણ વગર અને સ્વેચ્છાથી આપેલ છે તેવી સ્પ્ટતા ઊલટતપાસના માધ્યમથી આરોપીઓને કરવાની જરૂરિયાત ઊભી થયેલ છે, નહીં તો તેઓ એવુ પણ જણાવી શક્યા હોત કે પોલીસે તેમના નિવેદન નોંધેલ જ નથી. આમ, આવા સૂચક પ્રશ્નો પૂછી શક્યા હોત, જે હાલ પૂછવામાં આવેલ નથી અને જે પ્રશ્નો પૂછેલ છે તે સ્વયં પુરવાર કરે છે કે, આરોપીઓએ આ સાહેદોને ખોટી રીતે પ્રભાવિત કરેલ છે. આમ, ઉપરોક્ત તમામ સાહેદો, જે અર્ધસત્ય પ્રકારની જુબાની આપે છે તે હકીકત ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(PW84)ની જુબાનીથી પુરવાર થયેલ છે અને આ ત. ક. અમલદારની જુબાની વિશ્વસનીય અને માનવા લાયક હોય, ભરોસાપાત્ર હોય, તેને આધારે આ સાહેદોએ નામદાર કોર્ટ રૂબરૂ જે અર્ધસત્ય પ્રકારનો ખોટો પુરાવો

આપી આરોપીઓને લાભ પહોંચાડવાનો પ્રયત્ન કરેલ છે તેથી આ સાહેદો સામે ખોટો પુરાવો આપવા સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૪૪ અન્વયેની કાર્યવાહી કરવી જ પડે, કારણ કે, જો ન્યાયની કોર્ટ આવી કાર્યવાહી કરવામાં અચકાય કે ખચકાટ અનુભવે તો સામાન્ય જન માનસનું ન્યાયની પ્રક્રિયામાં જે ભરોસો છે તે ભરોસો જળવાય નહીં અને આવા કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટો પુરાવો આપી, સત્યનો સાથ ન આપી, અસત્યનો સાથ આપે તેવા ઈસમોનું મનોબળ મક્કમ થાય અને આરોપીઓ પણ પોતાની તરફેણમાં સાહેદોને પ્રભાવિત કરી પુરાવો અપાવવાના જે પ્રયત્નો કરે તેને પણ ડામવા જરૂરી છે, કે જેથી આવા સાહેદોને પ્રભાવિત કરી અસત્યનો માર્ગ અપનાવી પોતાની તરફેણમાં પરિણામ મેળવવાનો જે નિરર્થક પ્રયત્ન કરવામાં આવતો હોય છે તેની સામે ન્યાયની અદાલતે સખત વલણ અપનાવી સખત કાર્યવાહી કરતા જરા પણ ખચકાટ અનુભવવો જોઈએ નહીં, કે જેથી સામાન્ય નાગરિક સુધી ન્યાય થયેલાની પ્રતિતી થઈ શકે અને સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે કે ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં ન્યાયની પ્રક્રિયાને અસત્યથી પ્રભાવિત કરી શકાય નહીં અને ન્યાયની પ્રક્રિયા હંમેશા સત્ય સાથે છે અને રહેશે અને ન્યાય જ સર્વોપરી છે અને સર્વોપરી રહેશે.

આમ, આવા ફરી ગયેલા ઉપરોક્ત સાહેદોની સામે સખત હાથે કામ લેવું પડે અને ઉપરોક્ત સાહેદો સામે સી.આર.પી.સી. કલમ–૩૪૪ અન્વયેની કાર્યવાહી કરવાનું પણ અત્રેની કોર્ટ ઉચિત માને છે.

(૬૪) આમ, આરોપીઓએ તહોમતનામા મુજબ ઈ. પી. કો. કલમ–૩૦૨, ૧૨૦(બી), ૧૪૩ તથા બોમ્બે પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧)

મુજબનો ગુનો કરેલાનું ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ હોય, ન્યાયના વિશાળ હિતમાં **મુદ્દા નં.૭** લગત નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

–: <u>હુકમ :</u>–

૧. આ કામના આરોપીઓ ૧. ચંદ્રસિંહ મનુભા જાડેજા, ૨. હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, ૩. દક્ષેશ હસમુખલાલ શાહ ૪. ભુપતસિંહ નારુભા જાડેજા, ૫. માનસિહ અરજણ વાઢેર, ૬. ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, ૭. ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ, ૮. ભરતસિંહ દિલુભા જાડેજા, ૯. ચંદ્રકાંત મેઘજી ડાકી અને ૧૦. જશુભા દોલુભા જાડેજા–નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) [બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧)] અન્વયે તેઓની વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબના ગુના સબબ પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં,આ કામના આરોપીઓ ૧. ચંદ્રસિંહ મનુભા જાડેજા, ૨. હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, ૩. દક્ષેશ હસમુખલાલ શાહ ૪. ભુપતસિંહ નારુભા જાડેજા, ૫. માનસિહ અરજણ વાઢેર, ૬. ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, ૭. ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ, ૮. ભરતસિંહ દિલુભા જાડેજા, ૯. ચંદ્રકાંત મેઘજી ડાકી અને ૧૦. જશુભા દોલુભા જાડેજા–નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) [બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨)] અન્વયે તેમની વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૨૦(બી) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. વધુમાં,આ કામના આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, આરોપી નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર, નં.૮ ભરતસિંહ દીલુભા જાડેજા, નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી તથા આરોપી

નં.૧૦ જશુભા દોલુભા જાડેજા–નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) [બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨)] અન્વયે તેમની વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. વધુમાં,આ કામના આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી–નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) [બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨)]અન્વયે તેમની વિરૂદ્ધના બોમ્બે પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આ કામના આરોપીઓને સજા બાબતે સાંભળવા રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૮ મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.અમદાવાદ
તા.૨૮/૨/૨૦૨૫

(**ભરત ભાસ્કરભાઈ જાદવ**)
એડીશ્નલ સેશન્સ જજ,
સિટી સેશન્સ કોર્ટ નં.૧૬,
અમદાવાદ શહેર
(UID No.GJ00714)

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨)[બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨)] અન્વયે સજા બાબતે સાંભળ્યા:–

(૬૫) અત્રે ફરિયાદ પક્ષે વિદ્વાન સ્પે.પી.પી.શ્રી એસ. બી. બ્રહ્મભટ્ટ–નાઓની દલીલ છે કે, આરોપીઓએ મરણજનાર દ્વારા સ્વાધ્યાય પરિવાર સામે નાણાંકીય હિસાબો માંગતી અરજીઓ તથા તેમના પ્રશ્નોના નિરાકરણ હેતુથી પત્રિકાઓ છપાવેલ, જેથી તેમની સામે ખોટી ફરિયાદો વિવિધ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટોમાં દાખલ કરવામાં આવેલ અને તેવી ફરિયાદો ખોટી હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રદ્ધ કરવામાં આવેલ, છતાં આરોપીઓએ યેનકેન પ્રકારે મરણજનારનું તેમના ઘરે આવેલ લેન્ડલાઈન ફોન ઉપર તેમજ કાગળો લખી, બિભત્સ શબ્દો બોલી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા આવેલા અને નામદાર ગુજરાત હાઈકોર્ટે તમામ ફરિયાદો રદ્ધ કરેલ હોય તેનું વૈમનસ્ય રાખી, મરણજનારનું મૃત્યુ નિપજાવવા માટેનું ગુનાહિત કાવતરું ઘડી અને તેવા ગુનાહિત કાવતરાને આખરી અંજામ આપવાના હેતુથી તા.૧૫–૬–૦૬ ના રોજ બેઝબોલ બેટ અને પાઈપો વડે મરણજનારને ૨૦ થી વધુ જીવલેણ ઈજાઓ માથાના અને મોઢાના તથા શરીરના પાછળના ભાગે કરી, ક્રુરતાપૂર્વક મૃત્યુ નિપજાવેલ છે, અને આવી સ્વેચ્છાપૂર્વકની ગંભીર ઈજાઓ કરેલ, કે જે ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા પૂરતી હોય તેવા જ્ઞાન સાથે કરેલ અને જે ઈજાઓને કારણે મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનું સ્થળ પર જ મૃત્યુ નિપજાવેલ, જે હકીકત અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે, જે ધ્યાને લેતાં આરોપીઓએ જે રીતે ગુનો કરેલ છે તે આરોપીઓને સમાજમાં દાખલો બેસે તે હેતુથી આજીવન કેદની સજા કરવા દલીલ કરેલ છે.

(૬૬) અત્રે આરોપી નં.૧ તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી કે. એન.ઠાકુર–નાઓની દલીલ છે કે, વિદ્વાન સ્પે.પી.પી.શ્રીએ આજીવન કેદની સજાની રજૂઆત કરેલ હોઈ, ઓછામાં ઓછી આજીવન કેદની સજા હોઈ, જેથી બીજી કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

(૬૭) અત્રે આરોપી નં.૨,૪,૭,૮ તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી એ. એમ. પટેલ–નાઓની દલીલ છે કે,વિદ્વાન સ્પે.પી.પી.શ્રીએ આજીવન કેદની સજાની રજૂઆત કરેલ હોઈ, ઓછામાં ઓછી આજીવન કેદની સજા હોઈ, જેથી બીજી કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

(૬૮) અત્રે આરોપી નં.૩,૫,૧૦ તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી એમ. કે શ્રીવાસ્તવ–નાઓની દલીલ છે કે,વિદ્વાન સ્પે.પી.પી.શ્રીએ આજીવન કેદની સજાની રજૂઆત કરેલ હોઈ, ઓછામાં ઓછી આજીવન કેદની સજા હોઈ, આરોપી નં.૧૦ ને પેરાલીસીસ થયેલ હોઈ, ઓછામાં ઓછી સજા કરવા રજૂઆત કરેલ છે.

(૬૯) અત્રે આરોપી નં.૬ તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી એસ. વી. ઠક્કર–નાઓની દલીલ છે કે,વિદ્વાન સ્પે.પી.પી.શ્રીએ આજીવન કેદની સજાની રજૂઆત કરેલ હોઈ, ઓછામાં ઓછી આજીવન કેદની સજા હોઈ, જેથી બીજી કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

(૭૦) અત્રે આરોપી નં.૯ તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી સી. કે. શાહ–નાઓની દલીલ છે કે,વિદ્વાન સ્પે.પી.પી.શ્રીએ આજીવન કેદની સજાની રજૂઆત કરેલ હોઈ, ઓછામાં ઓછી આજીવન કેદની સજા હોઈ, જેથી બીજી કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

(૭૧) અત્રે બન્ને પક્ષોની દલીલો સાંભળી, તેમજ રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતાં, બનાવ તા.૧૫–૬–૦૬ ના રાત્રિના કલાક ૨૦:૦૦ થી ૨૦:૧૫ ના સુમારે બનેલ છે, જેની ફરિયાદ(આંક–૧૩૫) તે જ દિવસે રાત્રે ૨૨:૧૫ કલાકે એલીસબ્રીજ જીમખાનાના વોચમેન રમેશ વિશ્વકર્મા નાથુરામે આપેલી, જે તેમના લખાવ્યા મુજબની શ્રી રમેશચંદ્ર માધવલાલ પટેલ(PW81)નાઓએ નોંધેલ અને ત્યારબાદ આંક–૧૩૬ વાળો રિપોર્ટ કરેલ. આ ફરિયાદ મુજબ મારૂતિ વાનમાંથી દોડી, મરનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદી પાસે ચાર જણા આવેલા, જેમાંથી એકના હાથમાં બેઝબોલનો ધોકો હતો, જે ધોકો ત. ક. અમલદારે બનાવવાળા સ્થળેથી કબજે કરેલ છે, તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું અને ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવે છે, તેમજ આ બેઝબોલનાં ધોકા ઉપર એફ.એસ.એલ.નાં રિપોર્ટ મુજબ મરણજનારનું 'બી' ગૃપનું લોહી આવેલ છે, જે મરણજનારના પી.એમ. વખતે ડૉ. દિગ્વિજય વાઘેલા(PW63)નાએ કપડાં કબજે કરી પોલીસને આપેલ તે મરણજનારના કપડાં, જનોઇ, પટ્ટો, સેન્ડલ તથા ગુનાવાળી જગ્યાની માટી ઉપર પણ માનવ રુધિર 'બી' ગૃપનું મળી આવેલ. આમ, મરણજનારનું લોહીનું ગૃપ 'બી' ગૃપ હતું તેવું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને તેનું મૃત્યુ નિપજાવવામાં બેઝબોલ બેટનો ઉપયોગ થયેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થયેલ છે અને આ ગુનો નિપજાવવાના ગુનાહિત કાવતરાના ભાગરૂપે આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા તથા ચંદ્રકાંત ડાકી બનાવના ત્રણ દિવસ પહેલાં રોશની ગેસ્ટહાઉસમાં અમદાવાદ ખાતે આવેલા, જે તા.૧૧–૬–૦૬ થી તા.૧૩–૬–૦૬ સુધી રોકાયેલા અને ચંદ્રસિંહ મનુભા જાડેજાએ રોશની ગેસ્ટહાઉસના રજીસ્ટર આંક–પી–૩૯૬

(PW84)વાળી એન્ટ્રી નં.૪૫૩ પોતાની ઓળખ છૂપાવી, 'રાજુભાઈ દવે'નાં નામે એન્ટ્રી કરી, અંગ્રેજીમાં સહી, આ ચારેય જણા રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા, જ્યાં તેમને મળવા આરોપી ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા અને ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ નાઓ આવેલા અને ગેસ્ટહાઉસના માલિક દેવેન્દ્ર જીબોધચંદ્ર દવે અને મેનેજર ખેમરાજને કહે છે કે, આ ચાર જણા અગત્યના કામે આવેલ છે, જો તે ભાડું નહીં આપે તો અમે આપી દઈશું અને ભુપેન્દ્રસિંહે રૂા.૫૦૦/– જીતેન્દ્ર ઈશ્વરભાઈ પટેલ મારફતે અપાવડાવેલાનું રેકર્ડ પર આવેલ છે, તેમજ આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજાનો ફોટો વર્તમાનપત્રમાં આવી ગયેલ હોય, તેની ઓળખપરેડ કરવામાં આવેલ નહીં, પરંતુ આરોપી માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા તથા આરોપી ચંદ્રકાંત મેઘજી ડાકીની રોશની ગેસ્ટહાઉસના માલિક તથા મેનેજર અને ખંભાતાના બંગલાના ચોકીદાર રાવતમલ ભાવસારની હાજરીમાં ઓળખપરેડ કરાવેલ, જે ચારેય જણાએ રોશની ગેસ્ટહાઉસમાં અવરજવર માટે નિખિલ ગોવિંદલાલ પરીખ(PW12)ની મારૂતિ ફ્રન્ટી–૮૦૦ નં.જીજે.૧૦.૯૭૮૩ નો ઉપયોગ કરેલ, જે આ કામના આરોપી હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા તા.૧૦–૬–૦૬ ના રોજ નિખિલભાઈ પાસેથી સવારના ૧૧:૦૦ કલાકે લઈ ગયેલ અને તા.૧૩–૬–૦૬ ના રોજ આપી ગયેલ, જે ફ્રન્ટીનો ઉપયોગ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ ચારેય આરોપીઓએ કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે. આમ, બનાવ પહેલાં આરોપીઓ ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા તથા ચંદ્રકાંત ડાકી રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા અને મરણજનારની બનાવ પહેલાંની ગતિવિધિઓની તપાસ કરેલી, તેમજ ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા,

કે જે ડી.સી.પી., અમદાવાદ ઝોન–૧ માં પી.એ. હતાં અને બનાવ બન્યા બાદ જ્યારે ડી.સી.પી. ઝોન–૧ બનાવવાળી જગ્યાએ જાય છે ત્યારે તેમની સાથેના કમાન્ડો જયેન્દ્રસિંહ દિપસિંહ ઝાલા(PW70)ને ઘનશ્યામસિંહ ફોન કરીને પંકજ ત્રિવેદી જીવે છે કે મરી ગયો? તેવું પૂછે છે. આમ, ભરત ભટ્ટ અને આ ઘનશ્યામસિંહ પણ ગુનાહિત કાવતરામાં સામેલ છે, તેમજ આરોપી હિતેશસિંહ ચુડાસમા અને દક્ષેશ હસમુખલાલ શાહ મોટર સાયકલો ઉપર PW37, PW38, PW39 ની સાથે રહીને મરણજનારની બનાવ પહેલાંની ગતિવિધિઓની તપાસ કરે છે અને ત્યારબાદ બનાવના દિવસે સાહેદ અનિરુદ્ધસિંહ(PW54) ની ટાટા સુમોમાં જે ચાર આરોપીઓ રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલ તે ચાર આરોપી ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા , ચંદ્રકાંત ડાકી તથા જશુભા દોલુભા જાડેજા તથા ભરતસિંહ જાડેજા હથિયારો સાથે રાજકોટથી અમદાવાદ આવે છે, જે રોશની ગેસ્ટહાઉસમાં રચવામાં આવેલ કાવતરાના ભાગરૂપે ગુનાને આખરી અંજામ આપવા તા.૧૫–૬–૦૬ ના રોજ આવે છે. આમ, આ આરોપીઓએ ગુનાહિત કાવતરું ઘડેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે. વધુમાં તેઓ અમદાવાદ પકવાન હોટલ ખાતે ૧૨:૦૦ વાગ્યે આવે છે, જ્યાંથી બપોરના ચારેક વાગ્યે આરોપીઓ ચંદ્રસિંહ મનુભા જાડેજા, માનસિહ અરજણ વાઢેર, ભુપતસિંહ નારુભા જાડેજા તથા ચંદ્રકાંત ડાકી મારૂતિ વાનમાં બેસીને જતા રહે છે અને સાંજે આઠેક વાગ્યે ચંદ્રકાંત ડાકી એકલો આવે છે અને તેને અનિરૂદ્ધસિંહ રાજકોટ બાયપાસ ઉતારે છે અને ત્યાંથી જામકંડોરણા જતા રહે છે અને ત્યારબાદ ગુનાની જાહેરાત થયાં બાદ તપાસના કામે જેમ જેમ આરોપીઓની ઓળખ છતી થાય છે તેમ તેમ તેમની ધરપકડ કરવામાં આવે છે.

આમ, મરણજનારના ખૂનના ગુનાને આખરી અંજામ આપી આરોપીઓ તેમની ધરપકડ ન થાય તે હેતુથી નાસતા, ભાગતા ફરે છે અને સૌપ્રથમ ધરપકડ તા.૪–૭–૦૬ ના રોજ થાય છે અને ત્યારબાદ બાકીના આરોપીઓની ધરપકડ થાય છે, જે હકીકત સ્વયં પુરવાર કરે છે કે, આરોપીઓએ, કે જે રોશની ગેસ્ટહાઉસમાં રોકાયેલા ત્યાંથી અને તે પહેલાંથી તેમની વચ્ચે મરણજનારે જે અરજીઓ કરેલી તેનું મનદુઃખ રાખીને ગુનાહિત કાવતરું ઘડી, ખૂન કરવાનું નક્કી કરી, તેને આખરી અંજામ આપવા ટાટા સુમોમાં ગેરકાયદેસરની મંડળી રચી, હથિયારો ધારણ કરી, રાજકોટથી અમદાવાદ આવી, મરણજનારનું ખૂન કરેલ હોવાનું અત્રે નિઃશંકપણે પુરવાર થયેલ છે. આમ, જે રીતે મરણજનાર પંકજ હરીપ્રસાદ ત્રિવેદીનાં શરીરના મહત્વના અંગ એવા માથાના તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ કરેલ, જે જાહેર રોડ ઉપર એલીસબ્રીજ જીમખાનાનાં પાછળ આવેલ પાર્કીંગમાં અમદાવાદ મુકામે આવો ગંભીર ગુનો જાહેરમાં કરેલ છે, તે મુજબની આરોપીઓની વર્તણૂકને સહેલાઈથી લઈ શકાય નહીં તેમજ આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ–૩૦૨, ૧૨૦(બી), ૧૪૩ તથા બોમ્બે પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો બનતો હોવાનું જ્યારે પુરવાર થયેલ છે, પરંતુ હાલનો કેસ રેર ઑફ ધી રેરની શ્રેણીમાં પડતો ન હોવાનું જણાઈ આવે છે અને તેથી આરોપીઓને કેપીટલ પનીશમેન્ટ ન કરતા, કાયદામાં ઠરાવ્યા મુજબની આજીવન કેદની સજા કરવી ન્યાયોચિત્ત જણાય છે.

(૭૨) **વધુમાં આ કામે સોગંદ ઉપર ખોટો પુરાવો આપનાર સાહેદો જેમાં PW23–અશોકભાઈ ચત્રભુજભાઈ શાણી,રહે. ખોડીયારનગર, ખોડીયાર મંદિર**

સામે, ગોંડલ, જી.રાજકોટ., **PW**24–મહેન્દ્રસિહ વખતસિહ ચુડાસમા, રહે. બ્લોક નં.૪૩૫૯, પાર્થ સોસાયટી , ઘોઘા જકાતનાકા પાસે, ભાવનગર., **PW**25–મનસુખભાઈ સવજીભાઈ ખુંટ, રહે. ભગવતપરા, પટેલ સોસાયટી નં.૧, એસ.આર.પી. સામે, ગોંડલ, જી.રાજકોટ, **PW**26–પિતાંબરભાઈ દેવનદાસ સોનેયા, રહે. રાજનગર, જેતપુર રોડ, ગોંડલ, જી.રાજકોટ., **PW**27–રમેશભાઈ માવજીભાઈ નાકરાણી, રહે. ધનંજય ડુપ્લેક્ષ, ભાટીયાવાડી સામે, કૈલાસબાગ, ગોંડલ, જી. રાજકોટ., **PW**28–હસમુખભાઈ પરષોતમભાઈ જોષી, રહે. રામજી મંદિર પાસે, કડવાણીનગર, ગોંડલ, જી. રાજકોટ., **PW**29–હિતેશ મનુસુખભાઈ દાવડા, રહે. પટેલવાડી ચોક, ભગવતપરા, ગોંડલ, જી. રાજકોટ., **PW**30–મનજીભાઈ ધનજીભાઈ સાવલીયા, રહે. સહજાનંદનગર, રેલ્વે સ્ટેશનની પાછળ, ગોંડલ, જી. રાજકોટ તથા **PW**31– પ્રવિણ ગોરધનદાસ આડતિયા, રહે. ખાટપા શેરી, દેવપરા, શ્રીનાથજી કૃપા, ગોંડલ, જી. રાજકોટ.– નાઓએ યેનકેન પ્રકારે આરોપીઓને મદદ કરવા નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ છે.

(૭૨.૧) ઉપરાંત આ કામના સાહેદ **PW**10–જીતેન્દ્ર ઈશ્વરભાઈ પટેલ, રહે. ૫/બી, પુનિતપાર્ક, નવી સિવિલ હોસ્પિટલ પાછળ, શાહીબાગ, અમદાવાદ., તેમજ **PW**11–દેવેન્દ્રભાઈ જીબોધચંદ્ર દવે (રોશની ગેસ્ટહાઉસ, સાબરમતિ, અમદાવાદનાં માલિક), રહે.ઇ/૬૪, મનોહરવિલા, નિકોલ રોડ, નરોડા, અમદાવાદ., **PW**12–નિખિલ ગોવિંદલાલ પરીખ તથા **PW**76–દેવયાનીબેન નિખિલભાઈ પરીખ, બન્ને રહે. એ/૩૦૪, સુકન–૨, કર્ણાવતી

કલ્બ રોડ, રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ., તથા **PW**14–જયેન્દ્રકુમાર નંદલાલ સોની, રહે. એચ–૨૨, પાર્શ્વનાથ ટાવર, સુભાષ ચોક, મેમનગર, અમદાવાદ., તથા **PW**32– પરેશ ગોવિંદભાઈ સાગપરીયા, રહે. દામજીમેવા પ્લોટ નં.૩, સહકાર–૨ નાં છેડે, દિપ ક્લાસીસ, રાજકોટ, મૂળ ગામ–ભેંસદળ, તા.ધ્રોલ, જી. જામનગર., તથા **PW**35–શક્તિદાન બક્ષીદાન ગઢવી, રહે. ઘુનાના ગામ (જલરીયા), તા. પડધરી, જી. રાજકોટ. તથા **PW**36–દલપતભાઈ મોહનભાઈ આદરીયા(પાદરીયા), રહે. પારસ સોસાયટી, બેન્ક ઑફ ઈન્ડિયાની પાછળ, પડધરી, જી. રાજકોટ. તથા **PW**55–રાવતમલ મુળજીભાઈ ભાવસાર, રહે. કૃષ્ણકુંજ કોલોની, હનુમાન મંદિર પાસે, ચંડોળા તળાવ પાસે, અમદાવાદ.–નાઓએ આરોપીઓને બચાવવાના એકમાત્ર હેતુથી આરોપીઓનાં પ્રભાવ હેઠળ નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ છે.

(૭૨.૨) વધુમાં, એવા સાહેદો, કે જેમના વિદ્વાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૦, અમદાવાદ–નાઓ રૂબરૂ તેઓએ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદનો નોંધાવેલ હોવા છતાં નામદાર કોર્ટ રૂબરૂ આરોપીઓને બચાવવા માટે નામદાર કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ છે , જેમાં **PW**15–ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણ, રહે. ૪૪, જલદિપ બંગ્લોઝ, બીગ ડેડી રેસ્ટોરન્ટ પાસે, બોપલ, તા.દસ્ક્રોઇ, જિ. અમદાવાદ., **PW**37–ચિરાગ વસંતલાલ ઠક્કર, રહે. ૧૦, વારાહી સોસાયટી, ડી–કેબીન, સાબરમતિ, અમદાવાદ., તથા **PW**38–કૌશલ અશોકભાઈ અમીન, રહે. એ/૨૦, આશાપુરા સોસાયટી, ઘોડાસર, અમદાવાદ., તથા **PW**39–મનિષ જયંતિભાઈ

પટેલ, રહે. ૩/બી, હરિદર્શન સોસાયટી, કાશીબા રોડ, રાણીપ, અમદાવાદ., તથા **PW**54–અનિરુદ્ધસિંહ દલુભા જાડેજા, રહે. આશાપુરા કૃપા, ઈન્દિરાનગર, જામકંડોરણા, જી. રાજકોટ, મૂળ ગામ–પીપરડી, તા. જામકંડોરણા, જી. રાજકોટ.–નાઓએ નામદાર મેજીસ્ટ્રેટ રૂબરૂ કાયદેસરની પ્રક્રિયા અનુસરીને નિવેદન આપેલ હોવા છતાં નામદાર મેજીસ્ટ્રેટશ્રીએ તેઓનું નિવેદન નોંધેલ નથી તેવી ધરાર ખોટી હકીકત કોર્ટ રૂબરૂ જણાવેલ છે, જે ફક્તને ફક્ત આરોપીઓને આ ગુનાના કામે બચાવવાના એકમાત્ર હેતુથી સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ છે, જે અત્યંત પીડાદાયક પરિસ્થિતિ છે અને અત્રેની કોર્ટ અત્યંત દુઃખ સાથે આવી પીડાદાયક પરિસ્થિતિ રેકર્ડ પર આવેલ હોય અને ન્યાયની પ્રક્રિયામાં સીધી ખલેલ પહોંચાડેલ છે અને તેનું એકમાત્ર કારણ મરણજનારે તેઓ જે સંસ્થા, એટલે કે, સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલ છે અને આરોપીઓ પણ તેની સાથે સંકળાયેલા છે અને સાહેદો પણ તેની સાથે સંકળાયેલા છે, તેવી સંસ્થા સામે આર્થિક મદદ મરણજનારે ગુજરાતમાં આવેલ ભુકંપ પીડીતો માટે વિદેશથી આ સંસ્થાને પૂરી પાડેલ અને તેનો હિસાબ માંગતા તેમની સામે વિવિધ ફરિયાદો સમગ્ર ગુજરાતની વિવિધ કોર્ટો, જેમાં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, ગોંડલની કોર્ટમાં આઠ ફરિયાદો, તેમજ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, બાબરા, લાઠી, ભચાઉ મુકામે બે–બે ફરિયાદો અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, અંકલેશ્વર, ભાવનગર, લીલીયા, અંજાર, ઉના મુકામે એક–એક ફરિયાદ મળી અનેકો ફરિયાદ દાખલ કરેલ, જે તમામ ફરિયાદો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા મરણજનારની તરફેણમાં તા.૯–૩–૨૦૦૬ ના રોજ આંક–સી–૪૯૭ નાં હુકમથી રદ્દ કરવામાં આવેલ છે અને આ ફરિયાદોનાં

તમામ ફરિયાદી, કે જે આ કામના સાહેદો **PW**23 થી **PW**31 નાઓ છે, તેઓએ આવી ફરિયાદ દાખલ કરેલ હોવા છતાં નામદાર કોર્ટ રૂબરૂ તદ્દન ખોટી હકીકત એકમાત્ર આરોપીઓને આ ગુનાના કામે બચાવવાના હેતુથી સોગંદ ઉપર આવી ફરિયાદો અંગે મૌન ધારણ કરેલ છે અને આરોપીઓની ખુલ્લેઆમ તરફેણ કરેલ છે, કે જે ન્યાયિક પ્રક્રિયા માટે અત્યંત પીડાદાયક અને દુઃખદાયક પરિસ્થિતિ છે અને આ રીતે આરોપીઓ અને સાહેદોએ ભેગા મળીને આખી ન્યાયિક પ્રક્રિયાને દુષિત કરવાનો પ્રયત્ન કરેલ છે, કે જે અત્યંત વેદનાભરી પરિસ્થિતિ છે અને તેવા સંજોગોમાં જે સ્વાધ્યાય પરિવાર સાથે તેઓ જોડાયેલા છે તે 'સ્વાધ્યાય' શબ્દનો અર્થ જોવામાં આવે તો,'સ્વ અધ્યયન' જેમાં વેદોનો, આધ્યાત્મિક સાહિત્ય, કે જે સત્ય અને અસત્યની વ્યાખ્યા કરે છે, તેનો અભ્યાસ અથવા સ્વનો અભ્યાસ, આત્મશાસ્ત્ર અથવા અધ્યાત્મ વિજ્ઞાનનો આ અભ્યાસ સાધકને સ્વ વિકાસ માટે પ્રેરણા આપે છે, પ્રજવલિત કરે છે. આમ, સ્વાધ્યાય એ મનોવૃતિ નિરોધ (વૃતિઓનાં નિયંત્રણ) માટે છે અને એના જાગરણ દ્વારા ચેતનામાં પ્રશાંતિ આવે છે. અત્રે ઉપરોક્ત હકીકત નોંધવા પાછળનો હેતુ એટલો જ છે કે, જે સ્વાધ્યાય પરિવાર જેવી ઉમદા કાર્ય કરતી સંસ્થા સાથે સંકળાયેલા અનુયાયીઓ જ્યારે આવો અસત્યનો માર્ગ અપનાવે તે પરિસ્થિતિ ખૂબ જ પીડાદાયક અને કષ્ટપૂર્ણ એટલે કે દુઃખ પહોંચાડનારી હોય છે અને તેથી જ અત્રેની કોર્ટ દ્વારા એટલે કે ન્યાયિક કોર્ટ કે જેની ઉપર સત્ય શોધવાની પવિત્ર ફરજ બંધારણ દ્વારા નાંખવામાં આવેલ છે તેનું અક્ષરશઃ પાલન કરવાની ન્યાયિક અદાલતની પવિત્ર ફરજમાં આવે છે અને સત્ય સુધી પહોંચવાના તમામ પ્રયત્નો ન્યાયિક અદાલતે કરવાના હોય છે તેનાથી વિમુખ થઈ શકાય નહીં અને તેથી જ આ ન્યાયિક કોર્ટ

દ્વારા સત્ય સુધી પહોંચવા માટે આ કામે આરોપીઓ તેમજ સાહેદોએ ભેગા મળી સત્યને સંતાડી દેવાના પ્રયત્નના ભાગરૂપે અસત્યનો માર્ગ અપનાવી જે ન્યાયની પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવાનો અને હસ્તક્ષેપ કરવાનો પ્રયત્ન કરેલ છે તેવા પ્રયત્નોને નિષ્ફળ બનાવવા માટે અત્રેની કોર્ટ દ્વારા આ કેસના કામે પડેલ પુરાવાનું ખૂબ જ બારીકાઈથી મૂલ્યાંકન કરેલ છે અને આ પુરાવો આપનાર ઉપરોક્ત સાહેદો, કે જેમાં તલાટી, ચીટનીશ, શિક્ષકો, વેપારી માણસોનો સમાવેશ થાય છે અને તેઓ કાયદાની પ્રક્રિયાથી વાકેફ છે અને તેથી તેઓને જો આરોપીઓએ પુરાવો આપવા બાબતે ધાકધમકી આપી હોત તો અવશ્ય પોલીસ પ્રોટેક્શનની માંગણી કરેલ હોત અને તે રીતે સત્યનો સાથ આપી શક્યા હોત અને નામદાર કોર્ટ રૂબરૂ તેમના નિવેદન મુજબની સાચી જુબાની આપી શક્યા હોત, નહીં કે અર્ધસત્ય પ્રકારની, જે તેઓએ આપેલી છે. આમ, આ સાહેદોએ આરોપીઓને બચાવવા માટે સત્યનો સાથ ન આપી, અર્ધસત્યનો માર્ગ અપનાવી આરોપીઓને જે રીતે મદદ કરવાનો પ્રયત્ન કરેલ છે તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે અને ન્યાયની પ્રક્રિયા ઉપર વજ્રઘાત સમાન છે, જેને હળવાશથી લઈ શકાય નહીં, કારણ કે, સરકારી કર્મચારીઓ, શિક્ષકો, વેપારીવર્ગનાં ઈસમો વગેરે પાસેથી આવી અપેક્ષા ન હોય અને તેઓ હંમેશા સત્ય સાથે રહેવાની નેમ સાથે શપથ લઈને નોકરી કરતા હોય છે, જે ભારતના બંધારણ મુજબ પણ સત્યનો સાથ આપવા બંધાયેલ છે, છતાં આ સાહેદોનું હાલના કેસમાં આવું કૃત્યુ સ્વયં પુરવાર કરે છે કે, તેઓ આરોપીઓના પ્રભાવ હેઠળ આવી જઈ અને આવી અર્ધસત્ય જુબાની આપે છે અને તેથી જ આરોપીઓ તરફે આ સાહેદોની ઊલટ તપાસમાં જે રીતની સૂચક સ્પષ્ટતા એટલે કે તેઓએ નામદાર કોર્ટ રૂબરૂ જે

જુબાની આપી છે તે કોઈપણ જાતના દાબ–દબાણ વગર અને સ્વેચ્છાથી આપેલ છે તેવી સ્પષ્ટતા ઊલટતપાસના માધ્યમથી આરોપીઓને કરવાની જરૂરિયાત ઊભી થયેલ છે, નહીં તો તેઓ એવુ પણ જણાવી શક્યા હોત કે પોલીસે તેમના નિવેદન નોંધેલ જ નથી. આમ, આવા સૂચક પ્રશ્નો પૂછી શક્યા હોત, જે હાલ પૂછવામાં આવેલ નથી અને જે પ્રશ્નો પૂછેલ છે તે સ્વયં પુરવાર કરે છે કે, આરોપીઓએ આ સાહેદોને ખોટી રીતે પ્રભાવિત કરેલ છે. આમ, ઉપરોક્ત તમામ સાહેદો, જે અર્ધસત્ય પ્રકારની જુબાની આપે છે તે હકીકત ત. ક. અમલદાર વી. ડી. ગોહીલની આંક–૩૯૧(**PW**84)ની જુબાનીથી પુરવાર થયેલ છે અને આ ત. ક. અમલદારની જુબાની વિશ્વસનીય અને માનવા લાયક હોય, ભરોસાપાત્ર હોય, તેને આધારે આ સાહેદોએ નામદાર કોર્ટ રૂબરૂ જે અર્ધસત્ય પ્રકારનો ખોટો પુરાવો આપી આરોપીઓને લાભ પહોંચાડવાનો પ્રયત્ન કરેલ છે તેથી આ સાહેદો સામે ખોટો પુરાવો આપવા સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૪૪ અન્વયેની કાર્યવાહી કરવી જ પડે, કારણ કે, જો ન્યાયની કોર્ટ આવી કાર્યવાહી કરવામાં અચકાય કે ખચકાટ અનુભવે તો સામાન્ય જન માનસનું ન્યાયની પ્રક્રિયામાં જે ભરોસો છે તે ભરોસો જળવાય નહીં અને આવા કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર ખોટો પુરાવો આપી, સત્યનો સાથ ન આપી, અસત્યનો સાથ આપે તેવા ઈસમોનું મનોબળ મક્કમ થાય અને આરોપીઓ પણ પોતાની તરફેણમાં સાહેદોને પ્રભાવિત કરી પુરાવો અપાવવાના જે પ્રયત્નો કરે તેને પણ ડામવા જરૂરી છે, કે જેથી આવા સાહેદોને પ્રભાવિત કરી અસત્યનો માર્ગ અપનાવી પોતાની તરફેણમાં પરિણામ મેળવવાનો જે નિરર્થક પ્રયત્ન કરવામાં આવતો હોય છે તેની સામે ન્યાયની અદાલતે સખત વલણ અપનાવી સખત કાર્યવાહી કરતા

જરા પણ ખચકાટ અનુભવવો જોઈએ નહીં, કે જેથી સામાન્ય નાગરિક સુધી ન્યાય થયેલાની પ્રતિતી થઈ શકે અને સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે કે ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં ન્યાયની પ્રક્રિયાને અસત્યથી પ્રભાવિત કરી શકાય નહીં અને ન્યાયની પ્રક્રિયા હંમેશા સત્ય સાથે છે અને રહેશે અને ન્યાય જ સર્વોપરી છે અને સર્વોપરી રહેશે.

(૭૨.૩) **આમ, આવા ફરી ગયેલા ઉપરોક્ત સાહેદોની સામે સખત હાથે કામ લેવું પડે અને ઉપરોક્ત સાહેદો સામે સી.આર.પી.સી. કલમ–૩૪૪ અન્વયેની કાર્યવાહી કરવાનું પણ અત્રેની કોર્ટ ઉચિત માને છે.** જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

–: આખરી હુકમ :–

૧. આ કામના આરોપીઓ ૧. ચંદ્રસિંહ મનુભા જાડેજા, ૨. હિતેશસિંહ રમેશસિંહ ચુડાસમા, ૩. દક્ષેશ હસમુખલાલ શાહ ૪. ભુપતસિંહ નારુભા જાડેજા, ૫. માનસિહ અરજણ વાઢેર, ૬. ઘનશ્યામસિંહ પથુભા ચુડાસમા, ૭. ભરતભાઈ વિજયભાઈ ભટ્ટ, ૮. ભરતસિંહ દિલુભા જાડેજા, ૯. ચંદ્રકાંત મેઘજી ડાકી અને ૧૦. જશુભા દોલુભા જાડેજા–નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) [બી. એન. એસ. એસ. ની કલમ–૨૫૮(૨)] અન્વયે તેઓની વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, સાથે વાંચતા કલમ–૧૨૦(બી) મુજબના ગુન્હા સબબ દરેક આરોપીને આજીવન સખત કેદની સજા અને રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં,આ કામના આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, આરોપી નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર, નં.૮ ભરતસિંહ દીલુભા જાડેજા, નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી તથા આરોપી નં.૧૦ જશુભા દોલુભા જાડેજા–નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨)[બી. એન. એસ. એસ. ની કલમ–૨૫૮(૨)] અન્વયે તેમની વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩ મુજબના ગુન્હા સબબ આ કામના આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, આરોપી નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર, નં.૮ ભરતસિંહ દીલુભા જાડેજા, નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી તથા આરોપી નં.૧૦ જશુભા દોલુભા જાડેજા–નાઓ દરેકને ૩(ત્રણ) માસની સખત કેદની સજા અને રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પૂરા)નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ દિન–૧૦(દસ)ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૩. વધુમાં,આ કામના આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી–નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨)[બી. એન. એસ. એસ. ની કલમ–૨૫૮(૨)] અન્વયે તેમની વિરૂદ્ધના બોમ્બે પોલીસ એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હા સબબ આ કામના આરોપી નં.૧ ચંદ્રસિંહ મનુભા જાડેજા, નં.૪ ભુપતસિંહ નારુભા જાડેજા, નં.૫ માનસિહ અરજણ વાઢેર તથા નં.૯ ચંદ્રકાંત મેઘજી ડાકી–નાઓ દરેકને ૬ (છ) માસની સખત કેદની સજા અને રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પૂરા)નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ દિન–૧૦(દસ)ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ ગુનાના કામે તપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહનો અન્વયે કરેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે

છે. વધુમાં નોનવેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય પૂર્ણ થયેથી અથવા જો અપીલ થાય તો નામદાર અપીલ કોર્ટના હુકમ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. વધુમાં આરોપીઓએ ઉપરોક્ત સજાઓ એકસાથે ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૬. વધુમાં આરોપીઓએ જેટલો સમય અંડરટ્રાયલ પ્રિઝનર તરીકે વિતાવેલ હોય તે સમય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ [બી. એન. એસ. એસ. ની કલમ–૪૬૮] અન્વયે મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૭. વધુમાં આરોપીઓને સદર હુકમની સર્ટીફાઈડ નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩[બી. એન. એસ. એસ. ની કલમ–૪૦૪] અન્વયે તાકિદે પૂરી પાડવી તેવો હુકમ કરવામાં આવે છે.

૮. વધુમાં તમામ આરોપીઓ જામીન મુક્ત હોય, તેઓના બેઈલ બોન્ડ રદ્ધ કરી, તેઓને કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.

૯. **આ કામના સાહેદો વધુમાં આ કામે સોગંદ ઉપર ખોટો પુરાવો આપનાર સાહેદો જેમાં (૧) PW23–અશોકભાઈ ચત્રભુજભાઈ શાણી,રહે. ખોડીયારનગર, ખોડીયાર મંદિર સામે, ગોંડલ, જી.રાજકોટ., (૨) PW24–મહેન્દ્રસિહ વખતસિહ ચુડાસમા, રહે. બ્લોક નં.૪૩૫૯, પાર્થ સોસાયટી , ઘોઘા જકાતનાકા પાસે, ભાવનગર., (૩) PW25–મનસુખભાઈ સવજીભાઈ ખુંટ, રહે. ભગવતપરા, પટેલ સોસાયટી નં.૧, એસ.આર.પી. સામે, ગોંડલ, જી.રાજકોટ, (૪) PW26–પિતાંબરભાઈ દેવનદાસ સોનેયા, રહે. રાજનગર, જેતપુર રોડ, ગોંડલ, જી.રાજકોટ., (૫) PW27–રમેશભાઈ માવજીભાઈ નાકરાણી, રહે. ધનંજય ડુપ્લેક્ષ, ભાટીયાવાડી સામે, કૈલાસબાગ,**

ગોંડલ, જી. રાજકોટ., (૬) **PW**28–હસમુખભાઈ પરષોતમભાઈ જોષી, રહે. રામજી મંદિર પાસે , કડવાણીનગર, ગોંડલ, જી. રાજકોટ., (૭) **PW**29–હિતેશ મનુસુખભાઈ દાવડા, રહે. પટેલવાડી ચોક, ભગવતપરા, ગોંડલ, જી. રાજકોટ., (૮) **PW**30–મનજીભાઈ ધનજીભાઈ સાવલીયા, રહે. સહજાનંદનગર, રેલ્વે સ્ટેશનની પાછળ, ગોંડલ, જી. રાજકોટ, (૯) **PW**31– પ્રવિણ ગોરધનદાસ આડતિયા, રહે. ખાટપા શેરી, દેવપરા, શ્રીનાથજી કૃપા, ગોંડલ, જી. રાજકોટ, (૧૦) **PW**10–જીતેન્દ્ર ઈશ્વરભાઈ પટેલ, રહે. ૫/બી, પુનિતપાર્ક, નવી સિવિલ હોસ્પિટલ પાછળ, શાહીબાગ, અમદાવાદ., (૧૧) **PW**11–દેવેન્દ્રભાઈ જીબોધચંદ્ર દવે (રોશની ગેસ્ટહાઉસ, સાબરમતિ, અમદાવાદનાં માલિક), રહે.ઈ/૬૪, મનોહરવિલા, નિકોલ રોડ, નરોડા, અમદાવાદ., (૧૨) **PW**12–નિખિલ ગોવિંદલાલ પરીખ, (૧૩) **PW**76–દેવયાનીબેન નિખિલભાઈ પરીખ, બન્ને રહે. એ/૩૦૪, સુકન–૨, કર્ણાવતી કલ્બ રોડ, રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ., (૧૪) **PW**14–જયેન્દ્રકુમાર નંદલાલ સોની, રહે. એચ–૨૨, પાર્શ્વનાથ ટાવર, સુભાષ ચોક, મેમનગર, અમદાવાદ., (૧૫) **PW**32– પરેશ ગોવિંદભાઈ સાગપરીયા, રહે. દામજીમેવા પ્લોટ નં.૩, સહકાર–૨ નાં છેડે, દિપ ક્લાસીસ, રાજકોટ, મૂળ ગામ–ભેંસદળ, તા.ધ્રોલ, જી. જામનગર., (૧૬) **PW**35–શક્તિદાન બદ્રીદાન ગઢવી, રહે. ઘુનાના ગામ (જલરીયા), તા. પડધરી, જી. રાજકોટ, (૧૭) **PW**36–દલપતભાઈ મોહનભાઈ આદરીયા(પાદરીયા), રહે. પારસ સોસાયટી, બેન્ક ઑફ ઈન્ડિયાની પાછળ, પડધરી, જી. રાજકોટ, (૧૮) **PW**55–રાવતમલ મુળજીભાઈ ભાવસાર, રહે. કૃષ્ણકુંજ કોલોની, હનુમાન મંદિર પાસે, ચંડોળા તળાવ પાસે, અમદાવાદ, (૧૯) **PW**15–ધર્મેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણ, રહે. ૪૪, જલદિપ બંગ્લોઝ, બીગ ડેડી રેસ્ટોરન્ટ પાસે, બોપલ, તા.દસ્ક્રોઇ, જિ.

અમદાવાદ., (૨૦) PW37–ચિરાગ વસંતલાલ ઠક્કર, રહે. ૧૦, વારાહી સોસાયટી, ડી–કેબીન, સાબરમતિ, અમદાવાદ., (૨૧) PW38–કૌશલ અશોકભાઈ અમીન, રહે. એ/૨૦, આશાપુરા સોસાયટી, ઘોડાસર, અમદાવાદ., (૨૨) PW39–મનિષ જયંતિભાઈ પટેલ, રહે. ૩/બી, હરિદર્શન સોસાયટી, કાશીબા રોડ, રાણીપ, અમદાવાદ., (૨૩) PW54–અનિરુદ્ધસિંહ દલુભા જાડેજા, રહે. આશાપુરા કૃપા, ઈન્દિરાનગર, જામકંડોરણા, જી. રાજકોટ, મૂળ ગામ–પીપરડી, તા. જામકંડોરણા, જી. રાજકોટ–નાઓએ અત્રેની કોર્ટમાં સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ હોય, તેઓની સામે સી.આર.પી.સી.ની કલમ–૩૪૪ મુજબની નોટિસો મુદ્દત તા.૧૦–૩–૨૦૨૫ ના રોજની કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

૧૦. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ [બી. એન. એસ. એસ. ની કલમ–૪૦૬] અન્વયે આ ચુકાદાની એક સર્ટીફાઈડ નકલ ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદને જાણ માટે મોકલી આપવી.

હુકમ આજ તારીખ ૨૮ મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.અમદાવાદ
તા.૨૮/૨/૨૦૨૫

(**ભરત ભાસ્કરભાઈ જાદવ**)
એડીશ્નલ સેશન્સ જજ,
સિટી સેશન્સ કોર્ટ નં.૧૬,
અમદાવાદ શહેર
(UID No.GJ00714)

એમ.ડી.ચાવડા